
## શ્રીદામોદરદાસજી–શ્રીકૃષ્ણદાસ મેઘનજી

# વાર્તાવિવેચના



## ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી

**: પ્રકાશક :**
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર,
૨૧૪-અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪ ૯૫૧૫૯

**અનુવાદ : શ્રી રમેશભાઈ પંચાસરા (રાજકોટ)**

**પ્રથમ આવૃત્તિ**
**ચૈત્ર વદ-૧૧ ૨૦૭૪, શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ**
**નકલ : ૧૦૦૦**

## નિ:શુલ્ક વિતરણાર્થે

**:: પ્રકાશાનાર્થ આર્થિક સહયોગ ::**
વૈષ્ણવો
(જૂનાગઢ, રાજકોટ, મુંબઈ, અમેરિકા)

**મુદ્રક :**
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

||શ્રીકૃષ્ણાય નમઃ||

||શ્રીઆચાર્યચરણકમલેભ્યો નમઃ||

# || પ્રાક્કથન ||

**વાણી ગુણાનુકથને શ્રવણૌ કથાયામ્ ।**
**હસ્તૌ ચ કર્મસુ મનસ્ તવ પાદયોર્ નઃ ॥**
**સ્મૃત્યાં શિરસ્તવ નિવાસજગત્પ્રણામે ।**
**દૃષ્ટિઃ સતાં દર્શનેઽસ્તુ ભવત્તનૂનામ્ ॥**

વલ્લભવચનામૃતની પ્રવચનમાલાના અંતર્ગત પ્રસ્તુત વચનામૃત વિ.સં.૨૦૫૪ (ઈ.વ.૧૯૯૮)માં કર્યું હતું. મહાપ્રભુવિરચિત સાહિત્યનો વિચાર કરીએ તો નિબંધ ભાષ્ય વ્યાખ્યા પ્રકરણ અને પ્રકીર્ણ; પ્રકીર્ણમાં પણ પુનઃ ભક્ત્યંગ અને વાદાંગ; ભક્ત્યંગમાં નામપાઠાર્થ, રૂપવર્ણનાર્થ અને વાદાંગમાં પત્રાવલંબનનું વિભાજન આપણે જોઇ શકીએ છીએ. આના સિવાય વૈષ્ણવ-વાર્તામાં આપશ્રીના વિધાનાત્મક-નિષેધાત્મક વચન આપણને પ્રાપ્ત થાય છે.

૮૪-વૈષ્ણવવાર્તામાં પ્રકટ વચનામૃતને જોવાથી આપણને એ ખ્યાલ આવે છે કે આચાર્યચરણ વૈષ્ણવોને કેટલા પોતાના માનતા હતા! જેના કારણે ઉપદેશમુદ્રા અથવા કર્તવ્યમુદ્રા માં પ્રકટ થતા આ વચનોમાં પોતાના હૃદયનો ભાવ છલકી જતો અને સ્વમાર્ગીયરહસ્ય પ્રકટ થઇ જતું. જેમ ગીતામાં પ્રભુ આજ્ઞા કરે છે **“સર્વસુ ગુહ્યતમ મારું આ વચન ફરીથી સાંભળ, તું મને બહુ પ્રિય હોવાથી તારા માટે હિતકારક ફરીથી કહું છું”** (ભગ.ગીતા.૧૮/૬૪) વાર્તાવિવેચનામાં આ વાત આપણે જોઇ શકીએ છીએ કે કેવીરીતે શ્રીમહાપ્રભુજીએ ફલરૂપ સારગર્ભિત રહસ્ય પ્રકટ કર્યા છે!

આજ-કાલ જેમ સોશિયલ્ મિડિયામાં હરરોજ એક સુવિચાર પોસ્ટ્ કરવાની ટેવ હોય છે, એમ આપણી પરંપરા રહી છે કે મોટાઓની વાણી જે સૂત્રાત્મક છે તેને એક રીતે સંકલિત કરીને વચનામૃતના રૂપમાં પ્રસ્તુત કરવા. ગ્રંથ અને વચનામૃત માં ફરક આ છે કે ગ્રંથ એક સૂત્રને પકડીને લખવામાં આવે.

એ સૂત્રને કઠોરતાથી પકડીને તેના પાસાઓના ખુલાસા કરવામાં આવે. 'ગ્રંથન' એટલે બાંધવું. વિષયને જે બાંધે તેનું નામ 'ગ્રંથ' કહેવામાં આવે. ષોડશગ્રંથ પણ સોળ વિષય છે પરંતુ તેને સજાવટપૂર્વક જ્યારે રાખી દઈએ તો એક પૂરો વિષય, જે શ્રીમહાપ્રભુજી પોતાના પુષ્ટિમાર્ગીયોને કહેવા માગે છે. અને વચનામૃતની એક વિશેષતા કે તેમાં કોઈ એવો એક વિચાર કે સૂત્ર નથી હોતા કેમકે વચનામૃત કોઈ ગ્રંથના રૂપથી નથી કહેવા-લખવામાં આવ્યા.

વચનામૃત વિષયબદ્ધ ન હોવાથી ગ્રંથ સાથે તરતમતાનો ભાવ પ્રસક્ત નથી. કથ્યનું અંતર છે તથ્યનું નહીં. જોકે શ્રીમહાપ્રભુજીની વાણી રસાત્મક જ છે છતાંપણ વાદગ્રંથમાં પ્રકટ થતો રસ વિદ્વદ્જનસુલભ હોવા છતાં પણ **''યે મેરો સર્વસ્વ હે યાકો તુ અપનો સર્વસ્વ કરિ જાનિયો''** વચનોમાં પ્રકટ થતો રસ, શેરડીનો જ રસ છે. ગ્રંથ અને વચનામૃત ના સ્વરૂપને ખ્યાલમાં રાખીને તેની મજા લેવી જોઈએ. અસ્તુ.

સૂત્રની પરિભાષા જેમ કરવામાં આવી છે-''લઘુ હોવા છતાં સૂચિતાર્થ હોય, ઓછા અક્ષરપદવાળા હોય અને અર્થની દૃષ્ટિથી દરેક પ્રકારથી સારભૂત હોય તેને 'સૂત્ર' કહેવામાં આવે.'' (**''લઘૂનિ સૂચિતાર્થાનિ સ્વલ્પાક્ષરપદાનિ ચ. સર્વતઃ સારભૂતાનિ સૂત્રાણિ આહુ મનીષિણઃ''**). અને ભાષ્યની પરિભાષા આમ છે ''જેમાં સૂત્રના અર્થનું વર્ણન કર્યું હોય અને પોતાના પદથી સૂત્રનો અધિક વિસ્તાર કર્યો હોય જે સૂત્રના અનુસાર હોય તેને 'ભાષ્ય' કહેવામાં આવે. (**''સૂત્રાર્થો વર્ણ્યતે યત્ર વાક્યૈઃ સૂત્રાનુસારિભિઃ, સ્વપદાનિ ચ વર્ણયન્તે ભાષ્યં ભાષ્યવિદો વિદુઃ''**) જો આ બંને પરિભાષાથી પ્રસ્તુત ગ્રંથનો વિચાર કરીએ તો સૂત્ર-ભાષ્યનો સંબંધ વચનામૃત અને વિવેચના ની વચ્ચે થતો જણાય છે.

આના સિવાય શ્રીમહાપ્રભુજી જેમ આજ્ઞા કરે છે કે શાસ્ત્રાર્થ, અન્યાન્ય શાસ્ત્રની એકવાક્યતાથી થવો જોઈએ તેવીજ રીતે મોટાઓના વચનામૃતનો અર્થ પ્રકરણાદિ ગ્રંથોની સંગતિ કરવાથી જ પ્રકટ થાય છે. આ પ્રકારના અવગાહનથી શ્રીમહાપ્રભુજીની ઉદ્ધારકતા પ્રકટ થાય છે જે વાત શ્રીદ્વારકેશજી યમુનાષ્ટકની ટીકામાં લખે છે **''આ નામાત્મક ગ્રંથના દ્વારા**(ષોડશાદિ ગ્રંથ) **નિજદાસોનો**

**ઉદ્ધાર સંભવ છે, તેથી સર્વપ્રયત્નપૂર્વક પુષ્ટિજીવનું કર્તવ્ય છે જ.''** (અર્થાનુસંધાનસહિત ગ્રંથનું અવબોધન)

પ્રસ્તુત ગ્રંથમાં શ્રીદામોદરદાસજીના વાર્તાપ્રસંગમાં મુખ્ય ત્રણ વાતોનો વિચાર કર્યો છે. દામોદરદાસજીનું સ્વરૂપ, બ્રહ્મસંબંધનું સ્વરૂપ અને ભગવદ્દત્ત પુષ્ટિભક્તિની સાધનાપ્રણાલી અને સેવાનું રહસ્ય.

શ્રીદામોદરદાસજીને માટે આ માર્ગ પ્રકટ થયો છે એમ કંઠોક્ત વચનના બાવજૂદ દામોદરદાસજીએ સેવા નથી કરી. એવો વિચાર કે પ્રશ્ન જિજ્ઞાસુવૃત્તિ કે સેવાની અરુચિમાં કે માર્ગદ્વેષીને થવાની સહજ સંભાવના છે. દામોદરદાસજી તો શ્રીમહાપ્રભુજીના જીવનસંગી હતા. આપ બંને નિરંતર ભગવચ્ચર્ચામાં રત હતા. આપણી સાધનાપ્રણાલીમાં નવધાભક્તિના પ્રયોગમાં શ્રવણ-કીર્તન-સ્મરણ કથાભક્તિના પાસા છે. શ્રવણ-કીર્તન એવું હોવું જોઈએ જેનાથી અખંડ સ્મરણ સિદ્ધ થાય. દામોદરદાસજીનું ચરિત્ર જોઈએ તો આ સ્પષ્ટ જ છે કે એમને અખંડ સ્મરણ સિદ્ધ હતું તેનાથી એમણે કૃષ્ણસેવા જ કરી છે કૃષ્ણસેવા નથી કરી એ વાત ખોટી છે.

બ્રહ્મસંબંધની અતિશય મનનીય વાત એ છે કે 'બ્રહ્મસમ્બન્ધ કરણાત્' આ સાધનાપ્રણાલીનો અધિકાર જે શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત થયો તેનોજ ઉત્તરાધિકાર આપણને મળ્યો છે આનાથીજ આપણે વલ્લભસંપ્રદાયના છીએ, વલ્લભસાધનાના નહીં. પ્રભુએ મહાપ્રભુને આશ્વાસન આપ્યું કે **''બ્રહ્મ-સમ્બન્ધ-કરણાત્ સર્વેષાં દેહ-જીવયોઃ સર્વ-દોષ-નિવૃત્તિર્ હિ...''** કોઈ પણ દોષ સેવામાં બાધક નહીં થાય. બ્રહ્મસંબંધનું પ્રયોજન સેવાને માટે જ હોય. બ્રહ્મસંબંધની ભૂમિ એવી ઉપજાઊ છે જેમાંથી ભક્તિની ફસલ પેદા થઈ શકે છે અને તે ફસલ કૃત્રિમ ખાતરવાળી નહીં હોય પરંતુ જમીનની પોતાની ઉર્વરાશક્તિથી થતી ફસલ હશે. બ્રહ્મસંબંધના કારણે જો ભક્તિ પ્રકટી રહી છે તો તે સદ્ભક્તિ હશે.

સેવાનું રહસ્ય એ છે કે આપણી સાધના મૂલમાં ભગવદ્દત્ત હોવાના કારણે કાંઈક તેની વિલક્ષણતા છે. આમાં બ્રહ્મસંબંધથી સેવાના ક્રમનો વિચાર આ પ્રકારનો છે. બ્રહ્મસાથે સંબંધ, પરમાત્માસાથે સ્નેહ, ભગવાન્ની

નવધાભક્તિ, કૃષ્ણની કથા અને એ કૃષ્ણની કથાને જીવવા માટે પોતાના માથે બિરાજતા ઠાકોરજીની પોતાના પરિવારજનોની સાથે પોતાના ઘરમાં કરવામાં આવતી તનુ-વિત્તજા સેવા. આ બ્રહ્મસંબંધથી લઈને સેવા સુધીનો પુષ્ટિભકિતની સાધનાનો ક્રમ છે. આ પુષ્ટિપ્રભુની સાથે જીવવાની પ્રક્રિયા છે. પોતાના સેવ્યસ્વરૂપની વિરાટતાને જોઈને પોતાના ગાર્હસ્થ્યને પ્રભુની સાથે નિભાવવાનો ક્રમ છે, જેની આપ આજ્ઞા કરે છે **''એનમ્ ઉદ્ધરિષ્યામિ તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતઃ''** આ પ્રકારની સેવા કરતા-કરતા એવું અલૌકિકસામર્થ્ય આવી જશે કે તેનો દરેક ક્રિયા-કલાપ સેવાસાથે જોડાયેલો રહેશે.

તેના પછી કૃષ્ણદાસ મેઘનજીની વાર્તા, વાર્તાક્રમથી પણ અને સંયોગથી પણ ક્રમમાં આવી રહી છે. તેમાં સેવા સમર્પણ અને ભગવત્સુખનો નિર્વાહ કેવીરીતે કરવો એ પ્રસંગ આવી રહ્યો છે, જેના કારણે વાર્તામાં સહજ ઉભયાકાંક્ષાની પૂર્તિ થઈ રહી છે. ''ઉભયાકાંક્ષા પ્રકરણમ્'' આ ન્યાયથી જોવાથી વચનામૃતનું પ્રકરણનું રૂપ પ્રકટ થઈ જાય છે.

આ વાર્તામાં મુખ્યતયા આત્મનિવેદનની વાણી ગોરસ છે જેના પ્રભુ ભોક્તા છે, પ્રભુની પ્રિયતાનો પ્રસંગ, અહંતા-મમતાજન્ય ક્લેશના કારણે પ્રભુની અપ્રિયતાનો પ્રસંગ અને ક્લેશને દૂર કરવાના ઉપાય, ઠાકોરજીની લીલાનો ભેદ, સમર્પણની પ્રક્રિયાનો વિચાર કર્યો છે.

પ્રથમ વચનામૃતમાં ભોક્તાના વિચારમાં, પ્રભુનું ભોક્તાપણું, ભક્તસાપેક્ષ છે આથી બ્રહ્મ પરમાત્મા માં ભોક્તાપણું પ્રાસંગિક નથી. ભગવાન્ પણ દષ્ટિના ભોક્તા છે તે મર્યાદાની વાત છે. કૃષ્ણલીલામાં પ્રભુ ચોરી કરીને માખણ આરોગતા પરંતુ મહાપ્રભુજીએ એ પાસાને સેવામાં નથી પધરાવ્યો પરંતુ મહાપ્રભુજીએ અતિસાવધાનીથી વચન કહ્યું છે **''શ્રીઠાકુરજી ઉત્તમથી ઉત્તમ વસ્તુકે ભોક્તા હે.''** તેથી આત્મસમર્પણના ભાવથી ધરેલા ભોગને ઉત્તમ માની રહ્યા છે.

વાણી અને વ્યવહાર માં એકાર્થતા હોય તો ભાવસિદ્ધિ થાય, અન્યથા અનૃત(જુઠાણું) બની જાય. કૃષ્ણદાસજીની વાર્તામાં આવેલા શ્રીમહાપ્રભુજીના વચનને આ દષ્ટિથી જોઈએ તો **''જો ઠાકુરજી ભોક્તા હેં''** આ અંશમાં

આત્મનિવેદનની પ્રક્રિયાનું કાયિક પાસું છે. બીજા અંશમાં **''પરન્તુ 'ગોરસ'...અનિવર્ચનીય હે.''** તે એનું વાચિક પાસું છે. સમર્પણાત્મિકા સ્નેહભાવાત્મિકા અને તત્સુખજનિકા વાણી જ્યારે પ્રકટ થાય તો તેમાં રસરૂપતા પ્રકટ થાય. આત્મનિવેદનની દીક્ષામાં આ બંને પાસાઓની એકાર્થતા પ્રકટ થાય તો ભક્તિભાવના કારણે ભક્તનો પ્રભાવ પ્રભુ ઉપર પડે છે, પ્રભુ સાનુભાવ જતાવે છે જેને ત્રીજા અંશમાં શ્રીમહાપ્રભુજી કહે છે **''ઔર સબનૂતેં...જાતે 'ભક્તવત્સલ' કહાવત હે.''**

તેના પછી **''જો ઠાકુરજીકોં અપ્રિય...ભક્તકો દ્વેષી હે.''** આ વચન આવ્યું. કેમકે આપણી જીવનજ્યોતિનું ઈંધણ અહંતા-મમતા હોવાથી, ધુમાડામાં તેના ગુણ અનુગત થવા સ્વાભાવિક છે જેથી તદાશ્રય-તદીયત્વ ના ભાવથી અહંતા-મમતાને મંડિત કરવાથી ધુમાડો પણ સમર્પણની સુગંધ લીધેલો હોવાથી પ્રભુને અપ્રિય નહીં થાય અન્યથા અપ્રિય થશે. આ બધી વાત આપશ્રીએ અહીં વિવેક-ધૈર્ય-આશ્રયના તાત્પર્યથી સમજાવી છે.

તેના પછી આ વચન આવ્યું **''ભક્ત હોયકે...સમર્પણ પદાર્થકો જ્ઞાન નાહીં.''** વસ્તુસિદ્ધિ અવિધિથી કરવાથી નથી થતી આ તો લોકપ્રસિદ્ધ વાત છે. ચિકિત્સકના દ્વારા અપાયેલા પથ્યાપથ્યની સાથે ઔષધનું સેવન તેનો અનુપાત અને તેની વિધિ ચિકિત્સક તો સમજાવે છે પરંતુ અતત્પર અને અશ્રદ્ધા ના ભાવને કારણે યથાવિધ નથી અનુસરતા.

બ્રહ્મસંબંધની કે સમર્પણની સૌમ્યવિધિથી ભગવાન્‌ની સાથે આપણી અહંતા-મમતા જોડવાથી સૃષ્ટિલીલામાં આપણી ભક્તિલીલા પ્રકટ થઈ જાય છે. **''બહુ સ્યાં પ્રજાયેય''**માં પણ હેતુ 'લીલા' છે, ભક્તિનો હેતુ પણ 'સેવાત્મિકા લીલા' થઈ જાય. **''નિર્દોષં હિ સમં બ્રહ્મ''**ની સાથે **''સદોષમ્ અપિ સમં બ્રહ્મ''**નો સૂર ઉદ્‌બોધિત થાય છે. સદોષને નિર્દોષવત્ બનાવવાને માટે સમર્પણની વિધિ જેમાં ધનાદિનું કૃષ્ણાર્થ યોજન અને ભગવદીયના સંગના કારણે વિષયાવેશની જગ્યાએ ભગવદાવેશ થશે. આ વિધિથી કરવામાં **''ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્‌વદત્રાપિ ચૈવ હિ.''** સિદ્ધ થશે. સમર્પણનો ત્રિકોણ બની જશે. **''ઈહ**

**નામાત્મકૈઃ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ, સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્''.**

ગ્રન્થના પ્રથમ પરિશિષ્ટમાં 'દાન બડો કે દાતા' આમાં 'દાન' કે 'દાતા' શબ્દ સાપેક્ષ હોવાના કારણે એક-તરફી વિચાર કરવામાં અને સંદર્ભને છોડી દેવાથી તેની સાપેક્ષતા ખંડિત થઈ જાય છે. સંદર્ભના પરિપ્રેક્ષ્ય વિના અર્થ, અનર્થ જ થાય છે. આ વાત અહીં મુખ્યતયા પ્રતિપાદિત થઈ રહી છે.

બીજા પરિશિષ્ટ 'સામગ્રીપ્રદર્શનોત્સવ'માં આપશ્રીના લેખનની બીજી એક વિધા પ્રકટ થઈ છે. જેને અસંગત-શૈલી (ઍબસર્ડ)કહેવાય છે. વાત તો બધી અસંબદ્ધ રીતથી આગળ વધી રહી હોય તેમ લાગે છે પરંતુ આમાં આપશ્રીના હૃદયનો આક્રંદ સંભળાઈ રહ્યો છે. પુષ્ટિમાર્ગના સ્થાપકની ઓળખ, માર્ગની રીતિના અજ્ઞાનના રૂપમાં હોવી, આનાથી મોટી માર્ગની દુરવસ્થા કઈ હોઈ શકે છે!!!

આ ગ્રન્થપ્રકાશનમાં સહયોગી શ્રીઅશોક શર્મા, શ્રીઅતુલ્ય શર્મા, શ્રીકેતન ગાંધી, શ્રીપ્રવીણ ડઢાણિયા, શ્રીપિયૂષ ગોંધિયા, શ્રીજગદીશ શેઠ, શ્રીધર્મેન્દ્ર-શ્રીમતી ઝાલા, શ્રીઅનિલ ભાટિયા, તેમજ શ્રીમતી ખ્યાતિ ભુલા ના પ્રત્યે કૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ.

**મનીષા-પરેશ શાહ**

***

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **દામોદરદાસજીની વાર્તા...** | **૧-૧૦૫** |
| મંગલાચરણ... | ૧ |
| **પ્રકરણ ૧ : વચનામૃતની ભૂમિકા અને ગુરુ-શિષ્યનો** | **૧** |
| **વિલક્ષણ સંબંધ...** | **૧** |
| ઉપક્રમ... | ૧ |
| વચનામૃતોનું ગ્રંથન્... | ૨ |
| વાર્તાપ્રસંગની અનિવાર્યતા-વચનામૃતના સ્વરૂપપ્રકાશનને માટે વાર્તાઓ... | ૩ |
| 'ગ્રંથ'નો અર્થ... | ૩ |
| ગ્રંથ અને વચનામૃતનો ભેદ... | ૪ |
| કૃષ્ણની નાનાભાવાનુરોધિતા... | ૫ |
| આચાર્યચરણની પુષ્ટિભક્તિ-શરણાગતિની ભાવાનુરોધિતા... | ૭ |
| આચાર્યચરણ સ્વભક્તિનો અનુરોધ નથી કરતા... | ૧૦ |
| દામોદરદાસજીની પરાવસ્થા... | ૧૧ |
| શ્રીમહાપ્રભુજીનો ભાવ-કૃષ્ણને એકાંતિક આરાધ્ય દેવ માનવાનો છે... | ૧૨ |
| શ્રીમહાપ્રભુજીના જીવનસંગી દામોદરદાસજી... | ૧૫ |
| જીવનસંગીને માટે પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય... | ૧૬ |
| સાકારબ્રહ્મવાદી પુષ્ટિમાર્ગનું રહસ્ય-બ્રહ્મસંબંધ... | ૧૬ |
| **પ્રકરણ : ૨ ભગવદ્દત્ત સાંપ્રદાયિક સાધના...** | **૧૯** |
| શ્રીમહાપ્રભુજીનો સમર્પણનો સિદ્ધાન્ત ભગવદ્દત્ત... | ૧૯ |
| ઉપનિષદ્માં વર્ણિત સમર્પણ... | ૧૯ |
| ભાગવતમાં વર્ણિત સમર્પણ... | ૨૦ |
| ગીતામાં વર્ણિત સમર્પણ... | ૨૦ |
| ધર્મનિરપેક્ષતાનું દૂષણ... | ૨૧ |

સ્વધર્મનિષ્ઠાવિહીનતા... ૨૧
સંપ્રદાય અને સાધના ની આસ્થા ખંડિત કરવાનું ષડયંત્ર... ૨૪
સંપ્રદાયની સાધનાનો પ્રામાણિક ઈતિહાસ... ૨૫
ભાગવતની ધર્મદષ્ટિ... ૨૮
આપણી ભાગવતવિરોધી ધર્મવૃત્તિ... ૨૮
વિભિન્ન આચાર્યોના અનુશાસિત સાંપ્રદાયિક માદ્દા... ૨૯
શ્રીમહાપ્રભુજીની સાંપ્રદાયિક સાધના ભગવદનુશાસિત... ૩૧
'બ્રહ્મ'સંબંધની મહત્તા... ૩૩

**પ્રકરણ ૩ : પુષ્ટિભક્તિસંપ્રદાયની પૂર્વાવધિ... ૩૬**

સાંપ્રદાયિક-વ્યક્તિગત સાધનાના ભેદ... ૩૬
સંપ્રદાયનું સ્વરૂપ... ૩૬
સંપ્રદાયની પૂર્વાવધિ અને ઉત્તરાવધિ... ૩૮
શ્રીમહાપ્રભુજીના પૂર્વજ વિષ્ણુસ્વામી સંપ્રદાયના... ૩૯
વલ્લભવંશજ ગુરૂદ્વાર છે... ૪૦
આપણા ગુરૂ શ્રીમહાપ્રભુજી... ૪૧
બ્રહ્મસંબંધની ભગવદાજ્ઞા-સંપ્રદાયની પૂર્વાવધિ... ૪૧
શ્રીમહાપ્રભુજીનું આચાર્યપણું પુષ્ટિસંપ્રદાયપ્રવર્તનના કારણે નહીં કે પ્રસિદ્ધિના કારણે... ૪૧
શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજી વ્યક્તિગત જ પધરાવ્યા છે સાર્વજનિક નહીં... ૪૨
સાધનાપ્રણાલીની મહત્તા... ૪૫
બ્રહ્મસંબંધથી દોષનિવૃત્તિ... ૪૬
સદોષજીવનો નિર્દોષબ્રહ્મના દ્વારા અંગીકાર-બ્રહ્મસંબંધથી... ૪૬
વર્ણાશ્રમધર્મ દેહાભિમાનમૂલક હોય છે... ૪૭
ભક્તિ આત્મધર્મમૂલક હોય છે... ૪૯
બ્રહ્મસંબંધનું પ્રયોજન સેવાના માટે જ હોય છે... ૫૦

સેવાવ્યતિરિક્ત બ્રહ્મસંબંધનું પ્રયોજન સંપ્રદાયની ઉત્તરાવધિ
લાવવાનું ષડયંત્ર... ૫૨
સેવાર્થ બ્રહ્મસંબંધનો અધિકાર બધાજ જીવોનો... ૫૩

**પ્રકરણ ૪ : બ્રહ્મસંબંધનું સ્વરૂપ... ૫૫**

'બ્રહ્મસંબંધ' શબ્દ શા માટે કહ્યો?... ૫૫
કૃષ્ણનું જ પાસુ બ્રહ્મ... ૫૫
કૃષ્ણની પ્રાપ્તિ કેવળ અનન્યભક્તિથી... ૫૬
અનવતારકાલમાં કૃષ્ણનું બ્રહ્મવાળું પાસુ જ ઉપલબ્ધ... ૫૭
'બ્રહ્મસંબંધ'નો વિચાર... ૫૭
બ્રહ્મની સાથે સંબંધ હોવાછતાં પણ બેધ્યાનપણાના
કારણે અસંબંધતા... ૫૮
ઉપલબ્ધ સામર્થ્યના બેધ્યાનપણાથી અનુપલબ્ધિ... ૫૮
સત્તા ચેતના આનંદ ની હકીકત એટલે બ્રહ્મ... ૫૯
બ્રહ્મની સત્તા ચેતના અને આનંદ ઉપર ધ્યાનની આવશ્યકતા... ૬૦
બ્રહ્મસંબંધના ભાવોદ્બોધનથી બ્રહ્મતાની પ્રાપ્તિ... ૬૨
બ્રહ્મસંબંધ, નાટક હકીકત અને લીલા પણ છે
–દૃષ્ટિભેદથી ભાવભેદ... ૬૪
''તાસું બ્રહ્મસંબંધ અવશ્ય કરનો'' સદ્ભક્તિનું કારણ... ૬૬

**પ્રકરણ ૫ : બ્રહ્મસંબંધથી નિષ્કામ અને
સહજ ભગવદ્ભક્તિની યાત્રા... ૬૮**

બ્રહ્મની સાથે આપણા અને જડ જગતના સંબંધનું સ્વરૂપ... ૬૮
બ્રહ્મની અભિન્નનિમિત્તોપાદાનતા... ૬૯
બ્રહ્મ અને આપણો તાદાત્મ્ય સંબંધ... ૬૯
સ્વયંની અને વસ્તુમાત્રની ચાહનાનું કારણ બ્રહ્મ... ૭૧
'બ્રહ્મ'સંબંધના માહાત્મ્યથી જ પારમાત્મિક નિશ્છલ સંબંધ... ૭૨
પુષ્ટિભક્તિની સાધનાની દૃષ્ટિથી સકામ સ્નેહની
અપારમાત્મિકતા... ૭૨

દુઃખની સ્વાભાવિકતા... ૭૪
દુઃખની નિવૃત્તિ અથવા કામનાપૂર્તિ ને માટે પુષ્ટિભક્તિ નથી... ૭૪
ભક્તિની પંચમપુરૂષાર્થતા... ૭૬
તાદાત્મ્યભાવમૂલક ભક્તિની પંચમપુરૂષાર્થતા... ૭૬
બ્રહ્મની વ્યાપકતાના કારણે તેની સર્વત્ર ઉપલબ્ધિ... ૭૭
પરમાત્મસંબંધ... ૭૭
પરમાત્માની પરમપ્રિયતાથી પ્રકટ થતી પુષ્ટિભક્તિ... ૮૦
સોદારૂપ અથવા સકામભક્તિ, પુષ્ટિભક્તિ નથી... ૮૧
શુદ્ધ ભક્તિમયી સેવા... ૮૨
સેવામાં સહજતા... ૮૪

**પ્રકરણ ૬ : સેવાનું રહસ્ય... ૮૫**

પૂર્વોત્તરભાવ સંગતિ... ૮૫
કૃષ્ણના બ્રહ્મ હોવાના પાસાસાથે સંબંધ... ૮૫
કૃષ્ણના પરમાત્મા હોવાના પાસાસાથે સંબંધ... ૮૭
કૃષ્ણના ભગવાન્ હોવાના પાસાસાથે સંબંધ... ૮૮
કૃષ્ણના કૃષ્ણ હોવાના પાસા સાથે સંબંધ... ૮૯
કૃષ્ણના ઘરના ઠાકુર હોવાના પાસાસાથે સંબંધ... ૮૯
પુષ્ટિભક્તિસાધનાની વિલક્ષણતા-વ્યાપક કૃષ્ણથી વ્યક્તિગત કૃષ્ણની સાથે સંબંધ... ૯૦
સંબંધના પાસાઓની નામસમજના કારણે થતી દુર્ગતિ... ૯૦
પુષ્ટિસ્થઠાકુર પુષ્ટિસ્થજીવની મર્યાદાના અનુરૂપ બંધાય... ૯૨
અસંગીને જીવનસંગી બનાવીને જીવવાની પુષ્ટિભક્તિસાધનાપ્રણાલી... ૯૪
નિરપેક્ષબ્રહ્મને ભક્તસાપેક્ષ બનાવવાની સાધનાપ્રણાલી... ૯૫
શ્રીહરિરાયજીના ભાવપ્રકાશની સંગતિ... ૯૬
તાત્ત્વિક બ્રહ્મસંબંધ અને સાધનાત્મક બ્રહ્મસંબંધ... ૯૭
વરણ અને શરણ ની પૂરકતા... ૯૯
સેવાનું રહસ્ય-ગીતાના એકાદશ અધ્યાયમાં... ૯૯

કૃષ્ણસેવાને માટે ગુરૂની અપેક્ષા, નહીં કે ગુરૂ બનાવવાને
માટે કૃષ્ણસેવા... ૧૦૧
સેવામાર્ગનો શૃંગાર શ્રીગુસાંઈજીના કારણે... ૧૦૨
શૃંગારિત સેવામાર્ગનું વિકૃતરૂપ... ૧૦૪
શ્રીગુસાંઈજીના દ્વારા સેવાવિસ્તાર પણ સેવામાં સહજતાના
નિર્વહનને માટે... ૧૦૪

**કૃષ્ણદાસ મેઘનની વાર્તા... ૧૦૬-૨૯૪**

વાર્તા પ્રસંગ, પ્રિય-અપ્રિયતાનો ભેદ ભક્તિના કારણે... ૧૦૬
ઔપક્રમિક બ્રાહ્મિક એકતા... ૧૦૬
વાણીના કારણે થતો ભેદ... ૧૦૬
ભેદાત્મક વાણીની એકતા... ૧૦૯
બ્રહ્મમાં પ્રિય-અપ્રિયનો અભેદ... ૧૦૯
બ્રાહ્મિક આત્મપ્રેમ જ અંશાત્મા જીવમાં પ્રકટ થાય... ૧૧૦
પ્રિયતા-અપ્રિયતાના પાસા વિભિન્ન પ્રસંગમાં... ૧૧૦
બ્રહ્મ પરમાત્મા ભગવાન્ માં પ્રિય-અપ્રિયનો પેહલુ... ૧૧૦
બ્રહ્મના ઘરના ઠાકુરના પેહલુમાં પ્રિય-અપ્રિયતાનો પ્રસંગ... ૧૧૧
ભક્તિમાં પ્રિય-અપ્રિયતાનો પેહલુ... ૧૧૩
સંબંધની સ્પષ્ટતાથી પ્રિય-અપ્રિયતા... ૧૧૪
બ્રહ્મની સાથે વ્યવહાર સંભવ નથી... ૧૧૬
ભાવને અનુરૂપ વ્યવહાર... ૧૧૬
ભાવાનુરૂપતાને કારણે પ્રિય-અપ્રિયનો પ્રસંગ... ૧૧૮
પ્રહલાદની દષ્ટિથી નરસિંહજીની પ્રિય-અપ્રિયતા... ૧૨૦
ભક્તિના સુરથી ભગવાન્‌ની પ્રિય-અપ્રિયતા... ૧૨૦
વાર્તા-પ્રસંગ... ૧૨૨
'ઠાકુરજી ભોક્તા'-સ્વરૂપવિચાર... ૧૨૨
'ભોક્તા'નો બ્રાહ્મિક પેહલુ... ૧૨૫
ભોક્તાના વિચારમાં પ્રશ્નની ભૂમિકા... ૧૨૭

ગૃહની મર્યાદાથી ‘ભોક્તા’માં ઉત્તમ અથવા અનુત્તમ... ૧૨૯
ભોક્તાનો પારમાત્મિક પેહલુ... ૧૨૯
મર્યાદામાં ભગવાન્‌નું ભોક્તાપણું દષ્ટિથી... ૧૩૩
ભક્તાધીન ભાવથી કૃષ્ણનું ભોક્તાપણું... ૧૩૩
ગૃહઠાકુરની દષ્ટિથી ભોક્તાપણું... ૧૩૪
ગૃહઠાકુર બીજાની સત્તાનો ભોગ ન કરે... ૧૩૫
ગૃહઠાકુર તો આપણી સત્તાનો ભોક્તા... ૧૩૫
આપણા સમર્પણના ભાવના પ્રભુ ભોક્તા... ૧૩૮
સિંહાવલોકન... ૧૩૯
બ્રહ્મસંબંધની ગરિમા અને તેનીસાથે થતો દુર્વ્યવહાર... ૧૪૦
વાણીનું ગૌરવ-અગૌરવ... ૧૪૬
સમર્પણભાવાત્મિકા વાણી... ૧૪૮
સ્નેહભાવાત્મિકા વાણી... ૧૪૯
વાણીની રસરૂપતા સ્નેહના કારણે... ૧૫૧
પ્રભુ સ્નેહનો ભોગ કરે, સુવિધાનો નહીં... ૧૫૨
તત્સુખજનિકા વાણી... ૧૫૫
ગોરસ=સમર્પણ+સ્નેહ+તત્સુખ... ૧૫૬
“તાકો ભાવ અનિવર્ચનીય હે”-વાણીની
નિર્વચનતા-અનિર્વચનતા... ૧૫૭
“... ભક્તનો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય છે”-
ભગવાન્‌નો સાનુભાવ... ૧૬૩
“તાતેં ‘ભક્તવત્સલ’ કહાવત હે.”-ભક્તનો પ્રભાવ... ૧૬૭
પ્રશ્નોત્તર... ૧૬૮
ધુમાડાનું કારણ અહંતા-મમતા અને સમર્પણનો વિવેક... ૧૭૩
સમર્પણનો ભાવ... ૧૭૭
ક્લિષ્ટનું અસમર્પણ, અક્લિષ્ટનું સમર્પણ... ૧૭૮
ક્લેશાત્મક ધુમાડાના પ્રકાર... ૧૮૧
સ્નેહનો સિદ્ધાન્ત... ૧૮૨

| | |
|---|---|
| સ્નેહમૂલક અહંતા-મમતાનો ભક્તિમાં વિનિયોગ... | ૧૮૫ |
| અક્લેશાત્મકભાવને માટે વિવેક-ધૈર્ય-આશ્રય... | ૧૮૯ |
| વિવેકથી અક્લેશાત્મકભાવ... | ૧૯૦ |
| પ્રાર્થનાત્મક ક્લેશ... | ૧૯૪ |
| અભિમાનાત્મક ક્લેશ... | ૧૯૬ |
| હઠનો ક્લેશ... | ૧૯૭ |
| આગ્રહનો ક્લેશ... | ૧૯૯ |
| દેવદ્રવ્ય-ગુરૂદ્રવ્યનો વિવેક... | ૨૦૦ |
| ધૈર્યથી અક્લેશ... | ૨૦૪ |
| આશ્રયથી અક્લેશ... | ૨૦૫ |
| વિવેક-ધૈર્યની પૃથક્તા અને અવિવેકનું સ્વરૂપ... | ૨૦૬ |
| બ્રહ્મ-પરમાત્માના પેહલુમાં ક્લેશની અપ્રાસંગિકતા... | ૨૦૬ |
| ભગવાન્‌ના પેહલુમાં અવિવેકનો પ્રસંગ... | ૨૦૭ |
| કૃષ્ણના પેહલુમાં અવિવેકનો પ્રસંગ... | ૨૦૮ |
| ગૃહઠાકુરના પેહલુમાં અવિવેકનો પ્રસંગ... | ૨૦૮ |
| અહંતાથી અવિવેક... | ૨૧૦ |
| અહંતાસાથે જોડાયેલા નકારાત્મક-સકારાત્મક ક્લેશ... | ૨૧૪ |
| અધૈર્યને કારણે ક્લેશ અને ધૈર્યથી અક્લેશ... | ૨૧૫ |
| શરણભાવનાથી અક્લેશ... | ૨૧૯ |
| સિંહાવલોકન... | ૨૧૯ |
| કૃષ્ણલીલાની ભાવનાથી સેવામાં અક્લેશ... | ૨૨૦ |
| લીલાભાવનારહિત ક્રિયાત્મિકા સેવાને કારણે ક્લેશ... | ૨૨૧ |
| ભાવનાત્મકસેવાથી અથવા ધૈર્યથી અક્લેશ... | ૨૨૨ |
| માનસિક અધીરતા... | ૨૨૩ |
| ધૈર્યની મહત્તા... | ૨૨૩ |
| વિભિન્ન સ્થિતિમાં આશ્રયનો પ્રસંગ... | ૨૨૫ |
| શરણં ગૃહરક્ષિત્રોઃ... | ૨૩૧ |
| વિવેક-ધૈર્યનું આદર્શરૂપ... | ૨૩૨ |

| | |
|---|---|
| આશ્રયથી અક્લેશ... | ૨૩૬ |
| ભક્તિ અને પૂજાની તરતમતા... | ૨૪૧ |
| માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ નું વ્યવહારાત્મકરૂપ... | ૨૫૧ |
| લીલા=માહાત્મ્યજ્ઞાન+સ્નેહ... | ૨૫૩ |
| પ્રભુનો અને ભક્તનો લીલાભાવ... | ૨૫૩ |
| લીલા : એકની અનેકતા અને અનેકની એકતા... | ૨૫૪ |
| દાસત્વનો સામાન્ય પ્રકાર... | ૨૫૭ |
| પુષ્ટિમાર્ગીય દાસત્વનું સ્વરૂપ : અંશાંશીભાવ... | ૨૫૯ |
| લીલામાં પુષ્ટિમાર્ગીય દાસત્વ સમર્પણથી... | ૨૬૧ |
| સમર્પણનો ત્રિકોણ... | ૨૬૬ |
| અહંતા-મમતાને ભગવાન્ સાથે જોડવાની સૌમ્ય વિધિ... | ૨૬૮ |
| સમર્પણની સાર્થકતા... | ૨૭૬ |
| પ્રશ્નોત્તર... | ૨૭૭ |
| સમર્પિત અને પ્રસાદી નો વિવેક/સિદ્ધાન્ત... | ૨૭૭ |
| સ્નેહમૂલક લૌકિકી રીતિ : સેવા.. | ૨૮૬ |
| ઉપસંહાર... | ૨૯૩ |

**પરિશિષ્ટ**

| | |
|---|---|
| ૧. દાન બડો કે દાતા... | ૨૯૫-૩૦૩ |
| ૨.સામગ્રીપ્રદર્શનોત્સવ... | ૩૦૪-૩૦૯ |
| **અમૃતવચનાવલી...** | **૩૧૦-૩૪૯** |

***

||શ્રીકૃષ્ણાય નમઃ||

# દામોદરદાસજીની વાર્તા

## (બ્રહ્મસંબંધની સાર્થકતાથી પુષ્ટિભક્તિરસની પ્રાપ્તિ)

### (મંગલાચરણ)

**ચિન્તા-સન્તાન-હન્તારો યત્-પાદામ્બુજ-રેણવઃ ||**
**સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ||૧||**

**યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ||**
**તમહં સર્વદા વન્દે શ્રીમદ્-વલ્લભ-નન્દનમ્ ||૨||**

**અજ્ઞાન-તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન-શલાકયા ||**
**ચક્ષુરૂન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ||૩||**

**નમામિ હૃદયે શેષે લીલા-ક્ષીરાબ્ધિ-શાયિનમ્ ||**
**લક્ષ્મી-સહસ્ર-લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ||૪||**

**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ||**
**ષડ્ભિર્વિરાજતે યોऽસૌ પંચધા હૃદયે મમ ||૫||**

### પ્રકરણ ૧ :
### વચનામૃતની ભૂમિકા અને ગુરૂ-શિષ્યનો વિલક્ષણ સંબંધ
### (ઉપક્રમ)

આ વખતે એક ગ્રંથ જે પ્રકાશિત કરવા માગી રહ્યો છું, તે વચનામૃત છે. આપણે ત્યાં વચનામૃતની બહુ પ્રાચીન પરંપરા રહી છે. છાપાઓમાં તમે વાંચ્યું હશે કે જેમ સમ્પાદકીયના ઉપર એક અમરસૂક્તિ આવે છે, નિશાળોમાં પણ જેમ આજનો સુવિચાર લખવામાં આવે છે, તે પ્રકારથી. આપણે ત્યાં પણ એવી પ્રાચીન પરંપરા રહી છે કે મોટાઓની વાણી જે સૂત્રાત્મક છે, તેને એક પ્રકારથી સંકલિત કરીને વચનામૃતના રૂપમાં પ્રસ્તુત કરવી. આમતો જે કાંઈ પણ બોલે તે વચનામૃત છે પરંતુ ગ્રંથની એક વિશેષતા એ છે કે ગ્રંથ જ્યારે

પણ લખવામાં આવે, એક સૂત્રને પકડીને લખવામાં આવે. જે વિચારને કે ઉપદિષ્ટ સૂત્રને આખા ગ્રંથમાં એકદમ કઠોરતાથી પકડીને ચાલે. જે પણ તેના પાસાઓ છે, ધીરે-ધીરે એનો ખુલાસો કરવામાં આવે.

વચનામૃતની આ વિશેષતા રહી છે કે તેમાં કોઇ એવા એક વિચારના સૂત્ર નથી હોતા કેમકે વચનામૃત કોઇ ગ્રંથના રૂપથી કહેવામાં-લખવામાં આવેલા નથી. તે-તે પ્રસંગોમાં જે મોટાઓએ વાત કહી છે એને સંકલિત કરવામાં આવી છે. આ પ્રકારના વચનામૃત બૌદ્ધમતમાં પણ ઘણા છે. આપણે ત્યાં ઉપનિષદ્‌માં છે, જૈનોને ત્યાં પણ છે અને બીજા પણ સંપ્રદાયોમાં આ પ્રકારના વચનામૃત અથવા ગ્રંથ છે. આપણા સંપ્રદાયમાં પણ વચનામૃતોનો પ્રારંભથી જ બહુ ઉપયોગ રહ્યો છે પરંતુ સૌથી પહેલા વચનામૃત આપણા સંપ્રદાયમાં શ્રીગોકુલનાથજીના છે. જે ચોવીસ વચનામૃત શ્રીગોકુલનાથજીના કહેવામાં આવે છે ત્યારબાદ અત્યારસુધી પણ આ પ્રકારના વચનામૃતોના સંકલન થતા રહ્યા છે. વીસ-પચ્ચીસ વર્ષ પહેલા મહેસાણાના હરિભાઈએ દાદાજીના પણ વચનામૃતનું સંકલન કર્યું છે. તે પ્રકાશિત નથી થઇ શક્યા.

## (વચનામૃતોનું ગ્રથન)

એ વચનામૃતોના સંકલનમાં કોઈ એક વાતને પકડીને નથી સમજાવવામાં આવતું પરંતુ જે વખતે, જે પ્રસંગમાં જે વાત મોટાઓએ કહી, તેને એકઠી કરી-કરીને, આ વચનામૃત બનાવવામાં આવ્યા. મહર્ષિ અરવિન્દોના ઘણા સુંદર વચનામૃત આ પ્રકારથી મળે છે. મને એવી ઈચ્છા થઈ કે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી ના વચનામૃત પણ આપણે સંકલિત કરવા જોઈએ. પરંતુ આજે આપણી પાસે એવી સ્થિતિ તો નથી કે તે બધીજ માહિતી આપણે લાવીએ. મેં આ વચનામૃત શ્રીમહાપ્રભુજીના ચોરાસી વૈષ્ણવોની વાર્તા, ગુસાંઈજીના બસોબાવન વૈષ્ણવોની વાર્તા, ગૃહવાર્તા, બેઠકવાર્તાઓમાંથી સંકલિત કર્યા છે. એવી હૃદયમાં ઈચ્છા છે કે આ વરસે આ ગ્રંથનું પ્રકાશન કરવું. અત્યારે તો પહેલો કાચો ડ્રાફ્ટ્ જે મેં કમ્પોઝ કર્યો છે, તે કિશનગઢથી લઈ આવ્યો છું, જોવા માટે કે કેવો બન્યો છે આ ગ્રન્થ. કિશનગઢમાં મારી ઘણીબધી વાતોની શરૂઆત થઈ છે. તેથી હાલમાં આ વાત પણ કિશનગઢથી જ શરૂ થઈ રહી છે. આ મારા અને કિશનગઢના સંબંધનો પ્રશ્ન છે.

આ વચનામૃતોના સંકલનમાં મેં આ વાતનું ધ્યાન આપ્યું છે કે જેમ વાર્તાઓમાંથી વચનામૃત સંકલિત કર્યા છે, તો ઘણી વખત શું થાય છે કે વાર્તાઓના સંદર્ભમાં તો તે વચન એકદમ સાર્થક લાગી રહ્યા છે પરંતુ ખાલી તેને અલગ કરીને જુઓ તો તેનું સ્વરૂપ નથી ઉભરતું, જેવું વચનામૃતનું સ્વરૂપ ઉભરવું જોઇએ.

## (વાર્તાપ્રસંગની અનિવાર્યતા-વચનામૃતોના સ્વરૂપ પ્રકાશનને માટે વાર્તાઓ)

હવે કેમકે વાર્તાઓમાંથી સંકલિત થયા છે તેમાં એક તેની વિવશતા થઇ રહી છે કે તે વાર્તાઓને એટલીજ લેવી કે જેથી વચનામૃતનો સંદર્ભ ખ્યાલમાં આવી જાય. બાકી વાર્તાઓ; ચોરાસી બસોબાવન વૈષ્ણવોની નિજવાર્તા ઘરૂવાર્તા, એ તો પ્રત્યેક બે-ત્રણ વર્ષના અંતરે પ્રકાશિત થતી રહી છે. એ વાર્તાઓનું પુનઃ પ્રકાશન કરવાનો અહીં હેતુ નથી. ન તો તે વાર્તાઓને સંક્ષિપ્ત કરવાનો અહીં હેતુ છે. જ્યારે વચનામૃત સંકલિત કરવા છે તો ખરેખર આ એક લાચારી જેવું થઇ જાય છે કે તે વાર્તા આપણે ન જોઇએ, તો એ વચનામૃતનું સ્વરૂપ નથી ખુલતું. આ કારણથી જેટલો પ્રસંગ, તે વચનામૃતની ભૂમિકાના રૂપમાં અપેક્ષિત છે એટલી મેં વાર્તા પણ લીધી છે અને પ્રયાસ એવો કર્યો છે કે વચનામૃતને અલગ પાડવામાટે વાર્તાને ત્રાંસા અક્ષરમાં અને વચનામૃતને ઘાટા અક્ષરમાં છાપવા, જેનાથી અલગથી તેના ઉપર ધ્યાન જાય. શ્રીમહાપ્રભુજી શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીગોકુલનાથજી ના વચનામૃત 'વચનામૃતસંકલન' નામના ગ્રંથમાં પ્રકાશિત થયા છે. એવીરીતે ૪૪ વચનામૃત શ્રીમહાપ્રભુજીના મળે છે જે જુદા-જુદા પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ કર્યા છે.

## ('ગ્રન્થ'નો અર્થ)

આમ તો ષોડશગ્રંથ પણ આપણે જોઇએ તો તે પણ નાના-મોટા વચનામૃત જેવાજ છે પરંતુ એ બધા ગ્રંથોની ખાસિયત એ છે કે એ બધાને એકસાથે ગોઠવીને રાખવાથી તેમાં એક ક્રમબદ્ધતા આવી રહી છે. આથી તે એક ગ્રંથનું રૂપ ધારણ કરી લે છે. આજે આપણે 'ગ્રંથ'નો અર્થ એમ સમજીએ છીએ કે કોઇ ચોપડી કે કોઇ પુસ્તક કોઇ આદર્શ વાત કહેલી હોય તો 'ગ્રંથ' છે.

જેમ કે સરદારજીઓમાં ગુરૂગ્રંથસાહેબ. ગ્રંથનો એક અલગ સ્વભાવ છે અને તે સ્વભાવ છે, વિષયનું ગ્રંથન કરે, વિષયને બાંધે. 'ગ્રંથન' એટલે કે બાંધવું. વિષયને જે બાંધે તેનું નામ 'ગ્રંથ' કહેવામાં આવે છે. જુના જમાનામાં ગ્રંથ પણ બાંધવામાં આવતા હતા. આજની જેમ કોઈ ખુલી શકે એવા પુસ્તક ન હતા. અલગ-અલગ છુટ્ટા પાના રહેતા હતા અને એને બાંધવામાં આવતા હતા તે અર્થમાં પણ આને 'ગ્રંથ' કહેવામાં આવે છે. પાનાઓને બાંધવા આ એક મોટી વાત છે પરંતુ વિષયને બાંધવો આ ખાસ મહત્ત્વની વાત છે.

## (ગ્રંથ અને વચનામૃતનો ભેદ)

હમણાં હાલમાંજ અમારે ત્યાં એક પરિચિત આવ્યા હતા. તેઓ મારા સંગ્રહમાંથી કોઈ પુસ્તક ઉઠાવી રહ્યા હતા. બહુ વજનદાર પુસ્તક હતું. મારા મોઢામાંથી નિકળી ગયું કે સંભાળીને ઉતારજો, એ પુસ્તક માથા ઉપર ન પડે. તો એમણે કહ્યું કે માથે પડી જશે તો તો ઉદ્ધાર થઈ જશે. મેં કહ્યું માથાઉપર પડી તો ઉદ્ધાર નહીં, માથુંજ ફૂટશે. હાઁ માથામાં પડે તો ઉદ્ધાર થઈ શકે છે. તો થોડુંક અંતર છે , માથાઉપર પડવું અને માથામાં પડવું. આવશ્યકતા માથાઉપર પડવાની નથી. ન પણ પડે તો કામ ચાલશે પરંતુ માથામાં પડવાની આવશ્યકતા છે. આ જ રીતથી, આવશ્યકતા ગ્રંથના પાનાને બાંધવાની નથી, વિષયને બાંધવાની છે. જ્યારે વિષય બંધાઈ રહ્યો છે તો તે ગ્રંથ છે. અને વિષય ન બંધાઈ શક્યો તો તે વચનામૃત છે.

ષોડશગ્રંથ શું છે? આમ તો સોળ વિષય છે. અને દરેક ગ્રંથો પોતાનામાં એક છુટ્ટો વિષય છે. પરંતુ તેને જે વખતે ગોઠવીને રાખી દઈએ છીએ, તો એક પૂરો વિષય, જે શ્રીમહાપ્રભુજી આપણને પુષ્ટિમાર્ગીયોને કહેવા માગી રહ્યા છે, એ બંધાઈને ત્યાં આવી રહ્યો છે. એટલા માટે એ ષોડશગ્રંથ છે, ષોડશ વચનામૃત નથી. અને વચનામૃત મોટાભાગે એવા હોતા હતા કે જેમાં કોઈ વિષય બંધાતો ન હોય. નાની-નાની સૂક્તિ હોતી હતી. તો મૂલમાં આપણે આ ગ્રંથ અને વચનામૃત નું જે સ્વરૂપ છે તે ખ્યાલમાં રાખીને, તેની મજા લેવી છે. અહીં બંધાઈને કોઈ વિષય નહીં આવે. ક્યારેક કોઈ વાત આવી રહી છે તો ક્યારેક કોઈ વાત આવી રહી છે. જે વાત આવી રહી છે તેની મજા લેવી છે.

જેમ તમને ખ્યાલ હશે કે ચોરાસી વૈષ્ણવની વાર્તાઓમાં સૌથી પહેલી

વાર્તા દામોદરદાસ હરસાનીની છે. આના કારણે પ્રથમ વચનામૃત પણ મેં તેમાંથી જ લીધું છે. દામોદરદાસજી અને મહાપ્રભુજીનો સંબંધ એક અત્યંત વિલક્ષણ પ્રકારનો સંબંધ છે.

## (કૃષ્ણની નાનાભાવાનુરોધિતા)

જેમ ઠાકોરજીને માટે એમ કહેવામાં આવે છે કે **''મલ્લાનામ્ અશનિઃ નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્ ગોપાનાં સ્વજનો અસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ. મૃત્યુઃ ભોજપતેઃ વિરાડ્ અવિદુષાં તત્ત્વં પરં યોગિનાં વૃષ્ણીનાં પરદેવતા ઈતિ વિદિતો રંગં ગતઃ સાગ્રજઃ''** (ભાગ.પુરા.૧૦/૪૩/૧૭). જે વખતે મથુરામાં ઠાકોરજી પધારી રહ્યા છે તો પહેલવાનોને પહેલવાન લાગ્યા, વસુદેવ-દેવકીને એકદમ કોમલ બાળક લાગ્યા, પુરૂષોને લાગ્યું કે કોઈ બહુજ શ્રેષ્ઠ વ્યક્તિ આવ્યો છે, ખાસ કરીને જે ઉત્પાતી રાજાઓ હતા, એમને લાગ્યું કે કોઈ એમને પણ દંડ આપવાવાળો મોટો રાજા આવી ગયો છે. દરેક વ્યક્તિને પોતાના અધિકારના અનુરૂપ દર્શન થયા. જે વ્યક્તિને પોતાના અધિકારાનુસાર દર્શન થયા, તે વ્યક્તિને એ જ રૂપ મુખ્ય છે. તેવીજ રીતે જેમ નંદ-યશોદાને ભગવાન્ બાળક લાગી રહ્યા છે, તો ચક્રધારી કે શંખધારી કૃષ્ણ નંદ-યશોદાને માટે નથી પરંતુ માખણધારી વેણુધારી કે મયૂરપિચ્છધારી કૃષ્ણ જ મહત્ત્વપૂર્ણ છે. જેવી રીતે એમણે જોયા સજાવ્યા માન્યા ચાહ્યા એ જ કૃષ્ણ એમના માટે મહત્ત્વપૂર્ણ છે બીજા નહીં. કૃષ્ણ સો પ્રકારના હોઈ શકે. કૃષ્ણ કેટલા પ્રકારના હોઈ શકે, પ્રશ્ન એ નથી. પ્રશ્ન એ છે કે આપણે કૃષ્ણને કેવીરીતે ચાહી રહ્યા છીએ, કેવીરીતે માની રહ્યા છીએ, કેવીરીતે જાણી રહ્યા છીએ, એ સૌથી મહત્ત્વપૂર્ણ કૃષ્ણનું સ્વરૂપ છે!

મેં કદાચ પહેલાં પણ તમને બતાવ્યું હશે. મહાભારત કરવાને કારણે જૈન લોકો માને છે કે કૃષ્ણને સાઠહજાર વરસનું નરક થયું છે. અત્યારે તો ફક્ત પાંચહજાર વરસ થયા છે અને પંચાવનહજાર વરસ બાકી છે. એટલા વરસ કૃષ્ણ નરકમાં હજુ રહેશે, આવું તે લોકો માને છે. જ્યારે બહુ આવી વાત થઈ ત્યારે એક વૈષ્ણવ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે આપણે આનો વિરોધ કરવો જોઈએ. મેં કહ્યું આમાં વિરોધ જેવું શું છે? આપણે તો કૃષ્ણને વ્યાપક માનીએ છીએ. જો કૃષ્ણ વ્યાપક છે, તેને આપણે ના તો ન કહી

શકીએ કે ભાઈ તૂં નરકમાં ન રહી શકે. જેમ હવા વ્યાપક છે તો રૂમમાં પણ હશે અને ગટરમાં પણ હશે. પહાડઉપર પણ હશે તો ઘાટીમાં પણ હશે. બગીચામાં પણ હશે તો નાલામાં પણ હશે. હવાને આપણે કેવીરીતે કહી શકીએ કે તૂ અહીં રહે અને અહીં ન રહે. તેવીરીતે કૃષ્ણને જ્યારે આપણે વ્યાપક માની રહ્યા છીએ તો આપણે ચિંતાની વાત શું છે? નરકમાં સાઠહજાર વરસ તો ઘણા ઓછા છે, અનાદિકાલથી કૃષ્ણ તો સર્વત્ર છે. સર્વત્ર છે તો નરકમાં પણ છે. હવે સવાલ એ છે કે એમને નરકમાં દેખાતા હોય તો તે એમનો અધિકાર છે. આપણને વૈકુંઠમાં દેખાતા હોય તો તે આપણો અધિકાર છે. તેમાં ગભરાવાની શું વાત છે? જાવાદ્યો એમની કથા, એમને કૃષ્ણનું સ્વરૂપ જેવું સમજાતું હોય એજ છે. **“મલ્લાનામ્ અશનિઃ નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્ ગોપાનાં સ્વજનો અસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ. મૃત્યુઃ ભોજપતેઃ વિરાડ્ અવિદુષાં તત્ત્વં પરં યોગિનાં વૃષ્ણીનાં પરદેવતા ઈતિ વિદિતો રંગં ગતઃ સાગ્રજઃ.** (ત્યાંજ)

પહેલવાનોને જેમ વીજળીના જેવા લાગ્યા. કંસને તો લાગ્યું કે જાણે સાક્ષાત્ મોત આવ્યું. હવે જુઓ, જે કૃષ્ણના દર્શનથી અમરતા પ્રાપ્ત થાય, મુક્તિ મળે જેને સાક્ષાત્ આપણે પરમાનંદરૂપ માની રહ્યા છીએ, તે કૃષ્ણ જો કંસને મૃત્યુરૂપ લાગતો હોય તો એ કૃષ્ણ અને કંસનો આપસી સંબંધ છે તો તેમાં આપણે ઝઘડો કરવા જઈએ કે ના ના આ મૃત્યુ નથી, પરમાનંદરૂપ છે. અરે એની સાથે કૃષ્ણની સમજાવટ થઈ છે કે હું તને મારીશ અને તને મૃત્યુરૂપ લાગીશ. અને કંસની સમજાવટ હતી કે હું તારાથી હારી જઈશ. હવે આમાં આપણે તેને સમજાવવા જઈએ કે આ નંદનંદન છે આનંદકંદ છે પરમાનંદ છે, પરંતુ બંને પક્ષોએ અંદરોઅંદર સમજાવટ કરી લીધી છે, મિયાં બીબી રાજી તો ક્યા કરેગા કાજી! એને ડરાવવામાટે આ રાજી છે, ડરવામાટે તે રાજી છે. એમાં આપણે ઝઘડો કરવાથી ફાયદો શું? તેવીજ રીતે એ જૈન રાજી છે અને સમજો કે કૃષ્ણ પણ આ જ પ્રકારથી એમનાથી રાજી હોય તો આપણે શામાટે ચિંતા કરવી! આનંદથી રહો ને! તે નરકમાં કૃષ્ણને માને છે તો આપણે એનાથી ગભરાવાની શું જરૂર છે? આપણે કૃષ્ણને આપણા હૃદયમાં આપણા મસ્તકમાં માની રહ્યા છીએ કે નહીં! આપણે કૃષ્ણને સર્વવ્યાપી માની રહ્યા છીએ કે

નહીં! આપણે કૃષ્ણને આપણા ઘરમાં જોઇ શકીએ છીએ કે નહીં! આ વૈષ્ણવને માટે બહુ આવશ્યક વાત છે. તો કૃષ્ણ ક્યાં હોય અને ક્યાં ન હોય તે અલગ-અલગ તેમના લોકોના અધિકારાનુસાર એગ્રીમેન્ટ્ છે, કરાર છે. એ પ્રકારથી અલગ-અલગ પોતાનું રૂપ જેને બતાવશે, તે પ્રકારથી લોકો અને જાણશે. જે પ્રકારે તેને જાણશે તે પ્રકારથી તેને માનશે. જે પ્રકારે માનશે તે પ્રકારથી ચાહશે કે નહીં ચાહે. તેમાં શું ગભરાવાની વાત છે?

## (આચાર્યચરણની પુષ્ટિભક્તિ-શરણાગતિની ભાવાનુરોધિતા)

એવી જ રીતે શ્રીઆચાર્યચરણના પણ ચોરાસી વૈષ્ણવ અથવા બીજા પણ કેટલા વૈષ્ણવ હશે, એમણે જે પ્રકારથી જાણ્યા જે પ્રકારથી જોયા જે પ્રકારથી માન્યા, એ પ્રકારનું આચાર્યચરણનું સ્વરૂપ મુખ્ય જ છે તેમાં કોઇ ગૌણપણાનો ભાવ નથી. જેમકે આપણે એક બે ઉદાહરણ લઇએ તો વાત આપણને એકદમ સાફ થઇ જાય. જેવીરીતે પૃથ્વીના બે ધ્રુવ છે, ઉત્તરી અને દક્ષિણી ધ્રુવ. જેવીરીતે સૂરદાસજીને મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **''સૂર વ્હેકે કાહેકુ ઘિઘિયાત હે, કછુ ભગવલ્લીલા ગા''** તો ભગવલ્લીલા ગાવામાં એટલા તલ્લીન, તન્મય બની ગયા કે મહાપ્રભુજીના કોઇ પદ જ ન કર્યા. છેવટે જઇને લોકોએ એમને પૂછ્યું કે તમે કૃષ્ણના આટલા પદ ગાયા અને મહાપ્રભુજીનું એક પણ પદ ન ગાયું. ત્યારે એમણે કહ્યું કે ''મને તો કાંઇ ખ્યાલ જ ન આવ્યો કે કોઇ બીજાના પદ ગાઈ રહ્યો છું. સારૂં તું કહી રહ્યો છે તો ચાલ હું એક પદ મહાપ્રભુજીનું અલગથી બનાવીને ગાઉં.'' કહીને એમણે **''દૃઢ ઈન ચરનન કેરો''** પદ ગાયું.

એક ધ્રુવ આ છે કે મહાપ્રભુજીના સમજાવ્યા એવું સમજ્યા, કૃષ્ણની લીલા સ્વરૂપ માધુર્ય લાવણ્ય માં એટલા તલ્લીન બની ગયા કે મહાપ્રભુજી પણ એમને યાદ ન આવ્યા. હવે આમાં કોઇ થોડી મહાપ્રભુજીને અપ્રસન્ન કરવાની વાત છે! મહાપ્રભુજીની પરમ પ્રસન્નતા એમાં છે કે પ્રત્યેક જીવ આ રીતે કૃષ્ણતન્મય બની જાય. એક આ ધ્રુવ છે.

અને દામોદરદાસજીનો એક આ ધ્રુવ છે કે તેઓ મહાપ્રભુજીમાં એટલા તન્મય રહ્યા કે ન તો એમણે સેવા કરી, ન પદ ગાયા. દામોદરદાસજીના

વિષયમાં કોઈ પણ એવી વાત મળતી તો નથી. પરંતુ આનાથી લોકોમાં એવી ભ્રાંતિ થઈ જાય છે કે મહાપ્રભુજીના પ્રથમ શિષ્ય જો આ પ્રકારના, અને તે પ્રથમ શિષ્ય કેવા? જેમના માટે મહાપ્રભુજી અવાર-નવાર આ આજ્ઞા કરે કે **''દમલા યે માર્ગ મૈને તેરે લિએ પ્રકટ કિયો હે.''**

જ્યાં સુધી શ્રીઆચાર્યજીના મારગની સ્થિતિ છે ત્યાં સુધી દામોદરદાસજીની મારગમાં સ્થિતિ ગોપ્ય છે અને દામોદરદાસજીએ કહ્યું **''જો મૈંને શ્રીઠાકુરજીકે વચન સુને પરિ સમુઝ્યો નાહી''** તા સમે શ્રીઆચાર્યજીને કહ્યો **''અબ હુ દસ જન્મકો અન્તરાય હે''** આમતો ભાવપ્રકાશકારે આના ભાવનું જે પ્રકાશન કર્યું છે તેને સરખી રીતથી સમજી લઈએ તો આધુનિક પુષ્ટિમાર્ગના શરીરમાં કૅન્સર્ની જેમ ઘુસેલા (૧) વલ્લભપંથ અને (૨) ગોસ્વામિપંથ, બંનેની અપ્રમાણિકતા ઉઘાડી પડી જાય.

વલ્લભપંથી કહે કે જેમના માટે મારગ પ્રકટ કર્યો એવા દામોદરદાસજીએ શ્રીકૃષ્ણસેવા નથી તેથી કૃષ્ણસેવા અનાવશ્યક છે તેથી આ મારગમાં વલ્લભ જ સર્વસ્વ છે.

ગોસ્વામિપંથી કહે કે જે દામોદરદાસજીને માટે મારગ પ્રકટ કરવામાટે પ્રથમ બ્રહ્મસંબંધ આપ્યું પરંતુ કૃષ્ણસેવા નથી પધરાવી તેથી કોઈ સેવા કરે કે નહીં બધાને બ્રહ્મસંબંધ આપવું જોઈએ.

આમાં તથ્ય આ છે કે શ્રીકૃષ્ણભક્તિનો માર્ગ પ્રકટ કરવામાટે, જેમ મહાપ્રભુએ પોતાના ભૂતલ ઉપર બિરાજવાના બાવનવર્ષમાંથી ૩૦-૩૩ વર્ષ ભગવદ્ વિપ્રયોગાત્મિકા કથાના અવલંબનથી વ્યતીત કર્યા ગોપિઓની જેમ **''ગોપ્યઃ કૃષ્ણે વનં યાતે તમનુદ્રુતચેતસઃ, કૃષ્ણલીલાઃ પ્રગાયન્ત્યો નિન્યુર્દુઃખેન વાસરાન્...એવં મહોદયાઃ''** (ભાગ.પુરા.૧૦/૩૨/૧-૨૬) તેવીજ રીતે શ્રીવલ્લભ-દામોદરદાસની વચ્ચે યુગલગીત ચાલતું રહ્યું હતું. શ્રીઆચાર્યજી શ્રીભાગવત અહર્નિસ જોતા, કથા કહેતા અને દામોદરદાસ સાંભળતા અને મારગનો બધો સિદ્ધાન્ત, ભગવલ્લીલાનુ રહસ્ય શ્રીઆચાર્યજીએ દામોદરદાસજીના હૃદય વિષે સ્થાપ્યું. હૃદય વિષે મારગ સ્થાપિ કેટલાક દિવસ પછી ગુસાંઈજીએ અક્કાજીને પૂછ્યું ''જો શ્રીઆચાર્યજીને માર્ગ

પ્રકટ કિયો હે સો ઉત્સવકો કહા પ્રકાર હે?'' ત્યારે અક્કાજીએ કહ્યું ''જો મારગ તથા ઉત્સવપ્રકાર સબ દામોદરદાસજીસોં કહ્યો હેં સો ઉનસો પૂછો. તુમસો સબ દામોદરદાસજી કહેંગે'' મહાપ્રભુએ સ્વમાર્ગીય સિદ્ધાન્તરહસ્ય અને ભગવલ્લીલારહસ્ય જ દામોદરદાસજીના હૃદયમાં સ્થાપિત કર્યું હતું, સ્વમાહાત્મ્યરહસ્ય કે સ્વલીલારહસ્ય નહીં! તે પણ એક જન્મની અવધિમાં સીમિત નહીં પરંતુ દસ જન્મના શ્રીકૃષ્ણના અંતરાયમાં ભગવદ્વિપ્રયોગાત્મિકા સ્વમાર્ગસિદ્ધાન્તરહસ્ય અને ભગવલ્લીલા (નહીં કે આચાર્યલીલા) રહસ્યને હૃદયમાં સાંચવી રાખીને **''ભુવિભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત્ પિતા''** (સર્વો.૬૨-૬૩) મહાપ્રભુના વંશજોની બાલ્યાવસ્થામાં એમને કૃષ્ણસેવાપર દમ્ભાદિરહિત ભાગવતતત્ત્વજ્ઞ બનાવતા રહ્યા, આચાર્યચરણના ઉત્તરાધિકારની સાથે. જેમ આજકાલ પોતાના વિલ્ના એગ્જિક્યૂટર્ એપોઇન્ટ્ કરે તેમ!

તે જન્મમાં દામોદરદાસજીએ પ્રભુચરણને શ્રીકૃષ્ણના પ્રતિ સમર્પિત થવાના સિદ્ધાન્તરહસ્ય અને શ્રીકૃષ્ણની વ્રજલીલાના શૃંગારરસમંડન વગેરે કૃષ્ણલીલાત્મક ગ્રન્થમાં વર્ણિત લીલારહસ્ય સમજાવીને કેટલી સચ્ચાઈથી આપણા મહાપ્રભુના વિલ્ના એગ્જિક્યૂટર્ હોવાનો રોલ્ નિભાવીને કર્યો! આથી કેવળ દસ જન્મ અથવા દસગણા જન્મના અંતરાયને પણ સહન કરીને જ્યારે પણ કોઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ (વલ્લભપંથ કે ગુસાંઈપંથના પાખંડમાં ફસાયા વિના) મહાપ્રભુના વંશજ અમે ગોસ્વામિબાલકોને સાકારબ્રહ્મવાદી સિદ્ધાન્તરહસ્ય અને પુષ્ટિભક્તિ પ્રકટ કરનારૂં ભગવલ્લીલાનું રહસ્ય સમજાવવાવાળો કે પુષ્ટિમાર્ગના અનુગામીઓના બુદ્ધિ અને હૃદય મહાપ્રભુ શ્રીવલ્લભ અને દામોદરદાસ ની વચ્ચે ચાલતી **''વેણુગીત પુનિ યુગલગીતકી રસબરખા બરષાઈ''** કરાવતા રહેશે.

આ અત્યારે થઈ નથી રહ્યું આની સાક્ષી વલ્લભપંથ અને ગુસાંઈપંથ ના પાખંડ આપી રહ્યા છે! આથી કથાપક્ષમાં વિપ્રયોગનો અનુભવ કરનારા મહાપ્રભુ-દામોદરદાસજીની જોડીના યુગલગીત ગાતા રહેવાના નિજાનુભવના પ્રામાણ્યના આધારે મહાપ્રભુએ **''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિઃ દઢા ભવેત્, યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપિ ઈતિ મતિઃ મમ''** (ભક્તિવર્ધિની.૯) આજ્ઞા કરી છે. એવું લાગે છે કે વલ્લભપંથ અને ગુસાંઈપંથ પુષ્ટિમાર્ગના પાંચસો

વરસ પૂરા કરવામાટે જ પ્રકટ થયા છે! આ બંને પંથોમાં વલ્લભપંથી એમ માને છે કે કૃષ્ણભક્તિ કરવાથી અન્યાશ્રય થઈ જાય તેથી માત્ર વલ્લભવાણીનું પારાયણ કરતા રહેવું જોઈએ. ગુસાંઈપંથી એમ માને અને ભડકાવનારા ગ્રંથોને વાંચવાથી ભગવદ્વિમુખતા વધે. તેથી કૃષ્ણભક્તિને વ્યાવસાયિક પ્રદર્શનાર્થ ચાલતી હવેલીઓમાં દર્શન-ભેટ-સામગ્રી મનોરથ અને પ્રસાદ ની પંચધા ભક્તિના સિવાય પુષ્ટિભક્તિમાર્ગીયોને બીજું કાંઈ કર્તવ્ય નથી. આપણી દુર્મતિ ''લોભી ગુરૂ ઔર અન્ધે ચેલા દોનોં નરકમેં ઠેલમઠેલા'' જ છે!

જેના માટે મારગ પ્રકટ કર્યો તેમણે તો સેવા ન કરી. એ તો મહાપ્રભુજીની પાછળ-પાછળ ફરતા રહ્યા. જેમને મહાપ્રભુજીએ આ આજ્ઞા કરી કે જ્યાં સુધી પુષ્ટિમાર્ગ છે, ત્યાં સુધી પ્રકટ થતા રહેશો, એ દામોદરદાસજીએ સેવા ન કરી.

## (આચાર્યચરણ સ્વભક્તિનો અનુરોધ નથી કરતા)

આપ લોકોના તો સૌભાગ્ય છે કે અહીં આવા-આવા વિચિત્ર પંથ હજીસુધી પ્રકટ નથી થયા પરંતુ ગુજરાતમાં પ્રકટેલો વલ્લભપંથ કહે છે કે ''કૃષ્ણને ન માનો, મહાપ્રભુજીને માનો'' તેમાં કારણ શું? તો કહે કે ''દામોદરદાસ. આ માર્ગ દામોદરદાસને માટે પ્રકટ કર્યો, અને દામોદરદાસજીએ કૃષ્ણસેવા નથી કરી તો આપણે શામાટે કૃષ્ણસેવા કરવી? એટલા માટે વલ્લભ જ બધું જ કાંઈ છે''. તેમાં એમને પૂછીએ તો વધારામાં એમ કહીદે કે ''વલ્લભના તો રોમ-રોમમાં કોટિ ગોવર્ધનનાથ'' હદ થઈ ગઈ શરાફતની. અરે ''વલ્લભના રોમ-રોમમાં કોટિ ગોવર્ધનનાથ'' આનો અર્થ છે કે વલ્લભના રોમ-રોમ ગોવર્ધનનાથમય છે. એનો અર્થ એવો નથી કે અસ્તરો લઈને બસ રોમને શેવ્ કરી દો. આવા-આવા બેવકૂફ દુનિયામાં છે. એક શોધો તો હજાર મળે છે. એવા-એવા પણ પંથ ચાલે છે કે જે કહે છે કે કૃષ્ણને માનવા જ નહીં, મહાપ્રભુજીને માનવા, મહાપ્રભુજીની ભક્તિ કરો, કૃષ્ણની ભક્તિ કરી તો અન્યાશ્રય થઈ જશે!

એક વાત સમજો કે મહાપ્રભુજીએ દામોદરદાસજીને પોતાની સાથે હંમેશા સાથે કેમ રાખ્યા? વાર્તા આ વાતનું સ્પષ્ટ પ્રમાણ છે કે મહાપ્રભુજી લગભગ ત્રીસ વર્ષની ઉંમર સુધી ભારતની પરિક્રમામાં હતા. ઘરમાં ન્હોતા બિરાજતા.

આપશ્રી કથાનો કલ્પ કરતા હતા. તે વખતે મહાપ્રભુજીની જે જીવનચર્યા હતી, આ વાર્તાઓમાં તેનું વર્ણન આ પ્રકારથી આવે છે કે આપશ્રીની પાસે એક શાલિગ્રામજી બિરાજતા હતા. એક ભાગવતજી બિરાજતા હતા પોથીરૂપમાં, જેનું પારાયણ અને પૂજન આપશ્રી નિત્ય કરતા હતા, કેમકે આપ સ્વયંપાકી હતા, જે કાંઈ સામગ્રી આપ સિદ્ધ કરતા, તેને શાલિગ્રામજી અને ભાગવતજીને ભોગ ધરીને લેતા હતા. સેવાનો કોઈ ક્રમ તે સમયે આપશ્રીનો હતો નહીં. સેવાનો ક્રમ જ્યારે મહાપ્રભુજીએ વિવાહ કર્યા, ત્યારથી શરૂ થયો. આથી મહાપ્રભુજીની વાર્તામાં સ્પષ્ટ ઉલ્લેખ આવે છે કે કોઈ એવી શાંત જગ્યા શોધવી જ્યાં લોકોની જંજટ ન હોય, ધાંધલ ન હોય. શાંત ચિત્તથી ઠાકોરજીની સેવા થઈ શકે. કેમકે શ્રીનાથજીએ આજ્ઞા કરી કે વિવાહ કરો અને મહાપ્રભુજીનો સિદ્ધાન્ત હતો કે વિવાહ એટલા માટે ન કરવા કે આપણે દામ્પત્યસુખ ભોગવવું છે. વિવાહ એટલા માટે કરવા કે કૃષ્ણસેવામાં એક જીવનસાથી મળી રહ્યો છે. જ્યારે એ પ્રકારનું આપે ઘર માંડ્યું, ત્યારે તો ઠાકોરજી હોવાજ જોઈએ. જેમ સૂરદાસજીએ કહ્યું કે **''યામેં કહા ઘટેગો તેરો, નંદ નંદન કર ઘરકો ઠાકુર આપ હોય રહે ચેરો.''** જ્યારે આપે ઘર માંડ્યું ત્યારે આપે શ્રીઠાકોરજીની સેવાનો ક્રમ શરૂ કર્યો. એ દરમિયાન પણ ઘણાને ઠાકોરજી પધરાવ્યા હતા. ઘણાને સેવામાર્ગમાં પ્રવૃત્ત પણ કર્યા હતા. બ્રહ્મસંબંધની આજ્ઞા પછી વ્યવસ્થિત પુષ્ટિમાર્ગનો પ્રચાર શરૂ થયો. એટલા માટે વાર્તામાં સ્પષ્ટ ઉલ્લેખ આવે છે કે થોડી-થોડી વારમાં મહાપ્રભુજી દામોદરદાસજીને કહેતા કે **''દમલા! બહુત અવેર ભયી, કછુ ભગવચ્ચર્ચા કરેં.''**

## (દામોદરદાસજીની પરાવસ્થા)

દામોદરદાસજી અને મહાપ્રભુજી નિરંતર મળીને યુગલગીતના જેવી ભગવત્ચર્ચા કરતા હતા અને સ્પષ્ટ આનો ઉલ્લેખ આવે છે કે દામોદરદાસજીને માનસી સિદ્ધ થઈ ગઈ હતી. તેઓ નિરંતર માનસીસેવા તો કરતા જ હતા. હવે બહાર ઠાકોરજી ન પધરાવ્યા. આથી આપણે એમ સમજીએ કે એમણે કૃષ્ણસેવા નથી કરી. પરંતુ મહાપ્રભુજીની સાથે ભગવલ્લીલા ભગવત્કથા ભગવત્સેવાની કથા ભગવદ્ગુણગાન કરતા-કરતા એમને માનસી સિદ્ધ થઈ ગઈ હતી. આના કારણે માનસીસેવા કરતા જ હતા. એમણે કૃષ્ણસેવા નથી

કરી, આવું વિચારવું પણ ખોટું છે. આવા આવા કેટલાય આલતુ-ફાલતુ હેતુ શોધતા રહ્યા છીએ. સંસ્કૃતમાં એક કહેવત છે **"શિવદ્વેષે તાત્પર્યમ્"** વિષ્ણુભક્તિ નથી કરવી, શિવની સાથે દ્વેષ કરવો છે. શિવભક્તિ નથી કરવી, વિષ્ણુ સાથે દ્વેષ કરવો છે. આવશ્યકતા શિવ અને વિષ્ણુ સાથે દ્વેષ કરવાની નથી પરંતુ ભક્તિ કરવાની છે.

**(મહાપ્રભુજીનો ભાવ કૃષ્ણને એકાન્તિક આરાધ્ય દેવ માનવાનો છે.)**

આપણે ત્યાં જ્યારે પણ અનન્યભક્તિનો ઉપદેશ આપવામાં આવ્યો, તો એટલા માટે નહીં કે બીજા દેવની સાથે દ્વેષ કરીએ, પરંતુ એટલા માટે કે આપણે ઈષ્ટદેવમાં એટલા તન્મય બની જઈએ કે જેમ સૂરદાસજી મહાપ્રભુજીના સમજાવ્યા પછી બની ગયા. મહાપ્રભુજીના પદ પણ ગાવાનું એમને યાદ ન આવ્યું. એ પ્રકારની જે તન્મયતા છે **"અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે"** (ભગ.ગીતા.૯/૨૨) ગીતાને જોશો તો નિરંતર ભગવાને આ વાત ઉપર સાવધાનીપૂર્વક ભાર આપ્યો છે. પ્રાચીન કાળમાં આપણે ત્યાં પંચદેવ સર્વદેવ અને એકદેવ એમ ઘણા પ્રકારની પૂજા હતી. આટલા પ્રકાર, દેવપૂજનના હતા. તો આ તો પૂજકને નક્કી કરવું જોઈએ કે તેને કયો પ્રકાર પૂજનનો અપનાવવો છે. જેમ દ્રૌપદીને પાંચ પતિ હતા પરંતુ સુભદ્રાને હિડંબાના પાંચ પતિ ન હતા. એક જ પતિ હતો.

તે એકાંતિક ભક્તિનો પ્રકાર હતો. પાંચ પાંડવની જેમ આપણે ત્યાં પંચદેવ-ઉપાસનાનો પણ પ્રકાર હતો કે પંચદેવની ઉપાસના કરો. તેવીરીતે એક બ્રહ્મના અદ્વૈતભાવથી સર્વદેવ-ઉપાસનાનો પણ પ્રકાર હતો. હવે આ તો ઉપાસકને નક્કી કરવાનું છે કે કેટલા દેવોની ઉપાસના કરવી છે. જેમ સર્વદેવઉપાસકને માટે સ્પષ્ટ એવો ઉલ્લેખ આવે છે કે જે શ્રૌત સર્વદેવના ઉપાસક હતા તે સ્માર્તદેવની ઉપાસના ન્હોતા કરતા. તેઓ ગ્રામદેવોની લોકદેવોની ઉપાસના ન્હોતા કરતા. એમ પણ આવે છે કે કેટલાક લોકો શ્રૌતદેવ સ્માર્તદેવ ગ્રામદેવ કુલદેવ બધાની ઉપાસના કરતા. આ તો ઉપાસકને નક્કી કરવાનું છે, દ્રૌપદીની જેમ કે કેટલા દેવની ઉપાસના કરવી છે. એકની બેની તેંત્રીસની કે તેંત્રીસ કરોડની!

કોઈ એકાંતિક રૂપથી મહાપ્રભુજીની ઉપાસના કરે, તો કરો ભલે. કોઈ

એકાંતિક રૂપથી કૃષ્ણની ઉપાસના કરે, તો કરો ભલે, પરંતુ મહાપ્રભુજીનો ઉપદેશ આવો ક્યાંય નથી કે મારી જ ઉપાસના કરો. મહાપ્રભુજીનો ઉપદેશ કેવળ સાફ-સુથરો આ છે કે **"સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન"** (ચતુશ્લોકી.૧) આના સિવાય આપણો કોઈ ધર્મ નથી. મહાપ્રભુજી કહી રહ્યા છે 'આપણો' એટલે કોનો? જેમણે મહાપ્રભુજી કંઠી આપી રહ્યા છે. જે કંઠી મહાપ્રભુજીના નામની બાંધી રહ્યા છે, એમને માટે આ વાત અહીં કહી છે. આખી દુનિયાને, આખા ગામને નહીં કેમકે મહાપ્રભુજી સ્વયં આ વાતને જાણે છે. આપણે ત્યાં ગુસાંઈજીની વાર્તામાં ખૂબજ સુંદર પ્રસંગ આવે છે કે જ્યારે તુલસીદાસજીએ કૃષ્ણના પદ ગાયા ત્યારે ગુસાંઈજીએ એમને આ વાત કહી કે જેવા તમે કૃષ્ણના પદ ગાઈ રહ્યા છો, એવા તો અમારે ત્યાં ઘણાં છે પરંતુ જેવા તમે રામના પદ ગાઈ રહ્યા છો, એવા આખા જગત્માં કોઈ નથી તેથી તમે રામના જ પદ ગાઓ. આ જુઓ અનન્યભક્તિનો ઉપદેશ છે. તુલસીદાસજી જેવા મોટા કવિ આપણી પાસે આવ્યા છે, તો ચાલો એમને આપણી તરફ લઈને એમની પાસે કૃષ્ણના પદ ગવડાવો. (ખેંચા-તાણીની વાત ન હતી) આપણા પ્રાચીન આચાર્યોમાં આ માદ્દા હતો કે તુલસીદાસજી જેવા રામભક્તને આમ કહી શકતા હતા કે તમે રામના જ પદ ગાઓ. તમે રામના પદ ગાઈ રહ્યા છો તો રામની શોભા છે અને એ રામની શોભાથી તમારી શોભા છે. વ્યર્થમાં તમે શામાટે તમારી અનન્યાસક્તિ છોડો છો! જ્યારે તમને આટલી અનન્યાસક્તિ છે કે **"કહા કહોં છબિ આજકી, ભલે બને હો નાથ. તુલસી મસ્તક તબ નમે ધનુષ બાણ લેઉ હાથ."**

પછી કૃષ્ણના પદ શામાટે ગાવા? કેમકે ગામ ગાઈ રહ્યું છે, તો ગામ તો ગમે તે ગાશે. ગામ નમાજ પઢી રહ્યું છે તો શું આપણે નમાજ પઢવી? ગામનો સવાલ નથી અનન્યાસક્તિનો ભક્તિનો સવાલ છે. જો તુલસીદાસજી એમ કહેત કે નહીં હું રામ અને કૃષ્ણ બંનેનો ભક્ત છું, તો કોઈ ખરાબ વાત નથી કે ચાલો તમે રામના પણ ગાઓ અને કૃષ્ણના પણ ગાઓ.

આપણે ત્યાં આ પ્રકારની વ્યવસ્થા હતી. જેમ મહારાષ્ટ્રમાં કેટલાક પંથ છે, જે 'હરિહરપંથ' કહેવાય છે. એટલે કે જે હરિની પણ ઉપાસના કરે અને

હરની પણ કરે. યૂપીમાં હરિહરક્ષેત્ર પણ છે. આમ પંચદેવ ઉપાસનાનો પણ પ્રકાર હતો. કોઈ કરતા હોય તો ભલે કરે પરંતુ સિદ્ધાંત આપણો એકદમ સાફ છે કે જો એકાંતિક ભક્તિ કરવી છે તો ઈષ્ટદેવતા એકજ હોવા જોઈએ. અને તે ઈષ્ટદેવતાના એક હોવાના અંતર્ગત કોઈ બીજાનો અનાદરનો ભાવ નથી. જેમ કૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે, આનો અર્થ આવો નથી કે શિવનો કે બીજા દેવનો આપણે અનાદર કરીએ. તેનો અર્થ એ છે કે કૃષ્ણના સિવાય તમને કાંઈ દેખાવું ન જોઈએ. જ્યારે તમને કાંઈક દેખાઈ રહ્યું છે તો જેમ મીરાની કથામાં આવે છે કે જ્યારે જીવગોસ્વામીને મળવા મીરા ગયા હતા અને મીરાએ કહ્યું કે ''હું દર્શન કરવા આવવા માગું છું'' અને જીવ ગોસ્વામીએ કહ્યું કે ''હું સ્ત્રીનું મોઢું નથી જોતો'' ત્યારે મીરાએ એક સચોટ વાત કહી દીધી કે ''હું તો સમજતી હતી કે વૃંદાવનમાં કૃષ્ણના સિવાય બીજો કોઈ પુરૂષ છે જ નહીં. તમે બીજા પુરૂષ ક્યાંથી આવી ગયા!'' તો કૃષ્ણને એકાંતિક પુરૂષ માનવાનો મીરાનો જે એક ભાવ છે, તે તેની ભક્તિનો ભાવ છે. તેવી જ રીતે કૃષ્ણને જ એકાંતિક આરાધ્ય માનવાનો આપણો પુષ્ટિમાર્ગીય ભાવ છે. તેના માટે મહાપ્રભુજી આમ કહે છે **''સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ, સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન''.**

આના અંતર્ગત મહાપ્રભુજીએ દરેક વખતે પોતાની વાત સાફ રાખી છે. પરંતુ પ્રકટ સેવા દામોદરદાસજીએ ન કરી, તેનો અર્થ એવો લેવો કે દામોદરદાસ, જેમના માટે આ માર્ગ પ્રકટ કર્યો, જ્યારે તેઓ સેવા ન્હોતા કરતા તો આપણે શામાટે કૃષ્ણસેવા ઘરમાં કરીએ! આવા લફડા આપણે શામાટે ઘરમાં ઘુસાડીએ. તમારે સેવા નથી કરવી તો ન કરો પરંતુ એ વાત તમારા મનમાં સાફ રાખો કે તમે મહાપ્રભુજીના ઉપદેશોનું સિદ્ધાંતોનું અનુસરણ નથી કરી રહ્યા. મહાપ્રભુજીના સિદ્ધાંતોનું, ષોડશગ્રંથ કથિત ઉપદેશોનું અનુસરણ જો કરવું છે, તો **''સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ, સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન.''** (ચતુ.૧)

હવે આ વાત સાચી છે કે એ કૃષ્ણસેવા તનુવિત્તજાના રૂપમાં પણ થઈ શકે અને માનસીના રૂપમાં પણ થઈ શકે છે. એ કૃષ્ણસેવા કથાત્મિકા પણ થઈ શકે છે અને કૃષ્ણસેવાના રૂપમાં નહીં તો કૃષ્ણની શરણાગતિના રૂપમાં પણ

કૃષ્ણના પ્રત્યે આપણી અનન્યતા નભી શકે છે. સેવામાં કૃષ્ણની અનન્યતા, ભક્તિમાં કૃષ્ણની અનન્યતા કે શરણાગતિમાં કૃષ્ણની અનન્યતા. જેને ગીતામાં ભગવાન્ આજ્ઞા કરે છે કે **"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ, અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ"** (ભગ.ગીતા.૧૮/૬૬) આ શરણાગતિની અનન્યતા છે. આ પ્રકાર હતો.

## (મહાપ્રભુજીના જીવનસંગી દામોદરદાસજી)

દામોદરદાસજી આ પ્રકારના મહાપ્રભુજીના સંગી હતા. આમ તો મહાલક્ષ્મીજી જીવનસંગિની હતા પરંતુ મહાલક્ષ્મીજી જો જીવનસંગિની હતા, તો આ જીવનસંગી હતા. તેનું સ્પષ્ટ પ્રમાણ આપણને વાર્તાઓમાં મળે છે કે આચાર્યચરણે કાશી પધારીને જ્યારે દેહત્યાગની ઈચ્છા પ્રકટ કરવાનો સંકલ્પ કર્યો ત્યારે દામોદરદાસજીએ કહ્યું કે ચાલો હું પણ આવી રહ્યો છું. ત્યારે મહાપ્રભુજીએ એમને ના કહી કે નહીં તમારે હજુ રહેવાનું છે. કેમકે શ્રીગોપીનાથજી શ્રીવિઠ્ઠલનાથજી બિરાજી રહ્યા હતા, એમને માર્ગના રહસ્ય સમજાવવાના હતા. મહાપ્રભુજીની આજ્ઞાથી દામોદરદાસજી રોકાયા, નહીંતો દામોદરદાસજીનું જે સ્વરૂપ છે, તે આપણે આ વાતથી સમજી શકીએ કે ભાઈઓમાં સંપત્તિની ભાગ-બટાઈ જે વખતે થઈ રહી હતી, તે સમયે તે ભાગ-બટાઈમાં કોઈ પણ જાતનો રસ લીધા વિના, દામોદરદાસજી જરોખામાં બહારની તરફ ડોકાઈ રહ્યા હતા. અને જ્યારે સામેથી જોયું કે મહાપ્રભુજી પધાર્યા તો બારીમાંથી કૂદીને નીચે પહોંચી ગયા અને મહાપ્રભુજીએ એમને કહ્યું કે **"તૂ આ ગયો!"** કોઈ અચાનક પૂછે કે "તૂ આ ગયો" મતલબ મહાપ્રભુજી પણ તો વાટ જોઈ જ રહ્યા હતા કે દામોદરદાસજી ક્યારે આવે! અને દામોદરદાસજી મહાપ્રભુજીની જ વાટ જોઈ રહ્યા હતા, સંપત્તિની ભાગ-બટાઈની રાહ ન્હોતા જોઈ રહ્યા. બંનેના સંબંધ કેટલા ઘનિષ્ઠ હતા! બંને કેવા એક-બીજાના પૂરક હતા!

કેમકે નવધાભક્તિમાં, શ્રવણ કીર્તન અને સ્મરણ, આ ત્રણ કથાભક્તિના પેહલુ છે. અને પાદસેવન અર્ચન અને વંદન આ સેવાભક્તિના પેહલુ છે. ભારતવર્ષની તીર્થોની યાત્રામાં દામોદરદાસજી મહાપ્રભુજીના કૃષ્ણકથારૂપા ભક્તિમાર્ગના યાત્રાસંગી હતા. મહાલક્ષ્મીજી સાથે ગાર્હસ્થ્ય

સ્વીકારીને મહાપ્રભુજીએ અડેલમાં સ્થિરવાસ કર્યો તેમાં મહાપ્રભુજીની કૃષ્ણસેવારૂપા ભક્તિમય જીવનની જીવનસંગીની હતા. દાસ્ય સખ્ય અને આત્મનિવેદન આ સ્નેહાત્મિકા ભક્તિના પેહલુ છે. લિહાજા આપણે આને વાચિક કાયિક અને માનસિક, એવા ત્રણ રૂપથી જોઈ શકીએ. આમ નવધાભક્તિમાં પ્રથમ ત્રણ વાચિકભક્તિ છે. 'શ્રવણ' એટલે સાંભળવું. સાંભળવું જ નહીં, સ્મરણ પણ કરવું. સ્મરણ ન થયું તો તે કથાભક્તિ ફલિત ન થઈ. સાંભળવું અને કહેવું આ રીતથી કે આપણને અખંડ સ્મરણ સિદ્ધ થાય.

એવીજ રીતે પાદસેવન અર્ચન અને વંદન કરવાની પ્રણાલી જ આ છે કે અર્ચનના પહેલા અને પછી આપણામાં અખંડ દૈન્ય સિદ્ધ થાય. અને કેવળ દૈન્ય જ નહીં પરંતુ દાસ્ય સખ્ય અને આત્મનિવેદનાત્મક માનસિક વૃત્તિઓ પણ પ્રભુની સાથે તન્મય બની જાય. આ પ્રકારથી નવધાભક્તિનો પ્રયોગ હતો. તેમાં શ્રવણ-કીર્તનનો જે પ્રયોગ છે, એ પ્રયોગમાં બંને કેવીરીતે એક-બીજાના પૂરક હતા! કેવીરીતે મહાપ્રભુજી કથા કરતા અને દામોદરદાસજી સાંભળતા. કેવીરીતે દામોદરદાસજી કથા કરતા અને મહાપ્રભુજી સાંભળતા. બંને ઠાકોરજીની કથા કરતા-સાંભળતા, અખિલ ભારતનું ભ્રમણ કરતા હતા. ઘરમાં દાસ્ય સખ્ય અને આત્મનિવેદન ના ભાવોથી કરવામાં આવતા ભગવદ્ અર્ચન-પાદસેવન-વંદનમાં મહાલક્ષ્મીજી પૂરક કેવીરીતે હતા!

## (જીવનસંગીને માટે પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય)

આ પ્રકારની બંનેની ઘનિષ્ઠતા હતી, અને તે ઘનિષ્ઠતાને લક્ષ્યમાં રાખીને મહાપ્રભુજીએ આ વાત કહી કે **''દમલા યે માર્ગ મૈંને તેરે લિયે પ્રકટ કિયો હે''** એમની બાબતમાં એવું વિચારવું કે એમણે સેવા નથી કરી!! એમણે કેવળ કૃષ્ણસેવા જ કરી છે. પરંતુ માનસી એમને સિદ્ધ હતી. આ શ્રવણ કથન ના કારણે એમને કૃષ્ણનું અખંડ સ્મરણ સિદ્ધ હતું. આ દૃષ્ટિથી જોશો તો ઘણીબધી ખોટી ધારણાઓ દૂર થઈ જશે.

## (સાકારબ્રહ્મવાદી પુષ્ટિમાર્ગનું રહસ્ય-બ્રહ્મસંબંધ)

મહાપ્રભુજીએ ગોકુલમાં **''શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ,**

**સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે.. બ્રહ્મ-સંબંધ કરણાત્ સર્વેષાં દેહ-જીવયોઃ સર્વ-દોષ-નિવૃત્તિઃ હિ દોષાઃ પંચવિધા સ્મૃતાઃ''** (સિદ્ધાંત-રહસ્ય.૧-૨) આ જે સિદ્ધાંતરહસ્યમાં વાત બતાવી. જ્યારે પ્રભુ પ્રકટ થયા, તે સમયે મહાપ્રભુજી આ ચિંતા કરી રહ્યા હતા કે જીવ કાંઇક ને કાંઇક પોતાની ખામીઓથી ભરેલો છે અને કૃષ્ણ સર્વથા પરિપૂર્ણ છે. આ બંનેને સેવ્ય-સેવકભાવથી, અથવા પ્રિય અને પ્રેમી ના ભાવથી કેવીરીતે જોડવામાં આવી શકે. આની ચિંતા જ્યારે મહાપ્રભુજીને થઇ ત્યારે પ્રભુએ સ્વયં પ્રકટ થઇને તેનું નિરાકરણ બતાવ્યું કે આત્મનિવેદનની પ્રક્રિયા એવી છે, બ્રહ્મસંબંધની પ્રક્રિયા એવી છે કે જે પ્રક્રિયાદ્વારા જોડાવાથી આ દોષ છે, તે મટી જશે કે નહીં મટે, સવાલ આ વાતનો નથી, પરંતુ આ દોષ એક-બીજા સાથે જોડાવામાં બાધક નહીં બની શકે. જેમ આપણે લાકડાના ટેબલ ઉપર ઊભા રહીને વિજળીના તાર અડકીએ તો કરન્ટ આવવો બંધ નથી થઇ જતો, પરંતુ કરન્ટ લાગવો બંધ થઇ જાય છે. કરન્ટ તો આવી રહ્યો છે તે તો આવીજ રહ્યો છે. જમીન ઉપર ઊભા રહેશું તો કરન્ટ લાગશે અને એજ લાકડાના ટેબલ ઉપર ઊભા રહીશું તો લાકડાના ટેબલમાં એક ખાસિયત છે કે આપણને કરન્ટ લાગવો બંધ થઇ જાય છે.

એવી રીતે આત્મનિવેદનની અથવા બ્રહ્મસંબંધની પ્રક્રિયા એવી છે કે જેને કારણે આપણા દોષ અને પ્રભુની નિર્દોષતા એક-બીજા સાથે જોડાવામાં કોઇ વસ્તુ બાધક નથી થતી. આ આત્મનિવેદનને કારણે પ્રભુની નિર્દોષતા આપણી સાથે જોડાવામાં અને આપણી સદોષતા પ્રભુ સાથે જોડાવામાં બાધક નથી થતી. આપણાથી જોડાવામાં પ્રભુની નિર્દોષતા ખોવાઇ નથી જતી. પ્રભુ સાથે જોડાવામાં આપણી સદોષતા મટી નથી જતી પરંતુ બંનેના જોડાવામ્રા આ બાધક નથી થઇ રહી. જેમ પાણી પાણી છે અને લોટ લોટ છે પરંતુ બંનેને જે વખતે મીલાવી દો, તો લોટમાં કાંઇક પાણીનો ગુણ આવી જાય અને પાણીમાં લોટનો ગુણ આવી જાય. બંને મળી જાય એક-બીજાથી, તો એના મળવામાં કાંઇ બાધકતા નથી રહી જતી. આ પ્રકારથી આપણે જો રેતીને અને પાણીને મિલાવીએ તો મળશે નહીં. રેતીનો લોટ બાંધી ન શકાય કેમકે લોટમાં પાણી સાથે મળવાનો અને પાણીમાં લોટ સાથે મળવાનો ગુણ છે, તે રેતીમાં નથી.

થોડો વખત રેતી ભીની રહેશે, પછી શાલિગ્રામની જેમ પાછી સૂકીની સૂકી રહેશે, એમ બ્રહ્મસંબંધની પ્રક્રિયાથી સદોષ અને નિર્દોષ, જીવાત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને જીવ એકબીજાસાથે મળી શકે છે. લોટ સૉલિડ છે અને પાણી પ્રવાહી છે પરંતુ બંને એક-બીજા સાથે ગુંથી શકાય છે. **''અપનો તન ઔર વા ઢોટાકો એકમેક કરિ સાન્યો''** આત્મનિવેદનની પ્રક્રિયાથી બંનેને ગૂંથી શકાય છે. આના માટે જ પ્રભુએ આજ્ઞા કરી કે તમે તેને બ્રહ્મસંબંધ કરાવો. બ્રહ્મસંબંધ કરાવવાથી જેવો પણ જીવ છે તેવો મારી સેવાને માટે લાયક બની જશે. હું જેટલો પણ નિર્દોષ હોઈશ, હોઈશ નિર્દોષ, અને તે કેવો પણ દોષયુક્ત હશે, હશે સદોષ, પરંતુ તેની સેવા સ્વીકારવાને માટે હું બંધાવા તૈયાર છું. મારી નિર્દોષતાનો વિચાર હું આ બાબતમાં નહીં કરૂં.

પ્રભુ સદોષ નથી થઇ જતા, જીવ નિર્દોષ નથી થઈ જતો. પરંતુ એની નિર્દોષતા અને આપણી સદોષતા એક-બીજા સાથે જોડાવામાં બાધક નથી થઈ રહી. એક-બીજાથી જોડાવામાં સાધક થઈ જઈ રહી છે. એ રીતનો પ્રકાર બ્રહ્મસંબંધનો છે. અને તે આજ્ઞા પ્રભુએ મહાપ્રભુજીને કરી. **''યાતેં હી મહાપ્રભુજીને રાતકુ અચાનક દામોદરદાસજીકુ પૂછ્યો, દમલા તેં કછુ સુન્યો? તબ દામોદરદાસજીને કહી જો મહારાજ! મૈને ઠાકુરજીકે વચન સુને તો સહી પર સમુઝ્યો નાહીં. તબ મહાપ્રભુજીને કહી, જો મોકોં ઠાકુરજીને આજ્ઞા કીની હે, ' જો તુમ જીવનકુ બ્રહ્મસંબંધ કરાઓ, તિનકો હોં અંગીકાર કરૂંગો. ઔર જિનકોં તુમ નામ દેઓગે તિનકે સકલ દોષ નિવૃત્ત હોયેંગે. તાતેં બ્રહ્મસંબંધ અવશ્ય કરનો' ''**

આ એક વચનામૃત દામોદરદાસજીની વાર્તામાંથી નિકળીને આવી રહ્યું છે. આમાં એક સૂક્તિ છે, એ સૂક્તિનો વિચાર આપણે આ રીતથી કરશું.

***

## પ્રકરણ : ૨ ભગવદ્દત્ત સાંપ્રદાયિક સાધના

### (મહાપ્રભુજીનો સમર્પણનો સિદ્ધાન્ત ભગવદ્દત્ત)

આપણે પહેલા વચનામૃતની ભૂમિકાના રૂપમાં દામોદરદાસજીને મહાપ્રભુજીનો આ પ્રશ્ન કે **''દમલા તેં કછુ સૂન્યો?''** તબ દામોદરદાસજીને કહી કે **''મહારાજ! મૈંને સૂન્યો તો સહી પરિ સમુઝ્યો નાહીં''** તબ શ્રીઆચાર્યજી આપ કહેં કે **''મોકોં શ્રીઠાકુરજીને આજ્ઞા દીની હે કે તુમ જિન જીવન્‌કો બ્રહ્મસંબંધ કરાઓગે, તિનકોં હોં અંગીકાર કરૂંગો ઔર જિનકો તુમ નામ દેઓગે, તિનકે સકલ દોષ નિવૃત્ત હોયેંગે. તાતેં બ્રહ્મસંબંધ અવશ્ય કરનોં''** વાતામાં આવતું આ પહેલું વચનામૃત છે. બહુજ નાનું વચનામૃત છે પરંતુ ઘણીબધી વાતો મહાપ્રભુજીએ આમાં પ્રકટ કરી છે.

સૌથી પહેલા તો એક વાત કે **''મોકુ શ્રીઠાકુરજીને આજ્ઞા કીની હે.''** બીજી વાત **''જિનકુ તુમ બ્રહ્મસંબંધ કરાઓગે તિનકો હોં અંગીકાર કરૂઁગો.''** અને ત્રીજી વાત **''જિનકુ તુમ નામ દેઓગે, તિનકે સકલ દોષ નિવૃત્ત હોંયગે.''** આ વાત જે ઠાકોરજીએ આજ્ઞા કરી તેનો મહાપ્રભુજીએ નિષ્કર્ષ આ કાઢ્યો કે **''તાતેં બ્રહ્મસંબંધ અવશ્ય કરનો.''** જે કાંઈ મહાપ્રભુજીનો સિદ્ધાંત હતો, તે સિદ્ધાંતના અનુરૂપ જ પ્રભુની આજ્ઞા થઈ. બીજી કોઈ એવી આજ્ઞા ન થઈ કે જે મહાપ્રભુજી આટલા ત્રીસ વરસથી પોતાની વાત સમજાવતા આવ્યા, તેમાં અચાનક કોઈ નવો વળાંક આવી ગયો હોય. ભારતભરમાં પરિભ્રમણ કરી કરીને મહાપ્રભુજી જે વાત સમજાવતા આવ્યા હતા એજ વાતને પ્રભુની આજ્ઞાએ થોડીક સરલ, સુગમ બનાવી છે.

### (ઉપનિષદ્‌માં વર્ણિત સમર્પણ)

આ વાત શું મહાપ્રભુજી પોતાની બુદ્ધિથી પણ સમજી શકતા હતા! બુદ્ધિથી સમજીને પણ બ્રહ્મસંબંધ આપી શકતા હતા કેમકે બ્રહ્મસંબંધના મૂળમાં જે વાતનો પ્રારંભ છે, તે વાત શાસ્ત્રોમાં ગીતામાં ઉપનિષદ્‌માં બ્રહ્મસૂત્રમાં ભાગવતમાં બધી જગ્યાએ કહેવામાં આવેલીજ છે. ઉપનિષદ્‌માં આમ કહ્યું છે કે બધુંજ કાંઈ પરમાત્માના પ્રતિ સમર્પિતજ છે. તેનું બહુજ સુંદર

ઉદાહરણ ઉપનિષદ્ આમ આપે છે કે રથના પૈડામાં જેટલા આરાઓ હોય, તે બધા પોતાના કેન્દ્રની તરફ સમર્પિત જ હોય છે. તેવીરીતે જીવમાત્ર પરમાત્માને પ્રતિ સમર્પિત જ છે. **''અયમ્ આત્મા સર્વેષાં ભૂતાનામ્ અધિપતિઃ સર્વેષાં ભૂતાનાં રાજા. તદ્ યથા રથનાભૌ રથનેમૌ ચારાઃ સર્વે સમર્પિતાઃ એવમ્ અસ્મિન્ આત્મનિ સર્વાણિ ભૂતાનિ સર્વે દેવાઃ સર્વે લોકાઃ સર્વે પ્રાણાઃ સર્વ એત આત્માનઃ સમર્પિતાઃ''** (બૃહ.ઉપ.૨/૫/૧૫)

## (ભાગવતમાં વર્ણિત સમર્પણ)

ભાગવત બહુજ સુંદર આ વાતને સમજાવે છે. **''કથમ્ અયથા ભવન્તિ ભુવિ દત્ત-પદાનિ નૃણામ્''** (ભાગ.પુરા.૧૦/૮૪/૧૫) જે વ્યક્તિ પૃથ્વી ઉપર ઊભો છે, તે માણસ પૂર્વમાં પશ્ચિમમાં ઉત્તરમાં દક્ષિણમાં, ક્યાંય પણ પગ ઉછાળે, પરંતુ દરેક દિશામાં ઉછળેલો પગ, પાછો પડશે જમીનઉપર જ. પૃથ્વી ઉપર ઊભેલા વ્યક્તિને અલગ અલગ દિશામાં પગ ઉછાળવાની સ્વતંત્રતા છે. એ સ્વતંત્રતા પ્રભુએ આપણને આપી છે. કોઈ પણ દિશામાં તમે પગ ઉછાળી શકો છો, પરંતુ દરેક ઉછળેલા પગને ટકવાનું તો જમીન ઉપરજ છે. એવું ન થઈ શકે કે જમીન સિવાય બીજી કોઈ દિશામાં પગ ટકેલો રહી જાય. સમર્પણનો મૂળ સિદ્ધાંત તો આ જ છે અને આ સિદ્ધાંતથી મહાપ્રભુજી પરિચિત ન હોય એવી પણ વાત નથી. કેમકે મહાપ્રભુજી ભગવાનના મુખારવિંદના અવતાર છે, આ વાતને એક વખત આપણે ભૂલી પણ જઈએ પરંતુ એક આચાર્યના રૂપમાં, એક વેદના સઘન અભ્યાસ કરવાવાળાના રૂપમાં, આપે શાસ્ત્રોનું અધ્યયન ચિંતન અવલોકન મંથન અને એમના ભાષ્યોનું નિરૂપણ કર્યું જ છે. જ્યારે આપણને પણ આ વાતની જો ખબર પડે છે, તો મહાપ્રભુજીને આનું જ્ઞાન હોય, તેમાં આશ્ચર્યની વાત કાંઈ નથી.

## (ગીતામાં વર્ણિત સમર્પણ)

ગીતામાં ભગવાન્ આજ્ઞા કરે છે **''યત્ કરોષિ યદ્ અશ્નાસિ યજ્ જુહોસિ દદાસિ યત્ તપસ્યસિ કૌન્તેય! તત્ કુરુષ્વ મદર્પણમ્''** (ભગ.ગીતા.૯/૨૭) જે કાંઈ તમે કરી રહ્યા છો તે તમે મને અર્પિત કરો. આ વચન મહાપ્રભુજીથી અજાણ તો નથી હોઈ શકતું પરંતુ મહાપ્રભુજીએ પોતાની

સમજના આધારે બ્રહ્મસંબંધની દીક્ષા આપવી શરૂ નથી કરી કેમકે સમજ આપણી છે, અને આપણી સમજના આધારે વ્યક્તિ ચાલે, તો ચાલી પણ શકે છે, તેમાં કાંઇ ખોટું નથી.

## (ધર્મનિરપેક્ષતાનું દૂષણ)

પરંતુ આપણા ભારતની એક પ્રાચીન પ્રણાલી રહી છે જે હવે ખંડિત થવી શરૂ થઇ છે અને ખાસ કરીને આ ધર્મનિરપેક્ષ ભારત જ્યારથી થયું. આપણા બંધારણમાં આ પ્રકારનો ઉલ્લેખ આવી ગયો. બાળકોને સ્કૂલથી માંડીને કૉલેજના લેવલ્ સુધી લગાતાર આ વાતના માથામાં હથોડા મારવામાં આવે છે. તો દરેક વ્યક્તિમાં, દરેક સંપ્રદાયના અનુયાયીમાં ધીરે-ધીરે ધર્મનિરપેક્ષતાનો ભાવ પ્રબળ થતો જઇ રહ્યો છે. કોઇ ધંધાનિરપેક્ષ રાજનીતિનિરપેક્ષ અર્થનિરપેક્ષ કામનિરપેક્ષ નથી હોતા. મોક્ષની તો કથા જ અલગ છે. પરંતુ ધર્મનિરપેક્ષ બધા થવા માગે છે. દરેક સંપ્રદાયમાં આ કથા ચાલી રહી છે. હું તમને એક વિલક્ષણ વાત બતાવું.

## (સ્વધર્મનિષ્ઠાવિહીનતા)

અમારે મુંબઇમાં એક દિવસ બે-ચાર વૈષ્ણવ આવ્યા. અને એમણે મને કહ્યું કે અમે દર રવિવારે સત્સંગ કરીએ છીએ અને અમારા સત્સંગ મંડળનો વાર્ષિક ઉત્સવ છે તો આપ પધારશો? ભાઇ! વૈષ્ણવ આગ્રહ કરે અને તે પણ સત્સંગનો વાર્ષિક ઉત્સવ મનાવતા હોય, તેમાં ના તો ન પાડી શકાય. તેથી મેં એમને કહી દીધું કે આવી જઇશ. જ્યારે હું ત્યાં ગયો તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. મહાપ્રભુજી શ્રીનાથજી શ્રીયમુનાજી બધા આપણા પુષ્ટિમાર્ગીય ચિત્ર, પરંતુ સત્સંગ ચાલી રહ્યો હતો ચિન્મયાનન્દજીનો, ગીતા ઉપર. હું ગયો તો મને કહ્યું કે આપ ચિન્મયાનન્દજીને ભોગ ધરો અને પ્રસાદ બધાને વાટો. મેં વિચાર્યું કે આ વૈષ્ણવને ત્યાં ચાલતો સત્સંગ છે કે શાંકરોને ત્યાં ચાલતો સત્સંગ છે? મેં કહ્યું કે તમે રોજ ધરો છો તો તમારો ભાવ દૃઢ છે તેથી તમેજ ભોગ ધરો. હું અહીં બેઠો છું. એમના જે સૅક્રેટરી હતા એમણે મને કહ્યું કે અમારા ગુરૂજી એવી આજ્ઞા કરે છે કે ચિન્મયાનન્દજીના ગ્રંથ વાંચવા, બીજાના ન વાંચવા, પરંતુ પ્રવચન બધાના સાંભળવા, તેથી અમે આપને આમંત્રિત કર્યા. મેં કહ્યું કે

યમુનાજી મહાપ્રભુજી ગુસાંઈજી ના ચિત્ર દેખાઈ રહ્યા છે અહીં, અને તમે મને પારકો સમજી રહ્યા છો. હવે હું તમને પોતાના સમજું કે પારકા, આ મારી બુદ્ધિએ તો કામ કરવું જ બંધ કરી દીધું. એમણે કહ્યું કે હવે આપ પ્રવચન કરો. સાચું કહું કે હું વિષયસુન્ન થઈ ગયો કે આ પરિસ્થિતિમાં શું બોલું? સહજ મેં એમને કહી દીધું કે મને પ્રવચનની આદત નથી, તમારે કાંઈ પૂછવું હોય તો પૂછો તેનો જવાબ દેવાનો હું પ્રયાસ કરીશ. એમણે કહ્યું કે પૂછવું તો અમારે કાંઈ નથી. પૂછીએ તો અમારા ગુરૂજીને જ છીએ. ચિન્મયાનન્દજીને. અમારી બધી શંકાઓનું સમાધાન થઈ ગયું છે એમના દ્વારા. અમે તો બસ વાર્ષિક ઉત્સવ મનાવી રહ્યા હતા તેથી આપને આમંત્રિત કર્યા હતા. મેં કહ્યું ચાલો ભાઈ તમારો બહુ આભાર. તમે પણ છુટ્ટા અને અમે પણ છુટ્ટા. એમની જે કાંઈક ગ્રંથ વાંચવાની પ્રક્રિયા હતી, તે એમણે કરી. તેના પછી મને વિદાય આપી. એક માણસને કહ્યું કે મહારાજને પાર્લા સુધી પહોંચાડી આવો. મેં કહ્યું ''અજબ પુષ્ટિમાર્ગ છે આ કે જેમાં હું પરાયો''. ઘરમાં મહાપ્રભુજી શ્રીનાથજી શ્રીયમુનાજી ના ચિત્ર અને સત્સંગ થઈ રહ્યો હતો ચિન્મયાનન્દજીના ગ્રંથનો! પાછા બીજા ગ્રંથ વાંચવાજ નહીં અને પ્રવચન બધાના સાંભળવા, આવી એમના ગુરૂ ચિન્મયાનન્દજીએ આજ્ઞા કરી. જે ગાડીમાં મને મુકવા આવ્યા, તેમને મેં હસીને પૂછ્યું કે તમે પણ વૈષ્ણવ છો? તો એમણે કહ્યું કે નહીં, અમે તો જૈન છીએ. પછી તો મારી બુદ્ધિ વધારે ચકરાઈ ગઈ. મેં કહ્યું કે તમે જૈન છો તો તમે ચિન્મયાનન્દજીના સેન્ટરમાં સત્સંગ કરવા આવો છો? તમારા જૈન દેરાસરમાં પણ તો સત્સંગ થાય છે. એમણે બહુ સરસ વાત મને બતાવી ''એવું છ મહારાજ! ઓફિસથી જ્યારે છૂટીએ, તો રસ્તામાં મેદાનમાં ચિન્મયાનન્દજીનું પ્રવચન થાય છે. એક-બે વખત મારા કાનમાં એમના પ્રવચન ગયા તો એવી-એવી હસવાની વાતો તેઓ કરે કે મજા આવી જાય છે.'' કોઈ વાત ઉપર ચિન્મયાનન્દજી જોક સંભળાવતા હશે પોતાના કોઈ કેવલાદ્વૈતને સમજાવવાને માટે. એનો હેતુ કોઈ ટુચકા સંભળાવવાનો તો નહીં હોય. તેઓ કોઈ મિમિક્રી કરવાવાળા તો હતા નહીં. તેઓ ઉત્તમ કોટિના વિદ્વાન હતા, પોતાના શાંકરમતની ઉત્તમ કોટિની સેવા કરવાવાળા હતા. ખૂબજ નિષ્ઠાશીલ વ્યક્તિ હતા પરંતુ બીજો વ્યક્તિ ત્યાં શામાટે જઈ રહ્યો છે આ સવાલ છે. તેઓ શું કરી રહ્યા છે, આનો સવાલ નથી. મેં એમને કહ્યું કે ભાઈ

ટુચકા તો તમારા જૈનમુનિ પણ પોતાના પ્રવચનમાં સારા સંભળાવતા હશે. એમણે કહ્યું કે ‘‘મહારાજ! સંભળાવતા હશે મને શું ખબર, હું તો ક્યારેય જતો જ નથી’’ મેં કહ્યું ‘‘લ્યો આ બીજો એક ચમત્કાર. જૈન છે અને જૈન મુનિઓના પ્રવચન સાંભળવા જ ન જાય! એ પણ ખબર નથી કે જૈન મુનિ ટુચકા સંભળાવે છે કે નથી સંભળાવતા.’’ હું ગભરાઇ ગયો અને એમને કહ્યું કે આમ તો જૈનમત પણ ઘણો ગંભીર છે અને દરેક જૈનને ભણવો જોઇએ. એમણે મને કહ્યું કે ‘‘જુઓ મહારાજ! આ વાત તો સાફ છે કે અમારા જૈનમતથી શ્રેષ્ઠ મત કોઇ દુનિયામાં છે જ નહીં.’’ મેં કહ્યું ‘‘યાર હવે તો હદ થઇ ગઇ. હવે બોલવાનો કોઇ ધર્મ રહ્યો નથી ચુપચાપ ઘરે પહોંચવામાં જ ભલાઇ છે.’’ જૈનમત સૌથી શ્રેષ્ઠ ધર્મ છે, જાણવો નથી જૈનમત કાંઇ, જાવું છે ચિન્મયાનન્દજીના સત્સંગમાં. એ પણ પાછું શાંકરમત સાંભળવા-સમજવામાટે નહીં પરંતુ ટુચકા સાંભળવા માટે અને એ સૅન્ટર ચાલી રહ્યું છે પુષ્ટિમાર્ગીયના ઘરમાં! કે જ્યાં મહાપ્રભુજી શ્રીયમુનાજી શ્રીનાથજીના ચિત્ર લાગેલા છે. મેં કહ્યું ‘‘આ દ્રૌપદી ઘણાબધા લોકોની છે. જેના પાંચ-પાંચ પાંડવ છે. એક-બે નથી. આનો હવે ઉપાય શું?’’ આ બધી ધર્મનિરપેક્ષતાની વૃત્તિના કારણે બન્યું છે. આપણે આને બહુ સહજ લઇએ છીએ કેમકે આપણા હૃદયમાં ધર્મની નિષ્ઠા ખતમ થઇ ગઇ છે.

જૈનને જૈનધર્મમાં નિષ્ઠા નથી, શૈવને શૈવધર્મમાં નિષ્ઠા નથી, વૈષ્ણવને વૈષ્ણવધર્મમાં નિષ્ઠા નથી, હિન્દુને હિન્દુધર્મમાં નિષ્ઠા નથી. અને એજ ગતિ મુસલમાનોની છે. મુસલમાનોને પણ મુસલમાનધર્મમાં નિષ્ઠા નથી. કેમકે બધા ધર્મનિરપેક્ષ બની ગયા છે. બધાને બધી જગ્યાએ જવું છે. જેમ બધી ફિલ્મો આપણે જોઇ શકીએ છીએ. તેમાં આપણે એવું નથી વિચારતા કે આ ફિલ્મ જોવી, આ ફિલ્મ કેમ જ જોવી? દરેક ચાલી રહેલી ફિલ્મ જોવી. ટી.વી.માં આવી રહેલી દરેક સિરિયલ ખોલીને જોવી. તેમાં શું આવી રહ્યું છે, સારૂં આવી રહ્યું છે, ખરાબ આવી રહ્યું છે, બાળકો ઉપર એ મારધાડની સૅક્સ્‌ની શું અસર પડશે! તેમાં આપણે ધર્મનિરપેક્ષ બની જઇએ છીએ. જે દેખાઇ રહ્યું છે, બસ જોતા જ રહો. જે સંભળાઇ રહ્યું છે બસ સાંભળતા જ રહો. આ એક પદ્ધતિ દરેક સંપ્રદાયોમાં વિકસિત થઇ ગઇ છે. આપણો સંપ્રદાય પણ આનો શિકાર

છે. સંસ્કૃતમાં એક કહેવત છે ''તિષ્ઠન્મૂત્રસ્ય ગુરોઃ ધાવન્મૂત્રાનુવર્તિનઃ'' ગુરૂજી ઊભા-ઊભા પેશાબ કરી રહ્યા હતા તો ચેલાઓએ દોડી-દોડીને પેશાબ કરવાનું શરૂ કરી દીધું. એમણે પૂછ્યું કે તમે દોડતા-દોડતા કેમ કરી રહ્યા છો? તો કહ્યું કે ગુરૂજી ઊભા રહીને કરતા હતા કે નહીં! અરે, ગુરૂજી ઊભા રહીને શામાટે કરતા હતા? બની શકે કે એમના ગોઠણમાં બેસવામાં દર્દ થતું હશે. તમે એમને પૂછ્યું? એ વાતનું કારણ જાણ્યા વિના તમે શરૂ કરી દીધું. આપણા પુષ્ટિમાર્ગમાં પણ ''તિષ્ઠન્‌મૂત્રસ્ય ગુરોઃ, ધાવન્મૂત્રાનુવર્તિનઃ'' બહુ છે.

## (સંપ્રદાય અને સાધના ની આસ્થા ખંડિત કરવાનું ષડયંત્ર)

આજે આપણે સાધના અને સંપ્રદાયોના ભેદને ભુલાવી દીધા છે. આ પુષ્ટિમાર્ગની વાત હું નથી કરી રહ્યો. ભારતની વાત કરી રહ્યો છું. દરેક વ્યક્તિને સાધના અને સંપ્રદાયના ભેદ ભુલાઇ ગયા છે. તેનું દુષ્પરિણામ એવું આવ્યું છે કે કોઇ પણ સાધના આપણે સ્પષ્ટ રૂપથી કરી નથી શકતા. હવે જેમ એક સામાન્ય વાત તમે સમજો કે હોમિયોપેથીની કોઇએ ડિગ્રી લીધી છે તો તેને ઍલોપેથીની દવા ન આપવી જોઇએ. ઍલોપેથીની જો ડિગ્રી લીધી છે તો તેને આયુર્વેદની દવા ન આપવી જોઇએ. આયુર્વેદની જો ડિગ્રી લીધી છે તો તેને યૂનાની દવા ન આપવી જોઇએ. જેટલી પણ ચિકિત્સાપ્રણાલી છે, કઇ સાચી છે કઇ ખોટી છે, આ વિષય વિવાદનો હોઇ શકે છે, આ વિષય પોતપોતાની આસ્થાનો હોઇ શકે છે, આ વિષય એ ચિકિત્સકોના અનુભવનો પણ હોઇ શકે છે. જે રોગી છે તેની આસ્થાનો વિષય હોઇ શકે છે પરંતુ આ વાત તો સાફ છે કે જે વિષય આપણે ભણ્યા નથી, જે વિષયને આપણે જાણતા નથી, તેની ચિકિત્સા કરવાનું આપણે શરૂ કરી દઇએ તો અંધાધુંધી ફેલાઇ જાય. કેમકે અંતે પેટ મૅડિકલ્ સ્ટોર્ તો નથી કે બધી દવાઓને પચાવી જશે? તેમાં પણ કોઇ દવાને પચાવવાનું સામર્થ્ય છે, પરંતુ બધી દવાને પચાવવાનું સામર્થ્ય નથી.

તેવી રીતે જેટલા સંપ્રદાય પ્રકટ થયા; કેમકે ધર્મનિરપેક્ષતાવાળાઓએ ગાળ આપી દીધી કે સંપ્રદાય બધા ખોટા છે, એમણે ક્યારેય દુનિયાને પોતાની પાર્ટી નિરપેક્ષતાની વાત ન બતાવી કે બધી પાર્ટી ખોટી છે. ચુંટણી લડવા માટે આ બધા એક-બીજાને ગાળો દઇ રહ્યા છે. હમણાં જુઓ પાર્લામેન્ટમાં નેતાઓનું ભથ્થું વધારવું હતું, તો ન વિરોધીદળ વિરોધી રહી ગયા, ન

સત્તાદળ. બધાએ એકમતથી આ પ્રસ્તાવને પાસ કરી દીધો. તેમાં ક્યારેય કોઈએ કહ્યું નહીં કે અમારો વિરોધ છે. તે વખતે કોઈએ એવી પણ હાય-હત્યા મચાવી નહીં જેવી રોજ ત્યાં મચે છે! શાંતિથી આ પ્રસ્તાવ પાસ થઈ ગયો. જ્યારે બીજી વાતો આવે ત્યારે બધા એક-બીજાનો વિરોધ કરે છે. તેઓ પાર્ટી દલનિરપેક્ષતાની કોઈ વાત નથી કરતા. દલનિરપેક્ષ થઈને ભારતનું કલ્યાણ કરવું એવું નથી કહેતા પરંતુ સંપ્રદાયનિરપેક્ષ થવું, આવું બધા કહે છે. ધર્મનિરપેક્ષ થવું, આમ બધા કહે છે કેમકે ધર્મમાં એમની આસ્થા નથી. હવે એક વાત સમજો કે ધર્મમાં એમની આસ્થા નથી કેમકે જઘડે અંદરોઅંદર, એક-બીજાના પ્રત્યે શંકાકુલ રહે છે, તેમાંજ એમના રોટલા શેકાય છે અને આના કારણે એમને ઉપદેશ કરવાનું મળે છે કે ધર્મ બધા અલગ ન હોવા જોઈએ. ઘણા સંપ્રદાયના ભેદ ન હોવા જોઈએ. બધા એક કરી દો. એક કરી દો કહે છે પરંતુ થવા નથી દેતા. પાછા એમાં પણ જઘડા કરાવતા જ રહે છે.

## (સંપ્રદાયોની સાધનાનો પ્રામાણિક ઈતિહાસ)

આ પદ્ધતિ આપણી પ્રાચીન ન હતી. પ્રાચીન ભારતનો ઈતિહાસ જો આપણે જોઈશું તો એક વાત સ્પષ્ટ મળશે કે રાજા ભલે વૈષ્ણવ હોય કે શૈવ હોય. શૈવ રાજાએ વૈષ્ણવસંપ્રદાયના મંદિર ચાલવા દીધા હતા. વૈષ્ણવ રાજાએ શૈવસંપ્રદાયના મંદિર ચાલવા દીધા હતા. હિન્દુ રાજાઓએ મસ્જિદ ચાલવા દીધી હતી. મુસલમાન રાજાઓએ મંદિર ચાલવા દીધા હતા. જે બહારથી આતતાયી મુસલમાન આવ્યા હતા, એમણે આપણા મંદિર તોડ્યા પરંતુ જે અહીંજ રહી ગયા, જેમણે ભારતની માટીની સુગંધ સમજી લીધી, જે અહીંની માટીમાં પેદા થયા, જેમણે અહીંયાનું અનાજ ખાધું, એવા ઘણાબધા મુસલમાન રાજાઓ હતા, જે હિન્દુ મંદિર ચાલવા દેતા હતા.

એક સામાન્ય ઉદાહરણ બતાવું તો તમને ખ્યાલ આવશે. જુનાગઢના નવાબ કટ્ટર મુસલમાન હતા. ક્યારેય એમણે મુસલમાનધર્મ છોડીને હિન્દુ બનવાનું ન વિચાર્યું. એનું સીધુસાદુ પરિણામ તમે જુઓ કે જે દિવસે હિન્દુસ્તાન પાકિસ્તાન અલગ બન્યા, તે દિવસે હિન્દુસ્તાન છોડીને તેઓ પાકિસ્તાન ભાગી ગયા. અમારા પરિવારના મંદિર તે વખતે જુનાગઢમાં હતા. અમારા કાકા જ ત્યાં હતા. અમારી સાત-આઠ પેઢીથી જુનાગઢમાં હતા. ત્યાં

એ પરિસ્થિતિ હતી કે અમારા પરિવારને કોઈપણ કામ જુનાગઢમાં કરાવવું હોય, તો સરકારી ખાતામાં અરજી ન્હોતી આપવી પડતી. નવાબની મનાઈ હતી કે મહારાજની અરજી લેવી નહીં. મહારાજ માત્ર કોઈ ઈન્ટીમેશન્ () મોકલે તો તે કામ કરી દો બસ, આટલો વ્યવહાર હતો. અને ભાગતા પહેલા પણ, અમારા કાકાની પાસે નવાબ આવ્યા હતા અને અમારા કાકાએ એમને કહ્યું હતું કે તમે અહીં રહો આનંદથી. ગભરાવાની કોઈ જરૂર નથી. તમને ખોટા બીવડાવવામાં આવી રહ્યા છે. એમણે તો અહીંયા સુધી કહ્યું કે ચાલો તમે અમારા મંદિરમાં આવીને રહો, ડરો નહીં પરંતુ એમનો દીવાન ભુટ્ટોનો પિતા હતો. એમણે તે નવાબને ડરાવી દીધા કે મહારાજ તમને મંદિરમાં રાખીને રાતના કતલ કરાવી નાખશે . ભાગી જવું જ બહેતર છે, તેથી પછી રાતોરાત તે પ્લેન્ લઈને જુનાગઢ છોડીને ભાગી ગયા.

પરંતુ કિશનગઢમાં મસ્જિદ હતી કે નહીં! કિશનગઢમાં જૈનમંદિર હતા કે ન્હોતા! અહીં શિવમંદિર, નિમ્બાર્ક સંપ્રદાયના મંદિર, બાલાજીના, રામના મંદિર હતા કે ન હતા! શું અહીંના રાજાઓ તે સંપ્રદાયના હતા? શું રાજાઓ ધર્મનિરપેક્ષ હતા? અહીંના બધા રાજાઓ કટ્ટર પુષ્ટિમાર્ગીય હતા. ભારતમાં જેટલા પણ પુષ્ટિમાર્ગીય રાજા થયા; એમાં જે બે-ચાર રાજાઓ કટ્ટર પુષ્ટિમાર્ગીય રાજાઓ હતા, એમાંથી એક નામ કિશનગઢના રાજાનું આવે છે. એવા રાજા જે પુષ્ટિમાર્ગના આદર્શ કહી શકાય છે પરંતુ તે આદર્શના કારણે એમણે કોઈ બીજા સંપ્રદાયના મંદિર તોડ્યા નહીં. બીજા સંપ્રદાયના ઉપર ક્યારેય કોઈ વેરા નાખ્યા નહીં. કોઈ અલગ કાયદા બનાવ્યા નહીં. કેમ? કેમકે તેઓ ધર્મનિરપેક્ષ ન હતા, ધર્મસાપેક્ષ હતા અને એમને આ વાત ખબર હતી કે હું જેમ મારો ધર્મ અનુસરી રહ્યો છું, તેવી રીતે મારી પ્રજાને એમનો ધર્મ અનુસરવાનો મોકો મળવો જોઈએ. આ વૃત્તિ હોય તો કલહનો કોઈ પ્રશ્ન નથી. આ વૃત્તિ ખતમ થઇ ત્યારથી, ભારત સરકારની રાજનીતિને કારણે, ત્યારથી ધર્મસંપ્રદાયમાં અંદરોઅંદર બહુ ભારે છીના-ઝપટી, એક-બીજાના પ્રત્યે શંકાની દષ્ટિ અને જે મોટા ભાગના અનુયાયી છે, કેમકે સ્કૂલના લેવલઉપર જ હથોડા મારી-મારીને સમજાવી દેવામાં આવે કે ધર્મનિરપેક્ષ બની જાઓ, તો દરેક ધર્મના અનુયાયીની પોત-પોતાના ધર્મમાં નિષ્ઠા ખંડિત થઇ ગઈ છે. પરંતુ

અહંકાર કોઈનો ખંડિત ન થયો. જેમ વૈષ્ણવને આ અહંકાર ખંડિત ન થયો કે અમારો વૈષ્ણવધર્મ બધાથી સારો છે, કોઈ મુસલમાનને આ અહંકાર ખંડિત ન થયો કે અમારો મુસલમાનધર્મ બધાથી સારો છે, કોઈ હિન્દુઓને આ અહંકાર ખંડિત ન થયો કે અમારો હિન્દુધર્મ બધાથી સારો છે પરંતુ પોતાના ધર્મમાં રહેલી આપણી નિષ્ઠા; પોતાના ધર્મને જીવવાની અનુસરવાની સચ્ચાઈથી ધર્મપાળવાની, ખંડિત થઈ ગઈ. આ ધર્મનિરપેક્ષની રાજનૈતિક વૃત્તિને કારણે રાજ્યની મહતી હાની થઈ છે.

આપણે ત્યાં વ્યક્તિગત સાધનાઓ ન હતી એવી કોઈ વાત નથી. ઘણાબધા સંત ભારતમાં એવા થયા છે કે જેમણે કોઈ પણ સંપ્રદાયને અનુસાર સાધના ન કરી. એમણે વ્યક્તિગત સાધનાઓ કરી. ઘણાબધા સંપ્રદાયો પણ એવા થયા છે કે એ સંતોનો કોઈ વ્યક્તિગત સાધનાનો સંપ્રદાય ચાલ્યો હોય. ઘણાબધા સંપ્રદાયો એવા પણ ચાલે છે કે જેમણે વ્યક્તિવાદનો દાવો ન કર્યો. એમણે દરેક વખતે આ જ વાત કહી કે સાધના અમારો વ્યક્તિગત વિષય નથી, અમારો સંપ્રદાય છે.

આ 'સંપ્રદાય'નો અર્થ શું? જેને આપણે આજે નિંદાના અર્થમાં જોઈએ છીએ, ગાળ જેવો સમજીએ છીએ. જેમ આપણે એમ કહીએ કે અમે સાંપ્રદાયિક છીએ તો લોકો આપણને સારા નથી સમજતા. કહે છે કે સંકીર્ણ વિચારના હશો. જેમ મેં તમને બતાવ્યું કે કિશનગઢના રાજા સાંપ્રદાયિક હતા, પરંતુ એવું ન હતું કે કોઈ મુસલમાનને મારી નાખે, જૈનને ભગાડી મૂકે અથવા શિવની કે બાલાજીની પૂજા અહીં ન કરવા દે. એવા ન હતા, સાંપ્રદાયિક હતા. આવા એક નહીં અનેક રાજ્યોનો ઈતિહાસ જોઈ લો. જેમ જયપુરના પ્રાયઃ પાછળના રાજા હતા તે બધા ચૈતન્યસંપ્રદાયના અનુયાયી હતા. નિષ્ઠાથી ચૈતન્યસંપ્રદાયને અનુસરતા હતા. જેમ આપણા કિશનગઢના રાજા આપણા પુષ્ટિમાર્ગને નિષ્ઠાથી અનુસરતા હતા. ત્યાં પુષ્ટિમાર્ગની કેટલીબધી નિધિઓ બિરાજતી હતી!

જે વખતે ઔરંગજેબની બીકથી કેટલાબધા ગુસાંઈ પરિવાર ભાગીને જયપુર આવ્યા ત્યારે જયપુરના રાજાએ કહ્યું ડરો નહીં, મારે ત્યાં બિરાજો. તમારા સંપ્રદાયના અનુસાર આનંદથી સેવા કરો. ગોકુલચંદ્રમાજી મદનમોહનજી

વિઠ્ઠલનાથજી ગોકુલનાથજી આ બધા ત્યાં બિરાજતા હતા. બીજા પણ ઘણા મંદિર ત્યાં તે વખતથી ચાલ્યા આવી રહ્યા છે. ન ક્યારેય આ ગુસાંઇઓએ તેને પુષ્ટિમાર્ગીય બનાવવાનું વિચાર્યું, ન ક્યારેય એ રાજાઓએ પોતાનો ચૈતન્યસંપ્રદાય છોડીને વલ્લભસંપ્રદાયમાં આવવાનું વિચાર્યું. દરેક વ્યક્તિ એક-બીજાને માન્ય કરતા હતા. અમાન્ય ન્હોતા કરતા અને ધર્મનિરપેક્ષ ન હતા. સ્વસ્થ ધર્મસાપેક્ષ હતા. આ આપણી ભારતીય સંસ્કૃતિની ખૂબસૂરતી હતી અને આવી ખૂબસૂરતી એક જગ્યાએ ન હતી. જેમ આપણા જોધપુરના રાજા શૈવ હતા અને અમારી આઠ પેઢી તે વખતે જોધપુરમાં રહી. અમારા પરિવારોને ક્યારેય કોઈ તકલીફ ન આવી અને ન રાજાને અમારા કારણે ક્યારેય કોઈ તકલીફ ન પડી. આવી સ્થિતિ આપણે ત્યાંની હતી. દરેક વ્યક્તિમાં એક આ પ્રકારની નિષ્કપટતા હતી.

## (ભાગવતની ધર્મદૃષ્ટિ)

ભાગવતમાં આરંભમાં સ્પષ્ટ આવે છે કે **''ધર્મ પ્રોંજ્જિતકૈતવો અત્ર પરમો નિર્મત્સરાણાં સતામ્''** (ભાગ.પુરા.૧/૧/૨) ભાગવત કહે છે જે કાંઈ ધર્મ હું બતાવી રહ્યો છુ આ ધર્મમાં કોઈ જાતનું છલ-કપટ નથી. છલ-કપટથી રહિત ધર્મ હું બતાવવા જઈ રહ્યો છું. કોઈની છીના-ઝપટીનો ધર્મ નથી. એક-બીજા ઉપર માત્સર્યભાવ રાખીને કહેલો મારો ધર્મ નથી. નિર્મલભાવથી કહેવામાં આવેલો ધર્મ છે.

## (આપણી ભાગવતવિરોધી ધર્મવૃત્તિ)

એ માદ્દા આપણામાં આજે ખોવાઈ ગયો છે. આપણામાં એ માદ્દા આવી ગયો કે આપણે બીજાના ધર્મના પ્રત્યે માત્સર્યભાવ રાખીએ. આપણા ધર્મની બાબતમાં અહંકાર રાખીએ પરંતુ આપણામાં એ માદ્દા ખોવાઈ ગયો કે પોત-પોતાના ધર્મને સચ્ચાઈથી નિષ્ઠાથી અનુસરીએ. દરેક જગ્યાએ ચોંચોંના મુરબ્બાનો સિદ્ધાંત સ્થાપિત થઈ ગયો. આ સ્વાતંત્ર્યોત્તર ભારતની નવી સંસ્કૃતિની સૌથી મોટી વિકૃતિ છે. આપણી સંસ્કૃતિની સૌથી મોટી હાનિ કહીએ તો એ છે. આ કોઈક નવી સંસ્કૃતિ, જે પશ્ચિમી સંસ્કૃતિથી આપણે ઉધાર લીધી અને તેને પણ આપણે સચ્ચાઈથી અને અચ્છાઈથી ન પકડી શક્યા.

દુવિધામેં દોનોં ગયે માયા મિલી ન રામ. આવી આજની પરિસ્થિતિમાં આપણે જીવી રહ્યા છીએ. તેથી કેટલીય પ્રાચીન વાતો આપણને સમજવામાં તકલીફ થાય છે. તેથી આજના ઘણા લેખકો એમ કહે છે કે ‘‘અમે સંપ્રદાયમાં નથી માનતા, અમે પરમાત્મામાં માનીએ છીએ’’ ઘણા પ્રવચનકારો એમ કહે છે કે ‘‘અમે ધાર્મિકતામાં માનીએ છીએ, ધર્મમાં નથી માનતા કેમકે સંપ્રદાય માણસને સંકિર્ણ બનાવે છે. એટલા માટે અમે ધાર્મિકતામાં માનીએ છીએ’’ આ બધા શું નાટક છે! ગાંધીજી જે કહેતા હતા એવું ચક્કર આમાં લાગે છે કે કાંઈ સમજમાં ન આવે, શું છે!

## (વિભિન્ન આચાર્યોના અનુશાસિત સાંપ્રદાયિક માદ્દા)

પ્રાચીન કોઈ પણ આચાર્ય હોય, ભલે તે શંકરાચાર્ય રામાનુજાચાર્ય મધ્વાચાર્ય નિમ્બાર્કાચાર્ય ચૈતન્ય કે મહાપ્રભુજી હોય, તેઓ બધા સંપ્રદાયના આચાર્ય હતા, વ્યક્તિ આચાર્ય ન હતા. એમણે ક્યારેય પોતાની વૈયક્તિકતાનો દાવો નથી કર્યો કે આ મારો વ્યક્તિગત સિદ્ધાંત, વ્યક્તિગત ઉપદેશ, વ્યક્તિગત ઉપલબ્ધિ અથવા મારી વ્યક્તિગત સમજ છે. આવો એમણે ક્યારેય દાવો નથી કર્યો. તેઓ બધા એક અનુશાસિત સંપ્રદાયના અનુયાયી હતા.

‘સંપ્રદાય’નો મતલબ શું? ‘પ્રદાય’નો અર્થ થાય છે ઉત્તરાધિકાર. આપણી પરંપરાથી ચાલી આવતી એવી કોઈ વસ્તુ. જેમ કોઈ ઘરનો વારસદાર હોય, કોઈ સંપત્તિનો વારસદાર હોય, કોઈ જ્ઞાનનો વારસદાર હોય. તેવીજ રીતે આપણને પરંપરાથી જે સાધનાપ્રણાલી મળી છે તેનો વારસો.

જેમ દરેક ભાષામાં પણ આ છે. અંગ્રેજી સ્કૂલોના કારણે આપણી દુર્ગતિ એવી થઈ છે કે આપણે આપણી માતૃભાષા ભણવી પડે છે. અંગ્રેજી સ્કૂલોમાં જઈને અંગ્રેજી પહેલા આવડી જાય. અંગ્રેજી સ્કૂલોમાં ઘણાબધા બાળકોને મેં જોયા છે કે તેઓ કહે ‘‘ચાર એટલે શું? ફોર ને?’’ અરે મેં કહ્યું કે ‘‘ફોર એટલે ચાર બોલ’’ આપણે આપણી માતૃભાષા સમજવી ભણવી પડે છે. ગભરાટ થઈ જાય કે આ બધું શું થઈ ગયું? આ ભારતનું શું થઈ ગયું કે ભારતમાં ભણવાળો બાળક, ચાર એટલે ફોર પૂછે! પૂછવું એમ જોઈતું હતું કે ફોર એટલે ચાર ને! ત્યારે તો સારી વાત હતી. ફોર એટલે ચાર સમજાવવું કોઈ

ખરાબ વાત નથી. આપણી માતૃભાષાને માટે જો બાળક એમ પૂછવાનું શરૂ કરે કે ચાર એટલે ફોર તો તે બહુ લાજવાની સ્થિતિના દૌરથી આપણે પસાર થઈ રહ્યા છીએ.

આપણો સંપ્રદાય પણ અમેરિકનોથી પૂછવો પડે. તેઓ કહે કે ''હરે કૃષ્ણ હરે રામ'' એ ગોરા લોકો ચોટલી હલાવી-હલાવીને નાચે ત્યારે આપણને લાગે કે ઓ હો હો, કૃષ્ણભક્તિનું શું માહાત્મ્ય છે! અરે યાર તેઓ નાચે કે ન નાચે તો શું આપણે છોડી દેવું? સવાલ આ છે કે શું આપણે કૃષ્ણભક્તિ છોડી દેવી? કેમકે આપણને દરેક વાત ત્યાંથી ઉધાર લીધેલી સારી લાગે છે એ કારણથી ત્યાંની દરેક વાત આપણે કૉપી કરવા માગીએ છીએ. તેથીજ આજે 'સંપ્રદાય' આપણને ગાળ લાગે છે. આપણે આ સંપ્રદાયના છીએ એ કહેવામાં આપણું માથું નીચું કરીને શરમનો અનુભવ થાય છે.

આનાથી વિપરિત પ્રાચીન દરેક આચાર્ય; શંકરાચાર્ય ઉઠાવીને જોઈ લો, આ વાતનો ગર્વ કરતા હતા કે અમારો સંપ્રદાય છે. અમે સંપ્રદાયી છીએ. અમારી કોઈ વ્યક્તિગત સાધના કે વ્યક્તિગત ઉપદેશ નથી. જે પરંપરાગત આવતા રહેલા ઉપદેશ છે એજ છે. ગીતાની બાબતમાં શંકરાચાર્યજીએ બહુ સુંદર વાત બતાવી છે કે જે વખતે ચોથા અધ્યાયમાં ભગવાને અર્જુનને કહેવાનું શરૂ કર્યું **''ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાન્ અહમ્ અવ્યયં વિવસ્વાન્ મનવે પ્રાહ મનુઃ ઈક્ષ્વાકવે અબ્રવીત્ એવં પરંપરાપ્રાપ્તમ્ ઈમં રાજર્ષયો વિદુઃ''** (ભગ.ગીતા.૪/૧-૨) શંકરાચાર્યજી ત્યાં ભાષ્ય કરતા કહે છે કે યદ્યપિ ભગવાન્ ત્યાં વિદ્યમાન છે છતાં પણ ભગવાન્, ભગવાન્ છે તો પણ આ દાવો નથી કરી રહ્યા કે હું મારી સમજથી તને સમજાવી રહ્યો છું. ભગવાન્ પણ આ વાત સમજાવી રહ્યા છે કે પરંપરા સંપ્રદાયથી જે ઉપદેશ ચાલ્યો આવી રહ્યો છે, **''હે અર્જુન! તું મારો ભક્ત છે, તું મારો સખા છે, એટલા માટે તને આ સમજાવી રહ્યો છું. પરંપરાથી જે ચાલ્યું આવી રહ્યું છે''** એટલા માટે **''રહસ્યં હ્યેતદ્ ઉત્તમમ્''** (ભગ.ગીતા.૪/૩) ભગવાન્ પણ આ વાતમાં પોતાની જાતને સાંપ્રદાયિક કહી રહ્યા છે. ધર્મનિરપેક્ષ નથી કહી રહ્યા, સંપ્રદાયનિરપેક્ષ નથી કહી રહ્યા.

સૅક્યુલરિજમનો અર્થ કરી દીધો 'ધર્મનિરપેક્ષ'. કેટલાક હિન્દુ લોકોએ

હલ્લો મચાવ્યો તો કહેવાનું શરૂ કરી દીધું સંપ્રદાયનિરપેક્ષ. અરે ભાઈ જ્યારે તમને સંપ્રદાયનો અર્થ ખબર નથી, તો તમને હિન્દુધર્મની બાબતમાં બોલવાનો અધિકાર જ ક્યાં રહી ગયો! સંપ્રદાય કોઈ ગાળ જેવી ચીજ નથી. સંપ્રદાય એક પરંપરાથી આવી રહેલી સાધનાપ્રણાલી છે. એજ રીતથી જેમ આપણે જો સાયન્સમાં ઍડમિશન્ લીધું છે તો તે કૉલેજના આર્ટસ્ના ક્લાસ્માં નથી બેસી શકતા. ફુરસતના સમયમાં જો આર્ટસ્નું અધ્યયન કરવું હોય તો કરો, તેમાં કૉલેજ મનાઈ નથી કરતી. પરંતુ કૉલેજમાં ઍપ્લીકેશન્ આપો, ઍડમીશન્ લ્યો સાયન્સ્માં અને કહોકે આર્ટસ્ના ક્લાસ્માં અમે બેસીશું તો કોઈ પણ કૉલેજ્ એલાઉ નહીં કરે. કેમકે આર્ટસ્ સાયન્સ્ કૉમર્સ ની ફૅકલ્ટી અલગ છે. જે વિષય તમે લીધો છે તે વિષયનું નિષ્ઠાપૂર્વક તમે અધ્યયન કરો ત્યારે કૉલેજ્ તમને સહાયક બની શકે છે અને જો એક ઠેકાણે આપ ઍડમિશન્ લ્યો, બીજે ઠેકાણે ક્લાસ્ અટેન્ડ્ કરો, ત્રીજા ઠેકાણે પુસ્તકો વાંચો અને પરીક્ષામાં કૉપી કરીને પાસ થઈ જાઓ, તો તેમાં તમારૂં પણ બગડ્યું, કૉલેજનું પણ બગડ્યું અને અંતે આખા સમાજનું પણ બગડે છે કેમકે ખબર જ નથી પડતી કે શું થઈ ગયું! આ સ્થિતિ આપણી ધાર્મિકતાની થઈ ગઈ છે કે આપણે આ વાતનો ગર્વ કરતા થઈ ગયા કે અમે સંપ્રદાયમાં નથી માનતા, એના ભેદમાં નથી માનતા.

## (મહાપ્રભુજીની સાંપ્રદાયિક સાધના ભગવદનુશાસિત)

એક વાત સમજો કે મહાપ્રભુજી સ્વયં પોતાની જાતને સ્પષ્ટ સાંપ્રદાયિક બતાવવા માટે આ કહી રહ્યા છે કે **''હું મારી સમજની વાત નથી કહી રહ્યો. મને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી છે. શ્રીઠાકોરજી પાસેથી મને આ સાધનાપ્રણાલીનો અથવા દીક્ષાપ્રણાલીનો ઉત્તરાધિકાર મળ્યો છે. જે શ્રીઠાકોરજી પાસેથી મને ઉત્તરાધિકાર મળ્યો છે, તે હું તમને આપવા માગી રહ્યો છું, તો સમજો કે મેં ક્યાંયથી ચોરીને નથી લીધો, ક્યાંયથી કમાઈને નથી લીધો. મને ઉત્તરાધિકારના રૂપમાં શ્રીઠાકોરજીએ આપ્યો છે.'' ''શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ, સાક્ષાદ્ભગવતા પ્રોક્તં, તદક્ષરશઃ ઉચ્યતે''** (સિદ્ધાંતરહસ્ય.૧) જે પ્રભુએ સાક્ષાત્ પ્રકટ થઈને મને કહ્યું. પ્રભુએ મને પ્રકટ થઈને કહ્યું તે હું તમને પ્રકટતયા કહેવા માગી રહ્યો છું. આમ કહીને મહાપ્રભુજી પોતાનો સંપ્રદાય બતાવવા માગી રહ્યા છે. આ દાવો

મહાપ્રભુજી નથી કરી રહ્યા કે ‘‘આ મારી બુદ્ધિનો બહુ મોટો ચમત્કાર છે, આ મારી સમજણ છે, મારા દર્શનની ઉપલબ્ધિ છે, આ મારા ચિંતનનું સામર્થ્ય છે, આ મારી સૂઝ-બૂઝ છે.’’ આમ નહીં, અતિશય દૈન્યભાવથી કહી રહ્યા છે કેમકે અહીં સાધનાનો પ્રશ્ન નથી. અહીં સંપ્રદાયનો પ્રશ્ન છે. સંપ્રદાય એટલે વારસાનો પ્રશ્ન છે. લાવારિસ આ સાધના નથી, વારસદારની સાધના છે.

એટલા માટે મહાપ્રભુજીના સૌથી પ્રથમ આ વચનામૃતના આ અંગ ઉપર ધ્યાન આપશો તો ખ્યાલ આવશે કે મહાપ્રભુજી કહી રહ્યા છે કે મને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી છે. કોઇ મારા મનથી વાત નથી બતાવી રહ્યો. હવે આ સહજ સંભવ વાત હોઇ શકે કે આપણે મહાપ્રભુજીને માની રહ્યા છીએ, એમને મહાપ્રભુજીની વાત ઉપર શ્રધ્ધા હોય. પરંતુ માનો કે ન માનતા હોઈએ, તો એમને લાગશે કે મહાપ્રભુજી ખોટું બોલી રહ્યા છે આવું થઇ શકે.

જેમ માઁ કહી રહી છે કે ‘‘બેટા આ તારો બાપ છે’’. બેટાને જો શ્રધ્ધા થતી હોય તો માની શકે કે આ મારો બાપ છે. પરંતુ માનો કે બેટાને માં ઉપર અશ્રધ્ધા છે, તો વિચારી શકે છે કે કોણ જાણે કોણ મારો બાપ છે! તો નહીં માનો બાપ, કોઈ બીજાને બાપ માની શકે છે. તેમાં કોઇ નુકશાનની વાત નથી. ભાઈ! તમારી પાસે જાણવાનું સાધન તો માત્ર સંપ્રદાય જ છે. એ તો જે બતાવે તે માનવું જ પડશે કે તારો આ બાપ છે. નહીંતો કેવી રીતે ખબર પડે કે બાપ કોણ છે? કેમકે જે વખતે બાપ હતો તે વખતે આપણે ન હતા અને જે વખતે આપણે થઇ ગયા તો તે વખતે આ જાણવાનો ઉપાય જ ન રહી ગયો કે બાપ કોણ છે. આ વાતને આપણે સમજવી પડશે કે મહાપ્રભુજી શું વાત કહી રહ્યા છે. હવે મહાપ્રભુજી ઉપર શ્રધ્ધા ન હોય તો કહી દઇએ કે મહાપ્રભુજીની વાત અમે નથી માની રહ્યા પરંતુ મહાપ્રભુજીનો આ બાબતમાં જ્યાં સુધી ખુદનો સવાલ છે, તે બિલકુલ સાફ-સુથરો દૃષ્ટિકોણ રાખે છે કે આ વાત હું મારી નથી કહી રહ્યો. આ વાત પ્રભુએ મને કહી છે. પ્રભુ પાસેથી મને સાધનાપ્રણાલીનો આ ઉત્તરાધિકાર મળ્યો છે અને એ સાધનાપ્રણાલીનો ઉત્તરાધિકાર હું તમને સોંપી રહ્યો છું. આથીજ આપણે વલ્લભસંપ્રદાયના છીએ. આ વલ્લભસાધના નથી. મૂલમાં આ અંતર સમજો કે વલ્લભસાધના અને વલ્લભસંપ્રદાય. આપણને ફિતુર ચઢી ગઈ કે અમે તો આ જ કરશું . કરો!! તેમાં

આપણને કોઇ વાંધો નથી પરંતુ સંપ્રદાયને ગાળના સંદર્ભમાં ન સમજો. છાતી ઠોકીને કહો કે હાં અમે વલ્લભસંપ્રદાયના છીએ અને નિષ્ઠાથી અમે વલ્લભસંપ્રદાયને અનુસરીશું, જેની અમે કંઠી બંધાવી છે.

જેમ અમારા તે જૈન ભાઈ હતા, જેમને જૈન ધર્મ સૌથી સારો લાગે છે, સાંભળવા માટે જાય ચિન્મયાનંદજીને લૅક્ચર અને સૅન્ટર્ પુષ્ટિમાર્ગના. આમાં શું સમજવું? ખોપડી કામ કરતી બંધ થઇ જાય. એવી સ્થિતિ ઘણી જગ્યાએ પ્રચલિત થઇ ગઇ છે.

મહાપ્રભુજીનું આ પહેલું વચનામૃત છે અને આ મહાપ્રભુજીની પ્રતિબદ્ધતા છે આ પહેલી નથી. આ ભારતમાં ચિરકાલથી ચાલી આવી રહેલી પ્રતિબદ્ધતા છે. વાત પોતાની કલ્પનાના ફિતૂરની ન કરવી. જે વાત આપણા સંપ્રદાયના વારસાથી ઉત્તરાધિકારથી મળી હોય, તે એક આપણો પવિત્ર ઉત્તરાધિકાર છે. એ ઉત્તરાધિકારને આપણે જીવી રહ્યા છીએ. આ રૂપમાં આપણે આને લઈશું. ઉત્તરાધિકાર ન જોઈતો હોય તો છોડી શકાય છે. જેમ અમારો મોટામંદિરમાં ઉત્તરાધિકાર હતો. અમારે નહોતો જોઈતો, અમે છોડી દીધો. એવીરીતે વલ્લભસંપ્રદાયનો ઉત્તરાધિકાર લઇ પણ શકાય છે, છોડી પણ શકાય છે. ગડબડ શું છે કે ક્યાંકનો ઉત્તરાધિકાર, ક્યાંકની સંપત્તિ ભોગવવી, ક્યાંક બીજે બતાવવો. આમાં તો બહુજ કૅઓસ્() થઇ જાય. **''યા ઈલાહી યે માજરા ક્યા હે, દિલે નાદાન તુઝે હુઆ ક્યા હે''.**

## ('બ્રહ્મ'સંબંધની મહત્તા)

આ વાતને સમજાવવા માટે શ્રીમહાપ્રભુજીનું પહેલું વચનામૃત છે કે **''મોકું શ્રીઠાકુરજીને યે આજ્ઞા કીની હે કે તુમ જીવનકુ બ્રહ્મસંબંધ કરવાઓ.''** આ વાત બહુ ધ્યાનથી સમજવા લાયક છે. શ્રીઠાકોરજીએ આ આજ્ઞા નથી આપી કે તમે કૃષ્ણસંબંધ કરાવો, પરમાત્મસંબંધ કરાવો, ભગવત્સંબંધ કરાવો, ભગવન્મૂર્તિનો સંબંધ કરાવો. આજે આપણે એમ સમજીએ છીએ કે કોઈ એક ખાસ મૂર્તિસાથે અમારો સંબંધ દઢ થશે તો ભારે કામ અમારૂ થઈ જશે. ઠાકોરજીએ આવી આજ્ઞા નથી કરી. ઠાકોરજીએ શું આજ્ઞા કરી, આ વાતને ધ્યાનથી સમજો કે **''તુમ જીવનકુ બ્રહ્મસંબંધ કરવાઓ.''**

કેટલાક દિવસ પહેલાની વાત છે. એક પુષ્ટિમાર્ગીય છોકરી, તેને બ્રહ્મસંબંધ છે, સેવા કરે છે. તેના સંગના કારણે એના પતિને પણ કાંઈક ભાવ જાગ્યો. એક દિવસ મારી પાસે આવ્યો અને કહ્યું કે મારે બ્રહ્મસંબંધ લેવું છે. મેં કહ્યું કે બ્રહ્મસંબંધ તો હું જરૂર આપીશ પરંતુ સવાલ એ છે કે તમારી પત્ની જે ઘરમાં સેવા કરે છે, તેમાં તમે સહયોગ આપશો કે નહીં? સેવામાં તમે એનો સાથ આપવા માગતા હો તો હું તમને આપું અને ખાલી તેના (પત્નીના) માટેજ તમે બ્રહ્મસંબંધ લઈ રહ્યા હો તો હું તમને બ્રહ્મસંબંધ ન આપી શકું. કોઈ બીજા પાસેથી લેવું હોય તો લઈ લો. પરંતુ સાચી વાત એ છે કે ન લો કેમકે જે દિવસે સાથે જીવવાની તમારી તૈયારી હોય તે દિવસે વિવાહ કરવા જોઈએ. જ્યારે આપણને ખબરજ છે કે અમે સાથે તો નહીં જીવી શકીએ તો પણ આપણે જીદ્દ પકડીને બેસીએ કે વિવાહ તો કરશું. જ્યારે તમારે સાથે જીવવું નથી તો લગ્ન કરવાથી લાભ શું? લગ્ન કર્યા પછી કોઈ કારણથી સાથે નથી રહી શકતા, જેમ ક્યાંક બદલી થઈ જાય, એ કથા નિષ્ઠાહીનતાની નથી, પરિસ્થિતિની કથા છે. પરંતુ આપણી નિષ્ઠા બિલકુલ સાફ છે કે સાથે તો નહીં જીવી શકીએ અને કહીએ કે લગ્ન તો અમારા કરાવી દો. તો આવા લગ્ન કોણ કરાવશે? કોઈ છોકરીના બાપને જઈને કહો કે તમારી છોકરી સાથે અમારે લગ્ન કરવા છે પરંતુ વાત એટલીજ છે કે સાથે તો નહીં રહીએ. તો કોઈ બાપ પોતાની છોકરી આપશે? એવીજ વાત અમે કહી. તો એમણે કહ્યું કે ''અચ્છા આ વાત ઉપર અમે વિચાર કરીને તમને કહેશું.'' એમણે અંદરોઅંદર વિચાર કર્યો. પત્નીએ કહ્યું કે **''બ્રહ્મસંબંધ વગર તો તમારો ઉદ્ધાર થવાનો નથી અને શ્યામમનોહરજી તો તમને બ્રહ્મસંબંધ આપશે નહીં. આપણા તો શ્રીનાથજી સર્વોપરિ છે, તમે નાથદ્વારા જઈને બ્રહ્મસંબંધ લઈ આવો.''** એમણે લીધું. હવે તે કહે છે કે **''અમારૂં શ્રીનાથજી સાથે બ્રહ્મસંબંધ થયું.''** અરે! શ્રીનાથજીસાથે બ્રહ્મસંબંધ નથી થયું. શ્રીનાથજીસાથે સંબંધ થયો તો જેમ તિલકાયત મહારાજનો ત્યાં સેવાનો અધિકાર છે તેવો તમારો થઈ શકે? કોઈ ઘુસવા જ નહીં દે ત્યાં. તમે શું દાવો કરી રહ્યા છો કે શ્રીનાથજીસાથે બ્રહ્મસંબંધ થયું છે તમારૂં!

એક વાત સમજો કે કોઈ મૂર્તિસાથે બ્રહ્મસંબંધ નથી થતું. આપણો

સંબંધ બ્રહ્મસાથે થાય છે. મૂર્તિ જેને આપણે 'સ્વરૂપ' કહીએ છીએ, ગામમાં તેને મૂર્તિ કહે છે. એ સ્વરૂપ તો સેવાને માટે છે, સંબંધ તો બ્રહ્મસાથે જ થાય. આ વાતને ખાસ સમજવી પડશે. ઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને આ આજ્ઞા નથી કરી કે તમે જીવનો મૂર્તિસાથે સંબંધ કરાવો. ભલે પછી તે ગમે તે મૂર્તિ હોય, ચાહે શ્રીનાથજીની કે મદનમોહનજીની કે અન્ય કોઈપણ. આ વાત આપણે સમજવી છે કે સેવા કોની કરવી છે, સંબંધ કોનીસાથે કરવો છે, ભક્તિ કોની કરવી છે, કથા કોની કરવી છે. આ બધા પેહલુઓની સૂક્ષ્મતાને આપણે સરખીરીતે ન સમજીએ તો બ્રહ્મસંબંધનો અર્થ આપણે સરખી-સાચી રીતે સમજી ન શક્યા. આ વિષયની આગળ વિવેચના કરીશું કે ''જીવને બ્રહ્મસંબંધ કરાવો'' એમ કહ્યું, ''જીવને પરમાત્મસંબંધ કરાવો'' શામાટે ન કહ્યુ? ''જીવને કૃષ્ણસંબંધ કરાવો'' કેમ ન કહ્યુ? અને ''જીવને સ્વરૂપસાથે સંબંધ કરાવો'' કેમ ન કહ્યું? ઠાકોરજીએ બહુ ચોકખી ને ચટ ભાષામાં ''બ્રહ્મસંબંધ કરાવો'' એમ કહ્યું. તેનો મતલબ શું છે? આ થોડા વિસ્તારની અપેક્ષા રાખે છે.

***

# પ્રકરણ ૩ : પુષ્ટિભક્તિસંપ્રદાયની પૂર્વાવધિ

## (સાંપ્રદાયિક-વ્યક્તિગત સાધનાના ભેદ)

અત્યાર સુધી આપણે આ વાતનો વિચાર કર્યો કે મહાપ્રભુજીનું આચાર્યત્વ અથવા પુષ્ટિભક્તિમાર્ગ અથવા પુષ્ટિશરણાગતિ ની જે સાધના છે, તે વૈયક્તિક સાધના નથી, સાંપ્રદાયિક સાધના છે. અને સંપ્રદાયનો અર્થ શું, આ સંક્ષેપમાં કાલે આપણે વિચાર કર્યો. કાલે જેમ મેં કહ્યું હતું કે એ સંપ્રદાયના સંપ્રદાયત્વને બનાવનારી અથવા નિભાવનારી જે વાત છે તેને 'દીક્ષા' કહે છે. જેમ કાલે પણ મેં તમને ઉદાહરણ આપ્યું કે આપણે સાયન્સ્માં કે આર્ટસ્માં કે કૉમર્સ્માં એડમિશન્ લીધું છે તો તેના ક્લાશમાં આપણે બેસી શકીએ છીએ બીજા કોઈ ક્લાસ્માં નથી બેસી શકતા. આનો મતલબ દીક્ષા છે. વ્યક્તિગત સાધનાની પ્રણાલીમાં પ્રાયઃ દીક્ષાનો પ્રકાર નથી હોતો. જેનું પ્રસિદ્ધ ઉદાહરણ આપણે મીરાના રૂપમાં જાણીએ છીએ. મીરા આ વાતને ખુબ ઘોષણાપૂર્વક કહે છે કે ''ના તો મીરા ચેલા મૂંડ્યા ન મેં જાયા પૂત'' કેમકે મીરાની જે સાધના હતી તે કોઈ સંપ્રદાયની સાધના ન હતી, તેની વ્યક્તિગત સાધના હતી. કબીરની જોકે વ્યક્તિગત સાધના હતી પરંતુ કબીરનો સંપ્રદાય પ્રવર્તિત થયો.

કેટલાય આચાર્યોએ સંપ્રદાય પ્રવર્તિત કરવા ઈચ્છ્યું પરંતુ એમનો સંપ્રદાય પ્રવર્તિત ન થયો. એમની સાધના વ્યક્તિગત સાધના રહી ગઈ. આને બહુ ગંભીરતાથી લેવાની જરૂર નથી. આને આપણે આમ સમજી શકીએ કે જેમ કોઈ પરિવાર, કોઈ વંશ ચાલે છે કોઈ વંશ નથી ચાલતા. કોઈ વંશ ગોદ લઈને ચલાવવો પડે છે બીજા ઘરના બાલકથી. કોઈ વંશ એનીમેળે ચાલ્યો જાય.

## (સંપ્રદાયનું સ્વરૂપ)

એવીરીતે સાધનાની પ્રણાલીમાં જે વખતે સંપ્રદાય તત્ત્વનો નિવેશ થાય છે તેનો મતલબ છે કે સાધનાપ્રણાલી વંશાનુગત છે. પછી તે વંશ પુત્રવંશ છે કે શિષ્યવંશ છે, બંને પ્રકારના વંશ હોઈ શકે છે. આજે આપણને એવી ભ્રમણા છે કે વંશ એટલે પુત્રવંશ. પ્રાચીન કાલમાં આવું ન હતું. જેટલા પણ ઉપનિષદ્ જોશો એમાં નિશ્ચિત રૂપથી આનું ઉદાહરણ મળે છે કે કોઈનો પુત્ર તેનો શિષ્ય

પણ કહેવાયો અને કોઈ પુત્ર ન હતો અને શિષ્ય હતો એ પણ વંશ જ કહેવાયો. આવા ઉપનિષદ્માં ઘણાબધા ઉદાહરણ મળે છે કે કયા ઋષિના સંપ્રદાયમાં શું હતું. આજરીતથી શંકરાચાર્યજી પણ પોતાના ભાષ્યના આરંભમાં બહુ સાવધાનીપૂર્વક કહે છે "નમોસ્તુ બ્રહ્મવિત્સંપ્રદાયકર્તૃભ્યઃ" કેમકે સંપ્રદાયની ધારણા છે.

આપણે આને આમ પણ સમજી શકીએ છીએ. જેમ કોઈ એક તળાવ છે, કોઈ એક કૂવો છે. જે તળાવ કે કૂવો છે તે સંપ્રદાય નથી વ્યક્તિગત છે. જલનું એક સંકલન છે પરંતુ નદીમાં આ વાત સંભવ નથી કે જે જલ ભર્યું છે, એજ જલ ભર્યું છે. નિરંતર વહેતા જલનું નામ નદી છે. આ વાત ધ્યાનથી સમજવાની છે કે જે યમુનોત્રી યમુનાજીથી શરૂ થઈ, ગંગોત્રીથી ગંગાજી જે શરૂ થઈ, એ ધારા બહુજ નાની છે પરંતુ કેટલીય નદિઓ તેમાં મળતી ચાલી જાય. જે-જે નદી યમુનાજીમાં મળી, તે 'યમુના' કહેવાય. જે-જે નદી ગંગાજીમાં મળી તે બધી 'ગંગા' કહેવાય. આપણે આ વાત સારીરીતે જાણીએ છીએ કે પ્રયાગમાં યમુનાજી ગંગાજીમાં મળી ગઈ, તો ત્યાંથી આગળ તે 'યમુના' ન કહેવાતી. 'ગંગા' કહેવાય છે. અરે ભાઈ, બંને નદી એક-બીજાથી મળી, તેમાં આ ચક્કર થઈ ગયું? આ જુઓ આનું નામ 'સંપ્રદાય' છે. ગંગાનો એક સંપ્રદાય છે. તે ગંગોત્રીથી સાગર સુધી ચાલી રહ્યો છે. યમુનાજીનો એક સંપ્રદાય છે જે યમુનોત્રીથી પ્રયાગ સંગમ સુધી ચાલી રહ્યો છે. આ સંપ્રદાયનું સ્વરૂપ છે. જે તળાવ કૂવા છે, તે સંપ્રદાય ન હોઈને વ્યક્તિગત જલસંગ્રહ કહેવામાં આવે છે. વહેતું જલ નથી. આ પ્રશ્ન ઝઘડાનો નથી કે નદી સારી કે કૂવો સારો કે તળાવ સારૂં. સૌથી મોટી વાત એ છે કે આપણી પાસે જે ઉપલબ્ધ છે તે સારૂં. જે આપણને ઉપલબ્ધ નથી અને તેને સારૂં માનશો તો, જેમ આપણને ગંગાસ્નાનની ભાવના હોય અને કિશનગઢના કૂવાઉપર બેસીને હર-હર ગંગે, હર-હર ગંગે કહીને આપણાઉપર પાણી નાખી દઈએ, તો આ તો ભાવનાની વાત થઈ ગઈ. હવે ગંગાજલ અહીં તમને ઉપલબ્ધ નથી અહીં તળાવ ઉપલબ્ધ છે તો તળાવ સારૂં છે. પ્રશ્ન સારા-નરસાનો નથી પરંતુ એનાથી આપણે એનો પ્રભેદ ન સમજવો કે આ ખોટું છે. પ્રભેદ તો આપણે સમજવોજ પડશે કે તળાવ કૂવો અથવા નદી ના જલનો એક અલગ-અલગ પ્રકાર છે. એ

સંપ્રદાયવાળો પ્રકાર છે. એક નિરંતર વહી રહેલી ધારા છે, જે હિમાલયથી હજારો વર્ષોથી વહી રહી છે, હજારો વર્ષો સુધી વહેશે અને ગંગાસાગર સુધી તે 'ગંગા' જ કહેવામાં આવે છે.

પરંતુ વાત ધ્યાનથી જુઓ તો ખ્યાલ આવશે કે યમુનાજી ગંગામાં મળી તો 'ગંગા' જ કહેવાય છે અને ગંગાજી સાગરમાં મળી જાય તો તે 'ગંગા' નથી કહેવાતી 'સાગર' જ કહેવાય છે. દરેક સંપ્રદાયની પોતાની એક ઉત્તરાવધિ છે જે અવધિના પછી, ભલે એનીએજ વાત છે, જેમ પ્રયાગરાજના પછી જે કાંઇ વહી રહી છે નદી, તેમાં શું યમુનાજીનું જલ નથી પરંતુ યમુનાજીની અવધિ ત્યાં પૂરી થઇ ગઇ જ્યારે તે ગંગાજીમાં મળી ગઇ. તેના પછી તે 'ગંગા' જ કહેવાય છે, 'યમુના' નથી કહેવાતી. સાગરમાં મળી ગઇ ગંગાજી, તો તેની અવધિ પૂરી થઇ ગઇ, પછી તે 'સાગર' જ કહેવાય છે, 'ગંગા' નથી કહેવાતી. પછી આપણે એમ કહીએ કે ગંગાજી તો આમાં મળીજ રહી છે ને! તો આ પણ ગંગા છે. નહીં, તેને ગંગાજી કેવીરીતે કહી શકશો! કેમકે સાગરમાં તો બીજી પણ નદિઓ મળી રહી છે.

## (સંપ્રદાયની પૂર્વાવધિ અને ઉત્તરાવધિ)

કોઇ તત્ત્વ કોઇ જગ્યાએ ઉપલબ્ધ છે જેમ કૃષ્ણભક્તિ કેટલીય જગ્યાએ ઉપલબ્ધ છે. કેટલાય સંપ્રદાય કૃષ્ણભક્તિના છે જેમ ચૈતન્યસંપ્રદાય નિમ્બાર્કસંપ્રદાય વલ્લભસંપ્રદાય કૃષ્ણભક્તિના છે. સ્વામીનારાયણવાળા પણ પ્રારંભમાં કૃષ્ણભક્ત હતા. હવે કૃષ્ણભક્તિમાં નથી માનતા પરંતુ એક વાત સમજો કે કેટલાય સંપ્રદાય કૃષ્ણભક્તિના હોઇ શકે છે. કૃષ્ણભક્તિનું જલ અથવા કૃષ્ણજલ તેમાં કૉમન્ છે તેથી સંપ્રદાય એક નથી માનવામાં આવતા. જેમ ગંગા-યમુનાનું જલ સંગમના પછી એક છે પરંતુ યમુનાનુ (જલ) નથી માનવામાં આવતું. ગંગાનું સાગરનું જલ એક છે ગંગાસાગરના પછી, પરંતુ તે ગંગા નથી માનવામાં આવતી. સંપ્રદાયની કોઇ એક પૂર્વાવધિ છે, એક ઉત્તરાવધિ છે. અને પ્રત્યેક સંપ્રદાયની પૂર્વાવધિ તેની દીક્ષા છે. જ્યારે આપણે તે સંપ્રદાયની વિધિથી દીક્ષા લીધી, તો તે સંપ્રદાય આપણો કાયમ રહ્યો. આપણે સમજો કે કૃષ્ણભક્તિ કરી રહ્યા છીએ, તો તે પુષ્ટિમાર્ગીય થઇ ગયો એવું માની લેવું, આવું નથી. કૃષ્ણભક્તિ તો બધાજ કરી રહ્યા છે. હવે

રામભક્તિ કરી રહ્યા છીએ તેથી રામાનુજસંપ્રદાયના થઇ ગયા, આવું માની લેવું બરાબર નથી. રામાનંદ સંપ્રદાય ક્યારે કહેવાશે? રામાનંદ સંપ્રદાયની પૂર્વાવધિ છે રામાનંદ સંપ્રદાયની દીક્ષા. એમ વલ્લભ સંપ્રદાયની પૂર્વાવધિ છે, વલ્લભ સંપ્રદાયની દીક્ષા. નિમ્બાર્ક સંપ્રદાયની પૂર્વાવધિ છે, નિમ્બાર્ક સંપ્રદાયની દીક્ષા. આ વાત ખાસ સમજવી જોઈએ કે જે દીક્ષા છે એ તે સંપ્રદાયની પૂર્વાવધિ છે. 'પૂર્વાવધિ' એટલે પ્રવેશદ્વાર અને ઉત્તરાવધિ એટલે શું? સમજો કે તેના તત્ત્વ કોઈ બીજા સંપ્રદાયમાં જઈ રહ્યા છે તો ઉત્તરાવધિ.

### (મહાપ્રભુજીના પૂર્વજ વિષ્ણુસ્વામી સંપ્રદાયના)

જેમ વિષ્ણુસ્વામિસંપ્રદાય, એક સંપ્રદાય હતો. જેની એક સાધનાપ્રણાલી હતી, એક દીક્ષાવિધિ હતી. જેની એક આચાર્યપરંપરા હતી, એક વંશ હતો. હવે તે પુત્રવંશ ન હોઈને શિષ્યવંશ હતો. એજ શિષ્યવંશમાં મહાપ્રભુજી પણ પ્રકટ્યા. મહાપ્રભુજીના જેટલા પૂર્વજ હતા તે વિષ્ણુસ્વામિસંપ્રદાયના અનુયાયી હતા. તેથી ઘણા સમય સુધી મહાપ્રભુજીએ પોતાને વિષ્ણુસ્વામિસંપ્રદાય અનુવર્તી કહ્યા. જે દિવસે ભગવાને ગોકુલમાં પ્રકટ થઈને એમને બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા કરી અને નવી દીક્ષાવિધિ શરૂ થઈ તે દિવસથી તે વિષ્ણુસ્વામિસંપ્રદાય આપણામાં મળી ગયો. તેના ઘણાબધા ઍલિમેન્ટ્() આપણામાં આવ્યા છે. નથી આવ્યા એવી વાત નથી પરંતુ તે દિવસથી વિષ્ણુસ્વામિસંપ્રદાય પોતાનો ન રહીને, એક નવો પુષ્ટિભક્તિસંપ્રદાય શ્રીઆચાર્યચરણોંએ પ્રવર્તિત કર્યો. એટલાજ માટે આપણે મહાપ્રભુજીને આચાર્યરીતથી પ્રસ્થાપિત કરીએ છીએ. તેના પહેલાં મહાપ્રભુજીએ પણ પોતાને એક આચાર્યરૂપથી ઘોષિત કર્યા ન્હોતા કેમકે આપની કોઈ દીક્ષાપદ્ધતિ હતી નહીં. જે વિષ્ણુસ્વામિપંથની દીક્ષાપદ્ધતિ હતી, તેનાથીજ આપે પણ દીક્ષા લીધી હતી.

જેમ દરેક બ્રાહ્મણને ગાયત્રી લેવી જોઈએ અને એમના કર્મકાંડના પુરોહિત હોય એમનાથી દીક્ષા લે છે. જેનું 'પુરોહિત' ઉપનામ છે. તેના પૂર્વજે ક્યારેક ને ક્યારેક પૌરોહિત્ય કર્યું હશે. જે બ્રાહ્મણ ગાયત્રીની દીક્ષા આપતા હતા તે તેના 'ગુરૂ' કહેવાતા હતા. પુરોહિત જો દીક્ષા આપતા ન્હોતા, તો પ્રાચીન પદ્ધતિ એવી હતી કે પિતાને પોતાના પુત્રને ગાયત્રીની દીક્ષા આપવી જોઈએ,

તેથી તે આપતા હતા. જ્યાં સુધી પિતા ગાયત્રીની દીક્ષા આપતા હોય, ત્યાં સુધી બીજા પાસેથી ગાયત્રીની દીક્ષા લેવી ન જોઈએ. અને જો પિતા પુત્રને ન આપી શકતો હોય તો પુરોહિત પાસેથી અપાવતા હતા . તે 'ગુરૂ' કહેવાતા પરંતુ તે સંપ્રદાય ન કહેવાતો.

## (વલ્લભવંશજ ગુરૂદ્વાર છે)

કેમ સંપ્રદાય ન કહેવાતો? કેમકે જેમની પાસેથી આપણે ગાયત્રીની દીક્ષા લીધી, તે કોઈ એવો સંપ્રદાય નથી. એ તો શ્રૌત સંપ્રદાયમાં એક બ્રાહ્મણ કોઈને ગાયત્રીની દીક્ષા આપી રહ્યો છે. એ તો બધા બ્રાહ્મણોનો એક સંપ્રદાય છે. જે પણ બ્રાહ્મણ છે, બ્રાહ્મણ હોવાના કારણે તે યજ્ઞોપવિત લઈ રહ્યો છે. તે યજ્ઞોપવિત લેવાનો એક બ્રાહ્મણ સંપ્રદાય છે. માનો કે કોઈ સુરેશે રમેશપાસેથી ગાયત્રીની દીક્ષા લીધી, તો એ રમેશનો સંપ્રદાય નહીં કહેવાય કેમકે રમેશે કોઈ સંપ્રદાય પ્રવર્તિત નથી કર્યો. બ્રાહ્મણનો જે પ્રવર્તિત સંપ્રદાય છે તે સંપ્રદાયમાં એ ગાયત્રીની દીક્ષા આપી રહ્યો છે. હવે જેમ હું કોઈને બ્રહ્મસંબંધ આપી દઉં તો તે શ્યામમનોહરસંપ્રદાય નથી કહેવાઈ શકતો. કેમ ન કહેવાઈ શકે? કેમકે હું જે બ્રહ્મસંબંધની દીક્ષા આપી રહ્યો છું તે મારી દીક્ષા નથી. તે દીક્ષા વલ્લભાચાર્યસંપ્રદાયની છે, પુષ્ટિભક્તિસંપ્રદાયની છે. તેમાં આચાર્યત્વ મારૂં નથી, આચાર્યત્વનું દ્વાર હું હોઈ શકું. મતલબ કે એ વાતને ઍક્ઝિક્યૂટ્ કરનારો એક ઍક્ઝિક્યૂટર ફાઉન્ડર 'આચાર્ય' કહેવાય. હું ન કહેવાઈ શકું કેમકે હું મારી દીક્ષા તો કોઈને આપી નથી રહ્યો. સંપ્રદાયની દીક્ષા આપી રહ્યો છું અને તમે જે મારી પાસેથી દીક્ષા લઈ રહ્યા છો, તે વલ્લભસંપ્રદાયની દીક્ષા લઈ રહ્યા છો, શ્યામમનોહરની દીક્ષા નથી લઈ રહ્યા. આ વાત આપણને સાફ હોવી જોઈએ. કેમકે શ્યામમનોહર અને તમે ઈમ્મટીરિયલ્ છે. સંપ્રદાય એક વહી રહેલી ગંગા જેવો છે જે મહાપ્રભુજીથી લઈને જ્યાં સુધી તેની ઉત્તરાવધિ, તેનો વિચાર આપણે હમણાં નથી કરી રહ્યા કેમકે તેનો વિસ્તાર થઈ જશે અને તે અપેક્ષિત નથી. પરંતુ તેની ઉત્તરાવધિ પણ આવી શકે છે. તેનો વિચાર પણ આપણે વિષય આગળ વધશે ત્યારે કરીશું.

## (આપણા ગુરૂ મહાપ્રભુજી)

એ વહી રહેલી ગંગાની આપણે એક લહેર છીએ. હું પણ તેની એક લહેર છું. તમે પણ તેની એક લહેર છો. આપણું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ છે નહીં કેમકે આપણે મહાપ્રભુજીના વંશ છીએ. આ વાત આપણે ખ્યાલમાં રાખવી જોઈએ. કોઈ પુત્રવંશ હોય છે, કોઈ શિષ્યવંશ હોય છે પરંતુ જે પણ બ્રહ્મસંબંધની દીક્ષા લઈ રહ્યો છે, તે મહાપ્રભુજીનો વંશજ છે. આ વાત ક્યારેય પણ ભૂલવી ન જોઈએ. એ પુત્રવંશ નથી તો શિષ્યવંશ છે. આપણે બધા મહાપ્રભુજીના વંશજ છીએ. આપણા આચાર્ય મહાપ્રભુજી છે.

## (બ્રહ્મસંબંધની ભગવદાજ્ઞા-સંપ્રદાયની પૂર્વાવિધિ)

કેમકે એમણે આ સંપ્રદાય પ્રવર્તિત કર્યો. તેઓ પણ આ દાવો તે રીતથી નથી કરતા. તેઓ પણ આ વાત આ રીતથી કહી રહ્યા છે કે **''શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે''** (સિ.ર.૧) આ દીક્ષા પ્રવર્તિત કરવાની દીક્ષા મને સ્વયં ભગવાને આપી. ભગવાને મને આજ્ઞા કરી છે **''જા જીવકો તુમ બ્રહ્મસંબંધ કરવાઓગે, તિનકોં હોં અંગીકાર કરૂંગો ઔર જિનકુ તુમ નામ દેઓગે, તિનકે સકલ દોષ દૂર હોયેંગે.''** આ સંપ્રદાયની પૂર્વાવિધિ છે, જેને આપણે 'ગંગોત્રી' 'યમુનોત્રી' કહીએ છીએ. જુઓ! અહીં આપણા સંપ્રદાયની ગંગોત્રી અને યમુનોત્રી નું વર્ણન કરવામાં આવી રહ્યુ છે. આ ગંગાસાગરસંગમની અથવા પ્રયાગરાજના સંગમની કથા નથી. આ પુષ્ટિભક્તિની કથા છે જ્યાંથી પુષ્ટિસંપ્રદાય પ્રવર્તિત થયો. આ તો સંપ્રદાય પ્રવર્તકત્વેન મહાપ્રભુજીનું પ્રાધાન્ય છે. આથી મહાપ્રભુજીના ગ્રંથોમાં સામાન્યતયા એવો ઉલ્લેખ મળે છે કે ''ઈતિ શ્રીવલ્લભાચાર્ય વિરચિતં શ્રીયમુનાષ્ટકસ્તોત્રં સંપૂર્ણમ્'' અથવા ''ઈતિ શ્રીવલ્લભાચાર્ય વિરચિતો બાલબોધઃ સંપુર્ણઃ'' અને શરૂઆતના ગ્રંથોમાં જ્યાં સુધી આપે દીક્ષા સ્વયં પ્રવર્તિત કરી ન્હોતી ત્યાં સુધી સ્પષ્ટ શ્રીમહાપ્રભુજી આમ લખે છે કે ''વેદવ્યાસ વિષ્ણુસ્વામી મતાનુવર્તી વલ્લભભટ્ટ ઈતિ''

## (મહાપ્રભુજીનું આચાર્યપણું પુષ્ટિસંપ્રદાયપ્રવર્તનના કારણે નહીં કે પ્રસિદ્ધિના કારણે)

આ વાતને લોકો શું સમજે કે જ્યાં સુધી એમની પૉપ્યુલારિટી( ) ન્હોતી થઇ તેથી પોતાને ભટ્ટ કહેતા હતા પાછળથી પૉપ્યુલર્ થઇ ગયા તેથી પોતાને આચાર્ય કહેવા લાગી ગયા. એક વાત ધ્યાનથી સમજો કે પૉપ્યુલારિટી તો મહાપ્રભુજીની થઇ હતી જ્યારે મહાપ્રભુજી અગીયાર વરસના હતા. અગીયાર વરસથી લઇને ત્રીસ વરસ સુધી આપે ઘણી પ્રદક્ષિણા કરી અને તે દરમ્યાન આપ તો પૉપ્યુલર્ થયા જ હતા. કેટલાય સેવક થયા હતા આપના! પૉપ્યુલારિટી તો ત્યારેજ થઇ ગઇ હતી આપની પરંતુ કેમકે તે સમય સુધી આપે દીક્ષાવિધિ કોઇ પ્રવર્તિત કરી ન હતી. જે વિષ્ણુસ્વામીની દીક્ષા હતી એજ દીક્ષા આપ આપતા હતા તેથી આપ પોતાને તે સંપ્રદાયના અનુગામી માનતા હતા. આચાર્ય માનતા ન્હોતા. આ તેની સૂક્ષ્મતા છે, એને સમજ્યા વિના લોકો અગડં-બગડં વિધાન કરતા રહે છે કે તે વખત સુધી પૉપ્યુલર્ ન હતા, તો વલ્લભભટ્ટ કહેતા હતા. પછી અચાનક પૉપ્યુલર્ થઇ ગયા તો આચાર્ય કહેવા લાગી ગયા પોતાને. એ બેવકૂફોને શું સમજાવવું? વાતની ખબર નથી, ન તો સંપ્રદાય શું છે તેની ખબર નથી. બસ જે મનમાં વાત આવી ગઇ, તે કહેવાનું ચાલુ કરી દે. વાત સાફ છે કે ત્રીસ વરસની ઉંમર સુધી આપનું કોઇ સંપ્રદાયપ્રવર્તકત્વ ન હતું એટલા માટે આચાર્ય ન હતા. જબરદસ્ત દાર્શનિક હતા અને ઘણાબધા ગ્રંથ આપે તે દરમ્યાન લખ્યા છે. પોતાના બધા ગ્રંથોના મતનું પ્રતિપાદન કર્યું. આપે કેટલાય શાસ્ત્રાર્થોમાં વિજય તે દરમ્યાન જ મેળવ્યો છે. તેના પછી જ્યારે આપ અડેલમાં સેટલ્ થઇ ગયા તેના પછી પણ શાસ્ત્રાર્થ થયા છે પરંતુ કોઇ મુખ્ય શાસ્ત્રાર્થ નથી થયા. પછી તો આપ વધારે બહાર પધારતા ન હતા.

## (મહાપ્રભુજીએ ઠાકોરજી વ્યક્તિગત જ પધરાવ્યા છે સાર્વજનિક નહીં)

તમે ચોરાસી વૈષ્ણવની વાર્તા જુઓ તો તમને ખ્યાલ આવશે કે વૈષ્ણવ બ્રહ્મસંબંધ લેતા તો તેના પછી આપ આજ્ઞા કરતા કે ‘‘અબ તુમ ઘર જાયકે ઠાકુરજીકી સેવા કરો.’’ તમે એક વાર્તા છોડો તો બીજી વાર્તામાં તો આ વાત આવીજ જશે કે ‘‘તુમ ઘર જાયકે સેવા કરો’’ હમણાં એક ભાઇએ મને પૂછ્યું તો આ જ વાત મેં એમને બતાવી કે જો મહાપ્રભુજીને મંદિર ખોલવા હોત તો ત્રણ પ્રદક્ષિણામાં આખા ભારતમાં ઠેકઠેકાણે મંદિર ખોલી શકતા હતા.

ઠેકઠેકાણે એમના શિષ્યો હતા. ક્યાંય પણ મહાપ્રભુજીએ મંદિર ન ખોલ્યું. ફરી-ફરીને ઘર-ઘરમાં સેવકોના માથે ઠાકોરજીની સેવા પધરાવી અને એક-એક વૈષ્ણવને ઘરે બિરાજીને ઘણીવખત તો આપે સેવા શીખડાવી. કેવીરીતે સેવા કરવી આ બતાવ્યું કે ''તેરે ઠાકુરજીકી સેવા તૂ કર'' અને વાર્તા તમે જોશો તો વિલક્ષણ વાત અહીં સુધી મળશે કે ઠાકોરજીની સેવામાં ઘણી વખત એવું પણ થયું છે કે વૈષ્ણવે જે પ્રકારથી સેવા કરી, એ વાતને પ્રમાણ માનવામાં આવ્યું અને બીજા પ્રકારને પ્રમાણ ન માનવામાં આવ્યું. જેનું સ્પષ્ટ ઉદાહરણ આપણે પદ્મનાભદાસજીની વાર્તામાં જોઈએ. મથુરાધીશજી જે વખતે અમારા ઘરમાં પધાર્યા, તે વખતે ગિરિધરજીએ છપ્પનભોગ ધર્યો પરંતુ મથુરાધીશજીએ કહ્યું કે તે પ્રસન્નતા ન થઈ. ત્યારે ગિરિધરજીએ પૂછ્યું કે ''આપ વૈસે પ્રસન્ન ક્યોં નહીં લગ રહે હો?'' ત્યારે એમણે કહ્યું ''જો પદ્મનાભદાસકે છોલામેં બહોત સ્વાદ હતો.'' હવે જુઓ આ વાતના પદ્મનાભદાસના ઠાકુર છે, ઠાકોરજી કેટલા વ્યક્તિગત બની ગયા! એ પદ્મનાભદાસના ભાવથી ભાવિત ઠાકોરજી બની ગયા.

હું જેવીરીતે એક વ્યક્તિગત વાત બતાવું. સિદ્ધાંતની સાથે આનો સંબંધ નથી. નાનપણમાં મને ચાયની આદત ન હતી. ચા પીવાનો પ્રસંગ જ ન્હોતો આવ્યો. લગ્ન પછી લક્ષ્મી જનાનામાં ચા પીતી હતી. બેઠકમાં તો કોઈ અમારે ચા નો પ્રસંગ જ ન હતો. જ્યારે મુંબઈમાં મોટું મંદિર છોડીને ફ્લૅટ્માં શિફ્ટ્ થયા, ત્યારે જ્યારે લક્ષ્મી ચાય બનાવે, તો પૂછે કે ચાય પીશો? કોઈ કેટલી વખત ના પાડી શકે! તો મેં કહ્યું કે લાવો ચાય. એ લક્ષ્મીના ભાવથી ભાવિત શ્યામમનોહર ચાય પી રહ્યો છે. અસલ શ્યામમનોહરને તો ચાય પીવાની આદત જ ન હતી. હવે તો આદત પડી ગઈ છે. એવીજ રીતે પદ્મનાભદાસજીના ભાવથી ભાવિત મથુરાધીશ છોલા આરોગી રહ્યા છે. તેની પહેલાં મથુરાધીશજીને છોલા આરોગવાની આદત તો હતી નહીં. આ તો જે લાડ લડાવે, જે રીતથી લાલન-પાલન કરે, જે પ્રકારથી સેવા કરે છે, એ પ્રકારનો અભ્યાસ સ્વભાવ પ્રભાવ બાળકમાં પણ પડે છે. ઠાકોરજી ઉપર પણ પડે છે. તે પ્રકારથી મથુરાધીશ પદ્મનાભદાસના ઠાકોરજી થઈ ગયા. મતલબ મહાપ્રભુજીના ઘરનો છપ્પનભોગ જેને ન ભાવે એવા મથુરાધીશજી બની ગયા.

આ કેવીરીતે થયું? મહાપ્રભુજીના કારણે નહીં, પદ્મનાભદાસના કારણે, આ આટલા વ્યક્તિગત ઠાકોરજી મહાપ્રભુજીએ પધરાવ્યા. તમે આને આ રીતથી પણ સમજી શકો છો કે આપણે એક દીકરીને મોટી કરીએ છીએ, અને ઘણીબધી આદત તેની પીયરમાં પડી જાય પછી તે સાસરે જાય તો ત્યાંની કેટલીક બીજી આદત તેનામાં આવી જાય. તેનું મન પીયરમાં ન લાગે કેમકે તેને સાસરીયાની આદત પડી ગઈ છે. મથુરાધીશ પણ ફરીથી અમારે ઘરે પધાર્યા, તો એમને આદત તો ત્યાં પદ્મનાભદાસને ત્યાંની જ પડી. જ્યાં તેઓ રહ્યા, જ્યાં તેઓ બિરાજ્યા, જ્યાં એમણે જેનાથી સેવા લીધી, એ ભાવથી ભાવિત આપનું સ્વરૂપ થઈ ગયું.

અમારા પરિવારમાં પ્રાયઃ જેટલી દીકરીઓ આવે તે દક્ષિણની જ આવે. કોઈ ભૂલે-ચૂકે જ અહીંની આવે. જેમ અમે અહીં માઈગ્રેટ્() થઈ ગયા એમ મહાપ્રભુજીની સાથે પંદર પરિવાર દક્ષિણથી અહીં ઉત્તરમાં આવી ગયા હતા અને એ પરિવાર કેટલાક બીકાનેર જયપુર કે અહીં-તહીં વિખરાઈ ગયા. દક્ષિણની દીકરી આવે તો બિચારી ત્યારે તેલુગુ બોલતી હોય પરંતુ અમારે ત્યાં આવ્યા પછી બધી વ્રજભાષા બોલતી થઈ જાય છે. અમને તેલુગુ બોલતા ન આવડે. જ્યારે કે માં દાદી બધા તેલુગુભાષી. દસ સુધીની ગણત્રીમાં જ બધી તેલુગુ ખતમ થઈ જાય અમારી. તેનાથી વધારે તેલુગુ આવડતી નથી. માતૃભાષા અમને આવડતી નથી બીજી પચ્ચીસ ભાષા આવડી જાય આવી વિચિત્ર વાત છે. કોઈ પૂછે કે તમારી માતૃભાષા કઈ છે? તો કહેવું પડે કે તેલ્ગુ અને તેલ્ગુ આવડે નહીં. માતૃભાષા આપણને ન આવડે, પિતૃભાષા આવડે. માઁ જે બોલે તે ન આવડે. માઁ અમારાથી તે ભાષા બોલતી જ નથી તો ક્યાંથી આવડશે! એવીજ રીતે મથુરાધીશજીને છોલા ભાવી ગયા કેમકે પીયરમાં ભલે છોલા નહીં આરોગતા હોય પરંતુ સાસરીયામાં છોલા બહુજ પ્રેમથી આરોગ્યા. એમણે કહ્યું કે હવે છોલા જ ભાવે, છપ્પનભોગ નથી ભાવતો. આ સ્વભાવનું પરિવર્તન છે. આટલા વ્યક્તિગત ઠાકોરજી કે મહાપ્રભુજીએ એક-એક ઘરે જઈને વૈષ્ણવોના ઘરમાં પધરાવ્યા. એવી એક વાર્તા નથી અનેક વાર્તા છે જેમાં આ વાતનું પ્રમાણ મળે છે કે મહાપ્રભુજીએ વ્યક્તિગત ઠાકોરજી પધરાવ્યા.

## (સાધનાપ્રણાલીની મહત્તા)

આ મહાપ્રભુજીના સંપ્રદાયની પ્રણાલી હતી અને આ સાધનાની પ્રણાલીમાં જે દીક્ષા છે તે ગંગોત્રી છે, તે બ્રહ્મસંબંધ છે, અને **''કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા''** (સિ.મુ.૧) અથવા **''સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન''** (ચતુ.૧) અથવા **''બીજ-દાર્ઢ્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ''** (ભ.વ.૨) આ તેની વહેતી ગંગા છે. દીક્ષાની ગંગોત્રીથી જ્યાં સુધી એ વહી રહી છે ત્યાં સુધી વલ્લભસંપ્રદાય છે અને જ્યાં તે વહેતી બંધ થઈ, તો ભલેને કૃષ્ણભક્તિ વહેતી હશે. આ બધું જે આજકાલ ચાલી રહ્યું છે, તેમાં કૃષ્ણભક્તિ તો વહી રહી છે પરંતુ વલ્લ્ભસંપ્રદાય ન કહી શકાય. આ વાત આપણે સાફ-સુથરા પ્રકારથી સમજવી જોઈએ. કેમકે તે તેની ઉત્તરાવધિ આવી ગઈ. જેમ યમુનાજી, ગંગાજીમાં મળી ગઈ તો તે યમુનાજી નહીં ગંગાજી વહી રહી છે. ઘણી વાતો કોમન્ છે જેમ આપણો કૃપાનો સિદ્ધાંત અને મુસલમાનોનો કૃપાનો સિદ્ધાંત કોમન્ છે. તેઓ કરીમ કહે, રહીમ કહે. કરમ શું? 'કરમ' એટલે કૃપા. કરમ કરે તે 'કરીમ'. રહમ કરે તે 'રહીમ'. એ કોમન્ છે તો શું આપણે એમ કહીશું કે આપણે મુસલમાનસંપ્રદાયના છીએ? અથવા મુસલમાનને આપણે એમ કહીશું કે તમે પુષ્ટિસંપ્રદાયના છો કેમકે તમે કરીમ રહીમ માની રહ્યા છો? આ એક મુર્ખાઈની વાત છે. એમની એક અલગ દીક્ષા છે ''લા ઈલાહ ઈલ્લિલાહ મોહમ્મદ રસૂલ અલ્લાહ.'' એ દીક્ષાથી તે મુસલમાનધર્મની ગંગોત્રી છે અને જ્યાં સુધી તોહીદ નમાજ રોજા હજ અને જકાત, આ એમના પાંચ કાર્ય છે તે કરે છે ત્યાં સુધી તે મુસલમાન ધર્મ વહી રહ્યો છે. જ્યાં તે અટક્યો, તો ભલેને કોઈ અલ્લાહ કહેતો હોય, જેમ કબીર પણ ભગવાનને 'અલ્લાહ' કહેતા હતા, તો આવા ઘણાબધા છે જે ભગવાનને 'અલ્લાહ' કહે છે, તેનાથી તે મુસલમાનસંપ્રદાયના નથી થઈ જઈ રહ્યા. તમને ખ્યાલ હોય તો ઈરાનના લોકો અલ્લાહ નથી કહેતા 'ખુદા' કહે છે. છે તેઓ મુસલમાન પરંતુ 'અલ્લાહ' નથી કહેતા. જ્યાં સુધી મુસલમાનની દીક્ષાના પાંચકર્મ, તોહીદ રોજા હજ નમાજ અને જકાત નિભાવી રહ્યા છે ત્યાં સુધી તે મુસલમાન છે. ભલે પછી 'અલ્લાહ'

ન કહીને 'ખુદા' કહે, તો પણ. કેમકે પ્રશ્ન નામનો નથી, પ્રશ્ન સંપ્રદાયનો છે.

## (બ્રહ્મસંબંધથી દોષનિવૃત્તિ)

આ પ્રકારથી મહાપ્રભુજીના સંપ્રદાયમાં બ્રહ્મસંબંધની દીક્ષા એક પ્રકારની ગંગોત્રી છે અને આ ગંગોત્રીના વહેતી વખતે, જેમ ભગીરથને આ આશ્વાસન આપ્યું હતું કે ગંગા ભૂતલ ઉપર આવીને સગરના પુત્રોના પાપનો નાશ કરી દેશે. એવીજ રીતે ઠાકોરજીએ મહાપ્રભુજીને આશ્વાસન આપ્યું કે **''બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષ નિવૃત્તિ હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ** (સિ.ર.) આ જે દોષ છે તે ખતમ નહીં થાય પરંતુ આમાંથી, કોઈપણ દોષ, અથવા પાંચ ગણા પચ્ચીસ દોષ થઈ જાય પરંતુ સેવામાં બાધક નહીં બને. આ દોષોના કારણે કોઈપણ પુષ્ટિમાર્ગીય સેવાનો અનધિકારી નહીં કહેવામાં આવે.

આજે આપણે કેવી-કેવી ક્ષુદ્રતાઓ ઊભી કરી છે કે કુવો ન હોય તો સેવા ન થઈ શકે. આટલો નેગ-રાગ-ભોગ ન હોય તો સેવા ન થઈ શકે. આ પ્રકારનો શૃંગાર સામાન ન હોય, તો સેવા ન થઈ શકે. અરે ભાઈ! આ બધી વલ્લભસંપ્રદાયની કોઈ આઈટમ જ ન હતી. વલ્લભસંપ્રદાયની તો આઈટમ આ હતી કે ''જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો, તેના સકલ દોષ નિવૃત્ત થશે.'' 'નિવૃત્ત' થવાનો મતલબ કે ભગવત્સેવા કરવામાં આ દોષ ક્યારેય આડા નહીં આવે. જેનું મેં કાલે તમને ઉદાહરણ આપ્યું હતું, જેમ વીજળીનો કરંટ વાયરમાં વહી રહ્યો છે તો વહેતો બંધ નથી થતો પરંતુ જો લાકડાના પાટલા ઉપર ઊભા રહેશું તો તે ઘાતક નહીં રહી જાય. તારને અડીએ તો પણ ઘાતક નથી. નહીંતર અડી જઈએ તો મરી જઈએ.

## (સદોષજીવનો નિર્દોષબ્રહ્મના દ્વારા અંગીકાર-બ્રહ્મસંબંધથી)

બ્રહ્મસંબંધથી મૂલમાં આપણામાં શું ફરક પડે છે કે જીવના જે દોષ છે, તે બ્રહ્મસંબંધથી પ્રભુસેવામાં આડા નથી આવતા. મહાપ્રભુજીને પણ આ જ ચિંતા હતી કે જીવ દોષોથી ભરેલો છે, તેનો નિર્દોષ પુરૂષોત્તમની સાથે સંબંધ કેવીરીતે થઈ શકે? આ ચિંતાનું નિવારણ શ્રીઠાકોરજીએ પ્રકટ થઈને કર્યું કે જીવને તમે બ્રહ્મસંબંધ કરાવો તેનાથી જીવના દોષ સેવામાં આડા નહીં આવે.

મતલબ કે સેવામાં કોઈ વ્યક્તિ અનધિકારી નહીં રહી જાય. દરેક અંગીકૃત જીવ સેવાનો અધિકારી બની જશે. જેનું આપણે ત્યાં પ્રમાણ છે કે મોહનાભંગીએ તાજબીબીએ બ્રાહ્મણે હિન્દુએ મુસલમાને વાણિયાએ ક્ષત્રિયે પણ સેવા કરી. કોઈ વૈષ્ણવને સેવા કરવામાટે કોઈ પુરોહિત રાખવાની આવશ્યકતા ન હતી. શાસ્ત્રીય કર્મમાં પુરોહિતની આવશ્યકતા છે કેમકે પુરોહિતના વગર શાસ્ત્રકાર્ય પૂરૂં ન થઈ શકે. શાસ્ત્રીય કર્મની તે મર્યાદા હતી. અહીં એક નવી મર્યાદા શરૂ થઈ જેમાં ભક્ત પોતાના ભગવાનની સેવા પોતેજ કરી શકે છે કોઈના પૌરોહિત્યના માધ્યમ વગર. જુઓ! એક નવો ફેક્ટર્ પોતાનામાં ઈન્ટ્રોડ્યુસ્ થયો. વાર્તા વાંચશો તો આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે જે વખતે આ પ્રણાલી શરૂ થઈ, તે વખતે ઘણા લોકોએ તો કુવામાં કૂદીને આત્મહત્યા કરી કેમકે તમે જો સેવા કરી રહ્યા છો તો હવે શું તમે ગૃહસ્થ જ ન રહી ગયા? જાવ અમે મરશું તમારા ઉપર. આવા-આવા એજીટેશન્() થયા છે, આટલા અપોજિશન્() થયા છે.

### (વર્ણાશ્રમધર્મ દેહાભિમાનમૂલક હોય છે)

સિરોહી, જે આબુની પાસે છે, ત્યાંનો રાજા શૈવ હતો. તેની બે રાણીઓ, જે મધ્યપ્રદેશની રાજકુંવરી હતી. પુષ્ટિમાર્ગીય હતી. તેઓ પીયરમાં ઠાકોરજીની સેવા કરતી હતી. તેથી વિવાહ પછી પણ એમની સેવાની આદત છૂટી નહીં. તેઓ પોતાના સાસરે પણ ઠાકોરજીની સેવા લઈને ગઈ. તો રાજાએ એમને કહ્યું કે "મારા જીવતા તમે ઠાકોરજીની સેવા અલગથી કેમ કરી રહ્યા છો? સેવા કરી રહ્યા છો તો શું તમે પોતાની જાતને વિધવા માની રહી છો!" આજે આપણને આ સમજવામાં ન આવે પરંતુ તે જમાનાની માનસિકતા અને પ્રણાલી, હું તમને સમજાવવા માગી રહ્યો છું. આપણે ત્યાં જ્યારે હસ્તમેળાપ થાય છે, ફેરા ફરે છે, ત્યારે પત્ની પતિપાસેથી આશ્વાસન માગે છે કે જે પણ તમે ધર્માચરણ કરશો તેનો અડધો ભાગ મારો. પતિ પણ અગ્નિની સાક્ષીમાં સંકલ્પ કરીને કહેતો કે આજથી જેટલો પણ મારા ધર્મ અર્થ કામ નો અડધો ભાગ તારો થશે. અગ્નિની સાક્ષી આ વાતની છે. અગ્નિનીની સાક્ષી આ વાતની નથી કે વિવાહ કરીને આપણે નૈનિતાલ મનાલી ફરવા જશું. જઈને આપણે હનીમૂન કરીશું. અગ્નિની સાક્ષી આ વાતની નથી. તેની સાક્ષી આ વાતની પ્રતિજ્ઞા છે કે જે મારો ધર્મ છે, જે મારો અર્થ છે, જે મારો કામ છે તેનો અડધો

ભાગ દરેક વખતે તારો રહેશે. અને તારો કાયદેસર અધિકાર મને માન્ય છે. આ વાત ઉપર ત્યારે પત્ની કહેતી સારૂં હવે હું તારી ડાબી બાજું બેસું અને હું શું કરીશ? તું ધર્મને અર્થને સંભાળ, હું તને સંભાળીશ. આ પ્રકારનો એક આપસી સમજૌતા હતો. પત્ની સ્વતંત્ર ધર્મ ક્યારે કરી શકતી હતી કે જ્યારે તે વિધવા બની જાય ત્યારે. આ વાતની કૉમ્પ્લેક્સિટીને() સમજો કે કોઇ પત્ની સ્વતંત્ર ધર્માચરણ ક્યારે કરતી, જ્યારે તે વિધવા થઇ જતી કેમકે હવેતો પતિ ચાલ્યો ગયો હવે ધર્માચરણ કોણ કરશે? પતિની ઉપસ્થિતિમાં પત્નીને ધર્માચરણ કરવાનું હોય જ નહીં. તેનો ધર્મ એટલોજ છે કે તે પતિની પરિવારની સંભાળ રાખે. તે તેનો ધર્મ કહેવાતો. તે જો કરી રહી છે તો તેને ધર્માચરણ, વ્રતાચરણ, યજ્ઞાચરણ કર્યા વિના, બધાનું ફલ અડધું મળી જ રહ્યું છે આવી સમજુતી હતી. ધર્મમાં સંપત્તિમાં પરિવારના સુખ-દુઃખમાં અડધો હિસ્સો મળતો.

પરંતુ મહાપ્રભુજીની સામે ચક્કર શું થયું કે મોટાભાગના પતિઓ ધર્માચરણ કરતા જ ન હતા. અને પત્ની બિચારી જે કૉન્ટ્રેક્ટના આધારે જોડાઇ, અને તે તો કાંઇક બીજાજ કામ કરી રહ્યો છે. તેના ભરોસે, એ તુટેલી નાવ ને ભરોસે ક્યાં સુધી સમુદ્રને તરવો! લાચારી સમજમાં આવી? જેના ભરોસે ધર્મ નથી કરી રહી અને તે તો ખુદ ધર્મ નથી કરી રહ્યો. તે તો કાંઇક બીજાજ કામમાં લાગ્યો રહેલ છે. તેના ભરોસે પછી ક્યાં સુધી ચાલવું. આને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ભઈ સેવા બધા કરી શકે. વર્ણાશ્રમની વ્યવસ્થાના અંતર્ગત આ વાત સાફ હતી કે પત્ની અને શૂદ્ર ધર્માચરણ નથી કરતા, સેવા કરે છે અને બ્રાહ્મણ વૈશ્ય અને ક્ષત્રીય ધર્માચરણ કરે છે, પત્ની અને શૂદ્રને સેવાના કારણે ધર્મનો અડધો ભાગ મળે છે. આવો સૅટ-અપ્ હતો. એ સૅટ-અપ્ જ કૉલેપ્સ્() થઇ ગયો. જેવીરીતે બનેલો મહેલ ખંઢેર બની જાય છે તેવીરીતે. બ્રાહ્મણ ક્ષત્રીય વૈશ્ય કોઇ ધર્મપરાયણ ન રહી ગયા. બધા કામાર્થપરાયણ બની ગયા. તે સ્થિતિમાં તેના ભરોસે ધર્મની વાત કહેવી ક્યાં સુધી વ્યાજબી છે? આ સ્થિતિમાં વ્યર્થમાં શામાટે સમય બગાડવો? આ વર્ણાશ્રમનો ધર્મ જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી છે. આ વાતનો ખુલાશો શ્રીમહાપ્રભુજીએ કર્યો છે કે **''યાવદ્ દેહાભિમાના તાવદ્ વર્ણાશ્રમધર્માઃ એવ સ્વધર્માઃ''** (ભાગ.સુબો.૩/૨૮/૨) જ્યાં સુધી આપણને દેહનું અભિમાન છે કે હું

બ્રાહ્મણ છું ક્ષત્રિય છું વૈશ્ય છું, ત્યાં સુધી વર્ણાશ્રમધર્મ આપણો ધર્મ છેજ.

## (ભક્તિ આત્મસમર્પણમૂલક હોય છે)

દેહ જ બધુંજ કાંઇ નથી. દેહની અંદર રહેલો આત્મા પણ કાંઈક એક તત્ત્વ છે. તે પણ કોઈ એક શાશ્વત સત્ય છે અને એ સત્યઉપર મહાપ્રભુજીએ આપણું ધ્યાન ખેંચ્યું કે જીવાત્મા અને પરમાત્મા ના સંબંધની વચ્ચે દેહ બહુજ મહત્ત્વ નથી રાખતો. થોડુંક મહત્ત્વ રાખે છે. જીવાત્મા અને પરમાત્મા ના સંબંધની વચ્ચે પતિ-પત્ની બંને સ્વતંત્રરૂપથી સેવા કરી શકે છે. જીવાત્મા અને પરમાત્મા ના સંબંધમાં શૂદ્ર અને બ્રાહ્મણ પણ સ્વતંત્રરૂપથી સેવા કરી શકે છે. જેમ બ્રાહ્મણ સેવા કરી શકે છે, તેમ ભંગી પણ પોતાના ઘરમાં પોતાના ઠાકોરજીની સેવા એજ અધિકારથી કરી શકે છે. રામાયણ તમે વાંચી હશે તો તમને ખબર હશે કે શમ્બૂક તપસ્યા કરી રહ્યો હતો તો તેને મારી નાખ્યો. આજકાલ લોકો કહે છે કે તે અત્યાચાર કર્યો. અત્યાચાર નહીં, તે વખતનો જે સેટ-અપ્ હતો તે હિસાબથી તે બરાબર હતું, કેમકે શૂદ્રને ધર્મ સેવા જ હતો. સ્વતંત્ર ધર્મ તેનો કોઈ હતો નહીં. જે વ્યક્તિ સેવા કરી રહ્યો છે, અને તેના જે સેવ્ય છે, એમના ધર્મનો લાભ એને મળતો હતો. એ સેટ-અપ્ કૉલેપ્સ્ થઇ જવાના કારણે શ્રીમહાપ્રભુએ કહ્યું કે આપણે દેહધર્મો ઉપર આશ્રિત થવાના બદલે, જીવાત્મા-પરમાત્મામૂલક જે ધર્મ છે, એના ઉપર નભવાનો પ્રયાસ શામાટે ન કરીએ અને તે નભવાના પ્રયાસના અંતર્ગત મહાપ્રભુજીને સૌથી મોટી જો કોઈ તકલીફ લાગતી હતી તે એ હતી કે દરેક જીવાત્મા કેટલાયે દોષોથી ભરેલો છે. તેનો નિર્દોષ પરમાત્મા સાથે સંબંધ થઇ કેવીરીતે શકશે! તેની આજ્ઞા ઠાકોરજીએ પ્રકટ થઈને આ રીતથી સમજાવી કે **"તુમ જીવન્કો બ્રહ્મસંબંધ કરવાઓ, તિનકે સકલ દોષ નિવૃત્ત હો જાયેંગે."** 'નિવૃત્ત થશે' આનો મતલબ એ નથી કે કાણો જો બ્રહ્મસંબંધ લે તો તે કાણો નહીં રહી જાય. બહેરો, બહેરો નહીં રહી જાય. ક્રોધી, ક્રોધી નહીં રહી જાય. લોભી, લોભી નહીં રહી જાય. આવી વાત નથી. લોભી તો દુષ્ટ લોભી જ રહેશે. કાણો, કાણો જ રહેશે. આ બધા દોષો તો ત્યાંને ત્યાંજ રહેશે કેમકે આ દોષ તો દેહમાં ઘુસેલા છે. આ દોષ દેહની વાસનાઓમાં ઘુસેલા છે પરંતુ જે વાત નહીં રહે તે શું? તે આ કે આ દોષ પરમાત્માની સેવા કરવામાં, પરમાત્માની ભક્તિ કરવામાં આડા

નહીં આવે. આ તેની ભૂમિકા છે. તમારી જીવનચર્યામાં આડા આવી શકે. તમારા પાપ-પુણ્યના લેખા-જોખામાં આ દોષ આડા આવશે પરંતુ જે વખતે તમે પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કરવા માગી રહ્યા છો, પરમાત્માની જે વખતે તમે ભક્તિ કરવા માગી રહ્યા છો, તે વખતે આ દોષ આડા નહીં આવે. આ દોષોની ગણત્રી કરવામાં નહીં આવે, એજ પ્રકારથી કે જે પ્રકારથી આપણે લાકડાના ટેબલ ઉપર ઊભા રહી ગયા તો વિજળીના તારને અડવાથી કરન્ટ્ નહી લાગે.

આ બધી વાત પ્રભુએ મહાપ્રભુજીને સમજાવી. એજ વાત મહાપ્રભુજીએ પ્રત્યેક પુષ્ટિમાર્ગીયિને સમજાવવા માગી. આપણા તો આ દુર્ભાગ્ય છે કે આપણને આ જ વાત સમજવામાં નથી આવતી બાકી બધી વાત જેમ રાગ નેગ ભોગ ધુમ-ધડાકા મનોરથ ઝાંખી બધું સમજમાં આવે. બસ આ જ વાત સમજમાં નથી આવતી. અમારા દાદાજી એક બહુ મજેદાર વાત કહેતા હતા કે એક ડોકરી મરી રહી હતી તો બધા દીકરાઓએ એકઠા થઈને કહ્યું કે ''માઁ રામ બોલો'' તો એણે કહ્યું કે ''બેટા તું જે કહે છે તે મારા મોઢામાંથી નથી નિકળી શકતું'' આટલી વાત બોલી પરંતુ 'રામ' ન બોલી. એવીજ રીતે આપણા પુષ્ટિમાર્ગીયોની આ ખાસિયત છે કે જે મહાપ્રભુજીએ મુખ્ય વાત કહી, જે વાતના અંતર્ગત તે ગંગોત્રીથી આ ગંગા શરૂ થઈ, એ ગંગામાં નહાવું આપણને ગમતું નથી. બાકી બધુંજ આપણને ગમે છે.

### (બ્રહ્મસંબંધનું પ્રયોજન સેવાને માટે જ હોય)

આ વાત આપણે ધ્યાનથી સમજવી પડશે કે ''જિન જીવન્કો તુમ બ્રહ્મસંબંધ કરવાઓગે, ઉનકોં હોં અંગીકાર કરૂઁગો'' સદોષ જીવને એક નિર્દોષ અંગીકાર કરે છે. આ એક બહુ મોટી વાત છે. અમારે મુંબઈમાં હમણાં કેટલાક વરસ પહેલા એક વૈષ્ણવ છોકરી આવી. તેના માથાથી પગ સુધીનો કોઢ. તેથી તેનીસાથે કોણ લગ્ન કરે! તેથી તે ભણીગણીને અમેરિકા ગઈ અને ત્યાંના એરપોર્ટઉપર નોકરી કરે છે. ત્યાં ત્યાંનો એક પારસી દસ્તૂર, 'દસ્તૂર' એટલે જે પારસીધર્મનો ધર્મગુરૂ હોય, તેના છોકરા સાથે તેનો સ્નેહસંબંધ થયો. એ દસ્તૂરે કહ્યું કે હું તારી સાથે લગ્ન કરીશ. એ જાણતા હોવા છતાં કે તેના આખા શરીરમાં કોઢ છે. તેણે પોતાના મા-બાપને ત્યાં કહેવડાવ્યું કે એક છોકરો મારી સાથે

અહીં લગ્ન કરવા તૈયાર છે. મા-બાપે કહ્યું કે બ્રહ્મસંબંધ જ્યાં સુધી ન લે, ત્યાં સુધી અમે લગ્ન કરવામાટે તૈયાર નથી. એ બિચારો દસ્તૂરજીનો છોકરો મારી પાસે મુંબઈ આવી ગયો કે બ્રહ્મસંબંધ આપી દો. મેં જોયું કે એ છોકરો હિન્દુ તો છે નહીં પરંતુ વૈષ્ણવ લઈને આવ્યો તો કેવીરીતે પૂછું? સીધું પૂછવાથી તો થોડુંક અપમાનજનક લાગે. મેં બહુ ફેરવી-ફેરવીને તેના મોઢે કઢાવ્યું કે તે પારસી છે. મેં તેને કહ્યું કે "તમે શામાટે બ્રહ્મસંબંધ લઈ રહ્યા છો!" એણે કહ્યું કે "છોકરીની મમ્મી કહી રહી છે કે બ્રહ્મસંબંધ જો હું ન લઉં, તો આ છોકરી સાથે મારા લગ્ન નહીં કરે." મેં એ છોકરીની માને પૂછ્યું કે "શું આ છોકરી સેવા કરે છે?" એણે કહ્યું કે "નહીં સેવા તો કાંઈ નથી કરતી." મેં કહ્યું કે "આ તમારી છોકરી બ્રહ્મસંબંધ લઈને સેવા નથી કરતી તો આ દસ્તૂરના છોકરાને બ્રહ્મસંબંધ લેવડાવીને ફાયદો શું થશે?" એણે કહ્યું કે "જો એ બ્રહ્મસંબંધ ન લે તો અમે લગ્ન કેવીરીતે કરી શકીએ!" ત્યારે મેં એ દસ્તૂરના છોકરાને પૂછ્યું કે "શું તમે આને પારસીધર્મમાં દીક્ષિત કરશો!" એણે એટલી મોટી વાત મને કહી કે "મારી સામે ન તો પારસીધર્મ છે અને ન પુષ્ટિમાર્ગ. મારી સામે આ સમયે આ છોકરી છે. આના મા-બાપ જો આ માટે ના પાડતા હોય તો હું બ્રહ્મસંબંધ લેવા તૈયાર છું. મને ન બ્રહ્મસંબંધથી મતલબ છે કે ન પારસીધર્મથી, મારેતો આ છોકરી સાથે લગ્ન કરવા છે." મેં એ છોકરીના મા-બાપને કહ્યું કે "આ આટલો મોટો મહાપુરુષ છે જેનું ઉદાહરણ આખું હિન્દુસ્તાન ફરશો તો નહીં મળે. હજારો રૂપિયા તેનો પગાર છે. ન્યૂયોર્ક એરપોર્ટનો મોટો અફસર છે. તેને છોકરી જોઈએ તો એક માગે તો દસ મળી શકે છે, એવી તેની ઈકોનોમીકલ્ સ્ટેટસ્ છે. અને તે બધી સ્થિતિ જાણવાછતાં આ છોકરી સાથે લગ્ન કરી રહ્યો છે, આટલો મોટો મહાપુરૂષ છે. તેને ફક્ત લગ્ન માટે બ્રહ્મસંબંધ અપાવવું? સેવાને માટે લેતો હોય બ્રહ્મસંબંધ તો સારી વાત છે." મેં છોકરીને પૂછ્યું કે "તારે પારસી બનવું છે?" તો તેણે કહ્યું કે "નહીં, પરંતુ એ બનાવશે તો બની જઈશ. પરંતુ વૈષ્ણવ તો હું છું" મેં કહ્યું "ભઈ! આરામથી લગ્ન કરો, બંનેને ભગવાન સુખી રાખશે. ફક્ત એને લગ્ન માટે બ્રહ્મસંબંધ શા માટે અપાવવું!" મેં એમને કહ્યું કે "તમે દસ્તૂર છો, તમારા ધર્મના ધર્મગુરૂઓના વંશજ છો. તમે એક મહાન આત્મા છો, હું પણ અમારા ધર્મનો ધર્માચાર્ય છું, તમે શા માટે વ્યર્થમાં બ્રહ્મસંબંધ લો છો. જ્યારે તમે તેને પારસી નથી બનાવી રહ્યા તો તમે

શા માટે વ્યર્થમાં પુષ્ટિમાર્ગમાં આવી રહ્યા છો! તમે તમારા ધર્મમાં કાયમ રહો. આવી નાનકડી વાતમાટે શા માટે પુષ્ટિમાર્ગમાં આવવું! આ તો દેહનો ધર્મ છે.'' વાત સમજો કે પતિ-પત્ની દેહનો ધર્મ છે તો તેના માટે તમે તમારો આત્માને શા માટે વેંચો! ન આ એના આત્માને વેંચે, ન તમે તમારા આત્માને વેંચો. સાફ સુથરી વાત રાખો તો બધી વાતો ઉકેલાઇ જશે. પછી તેની આગળ તો હું પડ્યો નહીં, ખબર નહીં કે કોઈની પાસે લેવડાવ્યું કે ન લેવડાવ્યું.

## (સેવાવ્યતિરિક્ત બ્રહ્મસંબંધનું પ્રયોજન સંપ્રદાયની ઉત્તરાવધિ લાવવાનું ષડ્યંત્ર)

મહાપ્રભુજી આવી ક્ષુદ્ર વાતોને માટે બ્રહ્મસંબંધ આપવા નથી માગી રહ્યા. કેટલાય લોકો કહે છે કે અમારે નોકરી નથી. મંદિરમાં નોકરી કરવી છે તો અમને બ્રહ્મસંબંધ આપી દો. અરે ગરીબ માણસ છે તેને નોકરી નથી મળી રહી તો તેને નોકરી આપી દો પરંતુ તેને વ્યર્થમાં આ વાતમાટે બ્રહ્મસંબંધ શામાટે આપવું? કાલે તો તમે ભેંસને બ્રહ્મસંબંધ આપી દેશો કે તારૂં દૂધ મંદિરમાં કેવીરીતે આવે! ભેંસને બ્રહ્મસંબંધ આપવા તબેલામાં જશો? ભેંસનું દૂધ પણ તો વગર બ્રહ્મસંબંધે પીશો કે નહીં કે પછી તેને પણ ઠાકોરજીની સામે લાવીને બ્રહ્મસંબંધ અપાવશો? એક બાલકે હમણાં એવો ઉપદ્રવ કર્યો. એમને કુતરો પાળવાનો શોખ થઈ ગયો. કુતરો એની સાથે પલંગ ઉપર સૂવે. બે-ચાર વૈષ્ણવોએ જોયું તો પૂછ્યું કે ''જે જે આપની સાથે કુતરો કેમ?'' તો એમણે કહ્યું કે ''આને મેં બ્રહ્મસંબંધ આપી દીધું છે.'' અરે ભાઈ આ શું છે? આ કોઈ બ્રહ્મસંબંધ નથી ભ્રમસંબંધ છે. તમને કુતરો પાળવાનો શોખ છે તો પાળોને કુતરો. કોણે મનાઈ કરી છે! આમતો આપણી પ્રાચીન પરંપરા હતી કે બ્રાહ્મણ જો કુતરાનો સ્પર્શ કરે તો છોવાઈ જાય છે. જો તમારે પરંપરા નથી પાળવી, શાસ્ત્રને નથી માનવું તો ન માનો પરંતુ ખોટા કેમ બ્રહ્મસંબંધને આની વચમાં લાવો છો! કુતરો ભેંસ ગધેડો પાળવામાટે બ્રહ્મસંબંધ નથી. ઠાકોરજીની સામે બ્રહ્મસંબંધ મંત્ર બોલશે તો ભોં-ભોં અથવા હોંચી-હોંચી કરશે? આવી કાંઈક આપાધાપી વગર વિચાર્યા-સમજ્યા વગરની કરે, આ જ ઉત્તરાવધિ છે. જુઓ અહીંથી સંપ્રદાયની ઉત્તરાવધિ આવી રહી છે. વાત એ જ છે, બ્રહ્મસંબંધ પણ છે, કોઈ જગ્યાએ તુલસી પણ સમર્પિત કરવામાં આવી રહ્યા છે, સેવાના

મોટા-મોટા નાટક પણ ચાલી રહ્યા છે, છપ્પનભોગ થઈ રહ્યા છે, હિંડોળા થઈ રહ્યા છે, સજાવટો થઈ રહી છે, બસ સમજી લેવાનું કે હવે વલ્લભ સંપ્રદાયની ઉત્તરાવધિ શરૂ થઈ ગઈ. ''ગુલ્ચીકી સાઝિશે હે ન ખારોકા હાથ હે, બર્બાદિએ ચમનમેં બહારોકા હાથ હે.'' આ બધી વાતોમાં અમારા ગુસાંઈઓનો હાથ છે. વલ્લભવંશમાં આવેલા તમે વૈષણવોનો પણ હાથ છે. આપણે બંને આ પ્રકારથી ઠગાઈ જઈ રહ્યા છીએ, તેમાં બહારના લોકો પણ ઈન્ટ્રેસ્ટ્ લેશે, એમનો પણ હાથ હોઈ શકે છે. કેટલાયનો હાથ આમાં હોઈ શકે છે. પરંતુ આ વાત સમજો કે આ વલ્લભસંપ્રદાય નથી, આ વલ્લભસંપ્રદાય કોઈ બીજી નદીમાં જઈને હવે મળી રહ્યો છે. જેમ ગંગાજીમાં મળ્યા પછી યમુનાજી પોતાનું નામ ખોઈ દઈ રહી છે અને ત્યાંથી ગંગાજીજ વહે છે. એમ આ એક પ્રકારની સંપ્રદાયની ઉત્તરાવધિ છે. પૂર્વાવધિ નથી. પૂર્વાવધિ તો એ હતી કે પોતાના ઠાકોરજીની સેવા દરેક વ્યક્તિ પોતે-જાતે કરી શકે છે. તે કરી શકે આનો અધિકાર શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધથી આપી રહ્યા છે. કેમકે મહાપ્રભુજીની સામે પ્રશ્ન હતો કે દરેક જીવાત્માને પરમાત્માની સાથે મળવામાટે કોઈ માધ્યમની જરૂર નથી. જેમ લગ્ન કરાવવા માટે છોકરા-છોકરીને માતા-પિતા કે પુરોહિતની જરૂર છે પરંતુ વર-વધુને દામ્પત્ય નિભાવવા માટે કોઈ દલાલની જરૂર નથી. દલાલ ની જરૂર વેશ્યાને હોય છે, પતિ-પત્નીને નહીં. એમ આપણા ઠાકોરજીની સેવા કરવી છે તો તેમાં ત્રીજો કોણ કે તારા માધ્યમથી હું મારા ઠાકોરજીની સેવા કરૂં! પૈસા હું આપીશ, ઝૂલાવ તું. ઠાકોરજીને મઠડી ભોગ ધરવી છે, પૈસા હું આપીશ, ભોગ ધર તું. આ દલાલીની વાત ક્યાંથી આવી ગઈ! બ્રહ્મસંબંધની દલાલી, ભક્તિની દલાલી, સેવાની દલાલી, ભાવની દલાલી! આ બધું શું કમઠાણ છે! ''યા ઈલાહી યે માજરા ક્યા હે, દિલે નાદાં તુઝે હુઆ ક્યા હે'' આવો આપણને વિચાર આવી જાય. આ વલ્લભસંપ્રદાયની ઉત્તરાવધિ છે. ઍલીમૅન્ટ્() બધા એજ દેખાય છે, વલ્લભસંપ્રદાયનું રૂપ એજ દેખાય છે પરંતુ આ તેની ઉત્તરાવધિ થઈ ગઈ, જ્યાંથી વલ્લભસંપ્રદાય હવે ખતમ થઈ રહ્યો છે.

## (સેવાર્થ બ્રહ્મસંબંધનો અધિકાર બધાજ જીવોનો)

આ વાતને આપણે બહુ ધ્યાનથી સમજવી પડશે કે **''જો તુમ જીવનકો બ્રહ્મસંબંધ કરવાઓગે, ઉનકો હોં અંગીકાર કરૂંગો.''** ઠાકોરજીએ કેટલું મોટું

આશ્વાસન મહાપ્રભુજીને આપ્યું છે! જે જીવને તમે, ચાહે તે બ્રાહ્મણ હોય ક્ષત્રીય હોય વૈશ્ય હોય શૂદ્ર હોય ભારતીય હોય અભારતીય હોય કામી હોય ક્રોધી હોય લોભી હોય, જેને પણ તમે બ્રહ્મસંબંધ કરાવશો તેની સેવાને હું અંગીકાર કરીશ. કોઈની દલાલી હું સ્વીકાર કરીશ, એવું તો કોઈ આશ્વાસન ન હતું. કોને હું અંગીકાર કરીશ? જુઓ આ વચન છે કે **''જિનકુ તુમ અંગીકાર કરોગે ઔર જિનકુ તુમ નામ દેઓગે તિનકે સકલ દોષ નિવૃત્ત હોયેંગે.''** આ બધું હું તમને પહેલા સમજાવી ગયો છું.

આથી મહાપ્રભુજીએ એક નિષ્કર્ષ લીધો કે **''તાતેં જીવકુ બ્રહ્મસંબંધ અવશ્ય કરનો.''** આ જુઓ આપણા સંપ્રદાયની ગંગોત્રી છે. અહીંથી આપણા સંપ્રદાયની ગંગા વહી. આ શ્રીમહાપ્રભુજીનું પહેલું વચનામૃત છે. જે આપણને ચોરાસી વૈષ્ણવની પ્રથમ વાર્તામાંથી મળે છે.

***

# પ્રકરણ ૪ : બ્રહ્મસંબંધનું સ્વરૂપ

આપણે જોયું કે બ્રહ્મસંબંધ સંપ્રદાયની પૂર્વાવિધિ દીક્ષા છે અને દીક્ષા આપવાની જ્યારે મહાપ્રભુજીને આજ્ઞા થઈ, ત્યારથી પુષ્ટિભક્તિ સંપ્રદાય પ્રવર્તિત થયો. તેના પહેલા મહાપ્રભુજી દીક્ષા આપતા હતા પરંતુ તે પુષ્ટિભક્તિસંપ્રદાયની નહીં, વિષ્ણુસ્વામિસંપ્રદાયની દીક્ષા આપતા અથવા અષ્ટાક્ષરની દીક્ષા આપતા. દીક્ષાના પ્રવર્તનમાં જે મહાપ્રભુજીને ઠાકોરજીએ આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધ જીવોને આપો. એનાથી નિર્દોષ ભગવાનની સેવા કરવાનો અધિકાર સદોષજીવને મળી જશે. આના નિષ્કર્ષમાં શ્રીમહાપ્રભુજીના વચન **''જીવકુ બ્રહ્મસંબંધ અવશ્ય કરનો''** આ જોયું.

## ('બ્રહ્મસંબંધ' શબ્દ કેમ કહ્યો?)

આમાંથી જે તત્ત્વરૂપ મહત્ત્વપૂર્ણ વાત સમજવાની છે તે આ છે કે જે મેં પહેલા બીજા દિવસના પ્રવચનમાં બતાવી. આપે બ્રહ્મસંબંધ શબ્દ કહ્યો છે, પરમાત્મસંબંધ નથી કહ્યો, ભગવત્સંબંધ નથી કહ્યો, કૃષ્ણસંબંધ નથી કહ્યો, કોઈ દેવમૂર્તિસંબંધ નથી કહ્યો. આનો કોઈ એક વિશેષ અભિપ્રાય છે. હું તમને વિસ્તારથી પણ સમજાવવા માગું છું અને સંક્ષેપમાં પણ આપણે આનું સૂત્ર સમજી લઈએ. સંક્ષેપમાં સૂત્ર આનું એ છે કે કૃષ્ણ અને બ્રહ્મ આ કોઈ બે હકીકત નથી, હકીકત એકજ છે. તેના બે અલગ-અલગ પેહલુ છે. જેમ સોનું અને ઘરેણું. જે વખતે સોનાનું ઘરેણું બની ગયું, તે વખતે સોનું અને ઘરેણું કોઈ બે હકીકત નથી, હકીકત એકજ છે પરંતુ સોનાનો એક પેહલુ ઘરેણાનો છે અને ઘરેણાનો એક પેહલુ સોનાનો છે. એ બંને પેહલુઓને અલગ સમજવા પડશે. જેમ એક મકાન સમજી લો. તેમાં ઈંટ પથ્થર ચૂનો છે. ઈંટ પથ્થર ચૂનો એક અલગ વસ્તુ છે અને તેનાથી બનેલું મકાન એક અલગ વસ્તુ છે પરંતુ હકીકત બે નથી, હકીકત એકજ છે પરંતુ તેના પેહલુ બે થઈ ગયા.

## (કૃષ્ણનો જ પેહલુ બ્રહ્મ)

કૃષ્ણ જ બ્રહ્મ છે, આપણે જાણીએ છીએ કે **''પરં બ્રહ્મતુ કૃષ્ણો હિ સચ્ચિદાન્દકં બૃહત્''** (સિ.મુ.૩) **''પૂર્ણાનંદો હરિઃ તસ્માત્ કૃષ્ણએવ ગતિર્મમ''** (કૃષ્ણાશ્રય-૮) ભગવાને પણ ગીતામાં સ્વયં આજ્ઞા કરી છે

**"મયાઽધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરં હેતુના અનેન કૌન્તેય જગદ્ વિપરિવર્તતે"** (ભગ.ગીતા.૯/૧૦) અર્જુને પણ ભગવાનને આ કહ્યું છે **"પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ આહુસ્ત્વામ્ ઋષયઃ સર્વે દેવર્ષિનારદસ્તથા"** (ભગ.ગીતા.૧૦/૧૨) તમે પરબ્રહ્મ છો. આ તમે પણ કહી રહ્યા છો અને ઋષિ પણ કહી રહ્યા છે અને આ મને પણ માન્ય છે. તો કૃષ્ણ પરબ્રહ્મ છે પરંતુ પરબ્રહ્મ હોવું તેનો એક અલગ પેહલુ છે.

## (કૃષ્ણની પ્રાપ્તિ કેવળ અનન્યભક્તિથી)

એ પરબ્રહ્મનું શ્રીકૃષ્ણ હોવું એક બીજો પેહલુ છે. જો તમે ધ્યાનથી સમજો તો તમને ખ્યાલ આવશે કે બ્રહ્મનો જે કૃષ્ણવાળો પેહલુ છે તે આજે આપણને ઉપલબ્ધ નથી કેમકે કૃષ્ણ તો દ્વાપરમાં પ્રકટ્યા અને દ્વાપરાંતમાં પાછા સ્વધામ પધારી ગયા. કૃષ્ણનો જે પેહલુ આજે આપણને ઉપલબ્ધ છે, તે છે બ્રહ્મ હોવાનો. તેથી સંબંધ તો તેનીસાથે જ જોડાશે, જે વખતે જે પેહલુ ઉપલબ્ધ હોય. જેમ બગીચામાં એક ફૂલ ખિલેલું છે. મધમાખીને ફૂલ પહેલા ઉપલબ્ધ થાય છે કે ગંધ? ગંધ પહેલા થાય છે. એ ગંધના આધારે તે ફૂલને શોધી કાઢે છે. જેટલા કીડી-મકોડા છે, એમને સાકર(મીઠાસ) પહેલા ઉપલબ્ધ નથી થતી, સાકરની ગંધ પહેલા ઉપલબ્ધ થાય છે. અને એ ગંધ જ્યાંથી આવી રહી છે, ધીરે-ધીરે કીડીઓ ત્યાં એકઠી થઈ જાય. જે વસ્તુ ઉપલબ્ધ છે તેના આધારે તો અનુપલબ્ધને આપણે મેળવી શકીએ છીએ પરંતુ તે વસ્તુ ઉપલબ્ધ નથી, અનુપલબ્ધ છે, તેના આધારે કોઈ વસ્તુને મેળવવા જઈશું તો બહુ મુશ્કેલ કથા થઈ જશે. આ જ કારણથી કૃષ્ણનો જે બ્રહ્મ હોવાનો પેહલુ છે તે આપણને ઉપલબ્ધ છે, તે ક્યારેય અનુપલબ્ધ નથી થઈ શકતો. અને બ્રહ્મનો જે કૃષ્ણ હોવાનો પેહલુ છે, એ તો ભગવાન્ પોતે આજ્ઞા કરે છે કે **"ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમ્ એવંવિધોઽર્જુન જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ!"** (ભગ.ગીતા.૧૧/૫૪) એ તો ભક્તિવિના જલ્દીથી નહીં મળી શકે. ક્યાંય આકાશ-પાતાળમાં શોધો, ક્યાંય ખોદો કે ક્યાંય વિમાનમાં બેસીને જાઓ. તેમાં કૃષ્ણવાળો પેહલુ ક્યાંય નહીં મળે. એ તો અનન્યભક્તિ પ્રકટ થાય ત્યારે તે કૃષ્ણવાળો પેહલુ આપણને મળી શકે છે.

## (અનવતારકાળમાં કૃષ્ણનો બ્રહ્મવાળો પેહલુ જ ઉપલબ્ધ)

કૃષ્ણનો બ્રહ્મવાળો પેહલુ આપણને સદા સર્વદા ઉપલબ્ધ છે. એ ક્યારેય અનુપલબ્ધ થઇ નથી શકતો. **''તમેવ ભાન્તમ્ અનુભાતિ સર્વં તસ્યા ભાસા સર્વમ્ ઈદં વિભાતિ''** (મુંડકોપનિષદ્. ૨/૨/૧૧) તેનો પ્રકાશ સત્તા ચેતના આનંદ આ જગતમાં આપણને ઉપલબ્ધ છે. આ જ કારણથી આપણને આ બધું ઉપલબ્ધ થઇ રહ્યું છે. જો તેની સત્તા ન હોય તો જગતમાં કોઈની સત્તા ઉપલબ્ધ ન હોઈ શકે. જો તેની ચેતના ન હોય તો જગતમાં કોઇ ચેતના પ્રકટ ન થઇ શકે. તેનો જો આનંદ જગતમાં ઉપલબ્ધ ન હોય તો આપણને કોઇ વસ્તુમાં આનંદ ન મળી શકે. એ સચ્ચિદાનંદ પરબ્રહ્મ છે. **''પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ''** તેની સત્તા ચેતના અને તેનો આનંદ આપણને ઉપલબ્ધ છે પરંતુ તે ખુદ ઉપલબ્ધ નથી. બિલકુલ એજ પ્રકારથી જે પ્રકારથી બગીચામાં જઇ રહેલી મધમાખીને ફૂલની ગંધ ઉપલબ્ધ છે, અને ફૂલને માટે તો કેટલીય વખત એક-એક પાંદડા ઉપર, એક-એક વૃક્ષ ઉપર મંડરાવું પડશે. જ્યારે તે અહીં-તહીં મંડરાઈને શોધ કરી લે છે કે અહીંયા ફૂલ છે. અને જ્યાં ફૂલ છે, ત્યાં જઈને તે શાંતિથી બેસી જાય છે. આ પ્રકારે મંડરાયા વિના મધમાખીને પતંગીયાને ફૂલ મળતું નથી. ક્યારેક શાંતિથી બેસીને જોજો કે પતંગીયુ ફૂલઉપર બેસવા માટે કેટલો પ્રયાસ કરે છે! અહીં જાય ત્યાં જાય બે ઘડી પણ ચુપ ન બેસી શકે. કેટલો ભીષણ પ્રયાસ કરે ત્યારે જઈને તેને ફૂલ મળે છે. જલ્દીથી ફૂલ નથી મળતુ, ગંધ મળે છે. આ જ પ્રકારથી કૃષ્ણની જે ગંધ છે બ્રહ્મ, તે આપણને મળી જાય છે. તેની સત્તાની ચેતનાની આનંદની ગંધ આપણને ઉપલબ્ધ છે આ આધારે આપણે મંડરાવવું શરૂ કરશું, એ સત્તાને માટે, એ ચેતનાને માટે, એ આનંદને માટે. એ મંડરાવાની પ્રક્રિયામાં જ્યારે આપણું હૃદય ભક્તિની અનન્યતાને પ્રાપ્ત કરશે, તે વખતે કૃષ્ણ મળશે. આપણે એમ વિચારીએ કે સહસા કૃષ્ણ મળી જાય તો સહસા કૃષ્ણ નથી મળતો, બ્રહ્મ મળે છે. આ જ કારણથી આપણે ત્યાં બહુ સાવધાનીથી આ બધી વાત કહેવામાં આવી છે કે **''બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ''** બ્રહ્મસંબંધ થવો જોઈએ.

## ('બ્રહ્મસંબંધ'નો વિચાર[૧-૭])

'બ્રહ્મસંબંધ'નો મતલબ શું? જેમ આમાં એક શબ્દ છે, બ્રહ્મ, બીજો

શબ્દ છે, સંબંધ અને ત્રીજો શબ્દ છે, કરણ. **“તાસું બ્રહ્મસંબંધ અવશ્ય કરનો”** જે સિદ્ધાંતરહસ્યમાં પંક્તિ આવી છે તેનોજ અનુવાદ અહીં આવ્યો છે.

## ([1]બ્રહ્મની સાથે સંબંધ થવાછતાં પણ બેધ્યાનપણાથી અસંબંધતા)

જે પ્રભુએ આજ્ઞા કરી કે “બ્રહ્મસંબંધકરણાત્” તો સવાલ એ પેદા થયો કે બ્રહ્મસંબંધ જો બ્રહ્મ ઉપલબ્ધ છે તો કરીશું કેવીરીતે? અને જો કરી રહ્યા છીએ તો મતલબ ઉપલબ્ધ ન હોવો જોઈએ આવી શંકા થાય છે. તો આપણે એક વાત ધ્યાનમાં રાખવી પડશે અને તે બિલકુલ મધમાખીવાળી જ વાત છે. મધમાખીને આપણે ધ્યાનમાં રાખીએ તો બધી વાત સમજમાં આવી શકે છે કે ફૂલની ગંધ તો મધમાખી આવે ત્યારે ઉપલબ્ધ હોય એવું નથી. એ તો મધમાખી ન્હોતી આવી ત્યારે પણ ઉપલબ્ધ હતી પરંતુ જ્યારે તે શોધશે ત્યારે તેને ગંધ મળશે.

## ([2]ઉપલબ્ધ સામર્થ્યના બેધ્યાનપણાથી અનુપલબ્ધિ)

હનુમાનજીમાં એ સામર્થ્ય ઉપલબ્ધ હતુ કે તેઓ સમુદ્રને ઓળંગી શકે. પરંતુ જ્યાં સુધી એ યાદ ન દેવડાવ્યું કે “મહારાજ! આપ વાયુના પુત્ર છો. આપ આ રીતે નિરાસ કેમ બેઠેલા છો કે સમુદ્રને કોણ ઓળંગશે?” ત્યારે તો સમુદ્ર જ ન ઓળંગ્યો , આખી લંકા બાળી દીધી. સામર્થ્ય ઉપલબ્ધ હતું પરંતુ જ્યાં સુધી આપણે તેના તરફ અભિમુખ ન થઈએ, ત્યાં-સુધી જે સામર્થ્ય આપણામાં છે, એ સામર્થ્ય આપણામાં કામ કરવાનું શરૂ નથી થતું. આપણામાં રહેલા સામર્થ્યની તરફ જ્યાં સુધી આપણે અભિમુખ નથી થતાં, ત્યાં-સુધી એ સામર્થ્ય પ્રકટ નથી થતું. જેમ બાળક બુદ્ધિમાન હોઈ શકે છે પરંતુ દરેક વખતે તેને સમજાવવો પડશે, પીઠ થાબડવી પડશે કે બેટા તું બુદ્ધિમાન છે. ધીરે-ધીરે તે સમજી જશે કેમકે તેનામાં સામર્થ્ય તો ઉપલબ્ધ છેજ. તે તેનામાં કામ કરતું થઈ જશે અને જો આખો દિવસ તેને કહી રહ્યા છો કે તું તો મુર્ખ છો, શું કરીશ તું? તારાથી થવાનું શું છે? તો તેનામાં જે ઉપલબ્ધ સામર્થ્ય હશે, તે પણ ધીરે-ધીરે શાંત થઈ જશે. દરેક વખતે આ જ સિદ્ધાંત કામ કરે છે. તેવીજ રીતે

બગીચામાં ફૂલ ઉપલબ્ધ છે અને આપણે ફૂલ સુંઘવા નથી માગતા. સંસ્કૃતમાં એક બહુ મજેદાર કહેવત છે ''વને પુષ્પે સમાકીર્ણે'' જંગલમાં ફૂલોની સુગંધ પણ આવી રહી હોય છે પરંતુ ભૂંડ તો દુર્ગંધ જ શોધે છે કે દુર્ગંધ ક્યાંથી આવી રહી છે? ઉપલબ્ધ તો બંને વસ્તુ છે ને! જે કાંઇ માણસ શોધશે એજ તો તેને મળશે ''જિન ખોજા તિન પાઈયાં ગહરે પાની પૈઠ.'' ઉપલબ્ધ બધુંજ કાંઇ છે પરંતુ મળશે તો એજ જે આપણે શોધી રહ્યા છીએ. તેવીજ રીત બ્રહ્મની સત્તા, જગતની સત્તામાં ઉપલબ્ધ છે. આપણી ચેતના છે તે બ્રહ્મની ચેતનાનો એક ભાગ છે. બિલકુલ એજ રીતથી જેમ ઘરેણાની સત્તા સોનાની સત્તાનો એક ભાગ છે. સોનાના તો ઘરેણા છે. માનો કે સોનું વરાળની જેમ ઉડી ગયું તો ઘરેણું પણ નહીં રહી જાય. જેમ કપૂરની પડીકી આપણે બાંધીએ તો એ પડીકી જ રહી જાય છે અને કપૂર ગાયબ જઈ જાય છે.

## ([3]સત્તા ચેતના આનંદ ની હકીકત એટલે બ્રહ્મ)

બનારસમાં સંસ્કૃત વિદ્યાપીઠમાં હું એક વખત ગયો. ત્યાં ઘણાં હસ્તલિખિત ગ્રંથ રાખવામાં આવેલા છે. મેં એમને કહ્યું કે મારે એક હસ્તલિખિત ગ્રંથ જોઈએ છે. એમણે કહ્યું કે ગ્રંથ તો છે પરંતુ ગ્રંથને બદલે હવે ફક્ત ઈંટ બાંધવામાં આવેલી છે. બાંધવામાં આવેલો ગ્રંથ તો દૂરથી જોવામાં આવી રહ્યો હતો પરંતુ ત્યાં ગ્રંથ ગાયબ હતો. ફક્ત ઈંટ બાંધીને રાખવામાં આવી હતી. આ વાત કેમ સંભવ છે કેમકે ગ્રંથ એક અલગ હકીકત છે અને તેના ઉપર બાંધવામાં આવેલો એ પટ્ટો અથવા કપડું એક અલગ હકીકત છે. તો આ જ પ્રકારથી ગ્રંથ ગાયબ થવા છતાં પણ લપેટવામાં આવેલું વસ્ત્ર આપણને દેખાઈ શકે છે, એજ પ્રકારથી આત્માના ગાયબ થયા પછી શરીર શબના રૂપમાં તો આપણને દેખાય જ છે. કેમ દેખાય છે કેમકે આત્મા એક અલગ હકીકત છે અને દેહ કોઈ અલગ હકીકત છે પરંતુ બ્રહ્મ અને જગત્ કોઈ અલગ હકીકત નથી. જે બ્રહ્મની હકીકત છે, એજ જગતની હકીકત છે. જે સોનાની હકીકત છે એજ ઘરેણાની હકીકત છે. સોનું જો ગાયબ થઈ ગયું તો ઘરેણું મળતું નથી. આજ રીતથી બ્રહ્મની જે ચેતના છે તેના અંશરૂપથી આપણી ચેતના છે. આપણી ચેતના કોઈ અલગ ચેતના નથી. ફરક એટલોજ છે, જેમ એક આખું તળાવ છે અને એ તળાવમાં ઉલળેલો એક બિન્દુ છે. એવીજ રીતે આપણી

ચેતના પારમાત્મિક ચેતનાના તળાવનું બિંદુ છે. બિંદુ હોવાને કારણે આપણે આપણી ચેતનાને જ્યારે ધ્યાનથી જોઈશું, તો બ્રહ્મની ચેતના આપણને અનુભૂત થઈ શકે છે. તે જોઈશું ત્યારે અનુભૂત થઈ શકશે, જોયા વિના તો નહીં થઈ શકે. ઉપલબ્ધ છે પણ દેખાશે નહીં. ક્યારેક બહુજ તેજ પ્રકાશ આવતો હોય અને આપણે આંખને સ્થિર કરી દઈએ તો આંખની આગળ વાળ જેવા તરતા દેખાય છે. વિજ્ઞાનના હિસાબથી એ વાળ જેવી વસ્તુ આંખની અંદર જે દ્રવ્ય ભરેલું છે તેમાં તરી રહેલા રેશાઓ તરી રહ્યા છે. તે આપણને દેખાઈ નથી શકતા. જ્યાં સુધી આપણે કોઈ વસ્તુને જોઈ રહ્યા છીએ ત્યાં સુધી તે દેખાઈ નથી શકતા. જ્યારે આપણે આપણી દૃષ્ટિને કોઈ વસ્તુ ઉપર નિર્વિષય બનાવી દઈએ તો તે આંખની અંદર રહેલી વસ્તુ પણ દેખાવી શરૂ થાય છે, એ શરતે કે પ્રકાશ તેજ હોવો જોઈએ. તેને સંસ્કૃતમાં 'કેશોંડુક' કહેવામાં આવે છે. નાના-નાના વાળના જેવા આંખમાં તરી રહેલા રેશાઓ. આંખ હલાવી તો તેજીથી તરે છે. આ રેશાઓ દરેક વખતે આપણી આંખની સામેજ છે, પરંતુ દેખાતા કેમ નથી? જ્યારે આપણે તેને જોવાનો પ્રયાસ કરીએ અને જોવાની મનઃસ્થિતિ હોય ત્યારેજ દેખાય છે. એવી રીતેજ જેમ આપણી નાડી હાથમાં ચાલે છે તેવીજ રીતે કાનની પાસે પણ ચાલે છે. ક્યારેક તકીયા ઉપર સુતી વખતે ધ્યાન આપો, તો તેની ધક-ધક એટલી તેજ સંભળાવા લાગશે કે ઉંઘ આવતી બંધ થઈ જશે. આ આવો ચમત્કાર પ્રભુનો છે કે તેના ઉપર આપણે ધ્યાન નથી આપતા. જેમ ચાલતી નાડી ઉપર આપણે ધ્યાન નથી આપતા. કુતરો ભસે, ગાડીનું હોર્ન વાગે તો આપણું ધ્યાન જાય પરંતુ આપણી નાડીની ધક-ધક આપણને નથી સાંભળવામાં આવતી. જ્યારે બહુ પરેશાન હોઈએ અને તકીયા ઉપર માથું રાખીએ અને ધ્યાન ત્યાં ચાલ્યું જાય, તો તે સંભળાવી શરૂ થઈ જાય. તેવીજ રીતે બ્રહ્મની સત્તાની સાથે, બ્રહ્મની ચેતનાની સાથે, બ્રહ્મના આનંદની સાથે આપણો સંબંધ ઉપલબ્ધ છે, પરંતુ ધ્યાન નથી આપ્યું.

### ([૪]બ્રહ્મની સત્તા ચેતના અને આનંદ ઉપર ધ્યાનની આવશ્યકતા)

ધ્યાન અપાવવા માટેજ અહીં ''બ્રહ્મસંબંધકરણાત્'' કહેવામાં આવી રહ્યું છે. સંબંધ ઉપલબ્ધ છે, એ ઉપલબ્ધ સંબંધને પણ જ્યારે તમે ધ્યાન આપશો તો તે ધ્યાનમાં આવશે. નહીં તો ચાલી તો રહ્યોજ છે. ઘણીવખત એક

વાત જુઓ કે દરેક વ્યક્તિ કુતુબમિનારની સીઢિઓ(પગથીયા) જઈને ગણે છે, પોતાના ઘરની સીઢી કોઈ ગણે? જો હું તમને પૂછું કે તમારા ઘરમાં કેટલી સીઢિઓ છે? તો મુશ્કેલીથી એકાધાએ ગણી હોય તો બતાવશે. કુતુબમિનારના પગથીયા ત્યાં જાય તો બધા ગણે, ગિરનાર જાય તો ત્યાંના પગથીયા ગણે, મનસાદેવી જાય તો ત્યાંના પગથીયા ગણે પરંતુ ઘરના પગથીયા નથી ગણતા. એવીજ રીતે બ્રહ્મની સત્તા, બ્રહ્મની ચેતના, બ્રહ્મનો આનંદ આપણને ઉપલબ્ધ છે પરંતુ આપણે ઘરકી મુર્ગી દાલ બરાબર કરીને રાખ્યું છે. આપણે વિષયની સત્તા, વિષયની ચેતના , વિષયનો આનંદ, કામ ક્રોધ લોભ મોહ ની ચેતના, સુખ-દુઃખની ચેતના, આને ખૂબજ ધ્યાનથી જોઈએ છીએ, બહુજ ધ્યાનથી સમજીએ છીએ, ખૂબજ ધ્યાનથી તેની મજા લઈએ છીએ પરંતુ મજા લેવામાં જે બ્રહ્મની ચેતના છે તે ખોવાઈ ગઈ છે. તેના ઉપર આપણું ધ્યાન નથી જતું. ખાવાનું પહેરવાનું ઓઢવાનું સુખ, આ બધા સુખો ઉપર ધ્યાન જાય છે. આ બધા સુખોની વાસના કામના પેદા થાય છે, આ બધા સુખોનો આપણને આનંદ મળે છે પરંતુ આ સુખ જે પરમાનંદનો અંશ છે એ પરમાનંદના આનંદ ઉપર ધ્યાન જવું બહુ કઠિન છે. જે મેં તમને કાલે વાત બતાવી કે ''તૂ જો કહત હે વો નાહીં નિકરત'' એ ડોકરીને કહ્યું કે રામ નામ બોલ. આટલું તો બોલી કે ''તૂ જો કહત હે વો નાહીં નિકરત'' પરંતુ 'રામ' નામ જેટલું નાનું નામ ન બોલી શકી. તકલીફ માણસની આ વાતની છે કે આપણને જે ઉપલબ્ધ છે તેના ઉપર ધ્યાન જલ્દીથી નથી જતું.

હું મારી વાત બતાવું બીજાની શું બતાવું! મારૂં આ નાક વાંકું છે. આ મને છત્રીસ વરસની ઉંમરે ખબર પડી. જ્યારે એક માણસે મારા ઉપર લેખ લખ્યો કે ગોસ્વામીનું નાક વાંકું છે. મેં કહ્યું કે શામાટે આ વાંકું નાક બતાવે છે. રાતે મેં કાચમાં જઈને જોયું તો ખરેખર વાંકું હતું. હવે જુઓ નાક છત્રીસ વરસની ઉંમર સુધી મેં હજારો વખત જોયું હશે પરંતુ પોતાનું નાક આવીરીતે ન્હોતું જોયું કે વાંકું છે કે સીધું. તેને દેખાઈ ગયું અને એણે લેખ પણ લખી દીધો કે ગોસ્વામીજીનું નાક વાંકું છે. નાક પોતાનું ક્યારેય ધ્યાનથી જોયું નહીં. નાક તો જોવુંજ જોઈએ પરંતુ ન જોયું છત્રીસ વરસ સુધી.

માણસની તકલીફ આ છે કે જે વસ્તુ સહજ ઉપલબ્ધ છે તેના ઉપર

માણસનું ધ્યાન નથી જતું. જેમ મા-બાપનો પ્રેમ આપણને સહજ ઉપલબ્ધ હોય છે. બહુ મુશ્કેલીથી બાળકોને સમજમાં આવે છે કે મા-બાપ આપણને કેટલા ચાહે છે. મા-બાપ થોડાક છૂટ્ટા પડી જાય ત્યારે થોડું સમજમાં આવે. નહીંતર આવતું નથી કેમકે સહજ ઉપલબ્ધ છે. સહજતા બહુજ સારી વસ્તુ છે પરંતુ તેની સાથે આ દુઃખ જોડાયેલું છે કે જે વસ્તુ સહજ છે તેના ઉપર આપણું ધ્યાન નથી જતું. પુષ્ટિમાર્ગમાં મહાપ્રભુજીના બધા સિદ્ધાંત આપણને સહજ ઉપલબ્ધ છે પરંતુ આપણને ખ્યાલમાં નથી આવતા. બાકી આખા ગામભરના સિદ્ધાંત ખ્યાલમાં આવી જાય. પુષ્ટિમાર્ગની તકલીફ આ જ છે કે મહાપ્રભુજી બધા સિદ્ધાંતો લખી ગયા પરંતુ સહજતાને કારણે પુષ્ટિમાર્ગીઓને ખ્યાલમાં ન આવે કે શું સિદ્ધાંત છે. દરેક સહજતાની સાથે આ તકલીફ છે.

## ([૫]બ્રહ્મસંબંધના ભાવોદ્બોધનથી બ્રહ્મતાની પ્રાપ્તિ)

આ તકલીફ માણસનો સ્વભાવ છે અને એને કારણે બ્રહ્મની સત્તા, બ્રહ્મની ચેતના, બ્રહ્મનો આનંદ આપણને ખ્યાલમાં ન આવે. તેથી **"બ્રહ્મસંબંધકરણાત્"**આ પ્રભુએ આજ્ઞા કરી. બ્રહ્મસંબંધ જે તમને ઉપલબ્ધ છે તેના તરફ તમે ધ્યાન આપો, તમારો બ્રહ્મસંબંધ થશે. આ બ્રહ્મસંબંધ તમારો થયો તો મહાપ્રભુજી કેટલી સુંદર વાત કહી રહ્યા છે કે **"ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ"** (સિ.ર.૮) ગંગામાં યમુના જેવી કેટલી નદી મળી ગઈ! એવી વાત નથી, કોણ જાણે કેટલી ગટર પણ મળી ગઇ પરંતુ જે પણ ગંગામાં મળી તે ગંગા થઇ ગઇ. આ પ્રકારથી જ્યારે પણ બ્રહ્મની સત્તાપર ચેતનાપર આનંદપર તમારૂં ધ્યાન ગયું, તો જે કાંઈપણ દુનિયાના સદોષ કે નિર્દોષ પદાર્થ છે તેમાં બ્રહ્માત્મકતા પ્રકટ થઈ જશે. અને આ બ્રહ્માત્મકતા પ્રકટ થઈ, તો પછી સદોષ અને નિર્દોષ નો સંબંધ કેવીરીતે થઈ શકે, આ સમસ્યા બહુ ગંભીર નહીં રહી જાય. કેમ? જેમ નરસીમહેતા બહું સુંદર વાત કહે છે કે "બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે" 'લટકા' એટલે ખેલ. બ્રહ્મ, બ્રહ્મની સાથે ખેલ કરી રહ્યો છે. એક બ્રહ્મ નિર્દોષ છે, એક બ્રહ્મ સદોષ થઈ ગયો છે. જે સદોષ થઈ ગયો છે એ નિર્દોષને ચાહી રહ્યો છે. જે નિર્દોષ છે એ સદોષના ઉપર કૃપા કરી રહ્યો છે. એક પ્રકારનો

સહજ સંબંધ તેમાંથી ખીલશે. બ્રહ્મસંબંધની ભૂમિ એવી ઉપજાઉ ભૂમિ છે, જેમાંથી ભક્તિની ફસલ પેદા થઇ શકે છે. અને એ ફસલ કોઇ કૃત્રિમ ખાતરવાળી નહીં હોય. પરંતુ જમીનની ખુદની ઉર્વરા શક્તિવાળી ખાદ હશે. જેમ આપણે રસાયણ નાખી-નાખીને કૃત્રિમ ખાતર બનાવીએ અને તેમાં આપણને કેટલાય નુકશાન થઇ જાય. એ રીતથી જમીનની ઉર્વરાશક્તિમાંથી જે ફસલ પેદા થઈ રહી છે તેમાં કોઇ નુકશાન થવાની સંભાવના નથી. તેમાં દસ વખત પણ ફસલ ઉગે તો પણ જમીનનો ખારયુક્ત થવાનો પ્રશ્ન નથી ઉભો થતો. આપણે કૃત્રિમ ખાતર નાખી-નાખીને ફસલ પેદા કરીએ તો ત્રણ-ચાર વખતમાં એ જમીન ખારયુક્ત થઇ જાય કેમકે આપણે બધો પ્રયાસ કૃત્રિમ કર્યો. આવા બધા કૃત્રિમ પ્રયાસ જો આપણે ભક્તિના કરશું, તો આપણું હૃદય અનુર્વરક થઇ જશે. બ્રહ્મસંબંધનો પ્રયાસ અકૃત્રિમ ખાતરદ્વારા હૃદયની ભૂમિપર ભક્તિની ફસલ ઉગાડવાનો પ્રયાસ છે. બ્રહ્મસંબંધના કરણની પ્રક્રિયા છે તેમાં આપણી ભીતર રહેલી જે સહજ ઉર્વરાશક્તિ છે તેમાં જો આપણે ભક્તિની ફસલ ઉગાડી તો ન તો આ ખતમ થશે અને ન તે ખતમ થશે. નિરંતર ભક્તિનો પ્રવાહ ચાલતો રહેશે. **''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ, તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ''** (સિ.ર.૭) બધુંજકાંઇ બ્રહ્માત્મક બની જશે.

**''બ્રહ્માર્પણં બહ્મહવિઃ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્, બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના''** (ભગ.ગીતા.૪/૨૪) આ વાત આપણને શાસ્ત્રએ બતાવી છે, એ પ્રકારની બ્રહ્માત્મકતાનો બોધ આપણને થશે. જેમ આપણે મથુરા જઈને યમુનાજીનું પૂજન કરીએ. ત્યારે સૌથી પહેલા યમુનાજીના ઘાટને સાફ કરીએ. પાણી ક્યાંથી લાવીએ, એજ યમુનાજીમાંથી એક લોટી લઇને યમુનાજીના ઘાટને સાફ કરવામાં આવે. એ સાફ કરેલા ઘાટઉપર તિલક કરીએ, ફૂલ ચઢાવીએ, જલ-ભોગ ધરવામાં આવે. જલ-ભોગ ક્યાંથી ધર્યો? એ જ યમુનાજીમાંથી લોટી ભરીને યમુનાજીને ભોગ ધરવામાં આવે. પછી યમુનાજીની પ્રાર્થના કરવામાં આવે છે કે આ જલને આપ આરોગો. આ જુઓ, આરોગવાવાળા, આરોગાવવા જનારો, સાફ કરવાવાળો બધુંજ યમુનાત્મક થઇ જાય છે. એમ બધુંજ કાંઇ બ્રહ્માત્મક થવાથી સદોષ-નિર્દોષના જે ભેદ છે, તે બધા વહી જશે. આ ભેદ ચર્મરાઇ જશે. આ ભેદ બહુ વિકરાળ બનીને સામે

આવે છે કે સદોષ અને નિર્દોષ નો સંબંધ કેવીરીતે થઈ શકે છે. પરંતુ એક વખત બ્રહ્માત્મકતાની દષ્ટિથી જુઓ.

### (૬ બ્રહ્મસંબંધ, નાટક હકીકત અને લીલા પણ છે–દષ્ટિભેદથી ભાવભેદ)

અમારા એક પરિચિતે કહ્યું કે "મહારાજ! આ શું નાટક છે કે તમે બ્રહ્મસંબંધ કરાવો છો?" મેં કહ્યું કે "આ જ તો જીવનનું સૌથી મોટું નાટક છે. આ નાટકને ખેલવાનું જે ન જાણે તો નાટક છે અને ખેલવાનું જાણે તો લીલા છે. જ્યારે બ્રહ્મજ બ્રહ્મની સાથે ખેલી રહ્યો છે, બ્રહ્મ જ પેદા થઈ રહ્યો છે, બ્રહ્મ જ પેદા કરવાવાળો છે, બ્રહ્મ જ પાલન કરવાવાળો છે, બ્રહ્મ જ પાલિત થઈ રહ્યો છે તો બ્રહ્મનો સંબંધ બ્રહ્મથી જ તો કરવો પડશે ને! અને સમજો કે આ નાટક છે તો નાટકમાં ડરવાની વાત શું છે? તમે નાટક નથી જોતા શું? દુકાન ઉપર તમે બેસો છો તો નાટક નથી કરતા ગ્રાહક સાથે! અરે ભાઈ ગ્રાહકસાથે નાટક નહીં કરો તો દુકાન જ નહીં ચાલે. કાંઈક તો નાટક કરવું જ પડશે. તમે મોટા સત્યવાદી હરિશચન્દ્ર હો તો પણ ગ્રાહકસાથે થોડું નાટક તો કરવુંજ પડશે. નહીં તો દુકાન ચાલશે જ નહીં. દુકાનનું નાટક જો વાંધાજનક નથી લાગતું, ઘરના નાટક જો વાંધાજનક નથી લાગતા તો બ્રહ્મસંબંધનું નાટક, બ્રહ્મની સાથે સંબંધનું અમારૂં નાટક તમને કેમ વાંધાજનક લાગે છે! શું બ્રહ્મથી તમને તકલીફ છે કે અમારાથી તકલીફ છે. આ ખુલાશો કરો. નાટક છે તો કાંઈ ગભરાવાની વાત નથી પરંતુ નાટક તો આ છે જ નહીં આ તો લીલા છે. આમાં નાટકનો પ્રશ્ન જ નથી.

કોઈ આને નાટક પણ કહેતો હોય તો ગભરાવાની વાત નથી. કેમકે આપણા ઠાકોરજી પણ નટવર છે. નાટક છે તો **"બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં બિભ્રદ્ વાસઃ કનકકપિશં વૈજયંતીં ચ માલાં રન્ધ્રાન્ વેણોર્ અધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ"** (ભાગ.પુરા.૧૦/૧૮/૫) આપણા ઠાકોરજી સ્વયં નટવર બન્યા છે. નટવર બનીને તે જો નાટક કરી રહ્યા છે તો આપણને નાટક કરવામાં તકલીફ શું હોઈ શકે છે? જ્યારે એ નાટક કરી રહ્યો છે તો આપણે પણ નાટક કરવું જોઈએ. એક વાત સમજો કે નાટકમાં એક રાવણ બન્યો છે અને એ સીતાજીને હરી જઈ રહ્યો છે. હવે જો તમને દુઃખ નથી થઈ રહ્યું તો તમને

રામલીલાની મજા જ નહીં આવે. જો તે વખતે તમે તમારા જ્ઞાનનો વઘાર લગાવી રહ્યા છો કે આ તો બધું નાટક છે, મતલબ તમારે રામલીલા જોવી નથી. અથવા તેનો આનંદ નથી લેવો. આનંદ લેવા માટે તો તમારે નાટકમાં ભાગ લેવો પડશે. જ્યારે રાવણ સીતાજીને હરી રહ્યો છે ત્યારે તમારે દુઃખી થવું પડશે. તમે કહી રહ્યા છો કે દુઃખી થવું નાટક છે. એ જે નાટક છે કે ત્રેતાયુગમાં રાવણ સીતાજીને હરી ગયો તો આજે રામલીલા શા માટે? એ નાટક ચાલી રહ્યું છે અહીં. આપણે દુઃખી પણ થવું પડશે. રામચંદ્રજી રાવણને દશેરાના દિવસે મારી નાખે છે. આપણે પણ એવું કરીએ છીએ કે રાવણને જલાવી દઈએ છીએ. ભગવાને જ્યારે એ નાટક કર્યું તો આપણને શું તકલીફ છે! નાટકથી ગભરાવાની વાત નથી. આખું જીવન જ એક નાટક છે. બલ્કે હકીકત તો અહીં સુધી છે કે દરેક માઁ પોતાના બાળકને થપથપાવે અને કહે કે મારો દિકરો બધાથી સારો, બધાથી પ્યારો. બધાથી સારો દિકરો હોય કોઈ દુનિયામાં? આ નાટક છે તો તે વાત્સલ્યનું નાટક છે પરંતુ એ વાત્સલ્યના નાટકથી માં અને દિકરા ના સંબંધની કેટલી પવિત્રતા ઉભરાઈને આવે છે! હવે આ સમયે કોઈ જઈને માંને ટોકે કે આ તો નાટક કરી રહી છો, આ તો કાળો છે બદસૂરત છે. નાટક તો છે પરંતુ એ નાટકમાં માતાનું વાત્સલ્ય અને માતાના એ પ્રકારથી થપથપાવતા બાળકને આવી રહેલી ઉંઘ કેટલી સરસ હોય છે આ ક્યારેય વિચાર્યું? ઉંઘ આવી રહી હોય એવા બાળકના હૃદયમાં આત્મવિશ્વાસ કેવો જાગે છે, આ ક્યારેય વિચાર્યું? જેની માં બાળકને થપથપાવે નહીં અને જેની માં થપથપાવીને સૂવડાવે, એમાં કેટલો ભેદ છે આ ક્યારેય જોયું? શિવાજી મહારાજ કેમ આટલા મહાન બન્યા? ઈતિહાસ વાંચીને જુઓ કે એમની માં એમને દરરોજ થપથપાવતી હતી કે તૂં અન્યાયનો પ્રતિકાર કરીશ, તૂં મારો રાજા બેટા છે, તૂં મોટો વીર થશે, તૂં મોટો શૂર થશે આમ રોજ થપથપાવતી માતા. એક દિવસ એવો આવ્યો કે શિવાજી અન્યાયના વિરૂદ્ધ ખડા થઈ ગયા. હવે આ નાટક હતું કે હકીકત? જ્યારે માં થપથપાવી રહી હતી ત્યારે નાટક હતું અને જ્યારે શિવાજી તલવાર લઈને અન્યાયની વિરૂદ્ધ ખડા થયા તો તે હકીકતથી પણ વધારે મોટી હકીકત બની ગઈ. તેવીજ રીતે આપણે ભગવાની સાથે બ્રહ્મસંબંધનું નાટક હોય તો નાટક, લીલા હોય તો લીલા કરો, હકીકત હોય તો હકીકત કરો.

**(ै "તાસુ બ્રહ્મસંબંધ અવશ્ય કરનો" સદ્‌ભક્તિનું કારણ)**

જે કરવું હોય તે બ્રહ્મની સાથે કરો. બસ આ વાત છે.

વાઈસ્તા ઈસસે હો મુહબ્બત હી ક્યોં ન હો.
કીજૈ હમારે સાથ અદાવત હી ક્યોં ન હો.

ઝઘડો પણ થાય અને પ્રેમ પણ થાય તો તારી સાથે. નાટક હોય હકીકત હોય તો તારી સાથે. કેમ? જ્યારે એ બ્રહ્મમાંથી સૃષ્ટિ પ્રકટ થઈ છે અને એ નાટક કરી રહ્યો છે તો આપણને નાટકમાં શું તકલીફ હોઈ શકે છે! આમ જોઈએ તો જીવનમાં કેટલા નાટક ચાલી રહ્યા છે. દરેક વ્યક્તિ સવારથી સાંજ સુધી કેટલાય નાટક તો કરી રહ્યો છે. જ્યારે બધા નાટક જીવનમાં ચાલી રહ્યા છે તો એક બ્રહ્મની સાથે ચાલતું નાટક આપણને કેમ તકલીફ આપી રહ્યું છે! આ આપણને સમજમાં નથી આવતું. મનમાં આશ્વસ્ત રહો કે જો બ્રહ્મસંબંધ એક નાટક છે તો કોઈ ચિંતાની વાત નથી. નાટક નથી, હકીકત છે, તો બહુ સારી વાત છે. હકીકત નથી, લીલા છે તો બહુ મધુર વાત છે. જો તે પુષ્ટિમાર્ગની દીક્ષા છે તો એ દીક્ષાથી આપણે અનુપ્રાણિત થવું છે. **"બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ સહજા દેશકાલોત્થાઃ લોકવેદનિરૂપિતાઃ સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મંતવ્યાઃ"** (સિ.૨.૨-૩) સેવામાં આ દોષ આડા નહીં આવે. આ વાતનો ખુલાશો કાલે પરમદિવસે કરી દીધો હતો. આ જ કારણથી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"તાસુ બ્રહ્મસંબંધ અવશ્ય કરનો"**

આપણે બ્રહ્મસંબંધના સ્વરૂપને સમજવાનો પ્રયાસ કર્યો. જે તેમાં મુખ્ય વાત મેં તમને બતાવવા માગી તે આ હતી કે બ્રહ્મસંબંધને કારણે જો ભક્તિ પનપી રહી છે તો તે ભક્તિ સદ્‌ભક્તિ હશે. નહીંતર જે પ્રકારની ભક્તિ મહાપ્રભુજી પસંદ કરે છે, આમ તો તેનું પનપવું નિશ્ચિત નથી, અનિશ્ચિત છે. તેના ઉદાહરણમાં મેં તમને સમજાવ્યું કે જે સહજ ઉપલબ્ધ છે તેમનાથી જે અનુપલબ્ધ છે તેને આપણે ઓળખી શકીએ છીએ. જેમ કલકત્તામાં કે મુંબઈમાં સૂર્યોદય કે સૂર્યાસ્ત થઈ રહ્યો છે (આજકાલ ટી.વી.માં આવી જાય તે એક અલગ કથા છે) તે અહીં કિશનગઢમાં સહજ ઉપલબ્ધ નથી કે ત્યાં સૂર્યોદય

કે સૂર્યાસ્ત કેવી રીતે થઈ રહ્યો છે! પરંતુ આપણા ક્ષિતિજમાં સૂર્યોદય કે સૂર્યાસ્ત કેવી રીતે થઈ રહ્યો છે, તે આપણને સહજ ઉપલબ્ધ છે. એ જે સહજ ઉપલબ્ધ સૂર્યોદય કે સૂર્યાસ્ત છે તેનાથી આપણે મુંબઈ કે કલકત્તા માં પણ આનું થોડું અનુમાન લગાવી શકીએ છીએ, જો અનુપલબ્ધ હોય તો.

***

# પ્રકરણ : ૫ બ્રહ્મસંબંધથી નિષ્કામ અને સહજ ભગવદ્ભક્તિની યાત્રા

## (બ્રહ્મની સાથે આપણા અને જડ જગત્‌ના સંબંધનું સ્વરૂપ)

બ્રહ્મ પરમાત્મા ભગવાન્ કૃષ્ણ કે ઘરનો ઠાકુર એમ પાંચનું ચક્ર મનમાં વિચારો તો આમાં એક વાત સમજવાની છે કે બ્રહ્મનો અને આપણો સંબંધ કેવીરીતનો છે? તે મેં તમને બતાવ્યું કે જેમ સોના અને ઘરેણાનો હોય. શાસ્ત્ર આને ઘણા પ્રકારથી સમજાવે છે. આગ અને તણખલા ના જેવા સંબંધથી પણ સમજાવે છે. **"તદ્ યથાગ્નેઃ ક્ષુદ્રાઃ વિસ્ફુલિંગા વ્યુચ્ચરન્તિ એવમેવ અસ્માદ્ આત્મનઃ સર્વે પ્રાણાઃ, સર્વે દેવાઃ વ્યુચ્ચરન્તિ"** (બૃહદા.ઉપ.૨/૧/૨૦) આગમાંથી તણખો નિકળે અથવા આજે આપણે જે ફટાકડા ફોડીએ તો તેમાંથી જેમ ફુવારા નિકળે! આ બધા મૉડલ્ છે સમજવા માટે. બ્રહ્મનો અને જીવનો જે સંબંધ છે, બ્રહ્મનો અને જગતનો જે સંબંધ છે, તેને પૂર્ણ રીતથી નહીં પરંતુ થોડો-થોડો સમજી શકીએ છીએ. આપણે આને સોના અને ઘરેણાના ઉદાહરણથી આવી રીતે સમજી શકીએ. સોનું એક તત્ત્વ છે અને ઘરેણું તેમાંથી પ્રકટ થતું એક રૂપ છે, અલગ નામ અથવા રૂપમાં. પહેલા એ નામ સોનાને નહોતું આપી શકાતું પરંતુ બાદમાં સોનું એ નામ પ્રાપ્ત કરી લે છે. એ રૂપ સોનામાં ન હતું પરંતુ બાદમાં એ રૂપ, સોનું પ્રાપ્ત કરી લે છે અને જે આ પ્રકારના નામ રૂપ પ્રાપ્ત કરે છે, કોઈ ખાસ પ્રકારના, ત્યારે સમજો કે કોઈ કર્મ પણ તે પ્રાપ્ત કરે છે. જેમ આપણે કાનની બૂટી બનાવી, તો એક કર્મ તે પ્રાપ્ત કરે છે. જે કાનમાં પહેલા નહોતું પહેરી શકાતું, તેની બૂટી બની ગઈ તો પહેરી શકાય છે. જેમ આપણે સોનાની કંઠી બનાવી લીધી. તો પહેલાં ગળામાં નહોતું પહેરી શકાતું પરંતુ કંઠી બન્યા પછી પહેરી શકાય છે. જુઓ એજ સોનાએ એક નામ પ્રાપ્ત કરી લીધું, કોઈ એક રૂપ પ્રાપ્ત કર્યું અને કોઈ એક કર્મ પણ પ્રાપ્ત કર્યું. એમ જગત્ અને બ્રહ્મ નો સંબંધ પણ શાસ્ત્રએ આ જ પ્રકારથી સમજાવ્યો છે કે બ્રહ્મ, એ તત્ત્વ છે જે અલગ-અલગ નામ, અલગ-અલગ રૂપને ધારણ કરે છે. ધારણ કેવીરીતે કરે? તો સોનું જે અલગ-અલગ રૂપ ધારણ કરે છે તેને સોની ઘડે છે. આજ કારણે સોના-ઘરેણાનું ઉદાહરણ બ્રહ્મ અને જગત્ ને

સમજાવવામાં પૂરૂં કારગર નથી થઇ શકતું. સોનું કોઇ પણ રૂપ ભલે તે બૂટી હોય, કંઠી હોય કે બંગડી હોય, પોતાની મેળે ધારણ નથી કરી શકતું, આ તેની એક લાચારી છે.

## (બ્રહ્મની અભિન્નનિમિત્તોપાદાનતા)

પરંતુ બ્રહમની બાબતમાં એવું છે કે બ્રહ્મે આ રૂપ-નામ વગેરે જે પ્રકટ કર્યા છે તે પોતે પોતાનામાંથી સ્વયં પ્રકટ કર્યા છે. હકીકતમાં સોનું (ઉપાદાનકારણ) પણ એ છે અને સોની (નિમિત્તકારણ) પણ એ છે અને ઘરેણા (કાર્યરૂપતા) પણ એજ છે. દુનિયામાં જોઇશું તો સોનું કાંઇક અલગ છે, સોની કાંઇક અલગ છે, માટી કાંઇક અલગ છે, કુંભાર કાંઇક અલગ છે. બ્રહ્મની સાથે આવી વાત નથી. બ્રહ્મ તો બંનેજ છે એટલે કે જે બન્યો છે તે, અને જે બનાવવાવાળો છે તે પણ ખુદ બન્યો છે. હવે આ વાતને જે વખતે આપણે વિચારીશું તો સાફ-સુથરી રીતથી આપણને સમજમાં આવશે કે બ્રહ્મના અને આપણા સંબંધ કેવા છે? આપણે બ્રહ્મ પણ છીએ અને બ્રહ્મના બનાવેલા પણ છીએ. બ્રહ્મ કેમ છીએ? કેમકે સોનામાંથી ઘરેણા બન્યા છે તો એ સોનું તો છેજ ને! પરંતુ સોનું ખુદ પોતાનીમેળે ઘરેણું ન બનતું. તેના માટે સોની જોઇએ. પરંતુ બ્રહ્મને આવા સોનીની અપેક્ષા નથી. માટી ખુદ ઘડો નથી બની શકતી, કપડું ખુદ ઝભ્ભો બની નથી શકતું તેને દરજી જોઇએ. પરંતુ બ્રહ્મને કાંઇ જોઇતું નથી. તે પોતે-પોતાનામાં પરિપૂર્ણ છે કેમકે ખુદ બને છે અને ખુદ બનાવી રહ્યો છે.

## (બ્રહ્મ અને આપણો તાદાત્મ્ય સંબંધ)

જ્યારે આ આપણે સમજી ગયા તો આ પણ આપણે સમજી શકીએ છીએ કે બ્રહ્મનો આપણી સાથે સંબંધ બે પ્રકારથી થઇ ગયો. આપણે બ્રહ્મ પણ છીએ અને બ્રહ્મના બનાવેલા પણ છીએ. મહાપ્રભુજીના સિવાય બે-ત્રણ જ આવા આચાર્ય થયા છે જેમણે આ વાતને તત્ત્વરૂપથી સમજાવ્યું. નહીંતર મોટાભાગના આચાર્યોનો એવો મત છે ક કોઇ બ્રહ્મને બનાવવાવાળો માને છે અને કોઇ બનાવવાળો માને છે. આપણા મહાપ્રભુએ આ વાત કહી કે જે બનાવવાવાળો છે એજ બનવાવાળો છે. બનાવવાવાળો અને બનવાવાળો એક

છે આથી આપણો સંબંધ તેનીસાથે બે પ્રકારથી જોડાઈ રહ્યો છે. બનવાવાળો છે તેથી આપણે એજ છીએ અને બનાવવાવાળો છે તેથી આપણે એ નથી. હવે આ બહુ નાજુક સંબંધ છે. આ પ્રકારનો સંબંધ આપણો અને બ્રહ્મનો છે. આ સંબંધ આપણને સાફ-સુથરી રીતથી સમજમાં આવવો જોઈએ.

જેમણે બ્રહ્મસંબંધ લીધું છે એમને જો એ મંત્ર યાદ હોય તો તેમાં આ જ વાત કહેવામાં આવે છે કે હું તારાથી છુટ્ટો પડી ગયો છું અને મને આ વાતનો ખ્યાલ પણ નથી રહ્યો કે હું તારાથી છુટ્ટો પડ્યો છું. આવું કેવીરીતે થઈ શકે? અને આમાં એક બીજી તકલીફની વાત છે કે છુટ્ટો કોણ પડે, એ જે મળે. હવે બ્રહ્મ જ જો બધું બન્યો છે તો મળે કેવીરીતે અને છુટ્ટો પડે કેવીરીતે? અને છુટ્ટો પડે તો ક્યારેક મળે એ તો હોવું જોઈએ. હવે આ બે વાતોમાં જે વિરોધાભાસ છે તે મહાપ્રભુજી કેવીરીતે સમજાવે છે કે બ્રહ્મને આપણે એ વખતે મળ્યા , જે વખતે બ્રહ્મે આપણને બનાવ્યા. અને છુટ્ટા કયારે પડ્યા? જ્યારે બ્રહ્મના બનાવેલા આપણે, બ્રહ્મનો અનુભવ કરવાને બદલે ખુદનો અનુભવ કરવા લાગી ગયા તે વખતે છુટ્ટા પડી ગયા.

આપણને આપણી હકીકતમાં બ્રહ્મનો અનુભવ થવો જોઈતો હતો, જેમ દરેક ઘરેણાને આ અનુભવ થવો જોઈએ કે હું સોનું છું. ઘડાને આ અનુભવ થવો જોઈએ કે હું માટી છું. કપડાને આ અનુભવ થવો જોઈએ કે હું સુતર છું આવો અનુભવ આપણને ક્યાં છે? નથી. આથી આપણે છુટ્ટા પડી ગયા. આ અર્થમાં આપણે છુટ્ટા પડ્યા છીએ પરંતુ એ અર્થમાં નથી છુટ્ટા પડ્યા. એક હાથ જે બીજા હાથને મળે છે જેને આપણે હાથજોડવા કહીએ છીએ, એ હાથ બીજા હાથથી છુટ્ટો પણ પડી શકે છે. આ (સંયોગસંબંધથી) અર્થમાં આપણે નથી છુટ્ટા પડતા પરંતુ એ (તાદાત્મ્યસંબંધથી) અર્થમાં છુટ્ટા પડેલા છીએ. આપણને આ હકીકતની ખબર નથી કે આપણે બ્રહ્મ જ છીએ અને અને બ્રહ્મના બનાવેલા પણ છીએ. જે વખતે આપણને બ્રહ્મે બનાવ્યા તે વખતે આપણે બ્રહ્મથી મળેલા હતા. બનાવ્યા પછી આપણે એવા ઢંગથી બન્યા કે આપણને આપણો અનુભવ તો થાય છે પરંતુ બ્રહ્મનો અનુભવ નથી થતો.

## (સ્વયંની તેમજ વસ્તુમાત્રની ચાહનાનું કારણ બ્રહ્મ)

મહાપ્રભુજી કહી રહ્યા છે કે હવે તમે સરખી રીતથી સમજો કે તમને પોતાની જાતમાં સ્નેહ છે કે નથી? એક વાત સમજો કે મને ઘર ગમે છે કેમકે ઘરમાં મને રહેવાનું સુખ મળી રહ્યું છે. દીકરા, દીકરી, ધંધો બધું ગમી રહ્યું છે, કેમકે એમનાથી મને સુખ મળી રહ્યું છે. કોઈ મને જો આ પુછે કે હું મારી જાતને કેમ ચાહી રહ્યો છું? તો શું કારણ બતાવીશ? દરેક વસ્તુને ચાહવાનું કોઈ કારણ છે. જેમ આ તકીયો કેમ સારો લાગી રહ્યો છે કેમકે મને એનાઉપર હાથ રાખવામાં સુખ થઈ રહ્યું છે. આ ગાદીને કેમ ચાહી રહ્યો છું કેમકે બેસવામાં મને સુવિધા થઈ રહી છે. કોઈ મિત્રને શા માટે ચાહી રહ્યો છું કેમકે તેનાથી મારૂં કામ સિદ્ધ થઈ રહ્યું છે, અથવા તેની સાથે ગપશપ કરવામાં મજા આવી રહી છે. પેલાને કેમ નથી ચાહી રહ્યો કેમકે તેનાથી મારૂં કામ સિદ્ધ નથી થઈ રહ્યું અથવા તેની સાથે મારો જઘડો છે. કોઈ વસ્તુને આપણે ચાહી રહ્યા છીએ, કોઈને નથી ચાહી રહ્યા. આપણી પાસે એ બધાના કારણ છે. આપણે ગમે તેટલું છુપાવીએ પરંતુ કારણ સામે આવી જશે. કોઈ બાળક જ્યારે નાનું હોય તો પોતાના મા-બાપને કેટલા ચાહે! કેમકે નાના બાળકને પણ મા-બાપની ગોદમાં સુખ મળે છે. ખુદ કમાવા લાગી જાય તો એજ બાળક મા-બાપ ઉપર ગુસ્સો કરે છે કેમકે પોતાનામાં સામર્થ્ય આવી ગયું. હવે તેને મા-બાપની ગરજ નથી રહી ગઈ. પતિ કમાતો હોય તો પત્નીને સારો લાગે કે ઓહો, પતિદેવ સાક્ષાત્ પરમેશ્વર! અને કમાય નહીં, ઘરમાં બેઠો રહે તો કોઈ માનશે પરમેશ્વર? શાસ્ત્ર કહે છે કે પતિ પરમેશ્વર. કહેતું હશે શાસ્ત્ર પરંતુ બેકામ પતિને પરમેશ્વર માનશે કોઈ? આપણી પાસે દરેક વસ્તુને ચાહવાના કારણ મોજુદ છે પરંતુ પોતાની જાતને ચાહવાનું કોઈ કારણ આપણી પાસે મોજુદ નથી કે શા માટે તમે તમારી જાતને ચાહી રહ્યા છો! મહાપ્રભુજી કહી રહ્યા છે, જો તમે બ્રહ્મ છો, જો તમે બ્રહ્મના બનાવેલા છો, અને તમે પોતાની જાતને ચાહી રહ્યા છો તો તમે બ્રહ્મને પણ ચાહી રહ્યા છો! જો તમે બ્રહ્મ છો અને બ્રહ્મના બનાવેલા હોવા છતાં પણ તમને આ અનુભવ નથી થઈ રહ્યો કે તમે બ્રહ્મને ચાહી રહ્યા છો પરંતુ તમને એ તો અનુભવ થઈ રહ્યો છે તમે તમારી પોતાની જાતને ચાહી રહ્યા છો તો બ્રહ્મને જ ચાહી રહ્યા છો. આપણને ખ્યાલ નથી કે આપણે પોતે બ્રહ્મ છીએ, અને

બ્રહ્મના બનાવેલા છીએ. બ્રહ્મના બનાવેલા છીએ આ કારણથી આ સમજ તો આપણને આવી રહી છે કે આપણે આપણી જાતને તો ચાહી રહ્યા છીએ.

### (‘બ્રહ્મ’સંબંધના માહાત્મ્યથી જ પારમાત્મિક નિશ્છલ સંબંધ)

પરબ્રહ્મ શું છે આપણને શું ખબર? કોણ ચાહે બ્રહ્મને? પરંતુ ભલે આસ્તિક હોય, નાસ્તિક હોય, મનુષ્ય હોય, જાનવર હોય. જે પણ પ્રાણી છે તે પોતાની જાતને તો ચાહી જ રહ્યો છે. નાનામાં નાનો કીડો, એ પણ પોતાની જાતને તો ચાહી જ રહ્યો છે કે નથી ચાહી રહ્યો? તેને પકડીને જુઓ, તે છટકવા માગશે કેમકે તે પોતાની જાતને ચાહી રહ્યો છે. અને દરેક પ્રાણી જો પરમાત્માથી જ બન્યો છે તો દરેક પ્રાણી પરમાત્માને તો ચાહી જ રહ્યો છે, આ બ્રહ્મસંબંધ આપણો હોવો જોઈએ. આ બ્રહ્મસંબંધ જ્યારે આપણો થયો કે જ્યારે હું મારી જાતને ચાહી રહ્યો છું તો હું પરમાત્માને તો ચાહી જ રહ્યો છું. આ જો સંબંધ આપણને ખ્યાલમાં આવે તો આપણો જે પરમાત્મા સાથેનો સંબંધ છે તે સંબંધ નિશ્છલ સંબંધ હશે.

### (પુષ્ટિભક્તિની સાધનાની દૃષ્ટિથી સકામ સ્નેહની અપારમાત્મિકતા)

નહીંતર તો કેવો સંબંધ થશે? એક મહારાજશ્રીએ જ અમને કહ્યું, એમના બેટીજી લીલામાં પધારી ગયા હતા. જ્યારે બેટીજી લીલામાં પધારી ગયા તો એમણે અમને કહ્યું કે શું કરીએ, આપણા ઠાકોરજીમાં કાંઇ શક્તિ રહી ગઈ નથી લાગતી. મેં કહ્યું કેમ આપને એવું લાગે છે? એમણે કહ્યું કે અમારી અગીયાર વરસની નાનકડી દીકરી ચાલી ગયી. ઠાકોરજીને કેટલી પ્રાર્થના કરી કે આને બચાવો પણ એમણે તો બચાવી નહીં. આથી આપણા ઠાકોરજીમાં કાંઈ પાવર રહ્યો નથી. મેં કહ્યું કે તો કયા ઠાકોરજીમાં પાવર રહ્યો. હકીકતમાં આ વાત હતી કે એમણે પોતાના ઠાકોરજીની માનતા માની, ઉજ્જૈનના કાલભૈરવની પણ માનતા માની, મુંબઈના સિદ્ધિવિનાયકની પણ માનતા માની. પાંચ છ દેવતાઓની માનતા માની અને તેનાથી બીજા દેવતા તો બદનામ થયા નહીં અને પોતાના ઠાકોરજી બદનામ થઈ ગયા કે અમારા ઠાકોરજીમાં પાવર નથી રહ્યો. અમારી અગીયાર વરસની દીકરી ચાલી ગઈ. જુઓ! ઠાકોરજીને આપણે આ બધી વાતોને માટે ચાહીએ છીએ. દીકરીને બચાવી લેત તો ભક્તિ થઈ

જાત કે જુઓ અમે ઠાકોરજીને વિનતી કરી અને ઠાકોરજીએ બચાવી લીધી. ઠાકોરજીમાં બહુજ પાવર છે. એક વ્યક્તિએ અમને કહ્યું કે અમારા ઠાકોરજીની અમે સેવા કરી રહ્યા છીએ પરંતુ ફલાણા ભગવદીયે અમને ગિરિરાજજી પધરાવ્યા તો અમને મજા આવી ગઇ. મેં કહ્યું કે કેમ તમને તમારા ઠાકોરજીમાં મજા નથી આવતી. તો એમણે કહ્યું કે નહીં ગિરિરાજજીમાં વાઇબ્રેશન્ વધારે હતું. 'વાઇબ્રેશન્' એટલે કંપન. એમણે કહ્યું કે અમારા ઠાકોરજીમાં કાંઇ કંપન નહોતો દેખાઇ રહ્યો, ગિરિરાજજીમાં વધારે દેખાય છે. તો યાર સેવાને માટે વાઇબ્રેટર્ ખરીદી લો. ઠાકોરજી શામાટે પધરાવ્યા. વાઇબ્રેટર્‌ને વીજળી સાથે જોડશો તો ખૂબ કંપન આવશે. બોલ્યા આપ આવી વાત કેમ કરી રહ્યા છો! મેં કહ્યું આપ વાઇબ્રેશન્‌ની વાત કરી રહ્યા છો એટલા માટે કહી રહ્યો છું. ઠાકોરજીમાં વાઇબ્રેશન્‌ની જરૂરત શું છે? ઠાકોરજી ક્યારે વાઇબ્રેટ્ થશે કે જ્યારે એમને લાગશે કે કોઇ ખોટા માણસના હાથમાં પડ્યો, તો કાંપતા હશે કે કોના હાથમાં પડી ગયો. અરે ભાઇ! ઠાકુરમાં વાઇબ્રેશન્‌ની શું જરૂરત છે. આપણે આવા આવા કારણોથી ઠાકોરજીને ચાહીએ છીએ. એમને તો મેં ન કહ્યું પણ અમારા બંનેની વચ્ચેના એક પરિચિત હતા. મેં એમને કહ્યું કે જોજો થોડાક દિવસમાં એમની સેવા બંધ થઇ જશે. કેમકે હવે એ ઠાકોરજીની સેવા નથી કરી રહ્યા, વાઇબ્રેશન્‌ની સેવા કરી રહ્યા છે. હકીકતમાં એવુંજ થઇ ગયું. થોડાક દિવસમાં તેઓ કોઇ બીજા ભગવદીયને ત્યાં દરશન કરવા ગયા ત્યાં એમણે બહુજ સજાવટ જોઇ, મોટી-મોટી વ્યવસ્થાઓ જોઇ. એ ભગવદીય કરોડપતિ હતા. એમને થયું કે આપણે ઠાકોરજીની આવી સજાવટ તો કરી નથી શકતા તો આપણે પણ કરોડપતિ બનીએ. તો એમણે બેંકમાંથી લોન લઇને એક દવાની ફેક્ટ્રી નાખી. તેમાં એક કરોડ રૂપિયા લગાવી દીધા. એ બધું ખોટમાં ગયું. પછી ગામપાસેથી પૈસા ઉપાડ્યા. તેમાં પણ ખોટ ગઇ. બધા કરજદાર રોઇ રહ્યા હતા. એમના બધા વાઇબ્રેશન્ ખતમ થઇ ગયા. હવે એમની એવી હાલત છે કે ન ઠાકોરજીની સેવા થઇ રહી છે, ન ફેક્ટ્રી ચાલી રહી છે. દ્વિવિધામેં દોનોં ગયે, માયા મિલી ન રામ. વાઇબ્રેશનનું ચક્કર આવું ખતરનાક થયું. હવે મોઢું સંતાડીને અહીં-તહીં ભટકે છે. હવે ઠાકોરજીના બદલે વાઇબ્રેશન્ એમનામાં આવી ગયા.

આવી બધી વાતોથી તો ઠાકોરજીમાં સ્નેહ બહુ જલ્દી થઇ જાય છે. એ બ્રહ્મસંબંધનો સ્નેહ નથી. બ્રહ્મસંબંધનો સ્નેહ, જે મહાપ્રભુજી બતાવી રહ્યા છે, એ સ્નેહ એવો છે કે આપણો બ્રહ્મથી સંબંધ હોવો જોઇએ. કેવીરીતે? જેવીરીતે આપણે, આપણી જાતને ચાહી રહ્યા છીએ. આપણી જાતમાં વાઈબ્રેશન્ હોય તો પણ ચાહશું, નહીં હોય તો પણ આપણે આપણી જાતને ચાહશું. હવે સમજો કે જે મહારાજશ્રીના બેટીજી લીલામાં પધારી ગયા તો પણ મહારાજ ખુદ લીલામાં ન પધાર્યા. બેટીજી એટલા વહાલા હતા તો એમને પણ લીલામાં પધારી જવું જોઇતું હતું કે હવે જીવીને ફાયદો શું? બેટીજી પણ એટલા માટે વહાલા લાગે કે મારા બેટીજી છે.

## (દુઃખની સ્વાભાવિકતા)

બુદ્ધ ભગવાનની એક બહુ સરસ કથા આવે છે. એક ડોકરી બુદ્ધ ભગવાન પાસે રડતી રડતી ગઈ કે હું બહુ દુઃખી છું. તમે મારા દુઃખનો ઉપાય કરો. મારો એકજ દિકરો હતો તે ચાલ્યો ગયો. એમણે કહ્યું કે હું હમણાંજ ગામમાં આવ્યો છું થોડો થાક્યો છું. થોડોક સ્વસ્થ થાઉં તો આનો ઉપાય કરી શકું. પહેલા તમે મને દુધ લાવીને આપો, તો હું સ્વસ્થ થાઉં પરંતુ દુધ એવા ઘરેથી લાવજો જ્યાં કોઈ મર્યું ન હોય. ગામમાં આવું ઘર કોનું હોઈ શકે! એવું તો કોઈ ઘર ન હતું. એ દુધનો વાટકો ખાલી પાછો આવી ગયો. બુદ્ધ ભગવાને કહ્યું કે દરેક ઘરમાં કોઈને કોઈ તો મરે જ છે તેનું દુઃખ તમે ક્યાં સુધી કરશો? આપણે આ વાતનું દુઃખ લઈને ક્યાં સુધી જીવી શકીએ. જે પણ જીવનારો છે, એકને એક દિવસ તો મરશે જ તો દુઃખ થવું તો સ્વાભાવિક છે પરંતુ આ દુઃખને સમજવું પણ જરૂરી છે. આ પ્રકારના દુઃખ તો, જો જીવન જીવી રહ્યા છીએ, તો આવશે જ. આથી બુદ્ધ ભગવાને આવી સૂઝ-બૂઝથી એ ડોકરીને આવી વાત કહી. ગામમાં એવું કોઈ ઘર હોઈ ન શકે જ્યાં કોઈ મર્યું ન હોય. ક્યાંક દાદા, ક્યાંક પિતા, ક્યાંક માં, ક્યાંક વહુ, કોઈકને કોઈક તો મર્યું જ હોય.

## (દુઃખની નિવૃત્તિ અથવા કામનાપૂર્તિ ને માટે પુષ્ટિભક્તિ નથી)

આપણે પ્રભુને આવા દશ કારણથી ચાહી શકીએ છીએ. આવા દશ કારણથી જ્યારે આપણે ભક્તિ કરશું, તો મહાપ્રભુજી એ ભક્તિને, પુષ્ટિભક્તિ

તરીકે માન્ય નથી કરતા. ભક્તિના રૂપમાં એ ખરાબ વાત નથી, પરંતુ આપણે ત્યાં સેવા કરવાને માટે જે ભક્તિની આવશ્યકતા છે, એ ભક્તિ તે નથી. હવે ઘણાલોકો એમ કહે છે કે આ તો બહુ કઠિન ભક્તિ છે. તો એક વાત સમજો. આપણે ત્યાં ખૂબજ પુરાણી કહેવત છે કે એક ઘર તો ડાકણ પણ છોડે છે. એમ મહાપ્રભુજી એ વાત નથી કહી રહ્યા કે તમે નિષ્કામ બની જાઓ. તમારી કામનાઓને પૂરી કરવાને માટે, તમે જે પણ ઉપાય કરતા હો તે કરો. એક નહીં દશ ઉપાય કરો. તેના માટે કોણ મનાઈ કરે છે! પરંતુ પરમાત્માની સાથે જ્યારે સેવા કરવાનો આપણો સંબંધ સ્થાપિત કરવો છે, તેમાં આ કામનાઓને વચ્ચે ન લાવો. વાત આટલીજ છે. આ કામનાઓને વચ્ચે લાવીને જ્યારે પરમાત્માની સેવાભક્તિ કરીશું, તો સેવાભક્તિ, સેવાભક્તિ ન રહીને સોદાબાજી થઈ જશે. મહાપ્રભુજી નથી કહેતા કે બધા વીતરાગ મુનિ બની જાય. અરે! વીતરાગ મુનિ બની પણ જઈશું તો, પણ કાંઈક કામનાઓ તો રહેશે.

અમારા એક મિત્ર હતા, હવે તો તે ચાલ્યા ગયા. એમના એક જૈન મુનિ મિત્ર હતા. એમણે મને કહ્યું કે ''શ્યામ બાબા આપ અમારા જૈન મુનિને મળો'' હવે અકારણ શામાટે કોઈને મળવા જવું? હું ન ગયો. હવે એક દિવસ તેઓ અમારા ગામમાં જ આવી ગયા. હવે તો તે અમારી પાછળ પડી ગયા કે હવે તો એમને મળવા આવવું જ પડશે. મારા એટલા અંતરંગ દોસ્ત હતા તો મેં કહ્યું કે ચાલો જઈશું. પરંતુ વાત શું કરશું? એમણે કહ્યું કે આપ પણ આટલા ભણેલા-ગણેલા, તેઓ પણ આટલા ભણેલા-ગણેલા, આપ બંનેની વાતો સાંભળીને અમારૂં તો કલ્યાણ થઈ જશે. મેં કહ્યું કે ચાલો જઈએ, જો તમારૂં કલ્યાણ થતું હોય તો. પરંતુ તમે માનશો નહીં કે એક કલાક હું બેઠો, અને એક કલાક મુનિજી ફક્ત એ બતાવતા રહ્યા કે ''પુસ્તક છાપવા માટે આટલું ફંડ છે, તે કામ માટે આટલું ફંડ છે. અમને શું છે, અમે તો કોઈ ગૃહસ્થ છીએ નહીં, સંન્યાસી છીએ. આ ફંડ છે તેમાંથી આ કામ કરવું છે.'' મારા મિત્રને હતું કે આટલા મોટો મુનિ છે, કોઈ જૈનધર્મની મહાન વાત કરશે. કાંઈક વૈષ્ણવધર્મની હું વાત કરીશ. પરંતુ એક કલાક સુધી ફંડ સિવાય કોઈ બીજી વાતજ ન કરી એમણે. મેં કહ્યું કે ''અચ્છા મહારાજ! હું જઉં.'' એમણે કહ્યું કે ''સારૂં ફરી મળીશું.'' હવે મુનિ પણ હોય તો પણ ફંડ્ પીછો નથી છોડતો. આપણે

સમજીએ કે ગૃહસ્થનેજ ફંડ પીછો નથી છોડતો. ફંડનું આવું અખંડ માહાત્મ્ય છે. ભલે સાધુ હોય, સંન્યાસી હોય, ચાહે ગૃહસ્થ હોય બધાને ફંડ તો જોઈએજ. ફંડ વગર તો કોઈનું કામ ચાલતું જ નથી. અંતર કેટલું છે કે ગૃહસ્થ પોતાના માટે ફંડ વાપરે અને સાધુ સંન્યાસી પોતાના કોઈ પ્રોજેક્ટ્ને માટે ફંડ વાપરતા હોય છે.

## (ભક્તિની પંચમપુરૂષાર્થતા)

આ વાતમાં શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તમે વૈરાગી બનીને સંસારમાં અનુરાગી થાવ. તમે નિષ્કામ બનીને સકામ થાવ. તમારા જે પણ વિષય હોય, એ વિષયોને તમારે જેમ પૂરા કરવા હોય તેમ પૂરા કરો પરંતુ આછામાં ઓછું ભક્તિમાં આ કામનાઓને વચ્ચે ન લાવો. જો તમે કામનાઓને વચ્ચે લાવીને ભગવત્સેવા શરૂ કરશો તો તે બ્રહ્મસંબંધવાળી સેવા ન થઈને કામસંબંધવાળી સેવા બની જશે, વિષયસંબંધી સેવા બની જશે. ધર્મસંબંધી અર્થસંબંધી કામસંબંધી કે મોક્ષસંબંધી સેવા થશે. મહાપ્રભુજી કહી રહ્યા છે કે ભક્તિ પાંચમો પુરૂષાર્થ છે. જે ધર્મ અર્થ કામ મોક્ષ આ ચારેયથી ઉપર છે.

## (તાદાત્મ્યભાવમૂલક ભક્તિની પંચમપુરૂષાર્થતા)

આ વાત આના ઉપર આધારિત છે કે તમે ખુદ ભગવાન્ છો, સાક્ષાત્ ભગવાનના બનાવેલા પણ છો અને તમને આ વાતનો હોશ નથી રહી ગયો કે તમે ભગવાનના બનાવેલા છો. એટલા માટે તમે ભગવાનથી વિછુરી ગયા છો. હવે જો તમને આ વાત યાદ આવે કે તમે ભગવાનના બનાવેલા છો અને ભગવાન્ જ તમારા રૂપમાં પ્રકટ થયો છે, તો તમે જો પોતાની જાતને ચાહી રહ્યા છો તો એ મૂલમાં ભગવાનનેજ ચાહી રહ્યા છો. આ વાતને તમે જો ધ્યાનથી વિચારશો તો તેના પછી ભગવાન સાથે તમારો જે સંબંધ સ્થાપિત થશે, તે સંબંધ ભક્તિમાં સહાયક બનશે.

આ સંબંધ સ્થાપિત ન થઈને, કોઈ બીજો સંબંધ સ્થાપિત થયો કે મારી બેટીને જીવાડી દો, મારો ધંધો ચલાવી દો. તો આ સંબંધ પણ તો છે જ ને! પરંતુ આ સંબંધ, બ્રહ્મસંબંધ નથી, આ ભગવત્સંબંધ હોઈ શકે. ભગવાનની પાસે તો જીવને ભાગવું જ પડશે. ભગવાનને આપણે આવા જ માનીએ છીએ.

## (બ્રહ્મની વ્યાપકતાના કારણે તેની સર્વત્ર ઉપલબ્ધિ)

જે વખતે આપણે 'બ્રહ્મ' કહી રહ્યા છીએ, તો બ્રહ્મ એક એવી હકીકત છે જે સર્વત્ર છે. સર્વત્ર છે મતલબ કે બ્રહ્મ એવું નથી કે તે અહીં જ છે, ત્યાં નથી. મેં તમને વાત બતાવી હતી કે જૈન માને છે કે કૃષ્ણએ મહાભારત કરાવવાથી સાઠ હજાર વરસ નરક ભોગવવાનું છે. એકે મને કહ્યું કે આપણે જૈન ધર્મનો વિરોધ કરવો જોઈએ. તેઓ આપણા ભગવાનને નરકમાં શામાટે માને? મેં કહ્યું કે વિરોધ કરીને લાભ શું? તમે આપણા ભગવાનને બ્રહ્મ માની રહ્યા છો કે નહીં? બ્રહ્મ તો બધી જગ્યાએ હોય. તેને તમે કેવીરીતે મનાઈ કરી શકશો કે તમે નરકમાં ન રહો. એ તો સ્વર્ગમાં પણ છે, નરકમાં પણ છે. વૈકુંઠમાં પણ છે, ભૂતલપર પણ છે. અહીં પણ છે, ત્યાં પણ છે. નરસિંહજી થાંભલામાંથી પ્રકટ થયા તો થાંભલો કાંઈ પોલો હતો કે તેમાં છાનાંમાના છુપાઈને બેસી ગયા હતા અને પછી બહાર નિકળ્યા? બ્રહ્મ તો બધી જગ્યાએ છે, એ નરકમાં પણ હશે. હવે એમને ત્યાં જઈને દરશનની ઈચ્છા છે તો ત્યાં દરશન કરે. આપણે શામાટે આમાં ગભરાઈએ. આપણે આપણા ઘરમાં ઠાકોરજીના દર્શન કરી શકીએ છીએ કે નહીં? શું તમારૂં ઘર નરક છે? નહીં, ઘર તો નરક નથી. તમે પોતાના ઘરમાં ઠાકોરજીની સાથે પ્રસન્ન રહો. એમને નરકમાં દરશન થતા હોય તો એમને એ રીતથી ખુશ રહેવા દો. આમાં ઝઘડાની શું વાત છે? અને એનાથી ફાયદો શું થશે? જ્યારે આપણે આપણા બ્રહ્મને સર્વત્ર માની રહ્યા છીએ, તો તે નરકમાં પણ હશે, સ્વર્ગમાં પણ હશે. કણ-કણમાં હશે. જે કણ-કણમાં છે તેને રોકી કેવીરીતે શકીએ કે તું નરકમાં ન રહે. હવાને આપણે રોકી શકીએ? હવા તો બગીચામાં પણ હશે, ગટરમાં પણ હશે. આકાશને આપણે રોકી શકીએ કે તૂં અહીં રહે અને ત્યાં ન રહે. જેને જ્યાં સમજમાં આવતો હોય, તે તેને ત્યાં જુએ. આપણે શામાટે ચિંતા કરવી? એમને એમની વાત સંભાળવા દો. આપણે આપણી વાત સંભાળીએ. આપણે જો આપણી વાત સંભાળશું તો વાત પતી જશે. બ્રહ્મનો સંબંધ આવો છે.

## (પરમાત્મસંબંધ)

પરમાત્માનો સંબંધ કેવો છે? તે એવો છે કે પરમાત્મા આપણી ભીતર બિરાજમાન છે. દેહસાથે આપણો સ્નેહ હોય છે, તે એટલા માટે કે આ દેહની

ભીતર રહેલ આપણા આત્મામાં આપણને સ્નેહ છે. જ્યારે આત્મા નિકળી જાય તો ન પત્નીને પતિને માટે, ન પતિને પત્નીને માટે સ્નેહ રહી જાય. ન મા-બાપને દીકરા પ્રત્યે સ્નેહ રહી જાય, ન દીકરાને મા-બાપના પ્રત્યે સ્નેહ રહી જાય. એ આત્મામાં પણ બિરાજી રહેલો પરમાત્મા છે, તો એ આત્મામાં પણ સ્નેહ એ પરમાત્માના બિરાજવાના કારણે છે. આત્મામાં સ્નેહ તેથી દેહમાં સ્નેહ થઈ જાય. દેહમાં સ્નેહ હોય તો આ કારણે પરિવારમાં સ્નેહ થઈ જાય. પરિવારમાં સ્નેહ હોવાથી ઘરમાં, ગામમાં સ્નેહ થઈ જાય. આમ સ્નેહનો વિસ્તાર વધતો જ ચાલ્યો જાય છે. જેમ આ બલ્બની ભીતર લાઈટ ચમકી રહી છે તો તે ગોળામાં પણ પ્રકટી રહી છે. ગોળામાં ચમકી રહી છે તો આ રૂમમાં પણ ચમકી રહી છે. તો સ્નેહ આ પ્રકારથી ભીતરથી બહાર નિકળી રહ્યો છે. આ પરમાત્માનો સંબંધ ત્યારે સમજમાં આવશે જ્યારે બ્રહ્મસંબંધ હોય. જે ભીતર બહાર બધી જગ્યાએ છે, એ બ્રહ્મ ભીતર છે કે નથી!

એક વાત સમજાવું તમને, અત્યારે આપણને એમ લાગે છે કે દેહમાં જે આત્મા છે તેની અનુભૂતિ તો નથી થઈ રહી. ઘણાબધા વૈજ્ઞાનિકો એમ કહે છે કે આત્માની દેહમાં જરૂરત નથી. દેહ તો એક મશીનની જેમ પોતાનીમેળે ચાલી રહ્યો છે. આત્માની શું જરૂરત છે? આત્માની નહીં તો પરમાત્માની શું જરૂરત આવશે? આ બધા ખોટા વિચાર શામાટે પેદા થાય? કેમકે આપણે જડ અને ચેતનનો ભેદ માની લીધો કે જડ, જડ છે અને ચેતન, ચેતન છે. હમણાં બે-ત્રણ મહીના પહેલાં હું જબલપુર ગયો હતો ત્યાં એક વૈષ્ણવે મને વૃક્ષ ભેટ આપ્યું. ચૌદ કરોડ વરસ જુનું વૃક્ષ હતું. એ વૃક્ષ છે પરંતુ પત્થર બની ગયું છે. અંગ્રેજીમાં આને 'ફોસિલ્સ્' કહેવાય છે. અહલ્યા કેવીરીતે પત્થર બની ગઈ હતી! મારી પાસે એક એવો સાપ પણ છે. આખો સાપ છે, તેની આંખ છે નાક છે મોઢું છે જડબું પણ છે, પરંતુ તે સાપ કોઈનો બનાવેલો નથી પરંતુ ખુદ પત્થર બની ગયો છે. હવે જુઓ એ ચેતન, જડ કેવીરીતે થઈ ગયો? જો ચેતન વસ્તુમાં જડ હોવાનો ગુણ ન હોય તો તે પત્થર કેવી રીતે થઈ ગયો? આપણે જડ અને ચેતનની વચ્ચે એવો ભેદ માની લીધો કે જે જડ છે તે જડ છે. જે ચેતન છે તે ચેતન છે. આથી બધા લફડા ઉભા થઈ ગયા. વૈજ્ઞાનિક પણ કહી દે કે અમે આખું શરીર ખોલીને જોઈ લીધું એમાં ક્યાંય આત્મા તો દેખાઈ નહીં.

તેથી આ તો શરીર એક મશીનની જેમ ચાલતું રહેનારૂં છે, એને આત્માની શું જરૂરત? આત્માની જરૂરત નથી એ આપણે ક્યારે કહી શકીએ કે જ્યારે આપણે જડ અને ચેતનમાં ભેદ માનીએ ત્યારે. જ્યારે જડ અને ચેતનમાં અભેદ માનશો કે જે જડ છે તે ચેતન હોઈ શકે છે, અને જે ચેતન છે તે જડ હોઈ શકે છે. તેનું ઉદાહરણ મારી પાસે એ સાપ અને વૃક્ષ છે. તમે જોશો તો તમને બિલ્કુલ ખ્યાલ આવશે કે આ ચેતન જ જડ બન્યો છે. આવી એક સોપારી પણ છે પત્થર બની ગયેલી. આમ જડમાં અને ચેતનમાં ભેદ નથી. ભેદ છે તો માત્ર એટલો કે જેમ આ પેન આ બાજુથી પેન છે અને પેલી બાજુથી પેન નથી. બસ જડ અને ચેતનમાં આટલો જ ભેદ છે. આ બાજુથી આ પેનથી લખી શકાય છે પરંતુ પેલી બાજુથી નથી લખી શકાતું. કોઈ કહે કે પેલીબાજુથી પણ લખો તો લખી નહીં શકાય. તેવીજ રીતે આ ભેદ આટલોજ છે કે હકીકતમાં જે સત્તા છે, તે સત્તા કોઈ એક પહેલુથી ચેતન છે અને કોઈ બીજા પહેલુથી જડ છે. આપણે પણ પત્થર થઈ શકીએ છીએ. મેં લાલમણી બાવા, કોટાવાળાને આ વાત બતાવી તો એમણે કહ્યું કે આપણે ગુસાંઈ બધા પત્થર થઈ જઈએ તો! મેં કહ્યું આ વૈષ્ણવ લોકો બધા સેવામાં પધરાવી લેશે, ગભરાઈ શા માટે રહ્યા છો!

જડ અને ચેતનમાં કોઈ એ પ્રકારનો આવો મોટો ભેદ નથી. ભેદ આપણે આપણી સીમિત બુદ્ધિના કારણે વિચાર્યો છે. આ વાત એકદમ એવી છે કે જેમ બરફ અને પાણીમાં ભેદ નથી. બરફ હાથથી ઉપાડી શકાય છે, ખાઈ શકાય છે. બરફને પીવાની જરૂરત નથી. તેને ખાઈ શકો છો, ઉઠાવી શકો છો. પાણી હલતી ચીજ છે, વહેતી ચીજ છે. કોઈ ભેદ નથી. કેવળ રૂપ ભેદ છે. આ તરફ એ પાણી છે, પેલી તરફ તે બરફ છે. પાણીથી તે બરફ થઈ જાય છે, અને બરફથી પાણી થઈ જાય છે. એવીજ રીતે જડથી ચેતન થઈ જાય, ચેતનથી જડ થઈ જાય. આમાં આપણે ભેદ માન્યો છે એટલા માટે તકલીફ થઈ રહી છે. ડૉક્ટરોએ કહી દીધું કે અમે ખોલીને જોઈ લીધું, એમાંથી કાંઈ નિકળ્યું નહીં. હવે બરફને આપણે તોડીને જોઈએ કે આમાં પાણી તો દેખાયું નહીં. તો પાણી ક્યાં મળશે? પાણી જ તો બરફ છે અને બરફ જ તો પાણી છે.

### (પરમાત્માની પરમપ્રિયતાથી પ્રકટ થતી પુષ્ટિભક્તિ)

આપણી આત્માની ભીતર જે પરમાત્મા છે તે આપણને પરમ પ્રિય છે. એની પરમ પ્રિયતાથી જે વખતે ભગવાનની ભક્તિ કરશું, ત્યારે તે મહાપ્રભુજીને અભિપ્રેત ભક્તિ થશે. બ્રહ્મસાથે સંબંધ થશે, પરમાત્મામાં પ્રેમ થશે, ત્યારે ભગવાનની ભક્તિ કરી શકાશે. જ્યારે બ્રહ્મસાથે સંબંધ ન થયો તો પરમાત્મામાં પ્રેમ નહીં થાય, અને એ ન થયો તો ભગવાનની ભક્તિ નહીં કરી શકાય. તેના વગર કરીશું તો પણ તે એવી હશે કે મારો ધંધો ચાલવા માંડવો જોઈએ, બેટીજી જીવી જવા જોઈએ, છોકરો મળી જવો જોઈએ, પરીક્ષામાં પાસ થઈ જવો જોઈએ.

અમારા મુંબઈમાં એક પંચમુખી હનુમાન છે. એમની બિચારાની એવી મુશ્કેલી છે કે આમતો એમની પૂજા વધારે નથી થતી પરંતુ જેવા પરિક્ષાના દિવસો આવે તો બધા વિદ્યાર્થી ત્યાંજ ચક્કર મારવાના શરૂ કરી દે. એમની એક બીજી તકલીફ એ છે કે એમનું મુખારવિંદ એટલું મોટું અને ખુલેલું છે અને વિદ્યાર્થીઓને પરીક્ષામાં પાસ થવામાટે લાંબી લાઈન લાગે. ઘણી વખત તો મિઠાઈના પેકેટને હનુમાનજીના મુખારવિંદમાં પધરાવી જાય છે. અરે યાર! લાડુ પેંડા ભોગ ધરી રહ્યા છો તો પેકેટ તો ખોલી દો! પરંતુ લાઈન લાંબી હોય અને કોઈની પાસે સમય હોય નહીં. ખોલ્યા વગર પેકેટ હનુમાનજીના મુખારવિંદમાં પધરાવી દેવામાં આવે છે. બિચારા હનુમાનજીને પણ પીડા થતી હશે કે હું હનુમાન બન્યો એટલા જ માટે આ તકલીફ ભોગવવી પડી રહી છે. ન હોત હનુમાન તો આ તો ન થાત!

આવી ભક્તિ તો આપણાથી બહુ થઈ શકે છે. પાસ થવામાટે હનુમાનજી યાદ આવી જાય. પાસ થઈ ગયા પછી હનુમાનજી યાદ પણ નથી આવતા. આ ભગવદ્ભક્તિ જો પરમાત્મામાંથી જે વખતે ન પ્રકટી, તો હનુમાનજી જેવી દુર્ગતિ આપણા ઠાકોરજીની પણ થઈ જશે. આ વાત મહાપ્રભુજીને ખબર છે. ખબર છે એટલા માટેજ કહ્યું કે **"બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ** (સિ.ર.૨) બ્રહ્મસંબંધમાંથી પરમાત્મપ્રેમ જગાઓ, પરમાત્મપ્રેમમાંથી ભગવદ્ભક્તિ જગાઓ.

## (સોદારૂપ અથવા સકામભક્તિ, પુષ્ટિભક્તિ નથી)

જેમ બ્રહ્મ સર્વત્ર છે, પરમાત્મા ભીતર છે, એવીજ રીતે ભગવાન્ ક્યાંક ઉપર છે. એ ઉપર બિરાજી રહેલા ભગવાનની ભક્તિ કરવામાં, જે કામ આપણાથી સિદ્ધ નથી થઈ રહ્યું તે ભગવાન્ કરશે, એમ કહીએ અને એ ભગવાનની ત્યારે જરૂરત પડે છે. હવે તો હનુમાનજી હોય કે શ્રીનાથજી હોય કે બાલાજી હોય. કોઈ ન કોઈ ભગવાનની જરૂરત ત્યારે પડે, આપણાથી જો કોઈ કામ સિદ્ધ થતું હોય તો ભગવાનની જરૂરત નથી પડતી. એ કામ તો આપણે કરીને તેનો જશ પણ આપણે જ લઈ લઈએ છીએ. આ કામ તો મેં કર્યું, તમને ખબર છે. તે વખતે કોઈ નથી માનતું આ કામ ભગવાને કર્યું. જ્યાં થોડુંક પણ આપણને લાગે કે સ્થિતિ ડગુમગુ છે, જેમ ચુંટણીમાં જ્યારે પણ કોઈ પ્રતિસ્પર્ધીને લાગે કે જીતશું કે નહીં તો તુરત યજ્ઞ કરવા લાગી જાય. કેટલાય ભગવાનની માનતા માનવામાં આવે. સાધુ-સંતોની પાસે આશીર્વાદ લેવા ચાલ્યા જશે. ત્યારે ભગવાન યાદ આવે કે બચાવો બચાવો. આ બચાવોવાળી વાત છે તે પરમાત્મ પ્રેમમાંથી પેદા થતી ભક્તિ નથી. આ તો બચાઓ-બચાઓવાળી ભક્તિ છે. ભગવાન્ બિચારો પણ બચાઓ-બચાઓ કરતો હશે કે આવી ગયા ગિલિંડરો. બચાઓ-બચાઓ હવે આમનાથી.

મેં એક મજેદાર ટુચકો વાંચ્યો હતો. એક વૃક્ષ ઉપર બે ભૂત બેઠા હતા. એક ભૂતે બીજા ભૂતને કહ્યું કે એવો અંદાજ થઈ રહ્યો છે કે કોઈ માણસ આવી રહ્યો છે. બીજાએ કહ્યું કે તારો વહેમ પણ તો હોઈ શકે. એમ ભગવાનને પણ થતું હશે કે કોઈ આવી રહ્યું છે કે વહેમ થઈ રહ્યો છે. ભગત છે કે સાચા ભક્ત છે. કહેવડાવી તો દીધું છે કે આ મનોરથ કરીશું પરંતુ ભગત આવી રહ્યા છે કે સોદાબાજો આવી રહ્યા છે, પૂજા કરશે કે ચઢાવો કરશે?

એક વખત અજમેરથી અમે કિશનગઢ જવા બેઠા હતા. અમારી સાથે એક સજ્જન હતા. એમણે કહ્યું કે વ્યાવરમાં એક મરિયમ માતાનું મંદિર છે, અમે એને માનીએ છીએ. અમે કહ્યું કે સારી વાત છે! પછી એમણે કહ્યું કે નાથદ્વારાના દેવ પણ ચમત્કારી છે. જ્યારે પણ કોઈ મોટો સોદો પતાવવો હોય તો એમના પણ દર્શન અમે કરી આવીએ છીએ. આ વખતે ગયા તો દર્શન બંધ થઈ ગયા હતા. અમે ગભરાઈ ગયા અને પૂજારીના હાથમાં પાંચસો રૂપિયા

આપીને કહ્યું કે દરશન કરાવી દો. અમને હવે એ સવાલ થાય છે કે અમે કોઈ ખોટું કામ તો નથી કર્યું? મેં કહ્યું કે પહેલા એ બતાવો કે સોદો થયો કે ન થયો? તો બોલ્યા કે સોદો તો થઈ ગયો. મેં કહ્યું કે ‘‘બસ પછી ભૂલ શામાટે વિચારો છો? તમને ભગવાનના દર્શનનું ફળ તો મળી ગયું. બસ પ્રસન્ન રહો.’’ બોલ્યા કે ‘‘નહીં નહીં, અમને એવું લાગે છે કે અમે પુજારીને લાંચ આપી.’’ મેં કહ્યું ‘‘સોદો તો થયો કે નહીં? મુખ્ય મુદ્દો સોદાનો છે કે ભક્તિનો છે?’’

ભક્તિ હોય તો લાંચ દેવી પાપ છે પરંતુ જ્યારે સોદાનું કામ છે તો જે રીતથી તે થાય તેમ કરવું. સોદાના બધા આવીરીતેજ કામ થાય છે. બોલ્યા હાં હાં બહુ સારી વાત આપે બતાવી દીધી. સોદાના ચક્કર આવા જ છે કે પછી બ્રહ્મ પરમાત્મા કોઈ વિષય નથી રહી જતો. બસ ભગવાન્ યાદ આવી જાય. જેમ કહ્યું છે કે ‘‘દુઃખમેં સુમિરન સબ કરેં, સુખમેં કરે ન કોય, જો સુખમેં સુમિરન કરે તો દુઃખ કાહે કો હોય’’. જ્યારે દુઃખ હોય તો માણસને ભગવાન્ સોદા માટે યાદ આવીજ જાય છે. ભગવાન્ પણ આપણાથી ડરતો હશે કે લ્યો આવી ગયા સોદાબાજો, કાંઈક ને કાંઈક તો સોદો કરશે આવીને. માનો કે આપણે ભગવાનને બેવકૂફ માન્યા કે લાખ રૂપિયા કમાઈશ અને હજાર ભગવાનને આપીશ. તો ભગવાનથી વધારે મોટો બેવકૂફ કોણ? જો હજાર રૂપિયા લઈને તમને લાખ રૂપિયા આપે તો તે બેવકૂફ જ ગણવામાં આવશે ને! એમ કેમ નથી કહી શકતા કે નેવું હજાર તને આપીશ અને દશ હજાર જ મારી પાસે રાખીશ. તો જ એ સમજદાર કહેવાશે. સોદાનું કામ તો નફાનું કામ છે ને! પહેલા સોદામાં તો નુકશાન થઈ ગયું. ચાલો ભાઈ, કમસે કમ પચાસ-પચાસનો સોદો કરો ત્યારે તો સોદાની વાત થાય. માણસ આ રીતની સોદાબાજીને ભક્તિ સમજે છે, જ્યારે પરમાત્મા પ્રેમ ન હોય ત્યારે.

## (શુદ્ધ ભક્તિમયી સેવા)

પરમાત્મપ્રેમથી જે ભક્તિ પેદા થશે તેને મહાપ્રભુજીએ આ પરિભાષા આપી છે કે **‘‘માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ સ્નેહો ઈતિ ભક્તિઃ’’** (ત.દી.નિ.૧/૪૨) એ ભગવદ્‌ભક્તિ મહાપ્રભુજીને અભિપ્રેત છે કે બ્રહ્મ તરીકેનું તેનું માહાત્મ્ય સમજો, પરમાત્મા તરીકેનો તેનો સુદૃઢ સર્વતોધિક સ્નેહ સમજો અને એવો સ્નેહ કર્યા પછી જ્યારે તમે ભગવાનની સામે રજુ થઈ ગયા

તો તે ભક્તિ સોદાબાજીની ભક્તિ નહીં હોય ત્યારે તમે ભગવાનની સાથે શુદ્ધ ભક્તિ કરી શકશો. આ પ્રકારની ભક્તિનું નામ મહાપ્રભુજી 'પુષ્ટિભક્તિ' કહી રહ્યા છે. એવી ભક્તિ જો હોય, તો મહાપ્રભુજી કહી રહ્યા છે કે ત્યારે તમે ઘરમાં સેવા પધરાવો. બ્રહ્મસંબંધ પુષ્ટિભક્તિની પૂર્વાવિધિ છે, જે મેં તમને બતાવી. આ ઑર્ડરમાં આને જમાવીને જોશો કે બ્રહ્મસાથે આપણો સંબંધ થશે, પરમાત્માસાથે આપણો પ્રેમ થશે, અને ભગવાનની ભક્તિ થશે. ભગવાનની ભક્તિ થશે ત્યારે ભગવત્સેવા કે ભગવત્કથા કરીશું. તે ભગવત્કથા અથવા સેવા, ન તો પ્રદર્શનને માટે હશે અને ન તો કમાણીને માટે હશે, ન ગામને દેખાડવાને માટે હશે, ન પોતાને પૂજાવાને માટે હશે. તે શુદ્ધ ભક્તિમયી સેવા હશે. અને એ ભક્તિમયી સેવાની બાબતમાં મહાપ્રભુજી કહી રહ્યા છે કે **''ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ગંગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ''** (સિ.ર.૮) એ સેવામાં તમે ઠાકોરજીને છપ્પનભોગ ધર્યો ત્યારે પણ તે બ્રહ્માત્મક થઈ ગયો અને છોલા ધર્યા ત્યારે પણ તે બ્રહ્માત્મક થઈ ગયા. એ ભક્તિના કારણે તમે જ્યારે સાચા હીરા-મોતીના શુંગાર ધરાવ્યા ત્યારે પણ સેવા છે અને કાંઈ શૃંગાર ન ધરાવ્યા, ખાલી ગુંજામાળા ધરાવી, તો પણ તે સેવા છે.

આટલા માટે રજોબાઈ ક્ષત્રાણીની વાર્તામાં બહુજ સુંદર પ્રસંગ આવે છે કે મહાપ્રભુજીએ તેને કહેવડાવ્યું કે આજે મારા પિતાજીનું શ્રાદ્ધ છે તો થોડુંક ઘી મોકલી દે. રજોબાઈએ ના પાડી દીધી. વૈષ્ણવે મહાપ્રભુજીને કહ્યું કે રજોબાઈ તો ના પાડી રહી છે. મહાપ્રભુજીએ કહ્યું કે જઈને કહો કે મહાપ્રભુજી ગુસ્સે થઈ રહ્યા છે. રજોબાઈએ કહ્યું કે ગુસ્સે થઈ રહ્યા હોય તો પણ કહી દો કે નહીં મોકલાવું. બીજી વખત પણ ના પાડી દીધી. ત્રીજી વખત પછી શ્રીમહાપ્રભુજીએ મોકલ્યો નહીં. સાંજના જ્યારે તે મહાપ્રભુજીને આરોગાવવા ગયા તો મહાપ્રભુજી પીઠ દઈને બેસી ગયા. ત્યારે રજોએ પૂછ્યું કે ''આપ આપની નારાજગીનું કારણ તો બતાવો.'' ત્યારે મહાપ્રભુજીએ કહ્યું કે ''તું ઘી જેવી વસ્તુની ના પાડી દે છે.'' ત્યારે રજોએ કહ્યું કે ''ઘી આપને ત્યાં ન હતું શું?'' મહાપ્રભુજીએ કહ્યું કે ''ઘી હતું પરંતુ તે ઠાકોરજીને માટેનું હતું.'' ત્યારે રજોએ કેટલી સરસ વાત કહી છે, ''મારી પાસે ઘી કોને ધરવાને માટે હતું?

મારી પાસે જે ઘી છે તે આપના પિતાના શ્રાદ્ધમાં વાપરી શકો છો તો આપની પાસે જે છે, તે કેમ શ્રાદ્ધમાં ન વાપરી શકો? આમાં મારી કાંઈ ભૂલ હોય તો જણાવો. અને આપ જે ગુસ્સે થયા તો ગુસ્સાનું તો પુષ્ટિમાર્ગમાં કામ જ નથી. આ તો મર્યાદાની વાત થઈ'' ભક્તિમાં તો એવું છે કે ઘી આવ્યું તો પણ ઠીક અને ન આવ્યું તો પણ ઠીક. જલની લોટી ધરી દીધી તો પણ ઠીક અને છપ્પન ભોગ ધર્યો તો પણ ઠીક. ભક્તિમાં તો જે સુલભ છે તે ધરવું જોઈએ. અને બાકી તો બધી મર્યાદાની વાતો છે. જ્યારે આપ ગુસ્સે થયા તો હું સમજી ગઈ કે આપ પુષ્ટિભક્તિની બાબતમાં નથી બોલી રહ્યા, મર્યાદાભક્તિના મૂડમાં કહી રહ્યા છો એટલા માટે ન મોકલાવ્યું.'' ત્યારે મહાપ્રભુજી પ્રસન્ન થઈ ગયા અને કહ્યું કે ''હાં તે બરાબર કર્યું.''

## (સેવામાં સહજતા)

મહાપ્રભુજીએ તો પ્રકટ કરવાને માટે આ પ્રસંગ ઉપસ્થિત કર્યો. પરંતુ આનું જે રહસ્ય છે, તે આપણે સમજવું જોઈએ કે પુષ્ટિભક્તિમાં જે સહજ છે ''સહજ પ્રીતિ ગોપાલ હિ ભાવે''. સહજ પ્રીતિથી જે સેવા થશે તે સાચી સેવા છે અને અસહજતાથી જે કાંઈ પણ આપણે કર્યું તો સમજો કે તે સેવા નથી. એ તો કાંઈક એક જાતનું કૌભાંડ ચાલી રહ્યું છે. એ બધી જગ્યાએ ચાલી રહ્યું છે તો પુષ્ટિમાર્ગમાં પણ ચાલી રહ્યું છે. આ તો ભેડચાલ છે. જ્યાં આખી દુનિયા જશે ત્યાં તો બધા જશે કેમકે મનુષ્યમાં પણ એક ભેડ છુપાયેલ છે. જ્યાં બધા ખાડામાં પડી રહ્યા છે તો આપણે પણ વિચારીએ કે ચાલો આપણે પણ ખાડામાં પડીશું. ગામ પણ ઠાકોરજીના નામઉપર ભિખારી બને તો આપણે પણ ઠાકોરજીના નામઉપર ભિખારી બની જઈએ છીએ કે લાવો લાવો.

બ્રહ્મસંબંધ સેવામાં પ્રત્યેક વસ્તુને બ્રહ્માત્મક બનાવે છે. તેની એક વ્યવસ્થિત પ્રક્રિયા મહાપ્રભુજીએ કેવીરીતે ગંભીર-ઊંડા વિચાર કરીને બતાવી છે કે **''તાતેં બ્રહ્મસંબંધ અવશ્ય કરનો''** જેથી આપણી સહજ સેવા ઠાકોરજીને રૂચિકર બની જાય અને આ સોદાબાજી અને લાવલાવબાજી ન રહી જાય.

# પ્રકરણ ૬ : સેવાનું રહસ્ય

## (પૂર્વોત્તરભાવ સંગતિ)

આપણે પુષ્ટિભક્તિની દીક્ષાવિધિથી શરૂ કરીને, પુષ્ટિભક્તિની સાધનાવિધિ સુધીનો ક્રમ જોયો. જેમાં કયા-કયા પાસાઓમાં કઇ કઇ વાત આવી રહી છે, એ જોયું. એક વખત ફરીથી યાદ અપાવી દઉં તમને કે પુષ્ટિભક્તિમાર્ગી સાધના જો કરવી છે, તો સૌથી પહેલાં પુષ્ટિપુરુષોત્તમસાથે આપણો સંબંધ જોડાવો જોઇએ. એ સંબંધ જોડવા માટે મહાપ્રભુજીએ તેના કૃષ્ણ હોવાનું પાસુ નથી લીધું, તેનું ભગવાન હોવાનું પાસુ નથી લીધું, તેના પરમાત્મા હોવાનું પાસુ નથી લીધું પરંતુ તેના બ્રહ્મ હોવાનું પાસુ લીધું છે. આનું ઉદાહરણ મેં તમને ફૂલ અને ફૂલની ગંધના રૂપમાં આપ્યું હતું. બ્રહ્મસાથેજ આપણો સંબંધ સ્થાપિત થઇ શકે છે.

## (કૃષ્ણના બ્રહ્મ હોવાના પાસાસાથે સંબંધ)

કેમકે 'બ્રહ્મ'નો અર્થ છે સમગ્રતા. સમગ્રતાસાથે સંબંધ સ્થાપિત નથી થઇ શકતો પરંતુ સમગ્રતાથી અસંબદ્ધ કોઇ રહી નથી શકતું, આ એક સિદ્ધાંત છે. જેમ અહીં, 'નવું શહેર' કહીએ કે 'જુનું શહેર' કહીએ અથવા 'મદનગંજ' કહીએ તો એમાં કિશનગઢની સમગ્રતા નથી. એક-એક વસવાટ છે. આ ત્રણે વસવાટને જો સમગ્રતાથી આપણે કહેવું હોય તો આપણે 'કિશનગઢ' કહી શકીએ છીએ. 'કિશનગઢ' કહેવાથી એ ત્રણેય વસવાટ તેમાં આવી ગયા. આજે તો આ બધા વસવાટ અને આખો જિલ્લો પણ આવી જાય કિશનગઢ કહેવાથી. તો સમગ્રતાસાથે આપણો સંબંધ ક્યાંય પણ સ્થાપિત થઇ શકે છે. જેમ નવા વસવાટમાં કોઇ રહેતો હોય તો તેનો સંબંધ કિશનગઢસાથે નહીં થાય, એવું બની ન શકે. કોઇ જુના શહેરમાં રહેતો હોય તેનો સંબંધ કિશનગઢસાથે ન હોય, એવું કહી નથી શકાતું. પરંતુ જે નવા શહેરમાં રહી રહ્યો છે તે જુના શહેરમાં તો નથી રહી રહ્યો. જે જુના શહેરમાં રહી રહ્યો છે તે નવા શહેરમાં નથી રહી રહ્યો. જે મદનગંજમાં રહી રહ્યો છે તે ન નવામાં રહી રહ્યો છે ન જુનામાં. પરંતુ કિશનગઢસાથે ત્રણેયનો સંબંધ જોડાઇ શકે છે. કેમકે કિશનગઢ આખા વસવાટનું સમગ્ર રૂપ છે. સમગ્રતાથી આપણે બહુ સરળતાથી સંબંધ

જોડી શકીએ છીએ. પરંતુ જ્યાં સમગ્રતા નથી ત્યાં સંબંધ જોડવામાં તકલીફ તો થશે. જેમ નવા શહેરમાં તમે રહો છો અને જુના શહેરમાં જવું છે, તો ચાલીને જવું પડશે. જુનામાં રહો છો અને નવા શહેરસાથે સંબંધ જોડવો છે, તો ત્યાં ચાલીને જવું પડશે. અને વધારે જો સંબંધ જોડવો છે તો ત્યાં મકાન બનાવવું પડશે. નહીંતર સંબંધ નહીં જોડાય.

કૃષ્ણનું જે બ્રહ્મ હોવાનું પાસુ છે, તે સમગ્રતાનું પાસુ છે. તેના સમગ્રતાના પાસાસાથે સંબંધ આનંદથી જોડી શકાય છે. કૃષ્ણના કૃષ્ણ પાસાસાથે આટલો જલ્દી સંબંધ નહીં જોડાય. એ વાત મેં તમને બતાવી હતી કે ભમરો પણ ગંધસાથે તો સંબંધ જલ્દીથી જોડી લે છે પરંતુ ફૂલ સુધી પહોંચવા માટે તેને ઘણા સમય સુધી અહીં-તહીં મંડરાઈને શોધવું પડશે કે ગંધ ક્યાંથી આવી રહી છે. ત્યાર પછી તેને ખબર પડશે કે ફૂલ ક્યાં છે. ત્યાર પછી ફૂલસાથે સંબંધ જોડાશે. તેવીજ રીતે પરમાત્માની સાથે જે સંબંધ છે તે થોડો કઠિન સંબંધ છે. જેમ આપણને અહીંના ગુંદલાવ તળાવમા સ્નાન કરવું છે, એવો કોણ મહાવીર હશે કે આખા ગુંદલાવ તળાવમાં ન્હાય. આપણે કોઈને કોઈ એક ઘાટ ઉપર સ્નાન કરવું પડશે. હવે આપણે કોઈ પણ એક ઘાટ ઉપર સ્નાન કરીએ તો તે ગુંદલાવ તળાવમાં ન્હાયા એમ કહી શકાશે કે નહીં? જેમ મથુરામાં યમુનાજીના કેટલાબધા ઘાટ છે! તેમાંથી કોઈ પણ એક ઘાટઉપર ન્હાવો, તો તમારો સંબંધ યમુનાજીસાથે છે. પરંતુ ઘાટની સાથે સંબંધની જે વાત છે તે જ્યારે એક ઘાટઉપર તમે ન્હાઈ રહ્યા છો, તો બીજા ઘાટઉપર નથી ન્હાઈ રહ્યા. કેમકે ઘાટ સમગ્રતા નથી પરંતુ યમુનાજી સમગ્ર છે. ગંગાજી સમગ્ર છે. ગંગોત્રીથી લઈને ગંગાસાગર સુધી ચાહે તો તમે હરિદ્વારમાં ન્હાઓ ચાહે બનારસમાં ન્હાઓ ચારે પટનામાં ન્હાઓ કે પછી કલકત્તામાં ન્હાઓ. ચાહે ક્યાંય પણ ન્હાઓ એ 'ગંગાસ્નાન' તો કહેવાશેજ. જે હરિદ્વાર પ્રયાગ કાશીનું સ્નાન છે, એ તો તીર્થસ્નાન છે. એ તમારે તમારી શ્રદ્ધા રૂચિ સામર્થ્ય ના અનુસાર પસંદ કરવું પડશે. જો આપણે કહીએ કે સમગ્ર ગંગાજીમાં ન્હાવા ગંગોત્રીમાં પડ્યા અને ગંગાસાગરમાં નિકળ્યા તો નિકળતા પહેલાંજ ન્યૂમોનિયા થઈ જશે. આટલો સમય કોણ ન્હાઈ શકે! આપણે ગંગાજીમાં ન્હાઈશું, કેવીરીતે ન્હાઈશું? કોઈ એક તીર્થ, તીર્થમાં પણ કોઈ એક ઘાટ, એ

ઘાટઉપર બેસીને આપણે ન્હાઈશું. એ ઘાટઉપર શા માટે ગંગાજી આપણને મળી રહ્યા છે, કેમકે ગંગાજીની એ તીર્થોમાં, આ ઘાટોમાં વ્યાપેલ સમગ્રતા છે. એ સમગ્રતાને પકડવામાટે મહાપ્રભુજીએ બ્રહ્મસંબંધની વાત કહી હતી.

## (કૃષ્ણના પરમાત્મા હોવાના પાસાસાથે સંબંધ)

પરમાત્મા સમજો કે સમગ્રતા નથી કેમકે તે આપણા આત્માની ભીતર બિરાજેલો છે. જ્યારે આપણી આત્માની બાબતમાં જ આપણા વિચાર ડગુમગુ થઈ રહ્યા છે તો તેની સાથે સંબંધ સ્થાપિત કરવો તો બહુ અઘરી વાત છે. આત્મા હોય તો પરમાત્મા હોય ને! જ્યારે આત્માને જ સ્વીકારવામાં સ્થિતિ ડગુમગુ છે, તો પરમાત્માની વાત તો આગળની છે. પરંતુ બ્રહ્મનો કોઈ ઈન્કાર નથી કરી શકતું. તેના અસ્તિત્વને કોઈ મનાઈ નથી કરી શકતું. હવે આ વાત જુદી છે કે તમે ‘બ્રહ્મ’ નામ નહીં, તેને ‘ખુદા’ નામ આપી દો, ‘ખુદા’ નહીં તેને ‘અલ્લાહ’ નામ આપી દો, તેને ‘ગૉડ્’ નામ આપી દો, ‘યહોવા’ આપી દો. આમ કોઈ પણ નામ આપો પરંતુ જે જગતની સમગ્રતા છે તેને કોઈ ઈન્કારી નથી શકતું. આથીજ ઉપનિષદમાં કહ્યું છે કે **‘‘અસન્નેવ સ ભવતિ અસદ્ બ્રહ્મ ઈતિ વેદ ચેદ્’’** (તૈત્તિ.ઉપ.૨/૬/૧) જે માણસ આમ કહે કે બ્રહ્મ નથી એ તો ખુદ એમ કહી રહ્યો છે કે હું નથી. હું નથી એમ કોણ કહી શકે, કેવીરીતે કહી શકે? કેમકે જ્યારે કહે કે હું નથી તો તેમાં પણ હું તો આવીજ ગયો. ‘‘નથી’’ કહેવાવાળો કોણ છે? જેમ ‘‘હું નથી’’ આમ નથી કહી શકાતું. આથીજ બ્રહ્મસાથે સંબંધ જોડાય છે. બ્રહ્મસાથે જ્યારે સંબંધ જોડાય છે, ત્યારે આપણો પરમાત્માસાથે સ્નેહ જોડાય છે. પરમાત્માસાથે જ્યારે સ્નેહ જોડાય છે ત્યારે ભગવાનની નવધાભક્તિનો આપણને અધિકાર પ્રાપ્ત થાય છે, શ્રવણ કીર્તન સ્મરણ, અર્ચન વંદન પાદસેવન, દાસ્ય સખ્ય આત્મનિવેદન, આ બધી ભક્તિઓ ક્યારે ચરિતાર્થ થાય, જ્યારે પરમાત્માના પ્રત્યે આપણને પ્રેમ હોય ત્યારે, પરમાત્માના પ્રત્યે પ્રેમ નથી, તો શ્રવણ પણ કરશું તો પણ કોઈ કર્મકાંડ છે, કીર્તન કરશું તો પણ કોઈ કર્મકાંડ છે.

અમે એક કીર્તનમાં ગયા હતા. તેમાં ચાર માણસ ઝાંઝ લઈને અહીં બેઠા, ચાર માણસ ત્યાં બેઠા, બે માણસ પખાવજ લઈને ત્યાં બેઠા અને મને વચમાં બેસાડી દીધો. મને બંને બાજુની વાતો સંભળાઈ રહી હતી. બધા ગાઈ

રહ્યા હતા. વચમાં બે માણસ બોલ્યા કે હું દસ રૂપિયા શામાટે આપું, એને પાંચ જ આપવા. ખોટા આપણે દસ શામાટે દઈએ. આ વાત ઝાંઝ વગાડતા વગાડતા કહી રહ્યા હતા. કીર્તન ચાલી રહ્યા હતા. મને આ વાતો સંભળાઈ રહી હતી. આ જે ચક્કર છે કે કીર્તન ચાલુ છે, ઝાંઝ ચાલુ છે અને તેમાં વાત પાછી બીજીજ કાંઈક ચાલુ છે. મેં કહ્યું કે કીર્તનમાં આ કયું પદ આવી ગયું, દિવાળીનું કે અન્નકૂટનું કે દાનનું? તો આ વાત સમજો કે પરમાત્માના પ્રત્યે પ્રેમ નથી, તો ચાહે શ્રવણ કરો કે કીર્તન કરો, ચાહે તો સ્મરણ કે કોઈપણ ભક્તિ કરો, તેમાં કાંઈકને કાંઈક આપણા લૌકિકના ઝાંઝ વાગી જાય અને આપણને ખબર પણ ન પડે. જેમ રોડ્ જ્યારે બને છે તો તેમાં રોડ્ બનાવવા માટે એક ડાઈવરજન્ આપવામાં આવે. તો આપણને ખબરજ ન પડે કે ક્યાં ડાઈવરજન્ આવ્યું અને ગાડી ધૂળમાં ઘૂસી જાય.

### (કૃષ્ણના ભગવાન્ હોવાના પાસાસાથે સંબંધ)

આવીજ રીતે પરમાત્માના પ્રત્યે આપણો પ્રેમ છે, તો નવધાભક્તિમાં કોઈ ડાઈવરજન્ નથી આવી શકતું. આથી જ નવધાભક્તિ ભગવાનની થાય છે. પરમાત્માની બ્રહ્મની નવધા ભક્તિ ન થઈ શકે. કેમકે બ્રહ્મની નવધા ભક્તિ કેવી રીતે કરીએ! તેની કઈ વાત સાંભળીએ? એ તો સર્વકાંઈ છે. તેની નવધાભક્તિ કરવા જશું તો ઘોડો પણ બ્રહ્મ છે અને ગધેડો પણ બ્રહ્મ છે. હવે ગધેડાની ભક્તિ કરવી? તેનું પાદસેવન કરવું? શું કરવું? બ્રહ્મ તો સર્વકાંઈ છે. તેની નવધાભક્તિ નથી થઈ શકતી. એવીજ રીતે પરમાત્માની પણ નથી થઈ શકતી. કેમકે પરમાત્મા આપણી ભીતર બિરાજેલો છે, તેના ચરણસ્પર્શ કેવીરીતે કરવા? તેની આરતી કેવીરીતે ઉતારવી? અમે બનારસ ભણવા ગયા હતા ત્યાં એક મઠ છે. એમને ત્યાં આ સિદ્ધાંત છે કે આત્મા સો પરમાત્મા. તેઓ ષોડશોપચાર પૂજન પોતાના ઉપર કરે છે. ''પુષ્પં સમર્પયામિ, ધૂપં સમર્પયામિ, નૈવેદ્યં સમર્પયામિ'' પોતાની ઘંટડી વગાડે. પોતેજ પોતાના ઉપર બધું કરે. આમ કેવીરીતે થાય? તો સમજો કે પરમાત્માની નવધાભક્તિ આપણે કેવીરીતે કરીએ? તેની સાથે સ્નેહ તો કરી શકાય પરંતુ તેની નવધાભક્તિ ન કરી શકાય. ભક્તિને માટે તો કોઈને કોઈ ભગવાન્ જોઈએ.

### (કૃષ્ણના કૃષ્ણ હોવાના પાસાસાથે સંબંધ)

એ નવધાભક્તિ; જે વખતે આપણને ભાગવત સમજાવે છે અને ત્યાં મહાપ્રભુજીએ કહ્યું છે, આપણા પુષ્ટિમાર્ગમાં આપણા કૃષ્ણની કરવાની છે. કેમકે આપણો જે સેવાનો પ્રકાર છે, તો કૃષ્ણકથાની આજુ-બાજુ એના તાણા-વાણા વણાયેલા છે. દરેક સેવાના પ્રકારમાં કોઈ કૃષ્ણની કથા છે. આપણને ખબર નથી પડતી કે કૃષ્ણકથા કેવીરીતે છે. પરંતુ જગાવી રહ્યા છીએ તો કૃષ્ણની કથા છે કે યશોદાજી ઠાકોરજીને જગાવી રહ્યા છે, ઠાકોરજીને ગેંદ સાજી રહ્યા છીએ તો કૃષ્ણની કથા છે કે ઠાકોરજી કેવીરીતે ગાયો ચરાવવા પધાર્યા. દાનનો ઉત્સવ આવ્યો તો કૃષ્ણની કથા છે કે **"ગોવર્ધનકી શિખરતેં મોહન દિનિ ટેર અંતરંગસુ કહત હેં સબ ગ્વારિન રાખો ઘેર. નાગરી દાન દે."** હમણાં દીવાળી આવશે તો એ સેવામાં પણ કૃષ્ણકથા છે. અન્નકૂટ આવશે તો કૃષ્ણની કથા છે. ધનતેરસ આવશે તો કૃષ્ણની કથા છે **"અપનો ધન ધોવત નંદ-રાની."** જુઓ, આખી સેવાના પ્રકારમાં બહુ ખુબસુરતીથી કૃષ્ણકથા ગૂંથવામાં આવેલી છે. કૃષ્ણકથા આપણે સાંભળીએ કે ન સાંભળીએ એ કથાને આપણે જીવી રહ્યા છીએ. જો આપણે સેવા કરી રહ્યા છીએ તો આપણે કૃષ્ણકથાને જીવી રહ્યા છીએ. પરંતુ એ કૃષ્ણકથાના ભાવથી આપણે સેવા કરી ત્યારે તો સેવામાં વ્રજભક્તોનો ભાવ આવશે. પરંતુ કૃષ્ણકથાના ભાવથી સેવા ન કરીએ તો એજ સેવા કર્મકાંડ બની જાય છે, ઝાંઝ વગાડવા જેવું.

### (કૃષ્ણના ઘરના ઠાકુર હોવાના પાસાસાથે સંબંધ)

એ કૃષ્ણકથાને જીવવા માટે મહાપ્રભુજીએ દરેક વૈષ્ણવને તેના માથે ખુદના ઠાકોરજી પધરાવ્યા. જે ઠાકોરજીની ઘરમાં સેવા, તનુવિત્તજા સેવા, ચેતસ્તત્પ્રવણં સેવા, પરિવારજનોની સાથે હળીમળીને સેવા થાય છે. જે ઠાકોરજીની સેવાને માટે આપણે લગ્ન કરીશું, જે ઠાકોરજીની સેવાને માટે આપણે નોકરી-ધંધો કરીશું. જે ઠાકોરજીની સેવાને માટે આપણે ગૃહસ્થ બનીશું, ઘરમાં અનાજ લાવશું, વસ્ત્ર લાવશું, ફલ લાવશું, ફૂલ લાવશું. પોતાના માથે બિરાજતા ઠાકોરજીની જે સેવા છે એ એટલું નાનું સર્કલ થઈ ગયું તેનો અંદાજ લગાવો કે જે આપણી માથે બિરાજતા ઠાકોરજીની સેવા છે તે બીજાના માથે બિરાજતા ઠાકોરજીની સેવા નથી. બીજાને માથે બિરાજતા ઠાકોરજીની

સેવા છે તે આપણા માથે બિરાજતા ઠાકોરજીની સેવા નથી. પરંતુ કૃષ્ણ બંનેના માટે કૉમન્ છે.

## (પુષ્ટિભક્તિસાધનાની વિલક્ષણતા-વ્યાપક કૃષ્ણથી વ્યક્તિગત કૃષ્ણની સાથે સંબંધ)

એ કૃષ્ણ કોઈના માટે કેવળ કૃષ્ણ જ હોય. અને કોઈ કૃષ્ણભક્ત ન હોઈને રામભક્ત હોય. કોઈ રામભક્ત ન હોઈને સમજો કે કોઈ વામનભક્ત હોય કે નરસિંહજીનો ભક્ત હોય, મહાદેવજીનો ભક્ત હોય કે હનુમાનજીનો ભક્ત હોય. ભગવાન્ બધામાટે કૉમન્ છે. એ અનૂકૉમન્ નથી હોઈ શકતો. એજ પ્રકારથી જેમ નવા શહેરમાં આ માર્ગ છે તેની આપણે 'વલ્લભાચાર્ય માર્ગ' કહેવાની અરજી મ્યુનિસિપાલિટીમાં અપાવી હતી. તો આ માર્ગ વલ્લભાચાર્ય માર્ગ છે પરંતુ તેની બાજુનો માર્ગ તો વલ્લભાચાર્ય માર્ગ નથી. જે વલ્લભાચાર્ય માર્ગ ઉપર છે, તે એક ભક્તિ છે. જે બીજા માર્ગ ઉપર છે તે બીજા પ્રકારની ભક્તિ છે. એ કૉમન્ નથી. પરંતુ નવું શહેર બધા માટે કૉમન્ છે. એવીરીતે પરમાત્મા ભગવાનથી વધારે કૉમન્ છે અને પરમાત્માથી વધારે કૉમન્ બ્રહ્મ થઈ જાય છે. આ રીતથી બ્રહ્મસાથે સંબંધ, પરમાત્માસાથે સ્નેહ, ભગવાનની નવધાભક્તિ, કૃષ્ણની કથા અને એ કૃષ્ણની કથાને જીવવા માટે આપણા માથે બિરાજતા ઠાકોરજીની, આપણા પરિવાર જનોની સાથે આપણા ઘરમાં કરવામાં આવતી તનુ-વિત્તજા સેવા. આ બ્રહ્મસંબંધથી લઈને પુષ્ટિભક્તિની સાધનાનો આખો ક્રમ છે.

આમાં આપણો ભજનીય ઠાકુર છે તેના કયા-કયા પાસા એ ભગવાનને સ્પર્શી રહ્યા છે, તેને તમે સમજો તો કોઈ ગરબડ આપની સાધનામાં નહીં થાય અને આ વાતને ન સમજ્યા તો મોટી ગરબડ થઈ જશે. કેમકે જે આપને માથે બિરાજતો ઠાકુર છે એ તો આપના જ માથે બિરાજી રહ્યો છે. બીજાના માથે તો નથી બિરાજી રહ્યો. તેને જગાવવા પોઢાડવાના આપને અને આપના પરિવારને જ છે.

## (સંબંધના પાસાઓની નાસમજીને કારણે થતી દુર્ગતિ)

અમારે મુંબઈમાં એક નવો ઉધમ ચાલ્યો. કેમકે આપણે નાથદ્વારામાં

બિરાજતા ઠાકોરજીનો એવો પ્રચાર કરીએ છીએ હિન્દુ મુસ્લિમ શિકખ ઈસાઈ સબકો મેરા સલામ. તેને કારણે જે પુષ્ટિમાર્ગીય ભક્ત નથી, તેઓ પણ શ્રીનાથજીના પદ ગાવા લાગી ગયા છે. એમના પ્રોગ્રામ થવા લાગી ગયા છે. એમની કૅસેટ બહાર પડી રહી છે. ગુજરાતી ભાષાના એક બહુ મોટા કવિ છે, એમની શ્રીનાથજીની અષ્ટયામ સેવાની એક નવી કૅસેટ નિકળી છે. એનો બહુ ભારે કાર્યક્રમ થયો મુંબઈમાં. એમણે શ્રીનાથજીને જગાવવાનું એક મંગલાનું કીર્તન ગાયું છે કે શ્રીનાથજી ''મૈં તુમકો ક્યા જગાઉં, તુમ સો જાઓગે તો દુનિયા સો જાયગી.'' રાજભોગમાં ગાયું છે કે ''મૈં તુમકુ ક્યા ભોગ ધરૂં, તુમ તો વિશ્વમ્ભર નાથ હો.'' આવીરીતે જે પણ કાંઈ આપણો સેવાનો ક્રમ છે તેનાથી એકદમ વિપરિત સેવાના ક્રમના કીર્તન ગાયા છે. થોડાક દિવસમાં અહીં કૃષ્ણકથાને બદલે બ્રહ્મકથા શ્રીનાથજીની આગળ લોકો ગાવા લાગી જશે. શ્રીનાથજીને લાગશે કે મને શામાટે બેસાડ્યો અહીં? જ્યારે તમારે કાંઈ સેવા કરવી નથી, કોઈ સેવા થવાની નથી. શૃંગારના પદમાં આમ ગાયું છે, આ શૃંગારમાં તમને શું ધરાવું, તમે તો દુનિયાના શૃંગાર છો. હવે તો બધી વાત ખતમ થઈ ગઈ ને! ''તૂ હે હરજાઈ તો અપના ભી યેહી દૌર સહી, તૂ નહીં ઔર સહી, ઔર નહીં ઔર સહી.'' એ પ્રકારના પદોનો દૌર હવે આવી રહ્યો છે. તેમાં કોઈ વાત ખોટી નથી પરંતુ ખોટી વાત કોની બાબતમાં છે? શ્રીનાથજીના ભગવાન્ હોવાની બાબતમાં આ વાત સાચી છે, પરંતુ કૃષ્ણ હોવાના પાસામાં આ વાત સાચી નથી. કેમકે નંદ-યશોદાએ તેને ખવડાવ્યું છે નવડાવ્યા છે અને ત્યાં સુધી કે લાકડી પણ મારી છે તેને. આ વાત આપણે સમજવી જોઈએ કે કયા પાસાના આપણે ગીત ગાઈ રહ્યા છીએ. કયા પાસાની આપણે સેવા કરી રહ્યા છીએ. કયા પાસાને આપણે ચાહી રહ્યા છીએ. કયા પાસાસાથે આપણે સંબંધ જોડી રહ્યા છીએ. આ બધું આપણને સ્પષ્ટ નહીં હોય તો ઘણાબધા કબાડા થઈ જાય છે. પરંતુ દૌર કાંઈક એવો ચાલ્યો છે કે હવે આવાજ પદો લખવામાં આવી રહ્યા છે અને વૈષ્ણવ બધા કહી રહ્યા છે કે ''ઓહો શું પદ લખ્યા છે, એમણે શ્રીનાથજીનો એવો મહિમા કહ્યો છે કે કોણ તમને જગાવી શકે!'' જો જગાવી જ ન શકે તો મંગલાના દર્શન શામાટે ખોલવા? દર્શન ખુલ્લા જ રહેવા દો. શૃંગાર ધરાવી જ નથી શકતા તો પછી શામાટે શૃંગારના દર્શન ખોલવા? આમ જ ઊભા રાખો. આ રોડના ચોકમાં

ઘણીબધી નેતાઓની મૂર્તિઓ ઊભી રહે છે, એમને કોણ શૃંગાર ધરાવે છે? હા ધરાવે છે તો કાગડા ધરાવે છે. જ્યારે શૃંગાર જ નથી ધરાવવા તો રોડઉપર ઊભા રાખો શ્રીનાથજીને. શૃંગાર ધરાવવાની, મંદિરમાં પધરાવવાની શું જરૂરત છે? આવા વિચિત્ર ભાવ આપણામાં પેદા થઈ જાય છે. પાછા આ વાતમાં આપણે આનંદ લઈએ છીએ, દુ:ખ નથી માનતા. દુ:ખની વાત તો આ છે. કેમકે આપણને ખુદને આપણા મહાપ્રભુના સિદ્ધાંતનું ભાન નથી રહી ગયું.

## (પુષ્ટિસ્થઠાકુર પુષ્ટિસ્થજીવની મર્યાદાને અનુરૂપ બંધાય)

મહાપ્રભુજીનો સિદ્ધાંત પોતાનો કોઈ એવો સંકીર્ણ સિદ્ધાંત ન હતો. જ્યારે મહાપ્રભુજીએ કહ્યું કે ઠાકોરજીને જગાવવા છે, ભોગ ધરવો છે, પોઢાડવા છે. અરે આપણો ઠાકુર તો છોવાઈ પણ જાય છે, સ્નાન પણ કરાવવું પડે છે. એ બાબત મહાપ્રભુજીએ ભગવાનના પાસાની વાત નહોતી કહી. એ વાત તમારી માથે બિરાજતા ઠાકોરજીના પ્રત્યે કહી હતી. તમે જે પણ આચાર મર્યાદા પાળશો એ મર્યાદા તમારો ઠાકુર પણ પાળશે. ગોપીનાથજીએ એક સાધનદીપિકા ગ્રંથ લખ્યો છે. તેમાં સ્પષ્ટ છે કે આપણે છોવાઈ જઈએ તો આપણી શુદ્ધિ કરીએ એ રીતથી આપણા ઠાકોરજીની શુદ્ધિ કરવી. આપણે એ ચર્ચામાં નહીં પડીએ કે કોણ કોનાથી છોવાય છે. જેમ આપણે આપણા ઘરમાં નળનું જલ વાપરીએ. ઘણા ગોસ્વામી બાલક પધારે તો કહે કે અમે છોવાઈ જઈશું. સારી વાત છે, આપ કૂવાનું જલ પી રહ્યા છો તો આપ નળના જલથી છોવાઈ જશો. આમાં ન મારા માનનો પ્રશ્ન છે, ન અપમાનનો પ્રશ્ન છે. આપ જે અપરસ પાળી રહ્યા છો, તે તમારે પાળવી જોઈએ. હું જે અપરસ પાળી રહ્યો છું, મારો ઠાકુર પણ મારી અપરસ પાળશે. હું નળનું જલ વાપરી રહયો છું તો મારો ઠાકુર પણ નળનું જલ વાપરે છે. મારો ઠાકુર છે ને! મારો ઠાકુર નળના જલથી નથી છોવાઈ જતો. જેમ મોહના ભંગીના હાથની કઢી શ્રીજી આરોગતા હતા કે નહીં? અલીખાનના હાથની સખડી શ્રીજી આરોગતા હતા કે નહીં? હવે છોવાઈ જાય કે ન છોવાઈ જાય! જેવા તાજબીબી, તેવા તાજબીબીના ઠાકોરજી. જેવા મોહના ભંગી, તેવા મોહના ભંગીના શ્રીનાથજી. જેવા બ્રાહ્મણ તેવા એમના ઠાકુર.

પ્રાચીનકાળમાં અમે ગુંસાઈ લોકો પંચદ્રવિડ બ્રાહ્મણ હતા. તેથી અમે

એવા નિયમ પાળતા હતા કે જે પંચદ્રવિડ બ્રાહ્મણ ન હોય તેના હાથની સખડી ન ખાવી. વરસો સુધી અમે પુષ્કરણા બ્રાહ્મણના હાથની સખડી પણ ખાતા ન હતા. ઠાકોરજી પણ બધા બ્રાહ્મણોના હાથની સખડી ખાવા લાગ્યા. ઠાકોરજીને થોડો પુષ્કરણા, દ્રવિડ નો ભેદ છે! એ તો અમારા જ્ઞાતિના બંધન હતા કે અમે પંચદ્રવિડ બ્રાહ્મણ છીએ તો પંચદ્રવિડબ્રાહ્મણ ન હોય તેના હાથનું અમે ખાતા નહોતા. જ્યારે અમે નહોતા ખાતા તો અમારો ઠાકુર પણ નહોતો ખાતો. હવે કેવો ઉધમ થઈ ગયો છે કે બાલક બધા હોટલમાં પણ આરોગી રહ્યા છે અને ઠાકોરજીને માટે એવો નિયમ છે કે કૂવાનું જલ ન હોય તો વૈષ્ણવ સેવા ન કરી શકે. તો આ ક્યાંનો ન્યાય છે. જો તમે હોટલમાં આરોગી રહ્યા છો તો ઠાકોરજી પણ આરોગશે. મોહના ભંગીના હાથની કઢી આરોગતા હતા કે નહીં! તમે તો જે ચીજ જોઈએ તે ખાઈ આવો. અને ઠાકોરજી ઉપર બધા નિયમ થોપી રાખ્યા છે. અરે ભાઈ, ઠાકોરજીને માટે કોઈ નિયમ નથી. ઘરમાં આપણે કયા નિયમ પાળી શકીએ છીએ, આ તો ઘર-ઘરની અલગ કથા છે.

જેમ અમારા ઘરની વાત કહું કે અમારા તાતજીના સમયમાં ઝારીનું જલ મટકીનું આવતું હતું. અમારા કાકાજીએ કહ્યું કે મુંબઈની જલવાયુના કારણે મટકીમાં જલ ઠંડુ નથી રહેતું. અમને ફ્રીજ લાવી આપો. અમારા તાતજીએ કહ્યું કે ફ્રીજમાં જલ છોવાઈ જશે. અમારા કાકાજીએ કહ્યું કે ફ્રીજ તો જલ ઠંડુ કરવાનું મશીન છે. જલ તો અમે આપણા વાસણમાં જ રાખશું. ત્યારે તે વખતે અમારા તાતજીએ ભવિષ્યવાણી કરી હતી કે તમે ફ્રીજનું જલ પીશો તો તમારા દિકરાઓ બધા નળનું જલ પીશે. અમારા તાતજીની એવી કડક અપરસ હતી કે જેનું કાંઈ ઠેકાણું નહીં. જ્યારે તેઓ પૂનાથી એક વખત ગાડીમાં પધારી રહ્યા હતા તો એક અંગ્રેજ એમને અડી ગયો. તો ત્યાંજ ગાડીમાંથી ઉતરીને જંગલમાં જઈને નદીમાં સ્નાન કર્યું અને આખો દિવસ ઉપવાસ કરીને નદીના કાંઠેજ ગાયત્રીના મંત્ર જપ્યા. ત્યાર પછી ઘરમાં પ્રવેશ કર્યો. હવે આજે કોઈને કહીએ કે અંગ્રેજને અડવાથી આ રીતથી છોવાઈ જવાય તો કોઈ માનશે પણ નહીં. ત્યારે એ પ્રકારની અપરસ હતી. હવે વિચારો કે બદલી ગઈ કે નહીં! હવે એ જ શ્યામદાસ અમારા ઘરે આવ્યો હતો તો અહીંજ અમારા ઘરે જ રહ્યો હતો. હવે અમારા દાદા જોઈ જતા તો ઘર જ છોવાઈ જાત. હવે આપણા મોટા-વૃદ્ધોને

પૂછો કે અહીં કિશનગઢમાં પણ જ્યારે કોઈ વૈષ્ણવ અજમેર જતો તો જનોઈ-કંઠી બદલાવવી પડતી હતી. હવે આજે કોઈ બદલાવે જનોઈ-કંઠી? જ્યારે આપણે જનોઈ-કંઠી નથી બદલતા તો આપણો ઠાકુર પણ નથી છોવાઈ જતો. જો આપણે જનોઈ-કંઠી બદલવી પડે તો જો આપણા ઠાકોરજી પણ અજમેર પધારે તો તેમને પણ સ્નાન કરાવવું પડશે.

**(અસંગીને જીવનસંગી બનાવીને જીવવાની પુષ્ટિભક્તિસાધનાપ્રણાલી)**

ઠાકુર આપણા ઘરનો ઠાકુર છે અને તે ઘરની મર્યાદા પાળે છે. ઘરમાં આપણે જાગી રહ્યા છીએ તો ઠાકોરજીને પણ જગાવશું. ઘરમાં આપણે સુઈ રહ્યા છીએ તો ઠાકોરજીને પણ સુવડાવશું. ઘરમાં આપણે કાંઈક તો શૃંગાર કરી જ રહ્યા છીએ ને! તો ઠાકોરજીને પણ શૃંગારશું. ઘરમાં આપણે કાંઈ પણ ખાઈ પણ રહ્યા છીએ તો ઠાકોરજીને પણ ભોગ ધરશું. ઘરમાં આપણે દીવાળી મનાવી રહ્યા છીએ તો ઠાકોરજી પણ દીવાળી મનાવશે. ઘરમાં આપણે હોળી મનાવી રહ્યા છીએ તો ઠાકોરજી પણ હોળી મનાવશે. આ આખો એક અલગ પહેલુ છે અને આ પહેલુને સમજ્યા વિના આવી-આવી કવિતા લખે અને વૈષ્ણવ ગાય તો પછી પુષ્ટિભક્તિસાધના તો ન રહી ગઈ ને! આપણી સાધનાનો જે ક્રમ હતો, તે આ હતો કે આપણે ઘરમાં રહીને માત્ર આપણા માટેજ નથી જીવવું. આપણી જવાબદારીથી ભાગવું નથી પરંતુ એ કેવીરીતે જીવવું, જેવીરીતે પતિ-પત્ની એક ઘરમાં ગાર્હસ્થ્ય નિભાવતા જીવે છે. આ પ્રકારથી એક સ્વામી-સેવક, એક ઘરમાં રહે છે. એ પ્રકારથી ઉત્સવ શૃંગાર એક સાથે મનાવીએ. અમારા ગુસાંઈઓના ઘરમાં આવું જ હતું. ઠાકોરજીની મોટી-મોટી પિછવાઈ હોય. તે એટલા માટે કે અમારા ઘરમાં નવો તાકો આવતો તો ઠાકોરજીની પિછવાઈ બનાવી દેવામાં આવતી. ઘણા દિવસો સુધી તે ધરાવતા. પછી કોઈ ઉત્સવ આવે તો તે પિછવાઈને વડી કરીને, તેના બાલકોના કપડા સીવડાવી દેવામાં આવતા. તો આ પ્રકારથી, જે પણ આપણા ઘરમાં રહેવાનું સુખ છે તે આપણે ઠાકોરજીની સાથે માનતા હતા. ઠાકોરજીના નાના-નાના વસ્ત્રો તો આપણે પહેરી ન શકીએ. પરંતુ આ પ્રકારથી તો ઠાકોરજીના પ્રસાદી તો આપણે પહેરી શકીએ કે નહીં! અમે બાળપણમાં અમારા ઠાકોરજીની ગદ્દૂલ પહેરી છે. આજકાલ તો ગદ્દૂલ પહેરવાની પ્રથા જ નથી રહી. સ્વેટર આવી

ગયા. પરંતુ જુના જમાનામાં ગદૂલ આવતી હતી. એ ગદૂલ ઠાકોરજીના માપની નહોતી બનતી. આપણે આપણા માપની બનાવતા અને ઠાકોરજીને ધરાવતા કે ઠંડી છે. આમાં આપ સુખથી બિરાજો. પછી તેને પ્રસાદી કરીને આપણે ખુદ પહેરતા હતા. અમારા બાળપણમાં અમે બહુ પહેરી છે. તાતજી દરેક વખતે ઉત્સવ ઉપર એ ગદૂલ દરેક બાળકને વાટતા. નવા ગદૂલ ઠાકોરજીના બનતા. આ પ્રકારથી ઠાકોરજીની સાથે જીવન જીવવાની આપણી પુષ્ટિભક્તિની સાધનાપ્રણાલી હતી. જેમાં દરેક પળે આપણને એ ખ્યાલ રહેતો કે આપણને ઠંડી લાગી રહી છે તો ઠાકોરજીની પ્રસાદી ગદૂલ પહેરી રહ્યા છીએ. આશ્ચર્ય થશે કે અમારે ત્યાં શાદી-બ્યાહમાં જે વરરાજાને પાગ બાંધે છે, એ ઠાકોરજીની પ્રસાદી પાગ હોતી હતી.

ઘણી વખત જ્યારે ઠાકોરજી નાના હતા તો એમની પાગ તો નાની હોવાથી ન થઈ શકે. જે ઠાકોરજની ઓઢણી હોતી, તેની પાગ સિલ્દ્ધ કરાવતા. આ પ્રકારથી આપણે જીવનના દરેક પ્રસંગમાં ઠાકોરજી  સાથે કેવીરીતે જોડાઇ રહેવું, આ એક સાધનાપ્રણાલી હતી. તેને ઠાકોરજી પણ પાળતા હતા. ઘણા વાર્તા-પ્રસંગમાં એવું આવે છે કે એકે માગીને ભોગ ધર્યો ઠાકોરજીએ કહ્યું કે ગામપાસેથી માગેલી વસ્તુ આરોગવા માટે તારા ઘરે નથી બિરાજતો. હું તો તારી સત્તાનું અંગીકાર કરવા માટે અહીં બિરાજ્યો છું. માગ્યું સેવકે અને શરમ સેવ્યસ્વરૂપને આવી! ''વો મેરા દોસ્ત હે સારે જહાંકો હે માલૂમ, દગા કરે વો કિસીસે શર્મ આયે મુઝે!''

## (નિરપેક્ષબ્રહ્મને ભક્તસાપેક્ષ બનાવવાની સાધનાપ્રણાલી)

એ બ્રહ્મનો પહેલુ નથી, પરમાત્માનો પહેલુ નથી, ભગવાનનો પહેલુ નથી, કૃષ્ણનો પહેલુ નથી, એ તો ઘરના ઠાકુરનો પહેલુ છે. ઘરના ઠાકુરનો પહેલુ એ છે કે જેમ ઘરના બાળકનું લાલન-પાલન આપણે કરીએ. આ એક પુષ્ટિસાધનાની પ્રણાલી હતી જે બ્રહ્મસંબંધની દીક્ષાથી શરૂ થઈને એક ગૃહસેવા સુધી વહેતી હતી. આનો સ્વાદ જેણે ચાખ્યો છે એજ સમજી શકે છે કે ઘરમાં જીવવું તો છેજ. મહાપ્રભુજી એમ નથી કહેતા કે ઘર છોડીને જંગલમાં ચાલ્યા જાઓ, સંન્યાસ લઈ લો પરંતુ એ જીવવામાં, ઘરના ઠાકોરજીની સાથે જીવવાની યોજના બનાવીને તો જુઓ! જેમ એકલા કુંવારા તો આપણે રહી જ

રહ્યા છીએ પરંતુ એક વખત પરણીને પત્નીની સાથે રહીને તો જુઓ. એ જે ગૃહસ્થીની સાથે રહેવાનો આરામ છે પ્રેમ છે, એ બિચારા કુંવારાને ક્યાંથી મળશે. એવીજ રીતે ઘરમાં આપણે રહી રહ્યા છીએ, આપણા સંસારને જીવવા માટે, પરંતુ આપણા ઠાકોરજીની સાથે જે વખતે આપણે જીવી રહ્યા છીએ, જે વખતે ઠાકોરજીની સાથે આપણે ઉત્સવ મનાવી રહ્યા છીએ, એ જે જીવન જીવવાની શૈલી છે, એ તો જે જીવી રહ્યા છે તેમનેજ મળી શકે છે. વગર જીવ્યે તો એ શૈલીની મજા નથી મળી શકતી. ‘બન્દર ક્યા જાને અદરકકો સ્વાદ.’ એ સ્વાદને લેવા માટે તો બ્રહ્મસંબંધની ગંગોત્રી હતી.

એ સ્વાદને લેવા માટે ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવાપ્રણાલી મહાપ્રભુજીએ રાખી. **“બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં”** (ભક્તિવર્ધિની.૨) આ સેવાપ્રણાલી હતી. એ સેવાપ્રણાલીથી જીવવાવાળાને માટે મહાપ્રભુજી એવી આજ્ઞા કરે છે કે તેને સેવા કરતા-કરતા એવું સામર્થ્ય આવી જશે કે તેના દરેક ક્રિયા-કલાપ સેવાસાથે જોડાયેલા રહેશે. એ અલૌકિક સામર્થ્ય સેવાનું ફલ મહાપ્રભુજીએ ‘સેવાફલ’ગ્રંથમાં બતાવ્યું. આ ગંગોત્રીથી ગંગાસાગર સુધી આપણી પુષ્ટિભક્તિની ગંગા છે. આની ઉત્તરાવધિ તો ઘણી વખતે હું તમને સમજાવી જ ગયો છું. તેની આપણે ચિંતા નહીં કરીએ. આ વચનામૃતથી આટલો ખુલાસો કરીને આપણે આગળ વધશું.

## (શ્રીહરિરાયજીના ભાવપ્રકાશની સંગતિ)

અહીં જે મહાપ્રભુજીનું વચનામૃત છે, તેના ભાવપ્રકાશમાં હરિરાયજી વધારે ખુલાશો કરી રહ્યા છે. આપશ્રી આજ્ઞા કરે છે ક **“જો દામોદરદાસને કહી કે મેંને શ્રીઠાકુરજીકે વચન સુને પર સમુઝ્યો નાહીં, તાકો કારણ યહ જતાએ જો એકાદશ અધ્યાયમેં ભગવદ્ગીતામેં શ્રીઠાકુરજીકે વચન હેં જો અપુને પઢકે સમુઝો ચાહે સો સમુઝે ન જાય. જબ ગુરૂ કૃપા કરેં તબ સમુઝે જાય.”**

જુઓ! અગીયારમા અધ્યાયમાં શ્રીઠાકોરજીએ અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા. તેમાં ન સમજી શકાય એવી વાત શું છે, તે સમજો. ગીતામાં વર્ણિત એક સૂક્ષ્મ રહસ્ય છે અને તે એ છે કે કૃષ્ણ બ્રહ્મ છે, કૃષ્ણ

પરમાત્મા છે, કૃષ્ણ ભગવાન્ છે. જે ગીતાનું વચન મેં તમને બતાવ્યું **"પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્"** (ભગ.ગીતા.૧૦/૧૨) કૃષ્ણ બધુંજ કાંઈ છે. અર્જુન પણ આ વાતને જાણતા હતા. ન જાણતા હોત તો ગીતા શરૂ કેવીરીતે થાત! **"શિષ્યસ્ તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્"** (ભગ.ગીતા.૨/૭) જે વખતે અર્જુને કહ્યું તેની તો કોઈ જરૂરત જ ન હતી કેમકે ભગવાન્ તો અગીયારમા અધ્યાયથી પહેલાજ કહી ચુક્યા છે **"યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિઃ ભવતિ ભારત! અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહં."** (ભગ.ગીતા.૪/૭) ભગવાને ગીતામાં આજ્ઞા કરી એ વાત અર્જુને માની પણ લીધી કે શ્રીકૃષ્ણ પરમાત્મા છે અને ધર્મસંસ્થાપના સાધુપરિત્રાણ ને માટે પ્રકટ થયા છે. તે વખતે અર્જુને કોઈ વિરોધ પ્રકટ નહોતો કર્યો કે આ વાત અમને માન્ય નથી લાગી રહી. તમે તો સારથી છો. એ વાત તો અર્જુને માન્ય રાખી. અચાનક અહીં દસમા અધ્યાયમાં અર્જુને એક પ્રશ્ન રાખી દીધો કે તમે કહી રહ્યા છો કે બધુંજ કાંઈ તમે છો તો શું આ હકીકત તમારી જોઈ શકાય છે? ત્યારે ભગવાને તેને સ્વીકારીને કહ્યું કે ચાલ હું તને બતાવું. જોઈ નથી શકાતી પણ બતાવી શકાય છે, આ ભગવાને ત્યાં ખુલાશો કર્યો. **"ન તુ મામ્ શક્યસે દ્રષ્ટુમ્ અનેનૈવ સ્વચક્ષુષા દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમેશ્વરમ્."** (ભગ.ગીતા.૧૧/૮) તું જોઈ નથી શકતો પરંતુ તું જો ઈચ્છે તો મારી હકીકત તને હું બતાવી બતાવી શકું છું. આમ કહીને ભગવાને પોતાના સ્વરૂપમાં વિરાટનું દર્શન કરાવ્યું અને એ દર્શન એવું કે ભગવાનના સ્વરૂપમાંજ આખી દુનિયા છે.

### (તાત્ત્વિક બ્રહ્મસંબંધ અને સાધનાત્મક બ્રહ્મસંબંધ)

બ્રહ્મ બધુંજ કાંઈ બન્યો છે, તેથી બધુંજ કાંઈ બ્રહ્મ છે, આ વાત તો સમજવામાં આવી ગઈ ને! જેમ સોનું જ ઘરેણું બન્યું છે તો જેટલા ઘરેણાં છે, તે સોનામાં જ છે. સોનાની બહાર તો ઘરેણા નથી હોઈ શકતા. ઘડો માટીમાંથી જ બન્યો છે, માટીની બહાર તો માટલું રહી નથી શકતું. આખી સૃષ્ટિ બ્રહ્મ છે આ એકાદશ અધ્યાયનું મૂલ છે. આ બ્રહ્મસંબંધની વાત છે, ધ્યાનથી સમજજો કે વાત ક્યાં જઈ રહી છે. બધુંજ કાંઈ બ્રહ્મમાં છે, આ ભગવાન્ ગીતામાં અહીં સુધી સમજાવ્યું છે કે ખુદને અને અર્જુનને પણ વિરાટમાં બતાવ્યા છે. જે

વખતે અર્જુને વિરાટમાં જોવાનું શરૂ કર્યું તે વખતે અર્જુનને પોતાના દર્શન પણ થયા અને તેમાં ભગવાન્ કૃષ્ણના ખુદના પણ દર્શન કરાવ્યા. **''વૃષ્ણીનાં વાસુદેવો અસ્મિ પાંડવાનાં ધનંજય''** (ભગ.ગીતા.૧૦/૩૭) ભગવાને આ વાત કહી છે કે વૃષ્ણી યાદવોમાં હું વાસુદેવ છું. પાંડવોમાં હું ધનંજય છું. અર્જુનને આ વાત બતાવી દીધી છે કે તું પણ મારામાં જ પ્રકટ્યો છે, મારા સિવાય કાંઇ બીજું છે નહીં. અહીં સુધી ભગવાને તેને કહ્યું કે **''મયા હતાઃ ત્વં જહિ મા વ્યથિષ્ઠા''** (ભગ.ગીતા.૧૧/૩૪) જેને મારવામાં તારા મનમાં જે સંકલ્પ વિકલ્પ થઇ રહ્યો છે, એમને મેં મારી રાખ્યા છે, જોઇ લે આ હકીકતને મારામાં. હવે જ્યારે ભગવાને મારી જ રાખ્યા છે તો તેમાં હવે અર્જુન શું કરશે? ભગવાન્ કહી રહ્યા છે કે કાંઇક તો તારે કરવું જ પડશે. **''બ્રહ્મસંબંધકરણાત્''** બ્રહ્મસાથે તો સંબંધ છેજ પરંતુ કરશો તો થશે. નહીં કરો તો નહીં થાય. સંબંધ તો ઉપલબ્ધ છે પરંતુ કર્યા વિના નહીં થાય. જેને મારવા છે, જેને તારવા છે, એમને મારવા-તારવાવાળો હું જ છું. મારા સિવાય બીજું કોઇ છે નહીં પરંતુ તીર તો તારે જ ચલાવવા પડશે. આ છે બ્રહ્મસંબંધકરણ. હવે બ્રહ્મસંબંધમાં જે વાત, જે વિચારધારાથી મહાપ્રભુજી પ્રકટ કરી રહ્યા છે, તેનું એક પાસુ આ આધુનિક કવિએ પ્રકટ કર્યું છે તને અમે શું જગાવીએ, તું તો જગતને જગાવવાવાળો છે. તને અમે શું શૃંગારીએ. તું તો બધાનો શૃંગારી રહ્યો છે. પરંતુ મેં બધાને મારી રાખ્યા છે, પરંતુ તીર તું ચલાવ, આ વાત છે કે નહીં. આવીજ રીતે બધાને ખવડાવવાવાળો હું છું પરંતુ તું ભોગ ધર, આ વાત આવી રહી છે કે નથી આવી રહી? મેં બધાને તૈયાર કરી રાખ્યા છે પરંતુ તું મને શૃંગાર. હું બધાને મારી ગોદમાં સુવડાવા વાળો છું, પરંતુ તું મને પોઢાડ. આ વાતને ભૂલવી ન જોઇએ. **''મયા હતાઃ ત્વં જહિ''** (ત્યાંજ) આ જે એક સિદ્ધાંત છે કે બ્રહ્મ તો સમગ્રતા છે અને જીવ તેનો એક આંશિક ક્રિયા-કલાપ છે. એ ક્રિયા-કલાપ કરવાથીજ થશે. જેમ આખી ગાડી એંજિનસાથે તો ચાલી રહી છે. પરંતુ તેના ડબ્બાઓને પણ તો તેની સાથે ચાલવું તો પડશે કે નહીં! સમજો કે ડબ્બાઓના ચાલવાની પ્રક્રિયા બંધ થઇ ગઇ તો ગાડી જ્યારે ચાલશે ત્યારે ડબ્બો ચાલશે નહીં ઘસડાશે. ચાલવું એક જુદી વસ્તુ છે અને ઘસડાવું એક અલગ વસ્તુ છે. જેમ કોઇ કાર જડપથી ચાલી રહી હોય અને

અચાનક બ્રેક મારે તો પૈડા તો ચાલતા બંધ થઈ જાય પરંતુ ગાડી ઘણીવાર સુધી ઘસડાતી રહે છે. ઘસડાવું કોઈ સારી વાત નથી. જ્યારે ગાડી ચાલી રહી છે તો પૈડા પણ ચાલે છે. એવીજ રીતે બ્રહ્મ તો બધુંજ કાંઈ કરી રહ્યો છે પરંતુ તેમાંથી જે આપણાથી થઈ શકતું હોય તે આપણે કરવું જોઈએ.

## (વરણ અને શરણ ની પૂરકતા)

જેમ કાલે કે પરમદિવસે કોઈએ પ્રશ્ન કર્યો હતો કે શરણ અથવા વરણ. તો સમજો કે શરણ આપણું છે, વરણ તેનું છે. વરણ બ્રહ્મનું છે અને શરણ જીવનું છે એ બંને એક-બીજાના પૂરક છે, જેમ એંજિન અને ડબ્બા. એંજિન ચાલશે તો ડબ્બા ચાલશે. ડબ્બામાં કોઈ પોતાની મેળે ચાલવાની પ્રક્રિયા નથી. પરંતુ પૈડા તો તેને ફેરવવાજ પડશે. ફર્યા વિનાના પૈડાથી કોઈ ડબ્બો ચાહે કે એંજિનને ભરોસે ચાલી નિકળે તો ચાલશે નહીં, ઘસડાશે. બસ આ જ મુખ્ય વાત છે કે પૈડા આપણા ફરવા જોઈએ. ચલાવશે આપણને એંજિન. આ શરણ અને વરણ નું મુખ્ય અંતર છે.

## (સેવાનું રહસ્ય-ગીતાના એકાદશ અધ્યાયમાં)

આ અંતરને આપણે ધ્યાનથી સમજીએ કે પ્રભુ આપણને બધુંજ કાંઈ દઈ રહ્યો છે. પરંતુ તેને આપણે પ્રભુની સાથે શૅર્ કરીએ. જે જીવન પ્રભુએ આપ્યું છે એ જીવનને પ્રભુની સાથે જીવવાનો આપણે પ્રયાસ કરીએ. પ્રભુની સાથે જીવવાની જે પ્રક્રિયા છે એ સેવાની પ્રક્રિયા છે. જીવન જીવવાની જે શરૂઆત છે તે બ્રહ્મસંબંધની દીક્ષાની પ્રક્રિયા છે. એ જ વાત એકાદશ અધ્યાયમાં ગીતામાં સમજાવવામાં આવી છે કે મારશે બધાને ભગવાન્, પરંતુ તીર તારે ચલાવવા પડશે. ભાઈઓને બચાવવાનું કર્તવ્ય અર્જુનનું છે, ઈચ્છા ભગવાનની છે, પરમાત્માની છે. આ વાત ગીતાની આપણે સમજીએ તો સેવાનું બધું રહસ્ય આપણને સમજમાં આવી જાય છે. આથીજ શ્રીહરિરાયજી અહીં કહી રહ્યા છે કે **''એકાદશ અધ્યાયમેં ગીતાજીકે શ્રીઠાકુરજીકે વચન હેં જો અપુને પઢતે સમુઝો ચાહેં સો સમુઝેં ન જાય.''** મોટાભાગના પાઠ કરવાવાળાને લાગે કે કેવળ અર્જુનને મહાભારતના યુદ્ધમાં શત્રુઓને મારવાની ખાલી આજ્ઞા છે. મહાપ્રભુજી સમજાવે છે કે આપણા સેવ્યસ્વરૂપની વિરાટતા=બ્રહ્મસંબંધને જોઈને આપણે આપણા ગાર્હસ્થ્યને આપણા

સેવ્યપ્રભુની સાથે નિભાવવાનો પણ અભિપ્રાય છે. અગીયારમા અધ્યાયનો પાઠ ગીતાજીનો કરી લો. અને મહાપ્રભુજીનો સિદ્ધાંત ન સમજમાં આવતો હોય, તો સમજમાં આ વાત નહીં આવી શકે, નહીં આવી શકે અને નહીં આવી શકે. મહાપ્રભુજીનો સિદ્ધાંત સમજશો તો આ વાત તુરત સમજમાં આવી જશે કે આ વાત તો એકદમ સાફ-સુથરી વાત છે. **''તાતેં ઠાકુરજીકે કહેતેં સમઝેં દામોદરદાસ તો શ્રીઠાકુરજીકે સેવક ભયે.''** આથીજ દામોદરદાસ કહી રહ્યા છે કે **''મહારાજ સુન્યો તો સહી પર સમઝ્યો નાહીં. જબ આચાર્યજી સમઝાવેં તોહી સમઝેં. યે કહિ યે જતાએ કે હૃદયમેં દૃઢ જ્ઞાન ગુરુકી કૃપા તેં હી હોય. સેવકભાવ દિખાયે કે યદિ ઠાકુરજીસુ સમઝતે તો શ્રીઆચાર્યજીકે બરાબર જ્ઞાન કહ્યો જાય. તાતેં કહે જો સુન્યો પર સમઝ્યો નાહીં.''**

અને એક બીજીવાત શ્રીહરિરાયજી અહીં સમજાવવા માગી રહ્યા છે કે **''તાતેં કહે કે સમુઝ્યો નાહીં, અથવા કહે જો મૈં સમુઝ્યો નાહીં સો મેરે સમઝવેકો કહા પ્રયોજન? આપ કહેં તાકો મેરે સમુઝિવેકો પ્રયોજન મોકો હે.''** માનો કોઇ ડૉક્ટર્‌ની પાસે આપણે જઈએ અને દરેક દવાની શીશીઓને ઉઠાવીને જોઈએ કે આ દવા શેની છે! ડૉક્ટર્ કહેશે કે ''અરે રોગ બતાવો કે શું થાય છે, દવા કઇ દેવાની છે એ તો હું બતાવીશ તમને.'' રોગ તો બતાવે નહીં અને શીશી ઉઠાવીને પૂછે છે કે આ દવા શેનામાટેની છે. એક માથું દુઃખતું હોય તો આપણને ખબર નથી પડતી, તેના કેટલા કારણ હોઈ શકે, માથામાં ગાંઠ હોઈ શકે, ગૅસ્ હોઈ શકે, શુગર લેવલ વધી ગયું હોય શકે. એક નાનકડો માથાનો દુઃખાવામાં કેટલાબધા કારણ હોઈ શકે છે. આ વાત તો સમજવી પડશે કે માથું શા માટે દુઃખી રહ્યું છે.

એવીરીતે મહાપ્રભુજીની ચિંતા સદોષ જીવનો નિર્દોષ ભગવાનની સાથે સંબંધ કેવીરીતે થશે તેનો ખુલાસો ઠાકોરજી આપતા હોય કે **''બ્રહ્મસંબંધદ્વારા''**. એ વાત મહાપ્રભુજી અને ઠાકોરજીની વચ્ચેની છે. તેની વાત આપણે મહાપ્રભુજીને આ પૂછવાની છે કે ''અબ મહારાજ! મેરા કર્તવ્ય ક્યા?'' અને ત્યારે મહાપ્રભુજી સમજાવશે કે બ્રહ્મસંબંધ લઈને પોતાના ઘરમાં ભગવત્સેવા કર. દામોદરદાસજી તો પોતાનું ઘર મહાપ્રભુજીની સાથે ચાલીને

તેનો ત્યાગ કરીને આવ્યા છે. આથી મહાપ્રભુજી એમને સમજાવે કે **"દમલા બડી દેર ભઇ ભગવચ્ચર્ચા કરેં!" "સેવાયાં વા કથાયાં..."**

**(કૃષ્ણસેવાને માટે ગુરુની અપેક્ષા, નહીં કે ગુરુ બનાવવા માટે કૃષ્ણસેવા)**

પાંડુરંગ વિઠ્ઠલનાથજીની આજ્ઞા થઇ તેથી આપશ્રીએ વિવાહ કર્યા. તેના પછી આપે ગૃહસેવાનો સિદ્ધાંત સ્થાપિત કરીને, બધાને ગૃહસેવામાં પ્રવૃત્ત કર્યા. આથી પ્રાચીન કાલથી ચાલતી આવતી જે પરંપરા હતી તે પરંપરા એ હતી કે **"ગુર્વડભાવે તત્પુત્રઃ તદભાવે તત્પત્ની તદભાવે તત્કુલમ્"** ગુરુ ન હોય તો ગુરુના પત્ની અથવા ગુરુના પુત્ર અથવા કુળને પોતાના ગુરુ માનવા. આપણે ત્યાં પાચીન કાલમાં વંશ-પરંપરાથી પણ ગુરુ માનવાનો એક સિદ્ધાંત રહ્યો છે. આ જ કારણથી પ્રવચનના આરંભમાં જ મેં બતાવ્યું હતું કે વંશ-પરંપરાથી ગુરુ થઇ શકે અને શિષ્ય-પરંપરાથી પણ ગુરુ થઇ શકે છે. બંને પ્રકારની પ્રણાલી આપણે ત્યાં પ્રાચીન કાલથી ચાલી આવી રહી છે. તેમાંથી મહાપ્રભુજીએ પોતાના વંશની પરંપરાથી આચાર્યત્વ રાખ્યું. પરંતુ એ પરંપરાને કેવળ વંશમાં હોવાની લાયકાતના આધારે આપણે ત્યાં માનવામાં આવેલ નથી. આપશ્રીએ આ વાતનું સ્પષ્ટ વિધાન કરેલું છે કે **"કૃષ્ણસેવાપરં વિક્ષ્ય દંભાદિરહિતં નરં શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્"** (ત.દી.નિ.૨/૨૨૭) ગુરુ કૃષ્ણસેવા પરક હોવો જોઇએ. વંશ હોય પરંતુ કૃષ્ણસેવાપર ન હોય તો ગુરુ નથી બની શકતો. એ કૃષ્ણસેવા કોઇ પ્રકારના દંભ ઉપર ટકેલી ન હોવી જોઇએ. આજીવિકા કમાવાને માટે ન કરવામાં આવતી હોવી જોઇએ. શ્રીમદ્ભાગવતના આધારઉપર આ કૃષ્ણસેવાનું આપે પ્રવર્તન કર્યું. જેમ મેં તે દિવસે આપને બતાવ્યું હતું કે આપણા ઘરના ઠાકોરજીની જે સેવા છે તે કૃષ્ણકથાથી જોડાયેલી સેવા છે. આ કથા શ્રીમદ્ભાગવતમાંથી લેવામાં આવી છે. શ્રીમદ્ભાગવતતત્ત્વજ્ઞ હોવો જોઇએ. એવો ગુરુ ન મળે તો મહાપ્રભુજીને ગુરુ માનીને સ્વયં સેવા ચાલૂ કરો. સેવા કરવી એ મુખ્ય છે. ગુરુ છે કે નથી એ મહત્ત્વપૂર્ણ નથી. આ મહાપ્રભુજીએ શામાટે કહ્યું? કેમકે કૃષ્ણસેવા માર્ગના પ્રવર્તનાર્થ ગુરુની મહિમા છે. ગુરુની અપેક્ષાથી કૃષ્ણસેવા માર્ગ નથી. જેમ ચાલવાને માટે પગ આપ્યા છે. જો આપણે ચાલી જ નથી રહ્યા તો પગની શું આવશ્યકતા છે? એવીજ રીતે કૃષ્ણસેવાના પ્રવર્તનને માટે ગુરુ છે પરંતુ ગુરુ

બનાવવા માટે કૃષ્ણસેવા નથી બતાવી. અમારે અમારા પુત્રને ગુરુ બનાવવો છે આથી અમે કૃષ્ણસેવા શરુ કરાવી દીધી. વાત તો બદલાઇ ગઈ ને! છોકરીને પરણે તો છોકરાના મા-બાપને કાંઈક ને કાંઈક તો આપે જ છે. પરણવા માટે છોકરીને લાવે અને તેની સાથે તેના મા-બાપની કાંઈક સંપત્તિનો ભાગ પણ ઘરમાં લાવે, આ એકપ્રકારનો વૈવાહિક સંબંધ છે. અને બીજો એ પણ હોઈ શકે કે છોકરીના મા-બાપની સંપત્તિ હડપ કરવી છે, તેથી છોકરીને લાવે. ત્યાં પણ છોકરી અને સંપત્તિ બંને આવશે. પરંતુ વાત તો બદલાઈ ગઈ. દહેજ લેવા માટે કોઈ છોકરીસાથે લગ્ન કરવા અને છોકરીસાથે લગ્ન કરવા તેમાં દહેજ મળી ગયું તો તે લઈ લીધું ન મળ્યું તો ન લીધું. આ બંને વાતોમાં ખૂબજ અંતર છે. દહેજ લેવામાટે વિવાહ કરવામાં તો સંબંધની સ્વસ્થતા ખતમ થઈ ગઈ. એવીજ રીતે કૃષ્ણસેવાને માટે ગુરુ છે. ગુરુ કોઈને બનાવવો છે તેના માટે કૃષ્ણસેવા નથી. આ વાતને સ્પષ્ટરૂપથી સમજશો તો આપણા માર્ગનું રહસ્ય સ્પષ્ટ સમજમાં આવશે.

## (સેવામાર્ગનો શૃંગાર શ્રીગુસાંઈજીના કારણે)

શ્રીગુસાંઈજીએ કૃષ્ણસેવાને જે પ્રકારથી સમૃદ્ધ બનાવી. **''પિતૃ-પ્રવર્તિત-પથ-પ્રચાર-સુવિચારકઃ''** (નામરત્નાખ્ય.૧૨) હું આ વાતને બહુ સહજ પ્રકારથી બતાવી રહ્યો છું. આને હું બહુ મહત્ત્વ નથી આપતો પરંતુ જ્યાં શ્રીમહાપ્રભુજીએ ચાર શૃંગાર વિચાર્યા ત્યાં શ્રીગુસાંઈજીએ આઠ શૃંગાર ધરાવ્યા. જે કાંઈ પણ મહાપ્રભુજીએ વિચાર્યું તેને શ્રીગુસાંઈજીએ એટલી સુંદર રીતથી સજાવ્યું છે કે હું નથી સમજતો કે વિશ્વમાં કોઈએ આ રીતથી કૃષ્ણસેવાના આવા સજ્યા-સંવાર્યા પ્રકાર બતાવ્યા હોય. પૂજાના આપણાથી પણ સારા પ્રકાર વધારે છે આ વાતને ભૂલશો નહીં. પરંતુ સેવાનો પ્રકાર જેવો અહીં સજ્યો-સંવાર્યો સુવિચારિત છે, એવો ક્યાંય પણ નથી. તે એટલા માટે વિકૃત થઈ ગયો કે આપણે તેનું પ્રદર્શન કર્યું. જીવનની પ્રણાલી બનાવવાને બદલે કમાણીની પ્રણાલી બનાવી લીધી. એ કારણથી આ એક ધંધાના રૂપમાં પુષ્ટિમાર્ગમાં વિકસિત થઈ ગયો. આ બધી કથા જુદી છે. આ ગુસાંઈજીની બતાવેલી નથી. ગુસાંઈજીએ, મહાપ્રભુજીએ સેવાની રીતિ બતાવી હતી, તેનેજ એક સુંદરરૂપમાં વિકસિત કરીને પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં સેવા પધરાવી અને

એમને સમજાવ્યું કે તમે આ પ્રકારથી સેવા કરો. કોઈક-કોઈક વૈષ્ણવ પાસેથી પણ આપે સમજ્યું કે આ પ્રકારથી સેવા કરવી જોઈએ. જેમ આપણે ત્યાં ઠાકોરજીને ચોપડ ધરવી. આ ક્યાંય ભાગવતમાં છે નહીં કે ઠાકોરજી ચોપડ ખેલતા હતા. પરંતુ કેમકે તાજબીબી ચોપડ ખેલતી હતી ઠાકોરજીની સાથે. આ ભાવ ગુસાંઈજીને ખૂબજ સુંદર લાગ્યો કે ઠાકોરજી સાથે ચોપડ પણ ખેલી શકાય છે. આપણે ત્યાં તાજબીબીના ભાવથી ચોપડ ધરવા લાગી ગયા. શ્રીનાથજીએ ગુસાંઈજી પાસેથી માંગ્યુ કે મને કુલહ ધરાવો. તો ગુસાંઈજી કુલહ ધરાવવા લાગી ગયા. કુલહ અફઘાની શૃંગાર છે. હિંદુસ્તાનનો નથી. અફઘાનમાં તેને કુલહા કહે છે અને પઠાણ લોકો તેને હજુ પણ પહેરે છે. તેને પોતાની રીતથી બનાવી કે જેથી થોડું પઠાણી લાગે અને થોડું આપણું પણ લાગે, આ રીતથી શ્રીનાથજીને ધરાવી. આવી કેટલીય વાતો છે જે આપણે ઘરમાં સેવા કરીએ તો ખબર પડે છે. પરંતુ ઘરમાં કોણ તકલીફને આમંત્રણ આપે? તેના કારણે ગુસાંઈજીએ સેવાનો જે સુંદરતાથી, સુઘડતાથી રૂપ સંવાર્યું તે બધું આજની તારીખમાં વ્યર્થ ચાલ્યું ગયું. તેનું કારણ બતાવું. તે એ કે જેની પાસે આપણે કરાવીએ તે બિચારા કર્મચારીવર્ગ પગારને માટે કરતા હોય છે. એમને શું લેવા-દેવા સેવાના લફડાથી! આપણને જાતે કરવાની ઈચ્છા નથી. કરાવવાની ઈચ્છા છે. તેમાં ''દુવિધામેં દોનોં ગયે, માયા મિલી ન રામ.'' આવી સ્થિતિ થઈ ગઈ છે પુષ્ટિમાર્ગની. ગુસાંઈજી અને મહાપ્રભુજી ને આ વાતની કલ્પના પણ ન હતી કે પુષ્ટિમાર્ગમાં આવું તોફાન પણ થઈ જશે. ધ્યાનથી સમજો કે ગિરિરાજજી ઉપર શ્રીનાથજીના માટે જે જલ ભરવામાં આવતું હતું તે ગિરિધરજી પોતે ભરતા હતા. પહાડઉપર ગાગર લઈને ગિરિધરજી જાતે ચઢતા હતા. તે વખતે ગુસાંઈજીએ એક પત્ર લખ્યો છે કે **''જલાદિસેવા હિ સેવકૈઃ કાર્યા તદપિ નાતિશ્રમેણ મત્સ્વામિનઃ કોમલસ્વભાવાત્''** (પત્ર) કોઈ નોકરને દ્રવ્ય આપીને જલ ભરાવી લો. કેમકે કોઈ બીજા પાસેથી જો તમે જલ ભરાવી લેશો તો બીજી સેવાથી ભલી-ભાંતિ પહોંચી શકશો. આ કહેવાની સાથે જ શ્રીગુસાંઈજીએ પોતાની કલમને પાછી સુધારી છે. પરંતુ કોઈનું લોહી પીને આ કામ કોઈની પાસે ન કરાવશો કેમકે મારા સ્વામી બહુ કોમલ સ્વભાવના છે. કોઈને તકલીફ આપીને જો તમે આ સેવા કરાવશો તો મારા સ્વામીને સ્વીકાર્ય નહીં થાય.

## (શૃંગારિત સેવામાર્ગનું વિકૃતસ્વરૂપ)

આ આટલી વાતનો વિચાર હતો જે આજે આપણે ખોઈ નાખ્યો છે. આપણે એમ સમજીએ છીએ કે બહુ વ્યવસ્થાપૂર્વક સેવા થઈ રહી છે. એમ સમજો કે આપણે ત્યાં, ક્યારેક પચાસ કે સો વરસમાં છપ્પનભોગ થતા હતા. આજકાલ દરેક વરસે પાંચ-છ છપ્પનભોગ થઈ રહ્યા છે. હું આજકાલ છપાતી પુસ્તિકાઓ વાંચતો રહું છું. તેમાં છપ્પનભોગમાં ભાવ કોણે કાઢ્યા છે, પૈસા કોણે આપ્યા છે તેની જાહેરાત જોડાયેલી રહે છે. જેમ ટી.વી.માં સ્પોન્સર્ડ્ પ્રોગ્રામ આવે છે એવીજ રીતે છપ્પન ભોગ પણ એક સ્પોન્સર્ડ્ પ્રોગ્રામ રહી ગયો છે. એક લગ્નના મંડપ બાંધવાવાળો હતો તેને પોતાના મંડપનો પ્રચાર કરવો હતો તો તેણે અમારા મોટા મંદિરમાં મંડપ બાંધી દીધો અને નીચે લખાવી દીધું કે ‘‘મંડપ ડેકોરેટર’’ હવે આ લગ્નનો મનોરથ થયો કે મંડપની જાહેરાત થઈ! મંદિરમાં હજારો લોકોએ જોયું કે મંડપ કોણે લગાવ્યો. આ કોઈ સેવા-ભાવના-મનોરથ નથી. આ તો કોઈ બીજો જ ધર્મ ચાલી રહ્યો છે. આપણે બાવા-બેટીજીનો જનોઇ-વિવાહનો ખર્ચો આપણે માથે ન પડે તેથી અમે ગુસાંઈબાલક પ્રસ્તાવની આગળ-પાછળ છપ્પનભોગના મનોરથના નામે વૈષ્ણવોની ભીડ અને રૂપિયા ભેગા કરવા લાગી ગયા!

## (ગુસાંઈજીના દ્વારા સેવાવિસ્તાર પણ સેવામાં સહજતાના નિર્વહન માટે)

મંડપ કેટલો મોટો બનાવવો આ મહત્ત્વપૂર્ણ નથી. આપણા ઘરમાં ઠાકોરજીનો મનોરથ કરવો હોય તો ચાર કેળના સ્થંભ ઉભા કરીને નાનકડો મંડપ બાંધો. તેમાં પણ મનોરથ થઈ શકે છે. તેને હીરા-મોતીથી પણ સજાવી શકીએ. આ તમારી ઈચ્છા અને સામર્થ્યની વાત છે. ચાર શેરડી બાંધીને પણ ઠાકોરજીનો વિવાહનો મનોરથ થઈ શકે છે. આટલો સરળ પ્રકાર આપણે ત્યાં હતો તેનું આટલું મોટું બખડજંતર આપણે ઉભું કર્યું. આ ગુસાંઈજીએ નથી બનાવ્યું. ગુસાંઈજીએ એટલું જ બનાવ્યું હતું કે જે આપણાથી સહજતાથી નભી શકે, દરેક વ્યક્તિથી, એજ સેવાનો સાચો પ્રકાર. અને જે આપણાથી સહજતાથી ન નભે, એ બધો પ્રકાર કરી પણ રહ્યા છીએ તો ખોટો , કરાવી પણ રહ્યા છીએ તો ખોટો. આ વાતને ચાહો તો શિલાલેખ લખીને રાખી લો કે સેવા પ્રદર્શનની વસ્તુ નથી. સેવા દેખાડવી નથી, કરવી છે. સેવા હવે જોવાની

વસ્તુ બની ગઈ તો સમજો કે છોકરી સાથે લગ્ન કરવા નથી ખાલી જોવી છે. એનાથી શું ફાયદો થશે? તમારે કરવા છે તો કરો, ન કરવા હોય તો ન કરો, રહો બ્રહ્મચારી. લગ્ન ન કરીને માત્ર છોકરીને જોવાની ઈચ્છા છે તો આ વાત સમજી લો. આપણું નથી સુધરતું પરંતુ આપણે સુધારવું જોઈએ. મહાપ્રભુજીના સિદ્ધાંતના આધારે આપણે સુધારવું જોઈએ. મહાપ્રભુજી આપણી પાસે શું અપેક્ષા રાખે છે, એ અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને આપણે સુધારવું જોઈએ.

પુષ્ટિમાર્ગ તો પુષ્ટિપ્રભુની કૃપાથી જીવના હૃદયમાં પ્રકટ થતી ભક્તિ કે ભક્તિને માટે કૃષ્ણસેવાની જીવનપ્રણાલીનો માર્ગ છે. જ્યારે અમે ગુસાંઈબાલક તેને પોતાની લાભ-પૂજા વધારવા માટે હવેલીઓમાં પ્રોત્સાહન આપીએ તો એ એવી ભક્તિ ભગવાનની કૃપાથી નહીં પરંતુ લક્ષ્મીજીની અકૃપા મતલબ કે યથાલાભ સન્તુષ્ટ ન બની શકવાની અમારી લાચારીને કારણે છે. આજ અહીં રાખીએ.

***

# || કૃષ્ણદાસ મેઘનની વાર્તા ||

દામોદરદાસજીની વાર્તામાંથી વચનામૃત સંકલિત થયા હતા એનું આપણે પાછલા દિવસોમાં અવગાહન કર્યું  હવે આપણે કૃષ્ણદાસ મેઘનની વાર્તામાં આવતા વચનામૃતને લઈશું.

## (વાર્તા પ્રસંગ)

એક સમેં શ્રીઆચાર્યજીસોં કૃષ્ણદાસ મેઘનને પ્રશ્ન પૂછ્યો જો **''મહારાજ! ઠાકુરજીકોં પ્રિય વસ્તુ કહા હે?''** તાકો ઉત્તર શ્રીઆચાર્યજી કહત હેં **''જો ઠાકુરજી ઉત્તમતેં ઉત્તમ વસ્તુકે ભોક્તા હેં પરંતુ ગોરસ ઠાકુરજીકુ અતિપ્રિય હે. 'ગોરસ' શબ્દેન વાણી કહિયત હે તાકો ભાવ અનિવર્ચનીય હે ઔર સબનૂતેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે. જાતેં 'ભક્તવત્સલ' કહાવત હે.''**

## (ઔપક્રમિક બ્રાહ્મિક એકતા)

પ્રભુ આપણા સેવ્ય છે, એમના ઘણાબધા પહેલુ છે. એમના કેટલાક પહેલુ આપણે દામોદરદાસજીની વાર્તામાં વિચાર્યા. એના અંતર્ગત, જ્યાં-સુધી બ્રહ્મ હોવાના પહેલુનો સવાલ છે, તો એક વાત આપણે સાફ સમઝવી જોઈએ કે બ્રહ્મના માટે ન તો કોઈ વસ્તુ સારી હોઈ શકે છે, અને કોઈ ખરાબ હોઈ શકે છે. ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે **''સમોऽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ''** (ભગ.ગીતા.૯/૨૯) હું સમાન છું. ન મારા માટે કોઈ વસ્તુ દ્વેષ્ય છે, ન મારા માટે કોઈ વસ્તુ પ્રિય છે. આ વાતને આપણે સાવધાનીપૂર્વક સમજવાનો પ્રયાસ કરીએ. એક ખૂબજ સુંદર વચન છે જેના ઉપર મોટાભાગે લોકો ધ્યાન નથી આપતા. **''યદ્વૈ કિંચન અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા''** (બૃહદા.ઉપ.૧/૪/૭)

## (વાણીના કારણે થતો ભેદ)

મતલબ શું? જે પણ કાંઈ આપણે બોલી રહ્યા છીએ, જેને આપણે બોલી શકીએ છીએ, તો કાંઈક ને કાંઈક આપણે એમાં ભેદ ઊભો કરવો પડશે. મતલબ જેમ આપણે આમ કહીએ કે આ શહેરનું નામ કિશનગઢ છે. તો સૌથી

પહેલા 'આ' આવ્યો. 'આ' એટલે જે આપણને આંખથી જોવામાં આવી રહ્યું છે. બીજો શબ્દ આવ્યો 'શહેર'. શહેર તો દુનિયામાં ઘણાબધા છે. આ શહેરને આપણે 'આ' કહીને બાકીના શહેરોથી અલગ કરી રહ્યા છીએ. જે જોવામાં નથી આવી રહ્યા એ શહેરની વાત આપણે નથી કરી રહ્યા. જે જોવામાં આવી રહ્યું છે તે 'આ' શહેરની આપણે વાત કરી રહ્યા છીએ. જુઓ ભેદ આવી રહ્યો છે. હવે જો ભેદ ન કરીએ તો બોલી જ ન શકાય. હવે જે શબ્દ છે એનામાં આપણે કેટલા પ્રકાર પેદા કર્યા છે. નિરંતર એમાં કાંઈક ને કાંઈક ભેદ પડતા જ જાય છે. જેમ 'આ' જ્યારે આપણે બોલીએ તો તેનો મતલબ છે કે 'તે' નહીં. જે જોવામાં નથી આવી રહ્યા એ નહીં, પરંતુ જે જોવામાં આવી રહ્યા છે એ. પહેલા તો 'આ' બોલતા જ ભેદ આવી ગયો. એક તો 'આ' છે, જે જોવામાં આવી રહ્યું છે અને બીજું 'તે' જે જોવામાં નથી આવી રહ્યું. તો 'આ' અને 'તે' કહેવાથી ભેદ પડી ગયો.

'શહેર' કહેવાથી ભેદ પડી ગયો. કેમકે આ શહેર જ્યારે આપણે જોડશું તો 'આ શહેર', 'તે શહેર' આવો ભેદ પડી જઈ રહ્યો છે. અને જ્યારે આ શહેરનું નામ 'કિશનગઢ' છે એમ આપણે બોલીએ તો તેનું કોઈ નામ પણ છે. કિશનગઢ નામના હિન્દુસ્તાનમાં કોઈ ત્રણ-ચાર શહેર છે. પરંતુ આપણે કહેવા શું માગી રહ્યા છીએ કે જે જોવામાં નથી આવી રહ્યા એ કિશનગઢની વાત નથી કરી રહ્યા. જે જોવામાં આવી રહ્યું છે તે કિશનગઢની વાત થઈ રહી છે. જ્યારે આપણે કહી રહ્યા છીએ કે 'આ' શહેરનું નામ 'કિશનગઢ' છે તો આપણે કહેવા માગી રહ્યા છીએ કે બીજા પણ કિશનગઢ હોઈ શકે છે. પરંતુ એ શહેરોના નામ પણ 'કિશનગઢ' છે. પાછો જુઓ ભેદ ઊભો થઈ ગયો! જ્યારે પણ આપણે કાંઈક બોલીએ છીએ તો નિરંતર કાંઈક ને કાંઈક ભેદ ઊભા થતા ચાલ્યા જ જાય છે. એકમાંથી બીજો, બીજામાંથી ત્રીજો, જેમ રૂના તાંતણાં. તેમાંથી એકની પાછળ બીજો તાર નિકળતો જ ચાલ્યો જાય છે. એમ જેટલા પણ શબ્દ આપણે બોલીએ છીએ તેમાંથી નિરંતર કોઈ ને કોઈ ભેદના તાંતણા નિકળતા જ ચાલ્યા જાય છે.

ઉપનિષદ્ તેના માટે ખૂબજ સુંદર વિધાન કરે છે કે આ બધું શામાટે થાય છે? કેમકે કોઈ પણ વાત જ્યારે આપણે બોલીએ છીએ, એ ત્યારે બોલીએ

છીએ જ્યારે આપણે એનો અનુભવ કરીએ છીએ. કોઇ પણ દૃષ્ટિથી જેનો આપણે અનુભવ જ ન કરી શકતા હોઈએ તેને આપણે બોલી નથી શકતા. આપણે એક પ્રયોગ કરીને જોઈએ. કોઇ એવી વસ્તુનું નામ કહો કે જેનું તમને જ્ઞાન ન હોય. કેટલીય વખત વિચારવા પછી પણ આપણને નામ યાદ નથી આવતું. આપણને એજ વસ્તુના નામ યાદ આવે છે કે જે વસ્તુનો આપણને પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ થઈ ગયો હોય. એ વસ્તુના નામોનું આપણી પાસે લિસ્ટ્ હશે. એક-એક વસ્તુના નામનું લિસ્ટ્ જો આપણે આપણી ખોપરીમાં શોધીએ તો અંબાર ભરાઈ જાય, આટલું લિસ્ટ્ થાય છે. પાત્ર નાનું છે પણ આટલા નામ આ ખોપડીમાં ભરેલા પડ્યા હોય છે. અને તે-તે વસ્તુઓનો આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ માં અનુભવ કર્યો છે. તેથીજ આપણે એ નામ બોલી શકીએ છીએ. આને ઉપનિષદ્ કહે છે **"યદ્વૈ કિંચન અનૂક્તં."** જે પણ તમે અનુભવ કર્યો છે અને જે તમે બોલી રહ્યા છો તે તમારા અનુભવના આધારે બોલી શકશો. કાંઈપણ નામ/શબ્દ તમે બોલી રહ્યા છો, જેનો તમે અનુભવ કર્યો છે એજ તો તમે બોલી શકશો. ઘણી વખત એવું પણ હોય છે કે અનુભવ હોવા છતાં પણ આપણે શબ્દ નથી શોધી શકતા. તે એક જુદી કથા છે. તેનો અહીં પ્રશ્ન નથી. અહીં જે કથા છે તે એ છે કે આપણે એજ શબ્દ આપણા મનમાં લાવી શકીએ છીએ કે જે વાતનો આપણે અનુભવ કર્યો છે.

દરેક વસ્તુનો આંખથી અનુભવ થવો જરૂરી નથી. કોઈનો કાનથી સ્પર્શથી અનુભવ થઈ શકે છે. અને જેનો આંખ નાક કાન થી અનુભવ ન હોય તેનો અનુમાનથી તો અનુભવ હોયજ છે કે તે આવું હોઈ શકે છે. આવું થઈ રહ્યું છે તો આવો હોવો જોઈએ. આને પ્રત્યક્ષ અનુભવ ન કહીને 'પરોક્ષ અનુભવ' કહેવામાં આવે છે. કાંઈક ને કાંઈક અનુભવના આધારે જ શબ્દ પ્રયોગમાં લાવી શકાય છે. અનુભવ ન હોય તો શબ્દ પ્રયોગમાં ન લાવી શકાય. તો જ્યારે આપણે શબ્દ વાપરી રહ્યા છીએ તો એ શબ્દ અનૂક્ત છે. 'અનૂક્ત' એટલે જે વાતનો અનુભવ છે એ વાતને દોહરાવનારૂં. અને જ્યારે અનુભવની વાત આપણે દોહરાવી રહ્યા છીએ તો બધા ભેદોના તાંતણા નિકળતા જઈ રહ્યા છે. જેમ રૂના તાર નિકળે છે. એવીજ રીતે આપણા અનુભવના રૂમાંથી ભેદના તાંતણા નિકળતા જાય છે.

## (ભેદાત્મક વાણીની એકતા)

પરંતુ ઉપનિષદ્ આગળ કહે છે કે આમાં ગભરાવાની કોઈ વાત નથી. **''યદ્વૈ કિંચન અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા''** એ બધા શબ્દોને જેનામાંથી તમે ભેદ પેદા કરી રહ્યા છો, જેમ 'આ' શબ્દ 'તે' થી અલગ છે. શહેર, ગામથી એક અલગ શબ્દ છે, નામ અમુકગઢથી અમુકગઢ અલગ છે. આ ભેદ, જો તમારે નથી કરવો તો એક શબ્દ કહી દો 'બ્રહ્મ', તેમાં બધા આવી જાય છે. **''યદ્વૈ કિંચન અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહમ' ઈતિ એકતા''** ખૂબજ વિચક્ષણ વચન છે. મને બહુ પ્રિય લાગે છે કે જો કાંઈપણ તમારે ભેદ ન ઊભા કરવા હોય તો એક બ્રહ્મ કહી દો. બ્રહ્મ કહેતાજ બધી વસ્તુ એક થઈ જાય છે. જે કાંઈપણ ભેદ આપણા અનુભવે ઊભા કર્યા છે, જે કાંઈપણ ભેદ આપણી વાણીએ ઊભા કર્યા છે, એ બધા ભેદ ગાયબ થઈ જશે. જેમ તડકો પડતાં જ જમીન ઉપર પડેલું પાણી ઉડી જાય છે.

## (બ્રહ્મમાં પ્રિય-અપ્રિયનો અભેદ)

આમાં બહુ સમજવા જેવી વાત છે કે **''તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા''** જ્યારે ભેદ ખતમ થઈ રહ્યા છે તો કોણ પ્રિય હશે અને કોણ અપ્રિય હશે. પ્રિય અને અપ્રિય તો ભેદની વાત છે. પરંતુ જો 'બ્રહ્મ' કહ્યું તો ન કાંઈ પ્રિય હોઈ શકે અને ન અપ્રિય. કેમકે પ્રિય હોવાના માટે એક વસ્તુને પ્રેમ કરવાવાળો અને બીજો જેને પ્રેમ કરવામાં આવી રહ્યો છે, એવા ભેદ આવી રહ્યા છે. અને એમ પણ કહી શકીએ કે એક વસ્તુથી પ્રેમ છે અને બીજીથી પ્રેમ નથી. આથીજ પ્રિય અને અપ્રિય આપસમાં વિરોધાભાસી શબ્દ છે. અને 'પ્રિય' કહેતાં જ પ્રિય અને પ્રેમ કરવાવાળો, એમાંથી બે ભેદ આવી રહ્યા છે. આપણે બ્રહ્મના પહેલુથી જોઈએ તો કોઈપણ પ્રિય કે કોઈપણ અપ્રિય હોઈ નથી શકતું. આથી ઉપનિષદ્ આને સમજાવે છે કે બ્રહ્મ આત્મારામ છે, આપ્તકામ છે, આત્મપ્રેમ છે. આનો મતલબ શું? બ્રહ્મ એક એવો પદાર્થ છે કે જે સ્વયંને ચાહે છે. સ્વયંને શામાટે ચાહે છે? કેમકે તેના સિવાય બીજું કાંઈ છે જ નહીં. તેના સિવાય કાંઈ હોય તો તે તેને ચાહશે ને! બ્રહ્મ પોતાના સિવાય કોઈને ચાહતો જ નથી. કેમકે તેની પાસે કોઈ ચાહવા લાયક વસ્તુ ઉપલબ્ધ જ નથી. **''સર્વસ્ય 'બ્રહમ' ઈતિ એકતા''**

## (બ્રાહ્મિક આત્મપ્રેમ જ જીવમાં અંશાત્મના પ્રકટ)

આપણા પહેલા દિવસના પ્રવચનની વાત યાદ કરો તો બધી વાત સમજમાં આવી જશે કે એ બ્રહ્મના જો આપણે અંશ છીએ તો આપણે પણ પોતે પોતાને ચાહી રહ્યા છીએ. જેમ સોનાનું કોઈ ઘરેણું છે તો તેમાં સોનાનો ગુણ તો આવશે જ. માટીનું જો કોઈ માટલું છે તો તેમાં માટીના ગુણ તો આવશે જ. દોરાનું જો કોઈ કપડું છે તો તેમાં દોરાનો રંગ તેની ગુણવત્તા એમાં આવશે જ. આપણે જો એ બ્રહ્મના નામ-રૂપનો વિસ્તાર છીએ તો આપણામાં પણ તેની આત્મારામતા આપ્તકામતા આત્મપ્રેમતા આવી રહી છે. હવે એ તો પૂર્ણ છે અને આપણે એના અંશ છીએ તો આપણામાં આંશિકરૂપથી આવી રહી છે. જો એ સાગર છે તો આપણામાં બિંદુરૂપથી છે પરંતુ છે તો ખરો કેમકે આપણે બિંદુ છીએ તો જ આપણે પોતે પોતાને પ્રેમ કરી રહ્યા છીએ.

## (પ્રિય-અપ્રિયતાનો પહેલુ વિભિન્ન પ્રસંગમાં)

પરંતુ પોતે પોતાનાથી પ્રેમ ત્યાં સુધી કરીએ કે જ્યાં સુધી આપણને બ્રહ્મનું જ્ઞાન નથી. જો આપણને બ્રહ્મસાથે સંબંધ થાય તો આપણને આ જ્ઞાન થાય કે આપણે આપણને પ્રેમ નહીં, કેવળ બ્રહ્મથી જ પ્રેમ કરી રહ્યા છીએ. કેમકે આપણે બ્રહ્મના અંશ છીએ તો આપણે બ્રહ્મસાથે તો પ્રેમ કરી જ રહ્યા છીએ. અને જો આપણે બ્રહ્મસાથે પ્રેમ કરી રહ્યા છીએ અને કોઈ વસ્તુ આપણને પ્રિય લાગી રહી છે, તે આથી જ લાગી રહી છે કેમકે બ્રહ્મમાં કાંઈક પ્રિયતા છે. જ્યાં આપણને બ્રહ્મની પ્રિયતા પ્રકટ નથી જોવામાં આવી રહી, તે વસ્તુ અપ્રિય લાગશે. જો આપણો બ્રહ્મસંબંધ થયો તો જેમ આપણે આપણી અહંતા-મમતાને બ્રહ્મસાથે જોડીને જોઈશું તો પ્રિય-અપ્રિયનો પહેલુ બ્રહ્મમાં કેવીરીતે ચાલી રહ્યો છે એ ખબર પડે. આપણી અહંતાને બ્રહ્મસાથે જોડવી કે હું બ્રહ્મનો અંશ છું, તો આપણી મમતા એ બ્રહ્મસાથે જોડાઈ રહી છે.

## (બ્રહ્મ પરમાત્મા ભગવાન્ માં પ્રિય-અપ્રિયનો પહેલુ)

પરંતુ જે અનુભવના પ્રકારમાં જો આપણી અહંતા-મમતા બ્રહ્મસાથે નથી જોડાઈ રહી જેમ સમજો કે હું આ વાત તમને કહી રહ્યો છું અને તમે પણ આ વાતને સાંભળી રહ્યા છો કેમકે તમે પુષ્ટિમાર્ગીય છો, તો તમને આમાં અવિશ્વાસ પણ નથી થઈ રહ્યો. અવિશ્વાસ નથી થઈ રહ્યો પરંતુ આનો

અનુભવ તમને થઈ રહ્યો છે? આપણને એકદમ આ વાતનો અનુભવ નથી થતો કે હું બ્રહ્મ છું. અનુભવ તો મને એ જ થશે કે હું શ્યામ મનોહર ગોસ્વામી છું. તમને પણ તમારા નામ-રૂપનો જ અનુભવ થશે. આપણને સમજમાં આવી શકે છે કે હું બ્રહ્મ છું. પરંતુ અનુભવમાં આ વાત એકદમ નથી આવતી. આથી જ આપણા અનુભવમાં આ વાત એકદમ નથી આવતી કે કોઈક વાત આપણને બ્રહ્મસાથે જોડાયેલી લાગે છે અને કોઈક વાત આપણી ખુદની હકીકત કે હું શ્યામ મનોહર ગોસ્વામી છું. એ ખુદની હકીકતમાં, કે હું શ્યામ ગોસ્વામી છું કેમકે આ બ્રહ્મસાથે જોડાયેલી નથી, અપ્રિયતાનો અનુભવ હોવો જોઈએ. બ્રહ્મના કારણે જો પ્રિયતાનું ભાન થતું હોય તો જ્યાં બ્રહ્માનુભૂતિ નથી થઈ રહી ત્યાં અપ્રિયતાનું ભાન થવું જોઈએ. મતલબ મને આ પહેલુ ઉપર તો પ્રેમ જાગવો જોઈએ કે હું બ્રહ્મનો અંશ છું. અને આ પહેલુ ઉપર ન જાગવો જોઈએ કે હું શ્યામ ગોસ્વામી છું. આ મનઃસ્થિતિ જો પેદા થાય તો બ્રહ્મમાં પ્રિય અને અપ્રિય નો પહેલુ કેવીરીતે ચાલી રહ્યો છે, આ વાત સમજમાં આવશે.

આથી જ આપણે ત્યાં આ વાત મહાપ્રભુજીએ બતાવી છે પરમાત્મા પરમ પ્રિય છે. તેનો વિસ્તાર મેં આપણા ત્રણ ચાર દિવસના વિવેચનમાં સમજાવ્યો.

એ પરમાત્મામાંથી ભગવાનનો પહેલુનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ થઈ જાય છે કે 'ભગવાન્' એટલે જેમાં ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય છે. એ પહેલુનું નામ 'ભગવાન્' છે અને તેમાં જે અનૈશ્વર્ય અવીર્યતા અજ્ઞાન અપયશ ની વાત છે એ તો અપ્રિય લાગનારી જ છે.

### (બ્રહ્મનો ઘરના ઠાકુરના પહેલુમાં પ્રિય-અપ્રિયતાનો પ્રસંગ)

હવે બ્રહ્મ કેવીરીતે ભગવાન્ થઈ ગયો આ ક્યારેય આપણે નિરાંતે વિચારીએ. હમણાં તેનો વિષય અહીં નથી. બ્રહ્મે પોતાના ભગવાન્ હોવાના પહેલુને ધારણ કર્યો. તમે તેને આમ સમજી શકો છો કે જેમ પૃથ્વી ઉપર ફેલાયેલી માટીને તમે થોડીક લઈને તેને પાણી સાથે મેળવો. અને તેનો એક લોંદો બની જશે. હવે તેને એક ચાકડા ઉપર ચઢાવી દઈએ તો તુરત ઘડો બની જશે. પરંતુ તેમાં કાંઈક ગોળાઈ અને ઘડો બનવાના ગુણધર્મ પ્રકટ થઈ જશે.

અને કુંભારનો હાથ જ્યારે લાગે તો એજ ફેલાયેલી માટી એક ઘડાના રૂપમાં નિખરીને આવે છે. છે તો એ માટી જ, પરંતુ તેમાંથી એ રૂપ ધીરે-ધીરે ઉભરે છે. બરાબર એજ રીતથી બ્રહ્મમાંથી ધીરે-ધીરે પરમાત્માનું રૂપ ઉભરે છે. તેમાંથી ભગવાનનું અને ભગવાનના રૂપમાંથી ધીરે-ધીર એ કૃષ્ણનું રૂપ વ્રજમાં પ્રકટ્યું. એ કૃષ્ણના રૂપમાંથી ઘરના ઠાકુરનું રૂપ પ્રકટ્યું છે. જે મહાપ્રભુજીએ નિબંધમાં આપણને આ વાત સમજાવી કે બધુંજ કાંઈ ભગવદ્રૂપ હોવા છતાં પણ **''એનમ્ ઉદ્ધરિષ્યામિ તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતઃ''** (ત.દી.નિ.પ્ર.૨/૨૨૮)

આપણા ઘરના ઠાકોરજીની સેવા કરવામાં મૂળ મુદ્દો શું છે? જેમ નરસિંહજી પ્રહલાદનો ઉદ્ધાર કરવા માટે થાંભલામાંથી પ્રકટ થયા. એમ પોતાના જીવને પોતાના પુષ્ટિભાવથી પરિપૂર્ણ બનાવવા માટે ઠાકુર પુષ્ટિજીવના ઘરે પધારે છે, બિરાજે છે, તેની પાસેથી પોતાની સેવા લેવાનું શરૂ કરે છે. તેને પોતાનો સેવક માને છે. ખુદ તેનો સ્વામી બને છે. હવે આમાં પ્રિય અને અપ્રિયનો પ્રસંગ બ્રહ્મના હોવાના પહેલુમાં ઉભો નથી થઈ શકતો. આને આપણે સરખી રીતે સમજી શકીએ છીએ કે માટી ઉપર તમે ડંડો માર્યો તો માટીમાં તુટનારૂં કાંઈ નથી. પરંતુ ઘડા ઉપર તમે ડંડો માર્યો તો તેમાં તુટવા લાયક વાત આવી જાય છે. તેમાં પાણી ભરશો તો તે સાંચવી લેશે. પરંતુ માટી શું પાણીને સાંચવી શકશે! માટીમાં પાણી ભરો તો તે વહી જશે. એવીજ રીતે બ્રહ્મના પહેલુમાં પ્રિય-અપ્રિયનો કોઈ પ્રશ્ન જ નથી.

પરંતુ જ્યારે એ જ બ્રહ્મ ઘરનો ઠાકુર થાય છે, ઘરની મર્યાદામાં જ્યારે બિરાજ્યો તો તમે પણ કાંઈક પ્રિય અને અપ્રિય કરી રહ્યા છો અને તે પણ કાંઈક પ્રિય-અપ્રિય કરી રહ્યો છે. તમે પણ કાંઈક પોતાનું પારકું માન્યું છે. એ પણ કાંઈક પોતાનું પરાયું માનીને ચાલી રહ્યો છે કે આ મારો સેવક છે. એ સેવક મારી સેવા કરે તો પ્રિય અને જો ગામ આવીને મારી સેવા કરે તો તેમાં (મારે) શું મતલબ? આથીજ વાર્તામાં આવે છે કે **''તિહારી સત્તાકો અંગીકાર કરવેકુ હોં તિહારે ઘર બિરાજ્યો. દૂસરેકી સત્તાકો અંગીકાર કરવેકોં નાહીં''** જુઓ ત્યાં પ્રભુએ પોતાની અપ્રિયતા પ્રકટ કરી. જેના માથે બિરાજી રહ્યો છે તેની સત્તાનો અંગીકાર કરવામાં પોતાનો પ્રેમ પ્રકટ કર્યો. હવે આ વાત માટીના લેવલ ઉપર સાચી નથી કે તેમાં પાણી ભરી શકાય છે. પરંતુ માટલાના લેવલ ઉપર એ

પાણી ભરવાનું સામર્થ્ય તેમાં પ્રકટ થઇ રહ્યું છે. માટીને ડંડાથી તોડી નથી શકાતી પરંતુ માટલું તુટી જશે. જેમ માટીમાંથી માટલાનું રૂપ પ્રકટ થાય છે. તેમ જ્યારે બ્રહ્મ, તમારા ઘરનો ઠાકુર બનીને તમારા ઘરમાં બિરાજ્યો છે, ત્યારે તેને પ્રિય અને અપ્રિય પ્રકટ થાય છે. એટલેકે આ હકીકત ક્યાં સુધી છે કે જે ભક્તે બાલભાવથી ઠાકોરજીની સેવા કરી અને જ્યારે બિલાડી આવી તો તેણે બાલભાવ ભૂલાવીને માહાત્મ્યજ્ઞાનને સ્વીકારીને કહ્યું કે આપે આટલા અસુર માર્યા, તેમાં આપને ડર ન લાગ્યો, કે હવે ડર લાગી રહ્યો છે. ત્યારે ભગવાને કહ્યું કે તું તો તારો ભાવ બદલી રહ્યો છે. એક વખત તેં બાળક માનીને એ ભાવથી સેવા કરી તો જ તો મેં કહ્યું કે મને ડર લાગી રહ્યો છે. ત્યાં જુઓ પ્રભુને પોતાનું માહાત્મ્ય પણ અપ્રિય લાગવા લાગી રહ્યું છે. ખુદનું માહાત્મ્ય કોને અપ્રિય લાગે છે! કોઈને નથી લાગતું.

### (ભક્તિમાં પ્રિય-અપ્રિયતાનો પહેલુ)

આપણે ત્યાં તો ભક્તિની પરિભાષામાં જ કહ્યું છે કે **"માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢ સર્વતોઽધિકઃ સ્નેહઃ ભક્તિઃ ઈતિ"** (ત.દી.નિ.૧/૪૨) પરંતુ ઘરના ઠાકુરને આપણે જો કોઇ એક ભાવથી રિઝાવી રહ્યા છીએ, કોઇ એક ભાવથી તેની સેવા કરી રહ્યા છીએ, તેના માહાત્મ્યને ભૂલીને તેની સાથે આપણા પારિવારિક ભાવથી (તાદાત્મ્યને ખિલવીને) તેની સેવા કરી રહ્યા છીએ કે મારા ઘરમાં એક બાળક બિરાજી રહ્યો છે. એ બાળક બિલાડીથી ડરી રહ્યો છે. હવે જ્યારે તે બાળક બનીને બિલાડીથી ડરવાનું શરૂ કરે, ત્યારે અચાનક આપણે એમ કહીએ કે "તબ તો તુમને ઈતને અસુર મારે ઔર નહીં ડરે, અબ બિલ્લીસુ ક્યોં ડર રહે હો!" ત્યારે ભગવાનને પોતાનું માહાત્મ્ય અપ્રિય લાગી રહ્યું છે.

પરંતુ ભગવાનવાળા પહેલુમાં એ અપ્રિય નહીં થાય કેમકે ભગવદ્‌ભક્તિમાં ભગવન્માહાત્મ્ય સાધક છે. અને એવો પ્રભુના પ્રત્યેનો સ્નેહ ભક્તિનું શુદ્ધ રૂપ લાગે છે. તેનું કારણ શું? કેમકે અજ્ઞાન પ્રયુક્ત જે સ્નેહ છે તેમાં જીવના કામ ક્રોધ મોહ માત્સર્ય નો કોઈને કોઇ રંગ, આભા ભળેલી રહેશે. પરંતુ માહાત્મ્યજ્ઞાનથી જે વખતે આપણે ભગવાનની ભક્તિ કરવાનું શરૂ કરશું તે વખતે આ આભાઓ ક્ષીણ થઇ જશે. ભગવાન્ હોવાના પહેલુમાં ભગવાનને

પોતાનું માહાત્મ્યજ્ઞાન પ્રિય છે કે ભક્ત મારૂં માહાત્મ્ય જાણે છે. મારૂં માહાત્મ્ય જાણીને મારી તરફ અભિમુખ થાય છે. કોઈ કામથી મદથી ક્રોધથી માત્સર્યથી લોભથી મારી તરફ નથી આવી રહ્યો. મારૂં માહાત્મ્ય જાણીને મારી તરફ આવી રહ્યો છે. પરંતુ એક વાત સમજો કે જે વખતે તે આપણા ઘરે પધારે છે, તેણે આપણી સેવા લેવાનો સ્વીકાર કર્યો છે, ત્યારે તો તેણે પોતાનું માહાત્મ્ય છોડી દીધું છે. કેવીરીતે છોડી દીધું તે સમજો. એ જગતનો ઈશ્વર છે પરંતુ ઘરમાં પધારીને એ આ નથી કહી રહ્યો કે હું જગદીશ્વર છું. એ કહી રહ્યો છે કે હું તારો સ્વામી છું, તારો ઠાકુર છું. એણે પોતાનું માહાત્મ્ય કેટલું ઘટાડી લીધું! જે આખા બ્રહ્માંડનો માલિક છે. એ કહી રહ્યો છે કે નહીં હું તારા ઘરનો ઠાકુર છું. હવે તારી મારે ગરજ છે કે તું સેવા કરી રહ્યો છે કે નથી કરી રહ્યો!! આટલું માહાત્મ્ય છોડીને જ્યારે એ આપણી સેવા લેવા માટે આપણા ઘરમાં પધાર્યો છે અને તે વખતે આપણે તેનું માહાત્મ્ય કહેવાનું શરૂ કરીએ તો વાત બગડી જશે.

જેમ મેં કાલે તમને વાત બતાવી કે અમારા મુંબઈમાં આવા શ્રીનાથજીના માહાત્મ્યજ્ઞાનવાળા ભજન બનવાના શરૂ થયા છે. શ્રીનાથજી પણ પરેશાન કે શું કરૂં? શ્રીનાથજીએ જે સ્વરૂપ ધારણ કરીને પુષ્ટિમાર્ગમાં બિરાજવા ઈચ્છ્યું, જે માહાત્મ્યજ્ઞાનના દ્વારા પ્રકટ કરવામાં આવી રહ્યું છે એ સ્વરૂપ એ નથી. એ તો પુષ્ટિભાવના દ્વારા પ્રકટ કરવામાં આવનારૂં સ્વરૂપ છે. હવે આપણે એ સ્વરૂપને એમને યાદ દેવડાવવા માગીએ છીએ, તો ભગવાન્ કહે કે તું બાલભાવ છોડીને મને માહાત્મ્યજ્ઞાનની યાદ દેવડાવે છે. અને જો બ્રહ્મભાવમાં મને મંડિત કરવો છે તો તો મને બોલવાની કોઈ આવશ્યકતા જ નથી. કેમકે **"યદ્વૈ કિંચન અનૂક્તં તસ્યા સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા ભવતિ"** હવે તો એકતા થઈ ગઈ હવે બોલવાની શું જરૂરત છે?

### (સંબંધની સ્પષ્ટતાથી પ્રિય-અપ્રિય)

એક બહુ મજેદાર નાનકના જીવનનો પ્રસંગ છે. તેઓ મક્કા-મદીનાની તરફ પગ રાખીને સૂઈ રહ્યા હતા. કોઈએ કહ્યું કે "તમે ખુદાના ઘરની તરફ પગ રાખીને સૂઈ રહ્યા છો. આ કેવી તમારી ઉદ્ધતાઈ છે" ત્યારે નાનકે કહ્યું કે "વાત તો સાચી છે પરંતુ હું બહુ જ થાકી ગયો છું. તમે મારા પગ એ તરફ કરી દો, જે તરફ ખુદાનું ઘર ન હોય." આવું કેવીરીતે હોઈ શકે કે કોઈ પણ તરફ

ખુદાનું ઘર ન હોય! 'ખુદા' મતલબ કે બ્રહ્મ.

જો બ્રહ્મની દષ્ટિથી જોવું છે તો ખુદાનું ઘર ન હોય એવી કોઈ દિશા જ નથી. જ્યાં પણ પગ રાખશો ત્યાં ખુદાનું ઘર તો હશે જ. તો શું મક્કા-મદીનાનું હોવું કોઈ ખોટી વાત છે? હું મારી દષ્ટિથી પૂછી રહ્યો છું. આ કોઈ હિન્દુ-મુસલમાનોના ઝઘડાની દષ્ટિથી નથી પૂછી રહ્યો. આપણે આપણી દષ્ટિથી વિચારીએ તો સરખી રીતથી સમજી શકીએ છીએ કે મક્કા-મદીના ખુદાનું ઘર લાગે તો તેમાં કોઈ બુરાઈની વાત શું છે? શા માટે અંદરોઅંદર એકબીજાસાથે ટકરાઈ રહ્યા છીએ? ત્યાં એકનો ભાવ ખુદાના વ્યાપક માનવાનો છે અને બીજાનો ભાવ એ ખુદાને એક ઘરમાં માનવાનો છે. બંને વાત ખુદાને માટે સાચી છે. કોઈ પણ વાત ખોટી નથી. સૌથી પહેલા આપણો ભાવ વિચાર સંબંધ નિશ્ચિત કરવો પડશે. બ્રહ્મસંબંધ છે, પરમાત્મસંબંધ છે, ભગવત્સંબંધ છે, કૃષ્ણસંબંધ છે કે ઘરના ઠાકુરનો સંબંધ છે, આ બધી વાતો સ્પષ્ટ કરવી પડશે. આ સ્પષ્ટ થઈ જાય તો કોઈ ઝઘડાની વાત નહીં રહે. અને આ વાત સ્પષ્ટ ન થઈ તો આપણા નિરંતર વિવાદ ચાલતા જ રહેશે. એ કહેશે કે ખુદાની તરફ પગ કેમ રાખી દીધા. અને બીજો કહેશે કે અમારા પગ એ તરફ કરી દો કે જે તરફ ખુદાનું ઘર ન હોય.

એક બહુ મહાન સૂફીએ પણ આ વાતની મજાક ઉડાવી છે તેઓ એમ કહે છે કે

હાજી બરાહે કાબા, મન-સાહિબે દીદાર ।
ઊ ખાના હમી જોયદ્, મન સાહિબે ખાના ।।

તેઓ એમ કહે છે કે હજ કરવા મક્કા-મદીના જઈ રહ્યા છે, એ તો મકાન શોધવા જઈ રહ્યા છે. હું કાંઈ થોડો મકાન શોધી રહ્યો છું. હું તો મકાનમાલિકને શોધી રહ્યો છું હું શા માટે મક્કા-મદીનાની દીશામાં જાઉં! જ્યારે મકાનમાલિકને શોધવો છે તો કોઈ પણ દિશા સાચી છે. પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ બધી સાચી છે.

પરંતુ આ બધા જે ઝઘડાઓ છે તેને એક વખત આપણા મહાપ્રભુજીની દષ્ટિથી જુઓ તો આ વાત સમજમાં આવશે કે એમણે બ્રહ્મના વિવિધ પહેલુઓને પૂર્ણરૂપથી સ્વીકાર્યા છે. આપણે એ વિવિધ પહેલુઓને

આંશિકરૂપથી સ્વીકાર કરીએ છીએ. આટલા માટેજ ઝઘડા થાય છે. બ્રહ્મના જે વિવિધ પહેલુ છે, તેના બ્રહ્મ હોવાના પરમાત્મા હોવાના ભગવાન્ હોવાના કૃષ્ણ હોવાના અને ઘરના ઠાકુર હોવાના, આ બધા પહેલુઓથી જોશો તો જે ઝઘડા ચાલી રહ્યા છે એ બધાના સમાધાન સારા પ્રકારથી મળી શકે છે. અને જે ઝઘડતા હોય, એમને મજા પણ મળી શકે છે અને એ ઝઘડામાં આપણને ઊબ પણ આવી શકે છે કે આપણે શેનો ઝઘડો કરી રહ્યા છીએ! જે બ્રહ્મના આટલા બધા પહેલુ છે તેની આવી ક્ષુદ્ર વાતોમાં ઝઘડા કરવાની જરૂરત શું છે? બધી જ વાતો તેની બાબતમાં સાચી હોઈ શકે છે. **''યદ્વૈ કિંચન અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા ભવતિ''** બ્રહ્મના લેવલ્ ઉપર આ બધી વાતો એક થઈ જશે. હવે બ્રહ્મસાથે આપણે સંબંધ સ્થાપિત કરીને પરમાત્માસાથે સ્નેહ કરીને, ભગવાનની ભક્તિ કરીને, કૃષ્ણની કથાના અનુસાર જ્યારે ઘરના ઠાકુરની સેવા કરી રહ્યા છીએ, એ વખતે પ્રિય અને અપ્રિય ના બધા પ્રસંગ ઊભા થઈ રહ્યા છે.

## (બ્રહ્મની સાથે વ્યવહાર સંભવ નથી)

કેમ? કેમકે આપણે પ્રભુસાથે આ પ્રકારની એક સમજૂતિ કરી છે કે અમે જાણી રહ્યા છીએ કે તમે બ્રહ્મ છો. પરંતુ ન તો અમે આપના એ રૂપની બાબતમાં કાંઈ બોલી શકીએ છીએ, ન તમને વંદન પણ કરી શકીએ છીએ. વિચારો બ્રહ્મને વંદન ન કરવા! કઈ દિશામાં કરવા! બ્રહ્મને જો દંડવત્ કરવા છે તો કઈ દિશામાં કરવા! એજ ગુરૂ નાનકવાળું ચક્કર ચાલુ થઈ જશે કે આ જગ્યાએ દંડવત્ કરશો તો પાછળ તમારા પગ આવી જશે. બ્રહ્મને આપણે દંડવત્ નથી કરી શકતા. તેને હાથ જોડી નથી શકતા. આ દિશામાં જોડશું તો પાછળ તો પીઠ આવી જશે. એ તરફ પણ તો બ્રહ્મ છે. એ તો આગળ પણ છે પાછળ પણ છે ઊપર પણ છે નીચે પણ છે. તેની સાથે આ પ્રકારનો વ્યવહાર ન થઈ શકે.

## (ભાવને અનુરૂપ વ્યવહાર)

જ્યારે આપણે બ્રહ્મસાથે આ પ્રકારનો વ્યવહાર કરવો છે, જેમ આપણે પ્રભુના ગુણ ગાવા માગી રહ્યા છીએ, તેની બાબતમાં જ્યારે આપણે કાંઈક બોલવા માગી રહ્યા છીએ, તો બ્રહ્મમાંથી તેને પરમાત્મા બનવું પડશે. જાકી

રહી ભાવના જૈસી પ્રભુ મૂરત તિન દેખી તૈસી. **"યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્ તથૈવ ભજામ્યહમ્"** (ભગ.ગીતા.૪/૧૧) આ જે ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે તમે પોતાની જાતે પહેલા નિશ્ચય કરી લો કે તમે મારા તરફ કયા ભાવથી કયા વિચારથી આવવા માગી રહ્યા છો. જે ભાવથી, જે વિચારથી તમે આવવા માગી રહ્યા છો, એ પ્રકારથી તમે મારામાં કાંઈક મેળવશો. એ પ્રકારનો હું ઘડાઈ જઈશ. જો પ્રહલાદનો ભાવ છે કે થાંભલામાં પણ ભગવાન્ છે, તો થાંભલામાંથી પણ નરસિંહ પ્રકટ થઈ શકે છે. એ થાંભલામાં કોઈ સુરંગ ન હતી જેમાંથી આવીને એમણે હાય-હત્યા મચાવી દીધી. નકોર થાંભલો હતો. તેમાંથી પણ નરસિંહ પ્રકટ થઈ શકે છે.

આવી રીતે આપણી ઠોસ અહંતા-મમતાનો જે પરિવાર છે, તેમાં ઘરનો ઠાકુર પ્રકટ થઈ શકે છે. અને એ જ્યારે પોતાની આટલી હદ સ્વીકાર કરી રહ્યો છે કે આખા બ્રહ્માંડમાં વ્યાપક બધા આત્મામાં પરમાત્માના રૂપમાં બિરાજી રહેલો, ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય વાળો દ્વાપરાંતમાં જે પ્રકટ થયો, તે અત્યારે પણ તમારા ઘરમાં પ્રકટ થવાનું સામર્થ્ય રાખી શકે છે. જ્યારે સૂરદાસજીએ આ વાત કહી કે **"તબ તા દિન તેં વે લોગ સુખ સંપત્તિ ન તજે"** મહાપ્રભુજીએ તુરત આ વાત કહી **"સુન સુર સબનકી યહ ગતિ જે હરિ ચરણ ભજે. વ્રજ ભયો મહરકે પૂત જબ યહ બાત સુની."** (જન્માષ્ટમીની વધાઈ) આજે પણ એ આપણા ઘરમાં પ્રકટ થઈ શકે છે. આજે પણ આપણે તેની સાથે દિવાળી શરદોત્સવ મનાવી શકીએ છીએ. આજે પણ આપણે તેની સાથે હોળી ખેલી શકીએ છીએ. પરંતુ શરત તેની એ છે કે તમારા હૃદયમાં એ ભાવ હોવો જોઈએ. તે પોતાની બ્રહ્મતાને પરમાત્મતાને ભૂલીને, તમારી ભીતર બિરાજવાને બદલે બહાર પ્રકટ થાય અને તમે ઓચિંતાના કહો કે અમે તમને બહાર શા માટે શોધીએ, અમે તો તમને ભીતર જ શોધશું. આવો દુર્વ્યવહાર આપણે આપણા મા-બાપ સાથે આપણી પત્ની સાથે નથી કરી શકતા.

સમજો કે એક છોકરીને વિવાહ કરીને લઈ આવો. અને તેને કહો કે તારી સુંદરતાની મૂર્તિ તો મારા દિલમાં બિરાજી રહેલી છે. એ બિચારી છોકરી જ્યારે ઘરમાં આવે તો આંખો બંધ કરીને બેસી જાઓ કે અમે તારી સુંદરતાનું ધ્યાન

કરી રહ્યા છીએ. કેટલી વાર એ જોશે? એ તો પાછી પીયર ચાલી જશે. મારા આવ્યા પછી આંખ જ ન ખોલે, આવો કેવો પતિ છે? આંખ ખોલીને જુએ જ નહીં. કેમકે તેનું સુંદર રૂપ હવે તો દિલમાં વસી ગયું છે. હવે તો અમે આંખ ખોલશું જ નહીં. કેટલા દિવસ એ છોકરી સાસરીયામાં રહેશે? ભાગી જશે પીયર.

આવી જ રીતે પરમાત્મા જ્યારે તમારા ઘરમાં પ્રકટ થયો, ત્યારે તેને તમારી સેવા લેવાની અપેક્ષા છે. ધ્યાનથી વધારે તેને તમારી સેવાની અપેક્ષા છે. એ પરમાત્મા જ્યારે ભગવાનના રૂપમાં પ્રકટ થયો તો તેને શ્રવણ કીર્તન પાદસેવન સ્મરણ વંદન અર્ચન દાસ્ય સખ્ય અને આત્મનિવેદનની અપેક્ષા છે.

### (ભાવાનુરૂપતાના કારણે પ્રિય-અપ્રિયનો પ્રસંગ)

જે વખતે એ કૃષ્ણના રૂપમાં પ્રકટ થયો તો એ વ્રજભક્તોના ભાવથી એને ભાવિત કરવાની અપેક્ષા છે અને એ તરફની અપેક્ષામાં જ કાંઈક પ્રિય-અપ્રિય છે, એવું નથી. એને પણ કાંઈક આપણું પ્રિય-અપ્રિય લાગે છે. એની વ્યાપકતા એને પ્રિય નથી લાગતી. કેમકે એને પોતાની વ્યાપકતા પ્રિય લાગતી હોત તો શા માટે તમારા ઘરમાં પધારત! જો ભગવાનને પોતાની વ્યાપકતા પ્રિય લાગતી હોત તો નરસિંહરૂપથી પ્રહલાદના થાંભલામાં શા માટે પ્રકટ થાત! તો ભગવાનને પ્રહલાદના કારણે પોતાની વ્યાપકતા પ્રિય ન લાગી. આથીજ તેઓ થાંભલામાંથી પ્રકટ થયા. જોભગવાનને પોતાની બ્રહ્મતા પ્રિય લાગતી હોત તો પછી ન એને પ્રહલાદ પ્રિય હોત ન હિરણ્યકશિપુ અપ્રિય હોત. કેમકે જો ભગવાન જ્યારે પોતાની બ્રહ્મતામાં બિરાજે તો ન હિરણ્યકશિપુ ખરાબ છે ન પ્રહલાદ સારો છે. બંને એક સરખા થઈ ગયા. **''સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ''** (ભગ.ગીતા.૯/૨૯) ન મારા માટે કોઈ સારો છે, ન મારા માટે કોઈ દ્વેષ્ય છે, ન મારા માટે કોઈ પ્રિય છે. **''યદ્વૈ કિંચન અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા ભવતિ''**

પરંતુ પ્રહલાદે એ બ્રહ્મતા ઉપર ધ્યાન ન આપ્યું. એવો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે કે હિરણ્યકશિપુએ પૂછ્યું કે ''તું શું ભણ્યો? કઈ વાત તું સરખી રીતથી સમજ્યો?'' પ્રહલાદે કહ્યું કે ''હું તો આ સમજ્યો કે ભગવાનની નવવિધ ભક્તિ કરવી બહુ સારી વસ્તુ છે.'' એણે કહ્યું કે ''અરે ઢીઢ, મારી વાત નહીં

માનીને તેં ફરીથી દુષ્ટતા કરી. અને પાછી ભગવાનની ભક્તિ કરી રહ્યો છે! મારો આને.'' પરંતુ મારી ન શક્યો. છેવટે હિરણ્યકશિપુએ કહ્યું કે ''ક્યાં છે તારો ભગવાન્?'' એણે કહ્યું કે ''ક્યાં નથી મારો ભગવાન્ એ બતાવો!'' તો પ્રહલાદ આ વાતનો સ્વીકાર કરી રહ્યો છે કે મારો ભગવાન્ મારી ભક્તિ સ્વીકારવા માટે બધી જગ્યાએ બિરાજમાન છે, એ બ્રહ્મના રૂપમાં નહીં. એક ભક્તનું સ્વરૂપ થયું અને એક ભગવાનનું સ્વરૂપ થયું. બ્રહ્મને ભક્તિની અપેક્ષા નથી, ન ભક્તની અપેક્ષા છે અને ન બિરાજવાના સ્થાનની અપેક્ષા છે. કેમકે આખી દુનિયા તેનામાં બિરાજેલી છે. બ્રહ્મ ક્યાં બિરાજશે? બ્રહ્મના માટે સિંહાસન કયું એ બતાવો? આખી દુનિયા બ્રહ્મના સિંહાસન ઉપર બિરાજી રહી છે. બ્રહ્મ ક્યાં બિરાજશે? જો દુનિયા છે તો! આમ તો આ પણ મોટો પ્રશ્ન થઇ જાય કે દુનિયા છે કે નહીં. કેમકે **''યદ્વૈ કિંચન અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા ભવતિ''**

પરંતુ ભગવાન્ બધી જગ્યાએ બિરાજમાન છે આ વાતને ભક્તિથી ભરેલું પ્રહલાદનું હૃદય જાણતું હતું. આના ઉપર હિરણ્યકશિપુએ આ વાત પૂછી કે ''આ થાંભલામાં બિરાજમાન છે?'' એણે કહ્યું ''હા, થાંભલામાં પણ બિરાજમાન છે.'' પ્રહલાદની વાતને સત્ય કરવા માટે નરસિંહ ભગવાન્ નકોર થાંભલામાંથી પ્રકટ થયા. એમને પ્રહલાદ પ્રિય છે અને હિરણ્યકશિપુ અપ્રિય છે. પ્રહલાદ પ્રિય છે એટલી જ વાત નથી. જ્યારે એમણે હિરણ્યકશિપુને માર્યો તો એવું આવે છે કે લક્ષ્મીજી પાસે જવામાં ડરી રહ્યા હતા. એમણે વિચાર્યું કે આવું રૂપ તો મારા પતિનું મેં ક્યારેય જોયું નથી. જાઊં કે ન જાઊં? પરંતુ પ્રહલાદને ડર ન લાગ્યો. બિલકુલ એજ રીતથી જેમ સિંહના બાળકને, જ્યારે સિંહ ચાટતો હોય તો શું બાળકને ડર લાગે? આપણે કોઈ જંગલમાં સુઈ રહ્યા હોઈએ અને સિંહને આપણી ઉપર પ્યાર આવી જાય અને આપણને ચાટવા લાગે તો સમજો કે ખાધા પહેલા જ આપણા પ્રાણ નિકળી જશે. હવે સિંહ એમ કહે કે ભાઈ ચાટી જ તો રહ્યો છું. પરંતુ આપણા તો પ્રાણ એટલામાંજ નિકળી જાય. પરંતુ એ પ્રહલાદને બિલકુલ સિંહના બાળકની જેમ જીભથી નરસિંહજીએ ચાટ્યો. પરંતુ પ્રહલાદને ડર ન લાગ્યો. કેમકે પ્રહલાદનો ભાવ એ થાંભલામાંથી પ્રકટ થયો હતો. એ પ્રહલાદ એને પ્રિય છે. એ સ્વરૂપને લક્ષ્મીજી પ્રેમ ન કરી

શક્યા પરંતુ પ્રહલાદ પ્રેમ કરી શક્યો.

## (પ્રહલાદની દષ્ટિથી નરસિંહજીની પ્રિય-અપ્રિયતા)

પ્રિય-અપ્રિયનો ભેદ ભગવાનમાં ભક્તના કારણે ઊભો થયો. ભગવાનને પણ કાંઈક પ્રિય છે, કાંઈક અપ્રિય છે. હવે પ્રહલાદને ચાટી શકાશે અને હિરણ્યકશિપુને મારી શકાશે. લક્ષ્મીજીની પણ તે વખતે ભગવાને પરવા ન કરી. અરે ભાઈ! આંખથી જ ઈશારો કરી દેતા કે ડરો નહીં. આ તો મારૂં લીધેલું રૂપ છે. પરંતુ ત્યાં ભગવાને આ પરવા ન કરી કે લક્ષ્મી પાસે આવે કે ન આવે. એ વખતે તો પ્રહલાદના હિસાબથી જે વિકરાળ રૂપ પ્રકટ થવું જોઈએ એ રૂપ આપ ધારણ કરીને બેસી રહ્યા. ભલે લક્ષ્મીજીને સારૂં લાગે કે ખરાબ લાગે. પીયર તો બિચારા લક્ષ્મીજી ક્યાં જઈ શકે છે? પરંતુ સમજો કે બહુ ખરાબ લાગી જાત અને ચાલ્યા જતા પરંતુ ભગવાને એની પણ પરવા ન કરી. જવું હોય તો જાવ. આ વખતે પ્રશ્ન પ્રહલાદનો છે. આથી જે પ્રહલાદની દષ્ટિથી પ્રિય છે એ નરસિંહજીને પ્રિય છે. અને જે પ્રહલાદની દષ્ટિથી અપ્રિય છે, એ નરસિંહજીને અપ્રિય છે. આથી જ ઠાકુર, એ ભગવાન્, એ કૃષ્ણ જે વખતે આપણા ઘરમાં આવીને બિરાજે, તો આપણને જે પ્રિય છે તે એને પ્રિય છે. જે આપણને અપ્રિય છે, તે તેને અપ્રિય છે.

## (ભક્તિના સુરથી ભગવાનની પ્રિય-અપ્રિયતા)

હવે આ પ્રકારનો જ્યારે સંવાદ અંદરોઅંદર જામી ગયો હોય તો એક વાત સમજો કે આપણે જ્યારે ગીત ગાતા હોઈએ ત્યારે તાનપુરો મેળવવો પડે, તબલા એજ સુરમાં મેળવવા પડે. આપણે કોઈક બીજા સ્વરમાં ગાતા હોઈએ અને વાદ્ય કોઈ બીજા સ્વરમાં વાગતા હોય તો કેટલું ખરાબ લાગે! એને એજ સુરમાં મેળવવા પડશે. મળશે તો સંગીત થશે નહીં તો દુર્ગિત જ થશે. ભાવ અને ભક્તિ નો આપસી સંગીત જે પ્રકટ થઈ રહ્યું છે, ભાવાત્મક સ્વરૂપ અને ભક્તિનું સ્વરૂપ નું, એ સંગીતમાં કાંઈક અપ્રિય છે, કાંઈક પ્રિય છે. જે લોકો થોડુંક પણ સંગીત જાણતા હોય એમને આ વાત સરખી રીતથી સમજમાં આવશે કે ભૈરવ રાગમાં શુધ્ધ ઋષભ લગાડી દીધો તો કેટલું ખરાબ લાગે છે! એ જ શુધ્ધ ઋષભ સારંગ રાગમાં પ્રિય છે એજ ભૈરવમાં અપ્રિય બની જાય છે. જે સુરો આપસમાં બંધાયા છે તેમાં એક સુરથી અપ્રિયતા અને પ્રિયતાનો વિષય

બને છે. પોતે પોતાનામાં ન તો કોઈ સુર પ્રિય છે ન અપ્રિય છે. જે વખતે આપણે સુરોને એકબીજા સાથે બાંધ્યા, તેના પછી કાંઈક પ્રિય છે અને કાંઈક અપ્રિય બની જઈ રહ્યો છે. આજ પ્રકાર આપણે આપણા પ્રભુને જે ભાવથી, જે ધારણાથી બાંધ્યા છે તેમાં એજ ભાવ પ્રિય લાગે છે પ્રભુને બીજા ભાવ અપ્રિય લાગે છે.

***

## (વાર્તાપ્રસંગ)

શ્રીકૃષ્ણદાસજીની વાર્તામાં આવતા મહાપ્રભુના વચનામૃત જેમાં કૃષ્ણદાસજીએ પૂછ્યું કે **''મહારાજ! શ્રીઠાકુરજીકુ પ્રિય વસ્તુ કહા હે?''** તાકો પ્રતિ ઉત્તર શ્રીઆચાર્યજી કહત હે, **''શ્રીઠાકુરજી ઉત્તમતેં ઉત્તમ વસ્તુકે ભોક્તા હેં પરન્તુ ગોરસ અતિપ્રિય હે. 'ગોરસ' શબ્દેન વાણી કહિયત હે, તાકો ભાવ અનિવર્ચનીય હે ઔર સબન્તેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે. જાતેં 'ભક્તવત્સલ' કહાવત હેં.''**

તબ કૃષ્ણદાસને ફેર પૂછી **''જો ઠાકુરજીકુ અપ્રિય વસ્તુ કહા હે?''** તબ શ્રીઆચાર્યજીને કહ્યો હે, **''શ્રીઠાકુરજીકુ ધુંઆઁ સમાન અપ્રિય ઔર કુછ નાહીં હે. તાહૂતેં અપ્રિય શ્રીઠાકુરજીકુ ભક્તકો દ્વેષી હે''** આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે-**''ગોરસ સો વૈષ્ણવકો સ્નેહ પરસ્પર ઔર સો વૈષ્ણવકો ક્લેશ. જહાં સ્નેહ વહાઁ શ્રીઠાકુરજી પધારે જાનિયે ઔર જહાં ક્લેશ તહાઁતે શ્રીઠાકુરજી દૂરિ જાનિયે''** આ વચનામૃત હજી પણ મોટું છે હવે આ વચનામૃતનું અવગાહન આપણે કરીશું.

## ('ઠાકુરજી ભોક્તા' - સ્વરૂપવિચાર)

સૌથી પહેલા આ વચનામૃતમાં મહાપ્રભુજીએ એક વાત કહી છે કે ઠાકુરજી ઉત્તમ માં ઉત્તમ વસ્તુના ભોક્તા છે. હવે કાલે જે મેં વાત સમજાવી હતી કે અહીં જે 'ઠાકુરજી' શબ્દ વાપરવામાં આવી રહ્યો છે, એ બ્રહ્મના પરમાત્માના ભગવાનના કે કૃષ્ણના પહેલુથી પણ નહીં પરંતુ ઘરમાં બિરાજતા ઠાકુરના પહેલુથી જ આ શબ્દ વાપરવામાં આવી રહ્યો છે. ઠાકુરજી કઈ ઉત્તમ વસ્તુના ભોક્તા છે અને કઈ ઉત્તમ વસ્તુના ભોક્તા નથી, તેનું જો પ્રમાણ સમજવું હોય તો આપણે આમ સમજી શકીએ છીએ, જેમ બ્રહ્મસૂત્રમાં એક બહુ સુંદર સૂત્ર આવ્યું છે, એ સૂત્ર **''અત્તા ચરાચરગ્રહણાત્''** (બ્ર.સૂ.૧/૨/૩) 'અત્તા' એટલે આરોગવાવાળો. જેમ કામ કરતો હોય તે કર્તા, જતો હોય તે ગન્તા, જાણવાવાળો હોય તે જ્ઞાતા. એવીજ રીતે આરોગવાવાળો એટલે અત્તા અને ત્યાં આ વાત બ્રહ્મસૂત્રકાર બહુ સારી રીતથી સમજાવે છે કે આ અત્તા કોણ છે? શું એ જીવ છે કે પરમાત્મા છે? આ પ્રશ્ન

ત્યાંજ વ્યાસજીએ ઉઠાવ્યો છે. આ શંકા એમણે ઉઠાવી છે જે ભોક્તા છે તેને સુખી અથવા દુઃખી થવું પડે છે, તેથી અહીં 'અત્તા'નો અર્થ જીવાત્મા લેવો જોઈએ, પરમાત્મા કે બ્રહ્મ નહીં. આ શંકાને ઉઠાવીને ત્યાં ખુલાસો કરી રહ્યા છે કે આ વાત ઠીક છે કે જે ભોક્તા છે, તેને દુઃખી થવું પડે છે. પરંતુ કયા ભોક્તાને દુઃખી થવું પડે છે? જે કેવળ પોતાના સુખની વાસનાથી ભોગ ન કરતો હોય, પરંતુ જેનો સ્વભાવ જ ભોગવવાનો હોય અથવા જેનું સામર્થ્ય ભોક્તા હોવાનું હોય, તેના ઉપર આ નિયમ લાગૂ નથી પડતો.

જેમ આપણે એક વાત જાણીએ છીએ કે કોઈ કપડું ગંધ આવનારી વસ્તુના સંપર્કમાં આવી જાય તો તેમાં પણ તે ગંધ આવી જાય છે. કેમકે કપડું એક સીમિત વસ્તુ છે અને તેનો સંપર્ક પણ સીમિત વસ્તુથી જ થશે, અસીમિત નથી થઈ શકતો. અને ત્યાં આ યુક્તિ પણ આપી છે કે જેમ હવા. એક જ હવા ગંદકીમાંથી અને બગીચામાંથી નિકળે તો તેમાં એના સંપર્કથી દુર્ગંધ અને સુગંધ આપતી હોય છે. દરેક ગંધને પોતાની સાથે લેવામાં હવા સમર્થ છે પરંતુ કોઈ પણ ગંધને પોતાની પાસે રાખતી નથી. તેની સાથે નિભાવતી નથી, લે છે અને છોડે છે. જેમ કબીરજી બહુ સુંદર કહે છે ''જસકી તસ રખ દીની ચદરિયા, ઝીની રે ઝીની.'' જેવી દેહની ચાદર મને ભગવાને ઓઢવા માટે આપી. હવે જેવો બેદાગ દેહ પ્રભુએ મને આપ્યો હતો તેવોજ છોડતી વખતે મેં બેદાગ છોડ્યો. ''જસ કી તસ રખ દીની ચદરિયા'' એમ જો જસ નો તસ હોય તો હોય પરંતુ તેની વાસના નથી. ભોગની વાસનાથી ભોગ નથી.

અને આ હેતુને સમજાવતા વ્યાસજી કહે છે કે શ્રુતિમાં જ્યાં અત્તા તેને બતાવવામાં આવ્યો છે, ત્યાં આ વાત પણ બતાવી છે કે **''અત્તા ચરાચરગ્રહણાત્''** ચર-અચર દરેક ચીજનો તે અત્તા છે. દરેક ચીજનો ભોક્તા છે. ચરની ભોક્તા તો આખી દુનિયા જ છે. અચરનો જેમ કે પત્થર પહાડ, આવાઓનો ભોક્તા હોય તો ભોક્તા માનવામાં આવી શકે. કીડીથી લઈને સિંહ હાથી કોઈ જાનવર કે મનુષ્ય બધા ચરના ભોક્તા છે. અચરના ભોક્તા કોઈ નથી. તો 'અચર' એટલે જે સ્થિર વસ્તુઓ છે, જડ છે, તેનો પણ ભોક્તા તેને કહેવામાં આવેલો છે. કોઈ પણ જીવાત્મા અચરનો ભોક્તા નથી હોઈ શકતો. **''જીવો જીવસ્ય જીવનમ્''** (ભાગ.પુરા.૧/૧૩/૪૬) આમ કહેવામાં આવે

છે. જીવ, જીવને ખાય અને જીવે છે. કોઈ વનસ્પતિને ખાય છે અને કોઈ વનસ્પતિને ખાવાવાળાને ખાય છે કોઈ તેને પણ ખાવાવાળાને ખાય છે અને જીવે છે.

જ્યારે હનુમાનજી લંકા જઈ રહ્યા હતો તો બહુ સુંદર તેમાં આવે છે કે **''તિમિંગિલગિલોઽપ્યસ્તિ તદ્‌ગિલોપ્યસ્તિ રાઘવઃ''** 'તિમિ' એટલે વ્હેલને પણ ખાઈ જનારી માછલી છે સમુદ્રમાં અને તેને પણ ખાનારી માછલી છે અને 'તદ્‌ગિલોપ્યસ્તિ' એટલે તેને પણ ખાવાવાળી માછલીઓ છે. દરેક માછલી બીજી માછલીને ખાઈ રહી છે. પરંતુ બધી ચરને ખાઈ રહી છે અચરને નથી ખાઈ રહી. પરંતુ પરમાત્માને માટે આ વાત કહેવામાં આવે છે કે તે ચર અને અચર બધી ચીજનો ભોક્તા છે. હવે તેમાં ઉત્તમ શું અને અનુત્તમ શું?

જ્યારે અર્જુને ભગવાનને આ પ્રશ્ન કર્યો કે જે તમે રૂપ બતાવી રહ્યા છો, તેની હકીકત હું જોવા માગી રહ્યો છું. તો ભગવાને પોતાના કેટલાય સ્વરૂપો બતાવ્યા છે. આપણે ગીતાનું પ્રકરણ ક્યારેક શાંતિથી બેસીને જોઈએ તો મજા આવે કે વિરાટના કયા-કયા પહેલુના અર્જુનને આપે દર્શન કરાવ્યા. ઉપનિષદ્‌માં બ્રહ્મના પરમાત્માના વર્ણન છે, તે એક-એક સ્વરૂપનું દર્શન ભગવાને અર્જુનને કરાવ્યું છે. જેમ-જેમ એ શ્લોક આગળ વધતો જાય, તેમ-તેમ કોઈ ને કોઈ ઉપનિષદ્‌માં વર્ણિત પરમાત્માનું સ્વરૂપ અર્જુન જોતો જાય છે. વિરાટ કહીને આપણે એમ સમજીએ કે ભગવાને કોઈ મોટું સ્વરૂપ અર્જુનને બતાવી દીધું. ટી.વી.વાળાઓએ પણ એક વિશાળ સ્વરૂપ વિરાટનું બતાવી દીધું એવું નથી.

હકીકતમાં ઉપનિષદ્‌ની જે બત્રીસ વિદ્યાઓ છે, એમાં જે પ્રકારથી પરમાત્મા વર્ણિત છે, તેનો અર્જુનને ભગવાને સાક્ષાત્કાર કરાવ્યો છે કે જો એવો હું છું કે નહીં? બ્રહ્મનું જે જે રૂપથી વર્ણન ઉપનિષદ્‌ની બત્રીસ વિદ્યાઓમાં આવ્યું છે, તે દરેક રૂપના દર્શન અર્જુનને પોતાની આંખોથી કર્યા. આપણે તો કાનથી સાંભળીએ છીએ, અને સાંભળીને પણ સમજી નથી શકતા. ઉપનિષદ્ સ્વયં કહે છે કે **''શ્રવણાયાપિ બહુભિઃ યો ન લભ્યઃ શૃણ્વન્તોઽપિ બહવો યં ન વિદ્યુઃ''** (કઠોપનિષદ્.૧/૨/૭) મોટા ભાગના લોકો એ વાતો સાંભળી જ નથી શકતા. અને બહુ જે સાંભળી લે છે તેઓ સમજી નથી શકતા.

અને જે સમજી જાય છે, એમને વાત કહેતા નથી આવડતી. અને જે કહી પણ દે છે એને એ વાત હૃદગત નથી થઈ શકતી. એ બત્રીસ વિદ્યાઓમાં વર્ણિત પરમાત્માનું સ્વરૂપ એવું વિલક્ષણ છે એમાંથી એક સ્વરૂપ 'અત્તા'નું પણ છે. અને વિરાટનું જ્યાં વર્ણન છે, ત્યાં મહાભારતના જેટલા યોદ્ધા છે એમના માંસને આપ ચાવી રહ્યા છે, એવું પણ આપે અર્જુનને દર્શન કરાવ્યું છે. જો, આ બધી વસ્તુઓનો ભોક્તા હું છું. તું શું કહી રહ્યો છે કે મારીશ, નહીં મારૂં. જો, આ બધાને તો હું ચાવી રહ્યો છું બહુ ભયંકર વર્ણન છે **''અત્તા ચરાચરગ્રહણાત્''**નું. એ જે પરમાત્માની અત્રૃવિદ્યા છે તે અર્જુનને પોતાની આંખોથી બતાવી છે. તો આમાં પ્રભુના ભોક્તૃત્વનું વર્ણન છે.

જ્યારે પણ આપણે કોઈ વસ્તુનો ભોગ કરીએ છીએ તો ભોક્તાનો ઉપચય થાય છે અને ભોગ્યવસ્તુનો નાશ થાય છે. જેમ સમજો કે આપણે એક સફરજન ખાધો તો આપણા શરીરમાં કાંઈકને કાંઈક ઉપચય કરશે. આપણા શરીરને વધારશે અને સ્વયં સફરજન પોતાનું રૂપ ખોઈ દેશે. માનો કે આપણે રોટલી ખાધી તો રોટલી પોતાનું રૂપ છોડી દેશે અને આપણા શરીરનું રૂપ તે અપનાવી લેશે. આપણા શરીર માંસ વગેરેનું રૂપ ગ્રહણ કરી લેશે. જે પરમાત્માનું પ્રલયકર્તાનું વર્ણન છે, તેમાં મોટાભાગના લોકોને આ પ્રકારનો સંશય થાય કે પરમાત્મા પ્રલય એવી રીતે કરે છે કે આખા જગતને ખતમ કરી દે છે. જેમ આપણે માટલાને ફોડી નાખીએ અથવા એક મકાનને પાડી નાખીએ. આ પ્રકારથી આખા વિશ્વને પરમાત્મા તોડી નાખે છે.

### (ભોક્તાનો બ્રાહ્મિક પહેલુ)

પરંતુ આ વાત ધ્યાનથી સમજો કે પરમાત્મા કાંઈ તોડતા નથી કેમકે તેમની બહાર તો સૃષ્ટિ છે નહીં. આ સૃષ્ટિ તો બ્રહ્મમાં પ્રકટ થઈ છે, બ્રહ્મમાંથી પ્રકટ થઈ છે અને બ્રહ્મમાં પાછી લીન થાય છે. તો બ્રહ્મમાં જે વિલીન થઈ રહ્યું છે, એજ તેનો'અતૃ' છે. તેના મુખમાં રૂપમાં આ પ્રકારનું વર્ણન કરવામાં આવે છે કે તે ભક્ષણ કરી રહ્યો છે જે અર્જુનને બતાવ્યું.

જે હિમાલય ઉપર જાય, તે આ રહસ્યને સરખી રીતથી સમજે છે કે જ્યાંથી નદીઓ પ્રકટ થઈ રહી છે, ત્યાં એક ગોમુખ જેવું બનાવી દેવામાં આવે

છે કે ગોમુખમાંથી આ નદી નિકળી રહી છે. જો ગોમુખ ન પણ હોય તો તેનું 'ગોમુખ' રાખી દેવામાં આવે છે. હિમાલય ઉપર તમે જશો તો આ બધી લીલાઓ ત્યાં જોવા મળે છે. અને જ્યાં નદી પોતાનું રૂપ ખોઈ દે છે તેને આપણે 'સંગમ' કહીએ છીએ. મતલબ આ નદીએ પોતાનું રૂપ ખોઈ દીધું કેમકે આપણી ભીતર આ ભાવના ભરેલી છે કે નદી એક પદાર્થ છે. અને સાગર કોઈ બીજો પદાર્થ છે આથી જ આપણે એમ કહીએ છીએ કે નદીનું સાગરમાં સંગમ થયું.

પરબ્રહ્મ એક પદાર્થ છે અને જગત્ બીજો પદાર્થ, આવું તો છે નહીં. બ્રહ્મમમાંથી જ જગત્ પ્રકટ્યું છે અને બ્રહ્મમાં જ જ્યારે એ વિલીન થઈ રહ્યું છે, હવે તેને લય કહો કે ભક્ષણ કહો, વાત એકજ છે. જે વસ્તુ બ્રહ્મમાં લીન થઈ રહી છે તેને આપણે આમ પણ કહી શકીએ છીએ કે આ વસ્તુ બ્રહ્મમાં લીન થઈ રહી છે. અને આમ પણ કહી શકીએ છીએ કે બ્રહ્મ આને ગળી ગયો. જેમ એક માછલી બીજી માછલીને ગળી જાય એમ જગતના નામ-રૂપ-કર્મને બ્રહ્મ ગળી જાય. કરોડીયો જાળને પોતાના મોઢામાંથી બહાર કાઢે છે અને પાછો ગળી પણ જાય છે. આ તેનું ભક્ષણ કરે છે અને તેનું ઉદ્ભવન પણ કરે છે. બંને પ્રકારનો કરોડીયાનો સંબંધ છે. આજ પ્રકારથી બ્રહ્મનો જડ જીવાત્મા ચરાચર જગતની સાથે ઉદ્ભવનનો પણ સંબંધ છે. **''યથાગ્નેઃ ક્ષુદ્રાઃ વિસ્ફુલિંગાઃ વ્યુચ્ચરન્તિ એવમેવ અસ્માદ્ આત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે દેવાઃ વ્યુચ્ચરન્તિ''** (બૃહ.ઉપ.૨/૧/૨૦) અને તેનો પુનર્વિલીન ભાવનો પણ સંબંધ છે.

હવે આમાં તમે જુઓ કે ઉત્તમ અને અનુત્તમ ની દરકાર બ્રહ્મ નથી કરતો. ઉપનિષદ્માં ત્યાં-સુધી આવે છે કે કોઈ સાધુ બચી જશે, શૈતાનને તે ખાઈ જશે, એવું નથી. દેવતા બચી જશે અને મનુષ્યને ખાઈ જશે, એવું નથી. દેવ દાનવ માનવ બધુંજ કાંઈ બ્રહ્મમાં લીન થઈ જશે, જે દિવસે પ્રલય થશે. અને જે દિવસે સૃષ્ટિ થશે તે દિવસે ફરીથી બ્રહ્મમાંથી પ્રકટ થાય છે. બ્રહ્મ ચર-અચર બધી વસ્તુને પોતાનામાં ગળી જાય છે. બ્રહ્મના પહેલુથી તમે વિચારશો ત્યારે તો ત્યાં ઉત્તમ અને અનુત્તમ નો કોઈ પ્રશ્ન નથી.

## (ભોક્તાના વિચારમાં પ્રશ્નની ભૂમિકા)

પરમાત્માનો જ્યાં સુધી પ્રશ્ન છે તો જે સૂત્ર મેં તમને પહેલી વાર્તામાં બતાવ્યું એ વાતની અહીં ફરી પુનરાવૃત્તિ કરી રહ્યો છું. તે એટલા માટે કે દરેક વાર્તામાં મહાપ્રભુજીએ વેદના ઉપનિષદ્‌ના કયા પહેલુને સમજાવવાનો પ્રયાસ કર્યો છે, તે આપણે સમજશું તો ખબર પડશે કે વાર્તાઓ કેટલી ગંભીર દાર્શનિક છે. નહીંતર તો આપણને લાગે કે કોઈ ચાલૂ ખાતાની કથા છે કે કૃષ્ણદાસજીએ પૂછ્યું અને આચાર્યજીએ તેનો ઉત્તર આપ્યો. આમ નથી. તેને જે દાર્શનિક પૃષ્ઠભૂમિ જ્યારે તમે ધ્યાનથી સમજશો તો તમને ખબર પડશે કે આ કોઈ વાર્તા-પ્રસંગ નથી. આની પાછળ વલ્લભદર્શન અને આપણા માર્ગનો સિદ્ધાંત ઠાંસી-ઠાંસીને ભરેલો છે. એવું પણ નથી કે બ્રહ્મસૂત્રમાં ઉપનિષદ્‌માં ષોડશગ્રંથમાં કે સુબોધિનીજીમાં જ આ વિષય વર્ણિત છે. અહીં પણ એનો એજ વિષય વર્ણિત થયો છે. ઘણા લોકો આમ વિચારે કે વાર્તા તો માત્ર ભાવપક્ષની કથા છે, માત્ર ભાવપક્ષની આ કથા નથી.

તેમાં શ્રીઆચાર્યજીએ જે કહ્યું છે તેની પાછળ આપશ્રીનો દષ્ટિકોણ શું છે? કયા પહેલુને આપ વર્ણિત કરી રહ્યા છે અને તેનું પણ કારણ આપણે સમજવું પડશે કે સામાવાળાએ કઈ ભૂમિકા ઉપર પ્રશ્ન પૂછ્યો છે. જે ભૂમિકા ઉપર પ્રશ્ન પૂછ્યો છે તેના ઉપર જ તો તેને જવાબ સમજાવવામાં આવશે. પ્રશ્ન કોઈ એક ભૂમિકા ઉપર પૂછે અને જવાબ કોઈ બીજી ભૂમિકા ઉપર આપે તો જવાબ જ નહીં થાય. અર્જુને જે ભૂમિકાની સામે કર્મની વાત પૂછી એ કઈ જાતનું કર્મ હતું? એ યુદ્ધનું કર્મ હતું. ત્યાં જે કર્મની વાત સમજાવવામાં આવી છે તે યુદ્ધની સમજાવવામાં આવી છે **"તસ્માત્ યુધ્યસ્વ ભારત!"** (ભગ.ગીતા.૨/૧૮) હવે આપણે એમ કહીએ કે ભગવાને તો અર્જુનને યુદ્ધ કરવાની વાત બતાવી છે તો અર્જુનની જેમ આપણે પણ ગામમાં તીર લઈ લઈને નિકળી પડીએ કે ભગવાનની આજ્ઞા છે કે યુદ્ધ કરો. **"હતો વા પ્રાપ્સ્યંસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્, તસ્માદ્ ઉત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ"** (ભગ.ગીતા.૨/૩૭) ભગવાનની આજ્ઞા હવે અમને થઈ ગઈ છે કે જે સામે આવે તેને તીર મારો. ભગવાને આ જ તો આજ્ઞા કરી. આનાથી તો આ ગીતાનું રહસ્ય આપણને સમજમાં નહીં આવી શકે કે અર્જુને જે

ભૂમિકા ઉપર કર્મની વાત પૂછી છે. **''જ્યાયસી ચેત્ કર્મણસ્તે મતા બુદ્ધિર્ જનાર્દન! તત્ કિં કર્મણિ ઘોરે માં નિયોજ્યસિ કેશવ!''** (ભગ.ગીતા.૩/૧) ''તું શું કહેવા માગી રહ્યો છે? કર્મ કરવું મારા માટે સારી વાત છે કે દરેક વાતને સમજવી મારા માટે સારી વાત છે?'' હવે ત્યાં જે અર્જુનનો કર્મની બાબતમાં પ્રશ્ન છે, તે યુદ્ધના કર્મની બાબતમાં છે. જ્યારે ભગવાન્ અર્જુનને કહી રહ્યા છે કે તું કર્મ કર, કર્મથી પલાયન ન બન. એ યુદ્ધાત્મક કર્મ છે. એ યુદ્ધાત્મક કર્મ આપણે નથી કરવાનું. કેમકે આપણે તે ભૂમિકા નથી. હવે સમજો કે ઠાકોરજીની સામે આપણે ગીતા પાઠ કરીએ છીએ, તો ઠાકોરજી ભાગી જશે. કેમકે આ ભૂમિકા અલગ છે અને તે ભૂમિકા અલગ છે. જે ભૂમિકા ઉપર ત્યાં વાત પૂછવામાં આવી છે એ ભૂમિકા ઉપર ત્યાં વાત સમજાવવામાં આવી છે. સિદ્ધાંત તેમાંથી આપણે કાઢી શકીએ  કે આ ઉપદેશથી આ સિદ્ધાંત નિર્ણિત થયો. અર્જુને જે ભૂમિકા ઉપર પ્રશ્ન પૂછ્યો છે તે ભૂમિકા ઉપર જ્ઞાનનો તે અર્થ તે વખતે સમજાવ્યો છે. એ જ અર્થ આપણા ઉપર ક્યારે લાગુ પડી શકે છે, જ્યારે આપણી પણ એજ ભૂમિકા હોય તો. નહીંતર આપણી જે ભૂમિકા હશે, તેનામાટે જે કર્મનો જ્ઞાનનો અર્થ હશે તે આપણા ઉપર લાગુ પડશે. અર્જુનવાળા કર્મ અને જ્ઞાન નો અર્થ આપણા ઉપર લાગુ નહીં પડે. આ ખાસ શાસ્ત્રને સમજવાની એક દૃષ્ટિ છે. આ વાત ઉપર જ મોટાભાગે લોકો ધ્યાન નથી આપતા હોતા. એવીજ રીતે ત્યાં કૃષ્ણદાસજી જે વાતની ભૂમિકા ઉપર આ વાત પૂછી રહ્યા છે, એ ભૂમિકા ઉપર મહાપ્રભુજી વાત સમજાવી રહ્યા છે. આથીજ એ ભૂમિકા ઉપર તે જવાબ સાચો છે. બાકીની ભૂમિકાઓ ઉપર એ જવાબ સાચો ન પણ હોઈ શકે, કેમકે ભૂમિકા બદલાઈ ગઈ. બ્રહ્મની ભૂમિકા ઉપર જો કોઈ પૂછી રહ્યો છે તો મહાપ્રભુજીએ **''અત્તા ચરાચરગ્રહણાત્''** ઉપર ભાષ્ય લખ્યું છે, એ ભાષ્યને ખોલીને જોઈ લો કે ત્યાં મહાપ્રભુજીએ એક પણ શબ્દ એવો નથી વાપર્યો કે જે અનુત્તમ હશે એમને તે ખાઈ જશે અને ઉત્તમને છોડી દેશે, આવું નથી. **''અત્તા ચરાચરગ્રહણાત્''**માં આ કહ્યું છે કે 'સર્વ અત્તિ' બધુંજ કાંઈ તેમાંથી પ્રકટ થયું છે અને બધું જ કાંઈ પ્રલયને સમયે એ આરોગી જનારો છે. આ તેનું પ્રલયકર્તૃત્વનું રૂપ છે. અને પ્રલયકર્તાનું રૂપ ધરવા માટે જે પરમાત્મા આરોગે છે તેને આપણે આરોગવું ન કહીને 'પ્રલય'

કહીશું, પરંતુ માનો કે આ શબ્દને વાપરીએ પણ તો ત્યાં ઉત્તમ–અનુત્તમનો ભય નથી. જ્યારે પ્રલયાત્મક આરોગવું છે તો તે ચરાચર બધાને આરોગી જાય છે.

## (ગૃહની મર્યાદાથી 'ભોક્તા'માં ઉત્તમ કે અનુત્તમ)

અને જે મર્યાદાભક્તિની દષ્ટિથી એટલે, દેવની સામર્થ્યથી જે પ્રભુ આરોગે છે તેનો તો શાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ આવે છે કે દેવ તો કોઈ વસ્તુ આરોગતા જ નથી. માત્ર જુએ છે અને જોવાથી એ આરોગેલું માનવામાં આવે છે. **''ન અશ્નન્તિ, ન પિબન્તિ દષ્ટ્વૈવ તૃપ્યન્તિ''** એક આવો સિદ્ધાંત છે. આપણે પ્રભુની સામે કોઈ વસ્તુ રાખી દીધી અને પ્રભુએ તેના ઉપર દષ્ટિ કરી દીધી, તો એ દષ્ટિ કરી દેવી જ તેમનું આરોગવું છે. કેમકે આપણે ત્યાં પ્રભુને દેવ જેવા તો માન્યા છે. દેવ નહીં દેવાધિદેવ છે. હમણાં તો એ વિવાદ ચાલી રહ્યો છે કે ઠાકોરજીને જે ભેટ આવે છે એ દેવદ્રવ્ય થઈ જાય. તો ઘણા મહાનુભાવ આમ કહે છે કે આપણા ઠાકોરજી તો દેવ જ નથી. જો દેવ જ નથી તો દેવદ્રવ્ય કેવી રીતે થઈ ગયું! મહાપ્રભુજીએ સુબોધિનીજીનો પહેલો શ્લોક આમ લખ્યો છે કે **''વન્દે શ્રીકૃષ્ણદેવમ્''** (ભાગ.સુબો.મંગલાચરણ.૧) તો દેવ નથી એવું નથી. આપણે ત્યાં કૃષ્ણ દેવ પણ છે, પરમાત્મા પણ છે, બ્રહ્મ પણ છે, ભગવાન્ પણ છે અને આપણે ત્યાં કૃષ્ણ કેવળ આટલો જ નથી પરંતુ ઘરનો ઠાકુર પણ છે. અને ઘરનો ઠાકુર હોવાથી તે કોઈ બીજી મર્યાદા પણ સ્વીકારી રહ્યો છે. જ્યારે એ ઘરની મર્યાદા સ્વીકારી રહ્યો છે, એ મર્યાદાની ભૂમિકા ઉપર મહાપ્રભુજી કૃષ્ણદાસજીને આ વાત સમજાવવા માગી રહ્યા છે કે **''ઠાકુરજી ઉત્તમતેં ઉત્તમ વસ્તુકે ભોક્તા હેં''.**

## (ભોક્તાનો પારમાત્મિક પહેલુ)

એ પારમાત્મિક મર્યાદાની વાત નથી કરી રહ્યા. કેમકે પરમાત્માની મર્યાદામાં, પરમાત્માના વર્ણનમાં ઉપનિષદ્માં આ વાત એકદમ સાફ રીતે આવી છે કે **''દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે, તયોઃ એકઃ પીપ્પલં સ્વાદુ અત્તિ અનશ્નન્ અન્યો અભિચાકશીતિ''** (મુંડક.ઉપ.૩/૧/૧) એક વૃક્ષ ઉપર બે પક્ષી બેઠેલા છે. એક પક્ષી એવું છે કે

તે વૃક્ષના ફળનો સ્વાદ લે છે અને બીજું પક્ષી આ ફળનો સ્વાદ ન લઈને પહેલા પક્ષીને ફળ ખાતો જોવાનો સ્વાદ લે છે. એટલે કોઈ દુનિયાને જુએ છે અને કોઈ દુનિયાને જોવાવાળી દષ્ટિને જુએ છે. એમ કોઈ દુનિયાને સાંભળે છે અને કોઈ દુનિયાને સાંભળવવાવાળાના કાનને સાંભળવા માગે છે કે શું સાંભળી રહ્યો છે. કોઈ દુનિયાને માને છે અને કોઈ દુનિયાને માનવાવાળા મનને માને છે. આથીજ પરમાત્મા મનને માને છે, પરમાત્મા વિષયને નથી માનતો.

આટલા માટે જે વખતે પારમાત્મિક વિચાર કરવામાં આવે છે, તે વખતે મનનું પ્રાધાન્ય શા માટે છે, તે વખતે વિષયનું પ્રાધાન્ય શા માટે નથી? તેનું કારણ સમજો. કેમકે પરમાત્મા વિષયભોગ નથી કરતો. પરમાત્મા તો કેવળ મનનો ભોગ કરે છે. આપણે ત્યાં પણ જે વખતે આ વાત કહેવામાં આવે છે કે ભગવાન્ તો ભાવના ભૂખ્યા છે તે વખતે બીજી વાત બતાવવામાં આવી રહી છે. તે વખતે ઘરના ઠાકોરજી હોવાની વાત નથી બતાવવામાં આવી રહી. વિષયનો ભોગ કરતા જ નથી ઠાકોરજી. એ તો તમારા ભાવનો ભોગ કરે છે. એ પારમાત્મિક દષ્ટિ છે. એને વિષયભોગ શું કરવો છે! વિષયનો ભોગ તો તમે ભોગવી રહ્યા છો. એ વિષયને ભોગવવામાં તમારો ભાવ શું છે? એ ભાવને ભગવાન્ ભોગવે છે. આ તેની પારમાત્મિક દષ્ટિ છે, તે એનો પારમાત્મિક પહેલુ છે. આપણે તેને ભોગ ધરી રહ્યા છીએ. એ ભોગને પરમાત્મા નથી ભોગવતા પરંતુ એ ભોગને ધરતી વખતે તમારો ભાવ શું છે તેને ભોગવે છે, પારમાત્મિક પહેલુથી.

પરંતુ આપણા ઘરમાં આપણો ઠાકુર કેવળ પરમાત્મરૂપથી નથી બિરાજી રહ્યો. પરમાત્માના રૂપમાં તો જેમ **"યઃ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્ ભૂતેભ્યો અન્તરો યં સર્વાણિ ભૂતાનિ ન વિદુઃ યસ્ય સર્વાણિ ભૂતાનિ શરીરમ્, યઃ સર્વાણિ ભૂતાનિ અન્તરો યમયતિ, એષ તે આત્મા અન્તર્યામી અમૃતઃ"** (બૃહદા.ઉપ.૩/૭/૧૫) એમ કહેવામં આવી રહ્યું છે. જે બધાની ભીતર, બધામાં રહીને બધાના ભાવનો ભોગ કરી રહ્યો છે, તેને 'પરમાત્મા' કહેવામાં આવે છે. કોઈ પણ દેહની ભીતર રહેલા વિષયના સુખ-દુઃખને પરમાત્મા નથી ભોગવતો. દેહમાં રહીને દેહની ઈન્દ્રિયના દ્વારા વિષયના સુખ-દુઃખને તો આપણી જીવાત્મા ભોગવે છે. દેહમાં આપણી જીવાત્મા રહે છે. અને આપણી

ઇન્દ્રિયોથી જે સુખ-દુઃખ થઇ રહ્યા છે, એને તો જીવાત્મા જ ભોગવે છે. પરમાત્મા નથી ભોગવતો. પરમાત્મા આ દેહમાં બિરાજતો હોય, આ સુખ-દુઃખને ભોગવતા જીવાત્માનો ભાવ શું છે, કેવી રીતે આ સુખ-દુઃખને જીવાત્મા ભોગવી રહ્યો છે, આ ભાવને ભોગવે છે. હવે આ વાત આખી બદલાઇ ગઇ.

જેમ ભગવાન્ ગીતામાં સ્થિતપ્રજ્ઞના વર્ણનમાં આ વાતને સમજાવે છે કે **''દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ, વીતરાગ-ભય-ક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે''** (ભગ.ગીતા.૨/૫૬) એ સ્થિતપ્રજ્ઞતામાં તમે સુખ-દુઃખને ભોગવી રહ્યા છો. જેમ કોઇ સ્થિતપ્રજ્ઞ થઇ ગયો. ઠંડી હવા મળી, ચાહે તે ઠંડા જલથી ન્હાઇને, એરકંડિશનથી, પંખાથી, કોઇનાથી મળી, શું તેનું સુખ નહીં થાય! ધોમધખતો તાપ પડી ગયો તો શું દુઃખ નહીં થાય? થશે. પરંતુ એ સુખ અને દુઃખ ને ભોગવવામાં આપણો ભાવ શું છે? આ વાતને ધ્યાનથી સમજશો તો ખ્યાલ આવશે.

આપણે ત્યાં કિશનગઢના રાજા મદનસિંહજી હતા. એમના વિષયમાં મેં એક વાત સાંભળી કે તેઓ ઇંગ્લેંડમાં પોલો રમવા ગયા. રમતા-રમતા ઘોડા ઉપરથી પડી ગયા. પગનું હાડકું તુટી ગયું. એ જમાનામાં ઑપરેશનની શરૂઆત થઇ હતી. ત્યાંના લોકોએ ઑપરેશનની તૈયારી કરીને એમને બેભાન કરવા લાગ્યા. તો એમણે કહ્યું કે ''હું કાંઇ વાણિયો છું? કરો ઑપરેશન'' બેભાન કર્યા વગર એમણે પોતાનું ઑપરેશન કરાવ્યું. શું એમનો પત્થરનો પગ હતો? પગ તો એમનો પણ હાડ-માંસનો જ હતો. પરંતુ એક ક્ષાત્રવૃત્તિ હતી કે અમે વાણિયા નથી, પગ કપાય તો અમને તેને સહન કરવાની તાકાત છે. જુઓ, દુઃખ તો છે જ. એવું નથી કે જ્યારે એમનો પગ કાપ્યો હશે તો દુખ્યો નહીં હોય. પગ કપાશે તો બધાને દુઃખશે. ભલે તે ક્ષત્રીય હોય કે મહાક્ષત્રીય હોય. પરંતુ એ દુઃખને કેવી રીતે માણસ સહન કરી રહ્યો છે! મજા આની છે.

હમણાં કેટલાક સમય પહેલા મેં એક બહુ સુંદર કથા વાંચી. એક અમેરીકન બાઇ એક જંગલી હાથીનું આફ્રિકામાં અધ્યયન કરવા ગઇ. એણે ખુબ અધ્યયન કર્યું કે જંગલમાં હાથી કેવી રીત ખાય, કેવી રીતે રહે, શું કરે? કરતા-કરતા તેને એક હાથી સાથે એવો સ્નેહ થઇ ગયો અને તેની એટલી પાસે

ચાલી ગઈ કે એ હાથીએ તેને ઉપાડીને પછાડીને તેની બધી પાંસળીઓ તોડી નાખી. એને ઈલાજ કરાવવો પડ્યો. ચાર-પાંચ મહીનામાં જ્યારે તે સારી થઈ ગઈ ત્યારે તેણે કહ્યું કે મને પાછી એજ હાથીની પાસે મુકી આવો. લોકોએ કહ્યું કે ''આટલું એ હાથીએ કર્યું છતાં કેમ જાઓ છો!'' ત્યારે તેણે કહ્યું કે ''એમાં હાથીની આટલું નજીક મારે જવું નહોતું જોઈતું'' જુઓ! એણે હાથીએ કરેલાને ખરાબ ન લગાડ્યું. આટલો હાથીએ તેની સાથે અત્યાચાર કર્યો છતાં પણ કેમકે તેને હાથી પ્રિય હતો. જેમ એક બાળક રાતના બહુજ ટેં-ટેં કરીને રોવે પરંતુ માને એનું ખરાબ નથી લાગતું. બિલકુલ માતૃવાત્સલ્ય એને હાથી પર આવી ગયું. એણે કહ્યું કે ''હાથીની આમાં શું ગલતી હતી! હું હાથીની વધારે નજીક ચાલી ગઈ, જેટલું મારે જવું નહોતું જોઈતું'' હવે જુઓ હાથીએ એને સૂંઢથી ઉપાડી, જમીન ઉપર પછાડી અને પગ રાખીને એની પાંસળીઓ તોડી નાખી. તેને દુઃખ તો થયું જ હશે. પરંતુ પ્રશ્ન એ છે કે એ તે દુઃખને લ્યે છે કેવી રીતે આ વાતને ભગવાન્ ભોગવે છે. સુખ-દુઃખને ભગવાન્ નથી ભોગવતા. પરંતુ આ સુખ-દુઃખને તમે લઈ કેવી રીતે રહ્યા છો, આ વાતને તે ભોગવે છે. **''દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે, તયોઃ એકઃ પીપ્પલં સ્વાદવત્તિ અનશ્નન્ અન્યો અભિચાકશીતિ''** લાળ ટપકાવી ટપકાવીને આ દેહમાં રહેલા વિષયોના સ્વાદ લે છે અને બીજો કેવળ તેને જોઈને તેની મજા લઈ રહ્યો છે.

જેમ આપણા ઘરમાં પણ કોઈ એક ખાનારૂં હોય કોઈ પીરસવાવાળું હોય. પીરસવાવાળાને શું ખાવાની મજા આવે? પીરસવાવાળાને તો ખાવાવાળાને જોવાની મજા આવતી હોય છે. એમ પરમાત્મા પણ તમને સુખ-દુઃખ પીરસી રહ્યો છે. તેને આની મજા આવે છે કે તમે એ સુખ-દુઃખોને કેવી રીતે ખાઈ રહ્યા છો! મોટાભાગે પીરસવાવાળો, ખાવાવાળાને પૂછે છે કે તમને આ વસ્તુ સારી લાગી કે નહીં, તે વસ્તુ સારી લાગી કે નહીં? દાળ સારી લાગી કે લાડવો સારો લાગ્યો? કેમકે જ્યારે એ પીરસી રહ્યો છે તો તેને જાણવાની ઈચ્છા થાય છે કે મેં તમારા મનની વસ્તુ પીરસી કે નહીં? એવી જ રીતે પરમાત્માના રૂપમાં ભગવાન્ આપણને પૂછે છે કે બતાવ દુઃખમાં મજા આવી કે સુખમાં? તને દુઃખના મરચાનો સ્વાદ સારો લાગ્યો કે સુખના લાડુ

સારા લાગ્યા? શું સારૂં લાગ્યું તને? સુખ અને દુઃખ નું ચક્કર તને સારૂં લાગ્યું? આ બધી વાતોને પરમાત્મા ભોગવે છે. આથી જ આપણે ત્યાં આમ કહેવામાં આવે છે કે પરમાત્મા અથવા ભગવાન્ વિષયનો ભોક્તા નથી પરંતુ ભાવનો ભોક્તા છે. હવે આપણે ઠાકોરજીને એમ કહીએ કે તમે તો ભાવના જ ભોક્તા છો, સામગ્રીના ભોક્તા ક્યાં છો! તમને શું ભોગ ધરીએ? બિરાજ્યા રહો સિંહાસન ઉપર. તો જુઓ પતી ગઈ ને વાત! હવે પત્ની ઘરમાં આવી જાય તો તેને પણ કહો કે તું તો મારા ભાવની ભોક્ત્રી છે, તને શું સાડી ઘરેણા આપું? એ પણ બે-ચાર દિવસ રહીને પીયર ભાગી જશે. ક્યાં-સુધી ભાવ ઉપર બેસી રહેશે! અને ક્યારેક સામું એણે કહી દીધું કે તમે તો મારા ભાવના ભૂખ્યા છો. હે પતિ પરમેશ્વર, તમને શું રોટી ખવડાવું! તો પતી ગઈ ને વાત! પ્રભુ ભાવના ભોક્તા છે, આ એક પહેલુથી કહેવામાં આવતી વાત છે. એ બ્રહ્મના પહેલુથી કહેવામાં આવતી વાત નથી કેમકે બ્રહ્મ તો ભાવ-અભાવ બધી વસ્તુઓનો ભોક્તા છે. તમને ભાવ હોય તેનો પણ ભોક્તા છે અને અભાવ હોય તેનો પણ ભોક્તા છે. કેમકે એ તો **''અત્તા ચરાચરગ્રહણાત્''** છે. પરંતુ પરમાત્મા ભાવનો ભોક્તા છે, વિષયનો ભોક્તા નથી.

## (મર્યાદામાં ભગવાનનું ભોક્તાપણું દૃષ્ટિથી)

ભગવાન્ દૃષ્ટિનો ભોક્તા છે. એ જુએ છે કે તમે પૂજા સરખી વિધિથી કરી કે નહીં. જો તમે સરખીરીતે પૂજાની વિધિ કરી તો એ દૃષ્ટિ કરીને આરોગશે. અને તમે પૂજા વિધિમાં ગડબડ કરી તો એ જોશે પણ નહીં. કેમકે તમે પોતે જ ગડબડ કરી રહ્યા છો, તો એને શું ગરજ છે ભોક્તા બનવાની! એ મર્યાદાની વાત છે.

## (ભક્તાધીન ભાવથી કૃષ્ણનું ભોક્તાપણું)

પરંતુ કૃષ્ણના પહેલુથી, આપણે કૃષ્ણની કથા સરખી રીતે જાણીએ છીએ કે **''બ્રહ્મમેં ઢૂંઢ્યો, પુરાનન ગાયન, વેદ ઋચ્યા સુનિ ચોગુને ચાયન, દેખ્યો સુન્યો કબહૂં ન કિતે ધોં, વો બેઠ્યો પલોટત રાધિકા પાયન''**. અને **''શેષ મહેષ દિનેશ સુરેશ ગનેશ હૂ જાહિ નિરંતર ગાવે, જાહિ અનાદિ અખંડ અનંત અભેદ અછેદ સુ વેદ બતાવે. નારદસે શુક વ્યાસ રચે પચિહારે, તોઉ**

**પુનિ પાર ન પાવેં, તાહિ અહીરકી છોહરિયા છછિયા ભર છાછપે નાચ નચાવેં''** જુઓ! આખી વાત બદલાઈ ગઈ છે. હવે એ ભાવનો ભોક્તા નથી રહી ગયો. છછિયા ભર છાછપે નાચવાવાળું રૂપ થઈ ગયું. એ ગોપીએ કહ્યું કે તું નાચીને બતાવ તો છાશ આપીશ. કૃષ્ણએ કહ્યું કે ચાલ તું મને વધારે નહીં થોડીક છાશ આપશે તો હું નાચવા તૈયાર છું. આ વાત ન હતી કે એમના ઘરે છાશ ન હતી. નંદરાયજીને ઘેર કેટલી ગાયો હતી! એના ઘરે છાશની ખોટ તો ન હતી. પરંતુ ગોપીએ કહ્યું કે છાશ આપીશ, તું નાચીને બતાવ. તો કૃષ્ણ કાંઈ થોડો છાશમાટે પણ નાચવા તૈયાર છે. આવો ભક્તપરાધીનરૂપ કૃષ્ણ પ્રકટ થયો. આટલા માટેજ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **''કૃષ્ણાધીનાતુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે''** (ત.દી.નિ.૩/૫/૨૬) જ્યારે ભક્તને પરાધીનરૂપ પરમાત્માનું પ્રકટ થાય છે તો એ પુષ્ટિરૂપ થઈ જાય છે. એક વાત એ હતી કે જે છછિયા ભર છાછ દેતી હતી તેને માટે કૃષ્ણ નાચ્યા. એવું જ નથી કે છાશ ન આપતી હતી પોતાનું માખણ છૂપાવીને રાખતી હતી તેના ઘરે ચોરીને પણ કૃષ્ણએ માખણ ખાધું.

હવે આપણે આ કથાને અર્જુનની ગીતાની જેમ એમ સમજી જઈએ કે ભગવાનને તો ચોરી કરીને પણ ભોગ ધરી શકાય છે. તો બધા પુષ્ટિમાર્ગીય એક-બીજાને ઘેર ચોરી કરવા પહોંચી જાય. એ પૂછે કે ''કેમ આવ્યા'' તો કહે કે ''ભગવાનને ભોગ ધરવો છે'' શું આપણે ચોરી કરીને ભગવાનને ભોગ ધરશું? તો કહે કે અમારા ભગવાનને આદત છે ચોરી કરીને ખાવાની. બિચારા મહાપ્રભુજીએ તો કૃષ્ણના એ પહેલુને સેવામાં નથી પધરાવ્યો.

### (ગૃહઠાકુરની દષ્ટિથી ભોક્તાપણું)

એ સ્વરૂપ સેવામાં પધરાવ્યું છે જે બ્રહ્મસંબંધના આત્મસમર્પણની ક્રિયાથી શરૂ થઈ રહ્યો છે. ''જો તિહારી સત્તાકો હે વાકુ ભોગ કરવેકુ તિહારે ઘર પધાર રહ્યો હૂઁ'' જે તમારી સત્તાનું નથી તેનો જો તમે ભોગ ધરી રહ્યા છો, તો તમારો ઠાકોરજી આરોગી નથી રહ્યો. આ વાતને ધ્યાનથી સમજશો તો વાત સમજમાં આવશે કે ઉત્તમ શું અને અનુત્તમ શું? વાર્તા વાંચશો તો ખ્યાલ આવશે કે જે જીવના ઘરે ઠાકોરજી બિરાજી રહ્યા છે અને તેની સત્તાનો જો તે ભોગ ધરી રહ્યો છે, જો તે છપ્પનભોગ હોય તો પણ ચાલશે અને છોલા હોય

તો પણ ચાલશે, એને પ્રભુ ઉત્તમ માની રહ્યા છે.

### (ગૃહઠાકુર અન્યની સત્તાનો ભોગ નથી કરતા)

જો કોઈ બીજાના ખીસ્સામાં હાથ નાખીને ભોગ ધરી રહ્યો છે, એ તો ઘણી જઘન્ય વાત છે. એ કાંઈ સારી વાત નથી. ઠાકોરજીની સેવા તારે ત્યાં બિરાજી રહી છે અને તું બીજાના ખીસામાં શા માટે હાથ નાખે છે! બીજાની સામે શા માટે ઝોળી ફેલાવે છે, તો કહે કે ''ઠાકોરજીને ભોગ ધરવો છે લાવો પૈસા લાવો પૈસા''. આ ભિખારીવેડા છે. ઠાકોરજીના નામઉપર ભીખ માગવામાટે શું ઠાકોરજી આપણે માથે બિરાજે છે કે તમે દુનિયાભરમાં ભીખ માગીને ઠાકોરજીનું અપમાન કરાવો છો? આટલા માટે ઠાકોરજી તમારા ઘરમાં બિરાજે છે? જ્યારે પણ તમે ઠાકોરજીના નામની ભીખ માગી રહ્યા છો, સમજી લો કે તમારા ઘરે ઠાકોરજી બિરાજી જ નથી રહ્યો. આ વાત તમે નિશ્ચિત સમજી જાઓ. જ્યારે પણ તમે ઠાકોરજીના નામની ભીખ માગી તો તમે ઠાકોરજીને એક ભિક્ષાપાત્ર બનાવી દીધા કહેવાશે. એ ઠાકોરજી જ નહીં રહી જાય. દયારામભાઈ કહે છે કે ''પારસમણિનું પાત્ર લઈ હાથમાં ઘેર ઘેર ભિક્ષા માગે'' પારસમણિનું પાત્ર હાથમાં છે અને તેને લઈને ભીખ માગવા જઈ રહ્યા છો કે લાઓ પૈસા. આજે ભાગવતસપ્તાહ કરવી છે, આજે ઠાકોરજીનો મનોરથ છે, આજે અન્નકૂટ છે, લાઓ પૈસા લાઓ ફાળો. અરે પારસમણિને લઈને ભીખ માગી રહ્યા છો! કેવી દુર્ગતિ ઠાકોરજીની!! તમારામાં સ્વાભિમાન હોવું જોઈએ કે જે તમારી સત્તાનું છે, તેને આરોગવા માટે પ્રભુ તમારા ઘરનો ઠાકુર થયો છે.

એક છોકરી જ્યારે પરણે છે તો આ સ્વાભિમાન રાખે છે કે મારો પતિ જે કમાઈને લાવશે, તેના કપડા હું પહેરીશ. અરે તેનાથી પણ શું તમારો ઠાકુર ગયો બિત્યો છે કે ગામમાં એના નામની ભીખ માગો અને ફાળો ભેગો કરો. શરમ નથી આવતી તમને? પરંતુ આપણને શરમ ન આવી. કેમકે આપણે નાલાયક પુષ્ટિમાર્ગીય છીએ. ઠાકોરજીના નામે આપણે ભીખ માગીએ છીએ. ઉત્તમ વસ્તુનું ભોક્તૃત્વ ઠાકોરજીનું છે, એ આપણે ભૂલાવી દીધું.

### (ગૃહઠાકુર તો આપણી સત્તાનો ભોક્તા)

ઉત્તમ વસ્તુ એજ છે કે જે આપણી સત્તાની હોય. આથીજ

મહાપ્રભુજીએ સર્વનિર્ણયમાં આજ્ઞા કરી **''યદ્યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ યેન સ્યાન્ નિર્વૃતિઃ ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્''** (ત.દી.નિ.૨/૨૩૬) જે તમને સારૂં લાગે છે, જે તમે નીતિથી કમાયા છો, જે તમારૂં છે અને જેના દ્વારા તમે ઠાકોરજીની સેવા કરી રહ્યા છો, જે ભાવથી ઠાકોરજીની સેવા કરી રહ્યા છો, જે ભાવથી સેવા કરીને તમારો ભાવ વધી રહ્યો છે, એ વસ્તુઓને ઉત્તમ કહેવામાં આવી છે. એ ઉત્તમ વસ્તુઓનો ઠાકોરજી ઉપભોગ કરે છે. એ વાતને મહાપ્રભુજી અહીં કહી રહ્યા છે કે **''ઠાકુરજી ઉત્તમતેં ઉત્તમ વસ્તુકે ભોક્તા હેં''** જો આપણે ઉત્તમ વસ્તુનો અર્થ આ કરીએ કે ઠાકોરજી છપ્પનભોગના જ ભોક્તા છે, છોલાના ભોક્તા નથી કેમકે છોલા તો બહુ સસ્તી વસ્તુ છે. તો તમે મથુરાધીશજીનો ભાવ સમજી નથી શક્યા કે મથુરાધીશજી કયા ભાવથી પદ્મનાભદાસજીના ઘરે બિરાજ્યા હતા, એમને છપ્પનભોગ ઉત્તમ નથી લાગી રહ્યો. આપણે એ ભગવદીય, ગદાધરદાસજીનો ભાવ નથી સમજી રહ્યા કે જેને એક જલની ઝારી સારી લાગી રહી છે કે બીજી વસ્તુ સારી નથી લાગી રહી. આ ભાવ આપણે સમજ્યા નહીં.

અમારે ત્યાં એક ભાઈએ એમ કહ્યું કે ''ઓહો, પુષ્ટિમાર્ગમાં તો કેસર કસ્તુરી બદામ પિસ્તા ના ભોગ ધરવામાં આવે છે.'' ભાઈ આ બધું ઠીક છે પરંતુ જો આ બધું ભીખ માગીને લાવવું પડતું હોય તો ઠાકોરજી તેનો ભોગ કરતા જ નથી. કેમકે પછી તે ઉત્તમ વસ્તુ ન રહી ગઈ. એ તો જઘન્ય થઈ ગઈ. **''યેન સ્યાન્ નિર્વૃત્તિશ્ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્''** એ નિર્વૃત્તિ ન રહી ગઈ. એ તો ભિક્ષાવૃત્તિ થઈ ગઈ. એ ભિક્ષાના પ્રભુ ભોક્તા નથી. સમજો કે આપણે કોઈના ઘરે જઈએ અને કોઈ આપણી સાથે એવો વ્યવહાર કરે તો? મેં એક ટુચકો વાંચ્યો હતો. કોઈનો દોસ્ત લોભી હતો. તેના દોસ્તો તેને કહેતા હતા કે ક્યારેક તો અમને જમાડ. કોઈક દિવસે તો અમને જમવા માટે બોલાવ. બધાને ખબર હતી કે લોભી છે કોઈ દિવસ જમાડશે જ નહીં. એક દિવસ એણે જમવા માટે બધાને આમંત્રિત કર્યા. જ્યારે બધા ભેળા થઈ ગયા તો એના જૂતા ઉપાડીને વેંચી આવ્યો અને રૅસ્ટૉરામાંથી ખાવાના પકોડા લાવીને બધાને ખવડાવી દીધા. બધા લોકો વખાણ કરવા લાગ્યા ત્યારે તેણે અમારા ગુસાંઇ બાલકોના જેવો દૈન્યભાવ વળી પ્રકટ કરી દીધો કે ''મારૂં શું સામર્થ્ય? બધી

તમારી કૃપા છે.''

વાત તો બહુ સાચી છે કે આપના ચરણોની મહિમા છે. આપના ચરણની મહિમાથી જ અમે આપને ખવડાવી શકીએ છીએ. પરંતુ આવી કારસ્તાની તો સારી નથી.

આ પ્રકારની ઠગાઇ શ્રીઠાકોરજીની સાથે થઇ ન શકે. ઓછામાં ઓછું પુષ્ટિમાર્ગમાં તો થઇ ન શકે. બીજા માર્ગોમાં હોય તો પણ પુષ્ટિમાર્ગમાં આ વાતની મહાપ્રભુજીએ સંમતિ નથી આપી. મહાપ્રભુજીનો સ્પષ્ટ અભિપ્રાય છે કે પ્રભુ ઉત્તમ માં ઉત્તમ વસ્તુના ભોક્તા છે અને ઉત્તમ વસ્તુ શું છે? જે આપણી સત્તાનું શ્રીઠાકોરજીને ભોગ ધરી રહ્યા છીએ. કેમ ઉત્તમ છે તે? કેમકે બ્રહ્મસંબંધ લેતી વખતે તમે ઠાકોરજીની સામે આ પ્રતિજ્ઞા કરી છે કે જે મારી પાસે છે, તે બધું મારા પ્રભુના માટે છે. તો એ આત્મનિવેદનની વાણી ગોરસ છે જેના પ્રભુ ભોક્તા છે. આથી તેને પ્રભુ ઉત્તમ માની રહ્યા છે.

કાલે તો આપણે કહેશું કે તાજમહાલ બહુ ઉત્તમ છે તો ઠાકોરજીને ત્યાં પધરાવો. અરે એ કબ્રસ્તાન છે, ઘર નથી. ઉત્તમ તો છે તાજમહાલ પરંતુ ઉત્તમ કબ્રસ્તાન છે, ઉત્તમ ઘર નથી. પરંતુ આપણે કહીએ કે ઠાકુરજીતો ઉત્તમ વસ્તુના ભોક્તા છે. હું તો છપ્પનભોગનો મનોરથ તાજમહાલમાં જઇને કરાવીશ. અરે! ત્યાં છપ્પનભોગ કરાવીને શું ફાયદો છે, એ તો કબ્રસ્તાન છે. તમારી ઘરની ઝૂંપડીમાં ઠાકોરજી વધારે પ્રસન્ન છે. તાજમહાલમાં પ્રસન્ન નથી. કેમ? કેમકે તમારા ઘરની ઝૂંપડી તમારી પોતાની છે. અને તમે બ્રહ્મસંબંધ લેતી વખતે આ વાત કહી છે કે ''જે કાંઇ મારી પાસે છે તે હું આપને સમર્પણ કરી રહ્યો છું. દારા આગાર વિત્ત પુત્ર આપ્ત જે કાંઇ મારી પાસે છે એ હું તારી સેવાને માટે હાજર કરી રહ્યો છું''. તેને પ્રભુ 'ઉત્તમ' માની રહ્યા છે. ''પ્રભુ ઉત્તમતેં ઉત્તમ વસ્તુકે ભોક્તા હેં'' આપણા ઘરના ઠાકુરને માટે કહેવામાં આવતી વાત છે. આ ભગવાનને માટે, કૃષ્ણને માટે, પરમાત્માને માટે, બ્રહ્મને માટે કહેવામાં આવતી વાત નથી. આ તો બધાએ નાટક ફેલાવી દીધું. સમજો કે આપણે છપ્પનભોગ ધરીએ અને ખરેખર ઠાકોરજી આરોગી જાય તો એક માણસ પણ છપ્પનભોગ નહીં ધરે. બધા કહેશે કે અરે ભાઇ! ઘોર કલિયુગ આવી ગયો. ઠાકોરજી આરોગી જઇ રહ્યા છે. એ તો એમજ રહે છે એટલા માટે

છપ્પનભોગ ધરે છે. કેમકે તેના પછી પ્રસાદ પણ વેંચાય છે. લેતી વખતે પણ ભિખારીવેડા અને પ્રસાદમાં પણ પાછો કમાણીનો ધંધો. ખરેખર એક દિવસ કૃપા કરીને ઠાકોરજી બધું આરોગી જાય અને પછી બીજા દિવસે કોઈ છપ્પનભોગ ધરે તો હું જાણું. કોઈ નહીં ધરે પછી તો આ એક અલગ કથા છે અને એ કોઈ અલગ કથા છે.

## (પોતાના સમર્પણના ભાવના પ્રભુ ભોક્તા)

મહાપ્રભુજી જે ઉત્તમમાં ઉત્તમ વસ્તુના ભોક્તા પ્રભુને બતાવી રહ્યા છે એ તમારા સમર્પણના ભાવને બતાવી રહ્યા છે કે જે તમે પ્રભુને સમર્પિત કરો, જે તમારૂં પોતાનું છે એજ તમે સમર્પિત કરી શકો છો. જે તમારૂં નથી, તેના સમર્પણનો કોઈ પ્રશ્ન જ નથી ઉભો થતો. એટલા માટે મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"'ગોરસ' શબ્દેન વાણી કહિયત હે"** કઈ વાણી યાદ કરો 'સહસ્ર'થી લઈને 'તવાસ્મિ' સુધીની જે વાણી છે. એ વાણીથી જ્યારે આપણે શ્રીઠાકોરજીને સમર્પિત કરીએ કે "હું બીજું શું કરી શકું છું" આપણે ત્યાં ગોપેશ્વરજીએ બહુ સુંદર બતાવ્યું છે કે "ભોગ ધરતી વખતે એમ કહેવામાં આવે કે ગોપીઓને ત્યાં તો તમે ચોરીને આરોગતા હતા. તો મેં તો આપની સન્મુખ ધર્યું છે તો કેમ આપ નહીં આરોગો" આવી વાણી આ ગોરસ છે. 'ગો' એટલે વાણી અને વાણીનો આ રસ. જેમ માં પોતાના બાળકને કાલાવાલા કરીને ખવડાવે. કીર્તન વાંચશો તો તેમાં આવે છે કે "કર મનુહાર લિવાઈ" યશોદાજી જેમ ઠાકોરજીને મનુહાર કરીને ખવડાવતા હતા. એમ ભોગ ધરવામાં જે મનુહારનો ભાવ છે. જેને આપણે ત્યાં 'કાનિ' કહેવામાં આવે છે કે શ્રીનંદ-યશોદાજીની કાનિથી, મહાપ્રભુજીની કાનિથી, જે ભક્તો ઉપર આપને ભાવ હોય એ ભક્તોની કાનિથી પ્રભુ આપ આરોગો. એ ભાવથી જ્યારે આપણે મનુહાર કરીને લેવડાવી રહ્યા છીએ, એ વસ્તુમાં ઉત્તમતા પ્રકટ થઈ રહી છે. એ આપણો સમર્પણનો ભાવ છે. પરંતુ એ સમર્પણનો આહંકારિક ભાવ નથી. સમર્પણ દ્વારા દૈન્યવાળો ભાવ છે કે તમે તમારૂં સમર્પણ કરી રહ્યા છો પરંતુ આ અહંકારની સાથે નહીં કે હું કરી રહ્યો છું, આ એક અહંકારનો ભાવ છે અને તું લઈ રહ્યો છે આ એક સમર્પણનો ભાવ છે, સ્નેહનો ભાવ છે.

સમર્પણ અને તેના પછી બીજી વાત આવી રહી છે સ્નેહની. સમર્પણની

સાથે જ્યારે સ્નેહ જોડાશે તો એ ગોરસ પ્રકટ થઈ જશે. અને એ ''ગોરસ જો હે વો ઉત્તમતેં ઉત્તમ વસ્તુ હે તાકો ભાવ અનિવર્ચનીય હે ઔર સબન્‌તેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે'' જે વખતે પ્રભુને નિવેદન કરી રહ્યા છીએ કે પ્રભુ આપ આરોગો. એ ભાવથી જે વખતે આપણે મનુહાર કરી રહ્યા છીએ, તો પ્રભુ નિશ્ચિત આરોગે છે. **''અદ્ધા તદ્‌ ગોપિકેશઃ સ્વવદનકમલે ચારુહાસે કરોતિ''** (શ્રીવલ્લભાષ્ટકમ્-૪) આ વાત શ્રીગુસાંઈજી આપણને સમજાવે છે. આ કૃષ્ણદાસજીની વાર્તાના વચનામૃતમાં મહાપ્રભુએ આપણને આ સમજાવ્યું. આજે આપણે આ ભાગ કર્યો. બીજો ભાગ વચનામૃતનો આપણે કાલે કરીશું.

## (સિંહાવલોકન)

કૃષ્ણદાસમેઘનજીની વાર્તાના અંતર્ગત મહાપ્રભુજીનું ત્રીજું વચનામૃત આપણે કાલે કરી રહ્યા હતા. તેમાં મહાપ્રભુજી આ આજ્ઞા કરે છે કે **''શ્રીઠાકુરજી ઉત્તમતેં ઉત્તમ વસ્તુકે ભોક્તા હેં. પરંતુ 'ગોરસ' શબ્દેન વાણી કહિયત હે. ઔર સબન્‌તેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે. તાતેં 'ભક્તવત્સલ' કહાવત હેં.''**

કાલે આપણે પ્રભુના ભોગના ઘણા પહેલુઓનો વિચાર કર્યો હતો. બ્રહ્મ પરમાત્મા ભગવાન્ કૃષ્ણ અને ઘરનો ઠાકુર. અને તેના અંતર્ગત આપણે એ જોયું કે શ્રીકૃષ્ણને ગોરસ પ્રિય છે. એક અર્થમાં, ''ગોરસ પ્રિય છે'' જેને આપણે રસખાનજીના સવૈયાથી અવગાહન કર્યું હતું કે ''તાહિ અહીરકી છોહરિયા છછિયા ભર છાછપે નાચ નચાવે'' પરંતુ ઘરના ઠાકુરના રૂપમાં એ કૃષ્ણ પ્રકટ થયો ત્યારે મહાપ્રભુજીએ એ ગોરસને(નવનીતને) અતિપ્રિય નથી માન્યું. આ વાતનો મહાપ્રભુજીએ આગળ ખુલાસો કરી દીધો છે કે **'''ગોરસ' શબ્દેન વાણી કહિયત હે''** આ વાત બહુ સમજવાની છે. એટલા માટે માત્ર નહીં કે મહાપ્રભુજીને આપણે વાણીના પતિ માનીએ છીએ. પરંતુ આપણે ત્યાંનો સેવાનો જે પ્રકાર છે તે સમર્પણ અને સ્નેહ ઉપર આધારિત પ્રકાર છે. સમર્પણ અને સ્નેહ અને તેની ભાવના. આપણે ત્યાં મુખ્યતયા ત્રણ પ્રકારની ભાવનાઓનો ઉપદેશ આવ્યો છે. સ્વરૂપભાવના, લીલાભાવના અને ભાવભાવના. ભાવનાનો સેવામાં રોલ શું છે?

## (બ્રહ્મસંબંધની ગરિમા અને તેની સાથે થતો દુર્વ્યવહાર)

સમર્પણનો બહુ મહત્ત્વપૂર્ણ રોલ છે. જેમ મેં તમને બતાવ્યું કે એ ગોરસરૂપ છે. વાણીનો રસ તેમાં પ્રકટ થઈ રહ્યો છે. આ વાત મેં તમને શિવાજી અને શિવાજીની માતા ની કથાના દ્વારા પણ સમજાવી હતી. શિવાજીની માતા શિવાજીને સૂતિ વખતે આ પ્રકારથી થપકાવતી હતી. એ થપકાવવામાં એણે શિવાજીની ભીતર એ ભાવ ભર્યા હતા. દરેક માતા પોતાના બાળકને જે પ્રકારથી થપથપાવે, સુવડાવે, હાલરડા ગાય, તે વખતે તે શું ગાઈ રહી છે તેનાથી બાળકનું માનસ આખું ઘડવામાં આવે છે. આપણને ખબર ન પડે. ગુરૂની પાસે આપણે સીખવા જઈએ તો આપણને ખબર પડે કે એ દિવસે ગુરૂએ આ વાત સિખવાડી, બીજે દિવસે તે વાત સિખવાડી. પરંતુ માતાના સિખવવાની તારીખ નથી હોતી. એ કોઈ દીક્ષાથી નથી સિખવાડતી. પરંતુ આપણી સંસ્કૃતિની વાત તમે વિચારશો તો તમને ખ્યાલ આવશે કે બાળક જ્યારે ગર્ભમાં હોય છે, તે વખતે માતા જે પ્રકારની ભાવના, જે પ્રકારના વિચાર સાંભળે છે તેનો પ્રભાવ બાળક ઉપર પડે છે. જેનું ઉદાહરણ આપણે ત્યાં અભિમન્યુને માનવામાં આવે છે. અભિમન્યુએ ઉત્તરાના ગર્ભમાં ચક્રવ્યૂહનું ભેદન સાંભળ્યું હતું અને તેને જન્મથી જ એ ચક્રવ્યૂહનું ભેદન આવડતું હતું. આવી ઘણી વાતો છે કે જે બાળકને આવડે છે. આપણને આશ્ચર્ય થાય કે આ વાત બાળકને કેવીરીતે ખબર પડી ગઈ! પરંતુ બાળકને ગર્ભમાં પણ થોડુંક જ્ઞાન થઈ જાય છે, આ વાત હવે થોડાઘણા અંશમાં વૈજ્ઞાનિકો પણ કબૂલ કરવા લાગ્યા છે. માં જે બાળકને સિખવાડે છે તેની તારીખ નથી હોતી. એની ડાયરી પણ નથી હોતી. આટલા માટેજ માંને શાસ્ત્રમાં 'પહેલો ગુરુ' કહ્યો છે. બાળકનો સાચો પહેલો કોઈ ગુરુ છે તો તે માં છે. એ જે વખતે ઘડી દેશે, એ ઘડતરને પછી ગુરુ પણ બહુ મુશ્કેલીથી બદલી શકે છે. સમજો કે માં એ બાળકને ચોર બનાવી દીધો તો તેને ગમે તેટલી શાહુકારીની વાતો સમજાવો છતાં ચોરી જ કરશે. કેમકે એની માં નો સીખવાડેલો પાઠ એટલો બળવાન હોય છે. અને તે એના પૂરા વ્યક્તિત્વમાં ઝલકતો હોય છે. જેને બદલવો બહુ મુશ્કેલ છે.

આપણે ત્યાં જે સમર્પણ અને સમર્પણવાળી વાણી છે, જે વાતને

આપણે બ્રહ્મસંબંધના મંત્રમાં બોલીએ છીએ, એને ઠાકોરજી પણ સાંભળે છે, ગુરુ પણ સાંભળે છે અને તે બોલાવવામાં આવે છે. એ એક માં ના જેવી પ્રક્રિયા છે, જેમાંથી પુષ્ટિભક્તિનો આખો સંસ્કાર ઘડવામાં આવી રહ્યો છે. શિવાજીની માંએ જેમ થપથપાવીને શિવાજી બનાવી દીધો તેવીરીતે, તેમાં કૃષ્ણભક્તિનો સંસ્કાર પ્રકટ થશે. એ પ્રકારનો બીજભાવ એમાં રહેલો છે. હવે તે ચાલૂ ખાતામાં બ્રહ્મસંબંધ લઈએ તો તેમાં તો એ ગરિમા જ પ્રકટ નથી થતી. ગરિમા જ પ્રકટ ન થાય તો તેનો સંસ્કાર પણ આપણામાં પ્રકટ નથી થતો. કોઈ છોકરીના થનારા સાસરિયામાં જઈને એમ કહો કે આ છોકરી મારા ઉપર બહુ ભારરૂપ છે. આ છોકરીના ભારને તમે ઉતારો. આને તમે પરણીને લઈ જાઓ! તો એ છોકરીની સાસરિયામાં કિંમત શું થશે? અને જ્યારે માં-બાપ ખુદ એમ કહે કે બહુ પ્રેમથી પાળી છે, બહુ સારા સંસ્કારો અમે આને આપ્યા છે તો તમે આને એવાજ સ્નેહ-પ્યારથી પાળજો. તો એ છોકરીનો સાસરિયામાં એક દબદબો પેદા થઈ શકે છે કે બાપના ઘરમાં પ્રેમથી ઉછરેલી છોકરી છે. પરંતુ જેનો બાપ જ કંટાળીને કોઈક જાતનો એનો ભાર ઉતારતો હોય, એ છોકરીનો સાસરિયામાં કોઈ દબદબો પેદા થવો બહુ મુશ્કેલ છે.

એવીજ રીતે બ્રહ્મસંબંધ આપણે ચાલૂખાતામાં લઈ લઈએ. જેમ આપણે કયાંક પહોંચી ગયા ત્યાં મહારાજ બેઠા હતા તો બ્રહ્મસંબંધ લઈ લીધું. મહારાજ કોઈ ગામમાં આવી ગયા તો બ્રહ્મસંબંધ લઈ લીધું. કોઈએ કહી દીધું કે ચાલો હું જ આપી દઉં બ્રહ્મસંબંધ, તો એમનાથી જ લઈ લીધું. આથી તેની ગરિમા ન રહી. અને જ્યારે ગરિમા ન રહી ત્યારે ન તો તેનો આપણા મનઉપર સંસ્કાર પેદા થશે. મહાપ્રભુજી આથી જ સર્વનિર્ણય ગ્રંથમાં સ્પષ્ટ આ વાતને સમજાવી છે કે સહસા કોઈને બ્રહ્મસંબંધ આપવું જ ન જોઈએ. જ્યારે તમે પૂરેપૂરા આશ્વસ્ત થઈ જાઓ ત્યારે બ્રહ્મસંબંધ આપવું જોઈએ અને અત્યંત આશ્વસ્ત થવા માટે સૌથી પહેલી શરત મહાપ્રભુજીએ આ રાખી છે કે તમે તેને ના પાડો. ત્યારે તમને ખબર પડશે કે તે લેવા લાયક છે કે નહીં. હવે તો એવું થઈ ગયું છે કે ગામમાં મહારાજ આવી ગયા તો બ્રહ્મસંબંધ આપતા જાવ. ન આવ્યા હોત તો વગર બ્રહ્મસંબંધે તો રહેતા જ હતા. એ બ્રહ્મસંબંધની કિંમત કેટલી? કોઈ આવ્યું તો બ્રહ્મસંબંધ લઈ લીધું, ગમે ત્યાં બ્રહ્મસંબંધ લઈ લીધું.

એનો શું હેતુ છે એ જાણ્યા વિના સમજ્યા વિના બ્રહ્મસંબંધ લઈ લીધું. કોની પાસેથી લેવું જોઈએ એ જાણ્યા વિના બ્રહ્મસંબંધ લઈ લીધું. એની વિધિના વગરજ બ્રહ્મસંબંધ લઈ લીધું.

કેટલાક વરસ પહેલા, કિશનગઢમાં જ કોઈ બાલક પધાર્યા હતા. રાતના નવ વાગ્યે એમણે ખબર મોકલાવી કે બ્રહ્મસંબંધ લેવા કોણ આવી રહ્યા છે? ત્યારે ઠંડીની સિઝન હતી. કોણ ન્હાશે? તો લોકોએ કહ્યું કે મહારાજ! અહીં તો કોઈ લેવામાટે તૈયાર નથી તો બાલક નારાજ થઈ ગયા કે અમે તો માનતા હતા કે શ્યામ મનોહરજીનું ગામ છે. અહીં દૈવીજીવ હશે પરંતુ અહીં તો આસુરીજીવ છે, જે બ્રહ્મસંબંધ લેવા પણ નથી આવતા. તેઓ પાછા જયપુર પધારી ગયા. આવા બધા ચાલૂ ખાતાના બ્રહ્મસંબંધ છે. આપણે જાહેરાત કરી દીધી કે મહારાજ આવી ગયા છે, આવીને બ્રહ્મસંબંધ લઈ જાવ. એવા-એવા બ્રહ્મસંબંધ થયા છે કે એક હજાર માણસને એકસાથે આગ ઓલવવાનો પંપ લાવીને બધાને ન્હવડાવી દીધા અને એક સાથે બ્રહ્મસંબંધ આપી દીધા. લોકોને લાવવાવાળાને દસ રૂપિયા એકએક માણસદીઠ આપ્યા. એણે બધાને કહ્યું કે "આવો બ્રહ્મસંબંધ લઈ લો." લોકોએ કહ્યું કે "શું કરવું પડશે!" તો એણે કહ્યું કે "કાંઈ નહીં, બસ ન્હાવું પડશે અને પ્રસાદ મળશે." તો પ્રસાદીયા ભગત તો પ્રસાદ લેવાના મોહમાં ત્યાં આવી ગયા. અને નહાવાની વ્યવસ્થા હતી નહીં તો પંપથી નવડાવ્યા. એમાં બ્રહ્મસંબંધનો મંત્ર કોણે સાંભળ્યો. આ પ્રકારના ચાલૂ ખાતાના બ્રહ્મસંબંધ આપણે લઈએ તો તેમાં ગોરસ પ્રકટ નહીં થાય.

અને જે મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"ગોરસ શબ્દેન વાણી કહિયત હે"** એ સમય-સમયની વાણી જ સરસ હોય છે અને અસમયની વાણી તો નીરસ થઈ જાય છે. વાત સાચી પણ હોય પરંતુ અસમયની વાત હોય તો તેમાં રસ પ્રકટ નથી થતો. અને કોઈક વખત ખોટી પણ વાત હોય પરંતુ સમય ઉપર કહેવામાં આવેલી હોય તો તેમાં રસ પ્રકટ થઈ જાય છે.

હું એક વખત બસમાં જઈ રહ્યો હતો. આંખે જોયેલી વાત છે. બસ આખી ભરેલી હતી. તેમાં વધારે માણસો ભરવામાં આવ્યા હતા. બસ ઉભી રહી તો એક માણસ બડજબરીથી ચડી ગયો. બસ કંડક્ટરે એની સાથે ઝઘડો

કર્યો કે બસ આખી ભરચક્ક છે. એણે કહ્યું કે ''એક ઉતર્યો તો અમે કેમ ન ચઢીએ?'' કંડક્ટરે કહ્યું કે ''જે ઉતર્યો તે પણ વધારે હતો''. બંનેમાં ખૂબ ઝઘડો થયો. બહુ તૂ-તૂ, મેં-મેં થયું. બસ કંડક્ટર્ બહુ દુબળો-પાતળો હતો અને એ ચઢવાવાળો બહુ તગડો માણસ હતો પરંતુ તેના ચશ્મા વધારે નંબરવાળા હતા. બસ કંડક્ટરે કહ્યું કે ''મોટૂ સમજે છે શું, તારા ચશ્મા ઉતારી લઈશ?'' એ બિચારી ડરીને ઉતરી ગયો. એણે વિચાર્યું કે ચશ્મા ઉતારી લેશે તો શું થશે! મને બહુ હસવું આવ્યું કે જુઓ સમયઉપર એક વાત કહી દીધી એ પણ એક કમજોર માણસે કહી અને તગડો માણસ ડરીને ઉતરી ગયો. સમયની વાત ઉપર આવો રસ પ્રકટ થઈ જાય છે. એ તગડા માણસે બે થપ્પડ બસકંડક્ટરને જો મારી હોત તો ત્યાં જ પડી જાત. અને બળવાને પણ કોઈ નિર્બલને કોઈ અસમય ઉપર વાત કહી તો નિર્બલ ડરશે નહીં. જેમ કોઈ વ્યક્તિ તૂટી રહ્યો છે, દુઃખી થઈ રહ્યો છે તે વખતે જો તમે સ્નેહના બે શબ્દો બોલી દીધા તો તેને નવી આશા બંધાઈ જશે અને એ પાર ઉતરી જશે. અને અસમય ઉપર એને આશા બંધાવતા રહ્યા તો એ પણ સમજી જશે કે આ બધી બેવકૂફ બનાવવાની વાતો છે. તો દરેક વાતનો પ્રસંગ અને અવસર હોય છે.

એવીજ રીતે બ્રહ્મસંબંધનો પણ જો પ્રસંગ અને અવસર હોય ત્યારે જો તે વાણી પ્રકટ થાય, તો તો તેની અસર થાય અને જ્યારે-ત્યારે બ્રહ્મસંબંધ કરાવવામાં, તેની કીંમત નથી રહી જતી અને તેની અસર ન થાય. આ પ્રકારનું ચાલુ ખાતાનું થઈ ગયું. તેમાં વાણી તો આવે છે, પરંતુ રસ નથી આવતો. **''ગોરસ શબ્દેન વાણી કહિયત હૈં.''** આથી જ મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે જેમતેમરીતે બ્રહ્મસંબંધ ન લેવું જોઈએ. કેમકે આ આપણી સમર્પણની દીક્ષા છે અને એ સમર્પણના ભાવથી જ્યારે આપણે દીક્ષા લઈશું તો તેમાં પ્રસંગોચિત ગરિમા જાગી જશે. એજ પ્રકારથી કે ''મોટૂ તારા ચશ્મા ઉતારી લઈશ''. તુરંત અહંતા-મમતાના આપણા ચશ્મા ઉતરી જશે, જે આપણે પહેરી રાખ્યા છે. પરંતુ અપ્રાસંગિક દેતા જ રહ્યા બ્રહ્મસંબંધ, હવે હજાર વખત આપણે તેને કહી દઈએ કે ''સમર્પયામિ'' પરંતુ એ 'સમર્પયામિ'માં કાંઈ સમર્પિત થતું જ નથી. કોઈ ભેદ સમર્પણનો સમજાતો નથી. ક્યારેક એક સર્વે કરીને જુઓ કે એ ગામમાં કેટલા વૈષ્ણવ છે! એમને પૂછી જુઓ કે તમને નિવેદન દાન અને

સમર્પણ ના ભેદ ખબર છે? જો આટલી પણ ખબર હોય તો સમર્પણ સાર્થક થઈ ગયું. ચર્ચાસભા થઈ હતી, તેમાં મેં આ જ પૂછ્યું કે નિવેદન સમર્પણ દાન નો મતલબ? એકદમ પૂછવા લાગ્યા કે ''આ વાત ફરીથી પૂછો''? અરે ભાઈ, ચર્ચા કરવા આવ્યો છો અને તમને આ મૌલિક વાતની ખબર નથી, આવી સ્થિતિ છે સંપ્રદાયની! આમાં આપણે કહી રહ્યા છીએ કે આપણે બ્રહ્મસંબંધ આપ્યા. બ્રહ્મસંબંધ દીધા કે ભ્રમસંબંધ દીધા? બ્રહ્મસંબંધ એક અલગ અને બહુ ગરિમાવાળી ચીજ છે. એ ગમેત્યાં લાઉડ્સ્પીકરમાં બોલવા જેવી ચીજ નથી. દરેક પ્રસંગમાં બોલવા જેવી વાણી નથી. તેને ઉચ્ચરિત કરતા આવડવી જોઈએ. ત્યારે તો તેમાં ગરિમા પ્રકટ થશે.

કામવનવાળા મહારાજશ્રીની બાબતમાં મેં એક વાત સાંભળી હતી. ગરમીના દિવસોમાં જ્યારે ગામની છત ઉપર બધા ફરતા હતા ત્યારે કામવનવાળા મહારાજશ્રી છત ઉપર ન પધારતા. કેમ? ગરમી તો બધાને લાગી રહી છે પરંતુ આપણને તો કોઈક પંખો પણ કરી દેશે. બધા છત ઉપર જઈ રહ્યા છે અને આપણે પણ છત ઉપર જઈએ તો કેટલી વાર કોઈ આપણી માન-મર્યાદા રાખશે! એનો અહેસાસ કરીને ખુદ છત ઉપર ન પધારતા. બધા આજુ-બાજુમાં રહી રહ્યા છે અને છત ઉપર ફરી રહ્યા છે અને આપણે પણ છત ઉપર જઈએ તો માન-મર્યાદા કોઈ કેટલો વખત રાખશે? આટલો પોતાની જાત ઉપર સંયમ રાખતા. આથી જ એમનો એટલો મોભો હતો કે જે વખતે આપ ગામમાં પધારતા તો લોકો ઉભા થઈ જતા. સમજો કે લોકો પણ છત ઉપર ફરી રહ્યા છે અને આપણે પણ ફરી રહ્યા છીએ. માણસ તો માણસ છે ને! કેટલો સમય મોભો જાળવશે તમારો? તેવીરીતે બ્રહ્મસંબંધનો પણ મોભો કેટલો સમય નભશે? ચાલૂખાતામાં ભેડ બકરી કુતરો બિલાડી બધાને બ્રહ્મસંબંધ આપવા જ લાગી જાઓ? કેમકે સૃષ્ટિ વધારવી છે. અરે બહુ સૃષ્ટિ વધારશો ખાવા ધાન નહીં મળે. મને કોઈ પૂછે કે સૌથી વધારે નુકશાન પુષ્ટિમાર્ગમાં શું થયું છે? તો મારો સાફ અભિપ્રાય છે કે વગર વિચાર્યે જે આવ્યો તેને દે બ્રહ્મસંબંધ, દે બ્રહ્મસંબંધ, એ નુકશાન થયું.

તેનું કારણ એ છે કે આપણી સેવા ભક્તિસાધનાની પ્રણાલીના પ્રત્યે કોઈને આદરભાવ રહી નથી ગયો. કોઈને આ ભાવ નથી રહી ગયો કે મેં

બ્રહ્મસંબંધ લીધું છે તો હું સેવા વગર કેવીરીતે રહી શકું? એવા-એવા કારણોથી લોકો બ્રહ્મસંબંધ લે છે કે સાસુ મારા હાથનું પાણી નથી પીતા તો લાવો બ્રહ્મસંબંધ આપી દો. અરે, સાસુ પાણી ન પીવે તો વ્રત કરવા દો, એને પુણ્ય મળશે. એને પણ મળશે અને તમને પણ મળશે કે તમે એને વ્રત કરાવડાવ્યું. સાસુને પાણી પીવડાવવા માટે બ્રહ્મસંબંધ લેવું! કેમકે સાસુએ એ વ્રત લીધું હોય કે વગર બ્રહ્મસંબંધીના હાથનું પાણી નહીં પીઉં. બહુ સારી વાત છે પરંતુ તેનામાટે વહુને બ્રહ્મસંબંધ લેવું, આવું કોણે કહ્યું? ઠાકોરજીની સેવા કરવી નથી, સાસુને પાણી પીવડાવવામાટે બ્રહ્મસંબંધ લેવું છે. વ્રજયાત્રા ઉપડે તો એ વખતે તો બ્રહ્મસંબંધ ખેતરમાં પાક કપાવાની મોસમની જેમ કપાતા હોય છે. કેમકે યાત્રામાં જઈએ તો વચ્ચે બેઠકો આવી જાય છે. તો બેઠકોમાં ઝારી ભરવા માટે બ્રહ્મસંબંધ લેવું છે. ઘરમાં ઠાકોરજીની સેવા કરે નહીં. મહાપ્રભુજી પરેશાન એ પાછું અલગ. ઝારીજી પણ કેવીરીતે ભરે કે એક ભરે કે તેને તરત ઉપાડીને બીજી ભરે. એક ભરે, બીજી ઉપાડે. અરે મહાપ્રભુજીને પીવાનો મોકો તો આપો! બિચારા પીવા જાય ત્યાં તો બીજો ઉપાડીને લઈ જાય ઝારીને. ઘણીવખત તો રેલમછેલમાં ઝારીઓ મહાપ્રભુજીની ઉપર ઢોળાય છે અને માટીની કાચી ચોકી સરકીને પાછી દૂર ચાલી જાય છે. આ કોઈ બ્રહ્મસંબંધ છે?

અમને એક દિવસ એકે આવીને કહ્યું કે ‘‘મહારાજ! બ્રહ્મસંબંધ લેવું છે.’’ મેં પૂછ્યું કે ‘‘શા માટે લેવું છે?’’ એણે કહ્યું કે ‘‘વ્રજયાત્રામાં જઈ રહ્યા છીએ. ત્યાં અમને વગર બ્રહ્મસંબંધે ઝારી નહીં ભરવા દે.’’ અરે! ઝારી ભરવામાટે બ્રહ્મસંબંધ લેવાનો કોઈ નિયમ જ નથી. ઝારી ન ભરો. દર્શન કરો મહાપ્રભુજીના. એમણે કહ્યું કે ‘‘બધા ઝારી ભરે અને આપણે દર્શન કરીએ તો આપણે નીચું જોવું પડે.’’ તો મેં કહ્યું કે ‘‘જો નીચું જોવું પડે છે તો એક નિયમ લો કે ઘરમાં રોજ સેવા કરશો.’’ એણે કહ્યું કે ‘‘રોજ હું શિવજીની પૂજા કરૂં જ છું.’’ મેં કહ્યું કે ‘‘શિવજીની પૂજા કરવામાટે તો કોઈ શિવમંત્ર કે શિવદીક્ષા લેવી જોઈએ. બ્રહ્મસંબંધની દીક્ષા શામાટે લેવી જોઈએ. જ્યારે શિવજીની પૂજા તમે રોજ કરી રહ્યા છો તો શૈવદીક્ષા લો આનંદથી. વૈષ્ણવદીક્ષા લેવાની જરૂરત શું છે?’’ તો એણે કહ્યું કે ‘‘અમારે તો ઝારી ભરવી છે.’’ મેં એમને કહ્યું કે ‘‘માફ કરો, હું તો બ્રહ્મસંબંધ નહીં આપી શકું.’’ પછી એણે તો યાત્રામાં જઈને

બ્રહ્મસંબંધ લઈ લીધું. અને આવીને મને સંભળાવ્યું પણ કે ''રોજ શિવજીની પૂજા પણ કરૂં.'' હવે સમજો કે જેની પૂજા કરવી છે તેની દીક્ષા નથી લેવી. જેની દીક્ષા લેવી છે તેની સેવા નથી કરવી. ફક્ત ઝારી ભરવામાટે બ્રહ્મસંબંધ લેવું છે. હવે વિચારો કે આમાં રસ છે? મતલબ જેની સાથે પરણવું છે તેની સાથે ફરવું નથી. જેની સાથે ફરવું છે તેને પરણવું નથી. આ પરિસ્થિતિમાં કોઈ રસ પેદા થઈ શકે છે? આવી વાણીમાં રસ પ્રકટ કેવીરીતે થઈ શકે છે?

## ([૧-૩]વાણીનું ગૌરવ-અગૌરવ)

**''ગોરસ શબ્દેન વાણી કહિયત હેં''** એ વાણીમાં એ પ્રકારની ગરિમા ગૌરવ હોવું જોઈએ. એક તો વાણી આપણે એમજ બોલીએ અને એ તેમાં કાંઈક ગૌરવનો અનુભવ કરીને બોલીએ. જુઓ એક વાત કહું તો આ વાત એકદમ સમજમાં આવી જશે. એક ઠાકુર સાહેબ હતા. એમણે રહેવામાટે સુંદર મહેલ બનાવ્યો. તેને બતાવવા માટે ચારણોને બોલાવ્યા. ચારણોએ જોયું અને એક ચારણ માથું પકડીને બેસી ગયો. ઠાકુર સાહેબે પૂછ્યું કે ''મહેલ કેવો બન્યો છે? માથું કેમ પકડીને બેઠા છો?'' ત્યારે એમણે કહ્યું કે ''ઠાકુર સાહેબ! મહેલ તો આટલો મોટો બનાવ્યો પરંતુ આમાંથી જ્યારે તમે મરશો તો તમારી લાશ કેવીરીતે નિકળશે? દરવાજા બધા નાના છે.'' ઠાકુર સાહેબે કહ્યું કે ''મેં મહેલ જોવા માટે બોલાવ્યો અને આ તો મારા મરવાની વાત વિચારી રહ્યો છે.'' બીજા ચારણે કહ્યું કે ''ઠાકુર સાહેબ આને તમે બહુ ગંભીરતાથી ન લો, આ તો આવો જ છે. તમે ગભરાવ નહીં. જ્યારે તમે મરશો તો લાશને તો કાપી-કાપીને કાઢી દેશું, દરવાજા નાના છે તો શું થયું?'' ઠાકુર સાહેબે કહ્યું ''અત્યારે તો તમે બંને ભાગો મારે ત્યાંથી. મહેલ જોવા આવ્યા છો અને મારા મરવાની વાત વિચારી રહ્યા છો!'' સમજો કે મહેલ દેખાડવા માટે બોલાવ્યા અને એ વખતે કોઈ આવી વાત કરે તો એ વાણીનું કોઈ ગૌરવ છે? કાંઈ ભાન છે તમને કે તમે શું બોલી રહ્યા છો? તે આ થઈ વિનાગૌરવની અનુભૂતિની બોલવામાં આવેલી વાણી. ગમે તે મનમાં આવ્યું બસ બોલી નાખ્યું. એમ જ્યારે પણ મનમાં આવ્યું બસ ધડાકથી બ્રહ્મસંબંધ લઈ લીધું. એમાં ગરિમા ગૌરવ તો ન રહ્યું. આપણે જે કાંઈ બોલીએ, તેની ગરિમા સમજીને બોલીએ, ભલે પછી ગાળની વાત હોય કે પ્રેમની વાત હોય, પ્રશંસાની વાત હોય કે નિંદાની વાત હોય,

રાગની વાત હોય કે દ્વેષની વાત હોય. પરંતુ જ્યારે ગરિમાથી બોલશું તો તો તેની અસર થઇ શકે છે. સમજો કે કોઇને દિવસભર ગાળો બોલવાની આદત પડી જાય  તો તેની ગાળનું કોઇ માઠું લગાડશે? નહીં લગાડે. કેમ? કેમકે તેની ગાળોમાં ગૌરવ જ નથી. ગાળ જેવી વસ્તુમાં પણ ગૌરવ નથી રહી જતું. તેવીજ રીતે પ્રશંસા પણ આખો દિવસ કરે તો પ્રશંસાનું ગૌરવ પણ ખતમ થઇ જાય છે. લોકો સમજી જાય કે આ ચાપલૂસ છે ખોટી પ્રશંસા કરી રહ્યો છે.

વાણીમાં ક્યારે ગૌરવ કે ગરિમા પ્રકટ થાય કે જ્યારે તેને સમજીને, સમય જોઇને આપણે તેનું ઉચ્ચારણ કરીએ ત્યારે. વગર અવસરે વાણીનું ઉચ્ચારણ કરીએ તો તેની ગરિમા ખતમ થઇ જાય છે. જ્યારે ગરિમા ન રહી તો વાણીમાં રસ પણ નથી રહી જતો. સમજો કે માણસ ગાળ શામાટે આપે છે. બીજા માણસને દુઃખ પહોંચાડવા માટે. મારપીટ આપણે ન કરી શકતા હોઇએ કે ચાલો મારપીટમાં તો પોલિસ પકડશે. કમસે કમ બે-ચાર ગાળો તો આપી દો, જેથી થોડુંક દુઃખ તેને થઇ જાય. હવે એ હેતુથી આપેલી ગાળની અસર તો પડવી જોઇએ કે નહીં! સામાવાળાને દુઃખ તો થવું જોઇએ કે નહીં! આખો દિવસ ગાળો આપીએ તો થશે અસર? એમ નિરંતર ચાપલૂસી કરો તો માણસ પ્રસન્ન નથી થતો. આ મિનિસ્ટરોની વાત અલગ છે. પરંતુ જે ઇન્સાન છે, તે નિરંતર ચાપલૂસી પસંદ નથી કરતો. જે આદતથી ચાપલૂસી કરી રહ્યો છે, તેની વાતની અસર પડવાની બંધ થઇ જાય છે. તેની વાણીની ગરિમા ખતમ થઇ જાય છે.

તમે નૅપોલિયનનું નામ તો સાંભળ્યું હશે. ફ્રાંસનો રાજા હતો. તેણે બહુ લડાઇઓ લડી. તે મોરચા ઉપર તોપની નીચે જ સુઇ જતો. એના સૈનિકો ત્રાસી જતા એટલી લડાઇઓ લડતો. એક દિવસ તેના સૈનિકોએ એક ષડયંત્ર રચ્યું કે રાતના આને મારી નાખીએ તો લડાઇઓથી તો પીછો છૂટશે! ચાર સૈનિક તેને મારવા માટે રાત્રે જ્યાં તે સુઇ રહ્યો હતો ત્યાં ગયા. કાંઇક પગરખાનો અવાજ થયો તો તે જાગી ગયો. એણે જોયું કે ચાર સૈનિક ઉભા હતા. એણે કહ્યું ''અહીં કેમ ઉભા છો, જાઓ તમારી ફરજ ઉપર.'' એ હથિયાર વગરનો હતો અને સૈનિક હથિયારો સાથે હતા પરંતુ એના કહેતાંજ સૈનિકો પાછા ચાલ્યા ગયા. આવી ગરિમા હતી એની વાણીમાં. જોરથી કડક

અવાજમાં જ્યારે તે બોલ્યો તો હથિયાર હોવાછતાં પણ બધા ભાગી ગયા. વાણીમાં આવી ગરિમા હોવી જોઈએ. એ મિનિસ્ટરોની જેમ રોજ ભાષણ આપતો ન્હોતો. ભાષણ આપતો હોત તો આ ગરિમા ખતમ થઈ જાત. કોઈ મિનિસ્ટર ભાષણમાં આટલા વાયદા કરીને જાય તો કોઈ માને? બધાને ખબર છે કે ભાષણ આપવું એમનો ધંધો છે. ચુંટણી આવશે એટલે ભાષણ દેવા આવી જશે. જીતીને કોઈ કાંઈ કરવાવાળો તો છે નહીં. એમના ભાષણોને કોઈ ગરિમાથી નથી લેતા. એમને પણ આદત થઈ ગઈ છે અને આપણને પણ આદત થઈ ગઈ છે. એમાં ગરિમા વાણીની ખતમ થઈ ગઈ છે.

## ([૧]સમર્પણભાવાત્મિકા વાણી)

આ જ પ્રકારથી જ્યારે બ્રહ્મસંબંધને પણ આપણે ચાલૂ ખાતામાં લઈશું, ચાલૂ ખાતામાં બોલશું, બોલાવશું તો એ વાણીની ગરિમા ખતમ થઈ જશે. તો પ્રસંગ ઉપસ્થિત થવો જોઈએ કે મારે મારા ઘરમાં ઠાકોરજીની સેવા કરવી છે. એ તડપ પેદા થવી જોઈએ અને એ તડપ જ્યારે પેદા કરીને આપણે જ્યારે કહીશું કે હું પ્રભુનો છું અને મારૂં સર્વકાંઈ પ્રભુનું છે, હું સર્વ સમર્પિત કરી રહ્યો છું. વાણીમાં ગરિમા આવી જશે. એ વાણીમાં એવો રસ આવી જશે જેને કારણે આપણે પણ નૅપોલિયન્‌ની જેમ પ્રભુની સમક્ષ કડકાઈથી કહી શકીએ છીએ કે, પ્રભુ મેં મારૂં સર્વકાંઈ સમર્પિત કરી દીધું હવે તો આપને આરોગવા માટે પધારવું જ પડશે. પછી પ્રભુ ઈન્કાર નથી કરી શકતા. એ પ્રકારની ગરિમા આપણી વાણીમાં પ્રકટ થશે કે પ્રભુ મેં હવે સમર્પણ કર્યું છે. હવે જો આપ મારા ઘરે નહીં પધારો તો ચાલશે નહીં. ઠાકોરજી પણ કહેશે કે આ સમર્પિત છે, તેને ના કેવીરીતે કહી શકાય તેને ઘરે તો પધારવું જ પડશે! **"ગોરસ શબ્દેન વાણી કહિયત હૈં"** એ વાણીમાં રસ પેદા થઈ જશે, ગરિમા પેદા થઈ જશે. તેના માટે તડપ તો પેદા થવી જોઈએ કે નહીં? તાપ-ક્લેશની જે વાત હતી, એ તાપ-ક્લેશ પ્રકટ થશે તો તો એ વાણીમાં રસ પેદા થશે. તાપ-ક્લેશ તો છે નહીં. ચાલૂ ખાતામાં આપણે લેવા માગીએ છીએ. ચાલૂ ખાતામાં આપણે આપી રહ્યા છીએ એવી ક્ષુદ્ર કામનાઓ માટે કે બેઠકજીમાં ઝારી ભરવી છે. અરે ઝારી ભરવામાટે શા માટે બ્રહ્મસંબંધ લેવું? જરૂર શું છે? સાસુને પાણી પીવડાવવા માટે બ્રહ્મસંબંધ લેવું. આ બધી વાતોથી વાણીનો રસ નિચોવાઈ જાય છે.

આવા બધી કામનાઓ માટે ન તો બ્રહ્મસંબંધ લેવું જોઈએ અને ન આપવું જોઈએ. કેમ? કેમકે એમાં જો સમર્પણનો ભાવ ન જાગ્યો તો બ્રહ્મસંબંધ લીધું તો શું અને દીધું તો શું. મહાપ્રભુજી આટલા માટેજ આજ્ઞા કરે છે કે બ્રહ્મસંબંધ લીધું અને દીધું આવો વ્યાપાર ન બની જાય, એના માટે આટલી સાવધાની આવશ્યક છે કે જે વખતે આપણા ઘરમાં ઠાકોરજીની સેવા કરવાની તૈયારી હોય, તો જ બ્રહ્મસંબંધ આપવું જોઈએ. અને જ્યારે નિશ્ચિત થઈ જાય કે આને ખરેખર તડપ લાગી છે કે મારે મારા ઘરમાં સેવા કરવી છે તોજ બ્રહ્મસંબંધ આપવું જોઈએ. અને ત્યારે જ બ્રહ્મસંબંધ લેવું જોઈએ. જ્યારે આવી તડપ જ નથી તો ફાયદો શું?

જ્યારે એક છોકરો કે છોકરી એક-બીજાને પસંદ આવી જાય કે આ જ જીવનસંગિની અથવા સંગી મને મળે તો જીવન સાર્થક થઈ જાય. ત્યારે લગ્ન કરો તો એ લગ્નનું સુખ વિલક્ષણ છે. અને એવું થાય કે એ છોકરી આવી ગઈ છે, આપણે રીંગણા ખરીદી રહ્યા હતા, એ મરચા ખરીદી રહી હતી, બંને મળી ગયા. અરે, રીંગણા-મરચા ખરીદવામાં લગ્નની વાત ચાલી તો તે લગ્ન કેટલા દિવસ ટકશે! આમ બધા પ્રકાર બ્રહ્મસંબંધના આવા પ્રકારના થઈ ગયા છે. આપણે ક્યાંક ઓચિંતા પહોંચી ગયા તો કહ્યું કે આવી જાવ અને બ્રહ્મસંબંધ લઈ લો. એક વ્યક્તિના દશ રૂપિયા ભાવ નક્કી કરી દીધા. કેમકે અમારે સૃષ્ટિ વધારવી છે. આવી સૃષ્ટિ વધવાથી પુષ્ટિમાર્ગને નુકશાન જ પહોંચે છે, કોઈપણ લાભ નથી થતો. કેમકે આપણી વાણીની ગરિમા ખતમ થઈ જાય છે તો એ વાણીમાં રસ જ પ્રકટ થતો નથી. એ વાણીમાં રસ પ્રકટ ન થાય તો ઠાકોરજીની સેવામાં પરાયણ જ નથી થઈ શકતા. પરાયણ ન થઈ શકે તો એ બ્રહ્મસંબંધ થયું જ નથી, એ તો ભ્રમસંબંધ થયો. **''ગોરસ શબ્દેન વાણી કહિયત હેં''** માં સમર્પણની વાણી છે.

## ([૨]સ્નેહભાવાત્મિકા વાણી)

સમર્પણની વાણી બરાબર પ્રકટે તો બીજી વાણી સ્નેહની પ્રકટ થવી જોઈએ. જે મેં કાલે તમને બતાવ્યું હતું કે **''કર મનુહાર લિવાઈ''**. પોતાના ઠાકોરજીને મનુહાર કરવો આપણને આવડવો જોઈએ. હવે મનુહાર શું છે?

સમજો કે આપણે કોઈને ત્યાં અતિથિ બનીને ગયા. આપણું ખાઈને પેટ ભરાઈ ગયું હોય પરંતુ એ ઘરના મનુહાર કરે તો ના પાડવાની આપણી હિમ્મત નથી રહી જતી. કાંઈક તો લેવું પડે છે. તો મનુહાર સ્નેહની ભાષા છે. સ્નેહને કારણે તેમા મનુહાર હશે ત્યારે તો **''ગોરસ શબ્દેન વાણી કહિયત હૈં''** આવશે. અને સેવામાં મનુહાર જ ન કરી તો મશીની સેવા થઈ જશે. હવે તો મશીન પણ એવા બની ગયા છે કે મશીનથી જ સેવા થઈ શકે છે. તમે સાંભળ્યું હોય તો તિરૂપતિ બાલાજીમાં વચ્ચે શું થયું કે શયનનો સમય અડધો-પોણો કલાક રહી ગયો, કેમકે ભીડ એટલી વધી ગઈ. બાર-એક વાગે શયન થાય અને અડધો કલાક પછી મંગલા થઈ જાય. કેમકે યાત્રીઓ એટલા થઈ ગયા કે ઠાકોરજીને પોઢવાનો સમય નથી. હવે ત્યાંના ભીતરિયા જે લાડવા બનાવતા હતા એમણે કહ્યું કે ''આટલા યાત્રીઓ વધી ગયા છે તો અમારો પગાર વધારો.'' ત્યાંના વ્યવસ્થાપકે કહ્યું કે ''પગાર તો નહીં વધારીએ.'' એમણે કહ્યું કે ''પગાર નહીં વધારો તો અમે હડતાલ કરશું.'' વ્યવસ્થાપકોએ પૂછ્યું કે ''મંદિરમાં યૂનિયન બની શકે કે નહીં?'' તે પછી ત્યાં હડતાલ થઈ. તો મૅનેજમૅન્ટે એ નક્કી કર્યું કે આપણે ત્યાં મશીન બેસાડશું. જે લાડવા બનાવે છે એ કન્વેયર્ બૅલ્ટ ઉપર ચાલીને બાલાજીની સામે થઈને દર્શનાર્થીને મળી જશે. તેઓ મશીન લગાવવા જઈ રહ્યા હતા, તો કાંચીના શંકરાચાર્ય; એમનો આ વાતમાં આભાર માનવો જોઈએ, એમણે ખૂબજ વિરોધ કર્યો. એમણે કહ્યું કે ''નહીં નહીં, આવીરીતે સેવા-પૂજા થઈ જ ન શકે. કન્વેયર્ બૅલ્ટ ઉપર મંત્ર કોણ બોલશે!'' વ્યવસ્થાપકોએ કહ્યું કે ''અમે મંત્રોની રેકોર્ડ વગાડી દઈશું.'' હવે તમે એક વાત સમજો કે તમે કોઈના ઘરે જાઓ અને ઑટોમૅટિક્ દરવાજો ખુલી જાય. ત્યાં એક ટેપ્-રૅકોર્ડર્ પણ લગાડી દો કે તેમાં વાગે કે આવો ભાઈ સાહેબ આવો. ઘરનો માલિક નદારદ છે. બધુંજ કાંઈ જો ટેપ્-રૅકાર્ડર્ ઉપર ચાલી રહ્યું છે તો તમને એ ઘરમાં તમારા સ્વાગત જેવું કાંઈ લાગશે! જ્યારે ત્યાં ''કર મનુહાર લિવાઈ'' એવો ભાવ જ નથી, બધુંજ કામ ટેપ્-રૅકોર્ડ ઉપર જ થઈ રહ્યું છે, એમાં કયો દેવતા એટલો નકામો  છે, જે આ ટેપ્-રૅકોર્ડર્ના બોલવાથી તમારે ત્યાં આવી જશે! એ બધી આપણી વ્યવસ્થા ઑટોમૅટિક્ કરાવી દે, પરંતુ પોતે ન આવે તો આપણને કેવું લાગશે!

મારા ગુરૂજીની જ એક વાત બતાવું, જેમણે મને ભણાવ્યો હતો. એમનો દિકરો ભણવા માટે કેનેડા ગયો. બ્યાંસી વરસની ઉંમરમાં મારા ગુરૂજીને પ્રેમ આવ્યો કે ચાલો દિકરો કેનેડા ગયો છે તો મળી આવીએ. તે દિકરાએ એવો ચમત્કાર કર્યો કે લેવા ગયો એયર્પોર્ટ ઉપર અને લઈ આવીને એક હોટલમાં ઉતારો આપ્યો. અને કહ્યું કે કોઈપણ જાતનો સંકોચ ન કરતા. કાંઈપણ તકલીફ હોય તો મને ફોન કરીને કહી દેજો. ફોન કરીને દરરોજ પૂછી લે કે કાંઈ તકલીફ તો નથી ને! એમણે કહ્યું કે તકલીફ તો એક છે કે અમે તો દિકરાને મળવા આવ્યા છીએ, કોઈ હોટલના નોકરને મળવા તો આવ્યા નથી. ચોથા દિવસે એ બિચારા પાછા મુંબઈ આવી ગયા. ફોનથી પૂછી રહ્યો છે કે બધું બરાબર છે? હવે બ્યાંસી વરસની ઉંમરમાં શું ડોસા-ડોસીને કેનેડા જોવાનો શોખ જાગશે! સ્નેહને કારણે દિકરાને મળવા ગયા અને દિકરો આ પ્રકારનો વ્યવહાર કરે!! પુષ્ટિમાર્ગમાં પણ એવું જ થઈ ગયું છે કે દરેક મનોરથી પૈસા જમા કરાવીને સેવા લખાવી દે છે કે ફલાણાના તરફથી આજે રાજભોગ છે. જેનો મનોરથ છે એ સમયે નદારદ હોય છે. રાજભોગ તો મુખિયા-ભીતરિયા ધરી રહ્યા છે અને તે ઘરે બેસીને ટી.વી.જોઈ રહ્યો છે કે પૈસા તો જમા કરાવી દીધા છે. ગુરૂજી પણ આ કારણે ચોથા દિવસે મુંબઈ આવી ગયા. તમને આશ્ચર્ય થશે કે જે વખતે એમનો દેહ છૂટી રહ્યો હતો તે એમણે મને બોલાવ્યો. ત્યારે એમની દિકરીએ એમને કહ્યું કે ''દિકરાને ફોન કરીએ'' તો એમણે કહ્યું કે ''દિકરા બોલાવવાથી શું થશે?'' મને પાસે બેસાડીને મારો હાથ પકડીને કહ્યું કે ''મને વિષ્ણુસહસ્ત્રનામ સંભળાવો.'' હું તો એમનો વિદ્યાર્થી હતો પરંતુ જે સગો દિકરો હતો તેના ઉપર એમને આ ભાવ થઈ ગયો! કેમ આ ભાવ થયો? કેમકે એને મળવા ગયા અને એ મળવા ન આવ્યો. સુવિધા બધી કરી રહ્યો છે. ખાવાની પીવાની સુવાની બધી સારી સુવિધા હતી કેમકે દિકરો પૈસાદાર હતો.

## (વાણીની રસરૂપતા સ્નેહને કારણે)

આવી રીતે ઠાકોરજીની બધી સુવિધા આપણે કરી દઈએ અને ભક્ત નદારદ. ઠાકોરજી સુવિધાના લોભી છે શું? ભાઈ ઠાકોરજી સુવિધાના લોભી નથી. સમર્પણનો સ્નેહનો ભાવ આવો હોઈ નથી શકતો. ''કર મનુહાર લિવાઈ''. જે સેવા કરી રહ્યો છે તે મનુહાર કરીને લેવડાવે ત્યારે તો પ્રભુના

પ્રત્યે સ્નેહ પ્રકટ થશે. નહીંતર સુવિધા પ્રકટ થશે. સુવિધાની તો કોઈ કમી નથી. ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ હશે પરંતુ તેને સુવિધાની ગરજ નથી. સ્નેહની ગરજ છે. કોઈ પણ સ્વાભિમાની વ્યક્તિને માટે આ વાત સાચી છે. મનુહાર કરીને લેવડાવ્યું તો ઠાકોરજીએ વિદુરને ઘરે કેળાની છાલ પણ આરોગ્યા. સુવિધાની તો બધી સામગ્રી દુર્યોધનને ત્યાં મોજૂદ હતી જ. કેમ ન આરોગ્યા ત્યાં? કેમકે મનુહાર એક સ્નેહનો પ્રકાર છે. તેનાથી વાણીમાં રસ પેદા થાય છે તો આનાથી તો સેવા સાર્થક થશે. અને જો આપણે સેવાની બધી સુવિધા કરી દીધી કે મંગલભોગમાં મઠડી આવી રહી છે લાડવા આવી રહ્યા છે રાજભોગમાં જલેબી આવી રહી છે સખડી આવી રહી છે. અરે, તમે સુવિધા પેદા કરી રહ્યા છો. મનુહાર ક્યાં કરી રહ્યા છો! સુવિધા પેદા કરવામાં અને મનુહાર કરવામાં શું ફરક છે? હોટલનો માણસ સુવિધા પેદા કરે છે અને મનુહાર તો માઁ પત્ની બહેન દિકરી કરે છે. હોટલવાળાા તો યસ સર કરીને ઉભા રહી જશે કે શું જોઈએ. મૅનુમાં જે લખ્યું છે તે લખાવી દો. તે આ નહીં કહે કે આ પણ તો ચાખીને જુઓ, મેં આ પણ તમારા માટે બનાવી છે. એ તો તમારા માટે બનાવી જ નથી હોતી. અને બીજી બાજુ માઁ દિકરી પત્ની કે બહેન તમને નહીં પણ ભાવતી હોય તો મનુહાર કરીને ખવડાવશે કે મેં ખાસ તારા માટે બનાવી છે દિકરા, ખાઈને તો જો! આ મનુહારને આપણે ઠુકરાવી નહીં શકીએ. જ્યારે મારા માટે જ બની છે તો મારે ખાવી જ પડશે. આ સ્નેહની વાત છે, સુવિધાની વાત નથી.

### (પ્રભુ સ્નેહનો ભોગ કરે, સુવિધાનો નહીં)

આજે સૌથી મોટી ભ્રમણા પુષ્ટિમાર્ગમાં પેદા થઈ તે આ છે કે આપણે સુવિધા પ્રદાન કરવાને સેવા સમજી રહ્યા છીએ. સુવિધા પ્રદાન કરવી સેવા નથી. ઠાકોરજીને સ્નેહથી થોડુક પણ કરશો તે બધું સ્વીકાર્ય છે. **''પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ, તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ''** (ભગ.ગીતા.૯/૨૬) ભક્તિ ઉપહૃત છે, મનુહારના દ્વારા લેવડાવવામાં આવ્યું છે તેમાં ''ગોરસ શબ્દેન વાણી કહિયત હે.'' તેમાં તમારી રસરૂપ વાણી પ્રકટ થશે. એ કહે કે ''નથી ખાવું'' પરંતુ એક વખત થોડુંક ચાખીને તો જુઓ! તેમાં ઝઘડો હશે, થોડોક મનુહાર હશે. આ બધો આવો

સેવાનો પ્રકાર હતો. ઠાકોરજીને સુવિધા પ્રદાન કરી દેવી તેમાં સ્નેહ પ્રકટ નહીં થાય તો સેવા નથી. મારા ગુરૂજીને પણ સારામાંસારી હોટલમાં રોક્યા. કોઈ તકલીફ તો હતી નહીં પરંતુ દિકરો જ નદારદ હોય તો સ્નેહ ક્યાંથી પ્રકટ થશે! એવીજ રીતે જે મનોરથી છે તે નદારદ છે, છપ્પનભોગની સુવિધાઓ બધી મોજૂદ છે. ઠાકોરજી શું સુવિધાના ભોગી છે? આટલો ક્ષુદ્ર છે સુવિધાનો પ્રેમી? ઠાકોરજી ક્યારેય આટલો ક્ષુદ્ર હોઈ નથી શકતો. એ તો સ્નેહનો પ્રેમી છે. સ્નેહ માગે છે. સ્નેહમયી વાણી ઠાકોરજીને આપણે ત્યાં પ્રિય છે. આટલા જ માટે આપણે ત્યાં શરૂઆતમાં સ્નેહ હોય કે ન હોય, પરંતુ વ્રજભક્તોના કીર્તનોને ગાઈને આપણી વાણીને ગોરસથી રસમય બનાવશું અને ઠાકોરજીને પણ એ ગોરસથી રસાદ્ર બનાવશું. આથીજ આપણે ત્યાં કીર્તનદ્વારા મનુહારનો પ્રકાર હતો. તેમાં પણ જ્યારે આપણે કીર્તન ગાઈને સેવા કરશું કે **''મૈયા મોહે માખન મિશ્રી ભાવે''** તો સમજો કે એ ભાવ આપણામાં પણ જાગશે અને એવો ભાવ ઠાકોરજીને પણ જાગશે અને આપણે જે વખતે કહીશું કે આજ ફલાણા શેઠનો મંગલભોગ આવ્યો છે અને ઠાકોરજીની સામે મુખિયાજીને કહેશું કે ધરી દેજો તમે. શેઠ ક્યારે આવશે જ્યારે દર્શન ખુલશે અથવા રાજભોગ પછી આવશે. અરે ઠાકોરજી સુવિધાને ભોગવનારો ક્ષુદ્ર જંતુ નથી! આ ભ્રમણાને મનમાંથી કાઢી નાખો. આ પુષ્ટિમાર્ગ નથી.

આ પુષ્ટિમાર્ગ નથી કે જેમાં આપણે ઠાકોરજીને સુવિધા પ્રદાન કરવા માગી રહ્યા છીએ, સ્નેહ પ્રદાન કરવા નથી માગતા. સ્નેહ તો ક્યારે આપણે પ્રદાન કરી શકશું, જ્યારે આપણે આપણા ઘરમાં ઠાકોરજીને પધરાવીને ખુદ સેવા કરશું. સુવિધા છે કે અસુવિધા છે તેનો પ્રશ્ન નથી. કાલે જ મેં તમને વાત બતાવી હતી કે મોટા દરબાર સુરસુરા ગામની કસેંડી ભરીને દૂધ પી ગયા. આ તો મનુહારની વાત હતી ને! નહીંતર કસેંડી ભરીને દૂધ કોણ પી શકે આજના જમાનામાં! ચાના જમાનામાં કસેંડી ભરીને દૂધ પીવું, આ અચરજની વાત છે. મનુહારની વાત આવી જ હોય છે તકલીફ પણ થાય તો પણ માણસ કસેંડી ભરીને દૂધ પી જાય અને સુવિધાને તો કોઈ હલકો માણસ જ ભોગવી શકે. કોઈ સ્વાભિમાની વ્યક્તિ સુવિધાથી લલચાઈ નથી શકતો. આ તો આપણે માણસના લેવલ ઉપર સમજી શકીએ છીએ પરંતુ ભગવાનને આપણે

માણસથી પણ ગયો-ગુજર્યો સમજીએ છીએ. આપણે એવી ખોટી પદ્ધતિ પુષ્ટિમાર્ગમાં ઉભી કરી લીધી કે બધી સુવિધા થઈ જવી જોઈએ, સ્નેહ હોય કે ન હોય. નોકરોદ્વારા આપણે સુવિધા ઉભી કરી શકીએ છીએ, સ્નેહ ઉભો નથી કરી શકતા. આપણી પત્ની આપણા માટે બે-ચાર નોકર છોડી જાય ચાય-રોટી માટે અને કહે કે હું તો મારા પિયરમાં રહીશ. તો એ પત્ની સાથે આપણને સ્નેહ પ્રકટ થશે? ક્યારેય પ્રકટ નહીં થાય. કોઈ અમેરિકાની છોકરી આવી જાય તો પાંચ-દશ નોકરોને લાવીને સુવિધા તો બધી ઉભી કરી શકે છે પરંતુ તેનાથી આપણા દાંપત્યનો સ્નેહનો રસ પ્રકટ નહીં થાય. કોઈ ક્ષુદ્ર વ્યક્તિ જ આવી સુવિધાને માટે લાલાયિત થઈ શકે. સ્વાભિમાની વ્યક્તિ આવીરીતે નથી જીવી શકતો. તો આપણા પ્રભુ શામાટે આવી સુવિધાને માટે લાલાયિત થશે! આથી જ કહ્યું છે કે **"ગોરસ શબ્દેન વાણી કહિયત હેં."** જ્યારે ઠાકોરજીની સેવા આ ભાવનાથી સ્નેહની પ્રણાલીથી આપણે કરીએ, જેને આપણે ત્યાં 'કાનિ' કહેવામાં આવે છે, નંદ-યશોદાની કાનિથી શ્રીમહાપ્રભુજી શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી ની કાનિથી આવી જે સ્નેહના મનુહારની પ્રણાલી છે, આમાં 'ગો'માં રસ પ્રકટ થાય છે. **"ગોરસ શબ્દેન વાણી કહિયત હેં."** એ વાણી ભોગ ધરવામાં પ્રકટ થવી જોઈએ. ધરવું છે એટલા માટે ધરી દીધું, આ રીતે તો કોઈ ભુખ્ખડ જ ખાઈ શકે. કોઈ સ્વાભિમાની તો ખાઈ ન શકે. કોઈ અડશે પણ નહીં. આપણે પુષ્ટિમાર્ગમાં ઠાકોરજીને આટલા અપમાનિત કરીએ છીએ. આપણને ભાન નથી કે ક્યાં આપણા સમર્પણમાં ગરબડ થઈ ગઈ છે! ચાલૂ ખાતાનું કોઈ સમર્પણ થઈ ગયું છે. આપણે પુષ્ટિ-અસ્મિતાની કેસેટ બનાવડાવી તેમાં "તો તમે પ્રવાહીજીવ રે" આવી એક કડી આવે છે. તો તેમાં મ્યુઝિક ડાયરેક્ટર હતી તેણે પૂછ્યું કે "મહારાજ! આ પ્રવાહીજીવ શું?" એને ટાળવા માટે કહી દીધું કે 'પ્રવાહી' એટલે ચાલૂ ખાતાનો જીવ. હવે જે ઢોલ વગાડવાવાળો હતો એ બરાબર ઢોલ ન વગાડે તો તે કહે કે "એય, પ્રવાહી ઢોલ નહીં વગાડ." જે સમર્પણ છે તે પ્રવાહી સમર્પણ છે. સ્નેહનું સમર્પણ નથી ચાલૂ ખાતાનું સમર્પણ છે. વાણી છે પરંતુ રસ નથી. ગો છે પરંતુ રસ નથી. **"ગોરસ શબ્દેન વાણી કહિયત હેં."**

## (³તત્સુખજનિકા વાણી)

ત્રીજી વાત આ છે કે સ્નેહ થઈ ગયો, સમર્પણ થઈ ગયું, હવે ત્રીજા લેવલઉપર જેમાં આપણે સ્નેહથી પ્રભુના સુખનો વિચાર કરીએ. છાકના પદ ગાઈએ તો ખબર પડે કે **''દેખો મેરે ઉરકે પસીના''** પ્રભુના સુખના વિચારથી એ સ્નેહમયી વાણી પ્રકટ થઈ છે. તેમાં રસ પ્રકટ થશે કે પ્રભુના સુખના વિચારથી આપણે સેવા કરી રહ્યા છીએ. આપણા કર્તવ્યના વિચારથી નહીં. સેવા ઘણા પ્રકારની હોઈ શકે છે. ભાડાની સેવા, આપણા કર્તવ્યના ભાવની સેવા, કોઈ બદલાની ભાવનાથી કરવામાં આવતી સેવા, સેવા હોઈ શકે છે કે આટલું કામ તમે કરો તો આટલી સેવા અમે કરીએ. એ પણ તો સેવા જ છે ને! આટલી સેવા કરીદો આટલા પૈસા મળી જશે. આટલી સેવા કરીદો તો આટલું નામ મળી જશે. એ સેવા તો છે જ પરંતુ પુષ્ટિમાર્ગમાં આવી કોઈ પણ સેવાને માન્ય નથી કરવામાં આવી. પુષ્ટિમાર્ગમાં જે સેવા માનવામાં આવી છે તે ઠાકોરજીના સુખના વિચારવાળી સેવા માનવામાં આવેલી છે. સેવ્યના સુખનો વિચાર, આ સેવાકર્તા અને સેવ્ય ની વચ્ચેનો આપસી સંબંધ છે. આ મિંયા-બીબીના રાજી હોવાની વાત છે આમાં કોઈ કાજી વચમાં આવી જ નથી શકતો.

મને એક કથા બહુ પ્રિય છે. આથી હું એને વારંવાર કહેતો રહું છું. મેં રિડર ડાઈજેસ્ટમાં વાંચી હતી. એક ઘરમાં રંગ-રોગાન ચાલી રહ્યું હતું. માઁ કોઈ કામથી બહાર ગઈ હતી. ઘરમાં એક નાનકડી છોકરી ત્રણ-ચાર વરસની હતી. તે જોઈ રહી હતી કે માઁને કેટલો ઉત્સાહ છે, રંગ-રોગાનમાં. તેણે રંગ ઉઠાવીને બધી વસ્તુઓ ઉપર લગાવી દીધો ટી.વી.ઉપર, કપડાઉપર, લાઈટઉપર. તેને ક્યાં ખબર હતી કે ક્યાં રંગ લગાવવો! નાની બાળકી હતી. તેણે જોયું કે માઁને આ કામમાં ઉત્સાહ છે. તો મારા કામ કરવાથી માઁ રાજી થઈ જશે. માઁ જ્યારે ઘરમાં આવી તો બધા પરાક્રમ જોયા. એ બાળકીએ ઉત્સાહથી તે વખતે માઁને કહ્યું કે ''માઁ જો કેવો સરસ રંગ મેં તારા માટે કર્યો છે.'' ત્યારે તે માઁએ આમ લખ્યું છે કે ''મને એ છોકરીની વાત સાંભળીને તેને ધમકાવવાની ઈચ્છા ન રહી. કેમકે તેણે મને રાજી કરવા માટે આ બધું કર્યું હતું. એની સમજણ કેટલી? તેને એટલી સમજણ નથી કે ભીંત ઉપર રંગ લગાવવો જોઈએ, ટી.વી.ઉપર ન લગાવવો જોઈએ. માઁ એ વાત ઉપર ખુબજ ખુશ થઈ કે તેણે એ ભૂલ શા માટે

કરી છે, સેવ્યને સુખપ્રદાન કરવા માટે. માઁએ પ્રેમથી એને ગળે લગાડી લીધી કે તેં બહુજ સારૂં કામ કર્યું. એણે કહ્યું કે રંગ તો બીજો થઇ જશે. ટી.વી. તો બીજું આવી જશે પરંતુ આ સમયે આ બાળકીનો ભાવ ખંડિત કરી દીધો તો તે નહીં સુધરે. બાળકે કોઇ પોતાના તોફાન માટે રંગ ન્હોતો લગાડ્યો. એણે રંગ લગાવ્યો હતો માઁને રાજી કરવા માટે. હવે એની જેવી સમજણ. એ માઁએ લખ્યું છે કે ન તો હું એને કાંઇ કહી શકી ન લડી શકી. તેને ગળે લગાવી લીધી કે હા બેટા તેં બહુ સારૂં કામ કર્યું.

આવીરીતે સેવ્યસુખને માટે આપણે કાંઇ ભૂલ પણ કરશું, તો ઠાકોરજી પણ આપણને ગળે લગાવશે કે તેં તો  બહુ સારી સેવા કરી દીધી. જો સેવ્યસુખનો ભાવ નથી, કાંઇક કર્તવ્યનો ભાવ છે, તો જેમ કોઇ હોટલવાળો તમારી બેગ ઉપર આવીરીતે રંગ લગાવી દે તો? તેની પાસે તમે નુકશાનીના પૈસા માંગશો. કેમકે ત્યાં સ્નેહની વાત નથી. સેવ્યના સુખની વાત નથી. ત્યાં લેવડ-દેવડની વાત છે કે અમે તમને સુવિધા પ્રદાન કરવા માટે પૈસા આપ્યા છે. તમારે આવી સુવિધા પ્રદાન કરવી જોઇએ. તમે જો એવી સુવિધા પ્રદાન ન કરી શકો તો લાવો અમારા પૈસા પાછા. પ્રભુની સેવા લેવડ-દેવડનો પ્રકાર નથી. લેવડ-દેવડમાં 'ગો' તો પ્રકટ થશે પરંતુ રસ પ્રકટ નહીં થાય. **''ગોરસ શબ્દેન વાણી કહિયત હેં''** મહાપ્રભુએ કહ્યું કે એ વાણી પ્રકટ થવી જોઇએ, સેવ્યના સુખની કે કેવીરીતે આપને સુખ થાય. એવી વાણી પ્રકટ થઇ તો તે સેવા સેવ્યસુખજનિકા થઇ જશે. તેથી જ કહ્યું કે ''તાકો ભાવ અનિવર્ચનીય હે.''

**(ગોરસ=સમર્પણ+સ્નેહ+તત્સુખ)**

આ ત્રણ લેવલ ઉપર છે. પહેલું લેવલ સમર્પણનું, બીજું લેવલ સ્નેહનું, તેમાં વાણીનો રસ પ્રકટ થવો જોઇએ. અને ત્રીજું લેવલ સેવ્યના સુખનો વિચાર તેની ભાવનાની વાણી પ્રકટ થવી જોઇએ. એ પ્રકારથી કરવામાં આવતી સેવા પુષ્ટિમાર્ગીય સેવા છે. અને એ પ્રકારથી ન કરવામાં આવતી સેવા ઉત્તમ નથી, અધમ છે. એ બધા પ્રકાર અધમ કક્ષાના છે. મહાપ્રભુજીના વચનામૃતના અંતર્ગત આટલી વાત તો સાફ રીતથી સમજવી પડશે., સમજવી જ પડશે. આજે આપણે અહીં રાખીએ, બાકીનું આપણે કાલે કરીશું.

## (''તાકો ભાવ અનિવર્ચનીય હે''-વાણીની નિર્વચનતા-અનિર્વચનતા)

**''ગોરસ શબ્દેન વાણી કહિયત હૈં. તાકો ભાવ અનિવર્ચનીય હે. ઔર સબનૃતૈં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે, તાતેં ભક્તવત્સલ કહાવત હૈં''**

કાલે આપણે જોયું કે સેવોપયોગી વાણી ત્રણ પ્રકારની છે. એક સમર્પણભાવાત્મિકા વાણી, એક સ્નેહભાવાત્મિકા વાણી અને એક સેવ્યસુખજનિકા વાણી. સમર્પણ સ્નેહ અને સેવ્યસુખજનન, આ ત્રણેયના ભાવને મહાપ્રભુજીએ 'અનિવર્ચનીય' કહ્યા. આ શબ્દ પણ ધ્યાન આપવા લાયક છે. સામાન્યરીતે પહેલી વખત સાંભળવાથી શબ્દોનો વ્યવહાર કેવો હોય તે સમજી નથી શકાતું. આ અનિવર્ચનીયનો અર્થ એવો લાગે છે કે જે બોલી ન શકાય. આ અનિર્વચનીય નો પ્રાથમિક અર્થ છે. 'અનિર્વચનીયતા'નું મુખ્ય તાત્પર્ય એવું છે કે ઘણી વસ્તુઓ જેનો આપણે અનુભવ કરી શકીએ પરંતુ એનો શબ્દોમાં નિર્વચન ન આપી શકાતું હોય, તેને 'અનિર્વચનીય' મોટાભાગે કહે છે. જેમ મધની મીઠાસ, ગોળની મીઠાસ, સાકરની મીઠાસ તેને આપણે જ્યારે જીભ ઉપર મૂકીએ તો અનુભવ તો થશે, કેમકે એ ત્રણે મીઠા સ્વાદ છે. પરંતુ એ ત્રણેમાં ફરક શું? નિર્વચન કરીને બતાવો તો કોઈ કેવીરીતે કહેશે? આ ત્રણે મીઠાસોનો ભેદ શબ્દોમાં સમજાવવો, બતાવવો અતિશય મુશ્કેલ છે. છેલ્લે માથું ખંજવાળીને કહેવું પડશે કે ભાઈ ખાઈને જોઈ લો, સમજાઈ જશે. જે કહી શકાય તે આ છે કે ત્રણે મીઠા છે. તો શું એકજ છે. નહીં ત્રણે એક તો નથી. કેમકે મધની જે મીઠાસ છે તે ગોળની તો નથી. ગોળની જે મીઠાસ છે તે સાકરની તો નથી. આ ત્રણેની મિઠાસના ભેદનું આપણે નિર્વચન તો નથી કરી શકતા. પરંતુ અનુભવ તો કરી શકીએ છીએ. બોલી શું શકાય છે કે મીઠા છે. મીઠા છે, આવું બોલવામાં અનિવર્ચનીય નથી. આમ કહી શકાય કે ત્રણે વસ્તુઓ મીઠી છે. પરંતુ તેની મિઠાસનું નિર્વચન કરવું એક અઘરૂં કામ બની જાય છે. આથીજ, આમ કહેવું પડે કે ચાખીને જોઈ લો.  આવું સમર્પણની બાબતમાં પણ આપણે બોલી શકીએ છીએ. કલાકો સુધી કે એક મહીના સુધી પ્રવચન કરવું હોય તો કરી શકીએ છીએ. એ પ્રવચનથી, સમર્પણ જો અનુભવ છે, સમર્પણાત્મિકા મનોવૃત્તિ જે વખતે આપણામાં હોય, તે વખતે તે કેવી

હોય, એ અનુભવ શબ્દમાં નથી બાંધી શકાતો. શબ્દોમાં જો બાંધવા જશું તો એકજ વાત હાથમાં આવશે. જેમ 'મીઠું છે' બસ આટલું જ કહી શકીએ છીએ.

સમર્પણની બાબતમાં પણ આટલું જ કહી શકીશું કે એવી કોઈ વસ્તુ જેમાં આપણી અહંતા-મમતા ન રહી જાય. જો આપણી અહંતા-મમતા નહીં રહી જાય તો સમર્પણ જ નહીં રહી જાય. સમર્પણ રહેશે તો અહંતા-મમતા રહેશે. હવે આને શબ્દોમાં કેવી રીતે બાંધવું! આ બહુ અઘરી વાત છે.

મોટાભાગે આ પ્રકારનો અનુભવ આપણે ત્યાં શાસ્ત્રમાં બતાવ્યો છે. જેમ દેવ અને શક્તિ. બ્રહ્મા સૃષ્ટિના કર્તા દેવ છે. અને એમની શક્તિ સરસ્વતી છે. વિષ્ણુ સૃષ્ટિના પાલક દેવ છે. એમની શક્તિ દેવી લક્ષ્મી છે. રૂદ્ર સૃષ્ટિના સંહારના દેવ છે. એમની શક્તિ દેવી કાલી. હવે જુઓ, જે વખતે આપણે આમ કહીએ કે સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર માં જે શકિતને વાપરવામાં આવી રહી છે એ શક્તિઓ શું છે? એ જ્ઞાનની વૈભવની અને સંહારની શક્તિઓ છે. જે મેં બતાવી હતી. **''અત્તાચરાચરગ્રહણાત્''** એ શક્તિઓ ભગવાન વાપરી રહ્યા છે. હવે આ શક્તિના સ્વરૂપના જે વખતે આપણે દર્શન કરી લઈએ તો વાત સમજમાં આવી જાય છે. પરંતુ તકલીફ શું થાય તે સમજો. જ્યારે આપણે દેવીના સ્વરૂપને અલગ સેવામાં કે પૂજામાં પધરાવીએ, તે વખતે એ દેવીને, તેની શક્તિ સમજવી અઘરૂં બની જાય છે. કેમકે એ સ્વયં એક મૂર્તિમાન સ્વરૂપથી દર્શન દેવા લાગી જાય છે. અને આપણે એમ કહીએ કે આ ભગવાનની શક્તિઓ છે. જેમ દેવી જેટલી પણ છે, એ દેવની શક્તિ છે. જ્યારે આપણે દેવની વાત કરીએ, તો આમ ન કહી શકીએ કે દેવ તો બધા શકિતહીન છે. દેવ તો બધા શક્તિમાન છે. હવે જો દેવ બધા શક્તિમાન છે, એ દેવમાં આપણને શક્તિનો અનુભવ પાછો ન થાય. કેમ? કેમકે આપણે આપણા આધારે શક્તિને ફંફોળવા લાગશું. આપણી શક્તિ આપણાથી અલગ ચાલી નથી શકતી. જેમ હું અહીં રહું અને મારી શક્તિ બહાર ફરીને આવી રહી છે, આવું તો ન થઈ શકે ને!

આપણામાં પણ પતિ અને પત્ની નું દાંપત્ય છે, પરંતુ એ શક્તિ અને શક્તિમાન વાળું દાંપત્ય સંભવ નથી. શક્તિ અને શક્તિમાન દેવમાં લૌકિક પતિ-પત્ની જેવું દાંપત્ય નથી હોતું. હવે આ રહસ્યને થોડાક જુદા-જુદા

ઉદાહરણોથી આપણે સમજી શકીએ છીએ. પરંતુ આનો અનુભવ આવવો આપણી સ્થિતિમાં સંભવ નથી, અનિર્વચનીય વાત છે. આ રહસ્ય આમાં સમજવાનું છે. જ્યારે આપણે પતિ-પત્નીના રૂપમાં સમજવાનો પ્રયાસ કરશું તો આમાં એક પ્રકારનો ભેદ ભાસિત થશે. એને પતિ-પત્ની ના રૂપમાં ન સમજીને, શક્તિ-શક્તિમાનના રૂપમાં સમજવાનો પ્રયાસ કરશું તો આપણી શક્તિ આપણાથી જુદી ઉભી નથી થઈ શકતી. આપણી સાથે આ સમસ્યા છે, આથી શક્તિ અને શક્તિમાન ની વચ્ચે દ્વૈત છે કે અદ્વૈત છે? આને આપણે આમ સરખી રીતે કહી શકીએ છીએ કે તેનો ભાવ અનિર્વચનીય છે. આના ભાવને આપણે નિર્વચન નહીં કરી શકીએ. જ્યારે પણ આપણે આનું નિર્વચન કરવા જઈશું તે આપણી કૂપમંડૂકતા હશે. 'કૂપમંડૂકતા'નો અર્થ છે કે જે કુવામાં દેડકાને જઈને કહીએ કે આજે અમે સમુદ્ર જોઈએ આવ્યા તો તે કુવાના આ કાંઠાથી તે કાંઠા ઉપર કૂદીને બતાવશે કે શું સમુદ્ર આટલો મોટો હતો? નહીં ભાઈ આનાથી ઘણો મોટો હતો. એ બે ચક્કર બીજા મારીને બતાવશે કે આપણો મોટો હતો? અરે નહીં ભાઈ આનાથી પણ ઘણો મોટો હતો. એ કહેશે કે તમે અમથે અમથા ગપ્પા મારી રહ્યા છો? 'કૂપમંડૂકતા'નો અર્થ આ છે કે જો ચાર ચક્કર મેં કુવાના મારી લીધા અને તમે એનાથી મોટો કહી રહ્યા છો તો તમે ગપ્પા હાંકી રહ્યા છો. કુવાના દેડકાને સમુદ્રની વાત ગપ્પા જ લાગશે કેમકે એ બિચારાએ કુવાની બહાર ક્યારેય નિકળીને જોયું જ નથી. એમ આપણી બુદ્ધિનું સામર્થ્ય સ્વભાવ ક્રિયા ની સીમા એ કુવાના દેડકા જેવી જ છે. એમાં આપણે બે-ચાર ચક્કર મારવા હોય તો મારી શકીએ છીએ, પરંતુ એનાથી જો આપણે એ દિવ્ય શક્તિઓનું માપ લેવા જશું તો નહીં લઈ શકીએ.

બરાબર એજ રીતથી, આ હું અલૌકિક વાત નથી કરી રહ્યો, લૌકિક લેવલ ઉપરથી આ વાત ઉઠાવી રહ્યો છું. સમર્પણનો સ્નેહનો કે સેવ્યના સુખના વિચારનો જે ભાવ છે, એ શબ્દોમાં નથી બાંધી શકાતો, લૌકિકમાં પણ અને અલૌકિકમાં પણ. કેમકે જેને સમર્પણનો ભાવ હોય, એ તો આનો અનુભવ કરી શકશે પરંતુ જેની ખુદની ભીતર સમર્પણનો ભાવ નથી, એ કાંઈક સમર્પણનો અર્થ આવો સમજશે કે દઈ દેવું અને આપણું ન માનવું. એવીજ રીતથી એ સમજી શકશે. આ જ તો આપણી કૂપમંડૂકતા છે. ચાહે તો કોઈ

વસ્તુ આપણી પાસે રાખીએ અથવા કોઈને આપી દઈએ. ચાહે તો આપી દીધેલી વસ્તુને આપણી માનીએ અથવા આપણી ન માનીએ. આટલા બધા શબ્દોમાં બાંધીને આપણે સમર્પણનો ભાવ કહેવા માગીશું, પરંતુ કહી દો બસ આ આપણી કૂપમંડૂકતા છે. સમર્પણની મનોવૃત્તિ વિલક્ષણ છે. તેને જો કહેવા માગીએ તો આમ કહી શકીએ જેમ કવિએ કહ્યું કે

**મમ નાથ યદ્ અસ્તિ યોસ્મ્યહં સકલં તદ્ધિ તવૈવ માધવ।**
**નિયતસ્વમતિપ્રબુદ્ધિઃ અથવા કિં નુ સમર્પયામિ તે।।**

(આળવન્દાર સ્તોત્ર-૫૩)

હે માધવ, મારૂં જે કાંઈ છે, હું જે કાંઈ છું, એ તારૂં છે. તો બધું જ કાંઈ તારૂં છે તો સમર્પણ કેવીરીતે થશે! એ તો થઈ જ નથી શકતું. જ્યારે તારૂં જ છે તો તારૂં તને સમર્પણ કેવીરીતે કરીશ! આવું સમર્પણ સંભવ જ નથી કદાચ એટલીક વાત થઈ શકે કે હું આને મારૂં માનવું છોડી દઉં તો તો સમર્પણ થઈ શકે. જો બધાને આપણું માનવું છોડી દઈએ તો નામ કેવીરીતે કહી શકીશું. જેમ આપણે કહીએ છીએ કે મમતા બિલકુલ તોડી દો. પછી આપણે ઠાકોરજીને આપણા કહીએ કે નહીં? અહંતા આપણે છોડી દીધી તો હું ઠાકોરજીનો દાસ છું, આ ગૌરવ રાખવું કે ન રાખવું? હવે જો આ ગૌરવ રાખશું તો અહંતા આવી જ જશે. ઠાકુર મારો છે એમ કહીશું તો મમતા આવી જશે. હવે શું કરવું? શબ્દોમાં આનું નિર્વચન આપવા જઈશું તો અડધા-પડધા શબ્દોથી આનો ઈસારો કરી શકાય છે. પરંતુ આનું નિર્વચન નથી થઈ શકતું.

જેમ અમારી વ્રજભાષામાં જો કહેવું હોય તો સીધા જાઓ તો આમ કહીએ કે 'નાકકી સૂધમેં જાઓ.' હવે ચાલતા-ચાલતા મોઢું ફરી ગયું તો આપણે પણ ફરી જઈએ. આનો મતલબ શું છે? આ વાત કહેવાથી સમજમાં નહીં આવે. જેને સીધું જવું છે, તેને સમજમાં આવી જશે કે 'નાકકી સૂધ'નો મતલબ સીધું જવું છે. પરંતુ જેને જવુંજ વાંકું છે, એ શું બદમાશી કરશે કે ઓહો! નાકની સૂધ કહી તો મોઢું બીજી બાજુ કરીને ત્યાં જશે. રસ્તો આ તરફ જઈ રહ્યો છે કેમકે બદમાશી કરવી છે, તો મોઢું બીજી તરફ કરીને આડા જાય. છતાં પણ આ વકિલાત તો ચાલુ રહેશે કે તમે કહ્યું હતું કે નાકની સૂધમાં જાઓ, અમે તો એ જ કરી રહ્યા છીએ. આ નાનકડી વાત છે, નાકની સૂધની. પરંતુ

આનું નિર્વચન સંભવ નથી. 'નાકકી સૂધ'મેં જાઓ મતલબ કઇ દીશામાં જાઓ. જેને સીધું ચાલવું છે તેને માટે બહુ સરળ વાત છે. તેને તો તરત સમજમાં આવી જશે કે ક્યાં જવું છે પરંતુ જેના મનમાં ખુરાફાત છે, તેને કહીએ તો તે તો એજ દીશામાં જશે જે દીશામાં તેને જવું છે. પાછો કહેશે કે તમે તો આમ જ કહ્યું હતું

ઘણી વાતો શબ્દોમાં બાંધી નથી શકાતી, પરંતુ શબ્દોથી ઈસારો કરી શકાય છે. જેમ બાળકને આપણે પૂછીએ કે હાથી કેટલો મોટો? તો બાળક પૂરો હાથ ફેલાવી દે છે કે હાથી આટલો મોટો. તો શું આપણે ફુટપટ્ટી લઈને માપવા જશું કે હાથી આટલો મોટો! જેટલો મોટો હાથી છે, એટલો મોટો હાથ બાળક ફેલાવી નથી શકતું. પરંતુ પોતાની તાકાતમુજબ હાથ ફેલાવીને કહી દેશે કે હાથી આટલો મોટો. તેનાથી જે સમજદાર છે તેને તો ઈસારો કાફી થઈ જશે કે હાથી કેટલો મોટો હોવો જોઈએ. પરંતુ જો ફુટપટ્ટી લઈને માપવા બેશસું તો હાથીનું માપ ખોટું આવી જશે. બાળક પણ બિચારો ખોટું બોલ્યો, આવું કહેવામાં આવશે. બાળક ખોટું નથી બોલ્યો પરંતુ જેણે હાથ માપ્યો તે ખોટો છે.

આવીજ રીતે આ અર્થમાં અનિર્વચનીય છે કે તેનું શબ્દોમાં નિર્વચન શક્ય નથી. પરંતુ એને ઈસારાથી તો સમજી શકાય છે. હવે ભલે તે સમર્પણની વાત હોય, ભલે તે સ્નેહની વાત હોય અને ભલે તે સેવ્યને સુખ આપવાની વાત હોય. જેમ મેં મારા ગુરૂજીની વાત બતાવી કે એમના દિકરાએ એમને સુખ આપવાની વાત જ તો કરી હતી. હવે વધારે કેટલું સુખ આપવું! ફાઈવ સ્ટાર હોટલમાં રાખી દીધા તમને. બીજું શું સુખ જોઈએ? તો શું સેવ્યસુખ થયું આનાથી? ન થયું. આ વાત અનિર્વચનીય છે. આને આપણે કહેવા જઈશું તો નિર્વચન કરી નહીં શકીએ. શું કરીએ જેનાથી સેવ્યને સુખ થાય અને દુઃખ ન થાય. આ વાત શબ્દોથી નિર્વચનીય નથી. શું કરીએ, તો તેને સ્નેહ કહેવાશે. જુઓ, સ્નેહ જો હશે તો ગાળમાં પણ સ્નેહ હશે. અને સ્નેહ નથી અને પ્રશંસા કરે તો પણ દ્વેષ હોઈ શકે છે. જેમ કોઈને આપણે દ્વેષના કારણે કહીએ કે મોટા સંત છે. મતલબ મહાપાખંડી છે, આવો અર્થ નિકળી જાય છે. પ્રશંસા કરી રહ્યા છીએ તો પણ અર્થ પાખંડી થઈ રહ્યો છે અને બાળકના પ્રત્યે સ્નેહ છે અને આપણે કહીશું કે મહાદુષ્ટ છે તો પણ સ્નેહ તો પ્રકટ થઈ જ રહ્યો છે.

અમારા એક પરિચિત શાસ્ત્રીજી હતા તેઓ આમ કહેતા કે ''મારો બાળક, બહુજ ગુંડો છે. કેટલાય માણસોના પૈસા ખાઇ જાય છે'' આ વાત કહેતી વખતે એમને પોતાના દીકરા ઉપર પ્રેમ આવતો હતો. તો આ વાત સમજવાની છે કે જો આપણે નિંદા પણ કરી રહ્યા છીએ ત તેમાં ગૌરવ છૂપાયેલું દેખાતું હોય છે. ક્યારેય એમના મોઢામાંથી આ વાત એવીરીતે ન નિકળતી કે કોઇ શરમની વાત હોય. તે આમજ નિકળતી કે કોઇ ગૌરવની વાત હોય! અમારા એક પરિચિત હતા. એમનો છોકરો અમારે ઘરે રમવા આવતો. એક દિવસ એ બધાને બતાવી રહ્યો હતો કે મારા પપ્પાને જ્યારે પૈસાની જરૂરત હોય તો તુરતજ જુગાર રમીને પૈસા લઇ આવે. હવે એ છોકરો પ્રશંસા કરી રહ્યો હતો કે નિંદાના રૂપમાં કહી રહ્યો હતો? કેમકે તેણે પિતાની નિંદા કરવાનું તો શીખ્યું જ ન હતું. સ્નેહના ભાવમાં ગાળ આપે તો પણ મજા આવશે. અને દ્વેષના ભાવમાં પ્રશંસા પણ કાંટાની જેમ ખુંચશે. અમારા બચપણમાં એક પરિચિત હતા. એમને બધા છોકરાઓ ઘેરો ઘાલીને વચ્ચે લઇ લેતા અને કહેતા ''અરે મુકુન્દજી આપ તો પ્રખર છો.'' તેઓ કહેતા ''અરે નહીં અમે શું પ્રખર છીએ'' 'પ્રખર'નો એક અર્થ ગધેડો પણ થાય છે. 'પ્ર-ખર' એટલે વિશેષ ગધેડો. અમારી અને એમની ચાલતી રહેતી. સમજો કે નિંદા અને સ્તુતિ નિરર્થક બની જાય છે. ગયા વરસની જ એક વાત બતાવું. કોઇને ત્યાં હું ગયો હતો. એમના બનેવી આવ્યા હતા. એમણે કહ્યું કે ''અમારે જયપુરથી પુષ્કરજી જવું છે, આપને તકલીફ તો થશે પરંતુ આપની ગાડી જોઇએ છે.'' એણે કહ્યું કે ''હા તકલીફ તો બહુ થશે અમને ગાડી આપવામાં. પરંતુ તમારા માટે તકલીફ લેવામાં અમને બહુ મજા આવશે.'' હવે જુઓ આ સ્નેહની વાત થઇ. ગાડી અમારી પાસે નહીં હોય તો તકલીફ તો થશે. પરંતુ એ તકલીફમાં બહુ સુખ મળશે અને એ તકલીફ ન લીધી તો દુઃખ થશે. સ્નેહનો ભાવ આવો છે કે તેમાં તકલીફ લેવામાં મજા આવે. સુખ લેવામાં દુઃખ થાય છે. અને દુઃખ સહન કરવામાં ક્યારેક સુખ થાય. આ અનિર્વચનીય ભાવ છે. આ ભાવોને શબ્દોમાં બાંધી નથી શકાતા કે તકલીફ થઇ રહી છે તો તેમાં કેવીરીતે આનંદ મળી રહ્યો છે! અરે સ્નેહમાં તકલીફની જ તો મજા આવી રહી છે અને સ્નેહ નથી તો બધી સુવિધા હોવા છતાં પણ દુઃખ જ થશે. જેમ ગુરૂજીના ઉદાહરણમાં મેં તમને બતાવ્યું. બધી સુવિધાઓ એમણે ભોગવી પરંતુ એમને

દુ:ખ જ થયું, સુખ ન થયું. આ ભાવ અનિર્વચનીય છે. આપણા હૃદયમાં અનુભૂત થાય તો જ થાય અને ન થાય તો ન જ થાય.

એટલા માટે મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે **''તાકો ભાવ અનિર્વચનીય હે.''** અનિર્વચનીય એવો નથી કે બોલી ન શકાય. બોલી તો શકાય પરંતુ તેને કૂપમંડૂકતાથી જ આપણે બોલી શકીશું. જેના હૃદયમાં એ સમર્પણની સ્નેહની અનુભૂતિ છે, એવી અનુભૂતિ જો થઇ ગઇ તો તરતજ વાત સમજાઇ જશે. અને અનુભૂતિ ન થઇ તો સમજાઇ નહીં શકે. સૂરદાસજીએ જન્માષ્ટમીની વધાઈમાં એક બહુ સુંદર વાત કહી છે કે **''દેવ મુનિ સબ દેખન આયે''** જુઓ આને તો કેટલી બધી વિડંબના જેવું લાગે. જ્યારે ઠાકોરજીનો જન્મ થયો, તેનો જે આનંદ થયો, એમનો જન્મોત્સવ મનાવવામાં આવી રહ્યો હતો, જ્યાં દેવ મુનિ બધા એ ઉત્સવને જોવા આવ્યા છે, તેમને જોવામાં મારા જેવા આંધળાને મોકલવામાં આવ્યો છે. હવે આ નિંદા છે કે પ્રશંસા છે કે સ્તુતિ છે? કાંઇ સમજમાં ન આવે. **''દેખનકોં વહાં સૂર હકારે''** એમને શું મજા આવી રહી છે અને શું તકલીફ થઇ રહી છે સૂર હોવાની અને સૂર હોવાછતાં પણ એ લીલાના દર્શનનો શું આનંદ આવી રહ્યો છે! એ ભાવ આપણે આપણી રીતથી, જ્યાં-સુધી એવી દિવ્યદષ્ટિ ન હોય ત્યાં-સુધી એ વાતની મજા આપણે પૂરે-પૂરી લઇ નહીં શકીએ. એ હોય તો આપણે લઇ શકશું. આ વાત ખાસ સમજવાની છે. **''તાકો ભાવ અનિર્વચનીય હે.''** આ ભાવની અનિર્વચનીયતા છે.

### (''...ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે''-ભગવાનનો સાનુભાવ)

**''ઔર સબનતેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે તાતેં 'ભક્તવત્સલ' કહાવત હેં''** ભક્તનો સ્નેહમય પ્રભાવ. **''ગોરસ શબ્દેન વાણી કહિયત હેં''** સ્નેહનો એક સામાન્ય નિયમ છે કે સ્નેહ મુખરિત થવા માગે છે. અને જે વખતે આપણું પ્રિય છે તેના તરફ આપણે મુખરિત થઇએ, તો તે મુખરિત થવાની પ્રક્રિયા પણ સ્નેહને વધારવાની પ્રક્રિયા છે. વાણીનો અને સ્નેહનો સંબંધ આ પ્રકારથી આદાન-પ્રદાનનો છે. પરંતુ સાથે એક આ પણ હકીકત છે કે કોઇ વખત સ્નેહ અંતર્મુખ પણ બની જાય છે. એ મુખરિત ન થઇ શકે તે વખતે તેને નિસ્નેહ સમજી લેવું પણ એક ભૂલ છે. કેમકે કોઇક

સ્નેહ મુખરિત થઈ શકે અને કોઈક સ્નેહ મુખરિત ન થઈ શકે. મોટાભાગે આપણે ઠાકોરજીની સેવા કરીએ ત્યારે સેવામાં આપણને સાનુભાવ કોઈપણ થતો હોય. જે સાનુભાવ થઈ રહ્યો છે તે ઠાકોરજીની આપણી તરફની મુખરિતતા છે. મતલબ કે ઠાકોરજી મુખરિત છે. જેમ આપણે ઠાકોરજીને સ્નેહ જતાવી રહ્યા છીએ તેમ ઠાકોરજી જ્યારે સાનુભાવ જતાવે તો આપણને સેવામાં ઉત્સાહ અધિક વધે છે. ચાલૂ ખાતાની ભાષામાં લોકો તેને ઘણી વખત ચમત્કાર પણ કહે છે. ઠાકોરજીએ અમને આ ચમત્કાર બતાવી દીધો. ચમત્કારથી મોટાભાગે બેવકૂફ લોકો ચમકે. ચમત્કારથી ચમકવાની જરૂરત નથી. આપણે ત્યાં એટલા જ માટે બહુ સારો શબ્દ છે, સાનુભાવ. ચમત્કાર શબ્દ નથી. આ જુઓ આપણો સ્નેહ ઠાકોરજી પ્રત્યેનો છે કે જેને આપણે સ્નેહ કરી રહ્યા છીએ, એ કાંઇક કરી રહ્યો છે તો એનાથી ચમકીએ શા માટે? ચમત્કારથી તો ચમકે છે. જેમ બળદની સામે કોઈ લાલ કપડું બતાવો તો બળદ ચમકે. આપણે શા માટે ઠાકોરજીથી ચમકવું?

'સાનુભાવ' મતલબ આપણને અનુભવ થઈ રહ્યો છે કે ઠાકોરજી આપણી સેવા સ્વીકારી રહ્યા છે. આવો ભાવ ઠાકોરજીના મુખારવિંદ ઉપર, ઠાકોરજીની સેવા ગ્રહણ કરવાની પ્રક્રિયામાં કોઈ વખતે પ્રકટ થાય. વાર્તામાં તમે જોશો તો મોટાભાગે આવું મળશે કે **''કછુ કાલ પાછેં ઠાકુરજી સાનુભાવતા જતાવન લાગે.''** જેમ આપણે ઠાકોરજીની સામે કીર્તન કરી રહ્યા છીએ **''ગોરસ શબ્દેન વાણી કહિયત હે''** એમ આ આપણું ગોરસ છે અને ઠાકોરજીનું સાનુભાવ જતાવવું એમનું ગોરસ છે. પોતાની વાણી જે પ્રકારથી તે પ્રકટ કરી શકતા હોય, તે પ્રકારની વાણી ઠાકોરજી પ્રકટ કરી રહ્યા છે. એ કેવી વાણી છે? ક્યારેક આપણે ઠાકોરજીના શૃંગાર ધરાવ્યા અને ઠાકોરજીનું મુખારવિંદ બહુ પ્રસન્ન દેખાયું, ક્યારેક બહુ રૂઆબદાર દેખાણું, ક્યારેક બહુ શ્રમિત દેખાણું તો સાનુભાવની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. મુખારવિંદ ઉપર ભાવની વિવિધતાના દર્શન થઈ રહ્યા છે તો સાનુભાવ થઈ ગયો. સાનુભાવતાનો અર્થ એ નથી કે ઠાકોરજી બોલે જ. જ્યાંથી એક્સપ્રેશન શરૂ થયા ત્યાંથી પણ સાનુભાવ શરૂ થઈ શકે. આપણું બાળક જ્યારે જન્મે તો દરેક મા-બાપ કે કોઈ પણ, બાળકના ગાલનો સ્પર્શ કરીએ, કાંઇક અગડં-બગડં વાતો શરૂ કરીએ,

અને બાળક તેના ઉપર હસ્યું કે કાંઈ રિસ્પોન્સ આપ્યો, તો બાળક આપણને સાનુભાવ જતાવી રહ્યો છે. અને સમજો કે કોઈ બાળકને ગમે તેટલું હસાવો તો હસે નહીં, કેટલોય પણ રોવડાવો તો રડે નહીં, કેટલુંય ખવડાવો તો કાંઈ કરે નહીં, તો બાળકને ડોક્ટરની પાસે લઈ જવું પડે છે. કેમ રિસ્પોન્સ નથી આપી રહ્યું, શું ગડબડ છે? આને સંભળાતું નથી, દેખાતું નથી, શું વાત છે? એવીજ રીતે આપણે સેવા કરી રહ્યા છીએ અને ઠાકોરજીના મુખારવિંદ ઉપર ભાવ આપણને ન જોવામાં આવે તો આપણો ડોક્ટર મહાપ્રભુજી છે. એમને કન્સલ્ટ કરવા જોઈએ કે ચક્કર શું છે આમાં આ ખુલાશો કરો. પરંતુ આ વાતમાં ઉતાવળ નથી ચાલી શકતી. ધીરજ તો રાખવી પડશે. જનમતાં જ બાળક પાસે આપણે આ અપેક્ષા રાખીએ કે સાનુભાવ જતાવે તો કોઈ બાળક દશ દિવસ લે છે, કોઈ બાળક મહીનો લે છે કોઈ ત્રણ તો કોઈ છ મહીના લે છે. આ તો બાળક અને મા-બાપ જે તેનું લાલન-પાલન કરી રહ્યા છે, એમનો આ આપસી વિષય છે. એવીરીતે આપણે ઠાકોરજીનો સાનુભાવ જતાવવો અને આપણો ઠાકોરજીને ભક્તિભાવ જણાવવો, તે આપસી વિષય છે. અનિર્વચનીય વિષય છે. ઈશારો એનો કરી શકાશે પરંતુ તેનું નિર્વચન સંભવ નથી. જે કરી રહ્યો છે એને તો અનુભવ થશે.

બાળક માંને કેવીરીતે રિસ્પોન્સ આપવાનું ઓળખવાનું શરૂ કરે છે! જ્યારે બાળક જન્મે, ત્યારે માંના/માતૃત્વની પહેલી આવશ્યકતા છે કે હું બાળકને દૂધ પીવડાવી રહી છું, બાળક માંને ઓળખવા માંડ્યો કે નહીં? જો બાળક માંને ઓળખવા લાગે તો સમજી લો કે માંને એણે સાનુભાવ જતાવવાનું શરૂ કરી દીધું. માંને જોઈને ચુપ થઈ જાય. માં ન દેખાતી હોય તો રોવા લાગી જાય. માંનો ખોળો મળી જાય તો ચુપ થઈ જાય, બીજાના ખોળામાં રોવે. આ બધી પ્રક્રિયાઓ ધીરે-ધીરે માંને ઓળખવાની શરૂઆત છે. તેને પોતાની સુવિધા ત્યાં લાગી રહી છે. પોતાનું સુખ તેને ત્યાં લાગી રહ્યું છે. આ તેના ઓળખવાની પ્રક્રિયા છે. આ ઓળખાણ પાછી ધીરે-ધીરે વધે છે. માંથી તે બાપમાં, ભાઈમાં, દાદામાં, દાદીમાં આવશે. આ પ્રકારથી તેની ઓળખાણનું જે વર્તુળ છે, તે ધીરે-ધીરે વધતું જશે. જેમ-જેમ વર્તુળ વધતું જશે તેમ-તેમ તે બધાને ઓળખવાનું શરૂ કરશે.

આ જ પ્રકારથી જે જીવ સેવા કરી રહ્યો છે તેના ઠાકોરજી તેના પરિવારને, તેના ઘરને ઓળખે છે અને ધીરે-ધીરે એમના સંબંધિત દરેક વાતને ઓળખવા લાગી જાય છે. આ ઠાકોરજીના સાનુભાવ જતાવવાની પ્રક્રિયા છે. જો આપણા ઠાકોરજી સાનુભાવ જતાવી રહ્યા છે તો આપણે સમજી જઈએ કે ઓળખાણ આપણી શરૂ થઈ. આના લેવલ ઘણા પ્રકારના હોઈ શકે છે. એક માણસ જે સેવા કરી રહ્યો છે તેને શૃંગાર ધરાવવા ફાવતા હોય અને બીજો માણસ ત્યાં આવે અને મૂઢ થઈને બેસી જાય કે હવે કેવીરીતે શૃંગાર ધરાવવા! આવડે જ નહીં શૃંગાર ધરાવતા. મતલબ કે ઓળખાણ નથી પડી રહી. જેમ પડોસીના બાળકને કેવીરીતે ખવડાવવું, આપણને ખબર ન પડે. કોઈ બાળકને કેવીરીતે ખવડાવવું, કેવીરીતે હસાવવું, કેવીરીતે તેને પ્રસન્ન કરવું, આ આપણને ખબર પડી જાય તો આપણી અને બાળકની ઓળખાણ વધી, એમ કહેવાય. તે આપણને અંકલ, કાકા, કાકી, કે આંટી કહેવા લાગી જાય. આ બધું શું છે? આ ઓળખાણ વધવાની પ્રક્રિયા છે. ઠાકોરજી જે જીવના ઉપર બિરાજી રહ્યા છે, એ જીવથી સંબંધિત જે-જે વ્યક્તિ છે, એમને ઓળખવાનું શરૂ કરે તો તે ઠાકોરજીની સાનુભાવની પ્રક્રિયા છે અને એ પ્રક્રિયા બહુ ધીમી પ્રક્રિયા છે, પરંતુ સેવામાં એ પ્રક્રિયા શરૂ થઈ શકે છે. નથી શરૂ થઈ શકતી એવી વાત નથી. અને એ પ્રક્રિયાથી મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"ઔર સબનતેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે."**

ઠાકોરજીની તો એક બહુ મોટી દિવ્ય કથા છે પરંતુ ઘરમાં આપણે કુતરો બિલાડી કે પોપટ પાળ્યો હોય તે પણ ધીરે-ધીરે ઘરમાં આવનારા પરિવારના લોકોને ઓળખવાનું શરૂ કરી દે છે. જે એને ખાવાનું આપે છે તેને સૌથી પહેલા ઓળખે. જેમ બાળક માંને સૌથી પહેલા ઓળખે છે. માં જેટલી સાથે ઉઠી-બેસી રહી છે, એને બાળક ઓળખવાનુ શરૂ કરે, એવીરીતે જાનવર પણ જે એને ખાવાનું આપી રહ્યો છે, જેની સાથે તે ઉઠી-બેસી રહ્યો છે, તેને એ પણ ઓળખવાનું શરૂ કરી દે છે. એ ઓળખવાનું શરૂ કરે તે સાનુભાવની પહેલી પ્રક્રિયા છે. તેવીજ રીતે ઠાકોરજી એનાથી અથવા પરિવારથી સેવા લઈ રહ્યા છે, એ ઠાકોરજીના સાનુભાવની પહેલી પ્રક્રિયા છે. આને મહાપ્રભુજી કહી રહ્યા છે કે **"સબનતેં ભક્તકો સ્નેહમય પ્રભાવ"** જેમ માંનો પ્રભાવ. માંના પ્રભાવનો

અર્થ શું? જેમ માં સાથે જોડાયેલ દરેક વ્યક્તિને બાળક ઓળખવાનું શરૂ કરે તો એ બાળક ઉપર માંનો પ્રભાવ પડવાનો શરૂ થયો. અને એ પ્રભાવનો બાળકે સાનુભાવ જતાવ્યો. ફક્ત માંના વ્યક્તિત્વથી જ નહીં પરંતુ માંના વ્યવહારને પણ ઓળખે છે, માંના ગુણથી પણ માંને ઓળખે છે. જેમ બાળકને ખબર પડે છે કે પડોસણ આવશે તો માં નારાજ થશે. આટલી વાત બાળકને ખબર પડે, તો એ બાળક ઉપર માંનો પડેલો પ્રભાવ છે. અને આનો અનુભાવ બાળક જ્યારે જતાવવા લાગી જાય, તો બાળક સાનુભાવ જતાવી રહ્યો છે. બાળકને આનાથી વધારે સમજ નહીં પડે કે આ પડોસણ ઉપર માં શા માટે નારાજ છે અને આ પડોસણ ઉપર માં શા માટે ખુશ છે? પરંતુ એટલું તો સમજે છે કે આ પડોસણ આવી તો મારી માં બહુ રાજી-રાજી થઈને વાતો કરવા લાગી ગઈ અને તે પડોસણ આવી તો મારી માં મોઢું ચડાવીને બેસી ગઈ, ગુસ્સે થઈ ગઈ. આટલી નાની-નાની વાતોને એ બાળક ગ્રહણ કરે છે. આ વાતોને ગ્રહણ કરીને એ બાળક ધીરે-ધીરે પોતાનો સાનુભાવ પ્રકટ કરવાનું શરૂ કરે છે. બાળક જ્યારે સાનુભાવ પ્રકટ કરવાનું શરૂ કરી રહ્યો છે તો આપણી મમતાથી જોડાયેલી જે વ્યક્તિ છે, આપણા ઘરથી જોડાયેલા જે લોકો છે, આપણી અહંતાથી જોડાયેલ જે વ્યક્તિ છે તેને આપણા ઠાકોરજી તેમ-તેમ સ્વીકાર કરવાનું શરૂ કરે છે. ઠાકોરજી જે સ્વીકારે છે તે ઠાકોરજીનો સાનુભાવ છે. આ સાનુભાવને મહાપ્રભુજી અહીં કહી રહ્યા છે કે **''ઔર સબનતેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે.''** ભક્તનો આવો પ્રભાવ ભગવાન ઉપર પડવો જોઈએ કે ભગવાન તેને સાનુભાવ જતાવવાનું શરૂ કરે.

### (''તાતેં 'ભક્તવત્સલ' કહાવત હે.''-ભક્તનો પ્રભાવ)

**''તાતેં 'ભક્તવત્સલ' કહાવત હે.''** તો મહાપ્રભુજી ઠાકોરજીને 'ભક્તવત્સલ' કહી રહ્યા છે. ભક્તવત્સલ શા માટે? કેમકે જે ભક્તને પ્રિય છે તે ઠાકોરજીને પ્રિય બની જાય છે. જે ભક્તને અપ્રિય હોય તે ઠાકોરજીને પણ અપ્રિય લાગવાનું શરૂ થઈ જાય. જેમ આ વ્યક્તિ આવ્યો તો બાળક સમજે કે માં-બાપ નારાજ થઈ જશે તો એમનાથી એ પણ ગભરાતો રહે છે, ડરતો રહે છે. પ્રભાવ તો ગ્રહણ કરે જ છે બાળક કે આના આવવાથી માં-બાપ અપ્રસન્ન થઈ રહ્યા છે. તો કાંઈક પ્રભાવ બાળક ગ્રહણ કરે છે. બસ આટલોક પ્રભાવ જો

બાળક ગ્રહણ કરે તેની પિતૃવત્સલતા, માતૃવત્સલતા પ્રકટ થઈ. મતલબ કે તે પોતાના સુખ-દુઃખને જ સુખ-દુઃખ નથી માની રહ્યો પરંતુ પોતાના માં-બાપના સુખ-દુઃખને પણ પોતાનાં સુખ-દુઃખ માની રહ્યો છે. આ તેની વત્સલતાની શરૂઆત છે. જેમ બાળકનું જેમાં મન લાગે અને માં-બાપનું પણ પણ તેમાં મન લાગવાનું શરૂ થાય, તો માં-બાપનું સંતતિવાત્સલ્ય છે અને બાળક જે વસ્તુ ઉપર પ્રસન્ન થઈ રહ્યો છે અને એજ વસ્તુ ઉપર આપણને રાગદ્વેષ છે તો આપણનુ સંતતિવાત્સલ્ય નથી.

તેવીજ રીતે ઠાકોરજીને જે વસ્તુ સુખદ છે, તે આપણને સુખદ લાગવા લાગે. અને આપણને જે સુખદ છે તે ઠાકોરજીને સુખદ લાગવા લાગે તો તે ભક્તનો પ્રભાવ ઠાકોરજીએ ગ્રહણ કર્યો. જ્યારે આવો સાનુભાવ ઠાકોરજી પ્રકટ કરે તો આવો સંબંધ ઠાકોરજીને અતિપ્રિય છે. **''યાકો ભાવ અનિર્વચનીય હે.''** અનુભવ કરશો તો દરેક ઘરમાં આ કથા છે. દરેક ઘરમાં આ અનુભૂતિને મેળવી શકાય છે. શબ્દોમાં આને ઈદમ્ ઈત્થંતયા આપણે નથી કહી શકતા. નાના-નાના ઉદાહરણોથી જ વાત સમજાવવામાં આવી શકે છે. અહીં આજનું પ્રકરણ રાખશું

**(પ્રશ્નોત્તર)**

**પ્રશ્ન :....**

**ઉત્તર :** બ્રહ્મસંબંધની આજ્ઞા ઠાકોરજીએ મહાપ્રભુજીને આપી. મહાપ્રભુજીને કારણે ઠાકોરજી આપણને ઓળખીને આપણા ઘરમાં બિરાજે, આને આપણને સાનુભાવ તરીકે સ્વીકારતા આવડવું જોઈએ. મોટાભાગે શું થાય કે આપણે આને સાનુભાવ તરીકે નથી સ્વીકારતા અને સમજીએ કે ઓહો અમે સેવાનો સંકલ્પ કર્યો છે, એટલા માટે અમે ઠાકોરજી પધરાવ્યા. એને આપણા અહંકાર તરીકે સ્વીકાર્યા. ભક્તિના સાનુભાવના રૂપમાં ન સ્વીકાર્યા. આપણે આને આ પ્રકારથી સ્વીકારીએ કે ઠાકોરજીએ મહાપ્રભુજીને વચન આપ્યું હતું અને એ મહાપ્રભુની દીક્ષાથી આપણે દીક્ષિત થયા, તેથી આ ઠાકોરજી આપણા ઘરે પધાર્યા. તો ઠાકોરજીએ મહાપ્રભુજીના સંબંધથી પોતાનો માન્યો છે. આપણા ઠાકોરજી આ પ્રકારથી સાનુભાવ આપણને જતાવી રહ્યા

છે અને આપણા ઘરમાં બિરાજી રહ્યા છે. આ સૌથી પહેલો સાનુભાવ છે કે ઠાકોરજી આપણા માથે આપણા ઘરમાં બિરાજી રહ્યા છે. બાકીના બધા સાનુભાવ ઉપરની કથા છે. આ ભાવને સાનુભાવના રૂપમાં આપણે લેવાનું શરૂ કરીએ ત્યારે તો સાનુભાવ પ્રકટ થશે.

અને આને જ આ પ્રકારથી કે આપણે પુષ્ટિમાર્ગીય છીએ, અમે બ્રહ્મસંબંધ લીધું અને ઠાકોરજીને આપણે ઘરમાં પધરાવી રહ્યા છીએ, તો આપણે આ અહંકારભાવથી લીધું ને! સાનુભાવથી ક્યાં લીધું? પ્રભુના સાનુભાવના પ્રકારથી આને લેવાનું શરૂ કરો. ત્યારે જુઓ કે સેવાનું રૂપ કેવું મધુર થતું ચાલ્યું જશે.  આ બધી અનિર્વચનીય કથા છે. **''ગોરસ શબ્દેન વાણી કહિયત હૈં. તાકો ભાવ અનિર્વચનીય હે.''**

**પ્રશ્ન : લીલાભાવ અને સાનુભાવ નો ભેદ કેવીરીતે સમજમાં આવે ?**

**ઉત્તર :** એવું છે કે ઘણાબધા પદ લીલાભાવના છે અને ઘણાબધા પદ સાનુભાવના છે. અને વાર્તાઓ આપણે વાંચશું તો વાર્તા ખુદ આ વાતનો ખુલાશો કરે છે કે કયા ભગવદીયે કયું પદ સાનુભાવતાના ભાવથી લખ્યું છે અને કયું પદ કયા ભગવદીયે લીલાભાવથી લખ્યું છે. બંને પ્રકારના પદ મળે છે.

**પ્રશ્ન :....**

**ઉત્તર :** એવું છે કે પહેલા અને બીજા દિવસના પ્રવચનમાં મેં આ વાત બતાવી હતી કે પુષ્ટિભક્તિની સાધના એક પેકેજ છે. એ પેકેજમાં બ્રહ્મની સાથે સંબંધ છે, પરમાત્માની સાથે સ્નેહ છે, ભગવાનની સાથે નવધાભક્તિનો સંબંધ છે, કૃષ્ણની કથા છે અને ઘરના ઠાકોરજીની સેવા છે. આ પેકેજ છે. કૃષ્ણની કથાની મસ્તીમાં ગાવામાં આવેલ પદ પણ છે. ત્યાં સાનુભાવ જરૂરી નથી. અને ઘરના ઠાકોરજીની સેવામાં ગાવામાં આવેલ જે પદ છે, ત્યાં સાનુભાવ પણ છે. આ દષ્ટિકોણથી જ્યારે આપણે વાર્તાઓ વાંચશું તો આ સાફ થઈ જાય કે ભગવદીયે સાનુભાવથી ગાયું છે કે લીલાભાવથી ગાયું છે. કેમકે પેકેજ જ આ પ્રકારનું છે. તેમાં વાત એકમેક થઈ જાય છે. પરંતુ નોખી તારવીને તેને જોશો તો બધી વાત સમજમાં આવે. કેમકે કથા તો કૃષ્ણકથા છે અને કૃષ્ણસેવા જ્યારે થશે ત્યારે થશે સૌથી પહેલા તો આપણા ઘરના ઠાકોરજીની સેવા છે.

તેના ઉપર કૃષ્ણકથા લખેલી છે. તેના ઉપર નવધાભક્તિની વાત લખાયેલી છે, જેનાથી તેના ભગવાન હોવાનો પેહલુ આપણે યાદ રાખીએ.

એ નવધાભક્તિ સકામ નથી, નિષ્કામ છે. નિરૂપાધિક સ્નેહવાળી છે જેથી આમાં પારમાત્મિક સ્નેહ પણ લખ્યો છે. અને એ સ્નેહ અસંબદ્ધ પરમાત્મા સાથે નથી, બ્રહ્મથી સંબદ્ધ પરમાત્મા સાથે છે. આ પેકેજ આ પ્રકારથી બનાવવામાં આવ્યું છે કે તેમાં એજ વાત આવી રહી છે.

જેમ પેટીને ઉઠાવવા માટે અલગ-અલગ હેન્ડલ હોય છે પરંતુ પેટીને કયા હેન્ડલથી ઉઠાવવી જેથી આપણા હાથને પણ ઝટકો ન લાગે અને પેટી પણ ઉઠાવી શકાય. એક આપણે અજડાઈથી આમ પણ ઉઠાવીને રાખી શકીએ. એક તેને હેન્ડલથી પણ ઉઠાવી શકીએ. કેવીરીતે ઉઠાવવી તે વજન ઉઠાવવાની ટેકનિક ઉપર નિર્ભર છે. જેમ આ બેગમાં એક હેન્ડલ ઉઠાવવા માટે અહીં આપ્યું છે અને બીજું હેન્ડલ અલગ આપ્યું છે ઘસડવા માટે. અને આને મજુરની જેમ ઉઠાવવી છે તો હેન્ડલની જરૂરત જ નથી. ઉઠાવો અને માથા ઉપર રાખો. બેગ તો એજ છે, પરંતુ તેની વ્યવસ્થા બધી અલગ-અલગ છે.

**પ્રશ્ન :....**

**ઉત્તર :** માખણની કટોરી ઘણા લોકો ધરી શકતા હશે અને ઘણા લોકો નહીં પણ ધરી શકતા હોય. કોઈ લોકો ફક્ત એક મિસરીનો કટકો જ ભોગ ધરી રહ્યા છે, કોઈ દૂધની કટોરી જ ભોગ ધરી રહ્યા છે. પરંતુ આપણે ગાઈ રહ્યા છીએ કે માખન-મિશ્રીકો ભોગ લગાયો. તો આ કથા થઈ ગઈ ને! આ ઉત્સવના પદોમાં આવે છે કે **''કર મોદક માખન મિશ્રીલે કુંવરકે સંગ ડોલત નંદરાની, મિસ કર પકરિ ન્હવાયો ચાહત બોલત મધુર બાનિ''**

જ્યારે આપણા ઠાકોરજી આવો સાનુભાવ જતાવે ત્યારે જતાવે પરંતુ કૃષ્ણકથા તો ગાવાનું આપણું સામર્થ્ય છે ને! આજે ઠાકોરજીને અભ્યંગ કરાવવું છે તો **''કર મોદક માખન મિશ્રી લે કુંવરકે સંગ ડોલત નંદરાની, મિસ કર પકરિ ન્હવાયો ચાહત''** મતલબ માખણથી લલચાવીને કોઈ રીતે ઠાકોરજીને ન્હવડાવવા છે. તેઓ ન્હાવા આવી જ નથી રહ્યા. જ્યારે નથી આવી રહ્યા તો **''મિસ કર પકરિ ન્હવાયો ચાહત, બોલત મધુર બાનિ''** આ કેટલી ગજબની

વાત કહી કે **''રાજકુંવર અધન્હાતો ભાજ્યો તાકી કહૂં કહાની, બેની ન બાઢી રહી તનકસી દુલ્હિન દેખ હસાની''** અહીં ઠાકોરજીને બ્લેકમેલ કર્યા છે. (ઠાકોરજીને ડરાવવા, ધમકાવવા, બ્લેકમેલ કરવા આ પ્રકારથી) ઠાકોરજીને અભ્યંગ કરાવતી વખતેની કથા કૃષ્ણકથા છે. કેવું ગજબનું પેકેજ છે કે ન્હવડાવી આપણે રહ્યા છીએ અને કથા ભાગમ્-ભાગની ચાલી રહી છે. પેકેજના કારણથી જ એ લાભ આપણને મળી રહ્યો છે. સમજો કે મહાપ્રભુજીએ આમાં કૃષ્ણકથા ન ગુંથી હોત તો? અને મેં તો અહીં સુધી મંદિરોમાં જોયું છે કે ઠાકોરજીને અભ્યંગ ઉલ્ટા કરીને કરાવે. કોઈ બાળકને આવીરીતે ન્હવડાવો? બીજે દિવસે બાળક ન્હાવા જ નહીં આવે. મંદિરોમાં એ પેકેજમાંથી કૃષ્ણકથા ગાયબ થઈ ગઈ છે અને ઠાકોરજીની સેવા ચાલૂ છે. આથીજ આ બધું થઈ જાય છે કે જે આમ (સીધીમુદ્રામાં) બિરાજી રહેલા ઠાકોરજી છે તેને ઉલટા પકડવા પડે. સવાલ તો એ છે કે જેમ ઠાકોરજીના મુખારવિંદનું અભ્યંગ કરાવવું છે એમ પેટનું પણ તો કરાવવું છે. તો ઠાકોરજીને ઉલટા પકડીને અભ્યંગ કરાવીએ? સુરેશબાવાએ એક વાત મને બતાવી કે દિલ્લીમાં એમનું એક મંદિર છે જ્યાં વરસોથી ઠાકોરજીને અભ્યંગ નથી થયા તો ઠાકોરજી સાંવરા થઈ ગયા. નવા મુખિયાએ બે-ચાર વખત અભ્યંગ કરાવ્યા તો પણ ઠાકોરજી ગોરા ન થયા તો એણે ચાકુથી છોલી દીધા. ટ્રસ્ટી અને દર્શનાર્થી બંને પ્રસન્ન થઈ ગયા કે મુખિયાજી કેટલા સારા આવ્યા છે કે ઠાકોરજી એકદમ ગોરા થઈ ગયા! આ વાત સુરેશબાવાએ મને બતાવી. દર્શનાર્થી આવી-આવી ક્રૂરતા ઠાકોરજી ઉપર કરે. સેવા ન કરવી હોય અને દર્શન જ કરવા હોય તો આવા બધા લફડા  થાય છે. એમને ઠાકોરજી સાથે કાંઈ લેવા-દેવા નથી એમને બસ આ છે કે જ્યારે અમે દર્શન કરવા જઈએ તો ઠાકોરજી બસ ચમકતા દેખાવા જોઈએ. અરે એ ચમકશે કેવીરીતે, એ તમે વિચાર્યું? હું તો એમ કહું કે આનાથી સારા તો પહેલા હતા તે મુખિયાજી સારા હતા, જેમણે અભ્યંગ ન કરાવ્યા. કોઈ વાત ન હતી જો ઠાકોરજી સાંવરા થઈ ગયા હતા. ઠાકોરજી તો આમેય પણ  સાંવરા જ હતા. તેમાં નુકસાન શું હતું? હવે આ રીતે ચાકૂથી છોલીને તેને ગોરા કરવા, આ કોઈ કૃષ્ણકથા છે? કૃષ્ણકથા ત્યાં ગાયબ છે. કેવળ દર્શનકથા  છે કે આ હા હા! દર્શનમાં બહુ આનંદ આવી રહ્યો છે, ઠાકોરજી કેવા ચમકી રહ્યા છે! આહાડડડ...

પુષ્ટિમાર્ગમાં દર્શનાર્થી ભગત બધા આવા સત્યાનાશી છે. જેવીરીતે મકાનને ઉધઇ લાગી જાય એવી ઉધઇ દર્શનાર્થી વૈષ્ણવ હોય છે. દરેક વ્યક્તિ પોતાના ઘરમાં સેવા કરતો હોત તો આવું ન થાત. ઘરમાં સેવા કરવાવાળો વૈષ્ણવ આવા સ્વપ્ન પણ ન જોઇ શકે. આ વાત માત્ર દર્શનાર્થી કરી શકે છે કે અમે આવીએ ત્યારે ઠાકોરજી ચમકતા હોવા જોઇએ. બધી સફાઇ હોવી જોઇએ, સજાવટ આકર્ષક દેખાવી જોઇએ. આ આકર્ષક સજાવટ માટે શું થાય કે મંદિરોમાં ભાતની નીચે ખાલી ઉલટો ટોપલો રાખી દે. જોવાવાળાને લાગે કે **''઼ઓ હો! ભયો ભાતકો કોટ ઓટ ગિરિરાજ છુપાયો''** જોઇને પ્રસન્ન થઇ જાય. અરે એમાં ભીતર તો પોલ છે. ઠાકોરજી શું ખાલી ટોપલો આરોગશે! આવા-આવા ઉપદ્રવ ચાલે. દર્શનાર્થીઓને એમાંજ મજા આવે. જેમ કુશ્તી જોવામાં મજા આવે કે એ માર્યો, એ પછાડ્યો. જ્યાં સુધી દર્શનાર્થી ઠાકોરજીને પટકી ન દે, ત્યાં સુધી એને મજા નથી આવતી.

**પ્રશ્ન :....**

**ઉત્તર :** આમાં જુઓ બ્રહ્મથી લઇને ભગવાન સુધીની જે વાત હતી એ માહાત્મ્યની વાત હતી. બ્રહ્મમાં સ્વરૂપમાહાત્મ્ય, પરમાત્મામાં આત્મરતિરૂપ સ્નેહ, ભગવાનમાં જ્ઞાનાદિ છ દિવ્યગુણોનું માહાત્મ્ય અને કૃષ્ણમાં સર્વોદ્ધારક સ્નેહ. આ પ્રકારના માહાત્મ્ય અને સ્નેહ ના મિશ્રણથી જે શરૂ થઇ રહી છે તે પુષ્ટિસેવા છે. બ્રહ્મનો જે ભાવ છે તે માહાત્મ્યનો ભાવ છે, પરમાત્માનો ભાવ સ્નેહનો છે. તેના પછી ભગવાનમાં પાછું એ જ દિવ્યગુણોનું માહાત્મ્ય આવી રહ્યું છે અને કૃષ્ણકથામાંથી આપણે ત્યાં એ માહાત્મ્યનો અંશ ગાયબ કરવામાં આવ્યો છે. આજ-કાલ દર્શનાર્થીઓને રાજી કરવા માટે કરવા લાગી ગયા છે. હમણાં અધિકમાસમાં એક મનોરથ થયો. તેમાં એક પૂતના બનાવી. અને વિજળીથી પૂતનાના હોઠ ઉપર લખ્યું મરી ગઇ, મરી ગયી. બધા દર્શનાર્થી પ્રસન્ન થઇ ગયા કે શું દર્શન થયા! અરે પૂતના મારવાના જેવી દુર્ભાવના કરો જ શા માટે છો? એ આવી હતી એને તો ઠાકોરજીએ મારી દીધી. હવે પાછી શા માટે લાવી રહ્યા છો! માહાત્મ્યનો અંશ લઇ લીધો છે સેવામાં દર્શનાર્થીઓને માટે. આ કથા જુદી છે. આપણે બધા સ્નેહના અંશ જ સેવામાં લીધા છે. એ અંશ જેમાં પૂતનાને અઘાસુરને બકાસુરને માર્યા, એ નથી લીધા. પરંતુ લાગે કે

હવે જેવો રિવાજ ચાલ્યો છે, એવા મનોરથ પણ થવા લાગશે. આ જ મંદિરમાં એક મનોરથ એવો પણ થયો જેમાં અક્રૂરજી આવીને ઠાકોરજીને મથુરા પધરાવીને લઈ જઈ રહ્યા છે. અરે યાર! રડો તમે. તમારા ભાગ્ય ફૂટ્યા કે તમે આ મનોરથ કરી રહ્યા છો. અક્રૂરજી મથુરા પધરાવીને લઈ ગયા તો ગોપીઓએ કેટલું કરૂણ આક્રંદ કર્યું છે! હવે તમે આનો મનોરથ કરી રહ્યા છો કેમકે અધિક માસ છે તો એક અધિક મનોરથ કરવો છે. અરે! પુષ્ટિમાર્ગીયના હૃદયમાં આવો મનોરથ જાગે કે ઠાકોરજી વ્રજ છોડીને મથુરા પધારી રહ્યા છે મતલબ ધિક્કાર છે ને! કેમકે પ્રદર્શન કરવું છે તો આ બધા મનોરથ કરવા પડશે.

આ પેકેજ એવીરીતે બેલેન્સ કર્યું છે કે જ્યારે માહાત્મ્યજ્ઞાન આવે તો આપણા સ્નેહનું કાઉન્ટર બેલેન્સ આવી જાય. પરમાત્માનો સ્નેહ જ્યારે માહાત્મ્યજ્ઞાનને ઓછું કરે તો ભગવાન આવી જાય, ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય ની સાથે નવધાભક્તિની સાથે. પાછી માહાત્મ્યજ્ઞાનની અધિકતા થાય તો સ્નેહની સાથે કૃષ્ણ આવી જાય. જ્યારે કૃષ્ણ આવી જાય તો પાછી સેવા શરૂ થઈ જાય **''કૃષ્ણસેવા સદા કાર્યા''** તો આ પેકેજ છે આ પ્રકારનું.

### (ધુમાડાનું કારણ અહંતા-મમતા અને સમર્પણનો વિવેક)

કાલે આપણે **''ગોરસ શબ્દેન વાણી કહિયત હેં. તાકો ભાવ અનિર્વચનીય હે. તાતેં ભક્તકો સ્નેહમય પ્રભાવ અતિપ્રિય હે. તાતેં 'ભક્તવત્સલ' કહાવત હેં.''** આ વચનામૃતને આપણે જોયું. આના પછી **''તબ કૃષ્ણદાસજીને ફેરિ પૂછ્યો જો ઠાકુરજીકોં અપ્રિય વસ્તુ કહા હે. તબ શ્રીઆચાર્યજીને કહ્યો કે ઠાકુરજીકુ ધુઆં સમાન અપ્રિય ઔર કછુ નાહીં હે. તાહૂ તેં અપ્રિય શ્રીઠાકુરજીકુ ભક્તકો દ્વેષી હે.''** આ વચનામૃતને આપણે આજે અવગાહન કરવાનું છે.

શ્રીહરિરાયજી ભાવપ્રકાશમાં આજ્ઞા કરી રહ્યા છે કે જેમ 'ગોરસ' શબ્દને વાણી કહ્યો છે એવીજ રીતે 'ક્લેશ'ને મહાપ્રભુજી ધુમાડો કહી રહ્યા છે. આ વાત આપણે મહાપ્રભુજીના સિદ્ધાંતના અનુસાર ખાસ સમજવી જોઈએ કે આપણા ઠાકોરજી જ્યાં બિરાજી રહ્યા છે ત્યાં કાલિમા આવે, તો એ ધુમાડો આપણે પેદા ન થવા દેવો જોઈએ.

મહાપ્રભુજીએ સર્વનિર્ણયમાં એક આજ્ઞા આટલા માટે કરી છે કે સમર્પણ આપણે કરવાનું છે અને સમર્પણ આપણે આપણી અહંતા-મમતાનું કરી રહ્યા છીએ. સામાન્ય બોલ-ચાલમાં આપણે આમ પણ કહીએ છીએ કે સર્વસ્વ સમર્પણ કરી રહ્યા છીએ. જ્યારે સર્વસ્વ સમર્પણ કરી રહ્યા છીએ તો સુખ પણ સમર્પણ કરી રહ્યા છીએ અને એની સાથે આપણે દુઃખ પણ તો સમર્પણ કરી જ રહ્યા છીએ. કેમકે અહંતા-મમતાથી જેમ આપણા સુખ જોડાયેલા છે, એમ આપણા દુઃખ પણ તો જોડાયેલા છે. આપણી અહંતા-મમતાથી જેમ આપણા સ્નેહી જોડાયેલા છે એમ તેનાથી આપણા દ્વેષી પણ તો જોડાયેલા છે. આપણી અહંતા-મમતાથી જેમ પ્રિય વસ્તુ જોડાયેલી છે એમજ અપ્રિય વસ્તુ પણ તો જોડાયેલી છે જ. કેમકે કોઈ વસ્તુ દુનિયામાં પોતાની જાતે, ન તો પ્રિય છે અને ન અપ્રિય છે. અપ્રિય કહીએ તો કહેવું પડશે કે કોને અપ્રિય છે? એવી તો કોઈ વસ્તુ દુનિયામાં હોઈ જ નથી શકતી જે બધાને પ્રિય હોય. એવીજ રીતે કોઈ વસ્તુ બધાને અપ્રિય પણ નથી હોઈ શકતી. તો જ્યારે પણ આપણે પ્રિય કે અપ્રિયની વાત કરશું, તો કોને? આ પહેલો પ્રશ્ન સામે આવશે. જેવો આપણે આ વાતનો જવાબ આપ્યો કે કોને, તો તે વ્યક્તિની અહંતા-મમતા આની ચોખટ બનશે કે જે ચોખટમાં એ પ્રિયતા કે અપ્રિયતાનું ચિત્ર આવશે. પ્રાયઃ આમ જ થાય છે કે જે આપણને પ્રિય હોય તેનાથી આપણને સુખ થાય છે અને જે અપ્રિય હોય છે તેનાથી આપણને દુઃખ થાય છે. આ બધી વાતો મૂલતઃ આપણી અહંતા-મમતાથી જોડાયેલી છે. અને એક વખત જ્યારે આપણે નક્કી કર્યું કે અમે અમારી અહંતા-મમતાને સમર્પિત કરી રહ્યા છીએ જેમ મેં તમને કાલે બતાવ્યું કે **''નિયતસ્વમતિપ્રબુદ્ધિઃ અથવા કિં નુ સમર્પયામિ તે''** એ અહંતા-મમતાથી જોડાયેલી દરેક વસ્તુ સમર્પિત થવાની જ છે.

હું એક ઉદાહરણ આપીને તમને સમજાવવા માગીશ. ક્યાંકના મહારાજ વૈષ્ણવોમાં બહુ પ્રિય હતા. એ મહારાજશ્રીની પાછળ કોઈ હતું નહીં. જ્યારે તેઓ લીલામાં પધાર્યા, તો ત્યાંના વૈષ્ણવોએ કહ્યું કે એમના ઠાકોરજીને પણ શોક કરાવવો જોઈએ. જો ઠાકોરજીને શ્યામ વસ્ત્ર ધરાવ્યા. મહારાજ લીલામાં પધારી ગયા છે તો ઠાકોરજી શોકમાં શ્યામ વસ્ત્ર ધરશે.

આપણે ત્યાં તો એમ કહીએ છીએ કે મહારાજ નિત્યલીલામાં પધાર્યા. એ આટલા માટે કહીએ છીએ કે શોક ન કરો. મર્યા નથી, નિત્યલીલામાં પધાર્યા છે. શોક દૂર કરવા માટે નિત્યલીલામાં પધાર્યા, એમ કહીએ. અને આપણે નિત્યલીલામાં પધારવાનો શોક કરીએ! તો ઠાકોરજી પણ ગભરાશે કે આને મારી નિત્યલીલામાં બોલાવવા? નહીંતર શોક કરશે વૈષ્ણવ. મહારાજશ્રી નિત્યલીલામાં પધાર્યા તો ઠાકોરજીને શ્યામ વસ્ત્ર ધરાવ્યા. હવે આનાથી બિલકુલ વિપરીત એક વાત બતાવું. મથુરાવાળા મહારાજ એમ કહેતા કે આ કાળા રંગને શોકનો રંગ શા માટે માનવો? આ તો મારા ઠાકોરજીનો રંગ છે. પોતાના જન્મદિવસે તેઓ કાળો રંગ ધારણ કરતા. મારા ઠાકોરજીનો રંગ સાંવરો છે તો આ દિવસે તો હું સાંવરો રંગ પહેરીશ. કેસરી નહીં પહેરૂં. હવે જુઓ સાંવરો રંગ શોકનો છે કે સાંવરો રંગ ભક્તિનો છે? જેમ મીરા કહે કે ''સાંવરે રંગ રાચી'' કે ''સૂરદાસકી કાલી કામર ચઢે ન દૂજો રંગ.'' હવે આ શોકનો રંગ છે કે ભક્તિનો? આમ એ કૃષ્ણનો જ રંગ છે તેને આપણે શોકનો રંગ શા માટે માની લીધો. હવે જ્યારે સાંવરો રંગ શોકનો માની લીધો તો સાંવરા રંગના વસ્ત્ર ઠાકોરજીને ન ધરાવવા જોઈએ. કેમકે મહારાજ નિત્યલીલામાં પધાર્યા તો ઠાકોરજીને શોક શા માટે હોવો જોઈએ! આપણને શોક આપણી મમતાના કારણે થઈ રહ્યો છે. એ શોકને આપણા સુધીજ સીમિત રાખવો જોઈએ, તેને ઠાકોરજી ઉપર શા માટે પ્રકટ કરવો? જે ઠાકોરજી પરમાનંદ છે, એમના પ્રત્યે એ શોક પ્રકટ કરવાથી ફાયદો શું?

ક્યારેક ભૂલથી કલેશ પણ સમર્પિત થઈ જાય છે. જેમ કોઈ માણસ કાણો છે, તો દર્શન પણ તો એ એક આંખથી જ કરશે. તેના માટે બીજી આંખ ખોટી લાવી શકે? તો એની એક જ આંખ સમર્પિત થઈ રહી છે અને એનું કાણાપણું પણ સમર્પિત થશે. અમારા ધીરૂભાઈ મોટા ભુલક્કડ છે. ભુલક્કડ પણ એવા કે આચમનના પહેલા બીડી આરોગાવી દે. બીડી આરોગાવ્યા પછી આચમન કરાવે. મને પૂછ્યું ''જે જે કોઈ અપરાધ તો નથી થઈ ગયો?'' મેં કહ્યું ''ઠાકોરજી તમારા ભુલક્કડપણાની મજા લઈ રહ્યા છે. આમાં ડરવાની શું વાત છે?'' એક વખત સ્કૂટર લઈને અમારા ખવાસને શાક ખરીદવા લઈ ગયા. એ શાક ખરીદવા ઉતર્યો અને તેઓ એને છોડીને સ્કૂટર લઈને ઘરે આવી ગયા.

કોઈ દુકાન ઉપર જાય તો દુકાનવાળાની ચાવી પોતાના ખિસ્સામાં રાખી લે અને પોતાની ચાવી દુકાન ઉપર છોડી આવે. દુકાનાવાળો દુઃખી થતો રહે. ભુલક્કડપણું એમનો સ્વભાવજ છે અને એ સ્વભાવ સેવામાં પણ લાગૂ થઈ રહ્યો છે. હવે પ્રભુ તેને સ્વીકારી લે. પ્રભુ સ્વીકારી લે એ એક કથા જુદી છે **"ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વે ન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ"** (સિ.ર.) પરંતુ પોતાના ભુલક્કડપણાને જાણી જોઈને સેવામાં વિનિયોગ કરવો એ સમર્પણનો ભાવ નથી. પોતાના સ્વભાવની જે ત્રુટિઓ છે, એ સેવામાં પ્રકટ થશે. નહીં થાય એવી વાત નથી પરંતુ એ ત્રુટિઓને જાણી જોઈને સેવામાં વિનિયોગ કરવો એ સમર્પણનો ભાવ નથી. કેમકે સમર્પણને જે વખતે સમજાવવામાં આવ્યું છે તેની સાથે આ પણ વાત સમજાવવામાં આવી છે કે સ્વામીના ભોગને માટે જે ઉચિત વસ્તુ છે તેનો વિનિયોગ કરવો. આનું નામ 'સમર્પણ' છે. આપણે જ્યારે સમજી રહ્યા છીએ, જાણી રહ્યા છીએ કે ઉચિત વસ્તુ નથી, તો ન આવવી જોઈએ. અને સમજો કે થઈ જાય તો સ્વામી આપણો એટલો કોઈ કઠોર પણ નથી. હવે જેમ ધીરૂભાઈથી ઉપપટાંગ કામ થાય, તો ઠાકોરજી એની મજા લેશે. આપણે પણ ધીરૂભાઈના આ સ્વભાવથી પરિચિત થઈ જઈએ તો મજા આવવા લાગે. એ તો વ્યક્તિ જ એવો છે, કોઈપણ વાત ભૂલી જાય. એમનો એ સ્વભાવ પણ કાંઈક વિનિયોગ થઈ જ જાય છે. આપણે એમનાથી પરિચિત હોઈએ તો આ આનંદ લઈ શકીએ છીએ. ઠાકોરજી પણ એમના સ્વભાવનો આનંદ જરૂર લેતા જ હશે. પરંતુ જાણી જોઈને સેવામાં ભૂલ કરવી આ સમર્પણનો ભાવ નથી. એ અહંકારનો ભાવ છે.

આથીજ મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અહંતા-મમતાથી આપણી સાથે જોડાયેલી બધી વસ્તુઓ પ્રભુની સાથે જોડાઈ રહી છે. હવે જેમ વિદુરજીની પત્નીએ કેળાની છાલ ખવડાવી દીધી અને ઠાકોરજીએ સ્વાદથી આરોગી લીધી. આનો સિદ્ધાંત નથી બની શકતો કે કેળા ખુદ ખાવ અને છિલકા ઠાકોરજીને આરોગાવો. શબરીએ એઠા બોર ઠાકોરજીને આરોગાવ્યા, તેથી એ સિદ્ધાંત નથી બનતો કે આપણે પણ ઠાકોરજીને જે આરોગાવીએ છીએ તે એઠું કરીને આરોગાવીએ. કેમ? કેમકે એમની ભક્તિમાં ભુલક્કડપણું હતું. એમણે આ વાત

ઉપર ધ્યાન ન આપ્યું કે તેઓ રામને શું આરોગાવી રહ્યા છે! વિદુરજીની પત્નીની ભક્તિમાં મસ્તીનું આ ભુલક્કડપણું હતું કે તે ઠાકોરજીને શું આરોગાવી રહ્યા છે એ વાત ઉપર ધ્યાન ન ગયું. આ વાતને તો પ્રભુ પણ અંગીકાર કરે પરંતુ જાણી જોઈને આપણે સેવામાં ગડબડાધ્યાય જોડીએ ત્યારે એ સમર્પણનો ભાવ ન રહીને કોઈ જાતનો ઉપેક્ષા કે અરૂચિ નો ભાવ પ્રકટ કરીએ છીએ. સેવ્યસુખનો ભાવ પ્રકટ નથી કરતા. કેમકે ઠાકોરજીએ મહાપ્રભુજીને વચન આપ્યું છે કે **''બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિઃ''** (સિ.ર.) આથી આપણે બધા ઉધમ સેવામાં કરીએ, આ વાત સિદ્ધાંતની નથી હોઈ શકતી.

## (સમર્પણનો ભાવ)

સમર્પણનો ભાવ બહુ નાજુક છે. અને નાજુક ભાવ હોવાના કારણે, જોકે આપણી અહંતા-મમતા સાથે આપણા ક્લેશ પણ જોડાયેલા છે પરંતુ આપણે જોવાનું એ છે કે આપણા ક્લેશને આપણે ગ્રાહ્ય માની રહ્યા છીએ કે ત્યાજ્ય માની રહ્યા છીએ. જો ક્લેશને આપણે ગ્રાહ્ય માની રહ્યા છીએ તો તેનો સેવામાં વિનિયોગ કરાવવામાં આવી શકે છે અને આપણા ક્લેશને આપણે પોતેજ ત્યાજ્ય માની રહ્યા છીએ કે આ ક્લેશ આપણને ન થવો જોઈએ, તેને આપણે ઠાકોરજીની સેવામાં જોડીએ તો તે આપણો સમર્પણનો ભાવ ન હોઈને, ઠાકોરજીની કૃપાળુતાનો અનુચિત લાભ ઉઠાવવાનો ભાવ છે. આ વાત ધ્યાનથી સમજવી જોઈએ. અહંતા-મમતા સાથે આપણા ક્લેશ તો જોડાયેલા રહેશે, રહેશે અને રહેશે જ અને આપણામાં અહંતા-મમતા છે તો કાંઈક ક્લેશ તો આપણી સાથે જોડાયેલા રહેશે. એવું તો થઈ જ ન શકે કે અહંતા-મમતા હોય અને ક્લેશ ન હોય. પરંતુ એ ક્લેશને વ્યર્થમાં ઠાકોરજીની સામે રોવું ખરાબ વાત છે. આપણે ત્યાં દીનતાના પદ પણ ઠાકોરજીની સામે નથી સંભળાવતા ઠાકોરજીના પોઢ્યા પછી ગાઈએ. પોતાની જાતને સંભળાવવા માટે આપણે ગાઈએ. કેમકે એ આપણો ક્લેશ છે. સેવાના સમયે આપણું ધ્યાન એ પરમાનંદરૂપ ઠાકોરજીની પરમાનંદતા ઉપર જવું જોઈએ. ત્યારે તો સેવા આપણી ભક્ત્યાત્મિકા થશે.

અહીં આપ લોકો જાણતા હશો કે અહીં સૂરદાસ હરિશચન્દ્રજી હતા.

મારા પોતાના અનુભવની વાત બતાવું કે એમનો વીસ વરસનો દિકરો લગ્ન કરીને આવેલો મુંબઈમાં ચાલ્યો ગયો. આ વાત સવારે અમને ખબર પડી. બહુ ક્લેશ થયો. અમે સવારે સ્મશાન ગયા. જેવા અમે સ્મશાન ગયા , હરિશચન્દ્રજી કીર્તન કરવા લાગી ગયા. અમારા રૂંવાડા ઉભા થઈ ગયા કે આ વ્યક્તિને શું આશ્વાસન આપીએ! અમને કાંઈ બોલવાનો મોકો ન આપ્યો. જેવા અમે, હું અને ઉત્તમજી, બંને ગયા, એ તો અમારા સ્વાગતમાં કીર્તન કરવા લાગી ગયા. હવે શું એમને કહીએ! હવે શું ક્લેશ નહીં થયો હોય એમને દિકરાના જવાનો. ચોક્કસ થયો હશે. પરંતુ એ ક્લેશને અમારી સામે પ્રકટ ન કર્યો. હરિશચન્દ્રજીની આ ગજબની વાત હતી. અમને બોલવાનો મોકો જ ન આપ્યો કે અમે લોકો સંવેદના પ્રકટ કરીએ. અમે લોકો પાછા ફરીને આવી ગયા.

આ સમજવાની વાત છે કે ક્લેશ તો આપણને થાય છે, નથી થતો એવી વાત નથી. કેમકે આપણે મનુષ્ય છીએ. આપણી પણ અહંતા-મમતાઓ છે. આપણા પણ સુખ-દુઃખ છે. પરંતુ એ ક્લેશોને આપણે ઠાકોરજીની સામે તો પ્રકટ ન કરીએ. અનોસરમાં જે રોદણા રોવા છે, એ કરી લઈએ. આપસમાં બેસીને તેના ઉપાય વિચારી લઈએ. જે કાંઈપણ કરવું હોય, રોવું હોય, કૂટવું હોય, લડવું હોય, તો કરો. પરંતુ તેને ઠાકોરજીની સેવામાં તો ઓછામાં ઓછું વિનિયોગ ન કરો. ચાહે તો પ્રાર્થનાત્મક ચર્ચાત્મક વિનિયોગ, ઠાકોરજીની સેવામાં એ ક્લેશોનો વિનિયોગ ન કરવો. આપણી પાસે અહંતા-મમતા છે, તેની સાથે ક્લેશ જોડાયેલ છે, તો તમારે એ બધું સહન કરવું જ પડશે. આ સમર્પણનો ભાવ નથી. આ બહુ નાજુક વાત છે. જેમ મેં આ કહ્યું કે તાકો ભાવ અનિર્વચનીય હે. જો અહંતા-મમતાનું સમર્પણ કરવું છે તો ક્લેશનું સમર્પણ પણ થશે. જો ક્લેશનું સમર્પણ ન કર્યું તો અહંતા-મમતા તો પૂરી સમર્પિત નહીં થઈ શકે. કેમકે એટલો અંશ તો બાકી રહીજ જશે. હવે આને આપણે શબ્દોમાં કહેવા જઈએ તો સમર્પણની પરિભાષા બહુ કઠિન થઈ જશે. પરંતુ **"તાકો ભાવ અનિવર્ચનીય હે."** આથીજ મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"ઠાકુરજીકુ સબસુ અપ્રિય ધુઆં હે."**

**(ક્લિષ્ટનું અસમર્પણ, અક્લિષ્ટનું સમર્પણ)**

'ધુમાડો' મતલબ ક્લેશ છે. આ ક્લેશને મહાપ્રભુજીએ ઘણા પ્રકારથી

વર્ણિત કર્યો છે, વ્યાખ્યાન કર્યું છે. અને ત્યાં મહાપ્રભુજી સમજાવે છે કે ઠાકોરજીને જે પણ વસ્તુ સમર્પણ કરીએ તે અક્લિષ્ટ હોવી જોઈએ. ક્લેશરહિત વસ્તુનું સમર્પણ કરવું જોઈએ. ક્લિષ્ટ વસ્તુનું સમર્પણ ન કરવું જોઈએ. અને એ ક્લેશ ત્રણ પ્રકારનો હોય છે, ચિત્તક્લિષ્ટ લોકક્લિષ્ટ અને આત્મક્લિષ્ટ.

એ ત્રણ પ્રકારના ક્લેશોના નિષેધને માટે મહાપ્રભુજી આમ આજ્ઞા કરે છે કે **''યદ્ યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ યેન સ્યાન્નિવૃત્તિશ્ચિતે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્''** (ત.દી.નિ.૨/૨૩૯) ક્લેશનું સમર્પણ ન કરો. આ વાત સાચી છે કે તમારા વ્યક્તિત્વનો, તમારા જીવનનો જેમ સુખ પરિવાર શરીર સ્વાસ્થ્ય એક પેહલુ છે, જેમ જીવનના વૈભવનો ભાવ, ક્રિયાનું સામર્થ્ય એક પેહલુ છે, એ પેહલુઓને તો સમર્પિત કરો. પરંતુ આળસ પણ તો તમારો એક પેહલુ છે ને! ભાઈ શરીર છે તો આળસ પણ તો આવશે. હવે આપણે શું કહેશું કે આળસ પણ તો ઠાકોરજીને સમર્પિત કરવી જોઈએ. ક્રિયાનું તો સમર્પણ રોજ કરીએ જ છીએ, આજે તો અમે આળસનું સમર્પણ કરી રહ્યા છીએ. આમ પણ કહીએ કે આજે તો અમે બીમાર છીએ તો બીમારીનું પણ સમર્પણ આજે અમે કરીશું.

અમારા એક પરિચિત એક વખત બીમાર થયા તો અમે કહ્યું કે ચાલો જોવા જઈએ. ત્યાં જઈને અમે બીમારીની બાબતમાં પૂછતાછ કરી તો એમણે કહ્યું કે શું બતાવું મહારાજ! પહેલા મહારાજ તો એટલા સમર્થ હતા કે પોતાના કોઈ ભક્તને રોગ થાય તો પોતાના શરીરમાં લઈ લેતા હતા. પરંતુ આજ-કાલના મહારાજોમાં તો આ સામર્થ્ય ક્યાં શોધવા જવી! હવે હું વિચારવા લાગ્યો કે આ કહેવા શું માગી રહ્યા છે? એક તો અમે ત્યાં સ્વાસ્થ્ય પૂછવા ગયા અને એમણે અમને આ બોધપાઠ ભણાવી દીધો. મેં કહ્યું કોઈનું સ્વાસ્થ્ય પૂછવા જવું આ તો એક મોટી મુશ્કેલ કથા થઈ ગઈ. ગુજરાતીમાં એક કહેવત છે કે ''હોમ કરતા હાથ દાઝ્યા''. એક તો હોમ કરવા બેઠા ઉપરથી હાથ બળ્યા. એક તો આપણે સ્વાસ્થ્ય પૂછવા જઈએ અને ઉપરથી તેનો રોગ આપણા શરીરમાં લઈને આવ્યા! હવે શું કહેવું એમને. એવીજ રીતે આપણે ઠાકોરજીને વિનતી કરીએ કે મહારાજ! અમને કેન્સર થઈ ગયું છે તો આપ આ રોગ આપનામાં લઈ લો. ઠાકોરજીને પણ પરેશાની કે આપણે અહીં સેવાને માટે બિરાજીએ,

નહીંતર શા માટે સાંભળવું પડે આ બધું. આપણા ક્લેશ છે તો તે આપણા છે અને રહેશે. અને ક્લેશ છે તે એવું નથી કે દુઃખદ નથી હોતા. પરંતુ મહાપ્રભુજી એમ કહે છે કે **"ત્રિદુઃખસહનં ધૈર્યમ્"** (વિ.ધૈ.આ.૬) આપણા દુઃખને સહન કરવા જોઈએ. મહાપ્રભુજી એમ પણ નથી કહેતા કે ધૈર્ય જ રાખો. મહાપ્રભુજી એમ પણ કહે છે કે **"પ્રતિકારો યદચ્ચાતઃ સિદ્ધશ્ચેન્ નાગ્રહી ભવેત્"** (વિ.ધૈ.આ.૭) જો તમે દુઃખને દૂર કરી શકતા હો તો પોતાના ઉપાયોથી એ દુઃખોને દૂર કરો. જો નહીં કરો તો તે તમારી સેવામાં વિઘ્ન કરશે. અને તમે દુઃખી હશો તો તમારી સેવામાં પણ દુઃખતા પ્રકટ થશે. દુઃખ સેવા સુધી પહોંચે તેની પહેલા જો એ દુઃખને તમે પોતાના ઉપાયોથી દૂર કરી શકતા હો તો કરો. કેમકે આવો મોકો ન આવે કે જ્યારે તમે ઠાકોરજીની સમક્ષ જઈ રહ્યા છો, તો તમે જે દુઃખથી દુઃખી થઈ રહ્યા છો, એ દુઃખને લઈને જાઓ.

ગોકુલનાથજીના બીજા સંદર્ભમાં વચનામૃત છે, પરંતુ બહુ સમજવાજેવા વચનામૃત છે. જ્યારે આપ કાશ્મીરથી પાછા ઘરે પધારી રહ્યા હતા તો એકે કહ્યું કે ઉંઘ બહુજ આવે છે. કાંઈક ભગવત્ચર્ચા કરીએ. તો આપે કહ્યું કે આપણે બેસીને કાંઈક લૌકિક ચર્ચા કરીએ. ઉંઘ ઉડાડવા માટે કાંઈક લૌકિક ચર્ચા કરીએ. જ્યારે ઉંઘ ઉડી જશે ત્યારે ભગવત્ચર્ચા કરીશું. ઉંઘ ઉડાડવા માટે ભગવત્ચર્ચા કરવી, મતલબ ઉંઘ ઉડાડવાનો વિનિયોગ ભગવત્ચર્ચામાં ન થઈ શકે. એવીજ રીતે ઉંઘ નથી આવી રહી તો આપણે કીર્તન કરવા બેસી જઈએ. અરે ભાઈ, જાગી રહ્યા છો તેમાં ભગવત્કીર્તન કરો. તેમાં કોઈ દોષ નથી. ઉંઘ નથી આવી રહી એટલા માટે કીર્તન કરવા બેસી ગયા તો આવો વિનિયોગ ન થઈ શકે.

આ ભાગવત કથાઓમાં આવું જ થાય છે. સવારથી સાંજ સુધી બહુ લાંબી કથાઓ ચાલે. શ્રોતા બિચારા બેઠા-બેઠા સૂઈ જાય. કથાવાચક જુએ કે જેવું કોઈ શ્રોતાને ઝોંકુ આવી રહ્યું છે તેવું જ કહે, "બોલો શ્રીકૃષ્ણચંદ્રકી જય, બોલો ગોવર્ધનનાથકી જય, બોલો શ્રીયમુને મહારાણીકી જય". બિચારો શ્રોતા ઉઠી જાય. શ્રોતાને જગાડવા માટે ગોવર્ધનનાથની જય શા માટે કરો ભાઈ! જાગેલા શ્રોતાઓને આ વાત સંભળાવો કે શ્રીગોવર્ધનનનાથકી જય. જગાડવા માટે ગોવર્ધનનાથકી જય નથી. જગાડવા માટે થોડાક ચુંટીયા ભરી દો, એના મોઢા ઉપર પાણી છાંટી દો. એને સભામાં ફટકારી દો. આ બધી ભક્તવૃત્તિ

નથી કહેવાતી. કેમકે આ આપણો ક્લેશ છે, તેનો વિનિયોગ નથી થઈ શકતો. વક્તાને ક્લેશ છે કે શ્રોતાને ઉંઘ આવી રહી છે. ક્લેશને આપણે કોઈક બીજા ઉપાયથી દૂર કરીશું, તેનો ભગવાનાં વિનિયોગ ન કરવો જોઈએ. ચિત્તક્લિષ્ટ લોકક્લિષ્ટ આત્મક્લિષ્ટ આ સેવામાં ન થઈ શકે.

## (ક્લેશાત્મક ધુમાડાઓના પ્રકાર)

અને વિસ્તારથી મહાપ્રભુજી અહીં સુધી સમજાવે છે કે **''વિક્ષેપાદ્[૧] અથવા અશકત્યા[૨] પ્રતિબન્ધાદ્[૩]પિકવચિત્, અત્યાગ્રહપ્રવેશે[૪] વા પરપીડા[૫]દિસમ્ભવે તદા સેવા ત્યક્તવ્યા.''** (ત.દી.નિ.૨/૨૫૦) કેમ ત્યકતવ્યા? તેનું મૂલમાં ધ્યાન આપો. [૧]વિક્ષેપાદ્=મનમાં જો અતિશય વિક્ષેપ છે અને આપણે જો સેવા કરીશું તો કોઈ ને કોઈ ક્લેશ પ્રકટ થશે. [૨]અશક્તિ=આ શરીરમાં અશક્તિ આવી ગઈ છે અને છતાં પણ હઠથી આપણે સેવા કરીશું તો કોઈક ને કોઈક ક્લેશ તો થશે. [૩]પ્રતિબન્ધાદ્=ઘરના મોટા-બૂઢા આમ માનતા હોય કે સેવા ન કરવી જોઈએ, મંદિરમાં જ જઈને દર્શન કરી લેવા જોઈએ તો એમની સામે જો આપણે સેવા કરીશું તો તેઓ ઝઘડો કરશે કે ઘરમાં આ શું નાટક શરૂ કરી દીધું છે! તો ઘરમાં આ પ્રતિબંધ છે હવે આ પ્રતિબંધમાં જે વખતે સેવા શરૂ કરશું તો ગાળો સેવાને અને ઠાકોરજીને પડશે. આથી મહાપ્રભુજી મનાઈ કરે છે કે આ પ્રકારના પ્રતિબંધમાં સેવા શરૂ ન કરો. થોડા દિવસ વિપ્રયોગનો અનુભવ કરો પરંતુ સેવા ન કરો [૪]અત્યાગ્રહપ્રવેશે= અતિઆગ્રહ થઈ ગયો કે આપણે આ તો લાવવું જ છે. આના વિના તો સેવા થઈ જ નહીં શકે. અત્યાગ્રહ જ્યારે થયો તો કોઈને કોઈ ક્લેશ થશે અને થશેજ. મતલબ છપ્પનભોગ ધરવો છે, મોટા-મોટા માટલા જેવડા બૂંદીના લાડવા બનાવવા છે. હવે આપણી પાસે પૈસા નથીતો ગામ પાસેથી માંગવા. લાઓ પૈસા, લાઓ પૈસા. ગામ ગાળો દઈ રહ્યું છે કે વારે-ઘડીએ પૈસા માગવા આવી જાય. કોઈ ધંધો છે કે નહીં. હમણાં ગયા વરસે જ તો પૈસા આપ્યા હતા. આ બધું શું છે? આ બધા અત્યાગ્રહ છે. આવા અત્યાગ્રહથી ઠાકોરજીની સેવા અપેક્ષિત નથી. સહજતાથી જે આપણી પાસે ઉપલબ્ધ છે તેનાથી આપણે સેવા કરવી જોઈએ. શબરીએ કોઈ રસગુલ્લા ઠાકોરજીને ભોગ ધર્યા ન્હોતા. જે

બોર એની પાસે હતા, એ ભોગ ધર્યા હતા. ઠાકોરજીને જે સહજ ઉપલબ્ધ છે તેમાં રૂચિ છે. કેમકે એ ક્લેશરહિત છે અને જે વસ્તુને ભેગી કરવામાં આપણને જ ક્લેશ થઈ રહ્યો છે, એને લઈને જ્યારે આપણે સેવામાં જઈશું તો એ ક્લેશ સેવા સુધી પણ જશે. જ્યારે એ સેવા સુધી જશે તો તે ધુમાડાની સમાન અપ્રિય લાગશે. ઠાકોરજીની સેવા કોઈ શનિશ્ચર દેવની સેવા તો છે નહીં કે આટલું તેલ તો ચઢાવવું જ પડશે, નહીંતર દશા છૂટશે નહીં. ઠાકોરજી તો પરમાનંદ સ્વરૂપ છે. એમની કોઈ દશા આપણને નથી લાગી છે શનિશ્ચરની જેમ કે તેલ ચડાવો તો જ દશા ઉતરશે, નહીતર નહીં ઉતરે. ઠાકોરજી તો આપણે ત્યાં પ્રેમથી, સ્નેહથી બિરાજી રહ્યા છે. આ કારણથી જો આવો ક્લેશ થઈ રહ્યો છે તો સેવા છોડી દેવી જોઈએ. મહાપ્રભુજી કહી રહ્યા છે કે એ સેવાનો તમે આગ્રહ ન રાખો. [૫]પરપીડા=તમે સેવાનો આગ્રહ રાખ્યો. તમે પરિવારમાં બધાથી મોટા છો અને બધા તમારાથી નાના છે. તેઓ બધા તમારા કારણે તકલીફ વેઠી રહ્યા છે. તમે છતાંપણ બધાને સેવામાં બળજબરીથી આવવા માટે કહો. જેને આપણે ‘મજુરી’ કહીએ છીએ. મજુરીની સેવા કરાવવી તેના કરતાં સેવા ન કરવી ચાર ગણી બેહતર છે. કેમકે મજુરીની સેવા કરાવવાથી ઠાકોરજીને ક્લેશનું સમર્પણ થશે. ભાવનું સમર્પણ નહીં થાય.

## (સ્નેહનો સિદ્ધાંત)

એક વાત સમજો કે જ્ઞાનનું વિરોધી અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન છે. ઠાકોરજીનું સાચું સ્વરૂપ આપણે ન જાણીએ તો શું કહેવાય કે આપણને અજ્ઞાન છે અને ઠાકોરજીનુ જેવું સ્વરૂપ છે તેનાથી વિપરીત કોઈ સ્વરૂપ છે, તો અન્યથા જ્ઞાન. પરંતુ અજ્ઞાન અને અન્યથાજ્ઞાનનો ભક્તિની સાથે આટલો ઝઘડો નથી. કેમકે ભક્તિની શરૂઆત તો માહાત્મ્યજ્ઞાનનો જે પેહલુ છે તેનો અજ્ઞાન અને અન્યથાજ્ઞાન સાથે ઝઘડો છે. તેની આગળનો જે પેહલુ છે, સુદઢ સર્વતોધિક સ્નેહ તેનો ન તો જ્ઞાનથી, ન અજ્ઞાનથી અને ન અન્યથાજ્ઞાનથી કોઈ ઝઘડો છે. આથી જ આપણે ત્યાં જો ઠાકોરજીના સપના આવે તો તેને મિથ્યા નથી માનવામાં આવતા. દુનિયાદારીનું જો કોઈ સપનું આવી રહ્યું છે તો તે ખોટું પણ હોઈ શકે છે અને સાચું પણ હોઈ શકે છે. પરંતુ મહાપ્રભુજી આમ કહે છે કે ઠાકોરજીનું જો આપણને સપનું આવે તો તેને ભ્રમ કે મિથ્યા ન

માનવું. કેમકે ઠાકોરજી આપણી સાથે એ માધ્યમથી બોલવા માટે સમર્થ છે. સપના અજ્ઞાન નહીં પરંતુ અન્યથાજ્ઞાન તો છે ને! માનો કે આપણે ઠાકોરજીની સેવામાં નથી પરંતુ આપણને સપનું આવ્યું કે ઠાકોરજીની સેવા થઇ રહી છે તો આ અન્યથા જ્ઞાન થઇ ગયું. ઠાકોરજીની સેવા જો સપનામાં પણ થઇ રહી છે તો મહાપ્રભુજી કહે છે કે એ પ્રમાણ છે. આપણે અન્યથાથી કોઇ વસ્તુને જાણી નથી શકતા. જેમ સાંપને આપણે દોરડુ સમજી લીધું, એ તુલસીદાસજીવાળી કથા, તો આ અન્યથાજ્ઞાન છે. એ તો તુલસીદાસજીનું માહાત્મ્ય હતું કે સાંપ એમને કરડ્યો નહીં. પરંતુ આપણે જો સાંપને દોરડુ સમજીને પકડવા ઇચ્છ્યું તો તો એ કરડશે જ. પરંતુ ઠાકોરજીમાં આ સામર્થ્ય છે કે સ્નેહવશ જો આપણે ઠાકોરજીને અન્યથા પણ સમજી લીધા તો ઠાકોરજી આપણા એ ભાવનું પોષણ જ કરશે, શોષણ નહીં કરે. શરત માત્ર એટલી છે કે એ અન્યથાજ્ઞાન ઠાકોરજીની બાબતમાં સ્નેહમૂલક હોવું જોઇએ.

આપણે ત્યાં એ ડોકરીની વાર્તા છે, જેણે બાલકૃષ્ણલાલને ઠાકોરજી ન માન્યા. કેમકે એણે મદનમોહનજીને જ જાણ્યા હતા કે ઠાકોરજી મદનમોહનજી જેવા જ હોય. બાલકૃષ્ણલાલને એણે અન્યથા જ્ઞાનથી એવા માન્યા કે ઠંડીના માર્યા આ ઠુંઠવાઇ ગયા લાગે છે. તો તેનો ભાવ ઠાકોરજીએ પોષણ કર્યો કે ન કર્યો! પરેની વાર્તા જુઓ. ગુસાંઇજીની ખડાઉથી ટકરાઇને એક પત્થર જ તો ઉડ્યો હતો, પરે. કેમકે તેને બધા પરે-પરે કરતા હતા તો એણે વિચાર્યું કે ઠાકોરજી પણ 'પરે' છે કદાચ. એ પત્થર જ્યારે ઉડ્યો તો પરે-પરે ભાઇ. એણે વિચાર્યું કે આજે ઠાકોરજી પધરાવી આપ્યા મને! તો પરેથી પણ તેને સાનુભાવ પ્રકટ થયો કે ન થયો? સ્નેહમાં ન તો અજ્ઞાન બાધક છે અને ન અન્યથાજ્ઞાન બાધક છે. ભક્તિનો પહેલો અંશ છે માહાત્મ્યજ્ઞાન, તેનો અજ્ઞાન અને અન્યથાજ્ઞાન સાથે થોડોક ઝઘડો છે. અને ઉત્તરાંશ સ્નેહને જ્ઞાન અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પણ ચાલે. સ્નેહને આ વાતની દરકાર નથી કે જેને તમે સ્નેહ કરી રહ્યા હો, તેને તમે સરખી રીતથી સમજી રહ્યા હો, અથવા ન સમજી રહ્યા હો અથવા કાંઇક બીજું જ સમજી રહ્યા હો. ભાઇ સ્નેહ કરી રહ્યા છીએ, બસ આટલી વાત જ પર્યાપ્ત થઇ ગઇ. સ્નેહનો આવો સિદ્ધાંત છે.

આપણે આ વાત સમજીએ કે આપણા પરિવારના પિતા પુત્ર ભાઇ

બધાના તો ક્ષણભંગુર દેહ છે એમને શું સ્નેહ કરવો! આજે તો જીવી રહ્યા છે, કાલે મરી જશે. હવે સમજો કે આ સત્ય જ્ઞાન છે. પરંતુ કાલે મરી જશે એ ધ્યાન આપણે સ્નેહના કારણે નથી કરી રહ્યા કે આ દેહ ક્ષણભંગુર છે. કેમકે સ્નેહ આ વાતને વિચારવાની દરકાર નથી રાખતો. ફિરાક ગોરખપુરી બહુ મોટા શાયર થયા છે. એમણે એક શેર લખ્યો છે કે ''ગુન્ચે તેરી જિન્દગીપે રશ્ક હોતા હે, તૂ એક તબસ્સુમકે લિએ ખિલતા હે. તો ગુન્ચેને કહા હંસ કર એ બાબા, એક તબસ્સુમ કિસે યહાં મિલતા હે?'' ફૂલને કહી રહ્યો છે કે તું બસ એક વખત ખિલવા માટે જીવી રહયું છે. એ ફૂલ કહી રહ્યું છે કે ''એક વખત જીવનમાં ખિલવાનું ક્યાં મળે છે લોકોને!'' ઘણાબધા મનુષ્યોના જીવન આવા જ હોય છે કે વગર ખિલ્યે જ મુરઝાઈ જાય છે. મને ઓછામાં ઓછું એક વખત તો ખિલવા મળ્યું. આ કોઈ ઓછી વાત છે! ફૂલની ક્ષણભંગુરતાનો સિદ્ધાંત ફૂલના પ્રત્યે બાધક થાય છે? જેને આ વાતનો ખ્યાલ રહેશે કે અરે ફૂલ તો ફક્ત એક તબસ્સુમને માટે ખિલે છે, એ તો ફૂલને ક્યારેય ચાહી જ નહીં શકે. ચાહી કોણ શકશે, જેને ફૂલથી સ્નેહ છે. એક નહીં અડધી તબસ્સુમને માટે પણ ફૂલ ખિલે, તો પણ સ્નેહના કારણે પસંદ આવશે. અડધી ખિલેલી કળીમાં પણ કેટલું સૌંદર્ય ભરાયેલું છે, આ જે પુષ્પના પ્રેમી છે, એ જ સમજી શકે છે. **''તાકો ભાવ અનિર્વચનીય હે.''** આ વાત ન ભૂલતા, એમાં કોઈ ક્ષણભંગુરતાનું જ્ઞાન બહુ વધારે મહત્વ નથી રાખતું. અને આપણું આ અન્યથાજ્ઞાન કે આ અધખિલેલી કળી છે, એ બહુ મહત્વ નથી રાખતું. બસ ફૂલ ખિલેલું છે, આ વાત પર્યાપ્ત થઈ ગઈ.

કોઈ પણ પાઉડર કે સેન્ટ કે અત્તર લગાવો. તેની સુગંધની મર્યાદા ફક્ત તમને પાંચ-દસ મિનીટ જ આવશે. તેના પછી બીજાને આવી શકે છે, પરંતુ તમને નહીં આવે. બીજાને આવી શકે કલાક સુધી કે વધારેમાં વધારે દિવસભર. આનાથી વધારે કોઈપણ સુગંધ નથી રહેતી. હવે આપણે કહીએ કે સુગંધનું જીવન કેટલું ક્ષણભંગુર છે! આને લગાવવાથી ફાયદો શું? તો સવાલ એ પેદા થાય છે કે જો સુગંધ ન લગાવવી તો શું દુર્ગંધ લગાવવી? સુગંધ જો ક્ષણભંગુર છે તો શું લગાવવી નહીં? આવું ન હોઈ શકે. જે વખતે આપણે ઠાકોરજીને સ્નેહ કરી રહ્યા છીએ, તે વખતે એવું નથી વિચારી શકાતું.

## (સ્નેહમૂલક અહંતા-મમતાનો ભક્તિમાં વિનિયોગ)

બે અલગ વાત છે. એક અજ્ઞાનમૂલક સ્નેહ, અન્યથાજ્ઞાનમૂલક સ્નેહ અને સ્નેહમૂલક અજ્ઞાન તેમજ સ્નેહમૂલક અન્યથા જ્ઞાન આ બંને વાતોમાં ભેદ સમજો. આપણને અજ્ઞાનમૂલક સ્નેહ થયો આ વાતને મહાપ્રભુજી બહુ અભિનંદનીય નથી માનતા. એવીજ રીતે અન્યથા જ્ઞાનમૂલક સ્નેહ થયો, આને પણ મહાપ્રભુજી અભિનંદનીય નથી માનતા. પરંતુ જો સ્નેહને કારણે કોઈ અજ્ઞાન અથવા અન્યથા જ્ઞાન થઈ રહ્યું છે, મતલબ કે સ્નેહને કારણે તમે આ વાતને ભૂલી ગયા જેમ વ્રજભક્તોની સામે ઠાકોરજીએ ગિરિરાજ ઉઠાવ્યો અને અમુક-અમુક લીલાઓ એવી કરી જે લોકોત્તર લીલાઓ હતી અને જેને એક વખત કોઈ જોઈ લે તો જીવનભર ન ભૂલી શકે, એવી ચમત્કારપૂર્ણ લીલાઓ હતી. પરંતુ કેમકે વ્રજભક્તોને સ્નેહ હતો તો એ બધી લીલાઓને ભૂલીને વ્રજભક્તોએ પોતાના સ્નેહને પોતાના અજ્ઞાનને કાયમ રાખ્યા કે આતો અમારા વ્રજનો બાળક છે. આ વ્રજભક્તોનું સ્નેહમૂલક અજ્ઞાન હતું. 'અજ્ઞાન' મતલબ કે ભ્રમને કારણે પેદા થતો સ્નેહ અને તેના કારણે પેદા થયી રહેલી ભ્રાંતિ. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સ્નેહને કારણે જો તમને કોઈ ભ્રાંતિ થઈ રહી છે કે પ્રભુ મારી પાસે પધારી રહ્યા છે, મહાપ્રભુજી કહે છે કે આ તો ભક્તિની પરાકાષ્ઠા છે. ન પણ પધારે તો પણ. જેમ કોઈ સ્નેહીની આપણે રાહ જોઈ રહ્યા છીએ તો જ્યારે પણ દરવાજો ખખડે તો લાગે કે તેઓ આવી ગયા. તો આ તો સ્નેહની પરાકાષ્ઠા છે. જે વખતે ક્ષણે-ક્ષણે સ્નેહને કારણે ભ્રાંતિ થઈ રહી છે, એ તો સ્નેહની પરાકાષ્ઠા છે. સ્નેહમાં ભ્રાંતિ પેદા કરવાની તાકાત છે. બુદ્ધિમાનની ભીતર પણ ભ્રાંતિ પેદા કરવાની તાકાત સ્નેહમાં છે. એ સ્નેહની તાકાતને મહાપ્રભુજી સ્વીકારે છે. પરંતુ અજ્ઞાનની તાકાત અને ભ્રાંતિની તાકાત મહાપ્રભુજીએ નથી સ્વીકારી. અજ્ઞાન અને ભ્રાંતિમાં પણ આ તાકાત છે કે તે સ્નેહને પેદા કરી શકે છે પરંતુ આને મહાપ્રભુજી કહે છે કે આ સાંસારિક સ્નેહ છે. અજ્ઞાન અને અન્યથાજ્ઞાનના કારણે જે સ્નેહ છે તેને તો મહાપ્રભુજી 'સંસાર' માની રહ્યા છે. પરંતુ સ્નેહને કારણે જે અજ્ઞાન કે અન્યથા જ્ઞાન પેદા થઈ રહ્યું છે તેને ત્યાજ્ય ન માનીને ગ્રાહ્ય માની રહ્યા છે. સ્નેહનો ઝઘડો અજ્ઞાન કે અન્યથાજ્ઞાન સાથે નથી. મહાપ્રભુજી કહી રહ્યા છે કે ભગવત્સ્નેહને

કારણે કોઈ અહંતા પનપી કે હું ઠાકોરજીનો સેવક છું, હું આ વાત નહીં કરૂં હું અન્યાશ્રય નહીં કરૂં, **"બ્રહ્મા રૂદ્ર ત્યાં કોણ બાપડા શ્રીહરિનાં મન મોહે"** (વલ્લભાખ્યાન-૧/૮) આ બધી સ્નેહને કારણે પનપેલી અહંતાનો વિરોધ મહાપ્રભુજી નથી કરતા. અહંતાને કારણે કોઈ સ્નેહ પનપી રહ્યો છે તેનો વિરોધ તો કરે છે. અહંતાના કારણે ઠાકોરજી સાથે સ્નેહ નથી કરવાનો પરંતુ સ્નેહને કારણે જો અહંતા જાગી, તો સો જ્ઞાન અથવા બ્રહ્મજ્ઞાન તેના ઉપર ન્યોછાવર છે. એવીજ રીતે ભગવત્સ્નેહને કારણે મમતા જાગી, તો એ મમતા ઉપર મહાપ્રભુજી મુક્તિને ન્યોછાવર કરી રહ્યા છે. પરંતુ મમતાને કારણે જો તમને ભગવત્સ્નેહ જાગ્યો તો કાંઈક ગડબડ છે.

અમારે મુંબઈની એક વાત મેં તમને બતાવી હતી કે એક મુખિયાજી મારી પાસે આવ્યા. એમણે કહ્યું કે "મહારાજ એક ઠાકોરજી પધરાવી આપો નિધિસ્વરૂપ." મેં કહ્યું કે "નિધિસ્વરૂપ ક્યાંથી પધરાવું?" એમણે કહ્યું કે "શું કરૂં બહુ જરૂરત આવી પડી છે." મેં પૂછ્યું "એવી શું જરૂરત પડી ગઈ?" એમણે કહ્યું કે "અમારા પિતાજી પણ મુખિયાજી હતા અને અમે ચાર ભાઈઓ હતા. ઘણીબધી સંપદાઓ હતી ઘરમાં. હવે અમે ચારે ભાઈઓ કમાઈ રહ્યા છીએ, પરંતુ તેવી સંપદા નથી. હવે મેં નિશ્ચય કર્યો છે કે ત્રણે ભાઈઓ તો પોતાના કામમાં લાગેલા છે પરંતુ હું તો મુખિયાજી બનીશ. મુખિયાજી બનું એટલા માટે ઠાકોરજી જોઈએ. અને વધારે કમાણી તો નિધિના ઠાકોરજીથી જ થાય. કેટલાય મહારાજો પાસે ગયો." એમણે નિધિના ઠાકોરજીની મનફાવે તેવી કિંમત બતાવી પરંતુ અંતમાં એમણે એક મંદિર ખોલી દીધું. હવે જુઓ ભક્તિ થઈ છે, ઠાકોરજીથી સ્નેહ પણ છે. પરંતુ મમતાના કારણે ભક્તિ થઈ છે, ભક્તિના કારણે મમતા નથી થઈ. આ પ્રકારની જે ભક્તિ છે કે ઠાકોરજીની સેવા કરીશું, મંદિર ચલાવશું તો ઘરમાં લીલા-લહેર થઈ જશે. જેમ દરેક વાર્તામાં આવે છે કે "પાછેં ઠાકુરજી સાનુભાવતા જતાવન લાગે" એવીજ રીતે "પાછેં ઠાકુરજી દ્રવ્ય દેન લાગે." આ પુષ્ટિમાર્ગની વાર્તા નથી. આ વાર્તા તો સંસારની વાર્તા છે. કેમકે આપણે આપણી મમતાને કારણે ઠાકોરજીની ભક્તિ કરી રહ્યા છીએ. ભક્તિને કારણે ઠાકોરજી સાથે સ્નેહ નથી કરી રહ્યા.

ઠાકોરજીમાં જે સ્નેહ છે, એ સ્નેહને કારણે જે ક્લેશ થઈ રહ્યો છે, તે

ક્લેશને તો મહાપ્રભુજી ધુમાડો નથી માનતા. પરંતુ કોઈ લૌકિક ક્લેશને કારણે તમે જો ઠાકોરજીની ભક્તિ કરી રહ્યા છો તો તેને મહાપ્રભુજી કહેશે કે તમે ધુમાડો પેદા કરી રહ્યા છો. ક્લેશનું નિવારણ કરો. ક્લેશને સહન કરો. **"ત્રિદુઃખસહનં ધૈર્યમ્"** (વિ.ધૈ.આ.૬) તમારાથી સહન ન થતું હોય તો મહાપ્રભુજી કહે છે કે **"શુદ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ, ભગવત્સેવને યોગ્યાઃ"** (ભાગ.સુબો.૧/૧/૩) જે શુદ્ધ છે, જે સુખી છે, જે બ્રહ્મવિદ્યા વિશારદ છે, તે બ્રહ્મસેવાને યોગ્ય છે. કારણ શું? નહીંતર આપણે આપણા ક્લેશનો વિનિયોગ ઠાકોરજીમાં કરીશું. ઠાકોરજીની સેવા મહાપ્રભુજી ઘરે-ઘરે પધરાવવા ઈચ્છી રહ્યા છે. જેમ એક પિતા પોતાની દીકરીને પરણાવવા ઈચ્છે અને જે ઘરમાં પરણાવવા ઈચ્છે તે ઘરની બધી પરિસ્થિતિ એકઠી કરે એ સાવધાનીથી મહાપ્રભુજી આ સમજાવવા માગી રહ્યા છે કે ભાઈ ધુમાડો ઠાકોરજીને અપ્રિય છે. હું તમને ઠાકોરજી પધરાવી આપું પરંતુ ધુમાડાથી એમના નેત્ર રોતા ન કરી દેતા. હવે એ ધુમાડો કયો? જે મહાપ્રભુજીએ બતાવ્યો **"વિક્ષેપાદ્ અથવા અશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્, અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે"** (ત.દી.નિ.૨/૨૪૭) **"... તદા સેવા ત્યક્તવ્યા"** (ત.દી.નિ.૨/૨૪૭) એ સ્થિતિમાં સેવા ન કરો જો તમને માનસિક વિક્ષેપ છે, શારીરિક અશક્તિ છે. તમને કઈ પારિવારિક પ્રતિબંધ છે, તમને જો ધર્મનો અત્યાગ્રહ થઈ થયો છે કે જો તમારાથી પરપીડા થઈ રહી છે. તો આ પ્રકારની તમારી અહંતા-મમતા જે ક્લેશ ઉત્પન્ન કરી રહી છે, તેનો વિનિયોગ તમે સેવામાં ન કરો. કેમકે ઠાકોરજીને ધુમાડો બધા કરતાં વધારે અપ્રિય છે. આ પરિસ્થિતિમાં મહાપ્રભુજી પસંદ કરે છે કે સેવા છોડી દો. એ મહાપ્રભુજી જેઓ ઘર-ઘરમાં સેવા પધરાવવા ઈચ્છી રહ્યા છે. તેઓ ઘર-ઘરમાંથી છોડાવવા પણ ઈચ્છી રહ્યા છે. સેવા કરવાની શરત છે કે એ ઘરમાં ધુમાડો ન હોવો જોઈએ. ઘરમાં ક્લેશનો ધુમાડો ન હોવો જોઈએ, તો પરમાનંદ પ્રભુ આપણો ત્યાં બિરાજશે. ક્લેશનો ધુમાડો જ્યાં છે, ત્યાં પરમાનંદરૂપ પ્રભુ બિરાજી નથી શકતા.

આપણે પુષ્ટિમાર્ગીયોએ ક્લેશના ધુમાડામાં જ ઠાકોરજીને પધરાવવાનો નિશ્ચય કર્યો છે. વાસ્તવિકતા આ છે કે મંદિરોમાં જેટલો ક્લેશ છે, એટલો ઘર-

ગૃહસ્થીમાં નથી. જેમ નાગરીદાસજીએ કહ્યું કે ''સબૈ કલહ સંસારમેં ઔર રાજ કલહકો મૂલ'' એવીજ રીતે ''સબહ કલહ સંસારમેં ઔર મંદિર કલહકો મૂલ.'' શું કરવું? કલહનું મૂલ મંદિર બની ગયા છે. ધુમાડો સર્વથા ઠાકોરજીને અપ્રિય છે. આ વાત આપણે સમજવી જોઈએ અને આનો ભાવ પણ અનિર્વચનીય છે. જો સમર્પણનો ભાવ, જો સ્નેહનો ભાવ, જો સેવ્યને સુખ પ્રદાન કરવાનો ભાવ આપણા હૃદયમાં સ્પષ્ટ છે, તો આ વાતને આપણા હૃદયમાં અનુભવ કરવામાં જરા પણ તકલીફ નહીં આવે. અને જો આ બધા ભાવ સ્પષ્ટ નથી તો આ ધુમાડો કેમ પ્રભુને અપ્રિય થઈ રહ્યો છે, આ સમજમાં આવવું બહુ કઠિન છે. તેનું સીધુંજ કારણ સમજો કે દરેક ચૂલા પેટાવવાવાળાને ધુમાડો તો સહન કરવો જ પડશે. ચૂલો ન જલે એવી ગૃહસ્થી હોઈ કેવી રીતે શકે! સંન્યાસી કે ભિખારી એવો હોઈ શકે કે ચૂલો ન જલાવે. પરંતુ જે ગૃહસ્થ છે ત્યાં ચૂલો તો જલસે અને જ્યાં ચૂલો જલસે ત્યાં ધુમાડો તો થશે. અમારા ઘરમાં પણ અમારા દાદીજીએ ધુમાડો મંદિરની તરફ ન આવે, એ છતના રસ્તેથી બહાર નિકળી જાય, એટલા માટે કેવી-કેવી વ્યવસ્થા કરાવી છે, આ છત ઉપર જઈને જુઓ તો આશ્ચર્ય થાય છે. આવીજ રીતે આ આપણા શારીરિક, પારિવારિક આત્મિક અને સામાજિક જે ધુમાડાઓ છે તે પ્રભુની તરફ ન જવા દેવા જોઈએ. આ બધા જોકે આપણી અહંતા-મમતા સાથે જોડાયેલા છે તો પણ તેના નિકાલની કોઈ વ્યવસ્થા રાખવી જોઈએ. એ ધુમાડો આપણા સેવ્યની તરફ ન જાય. ચૂલો જલસે તો ધુમાડો તો થશે. એમાં તો કોઈ શંકા નથી. અહંતા-મમતા છે તો કલેશ તો થશે જ. ''દિલ હી તો હૈ ન સંગોખિશ્ત, દર્દ સે ભર ન આયેં ક્યૂં, રોયેંગે હમ હજાર બાર કોઈ હમેં રૂલાયે ક્યૂં'' આપણે રોઈ રહ્યા છીએ તો રોઈ લઈએ પરંતુ કમસે કમ ઠાકોરજીની સામે ન રોઈએ. આપણા રોદણા આપણે અનોસરમાં રોઈએ. મહાપ્રભુજી આ વાત સમજાવવા માટે કહી રહ્યા છે કે **''ધુઆં ઠાકુરજીકુ અત્યંત અપ્રિય હે. ઔર તાસોં ભી અત્યંત અપ્રિય હે ભક્તકો દ્વેષી''** 'ભક્તકો દ્વેષી' એટલે જે સેવા કરી રહ્યો છે તેની સાથે આપણે દ્વેષ કરીએ અને કહીએ કે આપણે પુષ્ટિમાર્ગીય છીએ તો સમજી લો કે આપણે પુષ્ટિમાર્ગીય નથી. કેમકે ઠાકોરજીને ભક્તનો દ્વેષી પ્રિય નથી તો આનો પણ ભાવ અનિર્વચનીય છે. આપણે કાલે આનું નિર્વચન કરીશું આજે આપણે અહીં રાખીએ.

**પ્રશ્ન : અજ્ઞાનમૂલક સ્નેહનું ઉદાહરણ શું?**

**ઉત્તર :** સૌથી પહેલાં તો સ્નેહ મમતાને કારણે થાય. અને જે-જે વસ્તુઓમાં આપણે મમતા રાખી રહ્યા છીએ, તે વગર અજ્ઞાન સંભવ નથી. જે આપણે મારૂં કહી રહ્યા છીએ, મતલબ જેની સાથે આપણે જોડાયેલા છીએ. હવે હું જોડાયેલો છું તેમાં કમસે કમ અને વધારેમાં વધારે આપણું શરીર જ તો આવશે. જેમ આપણે બાળકને મારૂં કહીએ અને તેનું લાલન-પાલન કરીએ તો બાળક ખુશ થઈને પોતાના માનશે. નહીંતર તે પોતાના જ નહીં માને. આપણે બાપને મારો કહીએ પરંતુ તેની આજ્ઞામાં રહીએ તો જ તે પોતાનો માનશે નહીંતર તો કહેશે નિકળ ઘરમાંથી. તો જેને મારૂં માની રહ્યા છીએ ત્યાં થોડુંક અજ્ઞાનનું મેકેનિજમ્ તો કામ કરી જ રહ્યું છે અને તેની સાથે આપણે સ્નેહ પણ તો કરી જ રહ્યા છીએ. જ્યાં મમતા તૂટી જેમ અતિપ્રિય કોઈ હોય અને મરી જાય તો શરીરથી કોણ મમતા રાખે છે? ઉલટું ડરીએ છીએ. સૂરદાસજીએ કહી છે આ વાત કે જેને પ્રિય સમજતા હતા તેના પ્રાણ છૂટ્યા પછી પ્રેત સમજીને તેનાથી ડરીએ છીએ. જેને પ્રિયતમ સમજતા હતા અને એ આવીને ઉભો રહી જાય તો ભૂત ભગાળવાવાડાને બોલાવીને તેને ભગાવીએ. આનાથી તમે સમજી શકો કે અજ્ઞાનમૂલક સ્નેહ કેવો હોય.

## (અક્લેશાત્મકભાવને માટે [ક]વિવેક- [ખ]ધૈર્ય- [ગ]આશ્રય)

કાલના પ્રસંગમાં આપણે ઠાકોરજીને ધુમાડો અપ્રિય છે તે જોયું. ‘ધુમાડો’ એટલે ક્લેશ. એ ક્લેશ કેટલાય પ્રકારનો હોઈ શકે છે, ચિત્તક્લેશ લોકક્લેશ આત્મક્લેશ. મહાપ્રભુજીની આ વાત તમને બતાવી. આના પછી વિવેકધૈર્યાશ્રયમાં વિવેકને ધૈર્યને અને આશ્રયને પ્રાપ્ત કરવાના, જે ચાર-ચાર પ્રકાર બતાવ્યા છે, એ ચાર-ચાર પ્રકારોમાં જે ચાર ઉપાય બતાવ્યા એને આપણે ઉલટા કરીએ તો પુષ્ટિમાર્ગીય ક્લેશ છે. મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં ક્લેશના રૂપમાં તેનું નિરૂપણ નથી કર્યું. કેમકે વિવેકધૈર્યાશ્રયમાં મહાપ્રભુજી વિવેક ધૈર્ય અને આશ્રય નું નિરૂપણ કરે છે. અને વિવેક ધૈર્ય અને ભગવદાશ્રય ને નિભાવવાના ચાર ચાર ઉપાય ત્યાં બતાવ્યા. પરંતુ સમજવાની વાત એટલી છે કે જો આપણી પરિસ્થિતિ કે આવશ્યકતા ના અનુરૂપ, આ

ઉપાયોને આપણે ન અપનાવીએ, તો તે પરિસ્થિતિ મહાપ્રભુજીના હિસાબથી ક્લેશાત્મિકા થાય છે. આથી તે ક્લેશ કે ધુમાડા ના નિવારણને માટે, જેમ જુના ઘરોમાં ધુમાડાને નિકળવા માટે ચિમની હોતી હતી. અમારા ઘરમાં અહીં દાદીજીએ મોટી-મોટી ચિમની બનાવી છે, જેનાથી કે ઠાકોરજીના મંદિરમાં ધુમાડો ન જાય. એમ વસ્તુતઃ મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયરૂપ ચિમની બનાવી છે ક્લેશને બહાર કાઢવા માટે. જેથી તે આપણી ભક્તિને અથવા જે ભક્તિથી ભજનીય પ્રભુ છે, એમને એ પરેશાન ન કરે. એમના નેત્રોમાં એ બળતરા પેદા ન કરે, તે પ્રકારના ઉપાય મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં બતાવ્યા છે. સાંભળતાં જ, અથવા પાઠ કરતા જ વસ્તુતઃ એ ક્લેશ જોવામાં નહીં આવે. કેમકે તેમાં વિવેક ધૈર્ય અને આશ્રય ના ચાર ઉપાય જ જોવામાં આવશે. પરંતુ જ્યારે એ ઉપાયોને ઉલટા કરીને જોઈશું તો આપણને એ ક્લેશ સમજમાં આવી જશે.

## (વિવેકથી અક્લેશાત્મકભાવ)

સૌથી પહેલા મહાપ્રભુજીએ આપણને આ વાત સમજાવી કે **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''** (વિ.ધૈ.આ.૧) જો આપણે પુષ્ટિમાર્ગમાં શરણાગત થઈને રહેવું છે, અથવા માત્ર શરણાગતિથી સંતુષ્ટ ન થઈને ભક્તિ પણ કરવી છે, અથવા ભક્તિના જે પણ પ્રકાર છે, જેમ સેવાત્મક કથાત્મક અથવા તીર્થાટનાત્મક, એ પ્રકારોને જો આપણે અપનાવવા છે તો સૌથી પહેલા આ વિવેક રાખવો બહુજ જરૂરી છે કે **''[ક]વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''** અને **''[ખ]ત્રિદુઃખસહનં ધૈર્યમ્ આમૃતેઃ સર્વતઃ સદા''** અને **''[ગ]અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ''** (વિ.ધૈ.આ.૧-૬-૧૧) **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''** જ્યારે આપણે વિવેકનું સ્વરૂપ માન્યું કે પુષ્ટિમાર્ગીય વિવેક શું? જે કાંઇ થવાનું છે તે ભગવદિચ્છાથી જ થવાનું છે. જેમ કાલે તમને મેં બતાવ્યું હતું કે પુષ્ટિમાર્ગની વોકેબ્યુલરી અલગ છે. તેની ક્યારેય ડિક્શનરી બને ત્યારે મજા આવે. પુષ્ટિમાર્ગમાં શબ્દ પ્રયોગ કેવો? તેમાં આ વાત ધ્યાન આપવાની છે કે આપણે ત્યાં જે પુષ્ટિમાર્ગની દષ્ટિથી હોવી જોઈએ, જો આવી કોઈ વાત છે, પછી તે આપણા પુરૂષાર્થથી સિદ્ધ કરી હોય, કે આપણને કોઈએ સહાયતા કરીને સિદ્ધ કરાવી દીધી હોય, કે અનાયાસ સિદ્ધ

થઈ ગઈ હોય, તો તેને આપણે ભગવત્કૃપા માનીએ છીએ. ભગવત્કૃપાથી આમ થયું. ભલે તે આપણા પુરૂષાર્થથી સિદ્ધ થયું હોય, પરંતુ એમ ન માનવું કે મેં મારા પુરૂષાર્થથી આ કાર્ય સિદ્ધ કર્યું. કાર્ય સિદ્ધ કરવામાં ભલે કોઈ બીજાએ સહાયતા કરી, તો આપણે આમ ન માનવું જોઈએ કે તેની સહાયતાથી આ કાર્ય સિદ્ધ થયું. આમ માનવું કે ભગવત્કૃપાથી જ કાર્ય સિદ્ધ થયું. આ જુઓ પુષ્ટિમાર્ગીય 'વિવેક' છે. જ્યાં કોઈ કાર્ય અનાયાસ સિદ્ધ થઈ જાય તો ત્યાં આપણું આ વિચારવાનું સરળ બની જાય છે કે ભગવત્કૃપાથી આ કાર્ય સિદ્ધ થયું. પરંતુ ઘણી વખત જ્યોતિષીઓની ચપેટમાં આવી જઈએ. જ્યોતિષી તો આમ બતાવી દે કે ગુરૂ કે શનિ ની દૃષ્ટિથી આ કામ સમ્પન્ન થયું. જે પણ કારણથી થયું આવું, જે જ્યોતિષી બતાવતો હોય તે સાંભળી લેવું. તેને કાળો વાવટો ન દેખાડવો. પરંતુ દરેક સમયે મનને આ વાત સમજાવતા રહેવું કે આ ગ્રહ શું કરશે? વધારેમાં વધારે જો ગ્રહ કાંઈ કરી શકે છે તો ભગવદિચ્છાથી જ થવાનું છે, તેની સૂચના ગ્રહે આપણને આપી દીધી. જેમ ટ્રેન ક્યારે આવવાની છે તેની સૂચના પ્લેટફોર્મવાળો પહેલા જ આપી દે છે. માનો કે પ્લેટફોર્મવાળાએ આ સૂચના આપી દીધી કે ફલાણી ટ્રેનની આ સમય સુધી આવવાની સંભાવના છે તો તેના કહેવાથી ટ્રેન આવવાની નથી. એ તો ફક્ત ટ્રેન આવવાના સમયની સંભાવના બતાવી રહ્યો છે. આવીજ રીતથી ગ્રહ જે કાંઈ ભગવદિચ્છા છે તેની સૂચના આપી રહ્યા છે. આનાથી વધારે આપણે ન માનવું જોઈએ. આ પુષ્ટિમાર્ગીય વિવેક છે કે **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''**નો આપણો ભાવ દૃઢ છે કે જે કાંઈપણ થઈ રહ્યું છે તે ભગવદિચ્છાથી જ થઈ રહ્યું છે. અને આપણી વોકેબ્યુલરી એવી છે કે જે આપણને અભિલષિત છે, તે જો થઈ રહ્યું છે તો તે ભગવાનની કૃપાથી જ થઈ રહ્યું છે, જે આપણને અભિલષિત ન હોય એવું પણ તો કાંઈક થઈ શકે છે. આપણી દરેક અભિલાષા પૂરી થાય એ તો જરૂરી નથી. આપણે પુરૂષાર્થ કરીએ કે આપણી કોઈ સહાયતા કરે ત્યારે પણ દરેક અભિલાષા પૂરી થાય, એ પણ જરૂરી નથી. અને અનાયાસ કોઈ વસ્તુ મળી જાય પરંતુ તે આપણી પાસે ટકી રહે, એ પણ કોઈ જરૂરી નથી. જેમ તમે ક્રિકેટ જુઓ. તેમાં ફીલ્ડરના હાથમાં કેચ્ તો આવી જાય પરંતુ કોઈ વખતે છૂટી પણ જાય છે. અનાયાસ બોલ્ તેના હાથમાં આવી જાય પરંતુ તે એને પકડી ન શકે અને બોલ્ હાથમાંથી નિકળી જાય છે. જીવનની કથા પણ

આ ક્રિકેટ જેવી જ છે. અનાયાસ કોઈ બોલ્ આપણી પાસે આવી જાય છે. આપણે તેને પકડવા માટે લપકીએ પણ છીએ પરંતુ લપકવા જઈએ ત્યાં સુધીમાં બોલ હાથમાંથી છૂટીને ક્યાંક બીજે ચાલ્યો જાય છે અને જે આમને સામને રમી રહ્યો છે તે એકાદ રન તેના ઉપર બનાવી લે છે. જરૂરી નથી કે આપણી અભિલાષાઓ બધી પૂર્ણ થાય. આ પણ જરૂરી નથી કે આપણી બધી અભિલાષાઓ અપૂર્ણ રહે. આ બધું ચક્કર પચાસ-પચાસ ટકાનું છે. પચાસ ટકા આપણી અભિલાષા પૂર્ણ થવાની સંભાવના છે અને પચાસ ટકા અપૂર્ણ રહેવાની સંભાવના છે.

આ રહસ્યને સમજી જઈએ તો આપણને વિવેક ખોવાનો અવસર ક્યારેય આવશે નહીં. પુષ્ટિમાર્ગની બોલચાલના હિસાબથી, કોઈ ઘટના જો આપણી અભિલાષાના અનુસાર થઈ, તો તે ભગવત્કૃપા છે. અને આપણી અભિલાષાના અનુસાર ન થઈ તો તે ભગવદિચ્છા છે. આ આપણી પુષ્ટિમાર્ગીય વોકેબ્યુલરી છે. પરંતુ આ ભગવદિચ્છા અને ભગવત્કૃપા ની મધ્યમાં આપણો વિવેક નિરંતર ચાલતો રહેવો જોઈએ. આપણા લાભ સુખ અને હાનિ ની કથા ભગવદિચ્છા અને ભગવત્કૃપાની વચ્ચે ચાલવી જોઈએ. લાભને આપણે ભગવત્કૃપા માનીએ અને હાનિને આપણે ભગવદિચ્છા માનીએ. આ છે **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજ-ઈચ્છાતઃ કરિષ્યતિ''** મહાપ્રભુજીએ બતાવ્યું કે આ વિવેક પુષ્ટિમાર્ગમાં શરણાગતિના સ્તર ઉપર રહેવું છે તો પણ અને ભક્તિના પથ ઉપર આગળ વધવું છે તો પણ, આ વિવેક ક્યારેય પણ આપણે છોડવો ન જોઈએ. હવે આ વિવેકધૈર્યાશ્રય ગ્રંથ ભણવાથી તુરત સિદ્ધ નહીં થઈ જાય. પરંતુ નિરંતર આપણા મનને આ વિવેક સમજાવવો પડશે. અથવા તો આપણા વિચારથી કે ભાવનાથી કે વાણીથી આ વાતને નિરંતર બોલી-બોલીને આપણું મન ધીરે-ધીર આ વાતમાં ઘડાઈ જશે. ભગવત્કૃપા અને ભગવદિચ્છા આપણે બોલવાનું શરૂ કરીશું તો ધીરે-ધીરે મનનો સંસ્કાર બની જાય છે. જેમ એક કહેવત છે કે ટીપે-ટીપે સરોવર ભરાય છે. એમ નિરંતર આપણે પોતાની જાતને આ સમજાવતા રહીએ કે જ્યારે પણ આપણને લાભ થયો તો આપણે ફૂલાઈએ નહીં. કોઈએ આપણને સહાયતા આપી કે અનાયાસ કાંઈ મળી જાય તો તેનાથી આપણે એટલા હર્ષિત ન બની

જઈએ. દરેક જગ્યાએ ભગવત્કૃપા, આ કમસે કમ આપણી વાણીમાંથી સ્ફુરિત થવું જોઈએ અને વધારે સારી વાત કરવી છે તો આ વાત આપણા વિચારમાં દ્દઢ થઈ શકે ત્યારે થાય. તેનાથી પણ સારી વાત થશે જ્યારે આપણા હૃદયની ભાવના જ એવી ઘડાઈ જશે કે જે કાંઈ પણ થઈ રહ્યું છે તે ભગવત્કૃપા કે ભગવદિચ્છાથી થઈ રહ્યું છે. આવું થાય તો આપણો પુષ્ટિમાર્ગીય વિવેક સિદ્ધ થઈ ગયો. સર્વોત્તમ વાત એ છે કે આ ત્રણેમાંથી, મતલબ કે આપણી વાણીથી વિચારથી અને હૃદયની ભાવનાથી જ્યારે આ સિદ્ધ થઈ જાય કે **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજ-ઈચ્છાતઃ કરિષ્યતિ''**, ત્યારે જઈને આપણો પુષ્ટિમાર્ગીય વિવેક સિદ્ધ થયો જાણવામાં આવે અને ત્યારે પછી ક્લેશની સંભાવના પણ બહુ ઓછી રહી જાય છે. કેમકે આપણે ભગવાનના શરણાગત છીએ. તેની ઈચ્છાથી જ બધું થઈ રહ્યું છે. સહજ સંભવ છે કે જે થઈ રહ્યું છે, તે આપણને અભિલષિત ન હોય, પરંતુ જેની ઈચ્છાથી થઈ રહ્યું છે, તે હોવાથી પછી આપણને ગભરાવાનું એટલું કારણ નથી થઈ રહ્યું.

જેમ એક ઉદાહરણથી તમને સમજાવું કે જે ડોક્ટર ઉપર આપણને વિશ્વાસ છે, તે કોઈ રિએક્શન આવે એવી દવા આપે, જેને ખાતાંજ આપણને ચક્કર આવવાના શરૂ થઈ જાય કે પેટમાં દુઃખવા લાગે કે આંસૂ આવવા લાગે, એવી કોઈ દવા તે આપે પરંતુ જો આપણને એ ડોક્ટર ઉપર ભરોસો છે તો એ તકલીફને આપણે સહન કરી શકીએ છીએ. કેમકે જે ડોક્ટરે દવા આપી છે, તેનાથી જે રિએક્શન આવી રહ્યું છે, તે સાધારણ છે પરંતુ આનાથી જે ફાયદો થવાનો છે તે ઘણો છે. આ ક્યારે થઈ શકે, જ્યારે એ ડોક્ટર ઉપર આપણને ભરોસો હોય ત્યારે. ડોક્ટરને પણ આ ખબર હોય છે કે થોડીક તકલીફ થશે આ દવાથી પરંતુ અંતમાં રોગ નિવૃત્ત થઈ જશે. એમ જે પણ કાંઈ થઈ રહ્યું છે, જે આપણને અભિલષિત પણ નથી પરંતુ આમાં ભગવાને કાંઈક આપણું ભલું જ વિચાર્યું હશે. અત્યારે આપણને સમજમાં નથી આવી રહ્યું પરંતુ પછી સમજમાં આવી શકે છે. આના ઉદાહરણ વાર્તાઓના વચનામૃતમાં મળે છે. આ એક પુષ્ટિમાર્ગીય વિવેકનો પ્રકાર છે. અને જો આ વિવેકને આપણે જીવી શક્યા તો જીવનમાં ઘણાંબધા ક્લેશોની સંભાવનાઓ ઓછી થઈ જાય.

## ([ક-૧]પ્રાર્થનાત્મક ક્લેશ)

પરંતુ મહાપ્રભુજી આ વાતમાં બહુ સાવધાન છે. જ્યારે આપ એ કહી રહ્યા છે કે **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ, [ક-૧]પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્, સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ''.** (વિ.ધૈ.આ.૧-૨) મહાપ્રભુજી આપણને એ સમજાવવા માગી રહ્યા છે કે ક્લેશમૂલક ભક્તિ આપણે નથી કરવાની. પ્રાર્થના આપણે પ્રભુને ક્યારે કરીએ છીએ, જ્યારે આપણને ક્લેશ થઇ રહ્યો છે અને એ ક્લેશને પ્રભુ દૂર કરે, એવી પ્રાર્થના પ્રભુને આપણે કરીએ છીએ. અને સમજો કે ક્લેશ દૂર થવાનો છે તેની શક્યતા પણ તો પચાસ ટકા જ છે. પ્રાર્થના પ્રભુ માનશે એ શક્યતા પચાસ ટકા છે. અને નહીં માને એ પણ શક્યતા પચાસ ટકા છે. સમજો કે પ્રભુએ તમારી પ્રાર્થના માની લીધી અને તમને અભિલષિત ફલ આપી દીધું તો તમારી ભક્તિ નિરૂપાધિક નહીં થાય. પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી, તેને કારણે ભક્તિ થશે. અને તેને કારણે પેદા થયેલી ભક્તિમાં જો બીજી વખત ક્યારેક મુસીબત આવી તો પ્રભુએ માનો કે પ્રાર્થના ન સાંભળી, તો તે ખંડિત થઇ શકે છે. કેમકે એ સોપાધિક ભક્તિ છે. જેમ પરિવારના ઉદાહરણથી આપણે સમજી શકીએ છીએ કે કોઇ પણ પરિવારનો સદસ્ય જો આપણી વાત માની રહ્યો છે તો તે આપણને બહુ પ્રિય લાગે છે. અચાનક ક્યારેક તે આપણો નિર્ણય બદલી દે અને કહે કે અમારે તમારી વાત નથી માનવી, તો ત્યાં મહાભારત ચાલૂ થઇ જાય. જ્યારે પણ તેણે આ કહ્યું ત્યારે આપણે ભૂલી જઇએ કે આજના પહેલા તેણે કેટલી વાત આપણી માની હતી. બસ આપણે ગણત્રી શરૂ કરી દઇએ છીએ કે આણે અમારી આ વાત ન માની. એ બધો ચોપડાનો હિસાબ, જે વાત માનવાનો હતો તે ઝીરો થઇ જાય છે. અને નવો, ન માનવાનો, ચાલૂ થઇ જાય છે. ભલે પછી તે ભાઇ-ભાઇની કથા હોય, કે બાપ-બેટાની કથા હોય, ભલેને તે પતિ-પત્નીની કથા હોય કે સાસુ-વહુની કથા હોય. ભલે નવ્વાણું વાતો માની હોય અને સોમી વાત ન માની તો નવ્વાણુંની ગણત્રી ઝીરો થઇ જાય છે અને 'આ વાત ન માની', તેની ચાલૂ થઇ જાય છે. આવું કેમ થઇ જાય છે? કેમકે આપણી આદત એવી ઘડાઇ જાય છે કે આપણે કહેશું એ તો માનશે. પરંતુ એક વખત પણ તેમાં થોડોક વિદ્રોહનો ભાવ જાગ્યો કે આ વાત નહીં

માનું, તો આપણો ક્લેશ શરૂ થઈ જાય છે.

માનો કે પતિએ પત્નીને કહ્યું કે એ લોટી જલ લાવજો અને તેણે લાવીએ આપી દીધું તો લાગશે કે પત્ની બહુ સારી છે. અને એક વખત પત્નીએ કહ્યું કે ઉભા થઈને પોતે કેમ નથી લઈ લેતા તમે? તો સમજો કે ઝઘડો શરૂ. હવે હોઈ શકે કે તે થાકેલી હોય, બીમાર હોય અને નવ્વાણું વખત તેણે આનાથી પહેલા જલની લોટી આપી પણ હોય. પરંતુ એ બધું શરૂ થઈ જાય છે કે ''અરે, એક જલની લોટી જ તો માગી છે, અને તે પણ લાવીને નથી આપી રહી'' આ જ કથા બાપ-બેટામાં થાય છે, ભાઈ-ભાઈમાં થાય છે, સાસુ-વહુમાં થાય છે. પરંતુ આ કથા ઠાકોરજી સાથે ન કરવી જોઈએ. આથીજ મહાપ્રભુજી આની ના કહે છે કે **''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય-સંશયાત્''** શા માટે તમે ઠાકોરજીને પ્રાર્થના કરો છો! જે પણ તમારે ભક્તિ કરવી છે, તે આ વાતોને દૂર રાખીને કરો. તમારી તકલીફને તમે ભોગવી લો. આ તકલીફોને દૂર કરવા માટે તમે વ્યર્થમાં ઠાકોરજીને પ્રાર્થના ન કરો. કેમકે જે કાંઈ ઠાકોરજી કરી રહ્યા છે તે કાંઈક ને કાંઈક તમારા ભલા માટે જ કરી રહ્યા હશે. આ પ્રકારની ભાવના રાખીને જ્યારે તમે ભક્તિ કરશો તો તો તમે ક્લેશથી ભક્તિ નહીં કરો. અને જો તમે તમારા ક્લેશનિવારણને માટે ભક્તિ કરશો, તો સમજો કે તમારૂં ક્યારેક ક્લેશનિવારણ ન થયું તો તમારી ભક્તિનો ભાવ ખંડિત થઈ શકે છે. આથીજ મહાપ્રભુજી કહે છે કે **''પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્, સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ''** (વિ.ધૈ.આ.૨) કેમ? કેમકે જે વખતે તમે પ્રાર્થના કરી રહ્યા છો કે અમારી તકલીફ શું છે, તે તને ખબર નથી. અમે તને ભગવાન માનીએ છીએ તો પણ તને ખબર નથી. તેથી અમારે કહેવું પડે છે કે તમે અમારી તકલીફ દૂર કરો. હવે આપણે પ્રાર્થના તો કરી દીધી કે અમે તમારો છપ્પનભોગ-કુનવારો કરી દઈશું, પલના ઝુલાવી દઈશું, ગિરિરાજજીની પરિક્રમા કરશું, સવામણ દૂધ ચડાવી દઈશું. આવી-આવી માનતાઓ માનીએ. જો ઠાકોરજીએ માની લીધું તો આપણી ભાવ-ભક્તિ એવી ઉછાળા મારે છે કે જાણે દુનિયામાં પરમ ભગવદીયના અવતાર આપણે જ પ્રકટ થઈ ગયા હોઈએ. પરંતુ જેવું એણે ન માન્યું તો એવું લાગશે કે આ દેવતામાં હવે કાંઈક ઓછો ચમત્કાર લાગી રહ્યો

છે, ચાલો હવે બીજા દેવતાની પાસે. ગિરિરાજજીથી નથી થઈ રહ્યું તો હવે કાંતાનાથજીને પકડો, કાંતાનાથજીથી નથી થઈ રહ્યું તો કૈલાશનાથજીને પકડો. આ પ્રકારનું ચક્કર જીવનમાં શરૂ થઈ જશે.

મેં એક દોહો લખ્યો હતો "લપ્પૂપંડાકી લગન જૈસે નદી તરનકો સેતુ, રહત ન ચિત, ઈત ઉત ફિરત, પરિચય સંચય હેતુ." દરેક દેવતા સાથે પછી પરિચય કરવાની ઈચ્છા લપ્પૂપંડાને થશે. કેમ? કેમકે તેને નિશ્ચય જ નથી થતો કે કયા એક દેવતાને ભજવા, જેનાથી આપણું કામ પૂરૂ થઈ જાય. દરેક દેવતા સાથે પરિચય કરીને આવી જાય કે તમે અમારી વાતને ધ્યાનમાં રાખજો. બધા દેવતાઓને કહી આવે. તેની લગન કેવી છે કે તે દરેક દેવતાને પોતાની તકલીફની નદીને પાર કરવાનો પૂલ સમજે છે. "રહત ન ચિત, ઈત ઉત ફિરત" તેનું ચિત્ત એક દેવતા ઉપર રોકાતું જ નથી, આમ તેમ ડોલે છે. બધા દેવતાઓની સાથે પરિચય કરવામાં, પ્રાર્થના કરવામાં કે કોઈક તો કામ કરી દેશે.

આટલા માટે મહાપ્રભુજી પ્રાર્થના કરવાની ના પાડે છે. કેમકે ક્લેશને કારણે જે ભક્તિ થઈ રહી છે, તેને મહાપ્રભુજી કદાપિ પુષ્ટિભક્તિ તરીકે માન્ય કરવા માટે તૈયાર નથી. હવે જુઓ આ ભાવ કે આપણે પ્રભુને પ્રાર્થના નહીં કરીએ. આ વાત જ્યારે આપણે કહેશું, તો એક પ્રકારનું અભિમાન આપણને થઈ રહ્યું છે કે અમે પ્રભુને પ્રાર્થના નહીં કરીએ. તે અભિમાન પણ કોઈ ને કોઈ રૂપમાં ક્લેશને પેદા કરશે જ. કેમકે અભિમાન તો કોઈનું નથી રહ્યું કે આપણું રહેશે! જ્યારે મોટા-મોટાઓના અભિમાન નથી રહ્યા તો આપણું કેવી રીતે રહી જશે. મહાપ્રભુજી કહી રહ્યા છે કે જો તમારે આ વિવેક નિભાવવો છે કે **"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"** (વિ.ધૈ.આ.૧) તો સૌથી પહેલા તો પ્રભુને પ્રાર્થના ન કરવી જોઈએ. અર્થાત્ ક્લેશમૂલક ભક્તિ ન કરવી જોઈએ.

## ([ક-૨] અભિમાનાત્મક ક્લેશ)

હવે જો તમને આ સમજમાં આવી જાય કે પ્રાર્થના ન કરવી તો જેમ અંગ્રેજીમાં એક મુહાવરો છે કે ગુડ્ ફૉર્ નથિંગ્. મતલબ કે કોઈ કામનું નહીં. મતલબ, ન તો આપણે પ્રાર્થના કરી શકીએ અને ન આપણું કાંઈ કામ થતું હોય તો એવા ભગવાનનો ફાયદો શું? "જૈસે સાજન ઘર ભલે તૈસે ભલે વિદેશ"

એવા ભગવાનને ભજવાથી ફાયદો શું? આ પ્રકારનું અભિમાન આપણા હૃદયમાં જાગ્યું તો આ ક્લેશાત્મક અભિમાન છે. ક્યાંક ને ક્યાંક એ ક્લેશ ઉત્પન્ન કરશે કે જેને કારણે પુષ્ટિભક્તિમાં ગુંગળામણ પેદા થઈ જશે. આથી મહાપ્રભુજી કહી રહ્યા છે કે ક્લેશ નિવૃત્ત કરવા માટે અભિમાનને છોડવું એ બીજો ઉપાય છે. અને ‘‘[ક-૨]**અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વ-ભાવનાત્.**’’ (વિ.ધૈ.આ.૧૪-૩) પ્રાર્થના નથી કરવી, તેના માટે પ્રભુની અધીનતા આપણે ન સ્વીકારવી, એવી વાત નથી. જો આપણે પ્રાર્થના કરવી છે તો અધીનતા બહુજ સરળ લાગશે. જેમ જે સરકારી ખાતામાં પ્રાર્થના કરીને આપણે આપણું કામ કઢાવવાનું છે, એ ખાતાનો ઓફિસર આપણને બહુજ સારો લાગે છે. અને જે ખાતામાંથી આપણે કામ નથી કઢાવવું, તેનો ઓફિસર આપણને નકામા જેવો લાગશે કે તમારે અને અમારે શું મતલબ! કેમકે આપણે તેની પાસેથી કામ નથી કઢાવવું, તેવીજ રીતે જ્યારે પ્રભુ પાસેથી કોઈ કામ જ નથી કઢાવવાનું, તો પ્રભુ આપણને પ્રભુ જ નહીં લાગે. ત્યારે આપણને અધીનતાની ભાવના જ નહીં થાય. મહાપ્રભુજી આમ કહી રહ્યા છે કે તમારી પ્રાર્થના ન કરવાની વૃત્તિ, તમારા અભિમાનમાં વિકસિત ન થઈ જવી જોઈએ. આ સાવધાની તો રાખવી પડશે. એ સાવધાની રાખવા માટે કહે છે **‘‘સ્વામ્યધીનત્વ-ભાવનાત્’’** હું તો મારા સ્વામીને અધીન છું, હું કેમ પ્રાર્થના કરૂં.

### ([ક-૩]હઠનો ક્લેશ)

અને ‘‘[ક-૩]**આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ત્યાજયશ્ચ સર્વથા**’’ (વિ.ધૈ.આ.૪) હવે અભિમાન ન કરવું, સ્વામીને અધીન રહેવું. તો શું સ્વામીના તરફથી જે થઈ રહ્યું છે, એ જ કરવું? આપણા તરફથી કોઈ મહેનત કે ઉપાય કરવો જ નહીં? સમજો કે આપણી અધીનતાનો ભાવ આપણે આટલા અતિરેકમાં વધારી લઈએ કે આપણે કોઈ મહેનત કે ઉપાય જ ન કરીએ. જેમ કે જે કાંઈ થશે તે ભગવદિચ્છાથી જ થશે, આપણે જીવવા માટે કાંઈક ઉદ્યમ કે ઉપાય નહીં કરીએ? આને સમજાવવા માટે એ કલ્પિત કથા છે.

એક માણસને આ ભાવ દઢ થઈ ગયો કે જે કાંઈ થશે તે ભગવદિચ્છાથી

જ થશે. એક દિવસ તેના ગામમાં પૂર આવ્યું તે ગામમાં જે બચાવવાવાળા હતા તે હોડી લઈને તેના ઘરે આવ્યા. તો તેણે કહ્યું કે તમે કોણ બચાવનારા? મને તો ભગવાન બચાવશે. બચાવનારાએ વિચારી હશે કોઈ વાત, તેમાં આપણે શા માટે વચ્ચે પડીએ! તેઓ ચાલ્યા ગયા. થોડીક વારમાં પાણી વધી ગયું તો તેને પોતાના ઘરની છત ઉપર જવું પડ્યું. ત્યાં પાછા તેને હેલિકોપ્ટરવાળા બચાવવા માટે આવ્યા. એમણે આને કહ્યું કે આવતા રહો, પાણી ઘણું વધી રહ્યું છે, ડૂબી જશો. ત્યારે પણ એણે કહ્યું કે તમે કોણ બચાવનારા, મને તો ભગવાન બચાવશે. થોડીક વાર પછી પાણી વધારે વધ્યું અને એ માણસ તણાઈ ગયો. મરીને તે સ્વર્ગમાં પહોંચ્યો તો તેણે ભગવાનને કહ્યું કે મેં તો તમારા ઉપર ભરોસો કર્યો અને તમે જ મને ડૂબાડી દીધો. ત્યારે ભગવાને કહ્યું કે મેં તો બે વખત માણસો મોકલ્યા હતા તને બચાવવા માટે. તેં એવું કેમ વિચાર્યું કે એ માણસો મેં ન્હોતા મોકલ્યા! એ તો મારા જ મોકલેલા માણસો હતા પરંતુ જ્યારે તેઓ આવ્યા તો દરવખતે તેં એવું અભિમાન કર્યું કે મને ભગવાન જ બચાવવા આવે. આવા અભિમાનને કારણે પણ પુષ્ટિમાર્ગમાં દુઃખ પેદા થાય છે, થાય છે અને થાય છે જ. તો આવું અભિમાન આપણે ન કરવું જોઈએ. એટલે **''અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વ-ભાવનાત્''** અને **''આપદ્-ગત્યાદિ કાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા''** આ પ્રકારનું જે આકસ્મિક કાર્ય છે, તેમાં હઠીલા ન થવું જોઈએ. કોમળ થવું જોઈએ. કેમ? કેમકે અંતમાં આપણે ભક્તિમાર્ગના પથિક છીએ, હઠયોગ પથિક નથી. આપણે અનુરાગના પથિક છીએ અને આપણો ભગવાન કોઈ એવો ભગવાન નથી, જે સાતમા આસમાન ઉપર જ બેસી રહેલો હોય. આપણો ભગવાન સર્વરૂપધારી છે તો આપણે તેને આ મોકો આપવો જોઈએ કે તે કોઈ પણ રૂપમાં આવીને આપણું કામ કરી શકે છે. વ્યર્થમાં આપણે એવું અભિમાન કરીને ન બેસવું. કેમકે વિવેકનું જે મૂલરૂપ મેં તમને બતાવ્યું કે જે કાંઈ થઈ રહ્યું છે, જે આપણને અભિલષિત છે તે ભગવત્કૃપાથી થઈ રહ્યું છે અને જે આપણને અભિલષિત નથી, તે ભગવદિચ્છાથી થઈ રહ્યું છે. આ વિવેકથી તમે વંચિત થઈ રહ્યા છો. અને જ્યારે આ વિવેકથી તમે વંચિત થઈ રહ્યા છો, તો તમે પુષ્ટિમાર્ગમાં દુઃખના બીજ ખુદ વાવી રહ્યા છો. આ બહારની કથા હું નથી કરી રહ્યો. આ પુષ્ટિમાર્ગીય દુઃખ અથવા ક્લેશ કેવીરીતે પેદા થાય આ વાત મહાપ્રભુજીએ સમજાવી છે.

## ([ક-૪] આગ્રહનો ક્લેશ)

હવે **"[ક-૪]અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્ર-દર્શનમ્"** (વિ.ધૈ.આ.૫) દરેક વખતે આપણા ધર્મનો આગ્રહ રાખવો આ એક સારી વાત છે. પરંતુ હઠનો આગ્રહ રાખવો, મશીનની જેમ જડ બની જવું, તો મહાપ્રભુજી કહે છે કે તે ક્લેશ પેદા કરશે અને કરશે જ. ઘણા લોકો આમ સમજે છે કે જેમ ગોવિંદદાસ ભલ્લા હતા તે જલ ભરતા હતા તો મહાપ્રભુજીએ કહ્યું કે "તુમ શ્રીનાથજીકે યહાં મંડાન્મેંસુ લો" એમણે કહ્યું કે "દેવ અંશ કૈસે લેઉં?" તેના પછી મહાપ્રભુજીએ કહ્યું કે "તુમ હમારે યહાંસુ લો" ત્યારે એમણે કહ્યું કે "ગુરૂઅંશ કૈસે લઉં?" ત્યારે મહાપ્રભુજીએ કહ્યું "તો તુમ સેવા છોડ દો" તો એમણે સેવા છોડી દીધી અને પછી કેશવરાયજીને ત્યાં એમની ગતિ થઈ. ગોસ્વામી બાલક આને આ રીતથી કહે છે કે આ વાર્તાના આધારે દેવદ્રવ્ય ખાવું જોઈએ. આ તો એવી કથા થઈ કે જેમ કોઈએ મહાભારતની કથા સંભળાવી અને પૂછ્યું કે આમાં તમે શું સમજ્યા? તો જવાબ મળ્યો કે જ્યારે દ્રૌપદી જેવી સતીના પાંચ પતિ હતા તો આપણે પણ બે-એક રાખી શકીએ છીએ ને! કથાનો સાર તો આમ થાય છે કે દ્રૌપદીને અર્જુન જેવા પાંચ શૂરવીર પતિ હતા, તેઓ પણ તેને બચાવી ન શક્યા, એક-બીજાના મોઢા જોતા રહ્યા. ભગવાન હતા તો સભામાં લાજ રહી ગઈ. નહીંતર બાકી શું રહી ગયું હતું? આ તો ગ્રહણ કર્યું નહીં. આવી ફાલતુની બીન બજાવવા લાગી જાય કે આથી દેવદ્રવ્ય ખાવું જોઈએ. આ વાતને સમજાવવા માટે આ વાર્તા નથી. ભલ્લાજીની વાર્તા આ વાતને સમજાવવા માટે છે કે **"આપદ્-ગત્યાદિ-કાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા, અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્ર-દર્શનમ્"** ધર્મ અને અધર્મ નો વિવેક રાખવો જોઈએ. ધર્મ શું છે? અધર્મ શું છે? તેને જુઓ. પોતાની હઠથી ન જુઓ. 'ધર્મ' મતલબ કર્તવ્ય શું છે? 'અધર્મ' મતલબ અકર્તવ્ય શું છે? આનો વિવેક રાખો. તમે હઠ પકડી લીધી કે અમે તો આમજ કરશું તો ભલ્લાજી જેવી ગતિ થવાની જ છે. તમે તમારો ક્લેશ ખુદ આમંત્રિત કરી રહ્યા છો. ભલ્લાજીએ પોતાનો ક્લેશ ખુદ આમંત્રિત કર્યો. મહાપ્રભુજી શરૂઆતથી જ આ વાત સમજાવતા આવ્યા કે ક્લેશરહિત થઈને સેવા કરો. એવા પ્રકારથી સેવા ન કરો જેમાં ક્લેશના સિવાય કાંઈ ન હોય. શ્રીનાથજીએ ખુદ મહાપ્રભુજીને સૂચિત કર્યું

કે **"તિહારે સેવક મોકુ બહોત ક્લેશ દેત હે"** મહાપ્રભુજી તુરત અડેલથી જતીપુરા સુધી, એક-એક ઘરમાં તપાસ કરતા કરતા પધાર્યા કે કોણ શ્રીનાથજીને ક્લેશ આપી રહ્યું છે! દરેક વૈષ્ણવની સેવા સહજ જોઈ પરંતુ જ્યારે ભલ્લાજીને જોયા તો લાગ્યું કે આટલી હઠથી ક્લેશસહિત સેવાને બદલે, સેવા ન કરવી બેહતર છે. આટલી હઠથી સેવા કરવાથી પ્રભુને પણ ક્લેશ થાય છે. **"હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા"** આ મહાપ્રભુજીના વિવેકનું સ્વરૂપ છે આના અંતર્ગત ભલ્લાજીને કહ્યું કે **"તુમ શ્રીનાથજીકે ભંડારમેંસુ લે લો."** વાત ભલ્લાજીએ બરાબર કહી હતી કે **"દેવદ્રવ્ય કૈસે લેઉં."** ત્યારે મહાપ્રભુજીએ એમ ન કહ્યું કે દેવદ્રવ્ય લઈ લો. સમજો કે દેવદ્રવ્ય ખાઈ શકાતું હોય તો મહાપ્રભુજી પણ આમ કહી શકતા હતા કે દેવદ્રવ્ય ખાઈ લો, કોણે કહ્યું કે ન ખાઈ શકાય દેવદ્રવ્ય. જેમ આજ-કાલ બાલક કહી રહ્યા છે કે "આપણો ઠાકોરજી તો દેવ જ નથી. એ તો બ્રહ્મ છે. તો દેવદ્રવ્ય ક્યાંથી થશે!" મહાપ્રભુજી સુબોધિનીજીની શરૂઆતમાં આમ કહી રહ્યા છે કે **"વન્દે શ્રીકૃષ્ણદેવમ્"** (સુબો.મં.૧) અને બાલક કહે છે કે કૃષ્ણ દેવ જ નથી. મહાપ્રભુજી પણ કહી શકતા હતા કે ભલ્લાજી, આપણા ઠાકોરજી તો દેવ જ નથી તમે અહીં ખાઈ લો. પરંતુ મહાપ્રભુજીએ એવું નથી કહ્યું. એમણે કહ્યું કે "ચલો સચ્ચી બાત હે. તુમ મેરે યહાંસુ લે લો." તો તેમણે કહ્યું કે "ગુરૂઅંશ કૈસે લઉં"

## (દેવદ્રવ્ય-ગુરૂદ્રવ્યનો વિવેક)

હવે આમાં એક ખાસ રહસ્ય સમજવાનું છે. તે તમને એટલા માટે સમજાવવા માગું છું કેમકે સતત વૈષ્ણવોને આ વાર્તાના દ્વારા ભડકાવવામાં આવે છે. થોડોક વિષયાંતર છે પરંતુ તો પણ હું તમને સમજાવવા માગું છું. આ વાર્તાનું રહસ્ય આ છે કે કોઈ પણ દ્રવ્ય, કોનું છે અને કોનું નથી, આના શાસ્ત્રમાં બે નિષ્કર્ષ છે. એ દ્રવ્ય તેની પાસે શાસ્ત્રવિહિત પ્રકારથી આવ્યું કે નિષિદ્ધ પ્રકારથી આવ્યું? જેમ તમારા ખીસામાં સો રૂપિયા છે. તમે અનાજ ખરીદવા બજારમાં ગયા. દુકાનદારે ઘઉંના વ્યાજબી ભાવ તમને કહ્યા. તમે તમારા રૂપિયા એને આપ્યા અને તેનું અનાજ લીધું. હવે આ તમારા રૂપિયા એણે લીધા, એવું નહીં કહેવામાં આવે. કેમકે બદલામાં તેણે તમને અનાજ પણ

તો આપ્યું છે. હવે તે રૂપિયા દ્રવ્ય તમારૂં ન રહ્યું. કેમકે આ પ્રકારનો જે વિનિમય છે, તે શાસ્ત્રવિહિત છે. જ્યાં શાસ્ત્રથી વિહિત વિનિમય છે અને એકનું દ્રવ્ય આ પ્રકારથી બીજા પાસે જાય તો તે દ્રવ્ય પહેલાવાળાનું નહીં કહેવાય. હવે માનો કે કોઈએ કોઈના ખીસામાં હાથ નાખીને પૈસા લઈ લીધા. શાસ્ત્રના અનુસાર બીજાનું લઈ લીધેલું દ્રવ્ય નિષિદ્ધ પ્રકાર છે, એમ કહેવામાં આવે છે.

કડીવાળા રાજેશ બાવાએ મને એક બહુ મજેદાર વાત બતાવી. એમના તાતજી મહારાજ પુરૂષોત્તમલાલજીના કોઈ સેવક મુંબઈમાં રહેતા હતા. બાવા જ્યારે પણ મુંબઈ પધારતા તો એમની સાથે પોતાની આવશ્યકતાની વસ્તુઓ મંગાવતા. તેઓ જ્યારે પણ લાવતા તો દસના વીસ કરીને લાવતા. એક દિવસ બાવાને ખબર પડી ગઈ કે આ દસના વીસ કરીને લઈ આવે છે. એમણે એમને કહ્યું કે ''તમે તાતજી મહારાજના સેવક છો અને આવી રીતે અમને છેતરો છો!'' એમણે કહ્યું કે ''મહારાજ! બહાર તો બધું આસુરી દ્રવ્ય છે. દૈવીદ્રવ્ય તો આપને ત્યાં જ છે. આપના ન લઈએ તો કોના લઈએ!'' હવે આ તો બહુ મુશ્કેલી આવી ગઈ દૈવીદ્રવ્યની. દરેક માલ તમે દસના વીસ કરીને આપી રહ્યા છો અને મેણું એ કે દૈવીદ્રવ્ય તો આપની પાસે જ છે. તો પ્રકાર શાસ્ત્રવિહિત નથી. બીજો કોઈ ન મળ્યો તમને છેતરવા માટે! એક ગુરૂનો પુત્ર જ મળ્યો! આવા સિદ્ધ પુરૂષ પણ હોય છે દુનિયામાં.

તમે પણ સાંભળશો તો તમને લાગશે કે એમણે વૈષ્ણવ હોવા છતાં ગુરૂનું દ્રવ્ય ખાધું. પરંતુ જો ગુરૂ સ્વેચ્છાથી કાંઈ આપી રહ્યા છે તો શું એક-બીજાને ભેટ આપવાનો અધિકાર નથી? બાપ જો સ્વેચ્છાથી બેટાને આપી રહ્યો છે તો શું તેનો આ અધિકાર નથી? દાદાજીએ અમને ઘણી વસ્તુઓ આપી તો શું અમને લેવાનો અધિકાર ન હતો? એવીજ રીતે વૈષ્ણવ પણ મહારાજને જો સ્વેચ્છાથી ભેટ ધરી રહ્યો છે તો શું એ વૈષ્ણવદ્રવ્ય થઈ ગયું? તમે સ્વેચ્છાથી ધરી રહ્યા છો એ તો તમારૂં ન રહ્યું અમારૂં બની ગયું. આ જ પ્રકારથી જો અમે સ્વેચ્છાથી તમને આપી રહ્યા છીએ તો તે અમારૂં ન રહીને તમારૂં થઈ ગયું. પરંતુ જો કોઈ છેતરીને લઈ રહ્યો છે તો એ પરદ્રવ્ય કહેવામાં આવશે.

હવે સમજો કે શ્રીજી પ્રસન્ન થઈને કોઈને પોતાનું કડું આપી રહ્યા છે તો

તે શ્રીજીનું નહીં કહેવાય. એ જેને આપ્યું તેનું કહેવાશે કેમકે શ્રીજીએ પોતાની પ્રસન્નતાથી તેને આપ્યું. પરંતુ જો એ ચોરવામાં આવ્યું શ્રીજીની ત્યાંથી, તો એ 'પરદ્રવ્ય' કહેવાશે. તે વખતે મહાપ્રભુજીએ આવી વ્યવસ્થા કરી હતી કે જે શ્રીનાથજીને વ્રજવાસની આડીથી ભોગ આવે તે ભોગ સર્યા પછી સેવક ટહેલવાઓને બાંટી દેવામાં આવે. આ વાત ધ્યાનમાં રાખજો કે શ્રીનાથજી ઘરની પ્રણાલીથી કે પુષ્ટિમાર્ગની પ્રણાલીથી ત્યાં ન્હોતા બિરાજતા. તે દેવાલયની પ્રણાલીથી જ બિરાજતા હતા. આ કારણથી ત્યાં દેવાલયનો પ્રકાર મહાપ્રભુજીએ રાખ્યો હતો. આના કારણે વાર્તામાં એવો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે કે ''તાતેં દેવાલયકી પ્રણાલી રખની'' અહીં આને કારણે મહાપ્રભુજીએ આ આજ્ઞા કરી કે શ્રીનાથજીને ત્યાંથી લઈ લો. વ્યર્થમાં આટલો ક્લેશ શા માટે કરો છો! તેમાં સમજ્યા-વિચાર્યા વગર ભલ્લાજીએ કહ્યું કે ''દેવદ્રવ્ય કૈસે લઉં!'' તો મહાપ્રભુજીએ કહ્યું કે ''ચાલો તમને એવું લાગતું હોય કે શ્રીનાથજીનો પ્રસાદ દેવદ્રવ્ય છે'', જ્યારે કે એ વ્યવસ્થા મહાપ્રભુજીએ શ્રીનાથજીની આજ્ઞાને અનુસાર જ ઉભી કરી હતી, તો શ્રીનાથજી જ આપવા માગી રહ્યા હતા. શ્રીનાથજી આપવા માગી રહ્યા હતા તે આપણને નથી ખબર પડી શકતી. પરંતુ મહાપ્રભુજીને તો ખબર હતી કે શ્રીનાથજીની કેવીરીતે બિરાજવાની ઈચ્છા છે. આથીજ મહાપ્રભુજીએ તે વ્યવસ્થા ઉભી કરી હતી. ત્યારે મહાપ્રભુજીએ એમને બીજો વિકલ્પ આપ્યો કે ''મેરે યહાંસૂં લે લો.'' હવે જ્યારે મહાપ્રભુજી સ્વયં આપવા ઈચ્છી રહ્યા છે તો તે ગુરૂદ્રવ્ય કેવીરીતે થયું? વાર્તા વાંચશો તો તમને ખબર પડશે કે પ્રાયઃ મહાપ્રભુજી ગુસાંઈજી ની પાસે જેટલા વૈષ્ણવ આવતા હતા એમને મહાપ્રભુજી ગુસાંઈજી પ્રસાદ લેવડાવતા હતા. એમના મનમાં ક્યારેય એવો ભાવ ન્હોતો આવતો કે ગુરૂદ્રવ્ય અમે કેવીરીતે ખાઈએ. કેમ? કેમકે કોઈ વૈષ્ણવ ચોરીને પ્રસાદ ખાતો ન હતો. મહાપ્રભુજી એમને સ્વયં લેવડાવતા હતા. જ્યારે ગુરૂ સ્વયં પ્રસાદ લેવડાવી રહ્યા છે તો તેમાં ગુરૂદ્રવ્યનો પ્રશ્ન ક્યાંથી ઉપસ્થિત થયો? પરંતુ એમણે હઠ પકડી હતી ને! તો એ હઠને કારણે એમણે વિચાર્યું કે હું ગુરૂદ્રવ્ય શા માટે લઉં? તો મહાપ્રભુજીએ કહ્યું કે સેવા છોડી દો, એ પાછું સ્વીકારી લીધું. હઠને કારણે કેશવરાયજીને ત્યાં મુસલમાન હાકિમના હાથે એમની પછી અનહોની ગતિ થઈ.

આ વાર્તાનો ઉદ્દેશ્ય એ બતાવવાનો નથી કે દેવદ્રવ્ય કે ગુરૂદ્રવ્ય ખાઇ શકાય છે. ન તો દેવદ્રવ્ય ખાઈ શકાય છે અને ન ગુરૂદ્રવ્ય ખાઈ શકાય છે. પરંતુ દેવ કે ગુરૂ સામે ચાલીને સ્વયં આપી રહ્યા છે, તો તે ન દેવદ્રવ્ય રહી ગયું, ન ગુરૂદ્રવ્ય. તે આપણું થઇ ગયું. એવીજ રીતે જ્યારે વૈષ્ણવ પોતાના તરફથી ગુરૂને કે દેવને ભેટ કરે, તો તે ગુરૂ કે દેવ નું દ્રવ્ય કહેવાશે, વૈષ્ણવનું દ્રવ્ય નહીં કહેવાય. આ વાત ઇચ્છાથી એક-બીજાને આપવાની છે. જેમ કન્યાનું અપહરણ ક્યારે કહેવાય? જ્યારે માતા-પિતા તેના દાનની ઈચ્છા ન રાખતા હોય, જેમ સંયુક્તાને પૃથ્વીરાજ ઉઠાવીને લઇ ગયો, તે 'અપહરણ' કહેવાય છે. પરંતુ જો માતા-પિતા સ્વયં કન્યાનો વિવાહ કરવા ઇચ્છતા હોય અને જમાઇ જ્યારે કન્યાને લઇ જાય તો તેને આપણે એમ તો નહીં કહીએ કે તે કન્યાને હરીને લઇ ગયો. કેમકે દિકરીના માતા-પિતા કન્યાદાન ઈચ્છી રહ્યા છે. હવે તો કન્યા માતા-પિતાની ન રહી ગઇ, જમાઈની થઇ ગઇ. કેટલી હદ સુધી, માતા-પિતાને ત્યાં કોઇ મરે તો અવિવાહિત કન્યાને દસ દિવસનું સૂતક લાગે પરંતુ વિવાહિત કન્યાને એ ઘરનું સૂતક માત્ર ત્રણ દિવસનું રહી જાય. પરંતુ પતિના ઘરનું દસ દિવસનું સૂતક પાળવું પડે છે. જ્યારે આપવાવાળો તેને આપવા માગે છે અને લેવાવાળો તેને લઇ રહ્યો છે તો તે અપહરણ નહીં કહેવાય, અપહાર અથવા દત્તાપહાર નથી કહેવામાં આવતું. આ વાર્તા આમ કહેવાની નથી કે દેવદ્રવ્ય ખાવું જોઈએ અને નહીં ખાઓ તો ભલ્લાજી જેવી દુર્ગતિ થશે. આવી-આવી ખોટા ઉઠા ભણાવે છે. ન દેવદ્રવ્ય ખાઇ શકાય છે, ન ગુરૂદ્રવ્ય ખાઇ શકાય છે. પરંતુ જો દેવ સ્વયં આપી રહ્યો છે તો તે દેવદ્રવ્ય નહીં કહેવાય. આવો ઘણી વાર્તાઓમાં આનો ઉલ્લેખ આવે છે કે શ્રીનાથજી પોતાના બંટાનો લાડૂ ખુદ આપી આવ્યા. મટ્ટૂજી મહારાજનો પ્રસંગ છે. તેઓ જ્યારે ચારવર્ષના નાનકડા હતા ત્યારે છુપાઇને શ્રીનાથજીની સૈયાની નીચે સૂઇ ગયા. અનોસર થયા પછી રાતના એમને ભૂખ લાગી તો શ્રીનાથજીએ પોતાના બંટામાંથી એમને લાડૂ આપ્યો કે લો ખાવ. તો શું એમણે દેવદ્રવ્ય ખાધું? નહીં જ્યારે શ્રીજી સ્વયં આપી રહ્યા છે અને આપણે નથી લઇ રહ્યા તો આપણે દુર્ભાગી છીએ. એ દેવદ્રવ્ય નથી કહેવાતું. એવીજ રીતે ગુરૂ સ્વયં આપી રહ્યા છે અને આપણે નથી લઇ રહ્યા તો આપણે દુર્ભાગી છીએ. પરંતુ એક-બીજા સાથે છેતરપિંડી કરીને એક-બીજાની ઇચ્છાથી વિરૂદ્ધ કોઇ વસ્તુ લઇ નથી શકાતી.

કોઈ પણ વસ્તુનો આગ્રહ જો કરવો હોય તો ધર્મ અને અધર્મનો વિવેક કરો. એટલે શું કર્તવ્ય છે, શું કર્તવ્ય નથી, આ વાતનો વિવેક કરો. આ વાતની હઠ ન પકડો  કે તમે જે વિચાર્યું એ જ સાચું છે. આ વાતનો આગ્રહ ન રાખો. આવું વિચારવાથી ક્યાંક ને ક્યાંક તે દુઃખનું કારણ બનશે અને તેમાંથી એવો ધુમાડો નિકળશે કે તે તમારી આંખમાં અને જેની તમે સેવા કરી રહ્યા છો એમની આંખમાં પણ બળતરા પેદા કરશે. આવો ધુમાડો આપણે પેદા ન કરવો જોઈએ. **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ.''** આ પ્રકારનો ધુમાડો આપણા સેવાના પ્રકારમાં પેદા ન થાય, એના નિવારણને માટે મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં વિવેકના ચાર ઉપાય બતાવ્યા છે. હવે ધૈર્યનું વિવેચન આપણે કાલે કરીશું.

## (ધૈર્યથી અકલેશ)

**''પ્રભુકુ ધુંઆ  અપ્રિય હે''** અને **''ધુઆં ક્લેશરૂપ હે''** આ પ્રસંગમાં, વિવેકધૈર્યાશ્રય્ના વિવેચનમાં ચાર પ્રકારના અવિવેકોના ઉપચારના દર્શન કર્યા. આમાં પ્રાર્થનાત્મક ક્લેશ, અભિમાનાત્મક ક્લેશ, હઠનો ક્લેશ અને આગ્રહનો ક્લેશ, આ વાતોનો વિચાર કર્યો.

આના પછી વિવેકધૈર્યાશ્રયમાં ધૈર્યનું નિરૂપણ આવ્યું છે અને એ ધૈર્યની સાધનાના ચાર ઉપાય બતાવ્યા છે. ધૈર્યની પરિભાષામાં મહાપ્રભુજી કહે છે કે **''ત્રિદુઃખ સહનં''** આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક ત્રણે દુઃખોને સહન કરવા આને 'ધૈર્ય' કહે છે. પરંતુ સાથે સાથેજ મહાપ્રભુજી આ વાતનો ખુલાશો કરે છે કે આ દુઃખોને સહન કરવાના ઉપાય કેટલા છે. તે આપે ચાર ઉપાય બતાવ્યા. સહજ પ્રતિકાર, સહન અને જે કારણોથી દુઃખ થઈ રહ્યું છે એવા વાચિક કાયિક માનસિક વ્યાપારોનો આરંભ જ ન કરવો. અનારંભ અને અસામર્થ્યની ભાવના પણ આપણે કહી શકીએ. આ ચાર ઉપાય બતાવ્યા, જેનાથી ધૈર્ય સરખા પ્રકારથી નભી શકે છે. પહેલા મેં તમને આ વાત બતાવી હતી કે ધૈર્ય અને તેને નિભાવવાના ઉપાયોમાં ક્લેશ પ્રકટ નથી થઈ રહ્યો. પરંતુ આને ઉલટું કરીએ તો ક્લેશરૂપ પ્રકટ થશે. જેમ પ્રતિકારને ઉલટો કરશું તો અપ્રતિકાર. સહનને ઉલટો કરશું તો અસહન. **''સ્વયમિન્દ્રિય-કાર્યાણિ કાય-વાંગ્-મનસા ત્યજેત્''**(વિ.ધૈ.આ.૮) કાયા વાણી અને મન થી અનારંભ,

એટલે કે જે કારણોથી દુઃખ થઇ રહ્યું છે, એ પ્રકારનો કાયિક વ્યાપાર કે વાચિક વ્યાપાર કે માનસિક વ્યાપાર ને ન કરવા. કેમકે ન કરીએ તો દુઃખ જ ન થાય, ક્લેશ જ ન થાય. પરંતુ જો કરીએ તો તે દુઃખરૂપ થઇ જાય છે અને સૌથી મોટી વાત મહાપ્રભુજીએ અંતમાં આજ્ઞા કરી કે બધા દુઃખ આપણી જાતને સમર્થ માનીએ તો થાય છે. જ્યારે આપણી જાતને સમર્થ ન માનીએ તો અડધા દુઃખ પોતાની મેળે દૂર થઇ જાય છે.

હમણાં ગયા વરસે ઓસ્ટ્રેલીયાથી એક પ્રોફેસર ભારત ફરવા આવ્યા હતા. મારો અને એમનો પરિચય થયો. તેઓ જ્યારે આવ્યા તો બહુ ઉત્તેજિત હતા. મેં એમને પૂછ્યું કે કઇ વાત ઉપર તમે આટલા ઉત્તેજિત છો. તો એમણે મને કહ્યું કે ‘‘મેં અહીંયા ફુટપાથ ઉપર લોકોને ન્હાતા જોયા છે. અમારા દેશમાં આવી સ્થિતિ જો કોઇની થઇ જાય તો દેશમાં વિદ્રોહ થઇ જાય.’’ મેં કહ્યું કે ‘‘અહીંયા તો બધા ગરીબ આવીરીતના જ ન્હાય છે.’’ ત્યારે એમણે કહ્યું કે આ જ વાત મને ઉત્તેજિત કરે છે કે અહીંયાનો ગરીબ કેટલો અસમર્થ માને છે. ગરીબ અમારા દેશમાં પણ છે પરંતુ આવી સ્થિતિમાં જો તેઓ આવી જાય તો બગાવત કરી દેશે. સરકારને ચાલવા નહીં દે. તેના પછી એક બીજી વાત તેઓએ બતાવી કે નાના બાળકોને ફૂટપાથ ઉપર ન્હાતા જોઇને એમણે પૂછ્યું કે ‘‘ફોટો ખેંચુ તમારો.’’ તો બાળકોએ હસીને ફોટા ખેંચાવ્યા. એમને ત્યાં તો હસવાનું દૂર આવી સ્થિતિમાં મારામારી થઇ જાય જો કોઇ આવી સ્થિતિમાં ફોટો ખેંચવાનું કહે તો!! આપણા ભારતની સંસ્કૃતિમાં તે વાત રહેલી છે. તો આ માટે મહાપ્રભુજી કહી રહ્યા છે **‘‘અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્’’**

## (આશ્રયથી અક્લેશ)

અને મહાપ્રભુજી આ પણ કહી રહ્યા છે કે આ ચારે ઉપાયોમાંથી કોઇ પણ ઉપાય તમારાથી ન બને તો પણ ચિંતાની વાત નથી. **‘‘અશક્યે હરિરેવાસ્તિ સર્વમ્ આશ્રયતો ભવેત્’’** તમારાથી આ ચારેમાંથી કોઇપણ ઉપાય નથી બની શકે એમ તો તમે ભગવાનના શરણની ભાવના કરો. જે પણ કાંઇ વિવેક અને ધૈર્ય છે, તે ભગવદાશ્રયથી સિદ્ધ થશે. મહાપ્રભુજીના બતાવેલા ઉપાયોને ઉલટફેર કરવાથી પુષ્ટિમાર્ગમાં કેવીરીતે ક્લેશરૂપતા આવે છે, આ તમને

સમજાવવાનો પ્રયાસ કર્યો. આમાં ધ્યાનથી સમજવાની વાત આ છે કે આપણે ભગવત્સેવા કરવી છે અને ભગવત્સેવા પ્રભુને સુખ આપવાને બદલે અસુખ આપનારી બની જશે. કેમકે ક્લેશયુક્ત સેવાની અપેક્ષા ન તો પ્રભુને છે અને ન આપણને છે. જે સેવાના પ્રકારથી આપણને ક્લેશ થતો હોય; મનમાં વાણીમાં કાયામાં અડોસ-પડોસમાં કે પરિવારમાં, એ સેવાના પ્રકાર ઉપર કાબૂ મેળવવો જોઈએ. મૂળ વાત આપણી આ હતી. કેમકે આ જે ક્લેશ છે તે એવો ધુમાડો છે કે જેનાથી આપણી આંખમાં બળતરા થવી સ્વાભાવિક છે.

## (વિવેક-ધૈર્યની પૃથક્તા અને અવિવેકનું સ્વરૂપ)

આમાં ધૈર્યની વાત અને વિવેકની વાત ક્યાં જુદી પડી રહી છે તે સમજો! જેમ આપણે આપણા ઘરમાં ઠાકોરજીની જે સેવા કરી રહ્યા છીએ, તેમાં ઠાકોરજીનો એક પેહલુ કૃષ્ણ છે, એક પેહલુ ભગવાન છે, એક પેહલુ પરમાત્મા છે અને એક પેહલુ બ્રહ્મ છે. આવીજ રીતે આપણે જે સેવા કરી રહ્યા છીએ તે સેવાનો એક પેહલુ બ્રહ્મસંબંધ છે, એક પેહલુ પરમાત્મસ્નેહ છે, એક પેહલુ ભગવન્માહાત્મ્યજ્ઞાન છે, એક પેહલુ કૃષ્ણકથા છે અને વધુ એક પેહલુ તનુ-વિત્તજાસેવા છે. કૃષ્ણકથાની ભાવનાનો એક પેહલુ છે અને આપણા સુધી જે પહોંચી રહ્યો છે તે તનુવિત્તજા છે. એટલે કે આપણા ધનથી આપણા તનથી આપણા પરિવારજનોની સાથે જે સેવા કરી રહ્યા છીએ, તે તેનો નિષ્કૃષ્ટ પેહલુ છે. આમાં જે વાત ધ્યાનથી સમજવાની છે તે છે બ્રહ્મસંબંધનું જે કરણ બતાવ્યું, તેમાં ક્લેશનો કોઈ બહુ મોટો પ્રસંગ નથી. પારમાત્મિકસ્નેહની વાત બતાવી તેમાં કોઈ ક્લેશનો બહુ મોટો પ્રસંગ ઉભો નહીં થાય. પરંતુ જ્યાંથી ભગવન્માહાત્મ્યની વાત શરૂ થાય છે, ત્યાંથી ક્લેશનો પ્રસંગ ઉભો થવાનો શરૂ થાય છે. કેમકે ભગવન્માહાત્મ્યના કારણે આપણને ભગવાનની સાથે અવિવેક કરવાની ઈચ્છા થાય છે. મહાપ્રભુજીએ સમજાવ્યું કે ભગવાન પાસે પ્રાર્થના ન કરો. હવે પ્રાર્થના ન કરીએ તો અભિમાન થઈ જાય. આ પણ સમજાવ્યું કે અભિમાન પણ ન કરો.

## (બ્રહ્મ-પરમાત્માના પેહલુમાં ક્લેશની અપ્રાસંગિકતા)

ભાગવતમાં એને બહુજ સુંદર રીતથી સમજાવ્યું છે કે માંના પેટમાં જે વખતે બાળક હોય છે તેની લાત શું માંને નથી લાગતી? અથવા જ્યારે બાળક

ખોળામાં હોય તો શું માંને લાત નથી મારતો? પરંતુ એ લાતને કઈ માં અપમાન માનશે? તેને કોઈ અપમાન નથી માનતી. પરંતુ જ્યારે બાળક પેટમાં પણ નથી અને ખોળો પણ છોડી દે છે અને પછી લાત મારે ત્યારથી અપમાનનો પ્રસંગ ઉભો થઈ જાય છે. ભાગવત આ વાતને સમજાવે છે કે **"કિમ્ અસ્તિ નાસ્તિ વ્યપદેશભૂષિતં"** તમે બ્રહ્મ છે, આમ કહો. બ્રહ્મ નથી, એમ કહો. પરમાત્મા છે, આમ કહો. પરમાત્મા નથી એમ કહો. તમારા આમ કહેવાથી બ્રહ્મ કે પરમાત્મા ના અસ્તિત્વમાં ન તો કોઈ પ્રશ્ન ઉભો થાય છે, અને નથી તેનો અનાદર પણ થતો, તમારી આ પ્રકારની લાતોથી. કેમકે તમે તેના પેટમાં છો તેના ખોળામાં છો. **"ઉત્ક્ષેપણં ગર્ભતસ્ય પાદયોઃ કિં કલ્પતે માતુઃ અધોક્ષજાગસે, કિમ્ અસ્તિ નાસ્તિ વ્યદેશભૂષિતં તવાસ્તિ કુક્ષેઃ કિયદ્અપિ અનન્તઃ"** (ભાગ.પુરા.૧૦/૧૪/૧૨) ગર્ભસ્થ બાળક જો માંના પેટમાં લાત મારે તો શું એ લાત લાગી કહેવાશે? તમે બ્રહ્મને પરમાત્માને 'છે' કહો, 'નથી' કહો તેનાથી કોઈ ફરક નથી પડતો. કેમકે તમે એના ભીતર છો અને તે તમારા ભીતર છે. તમે 'હા' કહી રહ્યા છો તો તમે પોતાની જાતને 'હા' કહી રહ્યા છો. તમે 'ના' કહી રહ્યા છો તો તમે તમારી જાતને 'ના' કહી રહ્યા છો. તેમાં તેનું શું અપમાન?

## (ભગવાનના પેહલુમાં અવિવેકનો પ્રસંગ)

પરંતુ જ્યાં ભગવાનનો પેહલુ આવે છે ત્યાં 'હા' 'ના' નો પેહલુ પ્રકટ થઈ જાય છે. કેમ? કેમકે બ્રહ્મ તમે પણ તો હોઈ શકો છો, પરમાત્મા તમારા ભીતર પણ છુપાયેલો હોઈ શકે. પરંતુ જે ભગવાનવાળો પેહલુ છે, તેનું કાંઈક માહાત્મ્ય છે કે આપણે અજ્ઞાની છીએ તે સર્વજ્ઞાની છે. આપણે અનીશ્વર છીએ, તે સર્વેશ્વર છે. આપણે અસમર્થ છીએ, તે સર્વસમર્થ છે. આપણો કોઈ આધ્યાત્મિક આધિદૈવિક યશ નથી, તેનો યશ છે. આપણે સંસારમાં અનુરક્ત છીએ, તે વિરક્ત છે. ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય તેનામાં સહજ છે. આપણામાં આ ગુણ હશે પણ તોય પ્રાપ્ત કરવામાં આવેલા હશે, સહજ નહીં હોય અને સીમિત હશે, અસીમિત નથી હોઈ શકતા. મહાપ્રભુજી એક બહુ સુંદર વાત કહે છે કે દુનિયાભરને જીતીને માણસ આવે અને ઘરમાં પત્નીનો માર ખાવો પડે છે. તો ઐશ્વર્ય ક્યાં ગયું? આ વાત સમજવાની છે કે આપણું

બ્રહ્મની સાથે તાદાત્મ્ય હોઈ શકે છે પરંતુ જે ભગવાનનું માહાત્મ્ય આપણામાં નથી. આથીજ જ્યારે આપણે ભગવાનનો અસ્વીકાર કરીએ છીએ ત્યારે બધા પ્રશ્ન પેદા થાય છે કે આ ઉચિત છે કે અનુચિત છે. એકદમ એજ પ્રકારથી કે જ્યારે બાળક મોટો થઈ જાય અને પછી માંને લાત મારે તો આ ઉચિત કામ છે કે અનુચિત આનો પ્રશ્ન ઉભો થાય છે. લાત નથી કહેવાતી. એવીજ રીતે બ્રહ્મ અને પરમાત્મા ના પેહલુમાં લાત, લાત નથી. કોઈ નિંદા, નિંદા નથી. કોઈ અસ્વિકૃતિ, અસ્વીકૃતિ નથી. કેમકે એ તો આપણી હકીકત છે. પરંતુ ભગવાનના પેહલુમાં સ્વીકૃતિનો કોઈ એક મતલબ છે. સ્વીકૃતિ આસ્તિકતા છે, અસ્વીકૃતિ નાસ્તિકતા છે. સ્વીકૃતિ ઈશ્વરવાદિતા છે, અસ્વીકૃતિ અનીશ્વરવાદિતા. સ્વીકૃતિ શાસ્ત્રના આધાર સમુચિત શ્રદ્ધા છે, અસ્વીકૃતિ આપણા બૌદ્ધિક તર્કોનો દુરૂપયોગ છે. આ બધું ક્યારે ઉઠે કે જ્યારે ભગવાનના માહાત્મ્યનો પ્રશ્ન ઉભો થાય ત્યારે.

## (કૃષ્ણના પાસામાં અવિવેકનો પ્રસંગ)

એવીજ રીતે કૃષ્ણની બાબતમાં પણ જ્યારે વાત આવે કે કૃષ્ણની સ્વીકારિતા અને અસ્વીકારિતા, એટલે કે ગણી શકાય એવો વિચાર, વ્યવહાર, ભાવ જેથી કાંઈક નિષ્કર્ષ કાઢવામાં આવી શકે. બ્રહ્મ અને પરમાત્મા ઉપર કોઈ નિષ્કર્ષ નથી નિકળી શકતો.

## (ગૃહઠાકુરના પાસામાં અવિવેકનો પ્રસંગ)

હવે આપણા વિસ્તારને થોડો સંકીર્ણ કરીએ તો પોતાના ઘરના ઠાકોરજીને તમે સ્વીકારી રહ્યા છો કે નહીં! મોટાભાગના પુષ્ટિમાર્ગીય ઘરના ઠાકોરજીને ભાજી-મૂળાની જેમ માને છે. મંદિરમાં બિરાજતા ઠાકોરજીના વૈભવથી તેમનું બહુ માહાત્મ્ય માને છે. આ મૂલમાં પુષ્ટિમાર્ગીય ભાવનાથી સર્વથા વિપરીત વાત છે. કેમકે વાર્તાઓને યાદ કરો, જ્યાં પ્રત્યેક વૈષ્ણવને મહાપ્રભુજી જ્યારે ઠાકોરજી પધરાવી આપતા તો કહેતા હતા કે **''मैं तोकों अपनो सर्वस्व पधराय रह्यो हूँ. तू याकों अपनो सर्वस्व करि जानियो.''** દરેક વૈષ્ણવના ઘરમાં જે ઠાકોરજી બિરાજી રહ્યા છે એમને તે વૈષ્ણવે પોતાના સર્વસ્વ માનવા જોઈએ. અને બીજા ઠાકોરજીના અનાદરનો પ્રશ્ન નથી પરંતુ પોતાના ઘરના ઠાકોરજીને સર્વસ્વ માનવા જોઈએ. આ વાત શ્રીગુસાંઈજીની

વાર્તામાં આવે છે કે જ્યારે સાત સ્વરૂપનો મનોરથ થઈ રહ્યો હતો ત્યારે શોભા બેટીજી દરશન કરવા પધાર્યા તો ગુસાંઈજીએ એમને પૂછ્યું કે તમે તમારા ઠાકોરજીની સેવાથી પહોંચ્યા? ત્યારે એમણે કહ્યું કે એ તો મારા ઘરના ઠાકોરજી છે, એમને તો ગમે ત્યારે સેવાથી પહોંચી લઈશ, આ દરશન મને ક્યાંથી મળત! વાર્તામાં સ્પષ્ટ આવે છે કે **"તબ આપ ખીજિકેં, ગારી દેકે કહે 'જો તેરે યહાં કોઉ ઔર બિરાજત હે?"** જ્યારે આપણે આપણા માથે બિરાજતા ઠાકોરજીને સર્વસ્વ માનીને સેવા કરશું ત્યારે તો એ સેવામાં પુષ્ટિમાર્ગીયપણું આવશે. અન્યથા તો સેવામાં પુષ્ટિમાર્ગીયપણું નહીં આવે. આ સેવાનો પેહલુ છે આમાં ક્લેશનો પ્રશ્ન બહુ બઢી-ચઢીને આવી રહ્યો છે. બ્રહ્મ અને પરમાત્મા ના પેહલુમાં એ ક્લેશનો પ્રસંગ નથી આવી શકતો.

ભગવાન કૃષ્ણ અને ઘરના ઠાકોરજી, આમાં ઘરના ઠાકોરજીમાં ક્લેશનો પ્રસંગ સૌથી બઢી-ચઢીને આવશે. તે આપણે આજે સમજવું છે. તો જ્યારે આપણે ઘરના ઠાકોરજીને કોઈ પ્રાર્થના કરી રહ્યા છીએ તો તેના કયા પેહલુને પ્રાર્થના કરી રહ્યા છો? તેના ભગવાનવાળા પેહલુને. કેમકે ભગવાન સર્વસમર્થ છે અને આપણે અસમર્થ છીએ આપણે આપણી અસમર્થતાના પેહલુથી ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છીએ. આપણે ભગવાનના સર્વસમર્થ હોવાના પેહલુનો તો સ્વીકારી રહ્યા છીએ, પરંતુ તેના સર્વજ્ઞ હોવાના પેહલુનો અસ્વીકાર કરી રહ્યા છીએ. કેમકે સર્વજ્ઞ હોય તો પ્રાર્થના કરવાની જરૂરત શું છે? જે તમારી તકલીફ છે તેને તો તે સર્વજ્ઞ હોવાના કારણે જાણે જ છે. તેને તમે વધારે શું જતાવશો! આપણે ભગવાનની અડધી-પડધી હકીકતને સ્વીકારીએ છીએ. તેને સર્વસમર્થ તો જાણીએ છીએ પરંતુ સર્વજ્ઞ નથી માનતા. એ ભગવાનની અધૂરી હકીકત જાણવાથી કાંઈક મનમાં અવિવેક પેદા થશે, આ અવિવેકનું સ્વરૂપ છે.

જેમ વારંવાર હું એક વાત સમજાવું કે આપણે આપણી દિકરીના વિવાહ કરીએ છીએ. તેમાં તેને ઘરેણા-જવેરાત આપીએ. તો પણ આપણને ડર લાગતો હોય કે જમાઈ ખાઈ તો નહીં જાય. ઘરેણા-જવેરાત આપણે ઘરે રાખીએ અને દિકરીને સાસરે મોકલી દઈએ. મતલબ સાફ છે કે કીંમતી દિકરી નથી, કીંમતી ઘરેણા-જવેરાત છે. દિકરીને સળગાવી દે તો ચાલશે પરંતુ

ઘરેણા-જવેરાત ખાઈ જશે જમાઈ, આમ નહીં ચાલે. મતલબ આપણા મનમાં કેવો અવિવેક છે કે જે દિકરીને આપણે પરણાવી રહ્યા છીએ તેની બાબતમાં આપણા કેવા વિચાર છે!

આ આપણા હિંદુસ્તાનની બહુ વિકરાળ હકીકત છે કે માણસ કન્યા સાથે લગ્ન ન કરીને તેની સંપત્તિ સાથે લગ્ન કરે છે. આપણા દેશનું આ મોટું દુર્ભાગ્ય છે પરંતુ આનાથી મોટું દુર્ભાગ્ય આ છે કે માં-બાપ પણ દિકરીને પરણાવીને મોકલી દે છે અને સંપત્તિને રાખી લે છે કે ખાઈ ન જાય. તો જે દિકરીને આપણે સ્નેહ કરી રહ્યા છીએ તેનાથી વધુ આપણે સંપત્તિ સાથે સ્નેહ કરી રહ્યા છીએ. અને આપણે આ પણ વિચારી રહ્યા છીએ કે સંપત્તિ તો દિકરીની છે. અરે ભાઈ! સંપત્તિ જો દિકરીની છે તો તમે કેમ ચિંતા કરી રહ્યા છો, તેને છોડી દો. આવા અડધા-પડધા વિવેકોથી, અધકચરા વિચારોથી, જીવનમાં ક્લેશ થાય છે, થાય છે અને અવશ્ય થાય છે. આપણે આપણો વિચાર સ્પષ્ટ રાખીએ તો ઘણીબધી ક્લેશની વાતો દૂર થઈ જાય.

## (અહંતાથી અવિવેક)

આ પ્રકારથી ભગવાનના પેહલુથી પ્રાર્થના કરવામાં, કે ભગવાનથી પ્રાર્થના નથી કરવી, કે અભિમાનને રાખવામાં કે ભગવાન શું કરશે? જે કાંઈ કરવું છે એ તો અમારે જ કરવું છે, કાંઈક ને કાંઈક ક્લેશ તો થાય જ છે. ઘણાબધા લોકો આમ વિચારે છે કે ભગવાન શું કરશે? કર્મ તો અમારે કરવા છે. ઈશ્વર શું કરશે? ફલ તો અમને અમારા કર્મથી મળશે. ઈશ્વર વધારેમાં વધારે શું કરશે? અમારા કર્મ અનુસાર જ તો ફલ આપશે. આ પ્રકારનું અભિમાન આપણામાં જગાવી લઈએ છીએ. હવે વિચારો કે કર્મમાં આટલું મોટું સામર્થ્ય હોત તો માણસના ભીતર આ વિડંબના પેદા જ ન થવી જોઈતી હતી કે જે કર્મને તે સાચું માની રહ્યો છે, સારૂં માની રહ્યો છે, એ કર્મ કરવામાં તેનું સ્ખલન કેમ થાય? જેમ જે વ્યક્તિએ બધુંજ કાંઈ ત્યાગી દીધું, સંન્યાસ લઈ લીધો. જેમ મેં કાલે તમને વાત બતાવી હતી કે હરિદ્વારમાં કેટલાય આશ્રમોમાં ટી.વી.ના એંટીના લાગેલા છે, એરકંડિશન લાગેલા છે. કેટલાય આશ્રમમાં કુતરા પાળવામાં આવેલા છે. જો તમે સંપત્તિ ત્યાગી દીધી છે તો એકઠી કરવાની આવશ્યકતા શું?

એક આશ્રમમાં હું એક વખત ગયો હતો. ત્યાં લોકોએ કહ્યું કે આપ અમારે ત્યાં ભોજન કરો. મેં કહ્યું કે હું તો અહીં ત્રણ દિવસ માટે એક કોન્ફરન્સમાં આવ્યો છું. મારી પાસે ત્રણ દિવસ માટે એક ડબ્બામાં મારા ઠાકોરજીનો પ્રસાદ હતો તો આપણે ત્યાં શા માટે ખાવું? અંતમાં તેઓ મારી પાછળ પડી ગયા કે નહીં આપને તો કાંઈક ને કાંઈક અમારૂં આતિથ્ય સ્વીકાર કરવું પડશે. મેં એમને કહ્યું કે જુઓ, આપ લોકો સંન્યાસી છો, હું ગૃહસ્થ છું. આપ લોકોએ મારે ત્યાં આતિથ્ય સ્વીકાર કરવું જોઈએ. ગૃહસ્થનો સંન્યાસીને ત્યાં આતિથ્ય? એમણે કહ્યું કે નહીં કાંઈક તો આપને લેવું જ પડશે. જ્યારે એમણે બહુ કહ્યું તો મેં કહ્યું કે ચાલો આપ શું આપી રહ્યા છો. એમણે એમનો કબાટ ખોલ્યો તો તમે માનશો નહીં કે એને જોઈને મારી આંખો અંજાઈ ગઈ. કોઈ ગૃહસ્થીના ઘરમાં આટલી ગિફ્ટ-આઈટમ નહીં હોય એવી આઈટમોથી કબાટ ભરેલો હતો!

જો આપણે બધુંજ કાંઈ ત્યાગી દીધું છે અને કર્મના માટે આપણે એટલા સ્વતંત્ર છીએ કે પરમેશ્વર શું કરશે? જે કર્મ કરવું છે તે કરવું છે. આ વાત તો સાફ છે કે જ્યારે આપણે સંન્યાસ લીધો ત્યારે તેમાં વિચાર્યું કે જે કાંઈ થવાનું છે તે અમારા ત્યાગથી થવાનું છે, એમાં પરમેશ્વર શું કરશે? છતાં ત્યાગ તમારાથી બરાબર કેમ ન થઈ શકે? આપણે પુષ્ટિમાર્ગના સંદર્ભમાં વિચારીએ કે આપણે બ્રહ્મસંબંધ લઈને આ સંકલ્પ કર્યો કે અમે બધુંજ કાંઈ સમર્પણ કરશું. અમારા ઘરમાં, અમારા તનથી, અમારા પરિવારના બધા વ્યક્તિઓ હળી-મળીને તારી સેવા કરશું. એ સંકલ્પ આપણો કેમ પૂરો નથી થઈ શકતો! જો કર્મમાં આટલું સામર્થ્ય હોત તો આ બધું થવું જોઈતું હતું.

અમારા દાદાજીની પાસે એક બ્રહ્મચારી જૈનમુનિ આવતા હતા. હું ત્યારે નાનો હતો પંદર સોળ વરસનો. એમણે મને પૂછ્યું કે તમે જીવનમાં શું કરવા માગો છો? મેં એમને કહ્યું કે ''હજુ તો કાંઈ નક્કી નથી કે શું કરવું છે.'' ત્યારે હું દાદાજીને વાંચી રહ્યો હતો. એમણે કહ્યું ''આમ કેમ ચાલશે? આપને સંકલ્પ કરવો જોઈએ કે શું બનવું છે, શું કરવું છે આ આપને ખબર હોવી જોઈએ કે કર્મનું એટલું સામર્થ્ય છે કે જો આપ સંકલ્પ કરો તો ત્રીસ દિવસની અંદર ભારતના રાષ્ટ્રપતિ બની શકો છો.'' હું નાનો હતો ચકરાઈ ગયો કે મુનિજી બહુ

મોટી વાત કરી રહ્યા છે. આપણે આમાં શું કરી શકીએ છીએ? થોડાક દિવસ પછી તે મુનિજી અમેરિકા ગયા. ત્યાં જઈને એમણે લગ્ન કરી લીધા. મુનિ થવાના સંકલ્પનું શું થયું? આવો વિચાર મને આવ્યો. જ્યારે તમે સંકલ્પ કર્યો અને એ સંકલ્પની, કર્મની શક્તિ આટલી માની રહ્યા છો. મુનિ થઈ ગયા પછી ઓચિંતાના લગ્ન કેમ કરી લીધા?

વાત સાફ છે કે આપણે કર્મ કરી શકીએ છીએ, નથી કરી શકતા એવી વાત નથી. પરંતુ કર્મની શક્તિ એટલી નથી કે એ કર્મના કારણે આપણે આ દાવો કરી શકીએ કે આપણે આ કર્મ કરશું તો આ બની જશું. આપણે કરવા માગીએ તો પણ નથી કરી શકતા.

દુર્યોધનનું એક બહુ સુંદર વચન છે **''જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ, જાનામિ અધર્મં નચ મે નિવૃત્તિઃ. કેનાપિ દેવેન હૃદિ સ્થિતેન, યથા નિયુક્તોસ્મિ તથા કરોમિ''** (પાંડવગીતા.૫૭) હું જાણી રહ્યો છું કે ધર્મ શું છે, અધર્મ શું છે. પરંતુ તે ધર્મ મારાથી પાળી શકાતો નથી. તે અધર્મ મારાથી છોડી શકાતો નથી. આ કેવી સ્થિતિ છે મારી! **''કેનાપિ દેવેન હૃદિ સ્થિતેન યથા નિયુક્તોસ્મિ તથા કરોમિ''** પરમાત્મા મારી ભીતર બેસીને આંખની કીકીની માફક મને નચાવી રહ્યો છે. તેવી રીતે હું નાચી રહ્યો છું.

આપણે આ વાતને પણ જાણીએ છીએ કે દરેક પ્રધાનો જ્યારે તે સોગંદ લે છે કે ભારતના હિતમાં સંપૂર્ણ કાર્ય કરશું. ભારતનું જેમાં અહિત હોય તે કાર્ય નહીં કરીએ. પરંતુ બન્યા પછી પોતાના જ હિતનું કાર્ય કરતા હોય છે, ભારતના હિતનો કોઈ વિચાર નથી કરતા. તે સંકલ્પ-સોગંદનું શું થયું? આ બધા ઉદાહરણ હું તમને એટલા માટે આપી રહ્યો છું કે આ ફક્ત ધર્મના ક્ષેત્રની, રાજનીતિના ક્ષેત્રની, અધ્યાપનના ક્ષેત્રની કથા નથી. ડોક્ટર બને છે ત્યારે એક સોગંદ અપાવવામાં આવે છે કે આ જ્ઞાનથી તમે જનતાની સેવા કરશો. ક્યારેય જનતાનું આર્થિક શોષણ નહીં કરો. પરંતુ દરેક ડોક્ટર કેટલું શોષણ કરી રહ્યા છે! મારા દાંતમાં એક દિવસ દુઃખાવો થયો તો હું એક ડોક્ટરને બતાવવા ગયો. એ ડોક્ટરે કહ્યું કે તમારા તો બધા દાંત સડી ગયા છે, બધા કાઢવા પડશે. આ આજથી આઠ-દસ વરસ પહેલાની વાત છે. એણે કહ્યું કે બધા દાંત તોડવા

પડશે અને દરેક દાંત તોડવાના દોઢસો રૂપિયા. મેં વિચાર્યું કે દોઢસો રૂપિયા તો આપી દઉં પરંતુ બધા દાંત તોડાવવા પડશે. હું રઘુનાથલાલજીની પાસે ગયો. એમણે કહ્યું કે તમે કોઇ ડોક્ટરના ચક્કરમાં ન પડો, એક વૈદ્યનું મંજન છે, તે કરો. આજ-સુધી એક પણ દાંત કઢાવવાની જરૂરત નથી પડી. જુઓ, જેમણે આ સંકલ્પ લીધો કે જનતાની સેવા કરશે તે જનતાની સેવા કરી નથી શકતા. આ બધી તો બહુ મોટી વાત છે. એક નાનકડા વિદ્યાર્થીને લો, જેણે સંકલ્પ કર્યો છે કે તેને મેટ્રિકમાં પાસ થવું છે. પરંતુ તે પણ પરીક્ષા પાસે આવે ત્યારે જ ભણે છે. બાકી આખું વરસ તેને ભણવામાં મન નથી લાગતું. તેને કહો કે તે સંકલ્પ કર્યો છે કે તું મેટ્રિકમાં પાસ થઈશ, તું ભણ. પરંતુ તે નથી ભણતો. ભણી નથી શકતો. પોતાના કર્મોની આટલી શક્તિ હોત કે જે પણ મનુષ્ય સંકલ્પ કરે, તે કરી જ શકતા હોતા, તો મનુષ્યની આ અવસ્થા હોવી જોઈતી ન હતી. આ એ વાતનું પ્રમાણ છે કે આપણા ભીતર સામર્થ્ય નથી. સંકલ્પ થઈ શકે છે. કોઈ વખત સામર્થ્ય હોય છે પરંતુ સંકલ્પ નથી હોતો. જેમ હનુમાનજીની કથામાં આવે છે કે હનુમાનજીમાં સમુદ્ર ઓળંગવાનું સામર્થ્ય હતું, પરંતુ એમનો સંકલ્પ ન હતો કે જાઉં કે ન જાઉં. ત્યારે બધાએ એમને કહ્યું કે તમે વાયુના પુત્ર છો તમને કઈ તકલીફ છે! ત્યારે તેઓ તૈયાર થયા.

ક્યારેક આપણા ભીતર સામર્થ્ય હોય છે તો સંકલ્પ નથી હોતો, ક્યારેક સંકલ્પ હોય છે પરંતુ સામર્થ્ય નથી હોતું. આ પ્રકારની આપણા જીવનની વિવશતાઓ છે. એ વિવશતાઓના હોવા છતાં પણ જો આપણે આ પ્રકારનું અભિમાન રાખીએ કે ભગવાનથી પ્રાર્થના નથી કરવી. ભગવાન શું હોય છે? જે કાંઈ કરવું છે તે તો અમે જ કરશું. એ અભિમાન આપણું નિરર્થક છે. આ અભિમાન આપણા અંદર ક્લેશ પેદા કરશે જ. ભગવાનની સામે આપણું અભિમાન ટકી શકનાર નથી. ભગવાન આપણું અભિમાન ટકવા નથી દેતા. ન રાજનીતિજ્ઞનું ન સાધુનું ન શૈતાનનું ન શિષ્યનું ન ગુરૂનું. કોઈક ને કોઈક સ્થિતિમાં ભગવાન એક ઝટકો આપી જ દે છે. જેમ ગાડી દોડતી હોય છે અને સ્કૂલની પાસે બમ્પરબનાવી દે છે. આપણા જીવનમાં કેટલાય બમ્પર આવા આવી જાય છે કે આપણા અભિમાનના કારણે દોડતી ગાડી ઝટકા ખાય અને નીચે પછાડી દે છે અને આપણું નિયંત્રણ ખોવાઈ જાય છે. તે પ્રકારની સ્થિતિ છે.

### (અહંતાથી જોડાયેલા નકારાત્મક-સકારાત્મક ક્લેશ)

આથી જ મહાપ્રભુજી કહી રહ્યા છે કે જો તમારે ક્લેશરહિત સેવા કરવી છે તો તમારે બે વાતની સાવધાની રાખવી પડશે. એક તો તમારે પ્રાર્થના નથી કરવાની. અને બીજી પ્રાર્થના ન કરવાનું અભિમાન પણ નથી કરવાનું. અભિમાન નથી કરવું તેના માટે આપણે હઠીલા નહીં બનીએ. બિન હઠીલા રહેશું. આગ્રહ આપણે એવો રાખશું કે ધર્મતઃ શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે, આ બધી વાતો આપણા વિવેકની છે. અને આનાથી ઉલટું આપણો અવિવેક જ ક્લેશ બને છે. આ વિવેક આપણી અહંતાની બુદ્ધિથી જોડાયેલી વાત છે. આપણે સમજીએ છીએ કે જે વ્યક્તિ ચાપલૂસ છે તેમાં અહંકાર નથી હોતો. એવું નથી કે જે વ્યક્તિ ચાપલૂસ છે તેમાં અહંકાર નથી હોતો. આવું નથી, ચાપલૂસ વ્યક્તિનો અહંકાર સ્વયંથી સંતુષ્ટ નથી થતો તો તે બીજાના ખંભા ઉપર બંદૂર રાખીને પોતાના અહંકારને સંતુષ્ટ કરવા ઈચ્છે છે. આનાથી વિપરીત ઘણી વખત આપણે આમ સમજીએ છીએ કે શેખી વધારવાવાળો વ્યક્તિ અહંકારી હોય છે. પરંતુ ઘણી વખત એવો વ્યક્તિ ભીતરથી તૂટેલો હોય છે.

પ્રાર્થનાની ચાપલૂસી અથવા શેખીનું અભિમાન, આપણી અહંતાથી જોડાયેલ નકારાત્મક કે સકારાત્મક ક્લેશ છે, જે આપણી સેવામાં આડા આવી શકે છે. પ્રભુની સામે ન આપણે નકારાત્મક અહંતા કરવી છે. 'નકારાત્મક અહંતા' મતલબ ચાપલૂસી કરવી, 'સકારાત્મક અહંતા' મતલબ અભિમાન, છે બંને અહંતાના જ પ્રકાર. હું એક બહુ મજેદાર શ્લોક આ સંદર્ભનો તમને સંભળાવું. બે ભક્ત એકબીજાને મળ્યા. ભક્ત તો શું, ભક્તાભાસ કહીએ તો વધારે ઉચિત છે. તે એકે કહ્યું કે ''તમે કોણ'' તો એણે કહ્યું કે ''કે યૂયમ્? હરિપાદપદ્મનિરતશ્રીપાદપાયૂદકક્લિદ્યન્મૂત્રલુઠન્પિપીલકવધૂદાસાઃ'' જે ભગવદીય થયા છે એમના ચરણ અને શૌચ પ્રક્ષાલનના માટે વપરાયેલા જલમાં આળોટવાવાળી કીડીઓનો દાસ છું. તો બીજા ભગવદીયને દૈન્યાભિમાન ખંડિત થઈ ગયું તો તેણે કહ્યું ''આવા ભગવદીયો લઘુશંકા કરી દે, તેમાં ઘાંસ ઉગે, એ ઘાંસને ખાનાર ગધેડો, એ ગધેડાના પગમાં લાગેલી જે રજ છે, એ રજ હું છું!'' પોતાનો નાનકડો પરિચય ન આપી દઈને આટલી દીનતા પ્રકટ કરવી અને તેમાં પણ પાછી હરિફાઈ કે તમે કેટલી વખત દાસાનુદાસ બોલ્યા.

બીજો કહે કે ચાર વખત. તો એણે કહ્યું કે અચ્છા! હું આઠ વખત બોલીશ દાસાનુદાસ, લે બેટા હવે શું કરીશ! આ દૈન્ય થયું કે અહંકાર? અરે દૈન્યમાં પણ પાછો અહંકાર આડો આવી રહ્યો છે. મનુષ્યની સ્થિતિ એવી વિકટ છે કે જે દૈન્ય કરીને પણ પોતાનો અહંકાર છળી જાય અને અહંકાર કરીને ક્યારેક દૈન્ય છળી જાય છે. એ પ્રકારનું આપણું માનસ છે. અવિવેક આપણી અહંતાથી જોડાયેલ ક્લેશ પેદા કરે છે.

## (અધૈર્યના કારણે ક્લેશ અને ધૈર્ય ખ/૧-૪ થી અક્લેશ)

હવે અધૈર્ય આપણી મમતાથી જોડાયેલા ક્લેશ પેદા કરે છે. કેમકે ધીરજ આપણી ક્યારે છૂટે છે? જ્યારે જે વસ્તુમાં આપણે આપણી મમતા જોડીને રાખી છે અને તે વસ્તુમાં જ્યારે-જ્યારે વ્યાઘાત આવે ત્યારે-ત્યારે ધીરજ છૂટવા લાગી જાય છે! આથી જ અવિવેક આપણી અહંતાથી જોડાયેલી કથા છે અને અધૈર્ય આપણી મમતાથી જોડાયેલી કથા છે. આપણે ત્યાં ઠાકોરજીની સેવામાં આપણી અહંતાનો પણ વિનિયોગ કરવાનો છે અને આપણી મમતાનો પણ વિનિયોગ કરવાનો છે. આપણી અહંતાનો વિનિયોગ આપણે આપણા શરીરને સેવામાં લગાડીને અને આપણી મમતાનો વિનિયોગ આપણા વિત્ત અને આપણા પરિવારથી કરીએ છીએ. આથી જ તનુવિત્તજા સેવા કહી છે. કેમકે તનુ આપણી અહંતાનું પ્રતીક છે અને વિત્ત આપણી મમતાનું પ્રતીક છે. આથી જ તે અહંતા-મમતાને આપણે સેવામાં જોડશું. હવે એ જોડવાની પ્રક્રિયામાં ઘણી વખત મમતાને જોડવામાં આપણું ધૈર્ય છૂટવાનું શરૂ થશે.

ધૈર્ય શા માટે છૂટે છે તે મહાપ્રભુજી બતાવી રહ્યા છે કે ત્રિદુઃખ સહન કરવાનું છે. કોઈ પણ દુઃખ આવી પડે તેને સહન કરવાનું છે. અને એ સહન કરવાની પ્રક્રિયામાં ક્યારેક આપણો અહંકાર છળવા આવી જાય છે. જેમ અમે ભક્ત છીએ અને અમારે દુઃખ સહન કરવાનું છે અને કરવાનું જ છે, ભલે તેનો પ્રતિકાર થઈ પણ શકતો હોય તો પણ દુઃખ તો અમે સહન કરશું જ. આ પ્રકારનો અપ્રતિકારાત્મક દુઃખ સહન કરવાનો અહંકાર. દુઃખ જો ટાળી શકાતું હોય, છતાં પણ તેને ન ટાળવાની જે વૃત્તિ છે, તે ધૈર્ય નથી. કોઈ જાતની એક માનસિક અધીરતા છે. જેમ કોઈ રોગ સામાન્ય દવાથી મટી રહ્યો છે. પરંતુ આપણે દવા ન લઈએ અને કહીએ કે મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે

**"ત્રિદુઃખસહનં ધૈર્યમ્"** અમે તો આ દુઃખને સહન કરશું. આવું કરવાથી તો રોગ વધશે અને અંતમાં ક્લેશ પેદા થશે જ. આપણે ત્યાં વાર્તામાં બહુ સુંદર આવે છે કે મહાપ્રભુજી અને ચૈતન્ય મહાપ્રભુ જે વખતે જગન્નાથપુરી પધારી રહ્યા હતા તો ચૈતન્ય મહાપ્રભુ વનમાંથી પધાર્યા અને મહાપ્રભુજી રાજમાર્ગથી પધાર્યા. પાછા જ્યારે બંને એક-બીજાને મળ્યા ત્યારે ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું કે "અમે વનમાંથી ગયા તો બહુ આનંદ આવ્યો". ત્યારે મહાપ્રભુજીએ કહ્યું કે "વનની સરખામણીમાં અમે રાજમાર્ગથી જવાનું વધારે પસંદ કરીએ છીએ." ત્યારે ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું કે "કેમ આપને પ્રભુ ઉપર વિશ્વાસ નથી?" ત્યારે મહાપ્રભુએ કહ્યું કે "એવી વાત નથી. અમને તો પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ છે પરંતુ આપણા વનમાંથી જવાના કારણે પ્રભુને કેટલો શ્રમ થાય છે, આ આપે વિચાર્યું?" જો દુઃખનો આપણા દ્વારા જ પ્રતિકાર થઈ શકતો હોય તો વ્યર્થ પ્રભુને શ્રમ શા માટે આપીએ? રાજમાર્ગ ઉપર ચાલવામાં જો વધારે સુરક્ષા છે તો વ્યર્થમાં પ્રભુને શા માટે શ્રમ આપવો?

[ખ-૧]**પ્રતિકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્ નાગ્રહી ભવેત્.** ત્રિદુઃખ સહન કરવા તે સારી વાત છે પરંતુ આનો અર્થ એ નથી કે દુઃખનો પ્રતિકાર કરી શકાતો હોય તો પણ દુઃખ સહન કરવા. અને જો સમજો કે પ્રતિકાર ન થઈ શકતો હોય તો સહન કરવા.

[ખ-૨]**ભાર્યાદીનાં તથાન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્** જે પણ આપણા પરિવારના સભ્યો છે, આપણા સંપર્કમાં આવનાર જે અસત્ પુરૂષ છે, તેઓ બધા તમને તકલીફ પેદા કરશે, જ્યારે તમે સેવા કરશો. તેને સહન કરવાનો તમે નિશ્ચય કરો. સહન તો કરવું જ પડશે. કોઈપણ કામ હોય જેમકે એવરેસ્ટ ચઢીએ, ટ્રેકિંગ કરીએ તો તેમાં કષ્ટ થાય તો સહન કરવું જ પડે છે. આપણે રોગ મટાડવા માટે ઓપરેશન કરાવીએ, તો દશ-પંદર દિવસ કાંઈક તો કષ્ટ સહન કરવું જ પડશે છે ને!

[ખ-૩]**સ્વયમિન્દ્રિય-કાર્યાણિ કાય-વાંગ-મનસા ત્યજેત્** પ્રતિકાર થઈ શકતો હોય તો પ્રતિકાર કરવો જોઈએ. અને પ્રતિકાર ન થઈ શકતો હોય તો સહન કરવું જોઈએ. પરંતુ સૌથી સારી વાત આ છે કે જે કારણોથી દુઃખ થઈ

રહ્યું છે, કાયિક માનસિક કે વાચિક, એ કારણોને જ પેદા થવા ન દો, જેનાથી દુઃખ આપણને પેદા થાય. અને તે પેદા થવા લાગી જાય તો **"ત્રિદુઃખસહનં ધૈર્યમ્"** પરંતુ તેનાથી સારી વાત આ છે કે એ વાચિક કાયિક અથવા માનસિક વ્યાપારોને કરો જ નહીં જે કારણોથી તમને દુઃખ થાય. જો તમને કારણ ખબર પડે તો. ઘણી વખત આપણને ખબર જ ન પડે કે કઈ વાત કરવાથી કયું દુઃખ પેદા થશે. આપણે શું કરશું તો શું દુઃખ પેદા થશે, આપણે શું બોલશું તો શું દુઃખ પેદા થઈ જશે, અથવા આપણે શું વિચારશું તો કયું દુઃખ પેદા થઈ જશે? ઉદાહરણ માટે એક વાત બતાવું. આપણે કોઈની બાબતમાં એવું વિચાર્યું કે આ મારો મિત્ર છે અને તેણે આપણું કોઈ કામ ન કર્યું તો આપણને  બહુ ભારે દુઃખ થશે. કોઈ બીજો ન કરે તો શું આપણને દુઃખ થશે? પરંતુ આનો અર્થ એ નથી કે કોઈને આપણે મિત્ર જ ન બનાવીએ. પરંતુ કોઈને આટલી હદ સુધી મિત્ર ન વિચારો કે જો કોઈ કામ ન કરે તો આપણને દુઃખ થાય. એ હદ સુધી જ મિત્ર વિચારો કે બંને સાથે રહી શકીએ.

મને ઘણા બાલકો આમ કહે છે કે અમે આપને ગુરૂ માનીએ છીએ. તો હું એમને કહું છું કે આપ પણ મહાપ્રભુજીના વંશજ અને હું પણ મહાપ્રભુજીનો વંશજ. આપ મને ગુરૂ માનશો અને હું આપને ચેલા માનીશ તો કાંઈક ને કાંઈક ક્લેશ થશે જ. આપણે આમ કેમ ન કરીએ કે મહાપ્રભુજીના બતાવેલા પથ ઉપર આપણે હાથમાં હાથ નાખીને સાથે-સાથે ચાલીએ. ન આપ મારી આગળ ચાલો ન હું તમારી આગળ ચાલું. જ્યાં સુધી ચાલી શકાશે ત્યાં સુધી ચાલશું, નહી ચાલી શકાય તો ગુડબાય કહેશું. પરંતુ આગળ-પાછળ ચાલવાની વાત મહાપ્રભુજીના પથમાં ક્યાંથી આવી? જ્યારે મહાપ્રભુજીનો પથ છે તો કોણ-કોનાથી આગળ ચાલી શકે છે! આપણે બધાએ આ પથ ઉપર હળી-મળીને ચાલવાનું છે. અને આ જ વાત દરેક વખતે વૈષ્ણવોને પણ હું કહેવા માગુ છું કે આ મહાપ્રભુજીનો પથ છે અને આ પથ ઉપર આપણે બધા હળી-મળીને ચાલશું ત્યારે તો ચાલી શકશું. અને કોઈ આગળ પાછળ ચાલશે તો આગળવાળો જો ખાડામાં પડ્યો તો શું આપણે પણ પડવું? એમ કે જેમ કોઈ કાર રાતના અંધારામાં ચાલી રહી હોય અને અચાનક તેને કાંઈક દેખાઈ જાય અને તે બ્રેક મારે તો પાછળવાળી બધી કાર તેની સાથે ભટકાઈ જાય.

અંધારાની કથા બધી આવી જ હોય છે. આપણને કોઇ વાત પૂરી રીતે સમજમાં આવતી નથી. આપણી સમજ ક્યાં-સુધી હોય, જ્યાં-સુધી આપણી હેડલાઇટ જતી હોય. તેની આગળ તો અંધારૂ જ દેખાય છે. જ્યારે આપણને આનાથી વધારે દેખાવાનું નથી તો કેમ ન આપણે સાથે ચાલીએ? હળી-મળીને બધા સાથે ચાલીએ. આગળ અને પાછળ ચાલવાની બંને વૃત્તિઓથી સારી, આ માર્ગમાં સાથે ચાલવાની છે. એટલે કે આમાં કોઇ એક ભૂલ કરી તો બીજાને ગભરાવાની કોઇ વાત નથી.

આ પ્રકારની સહજતાની વૃત્તિથી જ્યારે આપણે આ પથ ઉપર ચાલશું ત્યારે તો કોઇ ક્લેશ નહીં થાય. અને આગળ-પાછળની વૃત્તિથી જ્યારે ચાલવા માગશું તો કાંઇક ને કાંઇક તો ક્લેશ થવાનો જ છે. કેમકે આપણને પૂરો માર્ગ તો દેખાવામાં આવી નથી રહ્યો. માર્ગ તો એટલો જ દેખવામાં આવી રહ્યો છે જેટલી આપણી હેડલાઇટ જઇ રહી છે, હેડમાં રહેલી મતિની લાઇટ-

[ખ-૪]**અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્** આથીજ મહાપ્રભુજી આગળ કહી રહ્યા છે કે વ્યર્થમાં આપણે આપણને એટલો સમર્થ માનીએ કે બધી તકલીફોને આપણે સહન કરી શકશું, જીલી શકશું. આને બદલે એક વખત આપણે આમ સમજી લઇએ કે આપણે શું કરી શકીએ. જેમ કોઇ પક્ષી ઉડે તો આપણને પણ ઉડવાની ઇચ્છા થાય છે. પરંતુ આપણે આપણી વાત સમજી લઇએ કે ભગવાને પાંખો નથી આપી તો આપણે કેવીરીતે ઉડશું? આપણે આપણા અસામર્થ્યને એક વખત સમજી લઇએ. એવી કઇ વ્યક્તિ હશે જે આ વાતનો ક્લેશ કરતો હોય કે આપણને પાંખો નથી. આવું કોઇ કરે તો આપણે તેને બેવકૂફ જ તો કહેશું. કેમકે ભગવાને આપણને પાંખો આપીજ નથી તો આમાં ક્લેશ કરવાની વાત શું છે? પાંખો ન મળવાની અસામર્થ્યની ભાવના કરી લો, ન ઉડવાનો ક્લેશ તુરત ખતમ થઇ જશે. પરંતુ જ્યારે તમે આ ભાવના કરી રહ્યા છો કે પાંખો હોત તો આપણે પણ ઉડી શકતા હોત, આ કાગડા, કબુતર કેમ ઉડી શકી રહ્યા છે? ત્યારે તમે એક ક્લેશને આમંત્રણ આપી રહ્યા છો. જ્યારે પણ વ્યર્થમાં આપણે આપણા સામર્થ્યની ભાવના કરીએ છીએ તો ઘણાબધા ક્લેશોને આપણા હૃદયમાં વસવાનું આમંત્રણ આપીએ છીએ. અને અંતે આપણી ધીરજ ખોવી પડે છે. આના માટે મહાપ્રભુજી આજ્ઞા

કરે છે કે **“અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્.”** અને જો તમે કહી રહ્યા છો કે અમારા મનની સ્થિતિ એવી છે કે જો અમે અમારી જાતને અસામર્થ્યશાળી માનીએ તો અમે ટૂટી જ જશું.

## (શરણભાવનાથી અક્લેશ)

મહાપ્રભુજી આગળ કહી રહ્યા છે કે છોડો બધી વાતો, કેવળ ભગવદાશ્રય ગ્રહણ કરો. **“અશક્યે હરિરેવાસ્તિ સર્વં આશ્રયતો ભવેત્”** ભગવાનની શરણભાવના કરો, તેનાથી તમારા બધા ક્લેશ દૂર થશે. ભગવાનની શરણભાવનાનો વિચાર આપણે આગળ કરશું. ક્લેશરૂપી ધુમાડાનો આ વિવેક-ધૈર્ય-આશ્રયથી કેવીરીતે સંબંધ છે, આ વાતને સમજવી બહુ જરૂરી છે. અને આટલી વ્યાવહારિક ગાઈડ-લાઈન મહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં આપી છે. અને ત્યારે જ સમજમાં આવી શકે છે કે અવિવેક અને અધૈર્ય થી પુષ્ટિભક્તિમાર્ગની સેવાપ્રણાલીમાં કેવા-કેવા ક્લેશ આપણે ઉભા કરી લઈએ છીએ. આ વાતને આપણે સમજી જઈએ તો ઘણબધા ક્લેશ આપમેળે જ દૂર થઈ શકે છે.

## (સિંહાવલોકન)

કાલ સુધીના પ્રસંગમાં આપણે જે વિષયનું અવગાહન કર્યું, તે આ કે આપણા સેવ્યસ્વરૂપના બ્રહ્મ હોવામાં અને એ બ્રહ્મના આપણે નામ-રૂપ-કર્મ છીએ. આ હોવામાં ક્લેશનો કોઈ પ્રસંગ નથી. એ પરમાત્મા છે, આપણે જીવાત્મા છીએ. આ પરમાત્મા-જીવાત્માભાવમાં પણ કોઈ ક્લેશનો પ્રસંગ નથી. પરંતુ જ્યારે તેના ભગવાન હોવાનો પેહલુ આપણે આપણી સમક્ષ લાવીએ છીએ અને એ પ્રકારથી વ્યવહાર કરીએ છીએ, એ સમયથી ક્લેશના કાંઈક પ્રસંગ આવે છે. અને એ પ્રસંગ મૂલતઃ અવિવેકવાળા પ્રસંગ છે જેનો વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં, વિવેક અને તેના ચાર ઉપાયો અંતર્ગત મહાપ્રભુજીએ ઉપદેશ આપ્યો.

બરાબર આ જ પ્રકારથી તેના કૃષ્ણ હોવાનો બીજો પેહલુ છે. એ કૃષ્ણ હોવાના પેહલુમાં પણ ક્લેશ થવાની સંભાવના હોઈ શકે છે. એ કૃષ્ણ છે અને આપણે તેની કથાથી ફરીથી જીવવા માગી રહ્યા છીએ. જે કથા વ્રજમાં ઘટીત

થઈ, તેને આપણે ફરીથી જીવવા માગીએ છીએ. આ વાત મેં તમને સમજાવી હતી કે જ્યારે સૂરદાસજીએ આ ગાયું કે ''તબ તા દિન તેં વે લોગ સુખ-સંપત્તિ ન તજે.'' ત્યારે મહાપ્રભુજીએ એ કડીને પૂરી કરીને ''સુનિ સૂર સબનકી યહ ગતિ જે હરિ ચરણ ભજે.'' આપણી જે સેવા છે તેમાં કૃષ્ણકથાને આપણે ફરીથી જીવીએ છીએ.

## (કૃષ્ણલીલાની ભાવનાથી સેવામાં અક્લેશ)

જેમ રામલીલા પરંતુ આમાં અંતર એટલું છે કે રામલીલાનો પ્રસંગ નવરાત્રિ દશેરા સુધી હોય છે. આપણે ત્યાં આપણી સાધનાપ્રણાલીમાં કૃષ્ણકથા જીવવાનો જે ઉપક્રમ છે, તે બારે મહીના જ નહીં પરંતુ તેર મહીનાનો છે. તેરમો મહીનો અધિક માસનો કહેવાય છે. આટલા માટેજ યુગલ ગીતમાં તેર ગુણ્યા બે, એમ છવ્વીસ શ્લોક રાખવામાં આવ્યા છે. તેનો અભિપ્રાય પણ મહાપ્રભુજીએ આ જ બતાવ્યો છે કે ભગવદ્ભજન તો નિત્યક્રમના અંતર્ગત આપણે બાર મહીના જ નહીં, અધિક માસમાં પણ કરવાનું છે. અને આ પ્રકારથી જ્યારે આપણે કૃષ્ણકથાને જીવી રહ્યા છીએ, આ જ કારણથી આપણે પ્રતિવર્ષ જન્મોત્સવ દાનોત્સવ શરદોત્સવ અન્નકૂટ હોળી આ બધું મનાવીએ છીએ. ઠાકોરજીની કૃષ્ણકથાને આપણે સેવામાં જીવવા માગીએ છીએ. આ કૃષ્ણકથાને જીવવાની ભાવનાથી જોડાયેલ છે. આ ક્રિયાઓથી જોડાયેલો પ્રકાર નથી. કેમકે ક્રિયાથી તો આપણ તનુ-વિત્તજા સેવા કરશું. ક્રિયાથી તો આપણે ઠાકોરજીને જગાવશું પોઢાડશું. પરંતુ ભાવનાથી આપણે આ વિચારશું કે યશોદાજી જગાવી રહ્યા છે, યશોદાજી પોઢાડી રહ્યા છે. ક્રિયાથી આપણે ઠાકોરજીને અન્નકૂટ ભોગ ધરશું, પરંતુ ભાવનાથી આપણે એ વિચારશું કે ઠાકોરજી ગિરિરાજજીને ભોગ ધરી રહ્યા છે. આ ભાવનાનું સ્વરૂપ થઈ ગયું. અને એટલા જ માટે આપણે ત્યાં જે અન્નકૂટ સજાય છે તે સીધો નથી સજાતો, પરંતુ ગિરિરાજજીની જેમ સજાવવામાં આવે છે. રાજભોગ આપણે ત્યાં સીધો ચોકી ઉપર સજાય છે. જેથી ઠાકોરજીને આરોગવામાં અનુકૂળતા રહે. પરંતુ અન્નકૂટ આપણે ત્યાં એવીરીતે સજાવવામાં આવે કે જેમ ગિરિરાજજી ઉપર હોય. આ બધી કથાની ભાવનાઓ આપણે ત્યાં છે, જેને આપણે આપણી સેવાની પ્રણાલીના અંતર્ગત જીવી રહ્યા છીએ. આ

કૃષ્ણકથાને જીવવાની પ્રક્રિયા છે. જેમ ડોલ આપણે બાંધીએ છીએ, ઉષ્ણકાલ આવે તો શ્રીયમુનાજી ભરીએ છીએ. હવે શ્રીયમુનાજી એક થાળથી વધારે તો આપણે ભરી નથી શકતા. યમુનાજી પણ આપણે કૃષ્ણકથાને જીવવા માટે ભરીએ છીએ. ‘‘મૈયા મેં રથ ચઢકે ડોલૂંગો’’ આપણે રથને આપણા ઘરમાં ફેરવીએ છીએ પરંતુ ભાવના એવી કરી રહ્યા છીએ કે જેમ ઠાકોરજી જીદ કરી રહ્યા છે કે ‘‘યશોદા રથ દેખનકોં આયી.’’ આ આપણી સાધનાપ્રણાલીમાં કૃષ્ણકથાને જીવવાનો જે પ્રકાર છે, તેના કારણે કાંઈક ક્લેશ થઈ શકે છે. એ ક્લેશોને કેવીરીતે દૂર કરવા? એ કૃષ્ણકથાને જીવવાના પ્રકારમાં આપણી ભાવનાનો પ્રશ્ન છે.

ઉત્તમોત્તમ અવસ્થા તો આ છે કે સેવાના ક્રમમાં ગૂંથાયેલી જે લીલાભાવના છે, એ લીલાભાવનામાં આપણું મન રમે. પરંતુ સહજ સંભવ છે કે એ લીલાભાવનામાં આપણો ભાવ હજુ સિદ્ધ ન થયો હોય. આથી આપણું મન એટલું નથી રમતું. તેના માટે પ્રાચીન ભગવદીયોએ બધા પદ બનાવ્યા. એ પદોને ગાઈને, ગણગણાવીને, યાદ કરીને એ લીલામાં મનનો વિનિયોગ કરી શકીએ છીએ. હમણાં આ નવો પ્રકાર કેસેટોનો નિકળ્યો છે. જે વખતે એ સેવાનો ક્રમ ચાલી રહ્યો છે તે વખતે એને સાંભળીએ. તેનાથી આપણી ક્રિયાત્મક સેવાને કૃષ્ણકથા બનાવવામાં આપણને સહાયતા મળે છે. અને કૃષ્ણકથા જીવવાનો જે પ્રકાર છે તેમાં આપણને તેનાથી સુવિધા મળશે. આ સુવિધાના અંતર્ગત કોઈ ક્લેશ ઉત્પન્ન થઈ શકે છે. કેમકે આ વાત હ્રદયની છે, એ વાત વાણીની છે. હ્રદય અને વાણી ના દ્વારા જો કૃષ્ણના રૂપમાં આપણે આપણા ઠાકોરજીને સ્વીકારી ન શક્યા તો તકલીફ થવાની છે અને થવાની જ છે.

## (લીલાભાવનારહિત ક્રિયાત્મિકા સેવાને કારણે ક્લેશ)

જેમ આજે પુષ્ટિમાર્ગનો ક્લેશ આ જ કારણથી છે કે વૈષ્ણવ પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીને કૃષ્ણના રૂપમાં નથી સ્વીકારી શકતા. મંદિરમાં બિરાજમાનને જ કૃષ્ણરૂપમાં સ્વીકારી શકે છે. આથી સેવામાં કૃષ્ણકથા જીવવાની જે તન્મયતા હોવી જોઈએ તે પ્રાપ્ત નથી થતી. આથી તે સેવા ક્રિયાત્મક થઈને ક્લેશરૂપ થઈ જ જાય છે. આ બહુ સહજ વાત છે કે કોઈપણ

કામ જ્યારે આપણે તન્મયતાથી અથવા ભાવથી કરી રહ્યા છીએ, તો ક્લેશ નથી થતો. પરંતુ જ્યારે ક્રિયાત્મકરૂપમાં કરીએ છીએ તો ક્રિયાનો ભાર આપણને લાગે જ છે. મોટાભાગે દરેક ઘરમાં લગ્ન-પ્રસંગ થતા રહે છે. તેમાં માણસ કેટલી દોડાદોડી કરે છે! પરંતુ ઉત્સાહમાં એ થાક નથી લાગતો. પરંતુ એ જ કામ જ્યારે કોઈ બળજબરીથી કરાવે, તો આપણે થાકીને ચૂર થઈ જઈશું. કેમકે ક્રિયાત્મકરૂપમાં કરી રહ્યા છીએ. જેમ આપણે કોઈને મળવા જવું છે, ફરવા જવું છે પરંતુ ફરવામાં આપણું મન લાગેલું છે તો કેટલા પણ દૂર આપણે ચાલશું તો પણ થાક નહીં લાગે. પરંતુ જ્યાં આપણા ઉપર પ્રતિબંધ લગાવ્યો કે આટલું તો ચાલવું જ છે તો તરત થાક લાગશે. મોટાભાગે લોકો આમ કહે છે કે માળા ફેરવીએ તો ઉંઘ આવી જાય. આનું મૂળ કારણ આ જ છે કે માળામાં રૂચિ હોતી નથી અને ક્રિયા કરવી પડે છે. જ્યારે મન લાગે નહીં ત્યારે ઉંઘ આવે છે. એ જ વખતે માનો કે કોઈ ટી.વી. ચાલુ કરીદે તો આવી રહેલી ઉંઘ પણ ઉડી જાય. કેમ? કેમકે મન તેમાં લાગી જાય છે. મોટાભાગે આ કથા થાય છે કે લાંબી કથામાં પણ આપણને ઉંઘ આવવા લાગી જાય છે. કેમકે મન તેમાં લાગતું નથી. આપણે ક્રિયાત્મકરૂપથી તેમાં લાગવું પડે છે. ત્યારે એક માનસિક થાક આવે જ છે. એ થાકના કારણે થોડોઘણો ક્લેશ થાય જ છે. તેને દૂર કેવીરીતે કરવો?

## (ભાવનાત્મકસેવાથી અથવા ધૈર્યથી અક્લેશ)

આનો જ ઉપાય બતાવ્યો છે કે એ કથાને ગાઈને કરો, વિચારીને કરો. જ્યારે ભાવનાને વિચારીને કરશો તો મનમાં એ કથાની રૂચિ ઉત્પન્ન થશે. અને જ્યારે રૂચિ ઉપજશે તો સેવા ક્રિયાત્મક ન થઈને ભાવનાત્મક થઈ જશે. જેવી ભાવનાત્મક થઈ તો જે લેવલ ઉપર મહાપ્રભુજી આપણને પહોંચાડવા માગે છે **''ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''** તમે પોતાના તનથી વિત્તથી પોતાના માથે બિરાજતા ઠાકોરજીની સેવા કરો. ધીરે-ધીરે તમારૂં મન ઠાકોરજીમાં લાગી જશે. એ ભાવના તમારી સિદ્ધ થઈ જશે. કેમકે જ્યારે આપણે ભાવના કરી રહ્યા છીએ ત્યારે આપણા મનનો વિનિયોગ પણ ઠાકોરજીમાં કરી રહ્યા છીએ. કેમ? કેમકે જ્યારે તનનો ધનનો અને મનનો વિનિયોગ આપણે કરી રહ્યા છીએ તો ચિત્ત પ્રવણ થશે. ભાવનાના પ્રકારથી

મનને ચિત્તને ભગવાનમાં લગાવવાની વાત છે, તેમાં દર વખતે ધૈર્યનું વિપરીત સ્વરૂપ અધૈર્ય કામ કરે છે. ધૈર્ય હૃદયની વાત છે, બુદ્ધિની વાત નથી. કોઈપણ વસ્તુનો વિવેક આપણે બુદ્ધિથી કરીએ છીએ. પરંતુ ધૈર્ય જ ધરવું છે, તે બુદ્ધિની વાત નથી. હૃદયની વાત છે. જ્યારે આપણે અધીર બનશું તો આપણી સેવાના ભાવનાત્મક પક્ષ ઉપર અસર પડશે. અથવા અધૈર્યના કારણે સેવાને આપણે ક્રિયાત્મકરૂપથી કરશું, પરંતુ જો આપણામાં ધૈર્ય છે તો ચિત્તને પણ ભગવાનમાં લગાવી સેવા કરી શકશું. આપણી તનુ-વિત્તજા સેવાના પ્રકારમાં તે પ્રકારનો કોઈ ક્લેશ પ્રકટ નહીં થાય, કેમકે આપણા ચિત્તમાં ધૈર્ય છે.

## (માનસિક અધીરતા)

અમારા મુંબઈની કથા બહુ જાની પહેચાની અને અનુભવ કરેલી છે. વૈષ્ણવ ત્યાં દર્શન કરવા માટે સવારે આવે તો ઘરેથી શાકનો થેલો સાથે લાવે. કેમકે શાક પણ ખરીદવું છે, દર્શન પણ કરવા છે. અમારા મોટામંદિરની બહાર તો શાકવાળા આવીને બેઠા જ છે. કેમકે વૈષ્ણવ દર્શન કરવા આવી રહ્યા છે તો શાક પણ ખરીદશે જ. ઘણાલોકો સવારે ટહેલવા માટે પણ આવે કે ચાલો ટહેલવાનું પણ થઈ જશે અને દર્શન પણ થઈ જશે. એવા પણ સિદ્ધ પુરૂષોના મેં દર્શન કર્યા છે કે ભોજન કરીને તેને પચાવવા માટે અમારે ત્યાંના ગિરિરાજની પરિક્રમા કરે છે. કોઈ પચાસ કરે તો કોઈ સો કરે. મેં એકને બોલાવીને પૂછ્યું તો એણે કહ્યું કે મહારાજ, દરીયાકાંઠે ટહેલવા જઈએ તો ત્યાં ટ્રાફિકના કારણથી કેટલી તકલીફ થાય છે! હવે આ બે કામ એકસાથે થઈ જાય છે. ગિરિરાજજીની પરિક્રમા આના માટે કરવી!!! ગિરિરાજજી પણ પરેશાન અને આપણે પણ પરેશાન. કેમકે ખબર જ ન પડે કે ભોજન પચાવવું છે કે ભજન પચાવવું છે. તો આ બધી મનની અધીર વૃત્તિના પરિણામ છે.

## (ધૈર્યની મહત્તા)

ભક્તિને માટે મનમાં જે ધીરજ જોઈએ તે ખોઈ ચુક્યો છે. એ ધીરજ કેમ ખોવે છે? તેના મહાપ્રભુજીએ ચાર કારણ બતાવ્યા છે, જે મેં કાલે વિવેચન કર્યું હતું. એક તો **''ત્રિદુઃખસહનં ધૈર્યમ્''** આ સિદ્ધાંતને બરાબર સમજ્યો નથી. ત્રિદુઃખ સહન કરવાની ધીરજ આપણામાં એટલી સહજ હોવી જોઈએ કે જો તેનો પ્રતિકાર થઈ શકતો હોય તો પ્રતિકાર કરવો જોઈએ. અને પ્રતિકાર ન

થઈ શકતો હોય તો સહન કરવાની ધીરજ હોવી જોઈએ. જ્યારે બંને તરફથી આપણે તૈયાર હોઈશું ત્યારે ધીરજ નભશે. **''ભાર્યાદીનાં તથાન્યેષાં અસતશ્ચાક્રમં સહેત્'' અને ''સ્વયમિન્દ્રિય-કાર્યાણિ કાય-વાંગ-મનસા ત્યજેત્''** જે કારણોથી આપણને દુઃખ ઉપસ્થિત થઈ રહ્યું હોય, જેમ કાયિક માનસિક અથવા વાચિક વ્યવહારના કારણે, તેના ઉપર થોડીક નજર રાખતા આવડવું જોઈએ. જુઓ નજરની વાત સમજવા જેવી છે. જેમ આપણને કોઈ પ્રકારના વ્યવહારની આદત પડી ગઈ હોય તે વ્યવહારથી જ આપણે દરેકની સાથે મળતા હોઈએ છીએ. જેમ કોઈની સાથે દોસ્તીની આદત પડી ગઈ હોય તો તેની સાથે આપણે દોસ્તાના વ્યવહાર જ કરશું. કોઈની સાથે જો દુશ્મનીનો વ્યવહાર થઈ ગયો તો જ્યારે પણ મળશે તો તેને જલી-કટી જ સંભળાવવાનો વ્યવહાર રાખશું. વાણીથી મનથી અને કાયાથી આપણે આ પ્રકારનો વ્યવહાર કરીએ છીએ. એ વ્યવહારથી તેને ક્લેશ થાય છે, પરંતુ આપણને પણ ક્લેશ થાય છે. આપણું પણ મન અધીર થાય છે. કેમકે જ્યારે આપણે આપણી કાયા વાણી કે મન થી કોઈના પ્રત્યે આવો વ્યવહાર કરી રહ્યા છીએ, તો આપણે પણ એવી તૈયારી રાખવી પડશે. જ્યારે તે આપણી સાથે આવો વ્યવહાર કરે તો તે સહન કરવાની ક્ષમતા હોવી જોઈએ. આપણે હોળીમાં છંછેડીને ગાળ ખાઈએ. એ ગાળ ન આપે તો તેની છત ઉપર પત્થર ફેંકીને ગાળ ખાઈએ. એક વાત સમજો કે કાં તો હ્દયમાં એ મસ્તી હોવી જોઈએ કે પત્થર ફેંકીને ગાળ ખાવાની મજા લઈ શકીએ. નહીંતર કોઈ ગાળ આપે તો આપણા મનમાં ક્લેશ તો થશે જ. જ્યારે ક્લેશ થાય તો તેનો પ્રતિકાર કરતા આવડવું જોઈએ. જેમ એ ગાળ આપે તો તેને ડરાવીને, ધમકાવીને ગાળ આપતા રોકવો જોઈએ. ન ડરે તો સહન કરતા આવડવું જોઈએ. જેમ ગલીમાં કુતરા ભસે તો આપણે તેની સાથે લડવા તો નથી જતા. અથવા આવું પણ થઈ શકે છે કે જે કારણથી તે આપણને ગાળ આપી રહ્યો છે, એવો વ્યવહાર તેની સામે આપણે પ્રકટ જ ન કરીએ. તે આપણી કાયાનો કે આપણી વાણીનો કે આપણા મનનો વ્યવહાર હોય. આવો વ્યવહાર આપણે પ્રકટ નહીં કરીએ ત્યારે તો તે ગાળ જ નહીં આપે. ગાળ તો હું ઉદાહરણ માટે કહી રહ્યો છું. હવે સમજો કે આ ત્રણેયમાંથી કાંઈ પણ ન થઈ શકતું હોય તો આપણા અસામર્થ્યની ભાવના કરવી કે આપણે શું કરી શકીએ! આવીજ રીતનું વાતાવરણ ચાલી રહ્યું છે. બધાને ગાળો પડી

રહી છે તો આપણને પણ પડી રહી છે. અમને પણ ઘણા બાલકોએ ગાળના પત્ર લખ્યા. અમે તેને કહ્યું કે જો આપને ઈચ્છા હોય તો આપણે એક દિવસ ગાળની અંતાક્ષરીનો પ્રોગ્રામ રાખી દઈએ. તમે પણ આવી જાવ મંચ ઉપર અને હું પણ આવી જાઉં. આપણે એક-બીજાને ગાળ આપીએ. પરંતુ શરત એ રહેશે કે ગાળ દોહરાવવાની નહીં. જે છેલ્લે સુધી ગાળો આપશે તે જીતી જશે. ગાળો દેવાથી કોઈ નિર્ણય નહીં આવી શકે. પરંતુ ખેલની ઈચ્છા છે તો ચાલો આપણે ખેલી લઈએ.  તો સમજો કે આપણને ગાળ પડે તો તેને ખાતા આવડવી જોઈએ. નહીંતર સહન કરતા આવડવી જોઈએ. ન સહન કરી શકીએ તો અસામર્થ્યની ભાવના કરવી.

મહાપ્રભુજીના હિસાબથી બધું મળીને આ ચાર પાયા છે જેમાં ધૈર્યનું ભવન ઉભું રહી શકે છે. આ ધૈર્યનું ભવન ઉભુ રહ્યું તો તમારૂં મન અધીર નહીં થાય અને તમારૂં મન સેવાની ભાવ-ભાવનામાં લાગશે. જો મન અધીર થયું તો તેની અસર સેવાની ક્રિયા ઉપર નહીં પડે પરંતુ હૃદયની ભાવ-ભાવના ઉપર પડશે.

એક મજાકની વાત છે તેને ગંભીરતાથી ન લેતા પરંતુ આંખે જોયેલી છે એટલા માટે બતાવી રહ્યો છું. એક બાળકીના માથામાં જૂ બહુ થઈ ગઈ. તેની માં જૂ કાઢતા-કાઢતા યમુનાજીના પદ ''તિહારો દરસ મોહિ ભાવે'' ગાઈ રહી હતી. અરે ભાઈ જમુનાજીના પદ પછી ક્યારેક ગાઈ લો. અથવા જૂ ફરી ક્યારેક કાઢી લો. બંને વાતોને શા માટે સાથે કરો છો! હદ થઈ ગઈ આ તો. ક્યાંનું પદ, ક્યાં ગાવાનું, ક્યાં જોડી રહ્યા છો! આપણને આપણી અધીરતાને કારણે કાંઈ ખબર જ નથી પડતી. આપણને યમુનાજીના પદ ગાવાની ફુરસત જ નથી તેથી એના માર્યા જૂ કાઢવાના વખતે ગાઈએ. અધીર મનમાં આવા ઉધમ થવાના જ છે. જૂ કાઢવી કોઈ ખરાબ વાત નથી. ન યમુનાજીના પદ ગાવા ખરાબ વાત છે પરંતુ બંને ખોટા સમયે કરવી ખરાબ વાત છે. આ પ્રકારથી ખોટું જોડાવું અધીર મનનું સૂચક છે અને તેની નિવૃત્તિ માટે મહાપ્રભુજીએ સેવા ધીરજથી થાય, આના માટે તેના ઉપાય બતાવ્યા. આ વાતને બરાબર રીતથી સમજાવવા માટે મેં કાલના વિષયનું આજે પણ આવર્તન કર્યું.

**(વિભિન્ન સ્થિતિમાં આશ્રયનો પ્રસંગ)**

આના પછી ત્રીજો વિષય આશ્રયનો છે. આ આશ્રયના વિષયમાં

મહાપ્રભુજીએ સેવા કરતી વખતે કેટલા પ્રકારથી ક્લેશ થઈ શકે છે, તેને બહુ સુંદર ગણત્રી ગણાવીને બતાવ્યું છે.

**દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ।**
**ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ॥**
**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ।**
**અહંકાર-કૃતે ચૈવ પોષ્ય-પોષણ રક્ષણે ।**
**પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ॥**
**અલૌકિક-મનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ ॥**

(વિ.ધૈ.આ.૧૦-૧૨)

આપણા દરેક વ્યવહારના પેહલુઓમાં મહાપ્રભુજીની દૃષ્ટિ કેટલી તિક્ષણ છે તે આ વાતથી ખબર પડે છે. મહાપ્રભુજી કહી રહ્યા છે કે તમે જે વખતે ભક્તિ કરવા માટે પ્રવૃત્ત થશો તે વખતે કોઈને કોઈ દુઃખ આવી પડશે. હવે તે દુઃખ ઘણી જાતના હોઈ શકે છે, માથામાંથી જૂ કાઢવાથી લઈને કેન્સરના રોગ સુધી. દુઃખ એવી વસ્તુ છે કે જેના કારણે વ્યક્તિ પોતાનો વિવેક અને ધૈર્ય બંને ખોઈ શકે છે. કેમકે છેવટે મનુષ્ય કમજોર છે. દરેક વિવેક આપણે સંભાળીને રાખીએ છીએ. ધીરજ ધરતા હોઈએ છીએ પરંતુ જે સમયે દુઃખ આવી જાય છે તે સમયે વિવેક-ધૈર્ય રાખવા, બહુ કઠિન વાત થઈ જાય છે. આથીજ મહાપ્રભુજી ગણાવી રહ્યા છે કે કઈ-કઈ પરિસ્થિતિમાં આપણો વિવેક અને ધૈર્ય ખોવાની સંભાવના છે.

સૌથી પહેલું દુઃખહાનૌ આપણે આપણા દુઃખ ખતમ કરવા માગીએ છીએ પરંતુ તે દુઃખ ખતમ નથી થઈ રહ્યા. આપણને આના કારણે ક્લેશ થશે અને તે ક્લેશ સેવામાં પણ ક્યાંક ને ક્યાંક પ્રતિફલિત થશે. તેથી આપણી સેવા ભાવ-ભાવનાની સાથે, તન્મયતાની સાથે, ચિત્તની પ્રવણતાની સાથે થવી જોઈએ, તે થઈ નહીં શકે.

તેના પછી તથા પાપે આપણે સમજી રહ્યા છીએ કે આ વાત ખોટી છે, ન કરવી જોઈએ. પરંતુ થઈ જઈ રહી છે. જેમ કાલે મેં તમને બતાવ્યું કે કર્મ કરવાનો આપણે સંકલ્પ કરીએ અને જો તે આપણી ઈચ્છાનુસાર થઈ જતા હોત તો જે ઋષિ-મુનિઓએ જેમણે હવાનું ભક્ષણ કરીને તપ કર્યું, તેઓ

અપ્સરાના નાચ ઉપર કેમ પોતાનું તપ છોડી દેત! અર્જુન, જેણે કેટલા મોટા-મોટા યુદ્ધ લડ્યા, જ્યારે એના ભાઈઓ આવ્યા તો કેમ તેનો પરસેવો છૂટી ગયો! શું તે ડરપોક હતો? ડરપોક તો તે ન હતો. તે કહી રહ્યો છે કે ''ગાંડીવ મારા હાથમાંથી છૂટી રહ્યું છે''. કેમકે ત્યાં તેના ગુરૂ દાદા ભાઈ બનેવી બધા સામે ઉભા છે. એમની સામે કેવી રીતે લડી શકાય? આ પ્રકારની સ્થિતિમાં કર્મ ઉપર આપણો કાબૂ નથી રહેતો. જે આટલો મોટો યોદ્ધા હતો, પરંતુ જે વખતે કૃષ્ણએ લીલાસ્મરણ કર્યું અને એ અર્જુનને કહ્યું કે તમે આ બધી રાણીઓને લઈ જાઓ તો તેને ભીલોએ લૂંટી લીધો. ત્યાં અર્જુને પણ આ જ કહ્યું કે ''ક્યાં ગઈ મારી શક્તિ!'' જો કર્મ કરવાની ખરેખર આપણામાં કાંઈ શક્તિ હોત, તો આવું કેમ થાત? એક વાત સમજો કે આપણે કર્મ કરવામાં અશક્ત નથી પરંતુ સંપૂર્ણરીતથી સશક્ત પણ નથી આવી આપણી સ્થિતિ છે. કાંઈક આપણે કરી શકીએ છીએ. કાંઈક આપણે કરતા હોવા છતાં પણ નથી કરી શકતા. કાંઈક આપણે કરવા માગીએ અને ઉલટુ જ થઈ જાય છે, જો આપણી સર્વસમર્થતામાં કાંઈક શક્તિ હોત તો વિદ્યાર્થી કેમ નાપાસ થાત! ડોક્ટર કેમ આપણી સારવાર નથી કરી શકતો! લીડર કેમ પોતાની સપથ પાળી નથી શકતો! ધર્માચાર્ય કેમ ધર્મના ઉપદેશના રૂપમાં વિચિત્ર વાતો કહેવા લાગી ગયા! એ ધર્માચાર્ય કેમ પોત-પોતાના ધર્મોને છોડીને ગામના ધર્મોને કહેવા લાગી ગયા! આવું કેમ થઈ ગયું! કેમકે માણસ કર્મ કરવામાં સંપૂર્ણપણે સશક્ત નથી. થોડોઘણો છે. થોડીઘણી શક્તિને માણસ ક્યારેક સાચી દિશામાં વાપરી લે છે, ક્યારેક ખોટી દિશામાં વાપરે અને ક્યારેક વાપરતો જ નથી. આના કારણે આપણાથી કાંઈક કાંઈક પાપ થતા રહે છે. જે મેં કાલે તમને દુર્યોધનના ઉદાહરણથી કહ્યું કે **''જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ''** ધર્મને હું જાણું છું પરંતુ ધર્મનું આચરણ નથી કરી શકતો. **''જાનામિ અધર્મં ન ચ મે નિવૃત્તિઃ''** અધર્મને પણ જાણું છું પરંતુ તેનાથી નિવૃત્ત નથી થઈ શકતો. આટલો હું કમજોર છું. આટલો દુર્યોધન જ કમજોર છે એવી વાત નથી. આપણે બધા આ વાતમાં કમજોર છીએ. આ પ્રકારની અધકચરી સામર્થ્યના કારણે આપણને કર્મ કરતા-કરતા કાંઈક ને કાંઈક પાપ તો થશે. અને તે પાપ ગામથી છૂપાવી શકીએ પરંતુ મનથી તો નહીં છૂપાવી શકીએ. અને આપણું મન જ્યારે આપણને કચોટશે, તે વખતે આપણને કલેશ થશે જ. અને જો ગામને ખબર પડી તો

ગામ પણ ગાળો આપશે. ત્યારે તો તેનાથી પણ વધારે કલેશ થશે. ત્યારે તે સમયે પણ સેવામાં આ કલેશના કારણે વ્યવધાન આવશે જ. આના માટે જ મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તથા પાપે આપણે કોઈ પાપ નથી ઈચ્છ્યું પરંતુ સામાજિક પરિસ્થિતિના કારણે પાપ થઈ જઈ રહ્યા છે.

**ભયે** એક ભયનું વાતાવરણ ઉભુ થઈ જઈ રહ્યું છે. એ ભયના વાતાવરણના કારણે જ્યારે આપણે ચિત્તને ભગવત્પ્રવણ કરવા જઈ રહ્યા છીએ, તે વખતે કોઈ ભય લાગી ગયો તો ચિત્ત ભગવત્પ્રવણ થવાને બદલે ભયપ્રવણ થઈ જશે.

**કામાદ્યપૂરણે** આપણે કોઈ એવી કામના કરી અને તે પૂરી નથી થઈ રહી. તે વખતે આપણે ભગવત્સેવા કેવળ ક્રિયાથી જ કરી શકશું. શરીરથી કરી લેશું અને બહુ જોર લગાવ્યું તો વાણીથી પણ કરી લેશું. પરંતુ જે ચિત્ત ભગવત્પ્રવણ થવું જોઈએ, તે નહીં થઈ શકે. કેમ? કેમકે એ કલેશના કારણે આપણું ચિત્ત વિચલિત થઈ જશે.

અમે મુંબઈમાં સત્ર ચલાવતા હતા. તો અમે બધાને કહ્યું કે ''વીસ પચ્ચીસ જણા આવી જાવ તો બધાને આનંદથી ભણાવી શકીએ''. થયું શું કે એકની સાથે ઘણા લોકો આવી જાય. આ રીતથી સીત્તેર એંસી લોકો એકઠા થઈ ગયા. મારી ભણાવવાની પ્રક્રિયા એવી હતી કે હું જેને ભણાવું, તેની કોપી જોઉં, તેને તપાસું, હવે આટલી કોપી મારે તપાસવી પડે અને મારૂં કાંઈ કામ થાય નહીં. હવે ચકાસું તો મને ખબર પણ પડી જાય કે કોણે જાતે નથી લખ્યું, બીજાની કોપી કરીને લખ્યું છે. મેં એને કહ્યું કે ''તમે જો કોઈ કારણથી બીજાની કોપી કરીને લખી રહ્યા છો તો તેમાં કમસે કમ ઉપર લખી દો કે તમે કોપી કરી છે. જેથી મને ચેક કરવામાં ટાઈમ તો ઓછો જાય!'' પરંતુ તે લખે નહીં. મેં પણ કહ્યું કે ''ચાલો ચાલવા દો આમજ''.

એક વખત એવો પ્રસંગ આવ્યો કે જૂનાગઢનો કેસ ચાલ્યો. તેમાં જજે આમ કહ્યું કે ''પુષ્ટિમાર્ગના ઠાકોરજી તો પબ્લિકના જ ઠાકોરજી છે. ઘરના કોઈ ઠાકુર તો હોતા જ નથી. તપેલીના ઠાકોરજી જ ઘરના ઠાકોરજી હોય છે''. ત્યારે તે વખતે મેં ત્યાં જઈને શોર-બકોર કર્યો કે ઘરના અને તપેલીના ઠાકોરજી,

આવો ભેદ જ ખોટો છે. ત્યારે તેણે પૂછ્યું કે તપેલીના ઠાકોરજી શું? ત્યારે ત્યાં સામેવાળો વકીલ હતો તેણે કાંઈ સંપ્રદાયના સિદ્ધાંત તો વાંચ્યા ન હતા. એણે કહ્યું કે " 'તપેલી' એટલે જે દાળ-શાક બનાવવાનું વાસણ હોય તેમાં આ લોકો ઠાકોરજીને પધરાવે છે". જજે કહ્યું કે "તેમાં શું થાય?" વકીલે કહ્યું કે "આ લોકો તેમાં રાખીને પૂજા કરે છે." મેં ઉભા થઈને કહ્યું કે "આ ખોટું કહી રહ્યા છે." જજ બોલ્યો કે "વચ્ચે ન બોલો. જ્યારે તમારો વારો આવશે ત્યારે બોલજો." ખોટી-ખોટી વાતો બોલે અને આપણે ચૂપ બેસવું પડે. આવીજ રીતે એણે પૂછ્યું કે "આ મહારાજ કોણ હોય છે?" તો વકીલે કહ્યું કે "જનતાના પૈસા ઠાકોરજી સુધી જે પહોંચાડે, એવી મોરી છે મહારાજ!" મને બહુ ગ્લાનિ થઈ કે જો આપણે મોરી છીએ ધિક્કાર છે આપણા જીવન ઉપર જે, ગટરની જેમ, અહીંનું પાણી ત્યાં કાઢે.

પલનાના મનોરથનો તો એણે એવો ભયંકર અર્થ કર્યો કે જે સ્ત્રીને બાળક ન થતું હોય તે પલનાનો મનોરથ કરાવે છે. મેં કહ્યું કે "ભાઈ, આ ખોટી વાત કહી રહ્યા છો" જજે કહ્યું કે તમે ચૂપ બેસો. ત્યાંની કારવાઈ સાંભળીને આપણો શ્વાસ રૂંધાય. સિદ્ધાંત વાંચે નહીં, આપણે સમજાવવા માગીએ તો સાંભળે નહીં અને જજમેન્ટ આપી દીધું કે બધા મહારાજ મોરી છે. આવી ખરાબ સ્થિતિ થઈ ત્યાં. મેં કહ્યું "ચાલો જજ ન સમજે તો ન સમજે, આપણે વૈષ્ણવને તો સમજાવીએ." ત્યારે મેં એક શપથપત્ર બનાવ્યો કે જે આ શપથપત્ર ઉપર હસ્તાક્ષર કરશે એ જ સત્રમાં બેસશે. હું સમજ્યો કે હવે બરાબર થઈ ગયું. પરંતુ શિબિરમાં આવનારા એવા ચતુર. એક શપથ તેમાં એ હતી કે જે ભાગવત, પૈસા લઈને સંભળાવવામાં આવતી હોય તે અમે નહીં સાંભળીએ. થોડા દિવસ પછી એકે આવીને કહ્યું કે "અમે નથી સાંભળી". મેં કહ્યું કે "અમે તો સાંભળ્યું કે તમે ત્યાં ગયા હતા!" એમણે કહ્યું, "હા, ગયા તો હતા પરંતુ થાંભલાની પાછળ ઉભા હતા. તેની સામે નથી ગયા." અરે ભાઈ શું નાટક છે આ! એક ભાઈ આવ્યા અને કહેવા લાગ્યા કે "અમે દેવદ્રવ્ય ખાવાનું બંધ કરી દીધું છે. હવે અમે મોહનથાળ અને મઠડી નથી ખાતા. ફક્ત પેંડા અને બરફી જ ખાઈએ છીએ." અરે પેંડા બરફી કે મોહનથાળ નો કોઈ ભેદ છે, જ્યાં દેવદ્રવ્યનો સવાલ છે! તો તેઓ કહે કે બધી વસ્તુની ના પાડો તો કેમ ચાલે! કાંઈક તો જોઈએ.

એક ભાઈ આવ્યા એમણે કહ્યું કે ‘‘અમે જઈ રહ્યા છીએ નાથદ્વારા અને આપની સપથ આડી આવી રહી છે.’’ મેં કહ્યું કે ‘‘નાથદ્વારા આનંદથી જાઓ, એમાં સપથ કેવીરીતે આડી આવી રહી છે?’’ એમણે કહ્યું કે ત્યાં તો બધો દેવદ્રવ્યનો પ્રસાદ જ આવે. ત્યાં કેમ ચાલશે? મેં કહ્યું કે ત્યાં જઈને આનંદથી સેવા કરીને ઘરના ઠાકોરજીનો પ્રસાદ લેજો. એમણે કહ્યું ‘‘એ તો બરાબર છે પરંતુ ત્યાં જે શક્કરબૂરૂ ભરીને જે પૂરી આવે, એવી પૂરી તો અમારાથી બનતી નથી. ન ખાઈએ તો કેમ ચાલે!’’ મને કહ્યું કે ‘‘એક વખત આપ ખાઓ તો આપની સપથ પણ તૂટી જશે’’.

**કામાદ્યપૂરણે** આપણે વિચારીએ કે સિદ્ધાંત પાળશું પરંતુ એ બૂરા ભરીને જે પૂરી આવે તો બધું ચોપટ થઈ જાય. ત્યારે મને કહ્યું કે આપ ઉપાય બતાવો કે શું કરીએ? મેં કહ્યું કે ‘‘હું શું ઉપાય બતાવું, તમેજ બતાવો.’’ ત્યારે એમણે કહ્યું કે ‘‘આપ આજ્ઞા કરો તો અમે શપથ તોડી દઈએ.’’ મેં કહ્યું કે ‘‘તમે મારી સપથ તો લીધી ન હતી. મહાપ્રભુના ચરણની સપથ લીધી હતી. તમારે તોડવી હોય તો તોડી નાખો. હું આમાં શું કહૂં. આ શપથ તો જો તમારે શિબિરમાં આવવું હોય તો પાળવાની વાત હતી.’’ તેઓ બોલ્યા કે ‘‘નહીં આવીએ શિબિરમાં.’’ થોડાક દિવસ પછી ફરીથી બીજી વખત શિબિરમાં આવવાનું મને કહેવા લાગ્યા. **કામાદ્યપૂરણે** આ અપૂર્ણ કામનાઓની પંચાયત એવી છે કે માણસને નિર્ણય જ નથી થતો કે શું કરવું અને શું ન કરવું. આટલો માણસ કમજોર છે અને આ કમજોરીના કારણે આપણું ચિત્ત સેવામાં પ્રવણ નથી થઈ શકતું. ત્યાં શ્રીનાથજીના દર્શને પણ જતા હશે ત્યારે બૂરાની પૂરી ઉપર લાળ ટપકતી હશે. ખબર નહીં શ્રીનાથજીના દર્શન થાય કે બૂરા પૂરીના દર્શન થાય છે. ખબર જ ન પડે. અમને પણ કહ્યું કે એક વખત આપ પણ ખાઈને જુઓ ત્યારે કહો, આવી સ્થિતિ છે.

**ભક્તદ્રોહે** આપણાથી કોઈ ભક્તનો દ્રોહ થઈ ગયો. જેને આપણે ભક્ત માની રહ્યા છીએ પરંતુ તેની બધી વાત માની શકતા નથી તો કાંઈક ને કાંઈક તેનો દ્રોહ તો થશે જ.

**ભક્ત્યભાવે** ભગવાનના પ્રત્યે આપણી ભક્તિ પેદા નથી થતી. પૂરીના પ્રત્યે પેદા થઈ જાય છે.

**ભક્તૈશ્ચાતિક્રમે કૃતે** કોઈ ભક્તે આપણું અપમાન કરી દીધું.

**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ** તમારાથી વિવેક અને ધૈર્ય નભ્યા તો પણ અને ન નભ્યા તો પણ ભગવાનને પોતાનું શરણ માનવું.

**(શરણં ગૃહરક્ષિત્રોઃ)**

આ હિન્દીનું શરણ અલગ છે. મહર્ષિ દયાનંદે પણ કહ્યું હતું કે વલ્લભસંપ્રદાયવાળા મૂર્ખ છે કે કૃષ્ણને પોતાનું શરણ માને છે. **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** અરે ભાઈ, વલ્લભસંપ્રદાયવાળા મૂર્ખ નથી. તમને સંસ્કૃત નથી આવડતી. મૂલ કથા આ છે. શરણનો અર્થ હિન્દીમાં અલગ છે અને સંસ્કૃતમાં અલગ છે. સંસ્કૃતમાં અર્થ છે **''શરણં ગૃહરક્ષિત્રોઃ''** (અમ.કો.૩।૩।૪૫૦) 'શરણ' નો અર્થ કાં તો ગૃહ અથવા રક્ષક થાય છે. **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** નો અર્થ કાંતો મારૂં ઘર  છે કાં(અને) શ્રીકૃષ્ણ મારો રક્ષક છે. પરંતુ હિન્દીમાં એવો થશે કે શ્રીકૃષ્ણ મારા શરણમાં છે. દયાનંદ સરસ્વતીને સંસ્કૃત ન આવડે તેમાં વલ્લભસંપ્રદાય શું કરે? એ દયાનંદી શરણની અહીં વાત નથી. સંસ્કૃતના શરણની કથા છે. **અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ** આપણાથી અશક્ય હોય અથવા સુશક્ય હોય; વિવેક ધૈર્ય અને આશ્રય, પરંતુ બધી સ્થિતિઓમાં હરિ આપણું શરણ છે.

**અહંકાર-કૃતે** આપણે અહંકાર કર્યો હોય. ક્યારે? જે આપણા ઉપર નિર્ભર છે એમના રક્ષણમાં આપણે અહંકાર કર્યો હોય.

**પોષ્ય-પોષણ-રક્ષણે** અથવા જેમનું આપણે પાલન-પોષણ કરી રહ્યા છીએ, એમનો કોઈ અપરાધ કર્યો અથવા એમણે કોઈ અપરાધ કર્યો ત્યારે પણ ભગવાનને પોતાનું શરણ માનો. વ્યર્થમાં ચિત્તને ઠેસ ન પહોંચાડો. આ વાતને મહાપ્રભુજી સમજાવવા માગી રહ્યા છે કે પરિવારમાં, સમાજમાં, પ્રત્યેક વ્યક્તિ એક-બીજા ઉપર નિર્ભર છે. હવે જે જેનાપર નિર્ભર છે તેની પાસે તેને દૈન્યની અપેક્ષા થશે. આપણે કોઈના ઉપર નિર્ભર છીએ તો આપણને પણ થશે કે તેની સામે આપણે થોડું દૈન્ય પ્રકટ કરીએ.

અથવા **પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે** આ બધા જે સંબંધ

છે; શિષ્ય-ગુરૂના, માતા-પિતા-સંતતિના, નાના-મોટાના, જેમાં પરિવારમાં, સમાજમાં એક-બીજા ઉપર નિર્ભર રહેવું પડે અને તેમાં કોઈ ને કોઈ, કોઈ ને કોઈનું અતિક્રમણ કરે જ છે. એટલે કે મર્યાદાને તોડે તે સમયે ક્લેશ થવો સ્વાભાવિક જ છે.

## (વિવેક-ધૈર્યનું આદર્શરૂપ)

એ ક્લેશને આપણે બે પ્રકારથી કાબૂમાં લઈ શકીએ છીએ. એક તો વિવેકથી કે ભગવદિચ્છા. આપણી સાથે આવું જ કરાવવાની પ્રભુની ઈચ્છા હશે. જેમ કિશનગઢનું જ ઉદાહરણ લઈએ કે નાગરીદાસના ભાઈએ જ એમનું અતિક્રમણ કર્યું. એમણે એને એવીરીતે ન લીધું કે અમારા ભાઈએ અમારી સાથે આવું કર્યું. એમણે તેનો પ્રતિકાર પણ કર્યો. એમણે પોતાના ભાઈને હરાવ્યો પણ. સાંકળોમાં બાંધીને એમને દરબારમાં પણ લાવ્યા. આ સમજાવવા માટે કે જો, ડરપોક થઈને હું રાજ્ય નથી છોડી રહ્યો. તું ક્ષત્રિય છે તો હું પણ ક્ષત્રિય છું. સાંકળોમાં બાંધીને બોલાવ્યો અને પોતાના હાથે સાંકળ ખોલીને એને રાજ્યસિંહાસન ઉપર બેસાડીને કહ્યું કે ''જો, રાજ્ય આવીરીતે મળે છે. ગદ્દારી કરવાથી રાજ્ય નથી મળતું.'' મોટા ભાઈ થઈને એમણે પ્રતિકાર પણ કર્યો અને એ વાતને ભગવત્સંકેત પણ માની કે ભગવાન મને રાજ્ય નથી કરાવવા ઈચ્છી રહ્યા, ભક્તિ કરાવવા ઈચ્છી રહ્યા છે તો આ ખટપટમાં મારે શામાટે પડવું? બંને વાત જુઓ કેવીરીતે નિભાવી! આ પુષ્ટિમાર્ગનો આદર્શ છે. જે નાગરીદાસજીનો વ્યવહાર છે. એ પુષ્ટિમાર્ગીય વિવેક ધૈર્ય અને આશ્રયના આદર્શરૂપ છે.

ગૃહ વ્યવહાર ભુરટકો ભારો સિર પર તે ઉતરાયો ।
નાગરિયાકો શ્રીવૃંદાવન ભક્તિ તખ્ત બૈઠાયો ।।

પોતાના ભાઈની ગદ્દારીને વિદ્રોહ ન માન્યો પરંતુ ભગવદનુભાવ માન્યો. આ વાતને મહાપ્રભુજી સમજાવવા ઈચ્છી રહ્યા છે કે **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ.''** ભાઈને એવી કેમ પ્રેરણા થઈ નાગરીદાસજી જેવા સારા વ્યક્તિ ની સામે વિદ્રોહ પ્રકટ કરે! આમાં ભાઈ શું કરશે આ તો ભગવાનની ઈચ્છા છે, એમ માનો. આ સોચ હતી એમની.

ઔરંગજેબના વખતે ઈજરાયલથી એક યહૂદી સંત આવ્યા હતા સરમદ. પછી તે મુસલમાન થઈ ગયા હતા. પછી તે સૂફી બની ગયા. મને એમની બધી રૂબાઈઓ બહુજ પસંદ આવે. એમની એક બહુ પ્રસિદ્ધ કથા છે. દારા શિકોહ ઔરંગજેબથી મોટો હતો અને દારા શિકોહનો ગુરૂ સરમદ હતો. એમના માટે એમ કહેવામાં આવે છે કે જામા મસ્જિદની પૌર ઉપર બેસીને પૂરી કલમા ન્હોતા બોલતા. મુસલમાનની પૂરી કલમા આમ છે "લા ઈલાહ ઈલ્લિલ્લાહ મોહમ્મદ રસૂલ અલ્લાહ." એટલે કે ભગવાનના સિવાય બીજું કોઈ છે નહીં, તે એક છે અને મોહમ્મદ સાહબ તેના દૂત છે. આ એવા મસ્તરામ હતા કે અડધું જ બોલતા. "લા ઈલાહ ઈલ્લિલ્લાહ" એટલે કે ભગવાનના સિવાય બીજું કાંઈ નથી. એ પણ નહીં કે ભગવાના રસૂલ મોહમ્મદ છે. લોકોએ ફરિયાદ કરી કે આવીરીતે કલમા બોલો છો. એણે એવી પોતાની મસ્તીનો જવાબ આપ્યો કે ભાઈ! જેટલું જાણી રહ્યો છું એટલું તો બોલી રહ્યો છું. તેની આગળ જ્યારે જાણીશ, ત્યારે બોલીશ. ત્યારે ઔરંગજેબે હુકમ કર્યો કે મારી નાખો આને. ત્યારે જામા મસ્જિદની સીડી ઉપર તેને લોકો મારવા માટે આવ્યા તે વખતે પણ એણે એટલી સરસ રૂબાઈ કહી છે કે તે એ નથી માની રહ્યો કે ઔરંગજેબ મને મારી રહ્યો છે. એ સૂફી છે, એટલા માટે તે અલ્લાહને પોતાની માશૂક માને છે અને ખુદને તેનો આશિક. એ કહે છે કે "તને હજી પણ મારા પ્રેમ ઉપર ભરોસો નથી કે તું મારી પ્રેમની પરીક્ષા લઈ રહી છે. હવે તું જો પરીક્ષા લઈ રહી છો તો ચાલ હું તેના માટે મારૂં ગળુ પણ કપાવવા માટે તૈયાર છું." આમ કહેતા કહેતા તે મર્યો. એમ કહેતો કહેતો ન મર્યો કે ઔરંગજેબ મને મારે છે. જુઓ આનું નામ છે, વિવેક અને ધૈર્ય.

આપણા નાગરીદાસજીના દોસ્ત ઘનાનંદજી હતા, એમની કથા પણ કાંઈક આવીજ છે. જ્યારે નાદિર શાહ લૂંટવા આવ્યો તો તેના સૈનિક વૃંદાવન ગયા. કોઈએ નાદિર શાહને માહિતી આપી દીધી હતી કે ઘનાનંદજી દિલ્હીમાં મોહમ્મદ શાહને ત્યાં ખજાનચી હતા. એમની પાસે ખૂબજ ધન છે. એણે ત્યાં જઈને એમને કહ્યું કે "લાઓ જર, લાઓ જર," 'જર' એટલે ધન. એમણે જરનો ઉલટો અર્થ કરી દીધો 'રજ' અને જમુનાજીની રજ ઉઠાવી–ઉઠાવીને એના માથા ઉપર નાખી અને કહ્યું કે "લો આ લો જર" આનાથી વધારો મોટું

ધન બીજું શું હશે! એ સૈનિક તો જંગલી હતા. એમણે ઘનાનંદજીના હાથ કાપી નાખ્યા. તેઓ આપણા નાગરીદાસજીના ખાસ દોસ્ત હતા. બંને સાથેજ રહેતા હતા. નાગરીદાસજી જેવા બહુ ઉત્તમોત્તમ કોટિના ભક્ત કવિ હતા. એમણે પણ એમ ન કહ્યું કે નાદિર શાહે આવું કર્યું. મરતા-મરતા એમણે પણ આ જ કહ્યું કે "બહોત દિનાનકી અવધિ આસ-પાસ ફિરે ખરે અરબરન ગહિ ઉઠિ જાનકો, કહિ કહિ આવન સંદેસો મનભાવનકો, ગહિ ગહિ રાખત હિ દે દે સનમાનકો, અધર લગે હેં આજ કરવે પ્રયાન પ્રાણ ચાહત ચલન યે સંદેસો 'સુજાન'કો" આ મારા પ્રાણ તારી પાસે આજે નહી, બહુ પહેલા આવવા માગતા હતા. હું મારા પ્રાણોને સમજાવતો કે કેમ આટલી ઉતાવળ કરો છો! જવાના સમયે એ ખુદ આવી જશે. પરંતુ તું આવી જ નથી રહ્યો તો આ હવે ખુદ તારી પાસે આવી રહ્યા છે.

જુઓ મરતી વખતે પણ આવી સ્થિતિ. એમના હાથ કાપી નાખ્યા જર આપવાના ચક્કરમાં. જ્યારે લોહી વધારે નિકળી જાય ત્યારે માણસ મરવા લાગે છે. એ સમયમાં પણ એમને નથી લાગી રહ્યું કે મારા હાથ આ આતતાયીઓએ કેમ કાપ્યા. એ સમયે પણ એમને આ લાગી રહ્યું છે કે તે ન આવ્યો એટલા માટે મારા પ્રાણ મારી અવસ્થા બતાવવા માટે મારા પ્રિયતમની પાસે જઈ રહ્યા છે. આ વિવેક છે-**"વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"**એ ધૈર્ય છે **"ત્રિદુઃખ સહનં"** જેને મહાપ્રભુજી સમજાવી રહ્યા છે **સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્** જો તું ન આવી શકે તો અમે શું કરી શકીએ! અમે અસમર્થ છીએ તો અમારા પ્રાણ તારી પાસે મોકલી રહ્યા છીએ. આ ધૈર્યની વાત છે. આમાં બીજાને કાંઈ ખરાબ માનવાની વાત નથી. બીજાનું કાંઈ ખરાબ નથી લાગી રહ્યું. બીજાનું કાંઈ અપમાન નથી થઈ રહ્યું. જે કાંઈ થઈ રહ્યું છે તે ભગવદિચ્છાથી થઈ રહ્યું છે. જે કાંઈ થઈ રહ્યું છે તેને ભક્તિા મૂડમાં કાંઈક એવું અર્થઘટન કરી રહ્યા છે કે જેનાથી ભક્તિના ભાવમાં ક્લેશ ન પહોંચે. ભક્તિ અખંડિત રહે. હવે આમાં રોઈ પણ શકાતું હતું કે હાય રે... મારા હાથ કાપી નાખ્યા. તમે મોટા આતતાયી છો, મ્લેચ્છ છો. અમે હિન્દુ છીએ તમે મુસલમાન છો. આવી કોઈપણ દુવિધા નથી. એમના મનમાં ન હિન્દુ-મુસલમાનનું, ન આતતાયી-પીડિતનું કોઈ ચક્કર છે. એમના મનમાં કેવળ એક

જ વાત છે કે મારો પ્રીતમ મને મળવા ન આવી શક્યો. ચાલો કોઈ વાંધો નથી. મારા પ્રાણ તેની પાસે હું મોકલી દઉં. આ સોચનું નામ 'વિવેક', આનું નામ 'ધૈર્ય'. આ પ્રકારથી જ્યારે આપણે વિચારવાનું શરૂ કરીએ તો બસ વાત બની ગઈ. એ નાદિર શાહના સૈનિકોને ખબર નથી કે તે બધી સંપત્તિ છોડીને વૃંદાવન આવ્યા હતા. સંપત્તિ એમને જો રાખવી હોત તો દિલ્હી શું ખોટી હતી? એમને કાંઈક બીજી જ સંપત્તિ જોઈતી હતી. જેમ નાગરીદાસજીને ''નાગરિયાકું શ્રીવૃંદાવન ભક્તિતખ્ત બૈઠાયો.'' એ નાગરિદાસના હળતા-મળતા, એમની મનઃસ્થિતિના વ્યક્તિ હતા. બધી સંપત્તિને છોડીને આવ્યા હતા. વૃંદાવનમાં શા માટે સંપત્તિ એકઠી કરે. પરંતુ નાદિર શાહના સૈનિક જો ન સમજી શક્યા તો આપણે શું કરીએ! **સ્વસ્યાસામર્થ્ય-ભાવનાત્** તો અસામર્થ્યનું ભાવન કર્યું એટલું જ નહીં **''વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ''** વિવેક અને ધૈર્ય નું પણ એમણે ભાવન કર્યું કે તું મને મળવા ન આવ્યો તો ક્યાં સુધી? આ પ્રાણોને સમજાવીને રાખ્યા હતા કે તેની પાસે ન જાઓ પરંતુ તું ન આવ્યો તો હવે એ તારી પાસે આવી રહ્યા છે. એની અવધિ હવે આવી ગઈ છે. ''બહોત દિનાન્કી અવધિ આસ-પાસ ફિરે ખરે અરબરન ગહિ ઉઠિ જાનકોં, કહિ કહિ આવન સંદેસો મનભાવનકોં, ગહિ ગહિ રાખત હિ દે દે સન્માનકોં, અધર લગે હેં આજ કરવે પ્રયાન પ્રાણચાહત ચલન યે સંદેસો સુજાનકોં''

આ ભક્તિમાર્ગીય વિવેક-ધૈર્ય છે. આ હૃદય ભક્તિમાર્ગીયનું છે. આ પ્રકારનો વિવેક ધૈર્ય જ્યારે આપણા હૃદયમાં પ્રકટ થશે, જેમ કુંભનદાસજીની વાર્તામાં પ્રકટ બતાવ્યું. માનસિંહજી જ્યારે આવ્યા અને એમણે જોયું. તિલકના માટે એમણે આરસી માગી ત્યારે એમની બેટી બોલી ''જો આરસી તો પડિયા પી ગયી''. ત્યારે માનસિંહે કહ્યું કે ''હું રત્નજટિત આરસી અપાવું''. ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે ''એ અમારે શું કામની!'' આવી મસ્તી છે. ''ભક્તકોં કહા સીકરીસોં કામ, આવત જાત પન્હૈયા ટૂટી બિસર ગયો હરિનામ'' મસ્તીના લાયક જે ભક્તિમય હૃદય છે, તેમાં તો ક્લેશ ઉત્પન્ન નહીં થાય. એ મસ્તી જો નથી તો વિવેક અને ધૈર્ય ના ઉપાય, જે મહાપ્રભુજીએ બતાવ્યા છે, તે અપનાવવા પડશે.

## (આશ્રય[ग] થી અકલેશ)

જો તે ચાર ઉપાય પણ આપણે નથી અપનાવી શકતા, તો મહાપ્રભુજી કહી રહ્યા છે કે તો પછી કમસે કમ આટલું તો કરો કે જે કાંઈ થઈ રહ્યું છે તેને ભગવદાશ્રય ભગવત્‌શરણાગતિ ની ભાવનાથી સ્વીકારવાની એક મનોવૃત્તિ તો બનાવો. જે કાંઈ સુખ દુઃખ કષ્ટ આનંદ જે પણ છે, ભગવાન હું તારા શરણમાં છું. તું જ મારો રક્ષક છે.

આજે સમજો કે ભક્તિ નથી તો **અલૌકિકઃ મનઃ સિદ્ધૌ સર્વથા શરણં હરિઃ.** મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે અલૌકિક મનની સિદ્ધિને માટે જે ભક્તિને લાયક છે, તેના કારણે આપણી ભક્તિ ચેતસ્તત્‌ પ્રવણાત્મિકા બની જશે. એ પ્રકારની શરણભાવના મનથી કરો. મનમાં વિવેક અને ધૈર્ય પોતાની મેળે સિદ્ધ થઈ જશે. જ્યારે તે સિદ્ધ થઈ જશે તો ચિત્તમાં કોઈ પ્રકારનો કલેશ થશે જ નહીં. જે મેં તમને બતાવ્યું કે પાડી જો આરસી પી જાય તો કલેશ નહીં. નાદિર શાહના સૈનિક હાથ કાપી નાખે તો ચિત્તને કલેશ નહીં. બહાદુરસિંહજી, નાગરીદાસજીના ભાઈ, રાજ્યમાં બગાવત કરી દે તો ચિત્તને કલેશ નહીં. પ્રતિકાર કરવાની અવસ્થામાં પ્રતિકાર પણ કર્યો છે. પરંતુ દરેક વસ્તુને ભગવત્સંકેત માનીને ચાલવાની પ્રણાલીથી ચિત્તમાં આવી મનઃસ્થિતિ પેદા થશે, જે ભગવત્સેવા કરવા લાયક હશે. દરેક વસ્તુને ભગવલ્લીલાના રૂપમાં, જીવવા લાયકરૂપમાં હશે. આ મનઃસ્થિતિ જો વિવેક ધૈર્ય થી ન પ્રાપ્ત થતી હોય તો છેલ્લે શરણાગતિથી પ્રાપ્ત કરવી જોઈએ. તેમાં આટલું તો આપણે કરી શકીએ છીએ

**સર્વ–સાધન–હીનસ્ય પરાધીનસ્ય સર્વતઃ ।**
**પાપ–પીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ।।**

(શ્રીકૃષ્ણશરણાષ્ટકમ્‌)

આટલું તો આપણે કહી શકીએ છીએ કે ‘‘જેવા છીએ એવા બસ તારા છીએ. તું અમારૂં શરણ છે.’’

**મમ નાથ યદ્‌ અસ્તિ યોસ્મ્યહં સકલં તદ્ધિ તવૈવ માધવ ।**
**નિયતસ્વમતિપ્રબુદ્ધિઃ અથવા કિં નુ સમર્પયામિ તે ।।**

**અપરાધ સહસ્ર ભાજનં પતિતં ભીમભવાર્ણવોઉદરે ।**
**અગતિં શરણાગતં હરેઃ કૃપયા કેવલમ્ આત્મસાત્કૂરૂ ।।**

(આળવન્દાર સ્તોત્ર. ૫૩-૫૧)

તું કૃપા કરીને અમારૂં શરણ બની જા. આટલી તો આપણે ભાવના કરી જ શકીએ છીએ. આટલી શરણાગતિની ભાવના પણ જો આપણા હૃદયમાં રહેશે તો જીવનના ઘણાબધા ક્લેશો ઉપર આપણે કાબૂ મેળવી શકીએ છીએ. શરણાગતિની ભાવનાથી એ ધુમાડો ઠાકોરજીને પરેશાન નહીં કરે. એ ધુમાડો આપણને પરેશાન નહીં કરે. આ વાત મહાપ્રભુજીએ વિવેક ધૈર્ય અને આશ્રય ના દ્વારા સમજાવી છે. ધુમાડો ઠાકોરજીને અત્યંત અપ્રિય છે. ફરીથી હું તમને આ બતાવવા માગી રહ્યો છું. આ ધુમાડો બ્રહ્મને અપ્રિય નથી, પરમાત્માને અપ્રિય નથી. ભગવાનને થોડોઘણો અપ્રિય થઇ શકે છે. પરંતુ કૃષ્ણને અને આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીને આ ધુમાડો પસંદ નથી, નથી અને નથી જ. કેમકે એ તમારે ભરોસે તમારા ઘરમાં પધાર્યો છે. જ્યારે તમે ખુદ પરેશાન છો તો તે કેટલો પરેશાન થશે. માનો કે આપણે કોઇના ઘરમાં જઇએ અને ત્યાં રોકકળ, મારામારી ચાલતી હોય તો?

અમારા એક પરિચિત હતા. એ પતિ-પત્નીમાં એટલો જઘડો રહેતો કે એમની બારીમાંથી ક્યારેક કાંઇક ઉડતું તો ક્યારેક કાંઇક. તો જ્યારે પણ એમના ઘરે જઇએ તો બહુ સંભાળીને ઘુસવુ પડતું કે ખબર નહીં માથા ઉપર શું આવીને લાગશે. આવા ઘરમાં જવામાં આપણને બીક લાગે છે. જ્યારે નિરંતર આપણે આપણા ઘરને પરિવારને શરીરને સમાજને મનને ક્લેશયુક્ત રાખશું તો આપણા ઠાકોરજીને આપણી સેવા સ્વીકારવામાં પરેશાની થશે. કેમકે ઠાકોરજી પરમાનંદરૂપ છે. એ પરમાનંદરૂપ હોવાને કારણે ઠાકોરજીને સુખ નહીં થાય. ઠાકોરજીને સુખ થાય, તેના માટે આપણે ક્લેશને મહાપ્રભુજી દ્વારા બતાવેલા વિવેક ધૈર્ય અને આશ્રય ના દ્વારા તેનું નિરાકરણ કરવું જોઇએ. આ વાત મહાપ્રભુજીએ બતાવી કે **''ઠાકુરજીકુ ધુઆં અપ્રિય હે ઔર તાતે હૂં અપ્રિય ભક્તકો દ્વેષી''** આજે આપણે અહીં રાખીશું.

વિવેક બુદ્ધિનો વિષય છે પરંતુ ધૈર્ય તો હૃદયનો, ચિત્તનો. ઘણીવખત દુઃખનો ક્લેશનો પ્રતિકાર બુદ્ધિથી કરવામાં આપણે સક્ષમ પણ હોઇએ હૃદયથી

થઈ ન શકે. જૈનમતના ઉદ્‌ભટ વિદ્વાન ન્યાયકુમુદચંદ્રોદયકાર પ્રભાચન્દ્ર બૌદ્ધમત ભણવા માટે છદ્મવેષ બનાવીને બૌદ્ધ મઠમાં ઘુસી ગયા.

એમણે પોતાનો બૌદ્ધવેષ બનાવી લીધો. બૌદ્ધવેષ બનાવીને તેઓ બૌદ્ધમઠમાં ભણવા ગયા. ત્યાં ખૂબ સારૂં ભણ્યા. બહુ ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. એક દિવસ શું થયું કે બૌદ્ધમતની ચોપડીમાં કાંઈક જૈનમતનો ઉલ્લેખ આવ્યો. એમને બૌદ્ધ ગુરૂજીને સમજાઇ રહ્યું નહોતું કે આ શું છે? બે દિવસ સુધી એમના ગુરૂજી વિચારતા રહ્યા. કહેતા રહ્યા કે વિચારીને બતાવીશ. એટલા દિવસ પાઠ બંધ થઈ ગયો. એ બંનેની ધીરજ ખૂટી ગઈ. આમણે શું કર્યું કે છાનામાનમા એ ભૂલને સુધારી દીધી જેથી તે પાઠ સરળતાથી સમજી શકાય. એમના ગુરૂજીનું માથું ફરી ગયું કે અહીં કોઈ જૈન ઘુસી ગયો છે. એમણે બધાને પૂછ્યું પરંતુ બધાએ આ જ કહ્યું કે અમે બૌદ્ધ છીએ. એમણે પરીક્ષા કરવા માગી કેમકે જો કોઈ જૈન ઘુસ્યો નથી, તો આ પાઠ સુધર્યો કેવીરીતે? એમણે જમીન ઉપર ખડીથી મહાવીર સ્વામીની મૂર્તિ બનાવી. અને કહ્યું કે આના ઉપર પગ રાખો બધા. હવે અકલંકે વિચાર્યું કે શું કરવું? તે સમયે શ્વેતામ્બર મત ન હતો. ફક્ત દિગમ્બર મત જ હતો. એણે એ ચિત્ર ઉપર એક દોરો નાખી દીધો જેથી તે દિગમ્બર તો રહયું નહીં તેના ઉપર પગ રાખીને નિકળી ગયો. એ પરીક્ષા પણ ફેલ થઈ ગઈ. ત્યારે ગુરૂએ વિચાર્યું કે માણસ જે પણ છે બહુ ચાલાક છે. અંતમાં એમણે એક વાત વિચારી. રાતના પોતાના ત્રણ-ચાર વિશ્વસનીય માણસોને કહ્યું કે નજર રાખો અને જોરથી ધમાકો કરો. મઠમા જ્યારે બધા સૂઈ રહ્યા હતા અને જોરથી ધમાકો થયો. ધમાકાથી બૌદ્ધ તો બધા ઉઠી ગયા પરંતુ જૈનોમાં ઉઠતી વખતે નમસ્કારનો નિયમ હતો. એમણે ઉઠતાવેત નમસ્કાર કર્યા. બસ પકડાઈ ગયા. જુઓ આ બુદ્ધિની વાત ન હતી. ચિત્તની વાત હતી. બધા સૂઈ રહ્યા હતા તો બુદ્ધિ તો શું કરી શકે! બુદ્ધિ તો આ વિચારમાં ફસાયેલી હશે કે આ ધમાકો શેનો છે? જાગીને ભાગવું બેસવું કે શું કરવું? બુદ્ધિ તો આમાં ફસાયેલી હશે અને મન તો સૂઈ રહ્યું હતું. આથી કોઈ કામ જ નહોતું કરી રહ્યું. અહંકાર થોડોક જાગી રહ્યો હશે, થોડોક સૂઈ રહ્યો હશે. પરંતુ ચિત્તમાં જે વાત ઘડાયેલી હતી તે આ કે ભગવાન મહાવીરને વંદન કરીને ઉઠવું તેનાથી તે પકડાઈ ગયા. પછી ત્યાંથી એમને કોઈ રીતથી બચીને

ભાગવું પડ્યું. આવી કથા છે.

**અલૌકિક–મનઃ સિદ્ધૌ સર્વથા શરણં હરિઃ** (વિ.ધૈ.આ.૧૩) આવી પરિસ્થિતિમાં બુદ્ધિ અહંકાર મન કોઈ કામ નથી કરી શકતા. ચિત્ત કામ કરે છે. જેમ આપણે સૂઈ રહ્યા છીએ, પરંતુ આપણને આ વાતની ખબર રહે છે કે આપણે ક્યાં સૂતા છીએ. કોઈ મચ્છર તો નથી કરડી રહ્યો. કોઈ આપણને અવાજ કરે તો કેમ આપણને ખબર પડે કે આપણને જ બોલાવી રહ્યા છે. આપણે જાગી રહ્યા હોઈએ ત્યારે તો આપણી બુદ્ધિથી ખબર પડે છે. પરંતુ સૂતેલા હોઈએ તો આપણી બુદ્ધિ સૂતિ હોય છે. પરંતુ હેલો પાડતા જ આપણી ઉંઘ કેવી ઉડી જાય છે! કેમકે ચિત્ત તે વખતે પણ જાગતું હોય છે. બુદ્ધિ સૂઈ જાય છે. જ્યાં સુધી આપણી બુદ્ધિ જાગે છે ત્યાં સુધી માણસ સપના જુએ છે. ચિત્ત સપના નથી જોતું. જે કાંઈ બુદ્ધિએ વિચાર્યું હોય, જે બુદ્ધિ ઈચ્છતી હોય, તેના સપના આવે છે. થોડા વખતમાં જ્યારે બુદ્ધિ પણ સૂઈ જાય છે ત્યારે આપણને ઘસઘસાટ ઉંઘ આવી જાય છે. કાંઈ ખબર ન પડે કે રાત કેમ નીકળી ગઈ! આ વાત ચિત્તથી ખબર પડી. અહંકારથી ખબર ન પડે. મનથી ખબર ન પડે. મન તો ચંચલ છે પરંતુ એટલો વખત જ જેટલો વખત આપણે જાગીએ છીએ. જાગતાની સાથે મન ચંચલ થઈ જાય છે. જેમ સવાર થતાંજ પક્ષી ઉડવાનું શરૂ કરે છે. એમ મનનો પણ આ જ સિદ્ધાંત છે . આપણે જાગ્યા નથી કે મનનું પંખી ચારેતરફ ઉડવા લાગે છે. અને જ્યારે આપણે સૂઈ જઈએ ત્યારે મન સૂઈ જાય. આપણે સૂઈ પણ ગયા હોઈએ તો પણ આપણું ચિત્ત જાગતું રહે છે. પૂરી સાવધાની રાખે છે કે કોઈ મચ્છર કરડી તો નથી રહ્યું ને. કોઈ બોલાવી તો નથી રહ્યું ને. જેમ રાતના પહેરેદાર હોય એવીજ રીતે આપણું ચિત્ત છે.

ચિત્તમાં ભક્તિ પ્રતિષ્ઠિત હોવી જોઈએ એમ મહાપ્રભુજી કહી રહ્યા છે. મનમાં અહંકારમાં બુદ્ધિમાં થઈ ગઈ એ ઠીક વાત છે, કોઈ ખરાબ વાત નથી પરંતુ સારી વાત જેને કહીએ કે મનથી અહંકારથી બુદ્ધિથી જે ભક્તિ અંદર ઘૂસી છે, તે ચિત્તના સિંહાસન ઉપર બેસી જાય તો હરકત ન થાય. ધમાકો થયો તો પણ એને એ વિચાર ન આવ્યો કે ભાગો, એ વિચાર આવ્યો કે પહેલા નમન કરો. મહાવીરસ્વામીને વંદન થઈ જ ગયા. એવીજ રીતે કોઈ બોલાવે

આપણને. આપણું નામ આપણા ચિત્તમાં કેટલું ચઢી જાય. સમજો કે આપણને ન બોલાવીને આપણા નામવાળા કોઈ બીજાને બોલાવતો હોય તો પણ એક વખત તો આપણે જાગી જ જઈએ છીએ કે કોઈ મને બોલાવી રહ્યું છે. ત્યાં ભક્તિ બેઠી છે તો કામ થઈ ગયું. અને ત્યાં ન બેઠી તો સ્થિતિ થોડીક ડગુમગુ છે. કેમકે મન તો ચંચલ છે અને અહંકારનો ભરોસો નથી એ ક્યારે ગાડી નાવ ઉપર અને ક્યારે નાવ ગાડી ઉપર થઈ જાય. આપણે અહંકારને ભક્તિ ઉપર બેસાડવા જઈએ અને ભક્તિમાં જો અહંકાર આવી ગયો તો લેવાના દેવા થઈ જશે. આથીજ અહંકારની સાથે થોડો ખતરો છે. બુદ્ધિ તટસ્થ છે. દરેક વસ્તુને તે તટસ્થતાથી ગ્રહણ કરી લે છે. તેનાથી બહુ પ્રયોજન સિદ્ધ નથી થતું. આથીજ મહાપ્રભુજીએ કહ્યું કે **"ચેતસ્તત્પ્રવણં સેવા"** જે વાત મહાપ્રભુજીએ ત્યાં કહી છે, એ જ વાત અહીંયા વિવેકધૈર્યાશ્રયમાં કહી રહ્યા છે. **"અલૌકિક મનઃ સિદ્ધૌ સર્વથા શરણં હરિઃ"** આ પ્રકારનું અલૌકિક મન, જે ભક્તિને ચિત્તમાં બેસાડી દે. એટલે કે મનની એવી ચંચલતા છે કે તે ક્યાંય પણ ભટકે પરંતુ ભટકે ભગવાનની જ દિશામાં, બીજી દિશામાં નહીં.

વડોદરામાં કૃષ્ણમાચારી નામના એક રામાનુજ સંપ્રદાયના ખુબજ મોટા વિદ્વાન થયા છે. તેઓ રામાનુજમત સિવાય બૌદ્ધમતના એનાથી પણ વધુ વિદ્વાન હતા. એમણે બૌદ્ધમતનું ખુબજ સરસ એક પુસ્તક લખ્યું છે. તેમાં એમણે હિન્દુધર્મની બધી વિપરીત વાતો કેવળ સમજાવવા માટે લખી હતી. તેઓ હતા તો સારા વૈષ્ણવ. એ પુસ્તકના અંતમાં ઉપસંહારમાં એક બહુ સરસ શ્લોક લખ્યો છે. એ શ્લોક મને બહુજ પ્રિય છે. તે આમ છે કે "અનેક **તન્ત્રકાન્તારે બહુધા વિશતો મમ, વિષ્ણુઃ અવ્યાહતપન્થાઃ હૃદયાદ્ મા અપસર્પતાત્"** તેઓ કહે છે કે "કેટલાય મતાન્તરના મતભેદમાં મારી બુદ્ધિ તો ભટકે છે, લખવા માટે, વિચારવા માટે અને કેટલીય વાતો માટે. આ ભટકતી રહે છે, તેમાં મને ડર નથી લાગતો. ડર મને આ જ વાતનો લાગે છે કે હે વિષ્ણુ! તું મારા હૃદયમાં આવવા માટે ક્યારેય રસ્તો ભટકી ન જતો" કેટલી મીઠી વાત કહી છે! જે પ્રકારની બૌદ્ધમતનું પુસ્તક લખીને જેમાં હિન્દુમત વિરોધી બધી વાતો કહી. અને અંતમાં જઈને આ વાત ઉપસંહારરૂપમાં કહી દીધી. કેટલી સાચી વાત છે! **"અલૌકિક-મનઃ સિદ્ધૌ"** આવું અલૌકિક મન

સિદ્ધ થઈ જાય તો બસ વાત પતી ગઈ.

[ગ-૧]**એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્** મહાપ્રભુજી કહે છે કે આ પ્રકારનું સરળ મન, સહજ મન સિદ્ધ થવું સરળ વાત નથી. આથી સૌથી પહેલા ભગવદાશ્રયનું ચિત્તમાં ભાવન કરો. **એવં ચિત્તે સદા ભાવ્યં** ચિત્તમાં સદા ભગવદાશ્રયનું ભાવન કરશો તો ચિત્તમાં ધીરે-ધીરે ભક્તિ બેસી જશે. જરૂરી નથી કે આપણું ચિત્ત ભક્તિરસથી આટલું આર્દ્ર બને. પરંતુ આપણે આપણા ચિત્તને આટલી વાત તો સમજાવી શકીએ છીએ કે મારો આશ્રય શ્રીકૃષ્ણ છે. **''શ્રીકૃષ્ણઃ શરણં મમ. શ્રીકૃષ્ણઃ શરણં મમ. શ્રીકૃષ્ણઃ શરણં મમ''** આટલી વાત પણ ચિત્તમાં બેસી ગઈ તો રસ્તો ખુલી જાય છે. જેમ કૃષ્ણમાચારી કહે છે કે **''વિષ્ણુઃ અવ્યાહતપન્થાઃ હૃદયાદ્ મા અપસર્પતાત્''** આવી પછી ભક્તિ થઈ શકશે. તેના માટે આગળ મહાપ્રભુજી કહી રહ્યા છે કે **''એવં ચિત્તે સદા ભાવ્યં''** હવે કોઈ કહે કે શરણની ભાવના પણ અમારાથી નથી થઈ શકતી તો આપ આજ્ઞા કરે છે કે કાંઈ વાંધો નહીં. તમે તમારી વાણીથી જ પોતાની જાતને સમજાવો કે **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** જ્યારે આપણે આપણી જાતને વાણીથી સમજાવવાનું શરૂ કરશું તો વાત ચિત્તમાં જશે.

## (ભક્તિ અને પૂજા ની તરતમતા)

અને એ જ્યારે ચિત્તના તરફ જઈ રહી છે અને પછી ક્યારેય આપણે બીજા દેવતાઓનું પૂજન કરીએ, અહીં-તહીં ભટકીએ તો ચિત્ત અને વાણી માં વિક્ષેપ થઈ જાય છે. આથીજ મહાપ્રભુજી કહી રહ્યા છે કે **''અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ, પ્રાર્થના કાર્યમાત્રેપિ તથા અન્યત્ર વિવર્જયેત્''** (વિ.ધૈ.આ.૧૪)

આ જુઓ, ઘણાલોકો આમ સમજે કે પુષ્ટિમાર્ગ સંકિર્ણ છે. આપણે અન્યદેવના ભજનની મનાઈ કરીએ છીએ, એવું જ નથી. આપણે કૃષ્ણના ભજનની પણ મનાઈ કરીએ છીએ. કેમકે આપણો મત એ છે કે જે દેવને ભજો તેને અનન્યાશ્રયપૂર્વક ભજો. જો તમે શિવને ભજી રહ્યા છો તો શિવને અનન્યાશ્રયપૂર્વક ભજો. જો તમે વિષ્ણુને ભજી રહ્યા છો તો વિષ્ણુને અનન્યાશ્રયપૂર્વક ભજો. જે કૃષ્ણને ભજી રહ્યા છો તો કૃષ્ણને અનન્યાશ્રયપૂર્વક

ભજો. કેમકે ભજન તો એકાકી જ થઈ શકે છે. પૂજન અથવા આદર નો જો સવાલ છે તો બધા દેવ આદરણીય છે. પરંતુ ભજન મનની એક વિશિષ્ટ અવસ્થાનું નામ છે. એ વિશિષ્ટ અવસ્થા આપણી બધી જગ્યાએ છે તો એ તો સંભવ નથી. વાતમાં કાંઈક ને કાંઈક ગરબડ છે. કાં તો આપણે ભક્તિનું સ્વરૂપ નથી સમજ્યા. કાં આપણે કાંઈક ને કાંઈક પાખંડ કરી રહ્યા છીએ. ભજન બધા દેવોનું થઈ જ નથી શકતું. પૂજન બધા દેવોનું થઈ શકે છે. જેમ સત્કાર દરેક અતિથિનો થઈ શકે છે. પરંતુ દરેક અતિથિની સાથે તાદાત્મ્ય કે પારિવારિક સંબંધ નભાવી નહીં શકીએ. દરેક અતિથિનો ગૃહસ્થને ત્યાં સત્કાર થઈ શકે છે પરંતુ પારિવારિક તાદાત્મ્ય દરેક અતિથિ સાથે નભાવવું કઠીન છે. આપણા ઘરમાં જે પણ આવ્યા છે તે અતિથિની જેમ જ તો આવ્યા છે. કોણ અહીં રોકાવાવાળા છે! પરંતુ જેને આપણે પરિવારના રૂપમાં લઈ રહ્યા છીએ તેના ઓછા રોકાવાથી આપણને તકલીફ થઈ રહી છે. અને જેને આપણે અતિથિની જેમ લઈ રહ્યા છીએ તેના વધારે રોકાવાથી તકલીફ થાય છે. પારિવારિક લોકોની સાથે આપણે એ પ્રકારનો ભાવ સ્થાપિત કર્યો છે, આથી એમના જવામાં આપણને તકલીફ થાય છે. અતિથિની સાથે આપણે સત્કારનો ભાવ સ્થાપિત કર્યો છે.

ભક્તિ ભગવાનની સાથે રહેવાનો ભાવ છે. મહાપ્રભુજી આટલા જ માટે સુબોધિનીજીમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **"ગૃહસ્થિતેઃ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ, કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા"** (ભાગ.સુબો.૩/૧/૬) તમે ભગવદીય છો, કેવળ આટલાથી ઘરમાં રહેવું કોઈ સારી વાત નથી. પરંતુ ભગવત્સેવાને માટે ઘણી સારી વાત છે. કેમકે આપણે પણ ઘરમાં રહી રહ્યા છીએ અને આપણા પરિવારના સદસ્યની જેમ આપણા ઠાકોરજી પણ ઘરમાં રહી રહ્યા છે. બંને ઘરમાં રહી રહ્યા છે. તે આટલા માટે રહી રહ્યા છે કે આ મારી સેવા કરે અને આપણે આટલા માટે રહી રહ્યા છીએ કે આપણે તેની સેવા કરીએ. આના માટે બંને ઘરમાં રહી રહ્યા છીએ. આ પ્રકારના પારિવારિક સંબંધની સાથે જ્યારે બંને ઘરમાં રહીએ છીએ તો તે ભક્તિ છે. એ વાત ચિત્તમાં ચઢશે. એ વાત બુદ્ધિની નથી. અતિથિસત્કાર તો બુદ્ધિથી જ થાય. તેના માટે ચિત્તનું બહુ પ્રયોજન નથી. અતિથિનો સત્કાર

બુદ્ધિથી અને મનથી આપણે કરી શકીએ છીએ. પરંતુ ઘરમાં રહેવાની જે વાત છે તે બુદ્ધિની વાત નથી, ચિત્તની વાત છે.

મારા પાડોશીનો બે વરસનો બાળક મારે ત્યાં રમતો રહેતો. એક દિવસ હું સાંજના ફરવા જતો હતો તો મેં તેને કહ્યું કે ચાલ મારી સાથે ફરવા. તમે માનશો નહીં કે થોડેક દૂર જતાંજ એણે મમ્મી મમ્મી કહીને રોવાનું શરૂ કરી દીધું. રોજ મારી સાથે રમતો. પરંતુ થોડીજ વારમાંજ જ્યારે તેને મમ્મી ન જોઈ તો રોવાનુ શરૂ કરી દીધું. આનું નામ 'પારિવારિક ભાવ' છે. આમ આપણા હૃદયમાં તેવો ભાવ જાગે જેમ ''ભૈયાજી ગોકુલ કબ ચલોગે!'' ત્યારે તો તે ભક્તિનો ભાવ છે.

સત્કારમાં તો શાસ્ત્રનો વિચાર આવશે કે શાસ્ત્રમાં ભગવાનના પૂજનનું કેવીરીતે કહ્યું છે! જેવી વિધિ બતાવી છે તેમાં કાંઈક વૈપરીત્ય ન આવી જાય તેમ કરવું. એ કોઈપણ દેવતાની સાથે હોઈ શકે છે. કોઈપણ વૈષ્ણવ વિવાહના પ્રસંગમાં ગણપતિનું પૂજન કરી શકે છે. તેમાં કોઈ અન્યાશ્રય નથી. ધારો કે આપણે કોઈ રસ્તા ઉપર જઈ રહ્યા છીએ. એ રસ્તા ઉપર શાસ્ત્રથી પ્રતિષ્ઠાપિત કોઈ મંદિર આવ્યું તો આપણે તેને વંદન કરી શકીએ છીએ. દેવ તો દેવ જ છે. આપણે આપણાથી દરેક મોટાને વંદન કરીએ છીએ તો દેવને કેમ ન કરીએ? દેવ તો ભગવાનના અવતાર છે. પરંતુ ભજનનો ભાવ સાથે રહેવાનો ભાવ છે. સત્કારના જેવો આટલો નાનો ભાવ નથી.

[ગ-૨]**અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ,** પ્રાર્થના કાર્યમાત્રેપિ તથા અન્યત્ર વિવર્જયેત્ આપણે આ જ કારણથી આ માનીએ છીએ કે જે દેવને તમે ભજો, તેના પૂર્ણરૂપથી આશ્રિત થઈને રહો. આટલા જ માટે બાલબોધ ગ્રંથમાં તમે જોશો તો ત્યાં મહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **''મોક્ષસ્તુ સુલભો વિષ્ણોર્ ભોગશ્ચ શિવતસ્તથા, સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્, અતદીયતયા ચાપિ કેવલશ્ચેત્ સમાશ્રિતઃ તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્.''** (બાલબોધ. ૧૭-૧૮) સમર્પણથી આત્મામાં તદીયતા આવશે. એટલે કે શિવના પ્રત્યે તમે સમર્પિત થશો તો શિવની સાચી તદીયતા તમારામાં આવશે. વિષ્ણુના પ્રત્યે જો તમે સમર્પિત થશો તો તમારામાં વિષ્ણુની સાચી

તદીયતા આવશે. આ વાત ગણપતિ ઉપર પણ લાગુ છે. **સમર્પણેન આત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્** મતલબ ગણપતિજીનું ભજન જ્યારે તમે વિઘ્ન હરવા માટે કરી રહ્યા છો, એ ભક્તિની વાત નથી, સત્કારની વાત છે. એટલે કે આપણે કોઈ કામ પ્રારંભ કરી રહ્યા છીએ, કોઈ મંગલ પ્રસંગ આવ્યો છે, તેમાં કોઈ વિઘ્ન ન આવી જાય એવું કામ તમે કરો અને આટલા માટે અમે તમારૂં પૂજન કરી રહ્યા છીએ. આ સત્કારની વાત છે, પૂજનની વાત છે. ભક્તિની વાત નથી. જો તમારે ગણપતિજીની ભક્તિ કરવી છે તો આ પ્રકાર નથી. મહારાષ્ટ્રમાં પહેલા એવું હતું. પછીથી લોકમાન્ય તિલકે ગણપતિના પૂજનનો પ્રકાર ગણેશ ચતુર્થીના દિવસનો રાખ્યો. સમજો કે ગણપતિનો જો કોઈ ભક્ત છે, તો ગણપતિની મૂર્તિને વિસર્જિત કેવીરીતે કરી શકશે! જો ભક્ત છે તો મૂર્તિને વિસર્જિત કરવામાં તેનો આત્મા કાંપી જશે.

ઈન્દોરવાળા દેવકીનંદન મહારાજ હતા. તેઓ ડેરા ઈસ્માઈલ ખાં, જે હવે પાકિસ્તાનમાં છે, ત્યાં બિરાજતા હતા. એમને ત્યાં કોઈ એક ઠેકાણે દાઉજીનું સ્વરૂપ બિરાજતું હતું. એમના મુખિયાજીના હાથમાંથી દાઉજીનું સ્વરૂપ પડી ગયું અને ખંડિત થઈ ગયું. જ્યારે એમને ખબર પડી તો તેઓ તુરત ત્યાં ગયા. બીકના માર્યા મુખિયાએ એવુંને એવુંજ બીજું સ્વરૂપ પધરાવી દીધું. ત્યારે દેવકીનંદનજીએ કહ્યું કે ‘‘તારા બાપનો ટાંગો ચાલતા-ચાલતા તૂટી જાય તો તું તારો બાપ બદલાવશે? જ્યારે તું તારો બાપ નથી બદલી શકતો તો તેં મારા દાઉજી કેવીરીતે બદલાવી દીધા! ખંડિત થઈ ગયા તો શું થયું? મારા ખંડિત દાઉજી લાવ’’ આ ભક્તિનો ભાવ છે. પૂજનમાં એ બરાબર છે પરંતુ ભક્તિમાં નહીં. પૂજનમાં આવાહન કરીએ છીએ તો વિસર્જન પણ કરીએ છીએ. ભક્તિમાં એ દેવસત્કારવાળી વાત નથી. દેવની સાથે જીવવાની કથા છે. આથીજ ગુસાંઈજીએ તુલસીદાસજીને આમ કહ્યું કે ‘‘તુમ જૈસે વિષ્ણુકે પદ ગાઓ વૈસે તો હમારે યહાં આઠ-આઠ હેં. પર તુમ જૈસે રામકે પદ ગાઓ હો વૈસો કોઈ નહીં ગાવે હે. તાસોં તુમ રામકે હી પદ ગાઓ.’’ આપણે આમ નથી કહેતા કે અન્યદેવનું ભજન તમે ન કરો. આપણે આ વાતને કહીએ છીએ કે પહેલા તમારા મનમાં આ વાતને સાફ કરો કે તમે દેવનું ભજન કરી રહ્યા છો કે પૂજન? જો તમે પૂજન કરી રહ્યા છો તો કરો પરંતુ એ પ્રણાલીને તમારી ભક્તિ

ન સમજો. ભક્તિમાં વિસર્જન-વિલોપનની કથા નથી. ભક્તિમાં સાથે જીવવાની કથા છે. ભક્તિમાં કોઇ એક દેવને ઘરમાં પધરાવવાના છે. એ દેવની સાથે જીવવું છે. જીવનના દરેક ક્રિયા-કલાપને એ દેવની સાથે દેવમય બનાવવા છે. જેમ દોરામાં ફૂલ પરોવી લઇએ છીએ. એવીજ રીતે એ દેવના પ્રયોજનથી આપણા જીવનના દરેક ક્રિયા-કલાપ, ફૂલની જેમ પરોવાયેલા હોવા જોઇએ. આનું નામ 'ભક્તિ' છે.

મહાપ્રભુજી કહી રહ્યા છે કે આવું અલૌકિક મન ક્યારે સિદ્ધ થશે? ત્યારે, જ્યારે આપણે અન્યાશ્રય ન કરીએ. આપણે અન્યાશ્રય કરશું તો મનમાં તે પ્રકારની અલૌકિકતા નહીં આવે. ક્યારેક એકને ક્યારેક બીજાને ક્યારેક ત્રીજાને પૂજી રહ્યા છીએ. એટલે કે ''રહત ન ચિત્ત, ઇત ઉત ફિરત, પરિચય સંચય હેતુ'' તેવી પરિસ્થિતિ થઇ જશે. આથીજ મહાપ્રભુજી આગળ કહી રહ્યા છે **''સમર્પણેન આત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્, અતદીયતયા ચાપિ કેવલશ્ચેત્ સમાશ્રિતઃ''** તમારામાં તદીયતા શિવ કે વિષ્ણુ પ્રતિ ન આવી તો પણ કોઇ ચિંતાની વાત નથી. કેવળ આશ્રય કરો કે મને શિવ અથવા વિષ્ણુ નો અનન્યાશ્રય છે. આવો ભાવ જો રાખશો તો **''તદાશ્રયતદીયત્વબુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્''** તો પણ આટલું તો તમે કરી જ શકો છો કે એવો દિવસ ક્યારે આવશે કે હું શિવ અથવા વિષ્ણુ નો અનન્યભક્ત બની જઉં. આટલું તો તમે કરી જ શકો છો. મહાપ્રભુજીએ આમ નથી કહ્યું કે તમે અન્યદેવનું ભજન ન કરો. મહાપ્રભુજી આ સમજાવવા માગી રહ્યા છે કે જો તમે શિવના ભક્ત છો તો તમે શિવની અનન્યભક્તિ કરો. જો તમે વિષ્ણુના ભક્ત હો તો વિષ્ણુની અનન્યભક્તિ કરો. જો રામના ભક્ત છો તો રામની ભક્તિ કરો. જો કોઇના ભક્ત નથી તો પૂજન તો બધા દેવોનું કરી જ શકો છો. પરંતુ વાત સાફ રાખવી પડશે. જેમ ઇન્કમટેક્સવાળા કહે કે તમારૂં એકાઉન્ટ સાફ રાખો. આટલા માટે મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે **''અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ. પ્રાર્થના કાર્યમાત્રેડપિ તથા અન્યત્ર વિવર્જયેત્''** આ વાત ત્યારે સમજમાં આવી શકે છે જ્યારે આપણે ભજનના મૂડને સમજીએ. પૂજનનો મૂડ અલગ છે. ભજનનો મૂડ અલગ છે. આપણે અન્યનું ભજન કરીએ. આપણે સામેચાલીને કોઇના મંદિરમાં ન જઇએ. રસ્તામાં આવે તો વંદન કરવામાં

અન્યાશ્રય નથી. સામેચાલીને જો બીજા દેવના મંદિરમાંવ દર્શન કરવા જઈ રહ્યા છો તો જે ઘરમાં બિરાજી રહ્યો છે એ કોણ છે. જે ઘરમાં બિરાજી રહ્યો છે, તેને છોડીને બીજાના મંદિરમાં ચાલીને જવું, તો સવાલ આ થઈ જાય કે ઘરમાં કોણ બેઠો છે? **"પ્રાર્થના કાર્યમાત્રેऽપિ"** એક દેવની તમે સેવા કરી રહ્યા છો અને બીજાની પાસે પ્રાર્થના કરી રહ્યા છો! આ બધો અન્યાશ્રયનો પ્રકાર છે. મહાપ્રભુજી કહે છે કે જ્યાં-સુધી આ નહીં છોડો, ત્યાં-સુધી મનમાં એ અલૌકિકતા નહીં આવે, જે તમને કૃષ્ણભક્તિમાં સહાયક બની શકે.

[ગ-૩]**અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ, બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ** અને સમજો કે તમને એમ લાગી રહ્યું છે કે અમે કૃષ્ણનું ભજન તો કરવા માગીએ છીએ પરંતુ તકલીફ તો છતાં પણ પેદા થઈ રહી છે. અને બીજા દેવની માનતા માનીએ તો તેનું ફલ તો તુરત મળતું દેખાઈ રહ્યું છે. આજે માનતા માની અને કાલે માનતા પૂરી. આવી માનતાની લાલચમાં જ્યારે તમે પોતાના દેવ ઉપર અવિશ્વાસ કરશો તો તેના માટે મહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે **"અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ"** (વિ.ધૈ.આ.૧૫) હનુમાનજી ઉપર જે વખતે મેઘનાદે બ્રહ્માસ્ત્ર છોડ્યું તો હનુમાનજીએ વિચાર્યું કે હું જો આનાથી નહીં બંધાઉં તો આ બ્રહ્માસ્ત્રનું અપમાન થશે. જો બ્રહ્માસ્ત્રનું અપમાન થશે ખબર નહીં રામચંદ્રજી પ્રસન્ન થશે કે અપ્રસન્ન થશે? શ્રીરામની પ્રસન્નતાનો વિચાર કરીને હનુમાનજી એ બ્રહ્માસ્ત્રથી બંધાઈ ગયા. રાવણને થયું કે આ વાંદરાએ આટલા તોફાન કર્યા તો બ્રહ્માસ્ત્રને તોડી તો નહીં નાખે? એટલા માટે લોઢાની સાંકળ એમને બાંધવા માટે બીજી મંગાવી. ત્યારે હનુમાનજીએ કહ્યું કે જ્યારે બ્રહ્માસ્ત્ર ચલાવનારો જ તેના ઉપર વિશ્વાસ નથી કરી રહ્યો તો હું શા માટે રાખું! ત્યારે એમણે બ્રહ્માસ્ત્ર પણ તોડ્યું અને લોઢાની સાંકળ પણ તોડી નાખી. આ વાત મહાપ્રભુજી સમજાવવા માગી રહ્યા છે કે આપણે જેને ભજી રહ્યા છીએ, તેના ઉપર આપણને વિશ્વાસ નથી અને જેના ઉપર વિશ્વાસ છે તેને ભજી નથી રહ્યા. ધોબીનો કુતરો ન ઘરનો ન ઘાટનો એવું થઈ જાય. આટલા માટે મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ, બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ"** આ તો ભજનમાં સર્વથા બાધક કથા છે.

[ગ-૪]**પ્રાપ્તં સેવેત નિર્મમઃ, યથાકથંચિત્ કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ. કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્** આવામાં બ્રહ્માસ્ત્ર અને ચાતકની ભાવના કરો કે જેમ ચાતક સ્વાતિની બૂંદના વિના તરસ્યો રહી જાય છે. એવીજ રીતે જે મારા ઠાકોરજી મને આપશે બસ એજ મારે જોઈએ. નહીં આપે તો નથી જોઈતું. **''પ્રાપ્તં સેવેત નિર્મમઃ''** આ વૃત્તિ તમે કરી, તો બસ વાત બની ગઈ. પૂરે હૈં વહી મર્દ જો હર હાલમેં ખુશ હૈં. જે તમને મળી રહ્યું છે તેમાં તમે ખુશ રહો. જે નથી મળી રહ્યું તેને બેપરવાહ કરી દો. આ જે મનઃસ્થિતિ તમે પેદા કરી કે એકનું ભજન કરી રહ્યા છીએ, બીજાનું નામ જપી રહ્યા છીએ, ત્રીજાની માળા પહેરી રહ્યા છીએ, ચોથાનું વ્રત રાખી રહ્યા છીએ, પાંચમાની માનતા કરી રહ્યા છીએ તો, એ તો દ્રૌપદી જેવી સ્થિતિ થઇ જશે. જ્યારે તેનું ચીરહરણ થયું ત્યારે એક પણ પાંડવ તેને કામ ન આવ્યો. જ્યારે દ્રૌપદીની આ ગતિ થઈ તો આપણી કેવી થશે? આથી મહાપ્રભુજી આ આજ્ઞા કરી રહ્યા છે કે **''પ્રાપ્તં સેવેત નિર્મમઃ''** જે મળી રહ્યું છે તેને ત્યાગવાની વૃત્તિ પણ ન રાખો અને તેમાં અસંતોષની વૃત્તિ પણ ન રાખો. **''યથાકથંચિત્ કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ. કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેદ્ હરિમ્''** (વિ.ધૈ.આ.૧૬) આ પ્રકારથી જે ચાલી રહ્યું છે જેવું ચાલી રહ્યું છે તેમાં ભગવાનના આશ્રયને તમે રાખશો તો ભગવાનમાં અનન્યાશ્રય તમારો સિદ્ધ થશે.

એક સામાન્ય વાત બતાવું. આજે તો પુષ્ટિમાર્ગમાં એવો કબાડો થઈ ગયો છે કે અન્નકૂટનો ઉત્સવ આપણે એમ સમજીએ છીએ કે આ સામગ્રીનો ઉત્સવ છે. અમે તેના ઉપર વાર્તા પણ લખી હતી, ''સામગ્રી પ્રદર્શનોત્સવ'' (જુઓ : પરિશિષ્ટ-૨) બધા લોકોને સામગ્રીનું પ્રદર્શન થાય તો મજા આવી જાય પરંતુ અન્નકૂટ સામગ્રીપ્રદર્શનનો ઉત્સવ નથી. અન્નકૂટ એવો ઉત્સવ છે કે જેમાં ઠાકોરજીએ વ્રજભક્તોનો અન્યાશ્રય છોડાવ્યો. લોકોના મનમાં આ ખોટીધારણા છે કે આ દેવને માનશું તો તે દેવ નારાજ થઈ જશે. આ બીકથી આપણે બધાને માનવા લાગી જઈએ છીએ. ઈશ્વર અલ્લાહ તેરે નામ કહેતા-કહેતા ધર્મનિરપેક્ષતા થઈ ગઈ. શરૂઆતમાં તો ઈશ્વર-અલ્લાહ બંને હતા પરંતુ પછી ધર્મનિરપેક્ષ થઈ ગયા. બંને જ ગયા. ધર્મનિરપેક્ષતાની જેમ આપણને

દેવનિરપેક્ષતા થઈ જાય છે. પહેલા તો લાગે છે કે બધું તુંજ છે. પછી દેવનિરપેક્ષતા આવી જાય છે. અન્નકૂટના માટે મહાપ્રભુજી વાત સમજાવવા માગી રહ્યા છે કે દેવનિરપેક્ષતા વ્રજભક્તોને ન જાગે. એટલા માટે ઠાકોરજીએ સ્વયં ચાલીને એ ઉત્સવ કરાવ્યો. આજ-કાલ તો પ્રજાતન્ત્ર છે. કોઈ રાજા નથી. બધા ચુંટણી જીતેલા નેતા છે. જો તમે એકને મત આપ્યો અને બીજાને ન આપ્યો તો સારો નેતા તેનું ખોટું નહીં લગાડે. તુચ્છ નેતાની વાત અલગ છે.

ભગવાન, ભલે તે કોઈપણ દેવ હોય, શિવ વિષ્ણુ કે ગણપતિ હોય પરંતુ શું તેઓ એવા હોઈ શકે કે તેનું ખોટું લગાડે? ભગવાન એવો ક્યારેય નથી હોઈ શકતો. ભગવાનને પોતાના ભજનની શું પડી છે? એને નથી પડી પરંતુ આપણને તેના ભજનની પડી છે. આપણે ભજીએ તો ભગવાનનું બેંક બેલેન્સ વધી નથી રહ્યુ અને ન ભજીએ તો બેંક બેલેન્સ ઘટી નથી રહ્યું. કોઈપણ ભગવાન આ વાતનું ખોટું નહીં લગાડે. પરંતુ એક વાત છે કે જ્યારે કોઈપણ ભગવાન જીવની સાથે આત્મીયતા પ્રકટ કરે છે કે તું મારો છે, તું મને છોડીને બીજાને કેમ ભજી રહ્યો છે? એ આત્મીયતા ઈર્ષાયુક્ત નથી કે તું બીજાને કેમ ભજી રહ્યો છે. પરંતુ એ તો સ્નેહવશ આત્મીયતા દેખાડી રહ્યો છે કેમકે એ જીવને ભગવાને પોતાનો માન્યો છે. આ કારણથી તેનો અન્યાશ્રય છોડાવવા માગે છે. એમ વ્રજભક્તોને પોતાના માન્યા આ કારણથી એમનો અન્યાશ્રય છોડાવ્યો. અન્યાશ્રય છોડાવ્યો તેનો આ અન્નકૂટ ઉત્સવ છે. આ કોઈ સામગ્રીપ્રદર્શન ઉત્સવ નથી. આપણે ત્યાં મોટાભાગના લોકોની આવી ભ્રમણા છે કે અન્નકૂટ સામગ્રીપ્રદર્શનઉત્સવ છે. જે વ્રજભક્ત ઈન્દ્રને ભજતા હતા કે વરસાદ સારો પડે. પાક સારો આવે, ઘાસ સારૂ આવે જેથી અમારી ગાયો પ્રસન્ન રહે. તો ભગવાને કહ્યું કે ''આટલી નાનકડી વાત માટે શા માટે પરાશ્રય કરી રહ્યા છો! હા જો તમે ઈન્દ્રને ભજવા માગી રહ્યા હો તો ઈન્દ્રને ભજો તેમાં કોઈ તકલીફ નથી.'' ઈન્દ્રને ભજવામાં કોઈ ખરાબી નથી. સચ્ચાઈથી પછી ઈન્દ્રને જ ભજો. પછી મારા માટે ભક્તિની વાત ન કરો. અને જો મારી ભક્તિ કરી રહ્યા છો તો ભૂલી જાઓ ઈન્દ્રને. એ વરસાદ કરે તો સારૂ અને ઈન્દ્ર વરસાદ કરશે તો પણ હું બચાવીશ અને નહીં કરે તો પણ હું બચાવીશ. મારૂ જો ભજન કરી રહ્યા છો તો **''અવિશ્વાસો ન કર્તવ્યઃ''** પ્રભુએ ઈન્દ્રયાગના સમયે

અન્યાશ્રય છોડાવ્યો તેનો ઉત્સવ આપણે મનાવીએ છીએ. પ્રભુએ ચાલીને આપણને પોતાના માન્યા છે.

અમારે મુંબઈમાં એક ગાંડા ગિરિધરલાલ હતા. એમને બધા લોકો પાગલ જ કહેતા હતા. એમનો એક શિષ્ય હતો, જે પુષ્ટિમાર્ગ છોડીને અમદાવાદમાં આર્યસમાજી બની ગયો. ગિરિધરલાલજી આના માટે અમદાવાદ પધાર્યા. ત્યાં જઈને તેના ઘરે ગયા તો એની પત્નીએ કહ્યું કે ‘‘મારા પતિ હવે આર્યસમાજી થઈ ગયા છે હવે તમે મહારાજોનું અહીં કોઈ કામ નથી’’. અને એમનો બધો સામાન બહાર કઢાવી નાખ્યો. ત્યારે એમણે કહ્યું કે ‘‘તું આમ કેમ કહી શકે’’? અને પોતાનો સામાન પાછો તેના ઘરમાં રખાવી દીધો. તેની પત્નીએ એક માણસને ખબર મોકલાવી કે મહારાજ અહીં આવીને લડાઈ-ઝઘડો કરી રહ્યા છે. હવે તે માણસ આવ્યો ત્યારે તેને જોરથી બે લાત મારી અને કહ્યું કે ‘‘તું મારો થઈને આર્યસમાજી કેવીરીતે થઈ ગયો!’’ એ બિચારો માણસ બીકનો માર્યો પાછો આર્યસમાજ છોડીને પુષ્ટિમાર્ગીય થઈ ગયો. એ પરિવાર હજુ પણ પુષ્ટિમાર્ગીય છે. ગાંડા ગિરિધરલાલનો ભરોસો ન હતો કે શું કરે અને શું ન કરે. એમના ઘણા ભક્તો હતા જેઓ એમની લાત જ ખાતા. આમાં વાત આ સમજવાની છે કે એમણે એ વૈષ્ણવને પોતાનો માન્યો. એ પોતીકાપણાનો પ્રભાવ એના ઉપર પણ હતો ને! એણે વિચાર્યું કે જ્યારે કોઈ વ્યક્તિ આટલો પોતાનો માની રહ્યો છે તો છોડો આર્યસમાજ અને પાછો પુષ્ટિમાર્ગીય થઈ ગયો.

આવીજ રીતે ઠાકોરજીએ વ્રજભક્તોને પોતાના માન્યા આથીજ એમનો અન્યાશ્રય છોડાવ્યો. જો પોતાના ન માન્યા હોત તો અન્યાશ્રય છોડાવવાની જરૂરત જ ન હતી. ગુસાંઈજીએ તુલસીદાસજીને કેટલા પોતાના માન્યા હશે એટલા માટે જ તો કહ્યું કે ‘‘તમે રામના પદ ગાઓ’’ એમને જો પોતાના ન માનતા હોત તો આમ કહેવાની શું આવશ્યકતા હતી! કોઈ કાંઈ કરે તેમાં આપણું શું જાય? જે કરવું હોય તે ભલે કરે પરંતુ નંદદાસજી ગુસાંઈજીના સેવક હતા અને તુલસીદાસજી એમના ભાઈ હતા, આ સંબંધથી પણ ગુસાંઈજીએ એમને પોતાના માન્યા. પોતાના માનીને જ કહ્યું કે જેવા તમે રામના પદ ગાઈ રહ્યા છો તેવા વિશ્વમાં કોઈ નથી ગાઈ રહ્યું. તમારી શોભા રામથી છે અને રામની શોભા તમારાથી છે. આપણો સિદ્ધાંત સાફ છે.

આપણે એમ નથી માનતા કે અન્યદેવને માનવા નહીં. બધા દેવોને માનો પરંતુ જો ભક્તિનો પ્રશ્ન આવી રહ્યો છે તો અનન્યાશ્રય હોવોજ જોઇએ. અનન્યાશ્રય નહીં કરો તો એ દેવનું ભજન નહીં કરી શકો. પૂજન કરી શકશો. તું સંપત્તિ આપનારો દેવતા છે તો અમે તારૂં પૂજન કરીશું, તું અમને સંપત્તિ આપી દેજે. તું વિદ્યા આપનારો દેવતા છે, અમે તારૂં પૂજન કરીએ, તું અમને વિદ્યા આપી દેજે. આ પૂજનની અલગ કથા છે. આ ભજનની કથા નથી. આ બધી મહાત્મા ગાંધી વાળી કથા છે. કોઇ કામ કોઈની પાસે કરાવવું હોય તો મહાત્મા ગાંધીથી થઈ જશે. એક મહાત્મા ગાંધી (પાંચસો કે હજારની નોટ) આપો તો સરકારી બધા કામ થઈ જાય છે. એ ભક્તિની કથા નથી. ભક્તિની એક અલગ કથા છે.

મહાપ્રભુજીએ ક્લેશના બધા પ્રકાર બતાવ્યા **''દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે''** (વિ.ધૈ.આ.૧૦) અને આશ્રય, આ ક્લેશોને કયા-કયા ઉપાયોથી દૂર કરશે એ બતાવ્યું. જેમ આપણા ચિત્તથી ભાવન કરવું જોઇએ. વાણીથી જપ કરવો જોઇએ. **''તસ્માત્ સર્વાત્મના શ્રીકૃષ્ણઃ શરણં મમ, વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ''** (નવરત્ન-૯)

આપણે અન્યાશ્રય ન કરવો જોઇએ. અને તેનો અવિશ્વાસ ન કરવો જોઈએ. જે કાંઈપણ મળે **''પ્રાપ્તં સેવેત નિર્મમઃ''** (વિ.ધૈ.આ.૧૫) તેમાં સંતુષ્ટ રહેવું જોઈએ. આ ભાવથી જ્યારે આપણે રહેશું ત્યારે બધા ક્લેશો ઉપર કાબૂ મેળવી શકશું. અને આપણું મન સેવા કરવા લાયક બનશે. એ પ્રકારનું મન થશે તો ભજન 'ભજન' કહેવાશે. અથવા ભજન, ભજન ન રહીને પૂજનનો જ એક પ્રકાર થઈ જશે. ચિત્તમાં ભક્તિની પ્રતિષ્ઠા ન થઇ, તો પછી ભજન ભજન ન રહીને એક પૂજન માત્ર રહી જશે. આનો ઉપાય બતાવવા માટે મહાપ્રભુજીએ આ વચનામૃત કહ્યા કે **''ધુઆં પ્રભુકુ અતિ અપ્રિય હે.''** અને આ આશયથી આપણે ધુમાડાના સંદર્ભમાં વિવેક-ધૈર્ય-આશ્રય ગ્રંથ જોયો. આજનો વિષય અહીં રાખશું.

ત્રીજું વચનામૃત કાલે પૂરૂં થયું. ચોથું વચનામૃત બહુ મોટું છે. મને લાગે છે કે આ વખતે તો પૂરૂં થઇ નહીં શકે. પરંતુ જેટલું થઇ શકે એટલું આપણે કરીશું

એક સમય કૃષ્ણદાસજીને આચાર્યજીસુ પૂછ્યો કે **''ભક્ત હોયકે ઠાકુરજીકી લીલાકો ભેદ નાહીં જાનત સો કાહેતેં?''**

## (માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ નું વ્યવહારાત્મકરૂપ)

જુઓ, આ પ્રશ્ન ઘણો સાર્થક છે. ભક્ત હોવાનો મતલબ પ્રભુનું માહાત્મ્યજ્ઞાન છે. હવે અડધી લીલા તો શરૂ થઇ ગઇ કેમકે જો આપણને માહાત્મ્યજ્ઞાન છે તો સ્નેહ કરી શકવો બહુ કઠિન છે. અને કોઇની સાથે સ્નેહ કરીએ તો તેમાં માહાત્મ્યજ્ઞાન નભવું કઠિન છે પરંતુ જો બંને નભતા હોય તો કાંઇક ને કાંઇક લીલા તો પ્રકટ થઇ જ થઇ છે. કેમકે મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **''જ્ઞાની ચેદ્ ભજતે કૃષ્ણં તસ્માદ્ નાસ્ત્યધિકઃ પરઃ''** (ત.દી.નિ.૧/૧૪) એટલે કે જ્ઞાની થઇને જો કોઇ ભક્ત પણ હોય તો બહુજ મોટી વાત છે. જેમ યશોદાજીને અર્જુનને કૃષ્ણના પ્રત્યે અતિશય સ્નેહ હતો. પરંતુ જેવું અર્જુનને ભગવાને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું, તેના પછી અચાનક અર્જુન આમ કહે છે કે **''...વિહારશય્યાસનભોજનેષુ એકો અથવા અપિ અચ્યુત તત્સમક્ષં તત્ક્ષામ્યે ત્વામ્ અહમ્ અપ્રમેયમ્''** (ભગ.ગીતા.૧૧/૪૨) ''મને શું ખબર હતી કે મારા મિત્ર સિવાય તું પરમાત્મા બ્રહ્મ અને ભગવાન પણ છે. મેં તો આપણી દોસ્તીના કારણે તારી મજાક પણ ઉડાવી છે. ક્યારેક રમતા, ક્યારેક ભોજન કરતી વખતે, ક્યારેક સાથે ઉઠતા-બેસતા, કોણજાણે કેટલી વખત મેં તારો અનાદર કર્યો! હવે તારૂં આ રૂપ મેં જાણ્યું છે તો તું મને ક્ષમા કરી દેજે.'' હવે જુઓ, માહાત્મ્ય જાણતા જ સ્નેહ કમજોર પડી રહ્યો છે.

મારી સાથે પણ એક છોકરો ભણતો હતો. એ પછીથી અમદાવાદ ચાલ્યો ગયો. તેને કોઇ નોકરી મળી ગઇ. જ્યારે સાથે ભણતા હતા ત્યારે હું તેની હોસ્ટેલમાં જઇને રાતના અગીયાર-બાર વાગ્યા સુધી વાંચતો હતો. ભાગ્યે જ કોઇ દિવસ એવો ગયો હશે કે અમે સાત-આઠ કલાક સાથે ન બેઠા હોઇએ! એ પણ મને શ્યામ કહીને બોલાવતો હતો. એને મહારાજ બહારાજ થી કોઇ મતલબ ન હતો. એક વખત મારે અમદાવાદ ગીતાના નવમા અધ્યાયના પ્રવચન માટે જવું પડ્યું. એ જાહેરાત છાપામાં પણ આવી હતી. એણે વાંચી હશે તેથી એક દિવસ પ્રવચનમાં આવી ગયો અને મને ઘરે લઇ જવાની જીદ્દ કરવા લાગ્યો. હું મારા મુકામથી પ્રવચન સ્થળ ઉપર વૈષ્ણવની મોટરમાં જતો

હતો. તેની પાસે સ્કૂટર હતું. એણે કહ્યું કે ''બેસી જા સ્કૂટર ઉપર''. હું પણ બેસી ગયો. ત્યાં મોટરવાળા બધા નારાજ થઈ ગયા. કહેવા લાગ્યા કે ''આપ કેવીરીતે સ્કૂટર ઉપર જઈ શકો છો આટલી મોટરો હોવા છતાં!'' મેં એમને કહ્યું કે ''ન તો હું મારા મુકામ ઉપર જઈ રહ્યો છું, ન હું મહારાજની હેસિયતથી આને ત્યાં જઈ રહ્યો છું. એક દોસ્તને ત્યાં જઈ રહ્યો છું. હવે તે સ્કૂટર ઉપર લઈ જાય , કે સાયકલ ઉપર લઈ જાય. એ તો એને જોવાનું છે. એ જો પગેચાલીને જવાનું કહેશે તો પગેચાલીને પણ જઈશ.'' હું એના સ્કૂટર ઉપર બેસી ગયો. એણે થોડીવાર પછી કહ્યું કે ''શ્યામ કાંઈ ગરબડ તો નથી થઈ ગઈ ને! આટલા મોટરવાળા ઉભા હતા અને તું સ્કૂટર ઉપર બેસી ગયો.'' મેં એને કહ્યું કે ''તારે ભરોસે તો હું આ સ્કૂટર ઉપર આવ્યો અને તને લાગે છે કે કાંઈક ગરબડ થઈ ગઈ! તને વિશ્વાસ ન હોય તો બોલાવ પાછા મોટરવાળાઓને.'' એણે કહ્યું કે ''નહીં કાંઈ ગરબડ નથી.'' મેં કહ્યું કે ''ચાલ તો પછી ચિંતાની શું વાત છે? હું કાંઈ મોટરના સંબંધથી તો તારી સાથે આવ્યો નથી. આપણો તો દોસ્તીનો સંબંધ છે જેને કારણે તારી સાથે આવ્યો છું.'' જુઓ, માહાત્મ્ય થવાથી આવું થાય છે. એણે ક્યારેય એવું જોયું નહીં કે ચાર-પાંચ મોટરવાળા ઉભા છે અને સ્કૂટર ઉપર જવાની ના પાડી રહ્યા છે. અને મારી સાથે ભણવાવાળાનું સ્કૂટર છોડીને, જો હું તેના ઘરે અલગ મોટરમાં જાઉં તો મારા જેવું કઠોર હૃદય કોનું હોય? તેના અને મારા સંબંધ કાંઈ મહારાજ-વૈષ્ણવના તો હતા નહીં. એક સહપાઠીના સંબંધ હતા. હું શા માટે સ્કૂટર ઉપર ન જાઉં? વૈષ્ણવોને ખોટું લાગ્યું હતું પરંતુ આમાં હું શું કરી શકું? સહપાઠીની સાથે તો આવો જ સંબંધ રાખી શકાય. એ તો બધાની સામે મને 'શ્યામ' કહીને બોલાવી રહ્યો હતો. બધાને બહુ વિચિત્ર લાગ્યું. અને એક વાત આમાં બીજા મિત્રની સાથે આ થઈ કે હું દિવસમાં બે ચાર વખત કંગી કરૂં. મારા વાળ આવા જ વિખરાયેલા રહે છે. એની આદત પહેલાથીજ હતી કે મારા વિખરાયેલા વાળ જોઈને એના હાથથી મારા વાળ સીધા કરતો. બધા વૈષ્ણવોને ખરાબ લાગ્યું. હવે એને હું થોડો કહી શકતો હતો કે અહીં વૈષ્ણવોની સામે આવું ના કર. એના અને મારા સંબંધ જ એવા ન હતા. સમજો કે જ્યાં માહાત્મ્ય હોય છે ત્યાં સ્નેહ ઘટી જાય છે. અને જ્યાં સ્નેહ હોય છે ત્યાં માહાત્મ્ય થોડુંક ઘટી જાય છે.

## (લીલા=માહાત્મ્ય+સ્નેહ)

પરંતુ ક્યાંક માહાત્મ્યની સાથે સ્નેહ જો નભી રહ્યો છે તો એ લીલા થઇ ગઇ. પછી તે વ્યવહાર નહીં રહે. સ્નેહ અને માહાત્મ્ય એક વ્યવહાર છે. એ બંને લીલા છે. પરંતુ જ્યાં બંને નભી શકતા હોય તો એ લીલા છે. બ્રહ્મ કેવો છે કે તેને કોઇથી કોઇ અપેક્ષા નથી, તેને કાંઇ જોઇતું નથી. આ વાતને મહાપ્રભુજી બહુ સુંદર કહે છે **''કિમ્ આસનં તે ગરૂડાસનાય કિં ભૂષણં કૌસ્તુભભૂષણાય, લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયં વાગીશ કિં તે વચનીયમ્ અસ્તિ''** (ત.દી.નિ.મંગલાચરણ.પ્ર.) જેની પાસે ગરૂડજી જેવું આસન છે તેને કયા આસન ઉપર બેસાડશું! જે કૌસ્તુભમણિ ધારણ કરતો હોય તેને કયા શૃંગાર ધરાવશું. લક્ષ્મી જેની પત્ની છે તેને કેટલી ભેટ આપણે ધરી શકશું. જે વાણીનો પતિ છે તેની શું સ્તુતિ કરી શકશું! પરંતુ જો તે પોતાની સ્તુતિ પસંદ કરી રહ્યો છે, આપણી ભેટ સ્વીકાર કરી રહ્યો છે, આપણા ધરાવેલા શૃંગાર સ્વીકારી રહ્યો છે ભલેને એક ફૂલની માળા હોય, અથવા ગુંજામાળા જ હોય, આપણા ઘરમાં સિંહાસન ઉપર બિરાજવાનું સ્વીકારી રહ્યો છે ભલેને એ તુટેલા લાકડાનું હોય, તો આ વાત લીલા થઇ ગઇ. તેને આ વાતોની કોઇ આવશ્યકતા તો નથી, ન આપણું એવું સામર્થ્ય છે. વ્યવહાર તો આ રહ્યો નહીં. ત્યારે આ લીલા છે. જુઓ, લીલા અને વ્યવહાર નો ભેદ બહુ નાનકડો છે. જેમ એક માણસ ગરીબ છે. તેની પાસે ખાવાનું કાંઇ નથી. ચણા ફાકીને જીવી રહ્યો છે. ચણા ફાકવા એની વિવશતા છે પરંતુ જો કોઇ કરોડપતિ છે અને ચણા ફાકી રહ્યો છે તો એ તેની લીલા છે.

## (પ્રભુનો અને ભક્તનો લીલાભાવ)

ઠાકોરજી પણ આપણી પાસે અપેક્ષા રાખે છે કે આપણે ઠાકોરજી સમક્ષ લીલા કરીએ. આપણે પણ ઠાકોરજી પાસે અપેક્ષા રાખીએ છીએ કે ઠાકોરજી લીલા કરે. આ સમર્પણનો ભાવ છે. આ સમર્પણના ભાવની સાથે આપણે જીવ્યા તો હૃદયમાં એ લીલાભાવ પ્રકટ થશે. આપણા ઘરમાં ઠાકોરજી પધાર્યા, આ એક લીલા છે. આપણા હૃદયમાં ભક્તિભાવ જાગ્યો, આ એક લીલા છે. આપણને એવી પત્ની મળી ગઇ કે જે સેવામાં સહયોગ આપી રહી છે, એ એક લીલા છે, પછી બાળક જે પેદા થયા એ પણ સેવામાં સહયોગ આપી રહ્યા છે,

એ પણ લીલા છે. જો બાળકો સેવામાં સહયોગ નથી આપી રહ્યા, એ પણ એક લીલા છે. આ વાત મહાપ્રભુજી કહી રહ્યા છે. **''તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્''** (નવરત્ન-૯) બાળક કે પત્ની જો સેવાને માટે ના કહી રહ્યા છે, આ વાતને આપણે જ્યારે લીલાભાવથી સ્વીકારવાનું શરૂ કરશું ત્યારે તો આપણી અહંતા-મમતા આડી નહીં આવે. નહીંતર તો ''પંચોકા હુકુમ સર માથેપે. પર નાલા તો હમારી અહંતા-મમતાકો યહી બહેગો'' પછી તો એ સેવાનો પ્રકાર લીલારૂપમાં નહીં જોઇ શકીએ.

**''ભક્ત હોયકે ઠાકુરજીકી લીલાકો ભેદ નાહીં જાનત સો કાહેતેં?''** તબ શ્રીઆચાર્યજીને કહ્યો **''જો વિધિપૂર્વક સમર્પણ કહ્યો હે, સો નાહીં કરત. વિધિસોં સમર્પણ પદાર્થકો જ્ઞાન નાહીં''**

### (લીલા : એકની અનેકતા અને અનેકની એકતા)

આ વચનામૃત આપણે આ સંદર્ભમાં કરી રહ્યા હતા કે લીલાનો ભેદ બહુ નાજુક ભેદ છે. જેની ગણિતમાં વ્યાખ્યા થઇ ન શકે. કેમકે ગણિત આપણે કરીએ તો એક અને બે બરાબર થાય નહીં કોઇ એક બરાબર બે કરે તો માર્ક તેને શૂન્ય જ મળે. પરંતુ લીલાની વસ્તુસ્થિતિ એવી છે કે એક પરમાત્મા અનેકરૂપ ધારણ કરે. જ્યારે એક પરમાત્મા અનેકરૂપ ધારણ કરે તો આ માનવું પડશે કે એકમાં એવું સામર્થ્ય છે કે તે અનેક થઇ શકે છે. પછી અનેકમાં છુપાયેલી એકતાને જોવી. તો અનેકતા જે પ્રકટ થઇ તે કેવીરીતે પ્રકટ થઇ? તે અનેક નામ રૂપ ક્રિયા થી પ્રકટ થયેલી જે અનેકતા છે તેને એક માનવી અને તે એકમાં પાછી અનેકતા માનવી. હવે ગણિતની રીતથી આ વાત વિચારીએ તો ખોટી પડશે. કેમકે એક બરાબર અનેક થઇ નથી શકતું. પરંતુ સૃષ્ટિની જે લીલા છે તેમાં ગણિત ખોટું છે, લીલા ખોટી હોઇ નથી શકતી. કેમકે એક બીજમાંથી અનેક બીજ પેદા થાય છે કે નહીં? બીજ આપણે અનેક નથી વાવતા પરંતુ એક બીજમાંથી અનેક બીજ પેદા થઇ જાય છે. હવે આ વાતને ગણિતની રીતથી વિચારી નહીં શકીએ. કેમકે એક બીજનું વજન અને અનેક બીજનું વજન, આમાં તો બહુ ફરક છે. જેમ આપણે એક કેરીની ગોટલી વાવીએ. તેમાંથી એક કેરીનું વૃક્ષ નીકળે. માનોકે તેમાંથી કેરી આવી તો સો કેરી એ એક કેરીમાંથી નિકળે કે નહીં! હવે આ ગણિતના કોઇ નિયમથી સમજવું મુશ્કેલ છે

પરંતુ હકીકતમાં આવું થાય છે. બીજમાંથી અનેક નામ પ્રકટ થઈ જાય. કોઈ થડ છે, કોઈ ડાળી છે, કોઈ શાખા છે, કોઈ પાંદડા છે. કોઈ ફળ છે. તેમાં પાછી એક ગોટલી છે. એમાં પાછા રૂપ પણ અલગ છે. જેમ થડનું રૂપ છે તેવું ડાળીનું રૂપ નથી. જેવું ડાળીનું રૂપ છે એવું પાંદડાનું નથી. બધાના રૂપ-નામ અલગ છે, બધાના સ્વાદ અલગ છે. તો આ સમજો કે ગણિતનો નિયમ જ્યારે એક કેરીની ગોટલી ઉપર લાગુ નથી પડતો, તો ભગવાન ઉપર કેવીરીતે લાગુ થશે? જ્યારે એક કેરીની ગોટલી અને વૃક્ષ, ગણિતના સિદ્ધાંત ઉપર ચોકડી લગાવી દે છે તો ભગવાનના સામર્થ્યને કેવીરીતે માપી શકશે! બિચારી કેરીની ગોટલીમાં તો બહુ ઓછું સામર્થ્ય છે. લંગડો કેરીની ગોટલીમાં એ સામર્થ્ય નથી કે કોઈ બીજા પ્રકારની કેરી ઉગાડી શકે પરંતુ ભગવાન તો સર્વ પ્રકારની કેરીઓ ઉગાડી શકે. ભગવાન તો સર્વસામર્થ્યશાળી છે. એ એકમાંથી જે અનેકતા પ્રકટ થઈ છે તે અનેકતાને સૌથી પહેલા તો આપણને સ્વીકારતા આવડવું જોઈએ કે એકમાંથી અનેકતા પ્રકટ થઈ છે. હવે માણસની લાચારી આ છે કે ગણિતના કારણે, મગજને બંધ કરીને આ વિચારવા લાગી જાય છે કે એકતા તો સત્ય છે અને અનેકતા મિથ્યા છે. આ ગણિતના કારણે જે આપણા મગજના બંધ ખાનાઓને પહેલા ખોલવા પડશે. આ ગણિતની વાત કેરી ઉપર સાચી નથી પડી રહી તો પરમાત્મા ઉપર સાચી કેવીરીતે પડશે! આપણો વ્યવહાર ચલાવવા માટે ગણિત સારૂં છે પરંતુ ગણિતની જે કમ્પાર્ટમેન્ટવાળી વાત છે તે હકીકત ઉપર ક્યારેય લાગુ નથી પડી શકતી. જેમ આ એક હાથ છે, અને આમાં આંગળી છે. એક બરાબર પાંચ અને પાંચ બરાબર એક. હવે સ્કૂલમાં એમ કોઈ કહે તો ગરબડ થઈ જાય પરંતુ આપણી હથેળીમાં આ હકીકત તો સમાયેલી જ છે. એક હાથ બરાબર પાંચ આંગળી અને પાંચ આંગળી બરાબર એક હાથ. તો એક બરાબર પાંચ થઈ ગયા. પરંતુ જેણે ગણિતના ખાનાઓમાં પોતાનો મગજ બંધ કરી રાખ્યો છે એમને લાગે કે આ તો એકતા સાચી અને અનેકતા ખોટી અથવા અનેકતા સાચી અને એકતા ખોટી.

આ ખાનાઓને ડબ્બાઓને તોડવા પડશે જો સૃષ્ટિને સમજવી છે તો. આ એકતા અને અનેકતાની વચ્ચે જે આપણે દીવાલ ઉભી કરી છે તે સાચી નથી. ગણિતના માટે બરાબર હોઈ શકે પરંતુ દુનિયાની હકીકતને સમજવા માટે

બરાબર નથી. નંદદાસજી કહે છે કે **"નંદદાસ ચાતકકી ચોંચ સબ ઘન કૈસે સમાય!"** જેમ ચાતકની ચાંચમાં બધો વરસાદ નથી સમાઈ શકતો. તેવીજ રીતે આપણી નાનકડી ખોપરીમાં પરમાત્માનું બધું રહસ્ય નથી સમાઈ શકતું પરંતુ એ ન સમાઈ શકે તેથી આપણે નાની-નાની વાતોને, ઉદાહરણથી જોઈને તેને સમજવાનો પ્રયાસ તો કરી શકીએ છીએ. જેમ ચોખા ચડ્યા કે નહીં તેના માટે બધા ચોખા તો નથી જોઈ શકતા. એક-બે દાણાને જોઈએ છીએ અને એ ચડી ગયેલા હોય તો બધા ચોખા ચડી ગયેલા જાણીએ છીએ. આવીજ રીતે એકતા અને અનેકતાનું જે રહસ્ય છે તેને એક-બે ઉદાહરણથી જોઈને સમજી તો શકીએ છીએ કે પરમાત્મા એક હોવા છતાં અનેક થયો છે. તેનાથી પ્રત્યેક અનેકતામાં પરમાત્માની એકતા સમજવી જોઈએ અને પરમાત્માની એકતાને સમજીને આટલું જ ન સમજી લેવું જોઈએ કે પરમાત્મા બસ એકજ છે. કેમકે બધુંજ એક છે એમ સમજીને આપણે ચાલશું તો પરમાત્માના અનેક રૂપોની મજા આપણને લેતા નહીં આવડે. જેમ ચણાની દાળ એકજ છે, પરંતુ તેની પાતળી દાળ બની શકે, ખિચડી બની શકે, ભજીયા બની શકે. હવે આપણે કહીએ કે આ બધા રૂપ તો મિથ્યા છે, ફક્ત દાળ જ સત્ય છે તો આપણે એના વિભિન્ન રૂપોની મજા તો ન લીધી ને! જે બનાવવાળાએ આટલા બધા સ્વાદ એ દાળમાંથી પ્રકટ કર્યા, તેને આપણે બધું મિથ્યા માનીને એકજ તપેલામાં બધું ભેગું કરીને ખાઈ જઈએ તો બનાવવાવાળાની મહેનત પણ પાણીમાં ગઈ, તેનો અનાદર થાય. પ્રભુએ આટલી અનેકતા પ્રકટ કરી. આપણે તેને સ્વીકારીએ નહીં, કેમકે મૂલમાં તો તે એક છે. મૂલમાં તો બધી દાળ પણ એકજ છે. એને કાચી ખાઈ જાઓ. તેના અલગ-અલગ સ્વાદોની મજા કેમ લઈ રહ્યા છો!

કેટલાક લોકો દ્વૈતને મિથ્યા માને છે, કેટલાક અદ્વૈતને મિથ્યા માને છે. મહાપ્રભુજીના અનુસાર ન દ્વૈત મિથ્યા છે અને ન અદ્વૈત. આ બંનેની વચ્ચેનો ભેદ જ મિથ્યા છે. આપણો મૌલિક ફરક અહીંયા જ છે કે જેવી દીવાલ બીજાઓએ ઉભી કરી છે દ્વૈત અને અદ્વૈત ની વચ્ચે, એવી કોઈ દીવાલ છે નહીં. મહાપ્રભુજીએ કોઈ વસ્તુનો અનાદર નથી કર્યો. ન તો જ્ઞાનનો અને ન સ્નેહનો. હું એક સેમિનારમાં ગયો હતો. ત્યાં આવીજ ચર્ચા ચાલી રહી હતી. મેં

એમને કહ્યું કે જુઓ જો તમારે મારો મત સિદ્ધ કરવો છે કે ખોટો છે તો પણ મારો મત સાચો સ્વીકારવો પડશે અને જો આ સિદ્ધ કરવું છે કે તમારો મત સાચો છે તો પણ મારો મત સ્વીકારવો પડશે. એમણે કહ્યું આમ કેમ તમે કહી શકો છો? ત્યારે મેં એમને કહ્યું કે તે એટલા માટે કે જો તમે વિચારી રહ્યા છો કે હું બિલકુલ ખોટો છું તો તમે મારી સાથે ચર્ચા જ શા માટે કરી રહ્યા છો! તમે શું મુર્ખ છો અને જો તમે માની રહ્યા છો કે હું બિલકુલ સાચો છું તો તમે ચર્ચા શા માટે કરી રહ્યા છો! બસ સમજી જાવ. જ્યારે પણ તમારે મારી સાથે ચર્ચા કરવી હોય તો થોડું મારૂં માનવું પડશે, થોડી તમારી વાત રાખવી પડશે. આ જ વાત આપણે સિદ્ધાંતમાં કહીએ છીએ કે દ્વૈતમાં થોડો ભેદ માનો અને થોડો અભેદ માનો.

જો આ જ તમે માની રહ્યા છો કે અમે કહી રહ્યા છીએ બસ એજ સત્ય છે બાકી બધું મિથ્યા છે તો શું તમે તમારા પ્રતિબિંબ સાથે ઝઘડી રહ્યા છો? જો તમારે મારી સાથે ઝઘડો પણ કરવો છે તો મને તો માનવો જ પડશે. મતલબ કે દ્વૈત અને અદ્વૈત બંનેને માનવા પડશે. મહાપ્રભુજીના 'શુદ્ધાદ્વૈતવાદ'નો આ જ અર્થ છે કે એક ન તો એટલો એક છે કે અનેક થઈ જ ન શકે અને ન એટલો અનેક છે કે એક થઈ જ ન શકે. આવું માનવું કે અદ્વૈત દ્વૈત થઈ જ ન શકે અથવા દ્વૈત અદ્વૈત થઈ જ ન શકે, મહાપ્રભુજીના અનુસાર, બંને વાતો ખોટી છે. એક જ અનેક થયો છે, એક પણ સત્ય અને અનેક પણ સત્ય છે. આનું નામ 'શુદ્ધાદ્વૈત'.

## (દાસત્વનો સામાન્ય પ્રકાર)

કાલના પ્રસંગમાં **''લીલાકો રહસ્ય, ભેદ ક્યોં નહીં જાન પાવે હેં''** આ કૃષ્ણદાસજીના પ્રશ્નના ઉત્તરમાં મહાપ્રભુજીએ જે જવાબ બતાવ્યો કે **''વિધિપૂર્વક સમર્પણ નાહીં કરત હે. ઔર સમર્પણ જો પદાર્થ હે, વાકો રૂપ હી નહીં જાનેંગે, તો લીલાકો રહસ્ય સમઝ આનો કઠિન હે.''** આ વાત બધી આપણે કાલે અને પરમદિવસે, બે દિવસના વિવેચનમાં જોઈ. તેના પછી વચનામૃતમાં મહાપ્રભુજીએ જે બીજો મુદ્દો ઉઠાવ્યો છે કે **''અહંતા-મમતા, અપની સત્તા-અહંકાર કો સમર્પણ. જો અબ દાસ ભયો--પ્રભુ આધીન હોં--પ્રભુ જો કરેં સો સર્વોપરિ હે, યહ ભેદ અપનેમેં નાહીં હે.''**

આ વાત ફરીથી બહુ મહત્ત્વપૂર્ણ છે અને સમજવા માટે આપણે ત્યાંનો દાસ્યભાવ છે તેને સ્પષ્ટરૂપથી સમજવો જોઈએ. જેમ 'દાસ્ય'નો એક અર્થ થાય છે, જે આજના ચાલૂખાતાના વ્યવહારમાં નોકરી કરવાવાળો. આમતો આજ-કાલ નોકરી કરવાવાળાને 'દાસ' નથી કહેતા કેમકે 'દાસ' શબ્દનો અર્થ અલગ થઈ ગયો. પરંતુ દાસનું એક સ્વરૂપ નોકરી થઈ શકે છે. બીજું સ્વરૂપ જેમ ગાય ઘોડો કુતરો પોપટ આને આપણે પાળીએ. જે રીતથી એમને પાળવા હોય તે રીતથી પાળીએ. જેમ પોપટને પાંજરામાં બંધ કરીને, બળદને હળમાં જોડીને, ગાયને દુધ દોહવા માટે. જે તેના વાછડાને માટે છે આપણે આ નથી વિચારતા કે આને કેટલી તકલીફ થતી હશે. પ્રાચીનકાળમાં એવું હતું કે વાછડું દુધ પી લે, તેના પછી ગાય દોહવામાં આવતી હતી. પરંતુ કોણ આજે આ નિયમને પાળી રહ્યું છે! પ્રાચીનકાળમાં જમીનની કઠોરતાના હિસાબથી બળદની સંખ્યા નક્કી થતી હતી. શાસ્ત્રમાં કહ્યું છે કે કાંકરાવાળી જમીનમાં એક બળદને જોડવાનો અર્થ બળદની હિંસા છે. ઓછામાં ઓછા બે બળદથી ખેતરને ખેડવામાં આવવું જોઈએ. જેમ આપણે જાનવરને પાળીએ છીએ, એમને પણ આપણે આપણા દાસ તરીકે રાખીએ છીએ. આજ-કાલ લોકો બકરા અને મુરઘા ને ખાવામાટે પણ પાળે છે. એની પોલ્ટ્રી બનાવી-બનાવીને એમને ખાવામાટે પેદા કરે છે, જેમ કોઈ ખેતી હોય. તેમાં એને આપણા અધીન થવું પડે.

એક અધીનતાનો પ્રકાર આ પણ છે કે કામ કઢાવવા માટે અધીન થવું. જ્યાં-સુધી કામ ન નીકળે ત્યાં-સુધી હામાં હા મેળવીને દાસતા સ્વીકારવી, આ પણ એક પ્રકારનો દાસતાનો પ્રકાર છે. જેમ આપણા નેતાઓ ચુંટણી વખતે એક-એક મતદારના ઘરે જાય, જરૂર હોય તો પગે પણ લાગે અને ચુંટણી જીતી ગયા પછી મળતા પણ નથી. કેટલાક લોકો વોલન્ટરી સર્વિસ પણ કરે છે. કાંઈ લેવું નહીં, કાંઈ દેવું નહીં પરંતુ તકલીફ ભોગવતા માણસની મદદ કરવી. આ પણ એક દાસતાનો પ્રકાર છે. આવા સારા લોકો પણ હોય છે. બધા ખરાબ છે એવી વાત નથી. કેટલીક એવી સંસ્થાઓ અને વ્યક્તિ પણ હોય છે, જે સ્વયંસેવી હોય છે. આપણા માતા પિતા પત્ની દિકરા પણ આપણું કામ કરતા હોય છે. એ પણ એક દાસતાનો પ્રકાર છે. મિત્ર પણ મિત્રનું કાંઈક કામ કરે જ છે.

## (પુષ્ટિમાર્ગીય દાસત્વનું સ્વરૂપ : અંશાંશીભાવ)

પરંતુ પુષ્ટિમાર્ગમાં જે દાસત્વની આપણે વાત કરીએ છીએ તેમાં ઉપર કહેવાયેલા મોડેલોમાંથી એક પણ મોડેલ આપણામાં ફીટ નથી બેસતું. હવે આજે તો એ પદ્ધતી રહી નથી, જેમ સૂરદાસજી કહે છે ''બિના મોલકો ચેરો'' દાસ-દાસી, ગાય-ઘોડાની જેમ ખરીદવામાં આવતા હતા. કોઈક વખત ક્યાંયથી ભાગેલો, મુસીબતનો માર્યો કોઈના ઘરે આવીને દાસ બની જતો. આવા દાસ હોવાના કેટલાય પ્રકાર છે. આ મૂલ વાત સમજવાની છે. કેમકે આમાં મૂલમાં જે દાસત્વ છે તેમાં અંશાંશીભાવ રહેલો નથી. પરમાત્મા અંશી છે અને જીવાત્મા અંશ છે અને એ હોવાના કારણે તેનો દાસ છે. આ વાતને ખાસ ધ્યાનથી સમજો કે જે દાસત્વની આપણે વાત કરી રહ્યા છીએ તેમાં અંશાંશીભાવ મૂલમાં રહેલો છે. આ કોઈ વ્યવહાર પ્રયુક્ત અથવા વિવશતા પ્રયુક્ત અથવા કોઈ કોન્ટ્રાક્ટ પ્રયુક્ત અથવા કોઈ દ્વૈત જેની લાઠી તેની ભેંસના પ્રકારમાં નથી. જેમ લાકડીના ડરથી ભેંસ મનુષ્યનો દાસ બની જાય છે. એ પ્રકારનું પરમાત્માની સાથે આપણું દાસત્વ નથી. પરમાત્મા જીવાડી શકે છે, મારી શકે છે પરંતુ આપણે એટલા માટે પરમાત્માના દાસ નથી. આ બહુ વિલક્ષણ દાસત્વ છે. આને ઉપરોક્ત પ્રકારોથી સમજી શકવું થોડું કઠિન બની જાય છે. આપણે આને આ ઉદાહરણથી સમજવાનો પ્રયાસ કરશું. સમજો એક રેલગાડી ચાલી રહી છે. જ્યાં રેલગાડી જશે ત્યાં તેનો ડબ્બો પણ જશે જ. કેમ? કેમકે રેલગાડી અંશી છે અને ડબ્બો તેનો અંશ છે. આ ડબ્બાનું રેલગાડી પ્રત્યે દાસત્વ છે, આ કેવું દાસત્વ છે કે રેલગાડી બની કેવીરીતે? ડબ્બાઓના જોડાવાથી અને ડબ્બા તેને આધીન છે. જ્યાં રેલગાડી જશે ત્યાં ડબ્બાઓને જવું પડશે. આ પ્રકારનું આપણું દાસત્વ છે. આમાં કોઈ દ્વૈતભાવ નથી કે પરમાત્માના હાથમાં લાઠી છે અને બીકના માર્યા આપણે દાસ બની ગયા છીએ. બીકના માર્યા થોડા આપણે એના દાસ બન્યા છીએ! પરમાત્માના હાથમાં લાઠી છે તો તે લાઠીથી મારશે તો પોતાનેજ તો મારશે. બીજાને કેવીરીતે મારી શકે છે! જેમ આપણને ખંજવાળ આવતી હોય, તો આપણે તે અંગને મારીએ છીએ. તેવીજ રીતે પરમાત્મા જો કોઈને મારશે તો તે તેનેજ તો લાગશે. જેમ શરીરના એક ભાગને બીજા ભાગથી થપ્પડ લગાવી તો જે ભાગ

થપ્પડ ખાઈ રહ્યો છે એ 'દાસ' કહેવાશે અને જે મારી રહ્યો છે તે સ્વામી પરંતુ તેમાં મારવાવાળા અને ખાવાવાળાનો કોઈ એક અભેદનો ભાગ છે.

આના કારણે તેમાં આ પ્રકારનું દાસત્વ નથી કે જેમ જેની લાઠી તેની ભેંસ. આ આ પ્રકારનું દાસત્વ છે જેમ સમુદ્ર અને લહેર. દરેક લહેર સમુદ્રનો જ તો ભાગ છે. લહેરની દૃષ્ટિથી જુઓ તો લહેર સમુદ્રમાં ઉઠે છે, લહેરાય છે અને કિનારા સુધી આવતા-આવતા ખતમ થઈ જાય છે. અમે એક વખત સમુદ્રમાં ન્હાઈ રહ્યા હતા. દિલ્લીથી એક સરદારજી આવ્યા હતા. એમણે પૂછ્યું કે અમે પણ ન્હાઈ લઈએ? એ ક્યારેય સમુદ્રની લહેરોમાં ન્હાયા ન હતા. એમની સામે જેવી લહેર આવી તો એમણે પોતાનો હાથ એ લહેરની સામે રાખી દીધો. હવે ક્યાંય હાથથી સમુદ્રની લહેરને રોકી શકાય! એ લહેરે સરદારજીને પાડી દીધા. એમના નાક-મોઢામાં બધે પાણી ભરાઈ ગયું. અમે એમને કહ્યું કે સાગરની લહેર જ્યારે પણ આવે તો તેને રોકવાનો પ્રયાસ ન કરો. તેની આગળ માથું ઝુકાવી દો. એ ન તમને પટકશે અને ન તમારા નાક-મોઢામાં પાણી ભરાશે. બસ તમે સાગરની સાથે લહેરાતા રહેશો.

સમુદ્રની લહેર જ્યારે ઉઠે છે તો એવું લાગે છે કે ખબર નહીં ક્યાં સુધી પહોંચશે. પરંતુ કિનારા સુધી આવતા-આવતા ક્યાં ખતમ થઈ જાય. હવે જુઓ કે આ લહેરનું ઉઠવું, એનું ગર્જનાસાથે વધવું અને કિનારા ઉપર આવતા-આવતા ખતમ થઈ જવું, આની મીમાંસા કરીએ તો આ લહેર જે સાગરમાંથી ઉઠી રહી છે એ સાગરને સમજવો પડશે. લહેરાઈ તો સાગર જ રહ્યો છે, પરંતુ ઉઠી રહી છે લહેર. અને કોઈ પણ એક લહેરના ખતમ થઈ જવાથી સાગર ખતમ નથી થઈ રહ્યો. આવીજ રીતે દરેક જીવાત્મા એ પરમાત્મા રૂપી સાગરમાં છુપાયેલી એક લહેર છે. દરેક લહેર એક નામ રૂપ અને કર્મ ના રૂપમાં સાગરનોજ અંશ છે. આ વાત સમજવાની છે.

દરેક લહેર સાગરની દાસ છે, તેને અધીન છે, સુનામીની ન હોય તો, અને એ પણ સાગરની મર્યાદાને લાંઘતી નથી. તેથી દૂર આવતા-આવતા ખતમ થઈ જાય છે. એવીજ રીતે દરેક જીવાત્માની ઉત્પત્તિ સ્થિતિ અને લય પરમાત્મામાં થાય છે. લહેરની સાગરના પ્રત્યે અધીનતા કે દાસત્વ, એ ડંડા અને ભેંસ વાળા નથી. એ બહુ મધુર દાસત્વ છે. અહીં રાજસ્થાનના ખેડુતોનું

ઉદાહરણ જે હું વારંવાર આપું છું. પોતાની જાતે આરામથી બેસવા માટે દોરડાથી બાંધીને બેસે છે. તેમાં બહુ મજા આવે છે. હવે તો કપડા પહેરવાની રીત બદલાઈ ગઈ પરંતુ પહેલા પાઘડી અને અંગુછો રહેતા હતા જેનાથી એ ખેડુત પોતાની જાતને બાંધીને બેસતો. એ બંધનમાં કોઈ જાતનો રાગ-દ્વેષ નથી. તેમાં અધીનતા તો છે કેમકે આપણે બંધાઈ તો ગયા ને! હવે તો બંધન ખુલશે ત્યારે જ આપણે છુટશું. એ આપણા પોતાના ઉપર બાંધેલ બંધન છે. આ દષ્ટિથી આપણે પોતાના દાસ થઈ ગયા. પરમાત્માનું બંધન આ જ પ્રકારનું છે અને આવીજ મધુરતા સહિતનું છે.

## (લીલામાં પુષ્ટિમાર્ગીય દાસત્વ સમર્પણથી)

આ મધુરતાના સંબંધ ઉપર આપણે ધ્યાન આપીને મહાપ્રભુજીના આ વચનને સમજશું કે **''અહંતા-મમતાા, અપની સત્તા-અહંકારકો સમર્પણ કરકે જો અબ દાસ ભયો.''** આપણે એમ માની રહ્યા છીએ કે આપણી સત્તા કાંઈક અલગ છે, પરમાત્માની સત્તા કાંઈક અલગ છે. આપણો અહંકાર અલગ છે, પરમાત્માનો અહંકાર અલગ છે. પરમાત્માના અહંકારથી ટકરાઈ રહેલો આપણો અહંકાર છે. ક્યારેક અખબારોમાં ઘણીવખત તમે વાંચ્યું હશે. સૂફી સંતની એક પ્રસિદ્ધ ઘટના છે. એક પ્રેમીએ પોતાની પ્રેમિકાનો દરવાજો જઈને ખટખટાવ્યો. અંદરથી અવાજ આવ્યો ''કોણ'' ત્યારે પ્રેમીએ કહ્યું ''હું'' અંદરથી અવાજ આવતો બંધ થઈ ગયો અને દરવાજો ન ખુલ્યો. થોડીવાર પછી એણે ફરીથી દરવાજો ખટખટાવ્યો. અંદરથી પાછો અવાજ આવ્યો ''કોણ'', પ્રેમીએ કહ્યું ''તું''. ફટાકથી દરવાજો ખુલી ગયો. જુઓ આમાં ''હું'' અને ''તું'' માં મોટો ભેદ માનેલો છે. હકીકતમાં ''હું'' અને ''તું'' માં આપણે ત્યાં આવો ભેદ નથી અને ધ્યાનથી સમજો કે વ્યવહારમાં પણ આવો ભેદ નથી. જ્યારે હું ''હું'' બોલી રહ્યો છું તો ''હું''નો અર્થ શ્યામ ગોસ્વામી છે. પરંતુ જ્યારે તમે લોકો ''હું'' બોલશો ત્યારે તેનો અર્થ કાંઈક બીજો જ થઈ જશે. જ્યારે હું ''તું'' બોલીશ, તો તેનો અર્થ તમે થઈ જશો પરંતુ જ્યારે તમે ''તું'' બોલશો તો તેનો અર્થ ''હું'' થઈ જઈશ. આના કારણે જ આ ''હું'' અને ''તું'' ને વ્યાકરણમાં સર્વનામ કહેવામાં આવેલ છે. જે તે બોલે તેની બાબતમાં જ આ ઈંગિત કરે છે. ''હું'' અને ''તું'' માં લચીલાપન છે. એટલું

કઠોરપણું નથી કે 'હું' બોલવાથી કોઈ એકજ અર્થ નિકળે. આ એવો ભેદ છે.

અમારા એક પરિચિત ભીતરિયાજી હતા. એમને ઠાકોરજીના દરેક પાત્ર સાથે બોલવાની ટેવ હતી. જેમ તપેલીને કહેતા કે ''અરી તૂ ચલેગી કે યહીં બૈઠી રહેગી'' પછી પોતેજ એ તપેલીને ઉઠાવીને ઠાકોરજીની પાસે પધરાવતા. હવે અહીં ક્યાં 'હું' અને 'તું' નો ભેદ રહી ગયો! ખુદ જ 'હું' છે અને ખુદ જ 'તું' છે. નાનપણમાં મેં એક વાર્તા સાંભળી હતી કે એક માસ્તરજીએ બાળકને ભણાવ્યું 'માઈ હેડ' એટલે મારૂં માથું. એ બાળકે યાદ કર્યું કે 'માઈ હેડ' એટલે માસ્તરજીનું માથું. ઘરમાં તે આવ્યો તો પિતાએ પૂછ્યું કે ''માઈ હેડ એટલે?'' બાળકે જવાબ આપ્યો કે '' 'માઈ હેડ' એટલે માસ્તરજીનું માથું'' તેના પિતાએ તેને ફટકાર્યો અને કહ્યું કે '' 'માઈ હેડ' એટલે મારૂં માથું'' સ્કૂલમાં પાછું માસ્તરજીએ પૂછ્યું તો બાળકે જવાબ આપ્યો '' 'માઈ હેડ' એટલે પિતાજીનું માથું'' માસ્તરજીએ ફટકાર્યો અને કહ્યું કે ''અરે, 'માઈ હેડ' એટલે મારૂં માથું'' હવે બાળક બહુ અસમંજસમાં પડી ગયો. એણે ફટકારથી બચવાનો એક ઉપાય કાઢ્યો કે સ્કૂલમાં 'માઈ હેડ' એટલે માસ્તરજીનું માથું અને ઘરે 'માઈ હેડ' એટલે પિતાજીનું માથું. પછી એક દિવસ શું થયું કે સ્કૂલમાં ઈન્સ્પેક્ટર આવ્યા. એમણે પણ એ બાળકને દુર્ભાગ્યવશ આ જ પૂછી લીધું કે ''બેટા! 'માઈ હેડ' એટલે શું?'' બાળકે કહ્યું કે ''નહીં બતાવું. પહેલા આપ બતાવો કે પૂછી ક્યાં રહ્યા છો. ઘરમાં કે સ્કૂલમાં!'' ઈન્સ્પેક્ટરને બહુ આશ્ચર્ય થયું એણે કહ્યું ''આમાં ઘર અને સ્કૂલ સાથે શું મતલબ? તું બતાવ કે માઈ હેડ એટલે શું?'' બાળકે જવાબ આપ્યો કે ''તે એટલા માટે કે ઘરમાં આનો અર્થ છે પિતાજીનું માથું અને સ્કૂલમાં અર્થ છે માસ્તરજીનું માથું.'' ઈન્સપેક્ટરે કહ્યું ''અરે બેવકૂફ 'માઈ હેડ' એટલે મારૂં માથું'' બાળકે કહ્યું કે કઈ જગ્યાએ ? કેમકે ઘર અને સ્કૂલ ના સિવાય કોઈ ત્રીજી જગ્યા તો છે નહીં.

સરવાળે બાળક 'માઈ'નો મતલબ સમજવા માટે તૈયાર નથી. આપણી પણ સ્થિતિ કાંઈક આવી જ છે. આપણે પણ આપણા 'અહં'નો મતલબ સમજવા માટે તૈયાર નથી. જ્યારે આપણે 'અહં' બોલી રહ્યા છીએ, તો તે આપણો અહં છે. અને જ્યારે તે બોલી રહ્યો છે તો આપણો 'અહં' પણ તેનો અહં છે. અને તેનો અહં આપણો અહં છે. પરંતુ તેના અહંમાં અને આપણા

અહંમાં એવો ભેદ કરી દઈએ જેમ 'માઈ હેડ' એટલે માસ્તરજીનું માથું. એ કથા તો સમાપ્ત થઈ જશે. કેમકે 'માઈ હેડ' એટલે મારા માથાનો મતલબ તો આ જ છે કે જે બધા ઉપર લાગૂ પડે. હવે જો આપણે એમ સમજીએ કે પ્રત્યેક માણસ તેનું માથું તો કેટલા નામ યાદ રાખશું આપણે? રમેશનું દિનેશનું કે મહેશનું, કોનું? આ આપણે યાદ રાખીએ કે 'માઈ' એટલે 'હું' તો બસ બધી વાત પૂરી થઈ ગઈ. 'અહં'નો સંબંધ આટલો લચીલો છે કે તે દરેકની સાથે ચાલે. તો 'અહં' અને 'તું' નો જેવો બધાએ ભેદ ઉભો કર્યો, મહાપ્રભુજી તેવો ભેદ નથી કરવા માગતા.

મહાપ્રભુજી આ સમજાવવા માગે છે કે બ્રહ્મ જે વખતે 'અહં' બોલે છે, તેમાં આપણે બધા આવી જઈએ છીએ. અને જ્યારે આપણે 'અહં' જ્ઞાનથી બોલી રહ્યા છીએ તો તેમાં બ્રહ્મ આવી શકે છે. જો આપણે અજ્ઞાનથી બોલી રહ્યા છીએ તો આપણો જ અહં આવશે. આ વાતને સમજવા માટે જ્ઞાનમાર્ગે **''અહં બ્રહ્માસ્મિ''**ની ઉપાસના બતાવી. આમાં જો **''અહં બ્રહ્માસ્મિ''** હોવાથી, આપણા અહં ઉપર ભાર દઈ રહ્યા છીએ, તો એક મતલબ થશે અને જો આપણે ''બ્રહ્મ 'અસ્મિ'''ઉપર ભાર આપ્યો તો તેનો બીજો મતલબ થઈ જશે. 'હું' બ્રહ્મ છું અને હું 'બ્રહ્મ' છું આમાં બે અર્થ થઈ જઈ રહ્યા છે.

જેમ આજકાલ ટ્રકની પાછળ લખેલું હોય છે કે 'મેરા ભારત મહાન'. આમાં આપણે કહી શકીએ છીએ કે *મેરા* ભારત મહાન અને મેરા *ભારત મહાન* આ બંને વાતોમાં અંતર આવી ગયું. જ્યારે પહેલી વાત બોલી રહ્યા છીએ, તેમાં આપણો અહંકાર આવી રહ્યો છે અને બીજી વાતમાં ભારતની મહાનતા આવી રહી છે. મારી મહાનતા નથી આવી રહી. એ મહાન ભારતનો હું એક નાગરિક છું એવી વાત આવી રહી છે. આપણી ભારતના પ્રત્યે દાસતા છે તે આ પ્રકારથી પોતાની જાતને ભારતના પ્રત્યે સમર્પિત કરે છે. એક ટ્રક ઉપર મેં આ પણ લખેલું જોયું કે ''સૌમેંસુ અસ્સી બેઈમાન ફિર ભી મેરા ભારત મહાન'' પરંતુ જે કાંઈપણ હોય પરંતુ આમાં એક વાત સમજવાની છે કે ભાર 'મેરા'ઉપર છે કે ભારતની મહાનતા ઉપર! બંને વાતોમાં બહુ અંતર પડી જાય છે. આ જ પ્રકારથી જો ''હું બ્રહ્મ છું''માં 'હું'ઉપર જો ભાર આવ્યો તો 'માઈ હેડ' એટલે મારૂં માથું થઈ જશે. અને જો બ્રહ્મ ઉપર ભાર આવ્યો તો તેનો અર્થ

બિલકુલ અલગ થઈ જશે. શબ્દ એનાએજ છે પરંતુ અર્થ બદલાઈ રહ્યો છે.

ભારતના પ્રત્યે આપણી અધીનતા છે આમાં આપણે નથી તો ભારત શું છે? શું ભારત કોઈ ભૂભાગનું નામ છે? ભૂભાગ તો ક્યારેય જોડાયેલો પણ હોઈ શકે છે અને કપાયેલો પણ હોઈ શકે છે. તો ભૂભાગનું નામ તો ભારત નથી. જેમ એ ભૂમિમાંથી એક પાકિસ્તાન થઈ ગયું, તો તેમાં ભારત ક્યાં રહ્યું? એક ભાગ લંકા થઈ ગયો, એક ભાગ બંગલાદેશ થઈ ગયો, તો એ ભારત ક્યાં રહ્યું? ભૂભાગ કપાઈ શકે છે, અને જોડાઈ શકે છે. જેમણે નાગરિકશાસ્ત્ર ભણ્યું હશે તેમને ખબર હશે કે રાષ્ટ્રની પરિભાષામાં કેટલા અંશ તેમાં ગણાવવામાં આવે છે. રાષ્ટ્રમાં ભૂમિ હોવી જોઈએ, તેમાં કોઈ સંસ્કૃતિ હોવી જોઈએ, તેનો કોઈ નાગરિક હોવો જોઈએ, એની કોઈ વ્યવસ્થા હોવી જોઈએ, કોઈ બંધારણ હોવું જોઈએ, તેનું નામ 'રાષ્ટ્ર' કહેવાય છે. માત્ર કોઈ જમીનનું નામ ભારત નથી, માત્ર કોઈ એકલી વ્યક્તિઓનું નામ ભારત નથી. પરંતુ આ બધાનો પરમાત્મા જેવો કોઈ અંશી છે, તેનું નામ 'ભારત' છે. આપણે બધા ભારતના અંશ છીએ. આપણાથી ભારત ઘડાઈ રહ્યું છે. અને આપણે ભારતથી ઘડાઈ રહ્યા છીએ. જ્યારે આપણે ''મેરા ભારત મહાન'' બોલીએ છીએ, તો 'મેરે'ઉપર ભાર ન હોઈને, 'ભારત'ઉપર ભાર આવવો જોઈએ. એવીજ રીતે પરમાત્માના પ્રત્યે આવી મધુર દાસતા છે કે આપણે પરમાત્માના અંશ છીએ અને પરમાત્મા આપણો અંશી છે. આના કારણે આપણે પરમાત્માના દાસ છીએ. એટલા માટે દાસ નથી કે તેનાથી આપણે કોઈક કામ કઢાવવું છે, એની માનતા માનવી છે, છોકરા-છોકરીના લગ્ન કરાવવા છે, ધંધો ચલાવવો છે. આના માટે શું દાસતા સ્વીકારવી! આના કરતા તો ન માનવું સારૂં.

આ બધી વાત હું તમને પુષ્ટિભક્તિના દૃષ્ટિકોણથી સમજાવી રહ્યો છું, જનરલ દૃષ્ટિકોણથી નહીં. પુષ્ટિભક્તિના દૃષ્ટિકોણથી આ સામાન્ય કારણોથી સ્વામી માનવાને બદલે, ન માનવું બહેતર છે. એને સ્વામી માનવા અને પોતાની જાતને દાસ માનવો તો આ અર્થમાં માનવું કે એ મારો સ્વામી છે, મારો અંશી છે અને હું એનો દાસ છું, એનો અંશ છું એ અર્થમાં માનવું. આ અર્થમાં માનવું કે પરમાત્મા એક સાગર છે હું એની લહેર છું. એ એક ભારત છે હું એનો એક નાગરિક છું. એ મારાથી બની રહ્યો છે અને હું એનાથી બની રહ્યો

છું. આ મધુરભાવ, જે અંશાંશી ભાવથી ઘડાઈ રહ્યો છે, એ ભાવનું આપણું દાસત્વ છે. જ્યારે તે અંશાંશીભાવ આપણામાં આવે તો આપણા અહંકારને ન તોડવાની, ન તેને છોડવાની જરૂરત છે. બસ, આપણો અહંકાર, જે ભારતથી કપાઈને દેખાઈ રહ્યો છે, તેને ભારતથી જોડવાની જરૂરત છે. એટલે કે હું ભારતીય છું. આવીજ રીતે જે આપણો અહંકાર, જે પરમાત્માથી કપાયેલો દેખાઈ રહ્યો છે, જેને આપણે બ્રહ્મસંબંધમાં 'તિરોભાવ' કહીએ છીએ, એ અહંકારને પરમાત્મા સાથે જોડવાની જરૂરત છે. હું બ્રહ્મનો અને બ્રહ્મ મારો. એ પ્રકારથી પોતાના અહંકારને પરમાત્મા સાથે જોડો. બ્રહ્મ મારો અંશી છે અને હું એનો અંશ. બ્રહ્મ મારૂં ઉપાદાન છે અને હું બ્રહ્મનું કાર્ય. બ્રહ્મ મારૂં તત્ત્વ અને હું બ્રહ્મના નામ રૂપ કર્મ. આ પ્રકારથી આપણા અહંકારને જ્યારે પરમાત્માની સાથે જોડીને જે દાસત્વ આવશે, એ 'પુષ્ટિમાર્ગીય દાસત્વ' છે. એ દાસત્વના આવવાથી ક્યારેય અહંકાર આપણને તકલીફ નહીં આપે. ક્યારેય આ અહંકારથી આપણે દરવાજો ખટખટાવશું તો ઠાકોરજી આનું ખોટું નહીં લગાડે. કેમકે તે એવો અહંકાર છે જ નહીં. એ તો એવો મધુર અહંકાર છે કે જેમાં પરમાત્મા ભરેલો છે અને પરમાત્માના અહંકારમાં આપણે ભરાયેલા હોઈશું. આ પ્રકારના અહંકારને અરસ-પરસ શેર કરવાનું, આ પ્રકારની મમતાને અરસ-પરસ શેર કરવાની જે વાત મહાપ્રભુજી સમજાવે છે કે **''કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિઃ ઉચ્યતે''** (ત.દી.નિ.૩.-૩/૫/૨૫) એટલે કે કૃષ્ણને આધીન થઈ જવું કેવળ મર્યાદા છે પરંતુ કૃષ્ણનું ભક્તને આધીન થઈ જવું, આ પુષ્ટિ છે. તો સ્વામી જ્યાં ભક્તને આધીન છે, ભક્ત જ્યાં સ્વામીને આધીન છે, આ પરસ્પર અધીનતાનું દાસત્વ છે. તેમાં ન તો આપણો અહંકાર બ્રહ્મને ખુંચશે અને ન બ્રહ્મનો અહંકાર આપણને ડરાવનાર લાગશે. નહીંતર બ્રહ્મનો અહંકાર ડરાવનારો લાગી શકે. જેમ સિંહનો અહંકાર જ્યારે તે ગર્જના કરે તો ડરાવનારો લાગે છે. જેમ કોઈ ગલીનો ગુંડો હોય તેનો અહંકાર, જ્યારે તે કહે કે ''જાણે છે હું કોણ છું'' ત્યારે ડરાવનારો લાગે છે.

મેં આ વિષયમાં એક ટુચકો વાંચ્યો હતો. એક સિંહને અહંકાર થઈ ગયો કે હું જંગલનો રાજા છું આ બધા માને છે કે નહીં આને જોવું. એ જંગલમાં નિકળ્યો. એક બકરી મળી તો સિંહે પૂછ્યું કે ''જાણે છે હું કોણ છું'' બકરીએ

કહ્યું ''આપ સિંહ છો, જંગલના રાજા'' આગળ ભૂંડ મળ્યું બીજા પણ જાનવર મળ્યા. બધાએ મંજૂર કરી લીધું કે આપ જંગલના રાજા છો. આગળ એક મસ્ત હાથી મળ્યો. સિંહે પૂછ્યું ''એય જાણે છે કે હું કોણ છું.'' હાથીએ કહ્યું ''શું વાત છે?'' ત્યારે સિંહે કહ્યું ''જાણે છે કે હું જંગલનો રાજા છું?'' હાથીને ગુસ્સો આવ્યો. એણે એ સિંહને સુંઢમાં લપેટીને ઉપાડીને પછાડી દીધો. સિંહે કહ્યું ''અરે ભાઈ, આમાં નારાજ થવાની શું વાત છે. ન ખબર હોય તો પૂછી લો ને કે હું કોણ છું!'' એનો અહંકાર ખંડિત થઈ ગયો. આપણો અહંકાર ત્યાં-સુધી જ પ્રબળ રહે છે, જ્યાં-સુધી આપણને કોઈ ઉપાડીને ફેંકી નથી દેતું.

આપણો અહંકાર બ્રહ્મના અહંકારની સામે ઠંડો નહીં પડે જો આપણો એ મધુર સંબંધ હશે તો. જેમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે ''પુત્રાત્ શિષ્યાદ્ ઈચ્છેત્ પરાજયમ્'' પુત્ર જો આપણાથી વધારે ગુણવાન થયો તો આપણને વધારે ખુંચતું નથી. શિષ્ય આપણાથી વધારે વિદ્યાવાન થયો તો તે આપણને વધારે ખુંચતું નથી. આવીજ રીતે આપણને બ્રહ્મનો અહંકાર ડરાવનારો નહીં લાગે અને બ્રહ્મને આપણો અહંકાર ખુંચશે નહીં. આપણા બંનેના અહંકાર એવા થઈ ગયા છે કે જેમ ''મેરો મન ઔર વા ઢોટાકો એકમેક કરી સાન્યો'' જેમ દાળને અને ભાતને મેળવી દઈએ. પુષ્ટિમાર્ગીય દાસત્વ આપણને સમજમાં આવશે. બાકી તો સમજમાં નહીં આવે. એ દાસત્વ સમજમાં આવ્યું તો લીલાનો ભેદ સમજમાં આવશે. અને જો બેવડું દાસત્વ રહ્યું, જેના ઘણા મોડેલ મેં તમને પહેલા બતાવ્યા છે, તો બીજું ઘણું બધું આવી જશે જેમ ઘીઘીયાવું. સિંહ કેવીરીતે હાથીની સામે ઘીઘયાયો. પરંતુ એ લીલાનો ભેદ સમજમાં નહીં આવે. આ દાસત્વના માધ્યમથી લીલાનો ભેદ મહાપ્રભુજી સમજાવવા માગી રહ્યા છે. આજનો પ્રસંગ આપણે અહીં રાખશું.

## (સમર્પણનો ત્રિકોણ)

કૃષ્ણદાસજીની વાર્તામાં આવેલા પ્રસંગમાં **''ભક્ત હોયકેં લીલાકો ભેદ સમઝ નહીં આવે''** તેની મીમાંસા કરતા મહાપ્રભુજીએ સૌથી પહેલો ભાર સમર્પણ ઉપર આપ્યો. સમર્પણની જે વિધિ છે તે પ્રકારથી સમર્પણ નથી કરતો અને તેનું તાત્પર્ય છે તેને બરાબર નથી સમજતો. બે-ત્રણ દિવસના ચિંતનમાં

આપણે જે કાંઈપણ સમર્પણનો વિચાર કરી શકતા હતા તે કર્યો. એક વાત આમાં ખાસ સમજવાની છે, સમર્પણ કહો કે બ્રહ્મસંબંધ કહો, એક જ વાત છે. સમર્પણ આપણે ત્યાં એક પ્રકારનો સંબંધ છે અને કોઈપણ સંબંધની જ્યારે ચર્ચા ઉઠે છે, ત્યારે દર વખતે આપણે વિચારીએ તો સમજમાં આવી શકે છે કે સંબંધના બે છેડા તો હોવા જ જોઈએ. કોને કોનાથી અને શું સંબંધ બે છેડા તો ઓછામાં ઓછા હોવા જ જોઈએ. વધારે પણ હોઈ શકે છે. આપણે આને દ્વિકોણ કહીએ તો બે છેડા તો હોય જ છે. કોઈ ત્રિકોણ ચતુષ્કોણ પંચકોણ ષટ્કોણ અષ્ટકોણ નવકોણ અને દશકોણ સંબંધ પણ હોઈ શકે છે. તમે કહેશો કે અહીં જ્યોમેટ્રીની વાત ક્યાંથી આવી ગઈ! પરંતુ ધ્યાનથી સમજો. જેમ પિતા-પુત્રનો દ્વિકોણ સંબંધ છે. એક પિતા એક પુત્ર. ભાઈનો પણ દ્વિકોણ સંબંધ છે. પરંતુ જો કાકા કહી રહ્યા છો તો એ દ્વિકોણ સંબંધ ન રહ્યો. કાકા કોણ? પિતાના ભાઈ. હું મારા પિતા અને તેના ભાઈ હોવાના કારણે તે મારા કાકા. આ ત્રિકોણ સંબંધ થઈ ગયો. તેવીજ રીતે આપણે કાકાનો દિકરો ભાઈ કહેશું તો તે ચતુષ્કોણ સંબંધ થઈ જશે. આ વાતને સમજવી જરૂરી છે કે કોઈપણ સંબંધનો દ્વિકોણ હોવો જ જરૂરી નથી. એ દ્વિકોણ ચતુષ્કોણ કોઈપણ હોઈ શકે છે. આપણે આ કડીને વધારતા જઈએ તો આપણા સંબંધ ગમેતેટલા કોણના હોઈ શકે છે. પરંતુ જે નથી હોઈ શકતું, તે એ કે સંબંધ ક્યારેય પણ એકલા વ્યક્તિનો નથી હોઈ શકતો. એક વ્યક્તિ એકલો છે, તો આપણે આમ કહેશું કે તેનો કોઈ સંબંધી નથી. સંબંધ છે તો ઓછામાં ઓછા બે હોવા જરૂરી છે. જો થોડીવાર ધ્યાનથી વિચારો તો વાત સમજમાં આવશે કે આપણો સમર્પણનો સંબંધ કેટલા કોણનો સંબંધ છે? કોણ સમર્પણ કરી રહ્યો છે? કોને સમર્પણ કરી રહ્યો છે? શું સમર્પણ કરી રહ્યો છે? જેમણે બ્રહ્મસંબંધ લીધું છે એમને આ વાતનો ખ્યાલ આવશે કે બ્રહ્મસંબંધનો પહેલો હિસ્સો છે તે પહેલો કોણ છે. જેમાં આ કહેવામાં આવે છે કે [અહંતા]હું ઠાકોરજીથી છૂટ્ટો પડી ગયો છું વગેરે. બીજો કોણ છે કે [ભગવાન્ કૃષ્ણ]હું ભગવાન કૃષ્ણને સમર્પિત કરી રહ્યો છું. ત્રીજો કોણ છે કે [મમતા]મારૂં જે કાંઈ છે તે પ્રભુની સેવા માટે છે. જ્યારે ત્રીજો કોણ આપણે ગણાવી દઈએ તો સમર્પણનો સંબંધ પૂરો થઈ ગયો. સમર્પણનો સંબંધ જે મેં લખીને આપ્યો છે, તેને મંત્રથી જ્યારે મેળવીને જોઈ લેશો તો

સરળતાથી ખ્યાલમાં આવી જશે. મોટાભાગે આપણે મંત્ર બોલી જઈએ પરંતુ ખુલાશો નથી થતો કે ક્યાંથી વાત શરૂ થઈ અને ક્યાં પૂરી થઈ. હું જ્યારે પણ કોઈને બ્રહ્મસંબંધ આપું છું તો લખીને આ વાતનો ખુલાશો વિશેષ કરી દઉં છું કે જે મંત્ર આપણે કરી રહ્યા છીએ તે સમજમાં આવવો જોઈએ. જેમ આપણે કોઈ ટી.વી. લાવીએ તો તેને કેવીરીતે ચલાવવું એ તો સમજીએ છીએ. તેવીજ રીતે આપણી બ્રહ્મસંબંધની અષ્ટાક્ષરની દીક્ષાને આપણે થોડીક સમજીએ તો આપણને મજા આવશે.

કેટલી મોટી અને સારી વાત મહાપ્રભુજીએ આપણને સમજાવી છે. આથીજ હું હંમેશા નંબર આપીને તેને લખું છું. મૂલમંત્રમાં ક્યારેય નંબર ન્હોતા આપવામાં આવ્યા. પરંતુ આનાથી ફાયદો એ થાય છે કે આપણને સમજમાં આવી જાય કે આમાં કેટલા કોણનો સંબંધ બની રહ્યો છે. જો આ વાત આપણને સ્પષ્ટ રૂપથી સમજમાં આવે તો અત્યાર સુધીનું જે વિવેચન આપણે કર્યું તે **''સમર્પણકી વિધિસૂં સમર્પણ નાહીં કરત હૈં, વો પદાર્થ નાહીં સમઝત હૈં.''** જે વાત મહાપ્રભુજીએ બતાવી, તે ત્રીજા કોણની બાબતમાં હતી. એ ત્રીજા કોણની અંતર્ગત, પહેલો કોણ પણ સમજાવ્યો છે. કેમકે 'હું' પણ તેમાં છે, અહંતા આવી છે અને મમતા આવી છે. બે કોણ તેમાં સમજાવ્યા છે. હવે તેના પછી જે કોણ છે 'ભગવાન્'. તેની બાબતમાં હવે મહાપ્રભુજી આગળ સમજાવવા માગી રહ્યા છે. જે અત્યાર-સુધીના વિવેચનમાં આપણે જોયું તે પહેલા બે કોણની બાબતમાં હતું ''હું કોણ, મારૂં શું?'' અહંતા અને મમતા ના સમર્પણની વાત આપણે વિચારી.

## (અહંતા-મમતાને ભગવાન સાથે જોડવાની સૌમ્ય વિધિ[૧-૨])

હવે આગળ ભગવાન કૃષ્ણની વાત મહાપ્રભુજી સમજાવવા માગી રહ્યા છે. અને તે સમજાવતા પહેલા મહાપ્રભુજી આ વાતને સમજાવવા માટે; જેમ મકાનમાં ઘુસવા માટે એક દરવાજો હોય છે, તેમ એક દરવાજો મહાપ્રભુજી ખોલવા માગી રહ્યા છે. અને તે દરવાજો એકદમ સાફ-સુથરી રીતથી મહાપ્રભુજી પંચશ્લોકીમાં અને સર્વનિર્ણયગ્રંથમાં સમજાવ્યો છે કે--

**[૧]ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તું ન શક્યતે, કૃષ્ણાર્થં તત્**

**પ્રયુંજીત કૃષ્ણોऽનર્થસ્ય વારકઃ** ધન કોઈ ભેગું કરવા લાયક વસ્તુ નથી. પરંતુ તેને છોડી પણ નથી શકાતું. એ દુનિયાની એક હકીકત છે અને જે ધનને છોડી દે છે તેઓ પણ પાછા કોઈ છલ-છદ્મ કરીને કોઈ ને કોઈ પ્રકારથી ધન એકઠું કરતા જ હોય છે. મહાપ્રભુજી કહે છે કે જ્યારે આપણી ધનની સાથે આ સ્થિતિ છે તો કેમ ન આ ધનને આપણે ભગવત્સેવામાં લગાવવાનું શરૂ કરીએ! આપણે જ્યારે આ ધનને ભગવત્સેવામાં લગાવશું તો ધનમાં રહેલો જે અનર્થ છે તે દૂર થશે. **"ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તું ન શક્યતે, કૃષ્ણાર્થં તત્ પ્રયુંજીત કૃષ્ણોऽનર્થસ્ય વારકઃ"** (ત.દી.નિ.૨/૨૫૬) કૃષ્ણને માટે ધન વાપરવાનું શરૂ કરો. આનાથી ધનમાં રહેલો જે અનર્થ છે તે કૃષ્ણ દૂર કરી શકશે. જે વાત કેટલીય વખત આપણે સિદ્ધાંતરહસ્યમાં ચર્ચા કરી ચુક્યા છીએ **"ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્વદ્ અત્રાપિ ચૈવ હિ"** (સિ.ર.૮) જેમ કોઈપણ નદી કે ગંદીનાલી જે ગંગામાં મળે છે તે ગંગા બની જાય છે. તેવીજ રીતે આપણું ધન જો આપણે સેવામાં વાપર્યું તો તે સેવાનો ભગવદંશ બની જશે. સાથે-સાથે મહાપ્રભુજી આ પણ આજ્ઞા કરી રહ્યા છે કે **"ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તું ન શક્યતે, કૃષ્ણાર્થં તન્ નિયુંજીત કૃષ્ણઃ સંસારમોચકઃ"** (ત.દી.નિ. ૨/૨૫૫) ઘર પણ કોઈ એવી વસ્તુ નથી જેને આપણે અભિનંદિત કરી શકીએ. શાસ્ત્રમાં તો અહીં-સુધી કહ્યું છે કે માણસ ઘર બનાવે, ત્યાંથી હિંસા શરૂ થઈ જાય છે. જ્યારે આપણે ઘર બનાવી રહ્યા છીએ તો કોઈ ને કોઈ પ્રકારની હિંસા તો થશે જ. એક સાધારણ ઉદાહરણ આપું. જેમ આપણે ઘર બનાવીને રહી રહ્યા છીએ અને ઘરમાં મચ્છર કરડી રહ્યા છે તો ફ્લિટ છાંટવી પડશે. ઉંદર ઘુસશે તો તેને ભગાડવો જ પડશે. તો હિંસા તો થઈ ને! આપણે એમ સમજીએ કે ઘર આપણે બનાવ્યું તો આપણું જ છે પરંતુ જાનવરોને તો આ ખબર નથી. એ તો એમ સમજે છે કે જો તું આ ઘરમાં ઘુસી શક્યો તો તારૂં ઘર છે. અને હું ઘુસી શકું છું તો આ મારૂં કેમ ન હોઈ શકે! જાનવરને તો આ સમજ નથી આવતી કે તમે આને પૈસા આપીને ખરીદ્યું છે. ઘર બનાવ્યું તો તેમાં હિંસા તો થાય જ છે. શાસ્ત્ર આમાં એમ કહે છે કે ઘર ધન આપણી મમતાના પ્રતિક છે. આને આપણે ભગવાનની સાથે જોડશું તો જે હિંસા દ્વારા પાપ થયા છે, તે

થાય તો થાય પરંતુ આપણે આમ કહી શકશું કે આ ઘરમાં આપણે ભગવાનની સાથે રહી રહ્યા છીએ. જે કપડા આપણે પહેરીએ છીએ તો ગંદા તો થશેજ. પરંતુ તેની થોડીક ધોલાઈ કરતા રહેશું તો સાફ થશે પાછા ગંદા તો થશે તો પાછા સાફ થશે. આ પ્રક્રિયા ચાલતી રહેશે. પરંતુ આપણી પાસે સાફ કરવાની પ્રક્રિયા ન હોય તો તે થોડાક દિવસમાં એટલા ગંદા અને બદબૂદાર થઈ જશે કે તેને પહેરવાનું મુશ્કેલ થઈ જશે.

તમને કદાચ ખબર નહીં હોય કે લદ્દાખમાં વીસેક વરસ પહેલા એવું હતું કે વરસમાં એક ઉત્સવના દિવસે પહાડથી તે લોકો નીચે નદીમાં ઉતરીને ન્હાતા. અને કપડા બદલતા ફરી તે કપડા બીજા વરસે જ ધોવાતા. એ જ કપડા ચાલતા. હવે તો ત્યાં આ પ્રક્રિયા બદલી રહી છે. કેમકે ત્યાં હવે નીચેના લોકો જવા લાગ્યા છે. નહીંતર વરસમાં તે લોકો એક જ દિવસ ન્હાતા અને કપડા બદલતા. પહાડથી કોણ રોજ નીચે ઉતરી શકે છે! હવે કલ્પના કરો કે એક વરસ કોઈ એજ કપડા પહેરે તો શું હાલત થશે!

આવીજ રીતે જ્યારે આપણે આ દેહ રૂપી વસ્ત્રને વગર ધોલાઈએ પહેરી જ જઈ રહ્યા છીએ, પહેરી જ જઈ રહ્યા છીએ. તેમાં રોગ થઈ રહ્યો છે, બીમારી થઈ રહી છે પરંતુ થીગડા લગાવી-લગાવીને પહેરી જ જઈ રહ્યા છીએ, તો શું આમાં કોઈ ધોલાઈની પ્રક્રિયા અપનાવશો કે નહીં? જેમ કબીરદાસજીએ કહ્યું કે ‘‘જસકી તસ રખ દીની ચદરિયા, ઝીની રે ઝીની’’ જેવી રામે મને ચદરિયા આપી હતી, તેમાં મેં કોઈ દાગ ન લગાવ્યો. અરે! આપણે જસકી તસ નથી રાખી શકતા, તો ઓછામાં ઓછું ધોઈ તો શકીએ છીએ. એ લદ્દાખવાળો સિદ્ધાંત આપણો છે કે જન્મથી જે કપડું આપણને મળ્યું તેને મૃત્યુ સુધી આપણે ધોઈએ જ નહીં!

જેમ જલ-સાબુથી આ ભૌતિક દેહની ધોલાઈ થાય છે, એવીજ રીતે આપણા આધ્યાત્મિક દેહમાં પણ મોહ-માયાની જે ગંદકી છે, તેની ધોલાઈની કોઈક પ્રક્રિયા તો હોવી જોઈએ. તેમાં જ્ઞાનની, વૈરાગ્યની, તપની, સંન્યાસની, કર્મની, દાનની કેટલીય પ્રક્રિયા છે. તેમાં મહાપ્રભુજીએ એક સૌમ્ય પ્રક્રિયા બતાવી. જેમ જુના જમાનામાં કપડાને ખૂબ ધોકાવતા, એક એ પ્રક્રિયા હતી અને એક હવે છે કે થોડું પાઉડરનું દ્રાવણ બનાવીને તેમાં ભીંજાવીને ધોઈને

સુકવી દો અને કપડું સાફ થઈ જાય છે તો આ સૌમ્ય પ્રક્રિયા થઈ ગઈ. મહાપ્રભુજીએ એક સૌમ્ય પ્રક્રિયા બતાવી છે કે આ દેહને ધનને તમે ભગવદર્થ વાપરવા શરૂ કરો. જે તમે પોતાના માટે વાપરી રહ્યા છો તેને તમે ભગવદર્થ વાપરવા શરૂ કરો. જે ઘર તમે પોતાના માટે વાપરી રહ્યા છો, તેને ભગવદર્થ વાપરવું શરૂ કરો. અને જ્યારે એ રૂમમાં, ગોખલામાં, કે ખૂણામાં આપણે ભગવાનને પધરાવશું અને તેની સાથે આપણે રહેવાનું શરૂ કરશું તો વાત બદલાઈ જશે. જુઓ, વાત એની એજ છે. રહેવું ઘરમાં જ છે. રહેવું ઘરમાં જ છે પરંતુ એક સૌમ્ય પ્રક્રિયા ધોલાઈની શરૂ થઈ જશે. દરેક વખતે આપણી ભક્તિ આ સમજાવતી રહેશે કે આ ઘરમાં ફક્ત તમેજ નથી રહી રહ્યા, ભગવાન પણ રહી રહ્યા છે. તમે ફક્ત તમારા માટે જ નથી રહી રહ્યા, કોઈ બીજા માટે રહી રહ્યા છો. જે વખતે આપણને આ ભાવ સ્થિર થયો કે આપણે આ ઘરમાં ભગવાનને માટે રહી રહ્યા છીએ, ત્યારે વાત બદલાઈ જાય છે. બધી વસ્તુઓ જેમ ખાના ધન રૂમ કાર બધી વસ્તુઓ મારા માટે છે. તો કોઈ વસ્તુ બીજા માટે પણ તો હોવી જોઈએ.

સમાજમાં જ્યારે આપણે પેદા થયા ત્યારથી આપણી અહંતા અને મમતા ને કારણે, આમ માનીને ચાલીએ છીએ કે બધી વસ્તુઓ મારા માટે જ છે. પરંતુ એવું ક્યારેય થઈ નથી શકતું. બધી વસ્તુ કોઈ એકને માટે હોઈ નથી શકતી. એક સામાન્ય ઉદાહરણ આપું તો તમને ખ્યાલ આવશે કે જેમ આપણે શ્વાસ લઈ રહ્યા છીએ. આપણે વિચારીએ કે શ્વાસ આપણા માટે લઈ રહ્યા છીએ પરંતુ જે શ્વાસ આપણે છોડી રહ્યા છીએ, તે વૃક્ષને માટે છે. આપણે છોડેલો શ્વાસ વૃક્ષને માટે છે અને વૃક્ષે છોડેલો શ્વાસ આપણા માટે છે. પરસ્પર નિર્ભરતા ઉપર જ આ સૃષ્ટિનો ક્રમ ચાલી રહ્યો છે. એક બીજા ઉપર નિર્ભર છે, બીજો ત્રીજા ઉપર નિર્ભર છે. આપણે એમ સમજીએ કે આપણે અનાજ ખાઈ રહ્યા છીએ પરંતુ ખેડુત અનાજ પેદા કરી રહ્યો છે, તો જ તો આપણે ખાઈ રહ્યા છીએ. અને એ અનાજ આપવાના બદલામાં ખેડૂતને કાંઈક મળતું હશે તો જ તો ખેડૂત અનાજ પેદા કરશે. નહીંતર તો એ પણ ભૂખ્યો મરી જશે. ખેડૂતને પણ આપણી કાંઈક આવશ્કતાઓ છે પરંતુ આ એક-બીજાઉપર નિર્ભરતાની પદ્ધતિને ઘટાડી ઘટાડીને આપણે મોહવશ એમ વિચારીએ કે બધી

વસ્તુઓ બસ મારા માટે જ છે. 'બધું મારા માટે જ છે' આનો આપણે ઈલાજ વિચારીએ તો એક આ છે કે બધું છોડી દઈએ. એક ઈલાજ આ હોઈ શકે.

અમારે મુંબઈની પાસે ઘાટકોપર એક સબર્બ છે. ત્યાં અમારૂ એક વખત પ્રવચન હતું. ત્યાં એક છોકરી વૈરાગ્યવાદી હતી. એણે મને કહ્યું કે ''મહારાજ! આપ ભક્તિ કરી રહ્યા છો પરંતુ અંતે જીવનનું ધ્યેય શું?'' મેં તેને કહ્યું કે ''જીવન તો ખુદ એક ધ્યેય છે. એનું બીજું કયું ધ્યેય હોઈ શકે છે? જો તમે જીવનનો કોઈ ધ્યેય બનાવ્યો તો તે પણ જીવનમાં જ તમારે પ્રાપ્ત કરવો પડશે. જીવનમાં એ ધ્યેય પ્રાપ્ત ન થયું તો  તો તેના માટે તમને કાંઈક ને કાંઈક મોહ છે.'' ત્યારે એણે મને કહ્યું ''કે તો જીવનમાં ધ્યેયને પ્રાપ્ત કરીને આ સંસારમાં રચ્યા-પચ્યા રહેવું, શું આપ આને જ ભક્તિ કહી રહ્યા છો? તેના બદલે તો એ ત્યાગી-સંન્યાસી કેટલા સારા છે જે ઘર-સંસાર છોડીને સાધુ બની જઈ રહ્યા છે!'' મેં એને કહ્યું કે ''જુઓ, વાત તો તમારી બરાબર છે પરંતુ એક સાધુને માટે શાસ્ત્રમાં ઓછામાં-ઓછા-ત્રણ ઘરની, કોઈમાં સાતની એવી ભિક્ષાનો નિયમ છે. એક સાધુને જો ત્રણ ગૃહસ્થ ન મળે તો તે જીવશે કેવીરીતે? આ બતાવો. હવે જો બધા સાધુ થઈ જશે તો તે ભિક્ષા ક્યાંથી લેશે! રસોઈ તો સાધુ બનાવશે નહીં? તે વૃક્ષથી કે આકાશથી તો ભિક્ષા લેશે નહીં. તેને ઓછામાં-ઓછા ત્રણ અને વધારેમાં-વધારે તેર ગણા તો ગૃહસ્થ જોઈએ જ. જે ગૃહસ્થના કારણે એ સાધુનું સાધુપણું નભી રહ્યું છે, તેની બાબતમાં તમે આવી દુર્ભાવના શા માટે રાખી રહ્યા છો? તમારે જો સાધુ બનવું છે તેમાં કોઈ ખરાબ વાત નથી. આ ત્યાગ પણ આ દેહની એક ધોલાઈ જ છે. વૈરાગ્ય તપ આ બધા એક ધોલાઈના પ્રકાર છે. પરંતુ એ પ્રકાર કપડાને ધોકાવી-ધોકાવીને ધોવાનો પ્રકાર છે.

અને એક ધોલાઈનો પ્રકાર આ પણ છે કે આપણે વિચારીએ કે હું ગૃહસ્થ છું, મેં ઘરમાં અન્ન પકાવ્યું છે તે કોઈ સાધુ માટે પણ છે, કોઈ ભિક્ષાર્થીને માટે પણ છે. જો તમને ભગવાનમાં નિષ્ઠા છે તો ભગવાનના માટે પણ છે. આ પ્રકારથી જો તમે અન્ન પકાવી રહ્યા છો, તે તમારી સૌમ્ય ધોલાઈ થઈ ગઈ. અસલમાં સાધુ પણ તો એ જ કામ કરી રહ્યો છે. તે તમને જ્ઞાન આપી રહ્યો છે, તમે તેને અનાજ આપી રહ્યા છો. કોઈને કપડા જોઈએ, કોઈને

અન્ન જોઈએ, જેની પાસે જે છે તે આપી રહ્યો છે. આ જગત જીવન આ પ્રકારની પરસ્પર નિર્ભરતાથી જ ચાલે છે. અનિર્ભર કોઈનું જીવન ચાલે, તે તો આ જગતમાં સંભવ નથી ભલે કોઈ પણ કેટલો પણ મોટો ત્યાગી હોય, વૈરાગી હોય! કેમકે દરેક ત્યાગી-વૈરાગીને છાપામાં જાહેરાત તો આપવી પડશે કે આ ગામમાં આવી ગયા છે દર્શન કરવા આવી જાવ. છાપા પણ સાધુ-મહારાજ ઉપર નિર્ભર છે કે એમની પાસેથી પૈસા લઈને એ પણ ચાલી રહ્યું છે. દરેક જગ્યાએ આ પ્રકારની નિર્ભરતા તો છે જ. પરંતુ આપણી અહંતાને વશ આપણે આમ માની લઈએ કે અમે કોઈ ઉપર નિર્ભર નથી, આ સંભવ નથી. અથવા આપણી મમતાને વશ આપણે આ માની લઈએ કે હું બધા ઉપર નિર્ભર રહીશ. મારા ઉપર કોઈની જવાબદારી નહીં, આ પણ એક મમતાનો અતિરેક છે. તમે એમ કેમ વિચારી શકો છો! કોઈ તમારા ઉપર નિર્ભર થશે, તમે કોઈના ઉપર નિર્ભર થશો. વૃક્ષનો અને પ્રાણધારીઓનો આપસી નિર્ભરતાનો ભાવનો જે સંબંધ છે તેમાં જેવી આપણી અહંતા-મમતાની સ્વસ્થતા રહેશે, તે સ્વસ્થતા કેવળ આપણી અહંતા કે આપણી જ મમતા વધારી લેવાથી ક્યારેય નહીં થઈ શકે.

તેની સૌમ્ય ધોલાઈની પ્રક્રિયા મહાપ્રભુજીએ સમર્પણની પ્રક્રિયાથી બતાવી છે. સમર્પણની પ્રક્રિયામાં તમે તમારી જાતને આટલું તો સમજાવો કે જે ઘરમાં રહી રહ્યા છો તેના ઉપર બીજા કોઈનો પણ અધિકાર છે. અમે એમ નથી કહી રહ્યા કે ઘર છોડીને ચાલ્યા જાવ. અમે એમ નથી કહી રહ્યા કે તમે ત્યાગ કરો. પરંતુ જે ઘરમાં તમે રહી રહ્યા છો, જે તમે ધન કમાઈ રહ્યા છો, જે પરિવારનું તમે પાલન કરી રહ્યા છો, તેમાં એવો ભાવ તો જગાવો કે આ પરિવાર, આ ધનનું પાલન હું ભગવત્સેવા ભગવદ્ભક્તિને માટે કરી રહ્યો છું. આ પ્રકારનો તમે સૌમ્ય ભાવ જગાવ્યો તો મનનો સંસ્કાર બદલાઈ જશે. તમારી અહંતા-મમતાના વિસ્ફોટમાં બહુજ શાંતિ આવી જશે. અને આ વાત ધીરે-ધીરે તમારી સમજમાં આવી જશે કે કોઈ રાજા હોય કે ભિખારી હોય, પરસ્પર એક-બીજાઉપર નિર્ભર થયા વિના કોઈ જીવી નથી શકતું.

સર્વભાવથી તેનું ભાવન કરો કે મારી માતા પણ તું છે, પિતા પણ તું છે, સખા પણ તું છે, બંધુ પણ તું છે, ઘર પણ તું છે, ધન પણ તું છે. અષ્ટાક્ષરમાં

આ રહસ્ય કહ્યું છે. કેટલાક લોકોને અજીબ લાગશે પરંતુ આ વાત ધ્યાનથી સમજો કે આપણું ઘર પણ ઠાકોરજી છે. આપણો રક્ષક પણ ઠાકોરજી. આપણો માલિક પણ ઠાકોરજી છે અને આપણો બાળક પણ ઠાકોરજી છે. બધું જ કાંઇ આપણું ઠાકોરજી છે. આ સર્વભાવથી જ્યારે તમે સેવા શરૂ કરશો તો પોતાનો ખોટો અહંકાર અને ક્ષુદ્ર મમતા સેવામાં આડે નહીં આવે. નહીંતર તો કાંઇક ને કાંઇક ગરબડ થશે જ. કેમકે આ અહંતા-મમતાનો સંબંધ એવો વિચિત્ર છે કે પ્રભુ તો નિભાવવા માગે તો નિભાવી દેશે પરંતુ આપણામાં એ તાકાત નથી. એક વાત સમજો કે જેમ આપણે કોઇને માનીએ છીએ, આ આપણો પ્રિય દિકરો છે. તેને અત્યધિક પ્રેમ કરીએ. જેટલો અધિક પ્રેમ કરશું એટલો તે ગુંડો બની જશે. પછી એક દિવસ એ માથા ઉપર ચઢે તો આપણે આમ વિચારીએ કે અમે તો આટલો પ્રેમ કર્યો અને આ તો નાલાયક નિકળ્યો. તો ગુનેગાર તમે કે ગુનેગાર દિકરો! માથે કોણે ચડાવ્યો તેને? તો થાય છે શું કે આપણે આપણી અહંતા-મમતાને સમજ્યા-વિચાર્યા વિના કોઇના ઉપર વધારી દઇએ અને કોઇના ઉપર ઘટાડી દઇએ અને તેના કારણે અંતે આપણે ખુદ દુઃખી થવું પડે છે.

[2]**સંગઃ સર્વાત્મના ત્યાજ્યં સ ચેત્ ત્યક્તું ન શક્યતે** એટલા માટે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તમારી વૃત્તિ એવી બનાવો કે અમારે નિઃસંગ નહીં, ભગવદીયનો સંગ પ્રાપ્ત કરવો છે. જ્યારે ભગવદીયનો સંગ કરશો તો ભગવદીય તો ભગવાનના સિવાય હોઇ નથી શકતું. અને જો ભગવાનની સાથે છે તો તે ભગવદીય હશે જ. જ્યારે ભગવદીયનો સંગ કરવો શરૂ કરશો તો ભગવાનનો સંગ તમને મળશે. આથીજ ભક્તિવર્ધિનીમાં આ વાત બતાવી કે **''અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ, અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ''** (ભ.વ.૮). આ જે વાત બતાવી કે કેવીરીતે ભગવદીયનો સંગ કરવો, આની એક આવડત મહાપ્રભુજીએ બતાવી છે કે **''અદૂરે વિપ્રકર્ષેવા''** (ભ.વ.૮) ન તો એટલા પાસે જાવ કે ટકરાઇ જાવ. સમજો ભગવદીય ખાડામાં પડી રહ્યો છે તો તમારે પણ ખાડામાં પડવાની જરૂરત નથી. અને જો ભગવદીય પહાડ ચઢી રહ્યો છે તો તમારે પહાડ ચડવાની પણ જરૂરત નથી. પરંતુ તેનો સંગ આ પ્રકારથી કરો કે તેના સંગના કારણે તમને ભગવત્સંગ

મળવો શરૂ થાય. એક વાત સમજો કે ભગવત્સંગ કોઈ ભગવદીયના સંગથી જ મળવો શરૂ થશે. સમજો કે આપણને કોઈ ગીત પસંદ આવી રહ્યું છે અને જો આપણે એ ગીત ગણગણ્યા નહીં તો પુરૂં પસંદ નથી આવી રહ્યું. પુરૂં ગીત પસંદ ત્યારે જ કહેવાશે કે જ્યારે તેને ગણગણાવવાનું મન થાય. આ સહજ સંભવ છે કે તમને બધાની સામે ગાવામાં શરમ આવતી હોય. એવું હોય તો બાથરૂમમાં ગણગણાવી લો. ગીત પસંદ આવી રહ્યું છે તો ગણગણાવવું પણ જોઈએ. અને ગણગણાવશું તો કોઈ બીજો સાંભળશે પણ. આ પરસ્પરની નિર્ભરતા છે. ભગવદીયના સંગથી આપણને ભગવત્સંગ મળશે. અને ભગવત્સંગ મળશે તો જ તમને ભગવદીયનો સંગ મળશે. કેમકે તમે સંગ ઈચ્છશો તો જ તો તમને સંગ મળશે. તમે પોતેજ ભગવત્સંગ ન કરીને લૌકિક વિષયોનો સંગ કરી રહ્યા છો તો કોઈ ભગવદીય તો સંગ કરશે જ નહીં તમારી સાથે.

**''મૃગાઃ મૃગૈઃ સંગમુપવ્રજન્તિ, ગાવશ્ચ ગોભિઃ તુરંગાઃ તુરંગૈઃ, મૂર્ખાશ્ચ મૂર્ખૈઃ સુધિયઃ સુધીભિઃ, સમાનશીલ વ્યસસનેષુ સખ્યમ્''** હરણ, હરણના ટોળામાં જ ફરશે. ઘોડો, ઘોડાના ટોળામાં જ ફરશે. આવીજ રીતે લોકમાં આમ કહે છે કે મૂર્ખને ક્યારેય સમજદાર માણસનો સંગ પસંદ નહીં આવે અને જે સમજદાર માણસ છે તેને મૂર્ખનો સંગ પસંદ નહીં આવે. આવીજ રીતે આપણે ભક્તિપથના પથિક છીએ, તો આપણને ભગવદીયનો સંગ પસંદ આવશે જ. આપણને જો ભગવદીયનો સંગ પસંદ આવી રહ્યો છે તો આપણે ભગવત્સંગી બનવું જ પડશે. નહીં તો આપણો ભગવત્સંગ નભી શકવાનો નથી, આ વાતને સમજજો.

એક બહુ સરસ પ્રેરક પ્રસંગ છે જે વારંવાર હું દોહરાવું છું. આજથી સો દોઢસો વરસ પહેલા રામકૃષ્ણ પરમહંસનો પ્રસંગ છે. એક વખત રવીન્દ્રનાથ ટાગોરના પરિવારવાળાઓએ ચૈતન્ય મહાપ્રભુના જીવન ઉપર એક નાટક કર્યું. તેમાં એક વેશ્યા જે ખૂબજ સારો અભિનય કરતી હતી તેને ચૈતન્ય મહાપ્રભુનું પાત્ર આપ્યું. આ પરિવારવાળા ઈચ્છતા હતા કે જો રામકૃષ્ણ પરમહંસ આવીને આ નાટક જુએ તો આ નાટકનો બહુજ પ્રચાર થઈ જશે. રોજ જઈ-જઈને આ લોકો એમને જોવા પધારવાની વિનંતી કરતા. નાટકમાં જ્યારે કોઈ જે

પાત્રનો અભિનય કરે છે તો એનો આવેશ તેમાં થાય છે. રામકૃષ્ણએ કહ્યું કે જો આવેશ થાય તો નાટક નહીં ચાલે અને આવેશ ન થાય તો જ નાટક ચાલશે. પરંતુ જ્યારે ઘણા દિવસ એમની પાછળ પડ્યા, તો એક દિવસ નાટક જોવા રામકૃષ્ણ પરમહંસ ગયા. એ વેશ્યા એટલો સારો અભિનય કરતી હતી કે એણે બિલકુલ ચૈતન્ય મહાપ્રભુનું હુબહૂ ચિત્રણ કરી દીધું. નાટકની વચમાં જ રામકૃષ્ણ પરમહંસે, કેમકે તેઓ તો એકદમ મસ્તરામ હતા, એ વેશ્યાના ચરણ પકડી લીધા. હવે તે વેશ્યા આવેશમાં એટલી ભાવવિભોર બની ગઈ કે તેણે નાટક છોડીને સંન્યાસ લઈ લીધો. રામકૃષ્ણની વાત કે ''આવેશ રહેશે તો નાટક નહીં ચાલે,'' સાચી પડી. એ વેશ્યાને ખબર નહીં શું થયું, એણે વિચાર્યું કે આટલા મોટા સંન્યાસ મારા પગે પડી રહ્યા છે આ વેશને કારણે, તો હકીકતમાં સંન્યાસી કેમ ન થઈ જવું! જે વખતે આપણે ભગવત્સંગ કરી રહ્યા છીએ અને આપણને ભગવદીયનો સંગ થયો, તો આ બધા વિષયાવેશના નાટક ખતમ થઈ જશે અને આપણને પણ ભગવત્સંગ થઈ જશે.

## (સમર્પણની સાર્થકતા)

એ ભગવત્સંગ જો આપણો થયો ત્યારે ત્રીજો કોણ છે કે ભગવાન કૃષ્ણને હું સમર્પણ કરી રહ્યો છું, એ આપણને સમજમાં આવવું શરૂ થશે અને ભગવલ્લીલાનો ભેદ અથવા રહસ્ય ખુલવું શરૂ થશે. આ કારણથીજ મહાપ્રભુજી આગળના વચનામૃતમાં ભગવદીયનો સંગ બતાવી રહ્યા છે કે **''અપની યોગ્યતા માનિ ભગવદીયકો સંગ નાહીં કરત હે તાતેં યોગ્યતા માનેં તબ પ્રભુ અપ્રસન્ન હોઈ જાત હે. યે યહ મારગ દૈન્યકો હે. સો દૈન્ય નાહીં હે. ઈત્યાદિક અંતરાયતેં અપનો સ્વરૂપ ભગવદીયકો સ્વરૂપ ઔર ઠાકુરજીકો સ્વરૂપ નાહીં જાનત હે''** જુઓ, ત્રણ કોણ સમર્પણના અહીં બતાવ્યા છે. **અપનો સ્વરૂપ** જે અહમ્‌માં આવ્યું. બીજો **ભગવદીયકો સ્વરૂપ.** એ કેવીરીતે કે જે વખતે આપણે સમર્પણ કર્યું, તે વખતે આપણો પરિવાર બધો ભગવદીય બની જઈ રહ્યો છે. તે વખતે આ મારો પરિવાર નથી બની જઈ રહ્યો. તે વખતે આપણે આ ભાવ જગાવવો જોઈએ કે હું અને મારો પરિવાર બધા ભગવાનના છીએ. જ્યારે આ ભાવ જાગ્યો તો સૌથી પહેલો સંગ ભગવદીયનો આપણને આપણા પરિવારમાં મળશે. આનાથી ધીરે-ધીરે વધીને, જે ભગવત્સેવા કરતો હોય,

લીલાગાન કરતો હોય, કથા કરતો હોય, તેના સંગની ઈચ્છા આપણને જાગૃત થશે અને એ ઈચ્છાના કારણે આપણો ભગવત્સંગ વધતો જશે. અને જ્યારે એ વધ્યો તો સમર્પણનો ત્રીજો કોણ કે ભગવદીયનું સ્વરૂપ અને ઠાકોરજીનું સ્વરૂપ શું છે, તે જાણવા લાગી જશે. હવે તે સમર્પણ સાર્થક થઈ ગયું.

આજે આપણે અહીંજ રાખશું. કાલે જે **ઠાકુરજીકો સ્વરૂપ** છે જેને સમર્પણ કરવું છે, તેને આપણે વિસ્તારથી જાણવાનો પ્રયાસ કરશું. કાલે આપણે પુરૂં કરવાનો પ્રયાસ કરશું. કેમકે પરમદિવસે મારે જવાનું છે. ચાર વચનામૃત પૂરા થશે, પરંતુ આ ચારેયને પણ તમે ધ્યાનથી સમજવાનો પ્રયાસ કરશો અને આનું આવર્તન કરશો તો આ ચાર વચનામૃતમાં માર્ગનું ઘણુંબધું રહસ્ય પ્રકટ કર્યું છે. તો આજે અહીં રાખશું.

## (પ્રશ્નોત્તર)

## (સમર્પિત અને પ્રસાદીનો વિવેક/સિદ્ધાંત)

**પ્રશ્ન :** ઘરમાં પ્રભુસેવાનો સુંદર ક્રમ છે તથા ઘરમાં પ્રભુસેવાનો પ્રસાદ પણ લઈએ છીએ. પરંતુ પ્રભુના રાજભોગ કે શયનભોગ થયા પછી જો કોઈ મહેમાન આવે છે તો એમનો સત્કાર કરવો ગૃહસ્થનો ધર્મ છે. આવી પરિસ્થિતિમાં પ્રભુને ફરીથી રાજભોગ કે શયનભોગ ધરાવી શકાય કે નહીં? આપણા માર્ગમાં પ્રભુને સમર્પણ કરીનેજ ઉપભોગ કરવાનો ક્રમ છે. આવી પરિસ્થિતિમાં પ્રભુ સેવાની સાથે આને કેવીરીતે નિભાવવું?

**ઉત્તર :** બહુજ સુંદર અને વ્યાવહારિક મુંજવણનો પ્રશ્ન છે. સમજવાની વાત આમાં આ છે કે આપણે સમર્પણનું ખુબજ પ્રાધાન્ય છે. મહાપ્રભુજીએ સમર્પણ ઉપરજ મુખ્યતા આપી છે. આટલી મુખ્યતા મહાપ્રભુજીએ પ્રસાદની નથી રાખી. પરંતુ નેવું કે નવ્વાણું ટકા આપણે પુષ્ટિમાર્ગીઓને આ ભ્રમણા થઈ ગઈ છે કે આપણે ત્યાં પ્રસાદની પ્રધાનતા છે. કેટલાક મૌલિક પ્રશ્ન છે જેને આપણે સમજી લઈએ તો આપણા માર્ગમાં આવતી તકલીફો છે એનો આપમેળે જ ખુલાસો થઈ જાય છે. આજે આપણે પ્રસાદને સમર્પિત અને સમર્પિતને પ્રસાદ, એમ એકમેક માનીને ચાલીએ છીએ. પરંતુ આ હકીકત નથી. કેમકે ઘણી બધી સમર્પિત વસ્તુઓ પ્રસાદ નહીં થઈ શકે અને ઘણોબધો

પ્રસાદ સંભવ છે કે ઠાકોરજીને સમર્પિત નહીં થઇ શકે. જે ઠાકોરજીને સમર્પિત છે અને જે ઠાકોરજીની પ્રસાદી છે, તેને એક માનવાની ભ્રમણા ન રાખવી જોઇએ. હવે આનું એક સામાન્ય ઉદાહરણ આપીને તમને સમજાવું. ધારોકે આપણી આંખોમાં નંબર આવી ગયા તો આપણે ચશ્મા તો પહેરવા જ પડશે. મારી આંખને બગડવાની શરૂઆત એવીરીતે થઇ હતી કે ગોરખપુરનું છપાયેલ ભાગવતના અક્ષર વાંચવામાં તકલીફ થવા લાગી. કોઇએ કહ્યું કે ડોક્ટરને બતાવો. ડોક્ટરને બતાવ્યું તો એણે કહ્યું કે ''તમને તો નંબર આવી ગયા છે. ચશ્મા પહેરવા પડશે.'' હવે એવી હાલત થઇ ગઇ છે કે ઝીણા અક્ષર તો જવાદો, ચશ્મા વગર મોટા અક્ષર પણ દેખાવા બંધ થઇ ગયા. ઠાકોરજીને શૃંગાર ધરાવવા હોય તો ચશ્મા વગર આત્મવિશ્વાસ ન આવતો. ચશ્મા પહેર્યા પછી આંખોની આદત આવી થઇ જાય છે. હવે આ ચશ્માને ઠાકોરજીની પ્રસાદી કેવીરીતે કરવા! શું ઠાકોરજીના નેત્ર ઉપર ધરાવીને? ઠાકોરજી કહેશે કે ''નંબર તો તને આવ્યા છે મને કેમ ધરાવી રહ્યો છે?'' હવે આ ચશ્માને પ્રસાદી કેવીરીતે કરૂં? પરંતુ જો આ ચશ્માને પહેરીને હું ઠાકોરજીના શૃંગાર કરી રહ્યો છું તો ચશ્મા સમર્પિત તો થયાજ ને! કેમકે સમર્પિત વસ્તુ એ છે કે જે વસ્તુ સેવાના ઉપયોગમાં આવી શકતી હોય તેને સેવાને માટે હાજર કરવી. હવે પ્રભુના શૃંગાર ધરાવવામાં જો ચશ્મા ન પહેરૂં તો વિશ્વાસ ન આવે. આંખની એવી આદત પડી ગઇ છે. શૃંગાર ધરાવવામાં ચશ્મા ઉપયોગી થઇ રહ્યા છે, તો ચશ્મા સમર્પિત છે. પરંતુ આ ચશ્માને કોઇ પ્રસાદી કહેશે, તો કથા અઘરી બની જશે કેમકે ઠાકોરજીને આ ધરાવી નહીં શકાય. આવી એક વસ્તુ નહીં, આ તો મેં મજાકના રૂપમાં તમને ગણાવ્યું. પરંતુ જીવનમાં આવી હજારો વસ્તુઓ હોય છે કે જેને આપણે ઠાકોરજીને ધરાવી નથી શકતા જેમ આ ઘડીયાલ છે. આને ઠાકોરજીને કેવીરીતે ધરાવવી!

હું જ્યારે નાનો હતો તો નાશિકમાં એમ મંદિરમાં વિષ્ણુ ભગવાનના દર્શન કર્યા. વિષ્ણુ ભગવાન ચતુર્ભુજ સ્વરૂપ. એમના અડધા ભાગ ઉપર ગરૂડ બાંધી દીધું અને અડધો ભાગનો શૃંગાર લક્ષ્મીજીનો કર્યો. લક્ષ્મીજીના હાથમાં ઘડીયાલ પણ બાંધી અને પાકીટ પણ લટકાવ્યું કે નાથ, જમાનો બદલાઇ ગયો છે હવે તમે પણ અપ-ટૂ-ડેટ બનો. અપ-ટૂ-ડેટ તો બની જાય પરંતુ

લક્ષ્મીરૂપમાં તો ભગવાન પરેશાન કે આમાં વિષ્ણુ ક્યાંથી શોધું હું. સમજો કે જો તમારે ઉપદ્રવ કરવો છે તો કરો પરંતુ ઠાકોરજીને ઘડીયાલ ધરાવવાની જરૂરત નથી.

તમે ક્યારેય શ્રીનાથજીની પીઠિકાના ધ્યાનથી દર્શન કર્યા હોય તો તેમાં એક દોડી રહેલો મેંઢા છે. ગાય છે, મોર છે, શેષ પત્ની છે, ગો ભક્ત છે, પોપટ છે. ઘણા લોકોને એવી ભ્રમણા છે કે શ્રીનાથજીનું સ્વરૂપ ગિરિરાજજીને ધારણ કરવાનું સ્વરૂપ છે પરંતુ આપણા પુષ્ટિમાર્ગીઓને આ જ ખબર નથી કે શ્રીનાથજીનું સ્વરૂપ છે શું? નેવું ટકા લોકોને આ નથી ખબર. જે શ્રીનાથજીના ઉપર આખી દુકાન ચાલી રહી છે તે શ્રીનાથજીનું સ્વરૂપ આપણને ખબર જ નથી. શ્રીનાથજી ગોવર્ધન ધારણ કરવાનું સ્વરૂપ નથી. શ્રીનાથજી ગોવર્ધનની ગિરિકંદરામાં ઉભા ે તો જ્યારે સ્વયં ગોવર્ધનની ગિરિકંદરામાં ઠાડા છે, તે ગોવર્ધનધારણ શા માટે કરશે? નામ ગોવર્ધનધરણ છે પરંતુ ઠાડા છે સ્વયં કંદરામાં. આ જે ગોળ છે તે ગિરિરાજજીની કંદરા છે. કંદરાના દ્વાર ઉપર આપ ઠાડા રહીને, ભક્તોને બોલાવી રહ્યા છે કે મારી પાસે આવો. બીજા શ્રીહસ્તની મુઠ્ઠી બંધ છે, એટલા માટે કે તમારૂં હૃદય મારા વશમાં છે. અને આ કંદરા ઉપર ચિન્હ છે, એ બધાનો ભાવ મોટોઓએ સમજાવ્યો છે.

તેમાંથી જે 'મેંઢા' એટલે કે ભેડ છે તે કાળનું પ્રતિક છે. અને કાળ આપની પીઠિકામાં છે. તેનાથી આ વાત બતાવે છે કે આપ કાળથી અતીત છે તેને અધીન નથી. ગાય છે તે ભક્તજીવનું પ્રતિક છે. મોર મુક્તજીવનું પ્રતિક છે. તેવીજ રીતે શેષ છે તે વેદ, અને શુક છે તે શ્રીસ્વામીનિજીનો પાળેલો શુક છે, જે શ્રીઠાકોરજી મસ્તક ઉપર ધારણ કરે છે.

હવે જ્યારે કાળ આપને અધીન છે તો કાળને દર્શાવવાની વસ્તુ આપને ધરાવવાનું પ્રયોજન શું? ઠાકોરજીને ઘડીયાલ ધરાવવી હોય તો ધરાવો સજાવટ માટે પરંતુ ધરાવવાની જરૂરત નથી, કેમકે કાળથી આપ અતીત છે. આપણું માથું દુખી રહ્યું છે અને આપણે સેરીડોન ખાઈ રહ્યા છીએ. તેને ઠાકોરજીને ભોગ ધરવી?. કેમકે મહાપ્રભુજી કહી ગયા છે કે **''અસમર્પિત-વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્''** (સિ.ર.૪)

અમારા ગોસ્વામી પરિવારમાં એક વહુજી હતા. હકીકતની વાત બતાવી રહ્યો છું, હસવાની વાત નથી. એમને એવી જીદ્દ થઈ ગઈ કે મહારાજશ્રીને આરોગાવ્યા વગર કાંઈ લેવું નહીં. આ નિયમથી મહારાજશ્રી એટલા પરેશાન થઈ ગયા, કેમકે જ્યારે વહુજીને તરસ લાગે ત્યારે મહારાજશ્રીને કહે કે ''પાણી પીઓ.'' મહારાજશ્રિ કહે કે ''મને તરસ નથી લાગી.'' તો કહે કે ''પીવું પડશે કેમકે મેં નિયમ લીધો છે.'' ચા પીવી હોય તો પહેલા મહારાજને ચા પીવી પડતી. આ કારણથી મહારાજ સંતાઈ-છુપાઈને ફરતા. હવે આવો નિયમ આપણે પણ લઈ લઈએ તો ભગવાન પણ સંતાતા-છુપાતા ફરશે કે આવ્યો ભક્ત. મહારાજના લીલામાં પધાર્યા પછી જ આ ઝઝટમાંથી તેઓ છૂટ્યા. જ્યાં-સુધી આપ ભૂતલઉપર રહ્યા ત્યાં-સુધી વહુજીનો નિયમ કાયમ જ રહ્યો. જ્યારે પણ, જે પણ, વહુજીને ખાવું હોય તો બળજબરીથી મહારાજને ખાવું પડતું. કેમ? કેમકે **''અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્''** (સિ.ર.૪) હવે ઠાકોરજીની સાથે આવું લફરૂં લગાડી દઈએ તો ઠાકોરજી પરેશાન થઈ જશે. સુખને બદલે સેવા, દુઃખ બની જશે.

ઠાકોરજીની સેવામાં કામ આવનારી જે પણ વસ્તુ છે, તે સમર્પિત છે. હવે તે ઠાકોરજીના સાક્ષાત્ કામમાં આવી રહી છે તો પ્રસાદી છે. સાક્ષાત્ કામમાં નથી આવી રહી તો સમર્પિત છે. જેમ આ ઘડીયાલને પહેરીને હું ઠાકોરજીની સેવાનો સમય સાધી શકું છું તો ઘડીયાલ સમર્પિત તો થઈ જશે પરંતુ પ્રસાદી ન થઈ. મહાપ્રભુજીના ગંથ ખોલીને જોઈ લો, કહ્યું છે કે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરો. અણપ્રસાદી વસ્તુનો ત્યાગ કરો એવું ક્યાંય નથી લખ્યું. સમર્પિત કેવીરીતે? કામમાં આવતી વસ્તુનો કોઈપણ રીતથી સેવામાં આપણે ઉપયોગ શોધી શકીએ, તે સમર્પિત થઈ ગઈ. આથીજ મહાપ્રભુજી કહે છે કે આપણે લગ્ન કરી રહ્યા છીએ અને જ આપણને આ ભાવ છે કે મારી સેવામાં મને મારી એક જીવનસંગિની જોઈએ, તો થઈ ગયું સમર્પણ. હવે આ સહજ સંભવ છે કે આપણા ઘરનું બાળક નિશાળે જઈ રહ્યું છે અને સેવામાં નથી પહોંચી શકતો પરંતુ આવતા-જતાં ઠાકોરજીના દર્શન કરી રહ્યો છે અને એટલું એને સમજમાં આવી રહ્યું છે કે ઠાકોરજીનો પ્રસાદ મારે લેવો છે, તો થઈ ગયું તેનું સમર્પણ. હવે સમર્પિતને વધારેમાં વધારે પ્રસાદી કેવીરીતે બનાવવું, એ તમારી ઈચ્છા અને સામર્થ્યની વાત છે.

જેમ એક સામાન્ય ઉદાહરણ બતાવું કે જુના જમાનામાં ઠાકોરજીની આટલી મોટી પિછવાઈ, આટલા મોટા સાજ શા માટે ધરાવતા? તેનું મૂળ કારણ એ હતું કે કપડાના મોટા તાકા લેતા તેની પિછવાઈ બનાવતા અને ઘરમાં જ્યારે લગ્નનો કે કોઈ બીજો પ્રસંગ આવતો તો એ પિછવાઈના ટુકડા કરીને તેના બધાના કપડા સિવાઈ જતા અને ઠાકોરજીને નવો સાજ બનાવતા. એ સમર્પિત પણ હતું અને પ્રસાદી પણ હતું. હવે આ તો સૂઝ-બૂઝની વાત છે કે તમે તમારી સમર્પિત વસ્તુને પ્રસાદી કેવીરીતે બનાવી શકો. પરંતુ ખોટી જીદ્દ પકડવાની જરૂરત નથી એ વહુજીની જેમ કે જે અમે વાપરશું તે બધું પ્રસાદી થવું જરૂરી છે. અરે ભાઈ, તકલીફ થઈ જશે, આવીરીતે પાછળ પડશો તો!

હું એક વખત હજારીબાગ ફરવા ગયો હતો. મારે જવું હતુ બનારસથી કલકત્તા પરંતુ અમારા દાદાજીના મિત્ર ત્યાં હતા. દાદાજીએ મને એમને મળવાનું કહ્યું. ત્યાં ટાઈગર સેંચુરી પણ છે. મેં વિચાર્યું કે એમને મળી આવશું પણ અને ટાઈગર સેંચુરી પણ જોઈ આવશું. એમણે મને ક્યારેય જોયો ન હતો. ન મેં એમને ક્યારેય જોયા હતા. રાતના ગાઢ જંગલની વચ્ચે એમનું ઘર હતું, ત્યાં હું પહોંચ્યો. એ બિચારા ગભરાઈ ગયા કે રાતના મહારાજ પધાર્યા તો શું કરવું? એમણે મને પૂછ્યું કે ‘‘દૂધ પીશો?’’ હવે આટલી મુસાફરી પછી થોડીક ભૂખ તો મને પણ લાગી હતી. મેં કહ્યું કે ‘‘લઈ લેશું’’ એમણે ભેંસના દૂધનો મોટો ગ્લાસ લાવીને રાખી દીધો. આપણે મુંબઈના પાણીવાળા દૂધના પીનારા, એ ક્યાંથી પચે! મેં થોડી આનાકાની કરી તો તેઓ બોલ્યા કે ‘‘અરે, જુવાન છો કે ઘરડા?’’ અજબ આપત્તિ આવી ગઈ. મેં વિચાર્યું કે ચાલો પી લઈએ. એમણે પાછો એક ગ્લાસ લાવીને રાખી દીધો. મેં ખૂબ ના પાડી તો એટલા જોરથી બોલ્યા કે ‘‘પિયોડડડ.’’ ડરીને એ ગ્લાસ પણ પી ગયો. હવે આખી રાત પેટની હાલત ખરાબ. મેં વિચાર્યું કે આના કરતાં તો ટાઈગર સેંચુરીમાં ટાઈગરની વચ્ચે જ રહી ગયો હોત તો સારૂં હતું. આખી રાત તકલીફમાં વીતી. આ સમજો કે આવી રીતે આપણને કોઈ દૂધ પિવડાવે તો આ સુખ છે કે દુઃખ? દુઃખ જ છે.

આવા પ્રકારથી કોઈ સેવા કરે તો તેમાં તો દુઃખ જ છે. આપણને માથું દુઃખી રહ્યું છે. સેરિડોન ખાવી છે અને આપણે ઠાકોરજીને કહીએ કે

''આરોગો.'' ઠાકોરજી બિચારા માખણ-મીસરીના બદલે સેરિડોન આરોગતા થઈ જાય. તો પરેશાની થઈ ગઈ કે નહીં! જો સેરિડોન ખાઈને તમારા માથાનો દુખાવો મટી રહ્યો છે અને તમે સુખેથી સેવા કરી શકો છો તો તમારી સેરિડોન સમર્પિત છે. પ્રસાદી હોય કે ન હોય. તેની ચિંતા ન કરો. આ કારણથી જ મહાપ્રભુજીએ બહુ સાવધાનીથી **''અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્''** કહ્યું છે. એમ નથી કહ્યું કે અણપ્રસાદી વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્. કેમકે જો દરેક વસ્તુને આપણે પ્રસાદી બનાવવા જઈશું, તો તેમાં ન ઠાકોરજીને સુખ થશે ન આપણને સુખ થશે. અને બધી સેવા એક એવું ભયંકર ત્રાસજનક ક્રિયાકાંડ બની જશે. કે બધા પરેશાન થઈ જશે. સમર્પણ ભાવ જો આપણે સમજીએ તો તેમાં કોઈ ત્રાસ છે નહીં. ખૂબ સરળ અને સહજ આ માર્ગ છે. પ્રભુસેવાના માટે ઉપયોગી છે તો સમર્પિત છે. મહાપ્રભુજી તો અહીં સુધી કહે છે. **''ઉદ્વેગહાનિ ગંધર્વાદ્''** ભાઈ, બહુ દિમાગ પરેશાન છે, થાકી ગયા છો તો સારૂં સંગીત સાંભળીને તમારૂં ચિત્ત શાંત થતું હોય તો સંગીત સાંભળી લો. કેમ? કેમકે સંગીત સાંભળ્યા પછી તમે સેવા તો સુખપૂર્વક કરી શકશો. આ વાત સમજવાની છે. એ સંગીત તમે ઠાકોરજીને ન પણ સંભળાવ્યું તો કોઈ ચિંતાની વાત નથી. કેમકે સંગીત સાંભળવાથી તમારી ચિંતા શાંત થઈ રહી છે અને તેના પછી તમે સેવા સુખેથી કરી શકો છો તો બસ વાત પતી ગઈ.

આવી રીતે આપણે ત્યાં આવો નિયમ છે, પુરૂષોત્તમજીએ એમ લખ્યું છે કે ધારોકે આપણે ત્યાં કોઈ લગ્ન-પ્રસંગ આવ્યો. તો જ્ઞાતિના પરિવારના કુળના ઘણા લોકો આવશે. સહજ સંભવ છે કે કોઈ વૈષ્ણવ હોય અને કોઈ ન પણ હોય. બધાની સાથે આપણે આ તો દાવો ન કરી શકીએ કે અમે પુષ્ટિમાર્ગીય છીએ, તો તમે પણ પુષ્ટિમાર્ગીય બની જાઓ. આપણા નજીકના સંબંધીઓને પણ આપણે પુષ્ટિમાર્ગીય બનવાની બળજબરી તો નહીં કરી શકીએ! જ્યારે બધા સંબંધીઓ આવશે તો બધાની સાથે પુષ્ટિમાર્ગીય નિયમ તો નિભાવી નહીં શકીએ. સમજો કે કોઈ એવો હોય કે તેને કાંઈ લેવા-દેવા ન હોય તો તેને તો આપણે પ્રસાદ લેવડાવી શકીએ પરંતુ કોઈ એવો પણ તો હોઈ શકે છે કે કટ્ટર શિવભક્ત હોય તો તેને તો તમે ઠાકોરજીનો પ્રસાદ નહીં લેવડાવી શકો. તો આપણે ત્યાં એવી વ્યવસ્થા બતાવવામાં આવી છે કે આવી

પરિસ્થિતિમાં ઠાકોરજી પાસેથી આજ્ઞા લઈને ભંડારમાંથી લગ્ન-પ્રસંગનો ખર્ચ કરવો. પ્રસંગ થયા પછી ફરીથી હિસાબપૂર્વક કરવું. જ્યારે આપણે ઠાકોરજી પાસેથી આજ્ઞા માગીને મહેમાનોને જમાડ્યા, તો આપણને અણપ્રસાદીનો દોષ નથી લાગતો. અણપ્રસાદી હોય તો હોય પરંતુ આપણે ઠાકોરજી પાસે આજ્ઞા માગી છે. તો આજ્ઞા તો ઠાકોરજીની જ છે ને!

એક વાત બતાવું કે મહાપ્રભુજીએ તો અહીંસુધી ખુલાસો કર્યો છે કે **''ભાર્યાદિઃ અનુકૂલશ્ચેત્ કારયેદ્ ભગવત્-ક્રિયામ્, ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્''** (ત.દી.નિ.૨/૨૩૨) તમારી પત્ની પતિ બાપ બેટા ભાઈ કાકા ભત્રીજો, આ બધા જેનાથી તમારો પરિવાર બની રહ્યો છે, જો આ બધા તમારા મતના છે અને ઠાકોરજીની સેવામાં સહાયક છે તો બધા હળી-મળીને સેવા કરો એવું મહાપ્રભુજી કહે છે. જેમ રથના પૈડાના બધા આરા કેન્દ્રમાં આવીને એક થઈ જાય છે તેમ પરિવારના બધા સદસ્ય જો ઠાકોરજીને કેન્દ્ર બનાવીને એક થતા હોય તો બહુ મોટી વાત છે. અને જો એક નથી થઈ શકતા, અહીં-સુધી કહે છે કે ભલે તે તમારી પત્ની હોય કે પતિ હોય કે દિકરો હોય, જો તે સેવામાં અનુકૂળ નથી તો તેની પાસે સેવા બળજબરીથી ન કરાવો. કેમકે બળજબરીથી કરાવશો તો થશે શું? અત્યારે તો પરિવારમાં તમારૂં હુકમ ચાલી રહ્યો છે અને તમે તમારી પત્નીથી હુકમના જોરથી સેવા કરાવશો પરંતુ એ તો ભાવવાળી છે નહીં. તો ઠાકોરજીને ગાળો દઈને જ સેવા કરશે. ઠાકોરજીને ગાળો એણે આપી કે તમે ખવડાવી? જ્યારે આપણે આપણી પત્નીથી કે દિકરાથી બળજબરીથી સેવા કરાવી રહ્યા છીએ અને તેની અનુકૂળતા, તેની શ્રદ્ધા, તેની નિષ્ઠા સેવામાં નથી, પરંતુ કેમકે આપણે પતિ છીએ અને પત્નીની પાસે કોઈ રસ્તો નથી, તેથી તે કરી રહી છે. તેવીજ રીતે દિકરાની સાથે પણ થશે. પરંતુ જ્યારે બળજબરીથી કરશે તો તેને ઠાકોરજી ઉપર ગુસ્સો આવશે. તે આ જ વાટ જોતો રહેશે કે ક્યારે આ પ્રકરણ પૂરૂં થાય અને ક્યારે હું છુટ્ટો થાઉં. આ પ્રકારની બળજબરીની સેવાથી પ્રભુને સુખ તો નહીં થાય. કોઈ આપણી સેવા બળજબરીથી કરે તો!!!

અમારે મુંબઈની એક વાત બતાવું. એક માજી બહુ સારા ભક્ત પરંતુ તેના ઘરવાળા બધા નાસ્તિક હતા. એ માજી બહુ ભાવાવાળા હતા. મેં એમને

કેટલીય વખત સમજાવ્યા કે ''તમારા ઘરવાળા બધા નાસ્તિક છે, તમે તમારા ભાવોને હૃદયમાં રાખો.'' જ્યારે પણ એમના ઘરે કોઈ પ્રસંગ હોય તો મને કહે કે ''આપ પધારો'' હું પણ પરેશાન કે શું કરૂં? ઉપરથી સ્પષ્ટ દેખાય ક પરિવારવાળાઓમાં કોઈ ભાવ નથી. અંતે શું થયું કે એમના ઘરમાં કોઈ વિવાહનો પ્રસંગ હતો. એમણે એના દિકરાને કહ્યું કે ''જા શ્યામબાવાને પધરાવી આવ''. એમના દિકરાએ જે શબ્દ મને કહ્યા તે તમારી સામે દોહરાવી રહ્યો છું. એણે કહ્યું '' અમે તો આપને તકલીફ આપવા માગતા ન હતા પરંતુ માજી માન્યા નહીં એ કારણથી આપને બોલાવવા આવ્યા છીએ'' હવે વિચારો કે આ પ્રકારના નિમંત્રણથી જ્યારે મારે જવું પડે તો કેટલી ગ્લાની હશે! મેં પણ એને કહી દીધું કે ''હું પણ તમારે ત્યાં આવીને તમને તકલીફ નથી આપવા માગતો પરંતુ શું કરૂં! તમે તમારા માજીને સમજાવી દો. નહીંતર આપણે બંને ફસાયેલા પડ્યા છીએ''. જેમ બળદગાડામાં બળદ જુતી જાય છે એવા હાલ છે. એવી સ્થિતિ છે. એ પ્રકારની સેવામાં સુખ નથી. તેમાં બંનેની આત્મા કચોટતી હોય છે. તેવીજ રીતે કોઈપાસે આપણે જબરદસ્તી સેવા કરાવીએ તો. જબરદસ્તી સેવા તો બેકાર જ લાગશે. એ સેવા નથી. સેવા ભક્ત્યાત્મક હોવી જોઈએ. બેકારરૂપ ન હોવી જોઈએ. એટલા માટે મહાપ્રભુજીએ સ્પષ્ટ આજ્ઞા આપી છે કે **''ભાર્યાદિઃ અનુકૂલશ્ચેત્ કારયેદ્ ભગવત્-ક્રિયામ્''**. તેને પહેલા પૂછી લો કે તારી ઈચ્છા છે કે નહીં, તને મજા આવી રહી છે કે નહીં. મજા આવી રહી છે તો ચાલ આપણે બંને સાથે છીએ. મહાપ્રભુજી કહી રહ્યા છે કે સેવાનો પ્રકાર એટલો સંક્ષિપ્ત જ રાખો કે તેમાં આપણી પત્નીની કે પતિની ગરજ જ ન રહે. જે કાંઈ આપણાથી નભી શકતું હોય તે સેવા. કોઈને જબરદસ્તી તેમાં પાર્ટી ન બનાવો. ત્રીજી વાત મહાપ્રભુજી બીજી આજ્ઞા કરી રહ્યા છે કે **''ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્''** (ત્યાંજ) જો ઉદાસીન છે તો જાતે કરો અને પ્રતિકૂલ છે, એટલે તે સેવામાં વિઘ્ન કરી રહ્યા છે તો મહાપ્રભુજી કહી રહ્યા છે કે **'ત્યજેત્'** છોડી દો. છોડી દો એમને. અને આગળ મહાપ્રભુજી આ પણ ખુલાશો કરી રહ્યા છે કે આ સહજ સંભવ હોઈ શકે કે તમે છોડી નહીં શકો, કેમકે પરિવારમાં કેવી સ્થિતિ પેદા થાય, તેના ઉપર તો કોઈનું નિયંત્રણ છે નહીં. આવી સ્થિતિમાં મહાપ્રભુજી કહી રહ્યા છે કે ''સેવા છોડી દો. ઠાકોરજીનું માત્ર સ્મરણ કરો''. આ વાતને સરખી રીતે

સમજો કે જે કારણથી ઘરમાં ક્લેશ થતો હોય, એવી સેવા કરવાથી ફાયદો શું? આ બાબતમાં મહાપ્રભુજી કહી રહ્યા છે કે ''તમે સ્મરણ કરો, જેનાથી ક્લેશની કોઈ સંભાવના ન રહી જાય. મનમાં મનોરથ રાખો કે કોઈક દિવસ એવો આવશે કે જ્યારે હું સેવા કરી શકીશ. પરંતુ જ્યાં-સુધી એ દિવસ ન આવે ત્યાં-સુધી ખોટો સેવાનો આગ્રહ ન રાખો. પ્રભુનું સ્મરણ કરો. અષ્ટાક્ષરનો જપ કરો. પ્રભુની લીલાનું ભાવન કરો કે જેમાં ક્લેશનો કોઈ પ્રસંગ જ ઉત્પન્ન ન થાય''. આ મહાપ્રભુજીની વ્યવસ્થા છે, સમર્પણની વ્યવસ્થા છે.

હવે આ વાત સમજો કે જો કોઈ અતિથિ આવ્યો અને ઈચ્છા છે તો ઠાકોરજીને જગાવી લો. વાર્તામાં એવા પણ પ્રસંગ આવે છે કે ઠાકોરજીએ કહ્યું કે **''આજ મૈંને દો બાર રાજભોગ આરોગ્યો''**. અને એવા પણ પ્રસંગ આવે છે કે એમણે ઠાકોરજીને ન જગાવ્યા અને અતિથિને જ ખવડાવ્યું. ત્યારે પણ ઠાકોરજીએ કહ્યું કે આજ મૈંને દો બખત રાજભોગ આરોગ્યો. એવા પણ પ્રસંગ આવે છે. હવે તો આ ઘરના બાળક જેવી વાત છે કે ઘરના મહેમાનને માટે વસ્તુ બને તો બાળક જિદ્દ કરે છે કે મારા માટે કેમ નહીં.

અમારા કોટાના ઘરની વાત છે. કોઈ માજી મહારાજ હતા. એમના ત્રણ બાલક હતા. પ્રાચીન કાળમાં એવો નિયમ હતો કે શયનમાં ઠાકોરજીને પૂરી ધરવામાં આવતી હતી, રોટી ન્હોતી ધરવામાં આવતી. બાળકોને પૂરી પસંદ ન હતી. એમણે પોતાની ઉપરની રસોઈમાં રોટી બનાવવાની શરૂ કરી. હવે એમની આંખ નબળી હતી. એ નામ લઈ લઈને બાળકોને બેસાડતા. એક દિવસ એ નામ પૂછીને રોટી પીરસી રહ્યા હતા. ત્યાં મથુરાધીશજી પધાર્યા. એમને એ 'મધુમાં' કહેતા હતા. જ્યારે નામ પૂછ્યું તો એમણે(ઠાકોરજીએ) કહ્યું ''મધુમાં''. ત્યારે ચમકીને એ બોલ્યા કે ''આપ અહીં કેમ પધાર્યા? આપને તો પૂરી ભોગ ધરી હતી!'' ત્યારે મથુરાધીશજીએ કહ્યું કે ''તમે તો બધા રોટી ખાઈ રહ્યા છો અને મને તો પૂરી ધરી. રોટી મને કેમ ન ધરી!'' જુઓ આવી સહજ વાત બાળકને થઈ જાય છે કે નવી વસ્તુ બની રહી છે તો આ મને કેમ નથી આપી રહ્યા! આવીજ રીતે કૃષ્ણલીલામાં પણ જ્યારે ઈન્દ્રને ધરી રહ્યા હતા તો **''મૈં હંસ માંગ્યો માયપે ભોજન દેરી મોહિ...ગોદ બૈઠે ગોપાલ કહત વ્રજરાજ સોં''** (ગોવર્ધનલીલા અન્નકૂટનું પદ) બાળકને સહજ આ થઈ જાય

છે. હવે જો આવો ભાવ તમને પણ થઈ રહ્યો છે તો ધરવું છે તો ધરી દો. અને જો તમને એવું લાગી રહ્યું છે કે ઠાકોરજીને ભોગ ધર્યો છે. હવે નકામો ઠાકોરજને પરિશ્રમ નથી આપવો તો વ્યર્થમાં 'આરોગો' કહેવાની જરૂરત નથી. એ અતિથિ આવ્યો છે, વૈષ્ણવ આવ્યો છે, એને પ્રસાદ લેવડાવી દો. એ પણ સમર્પિત તો છે જ પ્રસાદી હોય કે ન હોય. પરંતુ એક વાત શું છે કે જેમ ગુજરાતીમાં એક કહેવત છે કે ''દાઈનો ઘોડો રમતો-જમતો છુટ્ટો'' એમ આપણે કહીએ કે ''અચ્છા હવે સમજાઈ ગયું ઠાકોરજીને તો ભોગ ધરવાની આવશ્યકતા જ નથી હવે તો બધું સમર્પિત છે. ખાઓ પીઓ મોજ મારો. આ પ્રકારનું નાટક કરવાની જરૂરત નથી. કેમ? કેમકે આવો વિચાર આપણને ત્યારે જ આવશે કે ઠાકોરજીના પ્રત્યે આપણો સેવાનો ભાવ શુદ્ધ નહીં હોય. જો આપણો ભાવ શુદ્ધ છે, તો આવો વિચાર આવશે જ નહીં. જ્યારે આપણા બાળક પ્રત્યે આપણો લાલન-પાલનનો ભાવ શુદ્ધ છે, તો જે મહેમાનને માટે બન્યું છે, તે બાળક માગે તો તેને પણ ખવડાવશું. અને જો બાળક થાકીને સૂઈ રહ્યો છે, તો જરૂરી નથી કે તેને જબરદસ્તી ઉઠાડીને ખવડાવીએ પરંતુ ઘણી વખત એવું પણ થાય છે કે પપ્પા ગયા છે અને ઘણા સમયે પપ્પા આવ્યા છે, તો બાળકને ઉઠાડી પણ લઈએ કે જો પપ્પા આવી ગયા.

## (સ્નેહમૂલક લૌકિકી રીતિ : સેવા)

આ બધી એટલી લચીલી વાતો છે અને આનો કોણ શ્રીહરિરાયજીએ આવીરીતે બતાવ્યો છે કે **''સેવાયાં લૌકિકી રીતિ સ્નેહઃ તત્ર નિયામકઃ''** સેવા કેવીરીતે કરવી? તો શ્રીહરિરાયજી કહે છે કે ''જે લોકની રીતિ છે તેને બસ પ્રભુ સાથે જોડી દો. તેનું નામ 'સેવા' છે. લોકમાં આપણે કોઈને આવકારો કેવીરીતે આપીએ, કોઈનું લાલન-પાલન કેવીરીતે કરીએ. તેને બસ પ્રભુ સાથે જોડી દીધું તો થઈ ગઈ સેવા. ભાવ આવી ગયો **''સ્નેહઃ તત્ર નિયામકઃ''** આજ-કાલ તો ક્રીમ આવી ગઈ છે પરંતુ અહીં કિશનગઢના જવાનસિંહજી મહારાજ જન્માષ્ટમીની રાતે મલાઈ હાથમાં ચોપડીને સૂતા હતા કે ઠાકોરજીને હાથ નરમ લાગે. આ શું કોઈ શાસ્ત્રની રીત છે? નહીં. લૌકિકરીતિ છે કે બાળકને કડક હાથ ન લાગે. ગુસાંઈજી બીન બજાવતા હતા. તેનાથી આંગળીઓ છોલાતી હતી. તો મહાપ્રભુજીએ ટોક્યા કે એવું કામ કેમ કરો છો કે ઠાકોરજીને

તમારૂં છોલાયેલું ચુભે. બીન ન બજાવો. એમને તો ટોક્યા અને ઠાકોરજીને સંભળાવવા માટે બીજા બીનકાર તો આપ રાખતા જ હતા આ તો આપસની વાત છે. લૌકિક રીતિની વાત છે.

જેમ બહુ સુંદર પ્રસંગ આવે છે કે અમારા રણછોડનાથજી તાતજી હતા એમને એવો નિયમ હતો કે ઠાકોરજીની સેવાથી પહોંચીને ઠાકોરજીના વાસણ બધા પોતાના હાથથી માંજતા. એક વખત કાંકરોલીવાળા મહારાજ ત્યાં પહોંચ્યા . એમણે પૂછ્યું '' આ તમે શું કરો છો?'' એણે કહ્યુ કે સેવા ''આ સેવા નથી શું? આ પણ તો સેવા છે'' ત્યારે કાંકરોલીવાળા મહારાજે કહ્યું કે ''હા આ સેવા તો સૌથી ઊંચી છે પરંતુ આ સેવાથી હાથ કડક થઈ જાય છે અને ઠાકોરજીને શ્રમ થાય. આ કારણથી અમે આ સેવા નથી કરતા''. હવે બતાવો કોણ આમાંથી સાચું! ભાઈ, જેનો જે ભાવ તે સાચો. બંનેજ પોતાની જગ્યાએ સાચા છે. અમારા તાતજીનો ભાવ એવો હતો કે આ સેવા તો મુખ્ય સેવા છે અને જાતેજ કરતા. એમના સમયમાં કોઈને મથુરાધીશજીના ચરણસ્પર્શ પણ નહોતા થતા એમ કહે છે. લીલામાં પધાર્યા તે દિવસે મુખિયાજીને ચરણસ્પર્શ થયા. કોઈને મથુરાધીશજીનો સ્પર્શ કરવા દેતા ન હતા. આટલા સેવાના આગ્રહી હતા. આટલી સેવા કરીને પણ મન ન્હોતું માનતું તો ઠાકોરજીના વાસણ માંજવા વધારામાં બેસી જતા અને એ કાંકરોલીવાળા મહારાજનો ભાવ એવો હતો કે આ સેવા તો અમે નથી કરતા આનાથી તો હાથ કડક થઈ જાય છે અને ઠાકોરજીને શૃંગાર ધરાવીએ ત્યારે ખુંચે છે. આ રીતિ લૌકિકી છે. એજ જવાનસિંહજી મલાઈ લગાવીને રાતના સૂતા. હાથને નરમ કરવાને માટે આ લૌકિકી રીતિ છે ને! પરંતુ હરિરાયજી એમાં સમજાવે છે કે **''સ્નેહઃ તત્ર નિયામકઃ''** જે પણ રીતિ અપનાવી રહ્યા છો તે સ્નેહથી અપનાવો. સ્નેહથી અપનાવશો તો પ્રભુને પણ રૂચશે અને આપણને પણ આનંદ આવશે.

મેં એક ભગવદીયની બાબતમાં એવું સાંભળ્યું કે ઠાકોરજીના શૃંગાર ધરાવીને અડધું દાડમ કાપીને ધરી દેતા. બીજા એક ભગવદીયે કહ્યું કે આ શું કરો છો? પુષ્ટિમાર્ગમાં તો ઠાકોરજીને ફળ સરખી રીતથી સિદ્ધ કરીને ધરાય છે. ત્યારે એમણે કહ્યું કે હું શૃંગાર ધરાવીને બીજી સામગ્રી સિદ્ધ કરવા જાઉં તો

તેમાં વાર લાગે છે. સિદ્ધ કરીને ધરૂં તો ઠાકોરજી ફટાફટ આરોગી જાય તો એટલી વાર મન કેવીરીતે લાગે! આપ જ્યાં-સુધી એક-એક દાણો કાઢીને આરોગે ત્યાં-સુધીમાં મારી સામગ્રી સિદ્ધ થઈ જાય. આ કારણથી હું અડધું દાડમ ધરૂં છું. **''સેવાયાં લૌકિકી રીતિ સ્નેહઃ તત્ર નિયામકઃ''** ઠાકોરજીની સામે અડધું સમારેલું દાડમ ધરવું પરંતુ એમનો ભાવ કેટલો મીઠો છે! દાડમ સિદ્ધ કરવામાં કોઈ ઉબ થઈ રહી છે. એવી વાત નથી. ભાવ એવો છે કે રાજભોગની સામગ્રી સિદ્ધ કરવામાં સમય લાગી રહ્યો છે એટલી વાર ઠાકોરજીનું મન શેમાં લગાડવું! આ વાત કોણ એને સમજાવી રહ્યું છે? એમનો ઠાકોરજી પ્રત્યેનો સ્નેહ સમજાવી રહ્યો છે. જેમ કહ્યું છે કે **''કીજિયે જો ભી દિલમેં આયે શકીલ લેકિન ઉસકી રઝામન્દી...''**

જે મનમાં આવે કરો પરંતુ એટલો ખ્યાલ તો હોવો જોઈએ કે એ કામથી એને ખુશી થઈ રહી છે કે નહીં! બધી વાત સાચી છે અને એ ખુશ નથી થઈ રહ્યો તો બધી રીતિ ખોટી છે. **''સેવાયાં લૌકિકી રીતિ સ્નેહઃ તત્ર નિયામકઃ''** આપણને ભાવ થયો કે  આ સામગ્રી ઠાકોરજીને શા માટે ભોગ ન ધરવી! જગાવો ઠાકોરજીને. જેમ આપણે આપણા બાળકને જગાવી દઈએ. જો આપણને એમ લાગે કે મહેમાન આવ્યા છે તો આપણા ઠાકોરજીને અમથો પરિશ્રમ શા માટે આપવો! તો ન જગાવો ઠાકોરજીને સમર્પણ તો આપણું છે જ.

એક વાત બતાવું તામસ-ફલપ્રકરણનો અનુવાદ કરવા માટે અમેરિકાથી મારી પાસે એક પાદરી આવ્યો. બે વરસ તે મારી પાસે ભણવા આવતો. ક્યારેક-ક્યારેક તો બાર-બાર કલાક સાથે બેસીને કામ કરતા. બાર કલાક કોઈ સાથે બેસે અને તેને જલ કે ખાવાનું આપણે ન પૂછીએ તો કેટલો અમાનવીય વ્યવહાર લાગે! મેં એમને કહ્યું કે ''જુઓ અમારે ત્યાં કાંઈ અણપ્રસાદી તો છે નહીં, પરંતુ તમે કહો તો બજારમાંથી તમારા માટે બ્રેડ, બિસ્કુટ મંગાવી દઉં.'' હવે જો બ્રેડ-બિસ્કુટ હું મંગાવું તો વૈષ્ણવોને જિજ્ઞાસા તો થઈ જ જાય કે મહારાજને ઘરે બ્રેડ-બિસ્કુટ કેમ જઈ રહ્યા છે? હવે તે આવ્યા છે તો મંગાવવા પડશે, કેમકે કાંઈક તો સુવિધા આપણે તેની વિચારવી પડશે. મેં ફરીથી પૂછ્યું કે ''જો તમને ચાલતું હોય તો જે ઠાકોરજીનો ભોગ મારે ત્યાં છે તે તમને આપી

દઉં.'' એમણે મને સાફ કહ્યું કે ''અમારા ધર્મમાં સ્પષ્ટ મનાઈ છે કે બીજા દેવની આગળ ભોગ ધરેલો પ્રસાદ અમે ખાઈ નથી શકતા.પરંતુ એક વાત એ છે કે હું તમારે ત્યાં ભણવા આવ્યો છું અને શિક્ષકની હેસિયતથી જે કાંઈ પણ નાસ્તો તમે મને કરાવશો તે હું લઈ લઈશ.'' મેં એમને કહ્યું ''તમે પણ એક વાત સ્પષ્ટ સમજી લો કે મારી પણ એવી ભાવના નથી કે તમને પ્રસાદ ખવડાવીને ઈસાઈમાંથી હિન્દૂ બનાવી દઉં. હું તો આ મતનો છું કે તમે સારા ઈસાઈ રહો હું સારો પુષ્ટિમાર્ગીય રહું. આપણે બંને પોત-પોતાના ધર્મની મર્યાદામાં રહીએ.'' ત્યારે એમણે કહ્યું કે ''તમે આપ્યા કરો મને.'' પછી આનંદથી બધું લેતા. આગળ અહીં-સુધી ઉપદ્રવ થયો તે હતા ચેઈન-સ્મોકર હવે જ્યારે તેના જવાનો સમય પાસે આવવા લાગ્યો, ત્યારે એણે કહ્યું કે ગોસ્વામીજી હવે આ કેવીરીતે પૂરૂં થશે? મેં એમને કહ્યું કે હવે જો પૂરૂં કરવું છે તો એક જ ઉપાય છે કે રાત-રાત સુધી બેસીને આપણે પૂરૂં કરીએ. પાંચ-છ રાત લાગશે પરંતુ રાતના કોઈ ડિસ્ટર્બ નહીં કરે. એણે પણ કહ્યું કે ચાલો પૂરૂં કરી લઈએ. હવે રાતના એમનાથી સ્મોકિંગ વગર જાગી ન શકાય. થોડો વખત કામ કરે પાછા બહાર જાય સ્મોકિંગ માટે. મેં એને કહ્યું કે ''આમ તમે કરશો તો આ ક્યારે પૂરો થશે ગ્રંથ!'' એણે કહ્યું કે ''તમે રજા આપો તો રૂમમાં જ ફૂંકુ.'' હવે તો મોટી મુશ્કેલી થઈ ગઈ. પરંતુ કામ જ્યારે પુરૂ કરવું જ છે તો કરવું પડે. આથી મેં કહ્યું કે ચાલ ભાઈ બીજો કોઈ ઉપાય નથી તો ફૂંકી લે આ કમરામાં જ. આખી રાતમાં તે એકાદ પેકેટ ખતમ કરી દેતો. એ તો સવારે છ વાગ્યે ચાલ્યો જતો અને હું ત્યાં થાકીને પડ્યો રહેતો. હવે સવાર-સવારમાં વૈષ્ણવ ત્યાં આવતા ચરણસ્પર્શ માટે અને તેઓ ત્યાં આવીને સૂંઘતા અને સમજતા કે રાતના મેં ફૂંકી છે. બીજો તો કોઈ દેખાતો નહીં ત્યાં. મેં વિચાર્યું કે હવે તો ફસાઈ ગયા આપણે. એ કમરામાં એટલી વાસ ભરાઈ જતી કે વૈષ્ણવ તો આ જ વિચારતા કે ખબર નથી પડતી મહારાજની શું લીલા ચાલી રહી છે! બીજે દિવસે હું પણ એ કમરાને તાળુ મારીને ભાગી ગયો. આ વાત સમજવાની છે કે જે ઘરમાં આવ્યો છે તેની શું તકલીફ છે, તેને કાંઈક તો સમજવું જ પડશે. સાધરણતયા આપણે કોઈને પણ આવા કામની રજા આપીએ નહીં પરંતુ એ સમય પરિસ્થિતિ એવી હતી. તેનો બીજો કોઈ ઉપાય ન હતો, તેથી આપવી પડી. ન આપું તો કામ પૂરૂ ન થાત. પછી મારે પણ તાળુ મારીને સવાર-

સવારમાં ભાગી જવું પડતું.

આ વાત સમજો કે ઘરમાં ઘણાબધા નિયમ આપણે પાળવાના હોય છે અને આપણે પાળવા જોઈએ. **''અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્''**નો નિયમ પાળવો જોઈએ. **''નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઈતિ સ્થિતિઃ''** (સિ.ર.૫) તેને સમજીને પાળીએ તો સોનામાં સુગંધ આવી જાય. પરંતુ એ વહુજીની માફક નાસમજીથી પાળીએ તો નિયમ તો એજ છે પરંતુ બહુ જ મોટું એક નાટક ઉભુ થઈ જાય છે. એ સાધનાને બદલે એક નાટક બની જાય છે. આપણી સાધનાને વ્યર્થમાં નાટક શા માટે બનાવવું! તેને સહજતાથી આપણી લૌકિક બુદ્ધિથી, જેવો બની શકે તેવો તેને નિભાવવાનો પ્રયાસ કરવો જોઈએ. આથીજ શ્રીપુરૂષોત્તમજીએ સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે આપણા પરિવારના કોઈ પણ સદસ્ય જો સેવામાં અનુકૂલ ન હોય તો એટલા માત્ર હેતુથી આપણા પરિવારના સદસ્યનો ત્યાગ ન કરવો જોઈએ. કેમ ન કરવો જોઈએ? કેમકે સેવા કરવી આપણું કર્તવ્ય છે અને આપણે કરી રહ્યા છીએ. પરંતુ તે પણ આપણા જેવા ભાવવાળો છે અને હળી-મળીને સેવા કરી રહ્યો છે તો ઠાકોરજીની મોટી કૃપા છે. પરંતુ જો તે નથી કરી રહ્યો અને આપણે આટલી વાતમાં ત્યાગ કરી રહ્યા છીએ, પુરૂષોત્તમજી કહી રહ્યા છે કે ''જુઓ, તેનાથી કેટલા નુકશાન થશે. એક તો તે અનુકૂળ નથી તેનું કારણ છે કે તેના હૃદયમાં ભાવ નથી. બળજબરી તેની પાસે ભાવવગરની સેવા કરાવવી જ ન જોઈએ. [૧]**ભાવ વિનાની સેવા કરાવવાથી સેવા, સેવા ન રહીને ફક્ત કર્મકાંડ રહી ગયું. ભક્તિ ન રહી ગઈ.** બીજી વાત, આ પ્રકારથી જો આપણે બળજબરી કરશું તો આપણને પાપ લાગશે. કેમ? [૨]**કેમકે પરિવારનું પાલન-પોષણ પણ આપણો ધર્મ છે. તો વ્યર્થમાં ત્યાગ કરવાથી આપણને અપરાધ લાગે છે.** ત્રીજી વાત કે આ કે આવા પ્રકારથી જો આપણે ત્યાગ કરશું તો બીજું ભલે ગમેતે થાય કે ન થાય પરંતુ સૌથી મોટી વાત છે કે [૩]**આપણી સેવાની અપકીર્તિ થશે. આપણી સેવાની અપકીર્તિ શા માટે થવા દેવી જોઈએ?''** આમ ત્રણ હેતુ શ્રીપુરૂષોત્તમજીએ ત્યાં ગણાવ્યા છે. આથી જ્યારે પણ અનુકૂળ નથી, ત્યારે ત્યાગ ન કરવો. પરંતુ આટલી સમજુતી કર્યા પછી પણ જો ઘરમાં

વિરોધ થઈ રહ્યો છે તો મહાપ્રભુજી કહી રહ્યા છે કે ઘર છોડી દો. અને ન છોડી શકતા હો તો સેવા છોડી દો. આ પ્રકારના ખુલાશાથી બધી વાતો અહીં સમજાવવામાં આવી છે. સમર્પણનો અને અસમર્પણનો જે ભેદ છે, તે હું સમજું કે હવે સમજમાં આવવો જોઈએ. જેમ દરેક મંદિરમાં જે પ્રસાદ મળી રહ્યો છે તે પ્રસાદ તો હોઈ શકે છે પરંતુ સમર્પિત નથી. કેમકે તે ઠાકોરજીના નામે માગવામાં આવેલા પૈસા છે તેમાં આપણું સમર્પણ ક્યાં થયું? જેમ ઘરમાં કોઈ મહેમાન આવ્યા. તેના નામે પાડોશમાંથી આપણે માગીને લાવીએ. તેમાં પાડોશી પણ દુઃખી. ઘરમાં મહેમાન મારે આવ્યા અને દુઃખી તમે. તેના નામ ઉપર ખવડાવીને આપણે કહીએ કે અમે ખૂબ મહેમાનગતી કરી. ગામમાંથી પૈસા લઈ કેવી મહેમાનગતિ કરી? બીજી વખત તેને ખબર પડશે તો આવશે જ નહીં મહેમાન બનીને કહેશે કે " આ બધો આપના ચરણોનો પ્રતાપ છે".

એક લોભી પાસે કેટલાક લોકો જીદ્દ કરતા હતા કે અમને આમંત્રણ આપો. લોભી મોટાભાગે એમનાથી બચતો રહેતો. પરંતુ એક દિવસ જ્યારે લોકોએ બહુ કહ્યું ત્યારે તેણે બધાને બોલાવ્યા. બધા લોકો તેના ઘરે ગયા અને બુટ-ચપ્પલ બહાર ઉતારીને અંદર બેઠા. એ ચપ્પલ વેંચીને એ બધા માટે ખાવાનું લાવ્યો. ત્યારે લોકોએ કહ્યું કે આજ તો આપે ખરેખર આમંત્રણ આપ્યું. તો એણે કહ્યું કે " આ બધો આપના ચરણોનો પ્રતાપ છે." આ પ્રકારથી ઠાકોરજીની સેવા કરવી કે બધો આપના ચરણોનો પ્રતાપ છે, તો ઠાકોરજી પણ પરેશાન થઈ જશે કે આ મારી સેવા ક્યાં થઈ રહી છે! આ તો મારા ચરણોનો પ્રતાપ છે. મારા નામને વેંચી-વેંચીને તમે ખાઈ રહ્યા છો. આવી સેવાનો તો કોઈ સાર જ નથી. મંદિરોમાં પ્રસાદી તો મળશે પરંતુ સમર્પિત નહીં મળે. અને કિશોરી બાઈની વાર્તામાં સ્પષ્ટ આવે છે જ્યારે એણે ઠાકોરજીના નામે માગ્યું તો ઠાકોરજીએ સ્પષ્ટ ના કહી દીધી કે **"મૈં નહીં આરોગૂંગો. ક્યોંકે તૂ જો મોકુ ભોગ ધરે વાકુ આરોગવે આઉં હૂઁ. પર તૂ જો મેરે નામપે માંગે ઐસે ભિખારીબેડાસુ મૈં બંધ્યો ભયો નહીં હૂઁ".** પ્રસાદ હોય કે નહીં હોય, પરંતુ ઠાકોરજીના નામઉપર માગેલા પૈસા સમર્પિત તો નથી, અસમર્પિત જ છે. આથી મંદિરોમાં જે કાંઇ ભોગ આવી રહ્યો છે તે અસમર્પિત જ છે અને આપણે ઘરમાં જો ઠાકોરજીને ભોગ નથી પણ ધરી રહ્યા છતાં પણ તે સમર્પિત

જ છે. જેમ મેં તમને સૅરિડોનના ઉદાહરણથી બતાવ્યું. આ વાત સમજો કે દરેક સમર્પિત પ્રસાદી નથી થતી. **પુષ્ટિમાર્ગમાં આ પ્રશ્ન બધાને બહુ પરેશાન કરે છે તેના કારણે મેં આનો ખુલાસો કર્યો છે.**

હવે આપણે આપણા પ્રસંગ ઉપર આવીએ. આ વચનામૃતનો થોડોઘણો સાર હું તમને સમજાવી દઉં. જેમ કાલે મેં તમને બતાવ્યું કે સમર્પણ એક ત્રિકોણાત્મક સંબંધ છે. શેનું સમર્પણ. કોનું સમર્પણ અને કોને સમર્પણ? પુષ્ટિભક્તિનું સમર્પણ. કોને સમર્પણ? પુષ્ટિપ્રભુને સમર્પણ. શેનું સમર્પણ? આપણા દેહ ઇન્દ્રિય, આપણી અહંતા અને મમતા સાથે જોડાયેલી દરેક વસ્તુનું સમર્પણ. સમર્પણ એટલે પ્રભુની સેવાને માટે તેને ઉપયોગમાં લાવવું. સાક્ષાત્ ધરાવશું તો પ્રસાદી થઈ જશે. સાક્ષાત્ નહીં ધરાવીએ તો અણપ્રસાદી રહેશે પરંતુ સમર્પિત તો રહેશે, રહેશે અને રહેશે જ. આ વાતના ખુલાશા પછી હવે કોને સમર્પણ? પુષ્ટિપ્રભુને. તેની બાબતમાં મહાપ્રભુજી આગળ કહી રહ્યા છે કે **''તાતેં શ્રીઠાકુરજીકો સ્વરૂપ ઔર લીલાકો ભેદ જાનત નાહીં. ઉત્તમ ભક્તકો સંગ કરે ઔર ભાગવત સુબોધિનીજી આદિગ્રંથકો અહર્નિશ અવગાહન કરે તો ભગવદ્ભાવ ઉત્પન્ન હોય.''**

જેમ દાડમની વાત મેં તમને બતાવી. આ વાત પુષ્ટિમાર્ગની કોઈ પણ ચોપડીમાં લખાયેલી નથી. જેમ મહારાજ જવાનસિંહજીની વાત મેં તમને બતાવી. પુષ્ટિમાર્ગની કોઈ પણ વિધિમાં આ વાત લખાયેલી નથી. એ તો જે સ્વયં ભક્ત છે અને સેવા સ્વયં કરી રહ્યો છે, તેના હૃદયમાં ઉમડતા ભાવ છે. આવા ભક્તોનો આપણે સંગ કરશું તો થોડીક આપણને પણ અંતઃપ્રેરણા મળશે કે ઠાકોરજીને કેવીરીતે રિઝાવી શકાય છે. ભક્તોના સંગથી પ્રભુનો સંગ કેવીરીતે કરવો આની એક યુક્તિ આવડશે. કોઈ ઔપચારિકતાની યુક્તિ નહીં પરંતુ સ્નેહની યુક્તિ આવડશે. કેવા ભાવથી સેવા કરવી! જેમ એક સામાન્ય ઉદાહરણ બતાવું કે નાથદ્વારાનો એક પ્રસંગ છે. ઉષ્ણકાલમાં શ્રીનાથજીને મોજા ધરાવવા હતા, તો મોતીના મોજા ધરાવ્યા. કેમકે મોજા ધરાવીએ તો ગરમી લાગશે શ્રીનાથજીને. હવે મોજા ધરાવવાનો ભાવ આવ્યો અને મોસમ ગરમીની, તો મોતીના ગૂંથી-ગૂંથીને મોજા ધરાવવામાં આવે. તો આ બહુ નાજુક વાતો છે.

અમારે મુંબઈમાં હમણાં બે-ત્રણ વરસ પહેલા જે અધિકમાસ આવ્યો હતો. બિલકુલ હકીકત તમને બતાવી રહ્યો છું. ઠાકોરજીનો બારે મહીનાના ઉત્સવોનો મનોરથી અધિકમાસમાં કર્યો. અન્નકૂટનો મનોરથ. તેમાં ભારે શૃંગાર. ઘણુંબધું મીણ લગાવી-લગાવીને ઠાકોરજી સાથે કુસ્તી લડી-લડીને બહુ ભારી શૃંગાર ધરાવ્યા. અને પછી દર્શનની બધાને મજા આવે તેથી મોટી-મોટી ફ્લડ-લાઈટ ઠાકોરજી ઉપર રાખી. તેની એટલી ગરમી પેદા થઈ કે બધું મીણ પીગડીને શૃંગાર વડા થઈ ગયા. આપણે કહીએ કે આ હા! ઠાકોરજીની સેવામાં મજા આવી ગઈ. અરે મજા આવી કે ઠાકોરજીની સાથે કુસ્તી લડી રહ્યા છો! ચોરાસી વૈષ્ણવની વાર્તા યાદ કરો કે જયપુરના રાજા માનસિંહે જ્યારે વ્રજની યાત્રા કરી તો બધા મંદિરોમાં સોનાના હીરાના શૃંગાર કર્યા હતા અને ઠાકોરજીની બહુ ભારી સજાવટ કરી. અને એ જ્યારે શ્રીનાથજીના દર્શન કરવા ગયા તો ફક્ત સફેદ વસ્ત્ર અને સફેદ ગુંજા હતી. બે-ત્રણ હલકા મોતીઓની માળા હતી. એમણે કહ્યું કે ''યહાઁ જૈસી શાંતિ મિલી ઐસી શાંતિ કહીં નહીં મિલી''. આ પ્રભુના સુખના વિચારમાં જે નજાકત(કોમળતા) છે તે આપણા પુષ્ટિમાર્ગમાં **''સેવાયાં લૌકિકી રીતિ સ્નેહઃ તત્ર નિયામકઃ''** છે.

## (ઉપસંહાર)

આ વાત આપણે સેવા કરી રહેલા જે વ્યક્તિ છે, એમનો સંગ કરીએ તો સમજમાં આવે. બાકી તો સમજમાં ન આવી શકે. ગ્રંથોને વાંચવા-ભણવાથી સમજમાં નથી આવી શકતી. આથી મહાપ્રભુજી કહે છે કે **''ઉત્તમ ભક્તકો સંગ કરે. શ્રીભાગવત સુબોધિની આદિ ગ્રંથનકો અહર્નિશ અવગાહન કરે. તબ ભગવદ્ભાવ ઉત્પન્ન હોય. શ્રીઠાકુરજી વ્રજભક્તનકે વિષે સદૈવ રહત હેં. તહાઁ સેવા કરિકે બંધે હેં. તહાઁ એતન્માર્ગીય વૈષ્ણવકે હૃદયમેં ઠાકુરજી બિરાજત હેં. તાતેં ભગવદીયનકો સંગ કરનો. તહાઁ ગજ્જનધાવન આદિ વૈષ્ણવનકો દૃષ્ટાંત દિયે.''**

મહાપ્રભુજીએ પોતાના સેવક ગજ્જનધાવનનું દૃષ્ટાંત આપ્યું. જુઓ આ કેવી વિલક્ષણ કથા છે કે નાથદ્વારામાં જે નવનીતપ્રિયાજી છે તે એમને મહાપ્રભુજીએ પધરાવી આપ્યા હતા. પધરાવી દીધા છતાં પણ નવનીતપ્રિયાજીનું સ્વરૂપ મહાપ્રભુજીના હૃદયમાંથી નિકળ્યું નહીં. આથી

મહાપ્રભુજીનું મન નિરંતર નવનીતપ્રિયાજી ઉપર જતું રહેતું હતું. હવે જ્યારે પધરાવી આપ્યા તો પાછા માંગવા કેવીરીતે? મહાપ્રભુજીના મનમાં નિરંતર આ દ્વંદ રહેતો. નવનીતપ્રિયાજીએ આ દ્વંદ સમજ્યો અને એમણે ગજ્જનધાવનને આજ્ઞા કરી કે ચાલ આપણે બંને મહાપ્રભુજીની સાથે રહેશું. આમ મહાપ્રભુજીને તો નવનીતપ્રિયાજી પધરાવવા જ હતા અને નવનીતપ્રિયાજી જો ગજ્જનધાવનથી પ્રસન્ન રહેતા હોય તો ગજ્જનધાવનને કેમ ન પધરાવવા. મહાપ્રભુજીએ નવનીતપ્રિયાજી અને ગજ્જનધાવન બંનેને પોતાને ત્યાં રાખ્યા. તે અહીં-સુધી કે જ્યારે અક્કાજીએ ગજ્જનને પાન કે ફલ લેવા માટે મોકલ્યા તો મહાપ્રભુજી નારાજ થઈ ગયા કે તમે ગજ્જનધાવનને કેમ મોકલ્યા? આ બધી વાતો એટલી નાજુક છે કે જ્યારે ભક્તનો સંગ કરીએ ત્યારે જ સેવાનો ભાવ સમજમાં આવી શકે છે. મહાપ્રભુજીએ આપણને બતાવ્યું કે આ પુષ્ટિપ્રભુનું સ્વરૂપ છે, આ ભક્તને અધીન સ્વરૂપ છે અને ભક્તનું ભાવાત્મક સ્વરૂપ છે. એ ભાવથી આપણે સેવા કરીએ. એ ભાવથી આપણે સમર્પણ કરીએ. એ ભાવથી આપણું સ્વરૂપ ઓળખવાની કોશિશ કરીએ. તેમાં નકલ કરવાથી નહીં થાય. આપણી વાર્તામાં આવે છે કે મહાપ્રભુજીનું પ્રવચન સાંભળવા જતી હતી. સામગ્રી ગરમ હતી અને ચમચો ઘરમાં હતો નહીં તો ચમચાના ભાવથી દાતણ ધરી દીધું. એક ભગવદીયે આવીને જોયું અને એની પ્રશંસા કરી. એકે વિચાર્યું કે સામગ્રીમાં દાતણની પ્રશંસા થઈ રહી છે તો દરેક સામગ્રીમાં એ પણ દાતણ પધરાવવા લાગ્યો. આ નકલ કરવાથી નહીં આવે. આ ક્યારે આવશે કે આપણે ઠાકોરજીનો ભાવ સમજીએ, સેવાનો ભાવ સમજીએ, સમર્પણનો ભાવ સમજીએ. જે સહજ છે તેને સહજ રહેવા દઈએ તો આ બધી વાત સમજમાં આવશે. **''સહજ પ્રીત ગોપાલ હી ભાવે, સહજ પ્રીત કોકિલા વસંતે''** સહજ પ્રીત જેવી કોયલની વસંત ઋતુમાં છે એવી આપણી પ્રીત પ્રભુ વિષયક હોય ત્યારે આપણી સેવા લીલાત્મક બની જાય અને લીલાનું રહસ્ય આપણને સમજમાં આવવા લાગે.

**દૃઢ ઈન ચરનન કેરો ભરોસો ।।**
**શ્રીવલ્લભનખચન્દ્રછટા બિન સબ જગ માંઝ અંધેરો ।।૧।।**
**સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો ।।**
**સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો ।।૨।।**

## || પરિશિષ્ટ-૧ ||

### || દાન બડો કે દાતા ||

*__વાર્તાપ્રસંગ :__ તબ ગુસાંઇજી દામોદરદાસજીસોં પૂછે **''જો તુમ શ્રીઆચાર્યજીકો કહા કરિકે જાનત હો?''** તબ દામોદરદાસને કહ્યો **''હમ તો આચાર્યજી મહાપ્રભુન્‌કો જગદીશ સોં સંસારમેં સબ કોઉ કહત હેં જો સબતેં બડે જગદીશ શ્રીઠાકુરજી હેં, તિનતેં અધીક કરિ જાનત હેં.''** તબ ગુસાંઇજી દામોદરદાસસોં કહેં **''જો તુમ એસે ક્યોં કહત હો, જો શ્રીઠાકુરજી તો બડે હેં.''** તબ દામોદરદાસને ગુસાંઇજીસોં કહ્યો **''જો મહારાજ! દાન બડો કે દાતા બડો? કાહુકે પાસ ધન બહોત હે તો કહા કરે? દેઇ તાકો જાનિયે. ઔર આચાર્યજી મહાપ્રભુન્‌કો સર્વસ્વ ધન શ્રીનાથજી હે. સો હમ જૈસે જીવન્‌કોં આપુ દાન કિયો હે. તાતેં હમ આચાર્યજીકો સર્વતે બડે કરિકે જાનત હે.''** (દામો.વા.પ્ર.૩)

વાર્તાઓ વાંચીને જુઓ કે જે ભક્તના ઘરે ઠાકોરજી બિરાજ્યા એ ભક્તની બધી વાતો ઠાકોરજીએ સ્વીકાર કરી પછી એ ઠાકોરજીનો વર્તાવ એનો પ્રકાર એનો વ્યવહાર બધું તે ભક્તને અનુરૂપ થઇ જાય છે. આ શાસ્ત્રાર્થની સ્થાપના વચસા નથી કાયાથી છે. જ્યારે કાયાથી આ શાસ્ત્રાર્થ સ્થાપિત થઇ રહ્યો છે આ કારણથી જ મહાપ્રભુજીએ પ્રત્યેક લીલાના શાસ્ત્રાર્થ બતાવ્યા છે કે આ લીલાનો શાસ્ત્રાર્થ આ થયો. એ શાસ્ત્રાર્થના અનુસાર લીલા નથી. એ કૃષ્ણલીલાનુસારી શાસ્ત્રાર્થ છે. એ શાસ્ત્રાર્થને સરખી રીતે સમજીને મહાપ્રભુજીએ કૃષ્ણની કઇ લીલાથી કયો શાસ્ત્રાર્થ પ્રકટ થયો અને તેમાંથી આપણે શું લેવાનું છે અને શું નથી લેવાનું? એ તો સ્વચ્છંદ છે, બધા પ્રકારના શાસ્ત્રાર્થ સ્થાપિત કરી રહ્યો છે. જેમ એક વાત સમજો કે સો ગાળો

---

*જોકે ''દાન બડો કે દાતા'' આ દામોદરદાસજીનું વચન છે, આચાર્યજીનું નહીં પરંતુ આ વચનને લઇને પોતાની અલ્પમતિ કે મૂર્ખતાના કારણે જેમ વલ્લભપંથી કે બીજા પોતાના સ્વાર્થને કારણે વિમૂઢ હોવાના કારણથી આ વચનનો દુરૂપયોગ કરે છે. તેથી અહીં દામોદરદાસજીની વાર્તા પ્રસંગમાં અન્યત્ર પ્રાપ્ત ઉપરની વાત અહીં પ્રાસંગિક હોવાથી જોડેલ છે.

આપવાવાળાને મુક્તિ આપી રહ્યો છે તો શું આપણે ગાળો આપવી! મહાપ્રભુજી ના પાડી રહ્યા છે કે ના ગાળો ન આપો. આટલું જ નહીં આ પણ કહી રહ્યા છે કે ક્રિટિસાઈજ્ (નિંદા) પણ ન કરો. ''કૌન યહ ખેલવેકી બાની'' પણ ન કહો ''ભલી યહ ખેલવેકી બાની'' કહો. આ શાસ્ત્રાર્થ સ્થાપિત કરી રહ્યા છે મહાપ્રભુજી. શાસ્ત્રાર્થનો નિષ્કર્ષ આપણને સમજાવવા માગી રહ્યા છે કે કૃષ્ણલીલામાં કેટલાય શાસ્ત્રાર્થ સ્થાપિત થયા છે તેમાંથી કયો શાસ્ત્રાર્થ આપણને ભક્તિસાધનાને માટે ઉપયોગી છે! જેટલો શાસ્ત્રાર્થ આપણને ભક્તિસાધનાને માટે ઉપયોગી છે એટલો શાસ્ત્રાર્થ; જે વખતે આપણે, સાધનાના પ્રકારથી જીવશું એટલા શાસ્ત્રાર્થના અંતર્ગત આપણે કૃષ્ણના સંયોગ અને વિયોગને જીવશું. ત્યારે આપણી સેવા, સાધના ન રહીને લીલા બની જશે અને એની લીલા, લીલા ન રહીને આપણી સાધના બની જશે. નહીંતર લીલા તો દ્વાપરમાં થઈ ગઈ. એ આપણી સાધના કેવીરીતે બની શકશે! આ વાત સમજો કે કાળની પાછળની ગતિ તો છે નહીં. તેની તો એક તરફની જ ગતિ છે. ભૂતથી વર્તમાન, વર્તમાનથી ભવિષ્ય, વર્તમાનથ ભૂતમાં કેવીરીતે જઈ શકાય! આપણે તો વર્તમાનમાં છીએ તો કૃષ્ણની લીલા આપણી સાધના કેવીરીતે બની શકે છે? તે આવીરીતે બની શકે છે કેમકે ભક્તિના નામનો શાસ્ત્રાર્થ છે આ ભક્તિના નામના શાસ્ત્રાર્થથી ભગવાને ઘણાબધા નિયમ તોડ્યા છે. વાણીના દ્વારા સ્થાપિત નિયમોને તોડીને કાયાના દ્વારા કેટલાય નિયમો સ્થાપિત કર્યા છે. એ કાયાના દ્વારા સ્થાપિત નિયમોમાંથી કેટલું આપણે લેવું એ બાબતમાં મહાપ્રભુજીનો રોલ્ આવી રહ્યો છે. એ કૃષ્ણલીલામાંથી કેટલો ભાગ આપણે જીવવા લાયક છે અને કેટલો ભાગ લીલા છે પરંતુ જીવવા લાયક નથી જીવનપ્રણાલીની સાધના હોવા છતાં પણ.

જેમ એક ઉદાહરણના પ્રકારથી કહી રહ્યો છું કે ઠાકોરજીએ પૂતના મારી. આપણે આપણી સેવાપ્રણાલીમાં ઠાકોરજીને આ નથી કહેતા કે તમે પૂતના મારો. કેમ નથી કહેતા કેમકે આપણે વ્રજની લીલાના અનુસાર સેવા કરી રહ્યા છીએ. પૂતના વ્રજમાં જ તો મારી હતી પરંતુ મહાપ્રભુજી કહી રહ્યા છે કે પૂતનાવધ આપણી સાધનાનું અંગ નથી આથી તેને આપણે આપણી સેવામાં નહીં લઈએ. કૃષ્ણલીલા તરીકે તેને ગાઓ પરંતુ આપણી સેવામાં એવો મનોરથ ન કરો કે એક પૂતના બનાવો અને ત્યાં વચ્ચે ઠાકોરજીને બેસાડો. પછી તેને કહો

કે ''તમે મારો''. આવા બધા મનોરથો આપણે ત્યાં નથી થતા. ઠાકોરજીએ ગિરિરાજ ધારણ કર્યો તો આપણે ઠાકોરજીના શ્રીહસ્તમાં પત્થર મૂકી દઈએ અને કહીએ કે ''આને ધારણ કરીને રાખો'' આવી બધી વાતો આપણે ત્યાં નથી બતાવી. આ એમનું સિરદર્દ છે. આપણે ગિરિરાજપૂજન કરવાનું છે **''બડરનકોં આગે લે મોહન ગિરિ ગોવર્ધન પૂજન જાત.''** એ કૃષ્ણલીલામાંથી કેટલો ભાગ લેવો અને કેટલો ભાગ દૂર કરવો આની એક ખૂબસૂરત ફૂલદાની મહાપ્રભુજીએ ભક્તિસાધનાને બનાવી છે.

આ વલ્લભપંથી બેવકૂફ છે જે આ વાતને **''દાન બડો કે દાતા''** આનો આ અર્થ કરે કે દાતા મોટો કેમકે જો દાતા દાન ન આપે તો દાન આપણને કેવીરીતે મળે! અરે ખોપડી ચલાવો વાંદરા ન બનો.

દાન આપવા માટે મૂળી ન હોય તો દાતા શું કરશે? દાન ઉપલબ્ધ કોણે કર્યું? દાતાના હાથમાં દાનની પૂંજી આવી ક્યાંથી? વલ્લભલીલાથી આવી કે કૃષ્ણલીલાથી આવી? આખી સેવાપ્રણાલી કૃષ્ણલીલા ઉપરથીજ ઘડવામાં આવી છે. આપણે જ્યારે આમ કહી રહ્યા છીએ કે **''દાન બડો કે દાતા''** તો દાતા મોટો છે કેમકે તે ન આપત તો દાન ક્યાંથી મળત! અરે જો દાન જ ન હોત તો આપત શું? જેમ મેં મારા દાદાજીની વાત બતાવી કે જ્યારે એમને આશિર્વાદ આપવા ન હોય તો બસ હાં-હાં જ કરી દેતા. તો મહાપ્રભુજી પાસે પણ કોઈ ઉટ-પટાંગ માગે તો તેઓ પણ બસ 'હાં-હાં' કરી દેતા હશે. કૃષ્ણલીલાના કારણે એ કેપિટલ (દાન) મહાપ્રભુજીના હાથમાં આવ્યું છે. તેમાંથી આપણને બધું સાધના-પ્રણાલીને માટે નથી આપ્યું. બહુજ સરખીરીતે વિચારીને અલગ કરીને આપણને કહ્યું છે કે કૃષ્ણલીલાનો આટલો ભાગ તમે તમારી સાધના-પ્રણાલીમાં અપનાવી શકો છો. એની લીલાને નીચે ઉતારી શકો છો. આમ કરવાથી તમારી સાધના-પ્રણાલી એ લીલાના સ્તરઉપર પહોંચી શકે છે. આ અર્થમાં દાતા બડો છે નહીં કે એ દાનથી બડો છે પરંતુ આ અર્થમાં દાતા બડો છે કે તેને આ વિવેક છે કે શું આપવું અને શું ન આપવું કેમકે જો અવિવેકપૂર્વક દાન થાય તો ગુસાંઇજીએ સ્વયં જ શ્લોક લખ્યો છે કે **''વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામ વિશેષતઃ અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ''** એ દાતાનો વિનાશ થશે એ ચિંતા મહાપ્રભુજીએ કેટલી વખત

પ્રકટ કરી.

જે વખતે અજગરને કીડીઓ ખાઈ રહી હતી તો મહાપ્રભુજી ઉદાસ બની ગયા. બધાએ પૂછ્યું કે ''આપ ઉદાસ ક્યોં હો?'' તો આપશ્રીએ કહ્યું કે **''યે પિછલે જનમમેં ગુરૂ હતો, દાતા હતો ઔર યે સારી ચેંટિયેં શિષ્ય હતી પર યે ઉનકો ઉદ્ધાર નહીં કર સક્યો. યા લિએ યાકુ યે ખા રહી હેં.''** મહાપ્રભુજીને શા માટે નર્વસનેસ્ આવી? તે આ માટે કે આટલું મોટું દાન જો મેં વગર વિચાર્યા-સમજ્યા આપી દીધું તો તેનો અને મારો બંનેનો અનર્થ થશે, તેથી ત્યાં આ પ્રસંગ બન્યો કે **''શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ''** (સિ.ર.૧) તેઓ ચિંતામાં બિરાજેલા હતા તેથી ઠાકોરજીએ સ્વયં પ્રકટ થઈને કહ્યું કે **''બ્રહ્મ-સંબંધ-કરણાત્ સર્વેષાં દેહ-જીવયોઃ, સર્વ-દોષ નિવૃતિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ''** (સિ.ર.૨) એટલે કે **''સમર્પણેન આત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્''** (બા.બો.૧૮) આ દાન સ્વયં દાતાની પાસે આવ્યું છે તેથી દાતા, બની શક્યો છે. દાન જો આવત નહીં આ પ્રકારથી તો દાતા શું આપત? દાતા તો સ્વયં ચિંતામાં હતો પરંતુ દાતાની મહાનતા આમાં છે કે દાન તો પૂરે-પૂરૂં આવી ગયું પરંતુ અર્થીને કેટલું આપવું કે જેનાથી તેનું નુકસાન ન થઈ જાય.

બાળકને આપણે રમવા માટે પિસ્તોલ આપીએ અને એણે બંદૂક ચલાવી દીધી તો બાળક અપરાધી કે દેવાવાળો દાતા અપરાધી? બાળકને રમવા માટે પિસ્તોલ નથી આપી શકાતી. મહાપ્રભુજીની મહાનતા આ અર્થમાં છે કે એમણે આ વિચાર કર્યો છે કે જેમ ચારણીમાં આપણે ઘઉં ચારીએ એમ કૃષ્ણલીલાને ચાળીને તેમાંથી જે વસ્તુ સાધાનાને માટે અપનાવી શકાય છે તે બધી અપનાવીને આપણી સેવાપ્રણાલીમાં રાખી દીધી. જુઓ, કૃષ્ણલીલામાંથી આટલી-આટલી સેવા આપણે આપણી સાધના-પ્રણાલીમાં જીવશું. એ લીલાને જ્યારે આપણે આપણી સાધના-પ્રણાલી બનાવી લઈશું તો આપણી સાધના કૃષ્ણલીલા બની જશે. આપણી સેવા, લીલામાં પરિવર્તિત થઈ જશે. એટલા માટે મહાપ્રભુજી કહી રહ્યા છે કે અલૌકિકસામર્થ્ય ફલ છે કેમકે લૌકિકસામર્થ્યથી તમે કૃષ્ણસેવા કરી શકો છો પરંતુ એ સેવાને લીલા નથી બનાવી શકતા, પરંતુ કેમકે પ્રભુએ વચન આપ્યું છે કે બ્રહ્મસંબંધ કરવાથી

કૃષ્ણસેવામાં દોષ આડા નહીં આવે એ કૃષ્ણસેવા **''નિષ્પ્રત્યૂહં મહાન્ ભોગઃ પ્રથમે વિશતે સદા''** (સે.ફ.૪) આ કારણથી સમર્પિતનો ઉપભોગ અલૌકિકસામર્થ્યના રૂપમાં સ્થાપિત કરી દીધો. ત્યાં દાતાની મહાનતા આવી રહી છે. દાનના તો ઘણા પ્રકાર અથવા તેના વિભિન્ન રૂપ હોઈ શકે છે. એ બધાને આપણે આપવાનું વિચારીએ તો કોઈ કૃષ્ણને ગાળો આપશે, કોઈ એને ઝેર પિવડાવશે, કોઈ તેને ગળી જશે, કોઈ એને ખાવા જશે, તો શું આ સેવા થશે?

અમારે મુંબઈમાં જ્યારે રોટલીમાં શ્રીનાથજી પ્રકટ થયા તો મને બધા બોલાવવા આવ્યા કે તમે ચાલો ભાખરીમાં શ્રીનાથજી પ્રકટ થયા છે. મેં એમને કહ્યું કે ''એ એટલા માટે પ્રકટ થયા છે કે હવે શ્રીનાથજી માની ગયા છે કે હવે આ બધા મને ખાધા વિના માનશે નહીં, તો ચાલો ભાખરીમાં પ્રકટ થઈ જાઉં.'' ''જાકી રહી ભાવના જૈસી પ્રભુ મૂરત તિન દેખી તૈસી'' શ્રીનાથજીને હવે નિશ્ચય થઈ ગયો છે કે આ બધા હવે અસુર પેદા થઈ ગયા છે, બકાસુર, અઘાસુર. સ્વરૂપમાં પ્રકટ થઈને શું કરવાનું છે? રોટલીમાં જ પ્રકટ થઈ જાઉં. તમારો મનોરથ પૂર્ણ **''ભક્તમનોરથ પૂરકાય નમઃ''**

આ રહસ્યને સમજો કે આપણે ત્યાં અઘાસુર-બકાસુર ની એક પણ લીલા સેવામાં નથી લેવામાં આવી. નલ-કૂબરને પણ વૃક્ષ પછાડ્યું તો આપણે ઠાકોરજીને ઉખલથી બાંધીને વૃક્ષની વચ્ચેથી ખેંચતા નથી. આ બધું આપણી અહીંની સેવામાં નથી લેવામાં આવ્યું. તેઓ બિચારા અસુર નથી અને એ લીલા પણ કૃષ્ણલીલા છે જ પરંતુ મહાપ્રભુજીએ તેને આપણી સેવાપ્રણાલીમાં નથી લીધી. એમણે બહુજ સમજી-વિચારીને કૃષ્ણલીલામાં કયા-કયા શાસ્ત્રાર્થ સ્થાપિત થઈ રહ્યા છે એની ઊંડી દૃષ્ટિ રાખીને કૃષ્ણલીલામાંથી લગભગ વીસ ટકા લીલાઓને આપણી સેવા-પ્રણાલીમાં રાખી. બાકીની એંસી ટકા લીલાઓ શ્રવણ-કીર્તનના ભરોસે છોડી દેવામાં આવી છે. આ બધી લીલાઓનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરો પરંતુ આ લીલાઓનું અર્ચન વંદન અને પાદસેવન ન કરો. તમારે જો આ લીલા ગાવી હોય તો ગાઈ શકો છો. જે કે આ બધાને આપણે લીલાની જેમ પણ નથી ગાતા, માહાત્મ્યના પદના રૂપમાં જ ગાઈએ છીએ.

જેમ કેટલાક પદ આપણે ત્યાં પ્રભુના માહાત્મ્ય તરીકે ગાવામાં આવે છે.

કેટલાક પદ સેવાના મંત્ર તરીકે ગાવામાં આવે છે. એટલે કે જે વખતે આપણે જે સેવા કરી રહ્યા છીએ તે વખતે સેવામાં જે ભાવના થવી જોઈએ એ ભાવનાને ઉભારવાવાળા એ પદ છે. જેમ એક પદ છે **''કહા આછી વ્હે જઈ હૈ જાત સુન જસુમતિ તુમ બડરન આગે જો છિન એક બિતાત.''** આપણે ઠાકોરજીને અભ્યંગ કરાવી રહ્યા છીએ. તે વખતે શું ભાવના કરવી! જેમ **''નંદકો લાલ પાલને ઝૂલે''**, જ્યારે આપણે ઠાકોરજીને પાલના ઝૂલાવી રહ્યા છીએ તો એ લીલાના જે ગાન છે તે આપણી સેવામાં મંત્રની જેમ આવી રહયા છે. બીજા એ પ્રકારના પદ બધા માહાત્મ્યના રૂપમાં જ આવી રહ્યા છે. તમે નલ-કૂબરનો ઉદ્ધાર કર્યો, તમે પૂતના મારી, જુઓ! આ બધા પદ માહાત્મ્યના રૂપથી જ આવી રહ્યા છે, ભાવનાના રૂપમાં નથી આવી રહ્યા. તેનો સેવામાં એક્શન નથી. એક્શનના રૂપમાં એ જ પદ લીધા છે જે લીલાના રૂપમાં આવી રહ્યા છે. પોઢાડતી વખતના, જગાવતી વખતના, પલનાના વગેરે પરંતુ એ પદોમાં આ ભાવના કરવામાં આવે છે કે આપણે જેની સેવા કરી રહ્યા છીએ એનું આવું માહાત્મ્ય છે. તારા દસ પ્રકારના માહાત્મ્ય હોઈ શકે છે પરંતુ અમે જે સેવા કરી શકીએ છીએ એનીજ ભાવનાને ઉભારવા માગી રહ્યા છીએ. આપણે ત્યાંની આખી સાધના-પ્રણાલીનું રહસ્ય આ છે.  આ રહસ્યને મહાપ્રભુજીએ બતાવ્યું છે. આ દાનને મહાપ્રભુજીએ આપ્યું છે આ અર્થમાં દાતા બડો છે. તે અર્થમાં દાતા બડો નથી કે દાનથી દાતા બડો છે પરંતુ એ દાનમાંથી શું લેવું કે એ દાનનો દુરૂપયોગ ન થઈ જાય. દાન લેવાવાળાનો સત્યાનાશ ન થઈ જાય.

હું અવારનવાર એક વાત કહેતો રહું છું કે ભરતપુરના રાજા પોતાના મહેલ ઉપર ઉભા હતા. તે સમયે કોઈ ગરીબે આવીને નીચે હલ્લો મચાવ્યો કે ''તમે મોજ મારી રહ્યા છો અને અમે દુઃખી છીએ.'' એ રાજાએ ઉપરથીજ એક સિક્કાઓની બોરી તેના માથાઉપર મારી દીધી. એ ગરીબનું માથું જ ફાટી ગયું. તો દાન કેવું આપવું? એવું આપવું કે એનું માથું જ ફાટી જાય! આવું દાન મહાપ્રભુજીએ નથી આપ્યું કે માથું જ ફાટી જાય. એવું આપ્યું છે કે હંમેશમાટે બધી સમસ્યાનું સમાધાન આવી જાય. એ અર્થમાં દાત બડો છે. કેટલો અંશ આપવા લાયક છે એ પસંદગી આપવાના અર્થમાં નહીં પરંતુ લેવાવાળાની

શક્તિના અનુસાર કર્યું છે.

એ જ વાત જુઓ પ્રભુદાસની વાર્તામાં પણ પ્રકટ થઈ રહી છે કે આપશ્રી પ્રભુદાસને કહી રહ્યા છે કે **"હાં મૈં તોકુ કંઠી દેઉંગો"** પરંતુ રામદાસને કહી રહ્યા છે કે **"નહીં, યે જીવ મર્યાદામાર્ગીય હે."** દાન આપવામાં કેટલા સંકોચી છે મહાપ્રભુજી. આપણે કહી રહ્યા છીએ કે **"અદેય-દાન-દક્ષશ્ચ મહોદાર-ચરિત્રવાન્"** (સર્વો.ના.૧૮) અદેયદાનના દક્ષની ક્યાં ગઈ મહા-ઉદારતા ! રામદાસને કેમ ન આપ્યું? કેમકે દાતા બડો નથી. દાનને કારણે દાતામાં બડપ્પન આવી રહ્યું છે. મહાપ્રભુજીને દાનની સમજ છે.

જુઓ, એક બીજું ઉદાહરણ સમજાવું. આપણે બીમાર પડી જઈએ અને કોઈપણ આવીને આપણને કોઈપણ દવા આપી જાય તે એક અને બીજું કે કોઈ આપણી સરખી રીતથી નિદાન કરીને દવાની પ્રકૃતિને જોઈને આપણો ઈલાજ કરે તો બંનેમાં કયું સારૂં? કયો દાતા બડો?

જ્યારે આપણે જાણી નથી રહ્યા કે માણસનો સ્વભાવ કેવો છે, દવાની પ્રકૃતિ કેવી છે અને દવા દાન આપતા જઈ રહ્યા છે આમ કહીને કે દાતા બડો. અરે ભાઈ, મરી જશે માણસ. એક જ દવા કોઈને માટે ઝેર થઈ જાય, કોઈને માટે અમૃત બની જાય. એ મહાપ્રભુજીએ નિદાન કર્યું છે કે કયો જીવ, શું આપવા લાયક છે! જેમ અચ્યુતદાસજીની વાર્તામાં આવે છે કે બ્રહ્મસંબંધના પછી અચ્યુતદાસજીએ પૂછ્યું કે "મહારાજ! ક્યા આજ્ઞા હે?" મહાપ્રભુજીએ કહ્યું કે **"શ્રીનાથજીકી સેવામેં જાઓ"**. અચ્યુતદાસજીએ કહ્યું કે "મહારાજ! સારો ઘર છોડકે આયો હૂં અબ મોસુ શ્રીનાથજીકી સેવા કૈસે બનેગી? આપ યદિ પ્રસન્ન હો તો મોકુ માનસી સેવાકો દાન કરો." મહાપ્રભુજીએ કહ્યું કે **"જા તોકુ માનસી દીની."** અને એમને માનસી સેવા સિદ્ધ થઈ ગઈ. તનુ-વિત્તજા વગર માનસી સિદ્ધ થઈ ગઈ, આ અર્થમાં અદેય-દાન-દક્ષ છે. પ્રક્રિયા અંતર્ગત તો માનસી, તનુ-વિત્તજાના પછી સિદ્ધ થાય. મહાપ્રભુજી ખુદ કહી રહ્યા છે 'વચસા' પરંતુ કાયાથી આપનું ચરણોદક આપ્યું છે. વાર્તામાં આવે છે કે મહાપ્રભુજીએ પોતાનું ચરણોદક આપ્યું છે અને માનસી શ્રીનાથજીની સિદ્ધ થઈ છે, મહાપ્રભુજીની નહીં. અને એટલી જબરદસ્ત માનસી સિદ્ધ થઈ કે

ગુસાંઈજી એમને પૂછતા કે "શ્રીનાથજીકી સેવા ઠીકસુ હો રહી હે કે નહીં?" ત્યારે તેઓ બતાવતા કે હા બરાબર થઈ રહી છે. તેઓ પોતે તો સેવામાં જતાજ ન હતા. અદેય-દાન-દક્ષતા મહાપ્રભુજીની આ અર્થમાં છે. મહોદાર-ચરિત્રતા મહાપ્રભુજીની આ અર્થમાં છે. દાનથી બડો દાતાના અર્થમાં નહીં. આપણે તેને ખોટા અર્થમાં ઘટિત કરીએ છીએ. આ બધું રહસ્ય આ પ્રભુદાસની વાર્તામાં જોઈએ તો સમજ આવી શકે છે.

મહાપ્રભુજીને ખબર છે કે આ પુષ્ટિજીવ છે. આ ખબર હોવા છતાં આપ કેટલી ધીરજ વરતી રહ્યા છે કે એમને બ્રહ્મસંબંધ આપી દીધું પરંતુ ઠાકોરજી ન પધરાવ્યા. ચાલો ઠાકોરજી ન પધરાવ્યા પરંતુ બ્રહ્મસંબંધનો મંત્ર તો લખીને આપી શકતા હતા. ઘણાઓને આવું કર્યું છે પરંતુ તે પણ ન કર્યું કેમકે એમને ખબર છે કે આ પ્રકારના ઝઘડામાં આને અત્યારે ફસાવીશ તો ધોબીનો કુતરો ન ઘરનો ન ઘાટનો એવી સ્થિતિ થઈ જશે. આ તરફ સેવા કરવા માગશે તે તરફ ક્લેશ થશે તેથી બંને વાતોનો મેળ જ નહીં ખાય. મહાપ્રભુજી સેવા પધરાવ્યા વિના આગળ પધારી ગયા તેનાથી મહાપ્રભુજીએ એમના હૃદયમાં વિરહ જગાવ્યો છે. વિરહથી સમર્પણ નહીં પરંતુ સમર્પણથી વિરહ. કોઈને વિરહથી સમર્પણ જગાવ્યું છે. વાર્તામાં એવા પણ ઉદાહરણ મળે છે. આ જે સારવારના ફેરફારો છે તે નિદાનના આધાર ઉપર છે કે કઈ દવા આને માફક આવશે! એક દવા હાથમાં આવી ગઈ અને તેનાથી બધાનો ઈલાજ કરવો એ તો 'ઉંટ વૈદ્યપણું' કહેવાય છે. "નીમ-હકીમ ખતરાએ જાન" મહાપ્રભુજી આવા નીમ-હકીમ નથી. એ તો બરાબર બીમારીને પરખીને દવા આપે છે. કેવીરીતે આ કરી શકશે., શું કરશે તો આની ભક્તિ વધશે **"યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે."** (ભ.વ.૧) કોઈને કથા બતાવે, કોઈને મંત્રસેવા બતાવે, કોઈને ઠાકોરજીની સેવા બતાવે, કોઈને તીર્થયાત્રા બતાવે, છેવટે શેના માટે? તે એટલા માટે કે જીવ જે પણ પ્રકાર પોતાની સાધના તરીકે અપનાવે તેનાથી તેની ભક્તિ, રૂચિ પ્રેમ આસક્તિ અને વ્યસન માં પરિવર્તિત થવી જોઈએ મુળ મુદ્દો આ છે મહાપ્રભુજીનો અને આના ડાઈગ્નોસિસ્ કરવાના અર્થમાં મહાપ્રભુજી એક્સપર્ટ ડોક્ટર છે. તેઓ બીમારને જાણી રહ્યા છે, બીમારીને જાણી રહ્યા છે, દવાઓને જાણી રહ્યા છે અને સ્વાસ્થ્યની એમને

પૂરી પરિકલ્પના છે કે આ જીવને સ્વાસ્થ્યને માટે દવાઓનો અનુપાત કેટલો હોવો જોઈએ. વધારે માત્રામાં દવાઓથી માણસ મરી શકે છે. કોઈને અમૃતના કુંડમાં ડુબાડી દઈએ તો તે મરી જશે અને કોઈને ઝેર પણ થોડુંક આપતા રહેશો તો દવાઓનું કામ કરી શકે છે.

પરંતુ તે વ્યક્તિ જાણકાર હોવો જોઈએ કે આને કેટલા હિસાબથી દવા જોઈએ. દવાની સરખી જાણકારી છે અને ખૂબ જાણકારી પણ આપી રહ્યો છે, દાતા બડો છે પરંતુ બરાબરરીતે ડાઈગ્નોજ્ નથી કરી શકતો. તો તો તે **''નીમ-હકીમ ખતરાએ જાન''** જ છે. મહાપ્રભુજી એ પ્રકારના દાતા નથી. મહાપ્રભુજીને ખબર છે કે આમાંથી કેટલું આને આપવું છે અને જેમ આજ-કાલ ઈન્સ્ટોલમેન્ટ થાય છે તેમ તે દાન આને કેટલા ઈન્સ્ટોલેશનમાં આપવું એ બધી ગણત્રી કરીને મહાપ્રભુજી દાન આપે છે. પહેલા કિસ્સામાં કેવળ બ્રહ્મસંબંધ આપ્યું. મહાપ્રભુજીના નિદાનની બ્યૂટી જુઓ. કેમકે હજી જોડાયો છે રામદાસથી તો પહેલા તબક્કામાં ઠાકોરજી પધરાવવાની ખોટી ઉતાવળ ન કરવી. કેવળ બ્રહ્મસંબંધ આપ્યું. તેના કારણે મનમાં એ વિરહ ઉત્પન્ન કરાવ્યો કે મેં બ્રહ્મસંબંધ લીધું છે તો હું તો સેવા કરવાનો અધિકારી છું પરંતુ સેવ્યની સેવા તો મળી નથી. તો મારો અધિકાર વ્યર્થ જઈ રહ્યો છે. કયા રૂપમાં **''પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેશ્યતે વરે''** (અંતઃ.પ્ર.૮) તેમાં એક પ્રકારની પ્રૌઢતા લાવ્યા છે, તેને મેચ્યોર બનાવ્યા છે ત્યારે તેનું મન સેવા કરવા માટે તડપી રહ્યું છે.

આ બધી વાતોનો વિચાર કર્યા વિના 'દાતા બડો', એમ એકતરફી વચનોની ઝડાબાજીથી વચનનો અર્થ નિરર્થક બની જાય અને અન્યથા બોધ થાય છે. આ વાતની સાવધાની આપણે રાખવી જોઈએ.

***

## ।। પરિશિષ્ટ–૨ ।।

### ।। સામગ્રી પ્રદર્શનોત્સવ* ।।

એક વખત ક્યાંક એક બેઠકમાં કોઈ ઉત્સવ વિશેષઉપર હું આમંત્રિત હતો. ઉત્સવ તો આખરે ઉત્સવ જ હોય છે. જો માનવ જીવનમાં ઉત્સવ ન હોય તો પછી જીવવા લાયક શું રહી જશે? હકીકતમાં આપણે ઉત્સવની ઘડીઓ અને તેની અમિટ સ્મૃતિઓમાં જ તો જીવીએ છીએ. આપણા પુષ્ટિમાર્ગમાં આમેય પણ પુષ્ટઉત્સવ હોય છે. અતઃ ઉત્સવમાં જીવવું તો અવશ્ય સૌભાગ્યની વાત છે, પરંતુ આપણી શ્રદ્ધા પણ જો કેવળ ઉત્સવોમાં જ જીવી શકતી હોય તો હું સમજું છું કે આપણે ઉત્સવને જીવી નથી રહ્યા પરંતુ મરી રહ્યા છીએ.

ઉત્સવો ઉપર જેમ હંમેશા ભીડ તૂટતી હોય છે તેમ તૂટી હતી અને હું પણ એ ભીડમાં સામેલ હતો. ખૈર, ખૂબ સામગ્રી આરોગાવવામાં આવી. એટલી કે જેટલી અન્નકૂટ કુનવારા અને છપ્પનભોગ ઉપર પ્રાપ્ત આરોગાવવામાં આવે છે. સંભવતઃ આ ત્રણેયમાંથી કાંઈક હતું. પરંતુ નામ થોડો કાંઈ મતલબ રાખે છે! મતલબ તો રાખે છે સામગ્રી કેમકે સામગ્રીમાં જ તો બધા સ્વાદ હોય છે. નામોમાં ભલા શું સ્વાદ હોઈ શકે છ? અને આ નામો અને નામોવાળી સેવાઓમાા રહેલો ભાવ તો આજે પુષ્ટિમાર્ગની સૌથી વધુ બેસ્વાદ વસ્તુ છે, એને કોઈ ચાખવા નથી માગતું. કહેવામાં આવે છે કે પ્રભુ 'ભાવ'ના ભૂખ્યા છે અને આ જ કારણ છે કે પુષ્ટિજીવ હોવાના કારણે આપણે પ્રભુસુખનો વિચાર કરીને ભાવ તો ક્યારનોય આરોગાવી દીધો છે. આપણી પાસે હવે પ્રભુના ભાવને આરોગી જવાથી કેવળ બચી ગઈ છે સામગ્રી જેને એમના સામે ધરાવી–ધરાવીને આપણે આરોગી રહ્યા છીએ. ભાવનો સ્વાદ ભગવાન તો જાણે જ છે પછી આપણે કેમ ન સામગ્રીનો સ્વાદ ચાખીએ? આ જ કારણ છે કે ભગવાનના પ્રસાદના રૂપમાં આપણને ભાવ નથી મળતો. પરંતુ ન મળે

---

*શ્રીકૃષ્ણદાસ મેઘનજીની વાર્તાપ્રવચનમાં આ આલેખનો સંદર્ભ ઉદ્‌ધૃત કરેલ હોવાથી, 'વલ્લભ વિજ્ઞાન' નામના માસિક, સપ્ટેમ્બર ૧૯૬૯ ના અંકમાં પ્રકાશિત આ લેખનું અહીં સંબલન કરેલ છે.

તેનાથી શું ફરક પડશે? કેમકે સામગ્રી જેમાં બધા સ્વાદ છે બધા પરિમાણ છે, દૂનાથી કૂટ સુધીના, અને બધા પ્રકાર છે, એકથી છપ્પન સુધી, એ જ તો મળે છે. ઓહ! ક્ષમા કરજો. તમે કહેશો આ શું અસંગત વાત ચાલૂ કરી દીધી છે. પરંતુ આજે આપણે બધા સિદ્ધાંત તેમજ વ્યવહાર ની વિસંગતીના નગ્ન ઉદાહરણ છીએ તો પછી અસંગતતા પણ એટલી અસંગત ન લાગવી જોઈએ. તમે કહેશો કે અસંગત વાત કરવી બુદ્ધિમત્તાનું લક્ષણ તો નથી. તો શું ભાવહીન અન્નકૂટ, કુંડવારો અને છપ્પનભોગ આરોગાવવાવાળા આપણે પુષ્ટિમાર્ગીઓમાં પુષ્ટિબુદ્ધિ પણ બચી રહી ગઈ છે શું?

પરંતુ હું તો એક બેઠકમાં થયેલા એક મનોરથની વાત કરવા માગતો હતો. હાં મનોરથ તો એક એવી વસ્તુ છે કે જેની કોઈ અન્ય ગતિ જ નથી, સિવાય આના કે તેને ઠાકોરજી ઉપર બળપૂર્વક લાદી દઈએ. ''મનોરથાનામ્ અગતિર્ન વિદ્યતે'' તમે પૂછશો 'બલાત્' કેવીરીતે? તો આનું પણ એક રહસ્ય છે અને તે આ કે આપણા મનોરથમાં પ્રભુ બિરાજવા નથી માગતા અને આપણે છીએ કે એમને જબરદસ્તી બિરાજાવી દઈએ છીએ. સંભવતઃ તમે પ્રશ્ન કરશો કે મને કેવીરીતે ખબર પડી કે પ્રભુ બિરાજવા નથી માગતા. તો હું તમનેજ પૂછું છું કે બતાવો તમારા મનોરથ માત્રથી ભલા પ્રભુ શા માટે છપ્પનભોગ, કુંડવારો વગેરે આરોગશે? તમે કદાચ વિચારશો કે હું પુષ્ટિમાર્ગના સિદ્ધાંત સમજતો નથી અથવા તો ભૂલી ગયો છું. પરંતુ હકીકતમાં વાત આ નથી કેમકે આપણે આજે પુષ્ટિમાર્ગીય ક્યાં બચ્યા છીએ? આપણે તો હવે બધા મરજાદી મોડા થઈ ગયા છીએ. કહેશો કે મરજાદી મોડા તો પુષ્ટિમાર્ગમાં જ હોય છે મર્યાદામાર્ગમાં નહીં. જુઓ તમે સીધુંસરળ વ્યાકરણ નથી સમજતા, કેમકે મરજાદીનો મતલબ થાય છે-જે મર્યાદામાં રહેતા હોય. હવે તમેજ કહો ભલા મર્યાદા અને ભાવનો શું સંબંધ? મર્યાદા તો મર્યાદામાર્ગમાં હોય છે અને પુષ્ટિમાર્ગમાં ભાવની પ્રધાનતા હોય છે મર્યાદાની નહીં. પરંતુ સંભવતઃ તમે હજુ પણ જિદ્દ કરી રહ્યા છો કે આપણે ત્યાં તો બધી વાતો રીત અને મનોરથ ભાવથી જ થાય છે મર્યાદાવશ નહીં. આપણા પુષ્ટિમાર્ગમાં ભાવની પ્રધાનતા છે. અહીં તે નથી કે શાસ્ત્ર કહેવું હોય તો ''ફલં સમર્પયામિ'' તો ફલ રાખી દીધું ''જલં સમર્પયામિ'' તો જલ રાખી દીધું. અહીં તો બધુંજ કાંઈ ભાવથી

રાખવામાં આવે છે.

પરંતુ......

વાત આમ હતી કે એક દિવસ બહુજ મોટી ભીડ હજારોની સંખ્યામાં આખા રસ્તાઉપર ઠાંસી-ઠાંસીને ભરાયેલી ક્યાંક જઇ રહી હતી. તેઓ પણ તેમાં સામેલ થઇ ગયા. બહુજ દૂર જઇને પરંતુ સમજમાં આવ્યું કે ક્યાંય મંદિરમાં કોઇ મનોરથના દર્શન ખૂલ્યા છે. મંદિરની અંદર જઇને ખબર પડી કે છપ્પનભોગના દર્શન ખૂલેલા છે. કાંઇક નવાઇ લાગી કે જ્યારે ચારેબાજુ અન્નની આટલી કમી છે કે હજારો લોકો ભૂખે મરી રહ્યા છે, બિચારા એટલા પીડિત અને ઉપેક્ષિત છે કે પોતાનો ધર્મ પણ વેંચી રહ્યા છે. કેમકે ઓછામાં ઓછું ધર્મ પરિવર્તન કરવાથી બૂંદી મોહનથાળ ઠોર મસૂક વગેરે નહીં તો રૂખી-સૂખી રોટીનો ઉપાય તો જરૂર મળી જશે. આપણા ધર્મમાં ગરીબો તેમજ શોષિતોની સંભાળ લેવાવાળા કોઇ નથી. હૃદય ગદ્ગદ્ થઇ ગયું આ વિચારીને કે આવા વિકરાલ અવસર ઉપર અને આટલી મોંઘવારીના જમાનામાં કોણ એવા ભગવદીય હશે જે સર્વસ્વસમર્પણપૂર્વક ભગવાનના વિભિન્ન મનોરથી કરી રહ્યા છે? સ્વયંસેવકોનું માર્ગદર્શન, તેમજ ઝાપટીયાઓની ઝપટની વચ્ચે પ્રભુસુખના આનંદનો ખયાલ કરીને અને ભીડની ધક્કા-મુક્કીની બેવકૂફીને સહન કરીને પ્રભુની સામે પહોંચ્યા તો પ્રભુને પૂછ્યું ''આ મહાન અનુગ્રહનું શું વર્ણન કરી શકાય છે કે આવા વિકરાળ કાળમાં પણ આપ જીવપાસેથી સર્વસ્વસમર્પણ કરાવીને છપ્પનભોગ આરોગી રહ્યા છો. અને 'ભકતમનોરથપૂરકતા'' જતાવી રહ્યા છો!''

પ્રભુએ જવાબ આપ્યો ''નહીં આજ મેં એક પણ સામગ્રી નથી આરોગી. કેમકે પુષ્ટિપદ્ધતિથી નિવેદિત નથી કરવામાં આવી.'' એમને બહુ નવાઇ લાગી કે કેવા જીવ છે! આટલું કહેવાનું પણ યાદ નથી રાખતા કે ''પ્રભુ આટલી બધી સામગ્રી આપ મહાપ્રભુજીની કાનિથી આરોગજો'' અન્યથા આવી કાનિ તો પ્રભુ તોડતા પણ નથી. કોણે ધુપ-દીપ કર્યા હશે, કોણે પટ બંદ કર્યા હશે. એમને જ પૂછતા તો ખબર પડત. પરંતુ ભીડ પણ તો એક બૂરી બલા છે કે ટકવા જ નથી દેતી. વિચાર ઉઠતા તો ભીડના કારણે ક્યાંથી ક્યાં ખિસકવું પડ્યું. કોઇ ઉપાય ન હતો કે કોને પૂછીએ! હવે વેષ પણ તો એવો ન

હતો કે કોઈ ખાસ દરકાર કરવામાટે તૈયાર થાય જેથી અંદર ઘુસવાનો મોકો મળી શકે. ફલતઃ એમને એક ઉપાય શોધવો પડ્યો અને તે આ કે પૂછ-પરછ કરીને જાણકારી મેળવવામાં આવે કે આ મનોરથ કોણે કરાવ્યો, શામાટે કરાવ્યો અને કેવીરીતે કરાવ્યો છે?

ખબર પડી કે આ મનોરથ તો છપ્પનભોગ કમિટીનો છે. છપ્પનભોગ કમિટી શામાટે બની અને કેવીરીતે આ મનોરથનો વિચાર હૃદયમાં આવ્યો? તો જવાબ મળ્યો કે આજ-કાલ મનોરથોની ઋતુ ચાલી રહી છે. આણે પચાસહજાર રૂપિયા લગાવીને અને એમણે સવાલાખ રૂપિયા લગાવીને મનોરથ કર્યો તો આ જરૂરી હતું કે કોઈ એક મનોરથ અહીં આ મંદિરમાં પણ થવો જોઈતો હતો. ફલતઃ મોટા-મોટા શેઠિયાઓની એક કમિટી બનાવવી પડી કે કોઈરીતે ફાળો માગી શકાય અને કાંઈ નહીં તો એટલા માટે કે જે જથ્થાબંધ માલ બીજાને છુટકમાં વેંચતા કે ખરીદતા હોય તો એજ સંબંધના કારણે કાંઈક ને કાંઈક ફાળો તો આપવો જ પડશે. જો સો-સો રૂપિયા પણ સો જણા પાસે માગે તો દશહજાર રૂપિયા તો એમજ ભેગા થઈ જઈ શકે છે. અને બાકીના રૂપિયા પહોંચો છપાવીને કે છપ્પનભોગ થવાનો છે, રૂપિયા-બે-રૂપિયા, ઘીનો ડબો, લોટ, ખાંડ જે પણ સેવા કરી શકતા હો કરો.

તેઓ વિચારી રહ્યા હતા કે શું પ્રભુની લીલા છે ક્યાં તો લક્ષ્મીના સાક્ષાત્ પતિ અને ક્યાં રૂપિયા-બે-રૂપિયાના ફાળા ઉપર લાડૂ આરોગવાની સ્થિતિ.

એમણે વિચાર્યું કે શું ક્યાંક આ બધા લોકોએ સ્વધર્મનો જ તો ત્યાગ નથી કરી દીધો! પરંતુ બાહ્યાડંબરથી આવું પણ જોવામાં ન આવ્યું. અંતે એક મોટા શેઠ, જેમણે ખૂબ ફાળો આપ્યો હતો, એમનું રૂપ લઈને ફરી ગયા. આ વખતે ભીડનો ત્રાસ વધારે સહન ન કરવો પડ્યો કેમકે તૂરતજ બોલાવી લેવામાં આવ્યા. ભેટ કરી ત્યારે મુખિયાજી બીડા આપવા આવ્યા ત્યારે પૂછ્યું, મુખિયાજીએ જવાબ આપ્યો કે આટલીબધી સામગ્રી સજાવીને ધરવાની (ઠાકોરજીની તરફ નહીં પરંતુ દર્શનાર્થીની તરફ) ભાગાભાગીમાં જુની રીતનો ખ્યાલ કોને રહે છે કે પ્રભુ કોની કાનિથી આરોગે છે અને કેવીરીતે નથી આરોગતા. મુખિયા બોલ્યો--અને આમ તો સામગ્રી જ બનાવવાવાળા બધા કોણ હૃદયથી વૈષ્ણવ હતા કે જુની રીત નભી શકે. આ તો બધા છપ્પનભોગના

માટે ભાડા ઉપર બોલાવવામાં આવ્યા હતા તેથી અપરસમાં નહાવાના પહેલા કંઠી અપાવી દેવામાં આવી હતી. એ કંઠી પણ એમનો પગાર ચુકવ્યા પછી અને આટલીબધી સામગ્રી બનાવવાની મહેનત પરસેવો અને બીજા ઘી વગેરેની દુર્ગંધના કારણે તોડીને ફેંકી દેવામાં આવશે.

એમણે પૂછ્યું ''પરંતુ આટલી સામગ્રી શામાટે ધરો છો?'' મુખિયાજીએ જવાબ આપ્યો ''અમે શું જાણીએ, કમિટીને પૂછી લ્યો, મહારાજશ્રીને પૂછો. અને પાછું છપ્પનભોગમાં આટલી પણ સામગ્રી ન આવી તો છપ્પનભોગ જ શેનો? તમે પુષ્ટિમાર્ગમાં હમણાંજ નવા-નવા આવ્યા લાગો છો!!!'' મુખિયાજીએ કહ્યું.

એમણે કહ્યું ''પરંતુ મારા પુષ્ટિમાર્ગમાં તો કોઈ એવી મર્યાદા નથી કે ભગવાનની સેવા, ભીખ ફાળા પહોંચ સમાધાની જેવી વ્યાપારિક પ્રણાલીથી ચલાવવામાં આવે. મારા પુષ્ટિમાર્ગમાં તો ભાવની પ્રધાનતા હતી. અહીં તો હરિફાઈ અનુકરણ અને થોથી મર્યાદા, જેને ન શાસ્ત્રનો આધાર પ્રાપ્ત છે અને ન ભાવનો. કદાચ આ કોઈ નવો મર્યાદામાર્ગ તો પુષ્ટિમાર્ગના નામ ઉપર નથી ચાલી નિકળ્યો! અન્યથા સર્વસ્વ સમર્પણનો આદર્શ સેવા અને મનોરથનો આ વ્યાપારિક ધર્મભ્રાંતિથી શું સંબંધ હોઈ શકે છે?

મુખિયાજી પણ ચકરાઈ ગયા કે આ બધી અસંબદ્ધ શું વાત થઈ રહી છે! અરે; આ અસંબદ્ધતાના પ્રયોગથી મને સ્મરણ થઈ આવ્યું કે હું તો તમને એક બેઠકમાં થયેલા મનોરથની વાત સંભળાવી રહ્યો હતો.

હાં, તો વાત એમ થઈ કે એ બેઠકમાં હજારો માણસો મનોરથના દર્શન કરવા આવેલા હતા. એ બેઠક પણ તો ગામથી દૂર જંગલમાં હતી. ત્રણ-ચાર દિવસોની સતત મનોરથોની અનિયમિતતામાં આખો દિવસ ભૂખ્યા રહીને જ્યારે પ્રસાદ મળતો હતો તો અમે લોકો ખૂબ ખાતા હતા અને પછી ચારેબાજુના જંગલમાં જૂઠણ પાતળોના ઢગલા અને પછી અહીં-તહીં લોકો જે શૌચને માટે ખૂલ્લા મેદાનનો ઉપયોગ કરી રહ્યા હતા, આજુબાજુના ગામની કેટલીક સ્ત્રીઓ ત્યાં બકરી ચરાવતી આવી. તેઓ ગંદકીથી ત્રાસ પામીને અંદરોઅંદર વાત કરવા લાગી ''શું આ લોકોનો ધર્મ ખૂબ ખાવા-પીવા અને

ગંદકી ફેલાવવાનો જ છે?''

હું ત્યાંજ પાસે ઉભો હતો. મને ખબર હતી કે આજુબાજુના વિસ્તારમાં અન્નના અભાવથી પીડિત જનતાને અન્યધર્મી અન્નની સહાયતા પહોંચાડી રહ્યા હતા. અમે એ વખતે પરંતુ ''સામગ્રી-પ્રદર્શનોત્સવ''નો આનંદ લઈ રહ્યા હતા.

મહાપ્રભુજીએ સંપ્રદાયની સ્થાપના દૈવી જીવોમાં ભક્તિના પ્રચારને માટે કરી હતી. શું ''સામગ્રી-પ્રદર્શનોત્સવ''થી શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિનો પ્રચાર થાય છે?

***

# અમૃતવચનાવલી

**શ્રીનાથજી**

**(ક)** શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે ''મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૂટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ''. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!''. **(શ્રીનાથજી, ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)**

**(ખ)** એક દિવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ તેની સામગ્રી સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દિવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૂબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા : ''તેં મારા માટે સામગ્રી કેમ લીધી? તે અમે કેવી રીતે આરોગીએ?''

**ભાવપ્રકાશ :** આમાં એ જતાવ્યું કે પારકી, બીજાની સત્તા, સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈ પણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવી. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી. **(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈવા.પ્ર.૨)**

**શ્રીમહાપ્રભુજી**

**(ક)** જે કટોરી(ગિરવિ) મૂકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો(પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય ક્યારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો''. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા. **(ઘરુવાર્તા-૩)**.

**(ખ)** શ્રીભાગવતનો પાઠ પોતે જ કરવો જોઈએ. લૌકિક(ફંડફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર-પુણ્ય-પ્રાયશ્ચિત્ત) કોઈ પણ હેતુ-પ્રયોજનથી શ્રીભાગવતનો પાઠ કે તેનું શ્રવણ કરવું ન જોઈએ. પ્રાણ કંઠ સુધી આવી ગયા હોય તો ભૂખ્યા મરી ભલે જવું પણ ભાગવતની કથા યજમાન પાસેથી દક્ષિણા લઈને આજીવિકા માટે ન જ કરવી. **(તત્ત્વાર્થદીપનિબન્ધ)**

(ગ) કથા-કીર્તન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ લોકોના મનોભાવને, તેઓ ભગવદ્ગુણગાન કરતા હોય તો પણ, મોઢું-મળ વગેરેને ધોતાં નીકળેલા ગંદા પાણીના નિકાલ માટે ખોદેલા ખાડા (સેસ્પોલ-ગટર) જેવા જાણવા. ભાગવત વગેરેની કથા કરીને દક્ષિણા લેનારા કથાકારો પણ આવા નીચ કીર્તનકારો (ગટર) જેવા જ હોય છે. તેથી આવા નીચ લોકોદ્વારા કરવામાં આવતા કથા-કીર્તન પુષ્ટિમાર્ગીઓએ ન સાંભળવા.

**(જલભેદ)**

**શ્રીગોપીનાથપ્રભુચરણ**

...શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...''.

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને તમે રાજી થયા?''.

ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ(દેવદ્રવ્ય) ઊપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૂળ નાશ થશે''.

આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો આવો જ છે''.

**(૮૪ વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સમ્ભલવાળાની વાર્તા)**

**શ્રીગુસાંઈજી શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ**

(ક) ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણ-પોષણ) ચલાવવામાટે પૈસા કમાવવાના રૂપમાં જે શ્રવણ-કથા-કીર્તન-સેવા વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો ખેતી-વાડીના ધંધાની માફક 'લૌકિકકર્મ' જ કહેવા જોઈએ (ધર્મ-ભક્તિ કદાપિ નહીં). (જો કોઈ અધમ માણસ) જાજરૂ જઈને પોતાના મળને ધોવા માટે ગંગાજળનો ઉપયોગ કરે તો શું તેને ગંગાસ્નાનું શાસ્ત્રોક્ત ઉચ્ચ ફળ મળી શકે? ના. પવિત્ર ગંગાનો આવો દુરુપયોગ કરવાથી તો તેને માત્ર અને માત્ર પાપ જ લાગે છે. આ જ પ્રમાણે જેઓ પૈસા કમાવવામાટે પ્રભુની સેવા-કથા કરે છે તેઓને પણ તેવી સેવ-કથાનું કંઈ પણ ફળ મળતું નથી. ઉલટાનું, આવા અધમ આચરણને કારણે તેઓ પાપના જ ભાગીદાર બને છે. (**ભક્તિહંસ**).

(ખ)આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે ક્લેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક ક્લેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી. **(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ)**

(ગ) શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે ''મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૂટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ''. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!''

**(૮૪વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા, પ્ર.૧૦)**

**શ્રીગોકુલનાથજી**

પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર-આભૂષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

**(શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ : ૨૪ વચનામૃત)**

**શ્રીઘનશ્યામાત્મજ ગોપીશજી**

સેવામાં જરૂરી તેવા ધન-સામગ્રી-સાજ વગેરે ન હોય તો સેવા કેમ થઈ શકે! આ બધું વસાવવામાટે બીજો કોઈ ઉપાય ન હોય તો કોઈક પાસેથી ઉધાર લઈને કે કોઈક પાસેથી માંગીને કે ફંડ-ફાળો કરીને સેવા-મનોરથ કરી શકાય કે નહીં?

ઉપરોક્ત શંકાને દૂર કરવામાટે શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે આવી પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસુખ-સેવા સમ્બન્ધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ''ઉધાર લઈને કે કોઈ પાસેથી માંગીને પણ હું સેવા-મનોરથ કરીશ જ'' આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેનાથી જે બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે ઠાકોરજી માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તે કરવું આવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો શ્રીમહાપ્રભુજીનો આશય છે.

**('વિવેકધૈર્યાશ્રય' વિવૃતિ શ્લોક ૪)**

**શ્રીહરિરાયમહાપ્રભુ**

જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીકી સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથી જ પોતાના ઠાકોરજીમાટે પોતાના જ અલગથી મૂકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઈને તેને મૂડી તરીકે રાખીને તેની કોડી વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઈના પૈસાથી

પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ મોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શક્યા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શક્યો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડ્યા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલાવી, (તે દિવસે) પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ કે શ્રીઠાકુરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખકલેશ ન કર્યો. **(ભાવપ્રકાશ. ૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).**

૧૧મો અપરાધ : અવૈષ્ણવ જો પોતાના સેવ્ય શ્રીઠાકોરજીના દર્શન કરી લે તો.
ફળ : એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે.
પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.
૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું.
ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.
પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનું પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.
૩૫ મો અપરાધ : શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન.
ફળ : 'અસિપત્ર' વગેરે નામના ઘોર નરકોમાં પાત થાય.
પ્રાયશ્ચિત્ત : વૈષ્ણવ અને શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરવા.

**(ષટ્ષષ્ઠિરપરાધસ્તત્ફલાનિ-પ્રાયશ્ચિત્તાનિ ચ)**

**ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ**

મહેનતાણા (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે રૂપીઆ આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. તે જ પ્રમાણે, જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી મહેનતાણા તરીકે રૂપીઆ લેવામાં આવે તો યજમાન વતી કર્મ કરનાર ગોર-

મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેમ પારકા પૈસે સેવા કરનારની ભગવત્સેવા પણ નિષ્ફલળ જાય છે. દક્ષિણા આપીને યજમાન ગોર-મહારાજદ્વારા જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીનેં ગોસ્વામિ-મહારાજોદ્વારા હવેલી-મન્દિરોમાં કરાવે છે તેમ -અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો? ઉત્તર : કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે(પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી)જ ભગવત્સેવા કરવી જોઈએ.

**(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ પ્રકાશ. શ્લોક ક્ર. ૨)**

## શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી

અહીં ભક્તિવર્ધિની ગ્રન્થમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન (ગૃહે સ્થિત્વા) હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઈ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં જેમ અત્યારે ભેટ-સામગ્રી આપીને નિત્ય કે મનોરથ ની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવો એ પુષ્ટિમાર્ગમાં પરમ ધર્મ માની લીધો છે તેમ) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી.

**('ભક્તિવર્ધિની' વ્યાખ્યા શ્લોક-૨)**

## નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ

લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઈચ્છાથી જે ભગવત્સેવા-કથા કરે છે તે (લોકાર્થી) દરેક પ્રકારે ક્લેશ પામે છે. તેથી, કંઈક ભેટ-સામગ્રી મળી રહે તેમાટે જે સેવા-કથા વગેરે કરે છે તે 'પાખંડી' અને 'દેવલક' કહેવાય છે. તેથી સેવા-કથા કરવામાં આર્થિક વગેરે લાભ કે પદ-પ્રતિષ્ઠા ની કામના રાખ્યા સિવાય જેમાં નિષેધ નથી તેવા પ્રકારે એટલે કે ''મારું લૌકિક સિદ્ધ થાય'' એવી કામનાથી જે સેવા-કથા કરતો હોય તેને 'લોકાર્થી' કહેવાય છે.

**(સિદ્ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).**

## નિ.લી.ગો. શ્રીમટ્ટુજી મહારાજ

જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

**(૩૨ વચનામૃતો : વચનામૃત પાંચમું)**

**ગોસ્વામિતિલકાયિત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ**

શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજી (શ્રીનાથજી)નું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

**(ડેક્લેરેશન મિતિદ્વ ભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯=તા.૫-૯-૧૯૩૨).**

**નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી, રાજનગર.**

...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે... શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

**(વચનામૃત = ૪૮૪-૮૭)**

**નિ.લી. ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ, અમરેલી**

મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. ... ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

**(મહારાજશ્રીના આમ-મુખત્યાર : ''અમેરેલી હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' મુદ્દા ઊપરઈ.સ.૧૯૦૯-૧૦માંગાયકવાડીવડોદરારાજ્યનીકોર્ટમાંઆપવામાંઆવેલીજુબાની).**

**પંચમગૃહાધીશનિ.લી.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, કામવન**

જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવ ધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમાં, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

**('આશ્રય' એપ્રિલ ૧૯૮૭).**

**નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત**

**વકીલ :** જો પુષ્ટિમાર્ગીય કોઈ પણ મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

**પૂ.પા.મહારાજશ્રી :** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

**(''નડિયાદની હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગના વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની).**

**દ્વિતીયગૃધીશ નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ, ઈન્દૌર-નાથદ્વારા**

આપણો પ્રમુખ સિદ્ધાન્ત છે 'અસમર્પિતનો ત્યાગ'. ઉત્તમ ઉપાય તો તે જ છે કે ઘરમાં જે પણ રસોઈ બને તે પ્રભુને ભોગ ધરીને પછી જ મહાપ્રસાદ લેવો. ... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ ઉત્તમ નહીં બને. સાનુભાવતા ક્યારે સિદ્ધ થઈ શકે? જ્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને. ...આજે આપણે (ઘરમાં બિરાજતા સેવ્ય) હીરાને પારખી નથી શકતા. સાચા હીરાને ઝવેરી જ પારખી શકે. સ્થિતિ કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મન્દિરોમાં?) ભાગી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપી સાચો હીરો જ આપણને આપ્યો છે. ભગવાન્ ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમીશ્વરમ્''. ભગવાનને ઓળખવામાટે તો દિવ્યતા પ્રાપ્ત થવી જોઈએ. દિવ્યતા જ આત્મબળ છે. ... તેથી મારો તો આપ લોકોથી સાગ્રહ અનુરોધ છે કે આત્મબળને પ્રાપ્ત કરવામાટે પોતાનો કંઈક દૈનિક નિયમ બનાવો. ષોડશગ્રન્થના પાઠનો નિયમ લો...

**(શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪).**

**નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ, મુંબઈ-કિશનગઢ**

(ક) અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠકોરજીને ગોસ્વામી-સંબંધથી

જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલેકે ભેટ કરીને, રિલીજિયસ એંડૉમેંટ ના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ જલાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જ્યારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે(જાહેર હવેલીઓની) પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

(ખ) ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો...ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે. આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઈએ.

**(ક:'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭; ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)**

**તૃતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, કાંકરોલી-વડોદરા**

(ક) વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજના જ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દૃઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેય જ સધનારું છે.

(ખ) મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામેં વિશેષરૂપથી આગળ વધવા ઈચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા

પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જ સેવા કરવા યોગ્ય બને છે... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

(ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્ સમ્બન્ધ અને ભગવત્ સેવા ને જ પ્રધાનતા આપવામાં આવી હતી. બાદમાં પરિલક્ષિત થાય છે કે આમાં પણ કંઈક અંતર આવી ગયું. ... આજના સમયમાં, મને એવું પ્રતીત થાય છે કે આપણે તે ચરિત્રને ભૂલી અને પાછળથી મુખ્ય બનેલા કેવળ ભાવાત્મકરૂપને લઈ બેઠા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે. ... હું માનું છું કે ચરિત્રોનો વિચાર કરવામાં સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે.

**(ક:તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮: ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫: ગ: શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯).**

## નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ, મુંબઈ-મદ્રાસ

આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઓર વહી અનર્થોંકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવનપર'' ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં! ...આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આ ગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

**(વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫)**

## નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ, પોરબન્દર

(ક) જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા

શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (પાપ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદા પ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(ખ) તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર(=હવેલી ચલાવનાર ગો.બા., ટ્રસ્ટી, મુખીયા વગેરે) વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને (''પૈસા ફેંક તમાશા દેખ'' કરનાર મનોરથી) સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર (ઘરમાં ઠાકોરજી પધરાવીને પાતાના તન-મન-ધનથી સેવા કરનાર) દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે : કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી

**(ક : સુધાધારા ૧૧૪૬ખ : સુધાબિન્દુ ૭૩)**

## નિ.લી.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ, મુંબઈ-પોરબંદર

પ્રશ્નઃ આપશ્રીને ભક્તો તરફથી ઘર અગર જમીનો ની ભેટ અપાય છે તે ઘર અગર જમીન તમે વેચો છો તે શાસ્ત્રોક્ત છે? કારણ, શાસ્ત્રમાં ગાય, દીકરી, જમીન તથા ઘોડા ના વેચાણના પૈસા લેવાનો નિષેધ છે. તો ઊપરના પૈસાનો શો વ્યય કરો છો?

ઉત્તરઃ અત્રે ખુલાસો કરી દેવો પણ અમે અગત્યનો ગણીએ છીએ કે વૈષ્ણવ ભેટ કરવાની વસ્તુ ગુરુશ્રીને ભેટ કરી દઈ તે વસ્તુ ઊપરની પોતાની સત્તા(માલીકી) ઉઠાવી લઈ ગુરુની સત્તાનું સ્થાપન તે વસ્તુ ઊપર કરી દે છે. પછી ગુરુશ્રી તે વસ્તુ પોતાના ઠાકોરજીને અંગીકાર કરાવે છે. હવે પ્રસંગ એવો ઉપસ્થિત થાય કે જેમાં મકાન અથવા જમીન વેચ્યા સિવાય ઠાકોરજીને શ્રમ પડવાનો સંભવ લાગતો હોય તેવા પ્રસંગે ...મકાન ન વેચવાની શાસ્ત્રાજ્ઞા ન પળાય તેમાં કશી હરકત હોઈ શકેજ નહિ.

પ્રશ્ન : મન્દિરો ધર્મસ્થાન છે કે વેપારી પેઢી છે?એમાં ભેગા થતા પૈસાનો ઉપયોગ વૈષ્ણવોનાં ભલાં માટે થાય છે કે મહારાજોના વૈભવવિલાસ માટે?

ઉત્તરા : શ્રીવલ્લભસમ્પ્રદાયની હવેલીઓ એ શ્રીવલ્લભવંશજ ગોસ્વામીશ્રીઓની માલીકીનાં ઘર છે. વ્યાપારી પેઢી નથી. તેમાં ભેગા થતા પૈસાનો ઉપયોગ વૈષ્ણવોના ભલા માટે થાય છે જેવા કે સામ્પ્રદાયિક પાઠશાળા ચલાવવી, ગ્રન્થો છપાવી વૈષ્ણવોને સામ્પ્રદાયિક જ્ઞાનથી વાકેફગાર બનાવવા વગેરે. જો કે મુખ્યપણે તો શ્રીઠાકોરજી માટે જ થાય છે. એથીજ આ સમ્પ્રદાયનો પ્રાચીન રિવાજ છે કે એકત્ર થયેલાં દ્રવ્યનો વિનિયોગ છપ્પનભોગ આદિ મનોરથો કરીને પ્રભુમાં કરી દેવો...મહારાજશ્રીઓના સ્વતન્ત્રપણે વૈભવ વિલાસની તો આ સમ્પ્રદાયમાં વાતજ ન હોઈ શકે કારણ કે ''નિવેદીઓએ પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું આવી સમ્પ્રદાયની મર્યાદા છે'' આ શ્રીમહાપ્રભુજીના વચનાનુસાર તમામ ચીજોને ભગવત્પ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. અન્યથા લૌકિક ભોગ ભગવત્સેવામાં પ્રતિબન્ધકર્તા થાય.

**(રાજુલા(કાઠીયાવાડ)ના કેટલાક સંશયાત્માઓએ પૂછેલા પ્રનોના જવાબ. શુદ્ધાદ્વૈત-ભક્તિમાર્તંડ નો વધારો, વિં.સં.૧૯૮૫)**

**નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર**

''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકૂં (જુઓ નીચે આપેલ 'સંયુક્ત ઘોષણાપત્ર')કોર્ટમેં સમઝાયે''દ્ભ''હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તન-મન-ધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં''.

**(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ ગો.શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)ને લખી મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં. )**

**નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ, કોટા-જતિપુરા-મુંબઈ**

**<u>ટ્રસ્ટ હવેલી-મન્દિરો એટલે પુષ્ટિભાવોની મોત :</u>**

ભગવાન્-સ્વધર્મ પૈસાથી બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા-પ્રેમ પરવશ બનીને ચાલે છે. આજે જે (મંદિર-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનો ની પ્રણાલી ચાલી રહી છે તે મૂડીવાદની એક અભિનવ દાસ્તાન છે જેમાં ભગાવન્ ગાય ગુરુ અને ધર્માનુયાયિઓ ઊપર એક છત્ર સામ્રાજ્ય કરવાની લાલસા રહેલી છે. આ રીતે આદર્શના કપડાં પહેરેલ આ ધનલિપ્સા અને ધનિકોની દાસ્તાંમાં તે પ્રેમ નથી કે જે એક અકિંચન ભક્તના ''રહિયે મેરે હી મહલ અનત ન જૈયે'' ... આ આત્મીયતા ભરેલા મીઠા વચનોમાં ઝલકે છે. આ પ્રેમસભર અનુનય છે. અને આજનો ટ્રસ્ટી અને સત્તા ભગવાનને પૈસા અને સત્તાના જોરે એમ કહે છે કે ''આ જગાથી જરા પણ ખસતા નહીં. ધ્યાન રાખજો! હું તમારો વ્યવસ્થાપક ટ્રસ્ટી છું. ગમે કે ન ગમે, તમને મારા ઊપર ભરોસો રાખવો જ પડશે! સમજ્યા!''. લોકો સમજે છે કે ધર્મની રક્ષા

કરવાનો આ એક શ્રેષ્ઠ પ્રકાર છે. પરન્તુ...આમાં પણ પ્રાણની એટલી જ અસલામતી છે કે જે મોતથી ઓછી નથી. ...વલ્લભાચાર્યે આવા (ટ્રસ્ટ-હવેલીમાં) જકડાયેલા ઈશ્વરને દામોદર માનવાની પણ ના પાડી દીધી છે.

**<u>પોતાના ઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવનારાઓએ ઠાકોરજી વેચી નાખ્યા છે :</u>**

...સરખી રીતે વિચારો કે એવી કોન માં હશે કે જે પોતાના લાડલાને ધનની લાલચમાં વેચી નાખે; અથવા તો કોઈ પ્રેમી ક્યારેય એવું, પ્રત્યક્ષ તો શું સપનામાંય એવું કરવાનું તો શું વિચારી કે જોઈ પણ નથી શકતો. આ બાબત એક વાર્તા યાદ આવે છે. ...એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી(અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ એક ગરીબ(ગોસ્વામી ગુરુ) બાળક(ઠાકોરજી) રમાડવામાટે લીધું. થોડા દિવસો પછી બાળકની ગરીબ માંએ પોતાનું બાળક પાછું માંગ્યું. પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારું જ બાળક છે, તારું નથી. તારાથી જે થાય એ કરીલે. બિચારી ગરીબ માં ... ન્યાય માંગવા લાગી...પણ બધા લોકો(દર્શનીયા વૈષ્ણવો, આમ જનતા, સરકાર વગેરે) એ ગરીબના વિરુદ્ધ જુબાની આપવા આવી ગયા. ...ન્યાયાધીશ ચતુર હતો. ...ન્યાયાધીશ બોલ્યો કે આ બાળકના બે હકકદાર છે તેથી આ બાળકના ટુકડા કરીને બંનેને આપી દેવામાં આવે. (ટ્રસ્ટી) પૈસાદાર મહિલાએ આ વાત માની લીધી, પરંતુ ગરીબ માંએ રડતા-રડતા કહ્યું કે ‘‘ના હુજૂર! આ બાળક મારું નથી, આ તેનું જ છે, બાળકના ટુકડા ન કરાવો’’. ...આવો ત્યાગ એક સાચી માં જ કરી શકે છે, પોતાના કલેજાના ટુકડાની પ્રાણરક્ષા કરવામાટે. આવો જ નહીં, આથી પણ વધુ ક્રૂર અને અભિમાની છે આજનો ટ્રસ્ટી અને કાનૂન કે જેણે ભગવાનને એન્ટિક્ બનાવી દીધો છે. અને એ હંસતો-રમતો બાળક જડ બની ગયો, જકડાઈ ગયો એ સાંકળોમાં. એ એ વ્હાલ ક્યાં નસીબમાં છે કે જે એક માં તેને આપી શકે છે. આ તો બનાવટી ઠોકી બેસાડેલ વ્યવસ્થા છે. આમ ધને ઈમાનને ખરીદ્યો, ભગવાનને ખરીદ્યા અને એ ઉન્મુક્ત બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશ-હંમેશ માટે ચુપ થઈ ગઈ. લોકો કહે છે કે ભગવાન્ હવે બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરન્તુ આવી આશાઓ તો તેનાથી કરી શકાય કે જે જીવિત હોય, કોઈના પ્રેમમાં બંધાયેલ હોય! પછી તો એ સુંદર બાળક(હવેલીના ઠાકોરજી)નું પ્રદર્શન યોજાવા લાગ્યું, જેમ બેબી મિલ્કના ડબ્બાના ચિત્રનું કે કોઈ મોડેલનું યોજાતું હોય છે.

**<u>ટ્રસ્ટીઓ દ્વારા કરાવાતી સેવા એ પૂતનાના પ્રેમના સમાન છે :</u>**

રોજ એ વિચારાવા લાગ્યું કે આ(ઠાકોરજી)નાથી કેટલી કમાણી થઈ! કેટલું વેચાણ થયું. અને બધા વ્યવસ્થાપકો આની દેખરેખ કરવા લાગ્યા. જ્યારે કોઈ (મોટ ભેટ કરનાર કે મનોરથી) આવે ત્યારે એ(ઠાકોરજી)ને વ્હાલ કરવામાં આવતું. લોકો સમજે છે કે આ પ્રેમ છે, ભક્તિ છે; પરંતુ આ તો ધંધો હતો જેના ભપકાએ પૂતનાના

પ્રેમની માફક અસલીયતને ઢાંકી દીધી અને ભોળી યશોદાએ પોતાના લાલને એ (ટ્રસ્ટીઓ)ને રમાડવા આપી દીધો.

**મંદિરો-હવેલીઓ દુકાનો છેઃ**

...કેટલું વેચાણ થયું એનો હિસાબ રખાવા લાગ્યો. કેટલું ખાધું અને કેટલું કમાવ્યું એનો નાપ-તોલ થવા લાગ્યું. વેચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ એ બાળકૃષ્ણ કે જે પ્રેમવશ પેતાના ભક્તો માટે ભોળો બની ગયો હતો. લોકોએ એના ભોળપણનો ગેરલાભ ઉઠાવ્યો અને કહી દીધું ''આ સાર્વજનિક ઠાકોરજી છે''. એ સર્વશક્તિમાનને સ્વાર્થનું સાધન(બનાવી દેવામાં આવ્યો) અને જગન્નિયન્તા ઊપર ધનનિયન્તા શાસન કરવા લાગ્યા. હાલ એવા થયા કે કોન એને ખવડાવે-પીવડાવે? કેમકે એ તો સાર્વજનિક હતો. દ્વારકાધીશને પણ એ છૂટ હતી કે એ વિદુરના ઘેર શાક આરોગી શકતા હતા. પરન્તુ આ (હવેલીના ઠાકોરજી) તો તદ્દન નિષ્ક્રિય બની ગયો, દેખાવમાત્ર!...શું આ સિદ્ધાન્ત કોઈ પ્રિયતમ માટે પ્રિયતમા કે માતાને માન્ય હશે? પરન્તુ આજે આ માન્ય છે અને માન્ય કરવું પડશે. ફક્ત પૈસા ખાતર, પોતાને નહીં દુનિયાને ખુશ કરવા માટે વેશ્યાની માફક કે જેમાં હૃદય નામની કોઈ વસ્તુ રહી શકતી નથી. અને હોય તો તેને ગણકારવામાં આવતી નથી. કેમકે દરેકનો એના ઊપર અધિકાર છે, જાણે કે એ સમ્પત્તિ હોય. જે ચાહે તે ખરીદે, જે ચાહે તે ભોગવે, જેમ કરવું હોય તેમ કરે. તેને(હવેલીના ઠાકોરજીને) એ બધું કરવું જ પડશે. કેવી અનોખી(!) છે આ ભક્તિ અને પ્રેમની પરિભાષા! આમ છતાં સ્વતન્ત્રતાનો ઉદ્ઘોષ કરવામાં આવે છે(આ અમારું ઘર છે! અમારા ઠાકોરજી છે!) શું આ એ જ ભક્તિ છે કે જેને શ્રીવલ્લભ ''માહાત્મ્યજ્ઞાનપૂર્વક...'' કહે છે? આજે આ ભક્તિનું માહાત્મ્ય એમાં જ છે કે ક્યા ઠાકોરજીને ત્યાં કેટલી આવક થાય છે!

**ટ્રસ્ટના મન્દિરો ઠાકોરજી માટે જેલ સમા છે :**

હવે કોઈ એમ નથી કહી શકતું કે મારું બાળક મોડેથી સૂતું છે, વહેલા નહીં જગાવતા. સૂરદાસજીનું કીર્તન ઠાકોરજીને જગાવવા માટે વ્હાલસભર નથી રહ્યું, ન તો કેલેઉના પદમાં મમતાભર્યો એ અનુનય છે, એ તો ફરજીયાત કરવો પડતો નાસ્તો છે કે જેને નક્કી કરેલ સમયે કેદીની માફક ઠાકોરજીને કરવો પડે છે. જાણે કે કોઈ જેલમાં ઊઠવા કે ખાવા માટેનો ઘંટ વાગ્યો હોય!

**ઠાકોરજી વેચાઈ રહ્યા છે; મનોરથી-દર્શનાર્થી ભક્ત નથી ગ્રાહકો છેઃ**

શ્રીવલ્લભાચાર્યે જીવનમાં પોતાના કાળજાના ટુકડા પોતાના આરાધ્યને કદિ પોતાનાથી દૂર રહેવા દીધા નથી. આજે એ વેચાઈ રહ્યો છે પૈસાદારોના હાથે અને જકડાયેલો છે સરકારી શિકંજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને અવે એને મ્યુંઝિયમની શોભા બનાવવાનો સમય આવી રહ્યો છે. બિચારા ધર્મ અને ઠાકોરજી ની

દશા કોલ્ગર્લ (વેશ્યા) થી પણ બદતર છે. ઠાકોરજીની વિનિન્દિતમુક્તા-દંતપંક્તિ ભગલા ભગતોને જોઈને ખીલી જાય છે. સદાનન્દ નિરાનન્દ બનીને આ ઈમાન(ધર્મ) ખરીદનારાઓના હાથે ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે...બધાને સહારો આપવાવાળો પોતે અસહાય બનીને (હવેલીની કેદમાં) બેઠો છે, કોઈક ધનિક ગ્રાહકની વાટ જોતો!

**<u>દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવી :</u>**

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન્ બ્રાહ્મણને દેવલકવૃત્તિને કારણે અધમ માનવામાં આવ્યો છે...આજે એ દેવલકવૃત્તિનું ધન સ્વાદથી વૈષ્ણવજનતા ખાઈ રહી છે. નાથદ્વારામાં કઈ આઈટમ સ્વાદિષ્ટ છે...એનું જ વિવેચન થાય છે...પરન્તુ મારું કર્તવ્ય શું છે એ ક્યારેય વિચારવામાં આવતું નથી....નાથદ્વારામાં આજકાલ પૈસો ઘણો આવી રહ્યો છે, કેમકે ત્યાં ધનિકોનું સામ્રાજ્ય છે. તેઓના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે...ગરીબો માટે ઊભા રહેનારા ઠાકોરજી હવે ફક્ત ધનિકો માટે ઊભા રહે છે.

**<u>ટ્રસ્ટ મન્દિરો શ્રીવલ્લભના આદર્શોનું સ્મશાન :</u>**

ઠાકોરજીના નામ અને ભાગવત થી હોસ્પિટલો માટે કરોડોની રકમ જમા થાય છે, જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પરન્તુ અહીં તો સ્મશાનમાંથી પણ આદર્શ ગાયબ થતો જઈ રહ્યો છે. કદાચ આદર્શોનું સ્મશાન છે આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય!

**<u>મન્દિરોનો પ્રસાદ ખાઈ ન શકાય :</u>**

વલ્લભમતમાં એ સિદ્ધાંતતઃ ખોટું છે અને એવા દેવસ્થાનો(હવેલી-મંદિરો)નો પ્રસાદ ખાઈ નથી શકાતો. કેમકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

**<u>દર્શન-મન્દિરને ધર્મપ્રચારનું માધ્યમ ન બનાવી શકાય :</u>**

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૂર્તિ નો પ્રશ્ન છે, ધર્મપ્રચારને એની સાથે કોઈ લેવા-દેવા નથી. અને એમ કરવું ઉચિત પણ નથી. કેમકે ભગવાને ધર્મની વ્યવસ્થા માટે વેદવ્યાસ વગેરે અનેક જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મની રક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિરની) વ્યવસ્થા આચાર્યને છાજે તેવી, ધાર્મિક કે ભારતીય પણ નથી ત્યારે તેના વલ્લભાચાર્ય સમ્મત હોવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. ...મારી આ વિષયમાં સલાહ છે કે એક અલગ વ્યવસ્થા ...ઊભી કરવી જોઈએ જેથી વલ્લભ સિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો એવી વ્યવસ્થા કરવામાં નથી આવતી તો દેવદ્રવ્ય થાય છે, જેનું સેવન કરવાથી મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે કે નરકપાત થશે.

**નકલી બેઠકો :**

બેઠકોની ભાવગંગા તો આજકાલ ઘરબેઠાં જ મનુષ્યોને પવિત્ર કરવા પોતાની ઉત્તાલ તરંગોથી સમગ્ર ઘર-બારને જ સરાબોર કરવા લાગી છે! ...૮૪ બેઠકોથી કામ ન નીકળ્યું તો હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોના ખેતરોમાં પોતાની ઝારી અને અન્ય ચિહ્નો પ્રકટ કરવા મજબૂર થવું પડી રહ્યું છે.

**(''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન'')**

(ખ) શ્રીવલ્લભાચાર્યે સેવાને ખરીદવાની વાત નથી કહી કે ખરીદી આવો રૂપીઆ આપીને. 'તનુવિત્તજા' પદનો અર્થ જ એ છે કે એ સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ ગણાય. પરન્તુ જો ધન લાગે પણ તન ન લાગે તો સેવા થઈ ન ગણાય. **(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૫૩)**

(ગ) ''સેવાપિ કાયિકી કાર્યા''. એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને ઘરમાં વિવાહિતા પત્નીને લાવવામાં આવતી નથી, વેશ્યાને લાવવામાં આવે છે. વેશ્યાથી ઘર નથી વસતું એ સ્પષ્ટ વાત છે. તેથી સાફ વાત એ છે કે ભગવત્સેવા અને વરણ માં પતિ-પત્નીનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે કે જેમાં આત્મીય સમ્બન્ધ હોય છે.**(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૭૪)**

(ઘ) ભેટ પણ આચાર્યના સન્મુખ જ થાય છે, પ્રભુના સન્મુખ ભેટ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થા ને સંભાળીને રાખવી જોઈએ નહિતો બુદ્ધિ બગડશે. આમ કરવાથી પતન થાય છે અને થયું છે. **(ત્યાંજ-૧ પૃ. ૧૭૧)**

(ઙ) વસ્ત્ર-અલંકારમાં મન બહુ જતું હોય તો એવું સાહિત્ય રાખવાની જરૂર નથી. આમ કરવાથી લૌકિક વધે છે અને ધર્મભાવના નષ્ટ થાય છે. ...તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઈજીએ ના પાડી હતી. અને શ્રીમહાપ્રભુજીએ નાવ ડૂબાડીને કેવળ પુરુષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતા **(ત્યાંજ -૧ પૃ. ૧૮૦)**

(ચ) ધર્મની પરંપરા પ્રદર્શન ઊપર આધારિત નથી પણ એક યથાર્થ જીવનનો ઉજ્વળ પક્ષ છે. ...કુનવારો અને અન્ય મનોરથ...નું સ્વરૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદામાટે મરણતોલ સાબિત થશે જેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. **(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૧૯૭)**

**નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત**

(ક) પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય?

ઉત્તર : દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. ...પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને

સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

(ખ) મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરા જ નથી. એમાં વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. ... વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે... **(ક : વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩દ્ર ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩ માંથી સાભાર).**

**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ, કામવન-વિદ્યાનગર**

પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થઈ રહી છે. તેની પરમ્પરા જ હવે ટૂટતી જઈ રહી છે. આના મૂળમાં જો કંઈ છે તો તે છે આજની સાધન-સમ્પત્તિ. તે જ આપણા સંસ્કાર બગાડી રહી છે. હજી પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ)સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભશે.

**(વૈષ્ણવતા,જુલાઈ ૨૦૦૭ પૃ. ૬).**

શ્રીમદાચાર્યચરણના મતાનુસાર ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા ઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૂળ છે. ...શ્રીગુસાંઈજીના સમયમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરુઆત કરતી વખતે (તેમાં) કેવળ લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૂચના અપાઈ હતી.

...આજકાલ ... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ પ્રાપ્ત કરવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં પ્રાધાન્ય મનોરથીનું થવા લાગ્યું છે. શ્રી(ઠાકોરજી), ગુરુ તથા સેવાભાવના નો ઉપહાસ થવા લાગ્યો છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદિરની, તેના સંચાલકોની વૃત્તિ જ પલટાઈ ગઈ છે. આડંબર અને યશ ને પુષ્ટ કરવા માટે ...દર-દર ભટકવાની સ્થિતિ પેદા થઈ ગઈ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં આપણા સન્તાનોને જરૂરી સંસ્કારો આપણા ઘરમાંથી જ આપવામાં આવે એ જ છે. મંદિરોનું સમ્પૂર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે. ...સમ્પત્તિ પ્રાપ્ત કરવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે વેપારના રૂપમાં પરિવર્તિત કરવા લાગ્યા છીએ. **(વૈષ્ણવતા,જુલાઈ ૨૦૦૭ પૃ. ૬)**

ઠાકોરજીની સેવા ચોરની માફક કરવી જોઈએ. ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું તેનો ઢંઢેરો પીટવો કે તેનું પ્રદર્શન કરવું તે પણ જીવના દૈન્યમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકે છે. ... આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં આટલી ગુપ્તતા જરૂરી છે. ''પ્રીત હિયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'' ની રીતે તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ

કરાવે તેને ક્યારેય પ્રકટ કરી શકાતું નથી. **(વૈષ્ણવતા, સપ્ટેમ્બર ૨૦૦૪, પૃ. ૭)**

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને અન્ય ઠાકોરજીના દર્શન કરતાં જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી ભુલાઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરુપતિ' શબ્દનો પ્રયોગ થાય છે જેમાં 'તિરુ' નો અર્થ શ્રી અને 'પતિ'નો અર્થ નાથ(એટલે શ્રીનાથ) જ થાય છે. અર્થાત્ પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વ હોવાનું દર્શન થવું જોઈએ. એમને આરોગાવ્યું મતલબ સમસ્ત જગત્‌ને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઈએ. અહીં તો એનાથી ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધા નિધિસ્વરૂપોના દર્શન થવાને ઠેકાણે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે આપણા ઠાકોરજીના દર્શન કરવાનો વિચાર કરી રહ્યા છીએ! અને પાછી બુદ્ધિની ચતુરાઈ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે તેથી ઘરમાં પ્રભુની સેવા કરીએ કે અન્યની સેવા કરીએ વાત એક જ છે!! તેથી અન્યની સેવામાંથી સન્તોષ લેવાનું શરુ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાની રક્ષા થાય અને ઊપરથી ભગવદીય કહેવાતા થયા!!! **(વૈષ્ણવતા,સપ્ટેંબર, ૨૦૦૭, પૃ. ૭)**

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદ આપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે સેવક કોઈથી વાપરી ન શકાય. **(વૈષ્ણવતા,ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭)**

**(માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવિક્કીબાવા, વલ્લભવિદ્યાનગર-કામવન).**

## નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ(મુંબઈ-દહીસર)

(ક) આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન ક્યાં કરી રહ્યા છીએ? આપણે ત્યાં ગૃહસેવા ક્યાં બચી છે? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે ''કૃષ્ણસેવા સદા કાર્યા''. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પોતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત.

શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથ કરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ)એ કાલે જે કહ્યું હતું (અગાઉ ટાંકેલું) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

(ખ) પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભક્તિવર્ધિની) અર્થાત્...પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાળકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને ... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

**(કઃ 'વલ્લભવિજ્ઞાન' અંક૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : 'નવપ્રકાશ' અંક ૮, વર્ષ ૮).**

**સપ્તમગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી, કામવન**

કેમકે શ્રીનાથજી સ્વયં તેના ભોકતા છે, કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ પણ તેનો મહાપ્રસાદ પણ લઈ શકતા નથી. આ આચાર્યચરણના (કટોરીના પ્રસંગવાળા) ઈતિહાસથી પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. તે (હવેલી)નો મહાપ્રસાદ કેવળ ગાયોજ લઈ શકે છે. નહિતો તે દેવદ્રવ્યને ખાવાથી ચોકકસ અધઃપતન છે. ...અનેક પ્રકારના દાન-ભેટનો અને વસૂલ-વસૂલી કરવાનો ઉલ્લેખ (નાથદ્વારા મંદિરની વ્યવસ્થામાં) કરવામાં આવ્યો છે તે પણ સમ્પ્રદાયના સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ છે. અમારા સંપ્રદાયની પ્રણાલી અનુસાર જેઓ અમારા સમ્પ્રદાયના સેવકો છે તેમનું જ દ્રવ્ય ગુરુ-શિષ્યના સંબંધથી સ્વીકારીને તેનો સેવામાં ઉપયોગ કરી શકાય છે. સમ્પ્રદાયમાં બધા પ્રકારના દાન-ભેટનો ઉપયોગ સેવામાં કરવામાં આવતો નથી. અને જો કદાચ ક્યાંક કરવામાં આવતો હોય તો તે સંપ્રદાયના નિયમથી વિરુદ્ધ હોવાને કારણે બંધ કરી દેવું જોઈએ.

**(શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૧૯૫૬).**

**પૂ.પા.ગો. શ્રીહરિરાયજી મહારાજ, જામનગર**

(ક)ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો ... ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થ-યત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્''. ...લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું; દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર

પ્રવેશે છે. ...
ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાનમાં રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે ...
ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે ...અને આ નિષિદ્ધછે. ...
ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુપોતાની લાભ કે પૂજાનેમાટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજીમાટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવાયોગ્ય હોતું નથી.
ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ'થી પણ સ્પષ્ટ થાય છે.
(ખ) શ્રીમદાચાર્યચરણે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યક્તિ તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી. ...આ જ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્તપદ કહ્યું છે. ...મજૂરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરુષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્તપદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા કહેત...જો બે જુદી-જુદી વ્યક્તિ તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુકત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી. તેથી જ માનસી સિદ્ધ નથી થતી.
(ગ) જ્યાં સુધી લાભ-પૂજાર્થ યત્નનો પ્રશ્ન છે તો તે તો કોઈ પણ કક્ષાનો ભકત કરશે તો દેવલક જ થશે...જો કોઈ સ્વલાભ-પૂજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોકકસ દેવલક છે...બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરુદ્ધ છે.
(ઘ) હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલટાનું ભગવત્ શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ...અમારા પ્રભુનો નિત્યનેગ-ભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.
(ઙ) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે ભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

**(ક:પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ૧૬૪,૧૯૩. ખ-ચ : અનિર્દિષ્ટપૃષ્ઠસંખ્યાક ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''.)**

**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (અમરેલી-કાંદીવલી-ચાંપાઝર)**

પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાડો કરવા માટે તો છે જ નહીં, ભકત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દૃઢ કરવાનો માર્ગ છે...બન્નેના સમ્બન્ધો એવા હોવા જોઈએ કે

કોઈ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સમ્બન્ધ છે, તે બીજી કોઈ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધુ બાધક છે. **('પુષ્ટિનવનીત' પૃ.૧૨).**

**પ્રથમગૃહાધીશ ગો.શ્રીલાલમણીજી મહારાજ (કોટા-મુંબઈ-જતિપુરા)**

જ્યાં શ્રીમહાપ્રભુજી ''કૃષ્ણ-સેવા સદા કાર્યા માનસી સા પરા મતા'' ઉપદેશથી આપણને દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ ના અધ્યાસોથી છૂટકારો અપાવે છે ત્યાં આપણે એક નવા કેંસરને ક્યાં જન્મ આપી દીધો એ મારી સમજમાં ન આવ્યું! દેહેન્દ્રિય-પ્રાણ અન્તઃકરણાધ્યાસોથી આપણે સેવા કરતા-કરતા છૂટ્યા ન હતા તેવામાં તો મનોરથાધ્યાસ, ભગવત્ પ્રદર્શનાધ્યાસ, પ્રસાદાધ્યાસ, અસત્સંગાધ્યાસ આવા બધા અધ્યાસો (ભ્રમણાઓ) એ મળીને આપણને આપણા સિદ્ધાન્તોની વિસ્મૃતિ કરાવી દીધી. 'અધ્યાસ' એટલે જે વસ્તુ જેવી હોય તેવી ન દેખાય પણ બીજી જ દેખાય તે. ...તો મનોરથોનો આપણને અધ્યાસ થઈ ગયો. આપણે જેને મનોરથ સમજતા હતા આજ સુધી ...તે મનોરથ જ નથી, પણ કંઈક બીજું જ છે જે આપણને અહન્તા-મમતા તરફ ધકેલી રહ્યું છે.

જેને આજ સુધી આપણે પ્રસાદ સમજતા હતા અને રૂપીઆથી ખરીદી રહ્યા હતા તે ફક્ત ઘસીટારામની મિઠાઈના લાડવા છે, બીજું કંઈ નહીં. ...આપણે લાડુ ખરીદીને લાવીએ છીએ, પણ તેમાં આપણને પ્રસાદનો ભ્રમ થઈ ગયો છે.

..જે ભગવદ્દર્શનને આપણે આપણી અહન્તા-મમતાને નીચવીને ભગવત્પ્રાપ્તિ તરફ લઈ જવાવાળા સમજતા હતા તે ધંધાકીય હેતુથી કરાવવામાં આવતા ભગવદ્દર્શન આપણા માટે અપસિદ્ધાન્તનો ફાંસો છે.

...પૂતનાનો અર્થ શ્રીમહાપ્રભુજી સુબોધિનીમાં કરે છે ''પૂતં નયતિ ઈતિ પૂતના''. જે આપણા પુત્રોને ઉપાડી જાય, આપણી પવિત્ર વસ્તુઓને આપણે ત્યાંથી લઈ જાય તેને આપણે 'પૂતના' કહીએ છીએ. તેથી લોકમાં વાહ-વાહી મેળવવાની અને ધન મેળવવાની જે લાલચ છે તે પૂતના છે કે જે આપણા ''વ્રજ ભયો મહરકે પૂત''ને ક્યારે આપણે ત્યાંથી ઉપાડીને લઈ ગઈ, આપણે ક્યારે ધનલિપ્સાના તૃણાવર્તને તેને સોંપી દીધો તેની આપણને ખબર પણ ન પડી.

મને દમલાની વાર્તા યાદ આવે છે. મહાપ્રભુજીએ જ્યારે પૂછ્યું કે શ્રીનાથજીની આજ્ઞા તે સાંભળી ? ત્યારે દમલાએ કહ્યું કે ''સાંભળી પણ સમજ્યો નહીં''. જો આપણે પણ ...શ્રીશ્યામદાદાની આજ્ઞા સાંભળીને બાહર ચાલ્યા જઈએ કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' અને પાછા મનોરથાધ્યાસ, પ્રસાદાધ્યાસ અને ભગવત્પ્રદર્શનાધ્યાસ માં લાગી જઈએ તો આપણે મહાપ્રભુજીની નજરમાં ગદ્દાર ઠરીશું. અને શ્રીમહાપ્રભુજીની પીનલકોડમાં ''યદા બહિર્મુખા યૂયં'' ના અધિકારી

થઈશું. અને શ્યામુદાદાના શબ્દોમાં પતિતતાનો ચાર્જ આપણા ઉપર લાગશે.

...શ્રીગુસાંઈજી એક વખત હાંસી ખેલ કરી રહ્યા હતા ત્યારે દમલાએ તેમને પોતાની પુષ્ટિપ્રૌઢીથી ટોક્યા હતા કે ''મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, આ તો તાપ-ક્લેશનો માર્ગ છે''. ...જે દિવસે તમારામાં દમલા પ્રકટ થશે તે દિવસે અમારામાં શ્રીમહાપ્રભુજી પ્રકટ થશે. ...તેથી જો તમે બહાર જઈને એમ કહેશો કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' તો તમારામાં દમલાનું નહીં, પતિતાનું પ્રાકટ્ય છે. તમે માહર જઈને પોતાના ગુરુને કહો કે મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, મનોરથ અને પ્રદર્શન નો માર્ગ નથી, આ તો ''નીકે રાખિ યશોદા મૈયા નારાયણ ગૃહ આયો''ને ગુપ્ત રાખવાનો માર્ગ છે.

**(ગો.શ્રીશ્યામ મનોહરજી -કિશનગઢ-પાર્લા- દ્વારા થયેલ 'નવરત્ન'ગ્રન્થના પ્રસંગે કરેલ સમાપન વક્તવ્ય. તા. ૩૧-૦૮-૧૯૮૪)**

## પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી-વડોદર)

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

**('વલ્લભીય ચેતના', ઓક્ટો. ૧૫, ૨૦૦૩, પૃ.૪)**

## પૂ.પા.ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજ (વડોદરા-સુરત)

(ક) ...બ્રહ્મસંબન્ધ લઈને સેવા કરવાથી પ્રત્યેક ઈન્દ્રિયનો ભગવાન્‌માં વિનિયોગ થાય છે ... ગુરુઘર કેવળ ઉપદેશ ગ્રહણ કરવા માટે છે. સેવા આપણને આપણા ઘરમાં કરવાની છે.

(ખ) આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસ પૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે? શું આજની સેવા ''ચેતસ્તત્પ્રવણં સેવા''નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે.?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરા પણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજીદ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોના પૂર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્ત ના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુસૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વરા

કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

**(ક : વલ્લ.વિજ્ઞા. અંક૫-૬ વર્ષ ૧૯૬૫ ખ : પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩, વિ.સં.૨૦૩૪).**

**તૃતીયગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી (કાંકરોલી-વડોદરા)**

(ક) **પ્રશ્ન :** આજે ચાલી રહેલા વિવાદમાં કેટલાક સિદ્ધાન્તો ચર્ચાઈ રહ્યા છે જેવા કે નવા મન્દિરો ન ખોલવા, ટ્રસ્ટ મન્દિરો ન બનાવવા, ઠાકોરજીના નામે દ્રવ્ય ન લેવું, ઠાકોરજીના દર્શન ન કરાવવા અને સમજ્યા-વિચાર્યા વિના ગમે તેને બ્રહ્મસમ્બન્ધ ન આપવું. આ બધા વિષયમાં આપનો શું અભિપ્રાય છે?

ઉત્તર : જુઓ, મન્દિરની જ્યાં સુધી સ્થિતિ છે તો એ વા સત્ય છે કે ...મન્દિર માત્ર એક જ છે; બીજે બધે ઘરની સ્થિતિ હતી. ...આજે મંદિર જેટલા છે ... તેને આપણે મર્યાદાપુષ્ટિ મંદિર કહી શકીએ છીએ, પષ્ટિમંદિર નહીં. પુષ્ટિનો પ્રકાર તો માત્ર ગૃહસેવામાં જ છે.

(ખ) આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(ગ) આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી સેવ્ય કરવાનું પણ ભૂલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યક્ત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધિ માની બેસે છે.

(ઘ) તનુવિત્તજા સેવા : ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આને એમ સમજવું જોઈએ કે દેહ અને દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ.

જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીય જનોનું વાત્સલ્ય અને ભાવ રૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્ત ના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવીદે છે.

(ઙ) ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું

નથી. ...પોતાનું પેટ ભરવામાટે ભગવદ્‌ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પદ્મનાભદાસજી ...આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથેજ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી! ...આપણા મકાનમાં વાસણ ધોવાના પરનાળા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે...તે પાણી તો માત્ર (દુર્)ગંધ જ મારે છે ...ભગવદ્‌ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગ દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્યો તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે...પાંચમા (ભગવદ્‌ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલવનારા નીચ વક્તાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુક્ત...સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે.

**(પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧. ૩૦/ગ : સિદ્ધિસોપાન, પૃ. ૪૭-૪૯. ૩૦/ઘ : જલભેદ પ્રવચન, વડોદરા)**

**પૂ.પા.સુશ્રીઈન્દિરાબેટીજી (વડોદરા)**

શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્‌ગુરુશ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભડાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે. **(વૈષ્ણવ પરીવાર અંક જૂન ૧૯૯૦).**

**ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઈઝ્ રોંગ્ વે**

(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સી અમેરીકા)

પુષ્ટિમાર્ગમાં ફેરફાર નથી જોઈતો પણ ૨૧ સેંચ્યુરીમાં પુષ્ટિમાર્ગમાં ફરેફાર જોઈએ છે. ...આજે પુષ્ટિમાર્ગે જે સ્વરૂપ ધારણ કર્યું છે એને માટે આપણને ફેરફાર જોઈએ છે. ... લોકો ...એક ઘેંટા પાછળ બીજું જાય, બીજા પાછળ ત્રીજું જાય એમ ...ઘેંટાની માફક બધા લોકો ચાલી રહ્યા છે. એ ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રીમહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિન્તન કરવાની આજે ઘડી આવી ગઈ છે.

ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોવર્સ્ છીએ! વી આર્ ફોલોઈંગ્ પુષ્ટિમાર્ગ ઓર સમથિંગ્ એલ્સ્! જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યા છીએ દક્ષિણમાં. માર્ગ એ જ સાચો હોય કે જે મંજિલ્ સુધી પહોંચાડી શકે. મને આટલા બધા

લોકોમાંથી જવાબ આપો કે આપણી મંજિલ્ સુધી પહોંચી શકીએ એવી ક્ષમતા આપણી જડ ધાર્મિકતામાં દેખાય છે? ભલે ખુબ સેવા કરતો હોય, સ્મરણ કરતો હોય, વ્રજમાં રહેતો હોય કે પછી જપ વગેરે કરતો હોય, પ્રવચનો કરતો હોય, હું તો અમારા બધા(ગુરુજનો)ની વાત કરું છું, હું મારી પોતાનું આત્મચિન્તન કરું છું કે હજુ એની અંદર મંજિલ્ સુધી પહોંચવાની જે ક્ષમતા આવવી જોઈએ તે નથી આવતી.

...શ્રીવલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી જેનું નામ 'પુષ્ટિમાર્ગ' છે. ... સમાજને પ્રભુપરાયણ બનાવવા માટે, ભગવત્પરાયણ બનાવવામાટે, ટોટલ્ ટ્રાન્સ્ફોર્મેશન્ ઓફ્ માઈંડ્ એન્ડ બોડી કરવા માટે એમણે આપણને જે પ્રોસેસ્ આપ્યો છે, જે સાધનાપદ્ધતિ આપી છે, જે રસ્તો આપ્યો છે એ રસ્તાનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.

...આપણા સમાજમાં ... એટલી બધી દામ્ભિકતા ઘુસી ગઈ છે કે દેખાવ અને ડોળ વધી ગયા છે, દોડા-દોડી વધી ગઈ છે. ...બહુ લોકો આવ્યા, એટલે માનીએ છીએ કે આ કામ બહુ સરસ થયું. હું પ્રવચન સારું કરી શકું એનો અર્થ એ નથી કે હું ખરેખર પુષ્ટિમાર્ગીય છું. કોઈ પણ સાધક જ્યાં સુધી પોતાના ગુરુના પગલે ન ચાલે ત્યાં સુધી એ સફળ નથી. ...સત્સંગ કરાવનારા અમે લોકો છીએ, અમારી અંદર પણ દામ્ભિકતા આવી ગઈ છે. ...આજે તમને કોઈ પુછે કે વ્હાય્ યુ આર્ પુષ્ટિમાર્ગીય? વોટ્ ઈઝ્ પુષ્ટિમાર્ગ? તો બે-ચાર ઉત્તરો સિવાય આપણી પાસે એનું થરો નોલેજ્ નથી. ...આજે આપણે ભારતમાં પણ એટલા બધા મન્દિરો ઉભાં કર્યા મન્દિરોની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવા લાગ્યા, મહાપ્રસાદો વેચાવા લાગ્યા. દોડા-દોડી કરીને લોકો આવે અને દોડા-દોડી કરીને જાય. અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ! પરન્તુ ત્યાં આવનાર સમાજને કંઈક નોલેજ્ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે! ...તમને નથી લાગતું કે આપણા ધર્મસ્થાનો એ જ્ઞાનપીઠ બનવા જોઈએ! એ વિદ્યાપીઠો બનવી જોઈએ! એ સાધનાની પીઠો બનવી જોઈએ! વી નીડ્ ચેંજ્ ...આજે આપણે મન્દિરોની જે વ્યવસ્થા કરીએ છીએ અને એના જે હોદ્દેદારો બનીએ છીએ એમને પૂછો કે તમને પુષ્ટિમાર્ગ કંઈ આવડે છે? ભરતભાઈને હું પૂછું છું. શું આપણે થોડાક પણ સાધક છીએ! ... અમે લોકો જ્ઞાન આપવામાટે ધ્યાન આપતા નથી. અમે પણ બસ અમારા સ્થાનમાં બેઠા છીએ. અમે આ વૈષ્ણવસમાજનો વિચાર નથી કરતા કે આ વૈષ્ણવસમાજ કેટલો ભૂખ્યો છે

... આ માસ્ પ્રોડક્શની અંદર નોલેજ્ આપવું એ કંઈ નોલેજ્ આપવાની પદ્ધતિ નથી. ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, મેં આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઈઝ્ રોંગ્ વે.

હવે જરૂર છે ક્લાસ્ પ્રોડક્શન્ની નાના-નાના વર્ગોને બોલાવી એમની સામે

ડિસ્કસ્ કરી એમને સાચા સાધક બનાવો. એમનામાં આસ્તિકતા અને સાચી શ્રદ્ધા જાગૃત કરો. એમનામાં સમર્પણબુદ્ધિ જાગૃત કરો. શરણાગતિ બુદ્ધિ જાગૃત કરો. તો પ્રિય વૈષ્ણવજનો, આજે જે આપણે ટોળાશાહીની અંદર મંદિરોમાં જીવી રહ્યા છીએ, ...આપણી અંદર એક જાગૃતિ આવે, ...શિક્ષણવ્યવસ્થાઓ ક્લાસ્‌ની અંદર થાય. અને એને શિક્ષણ આપવા માટેનો સ્વતન્ત્ર શિક્ષક વર્ગ ઉભો થાય.

આજે જે લોકો શિક્ષણ પણ આપે છે એ અધુરા નોલેજ્ વાળા છે. કારણ કે સાધક નથી. ...આપણા શિક્ષકો પણ એવા હોવા જોઈએ કે જે લોકો પુષ્ટિમાર્ગને જાણતા હોય. ... અમારા લોકોની એ કમી છે કે અમે હજી કોઈ પુષ્ટિવિદ્યાલય બનાવ્યું નથી. એવી કોઈ કોલેજ્ બનાવી નથી, એવી પ્રયોગશાળાઓ બનાવી નથી. અને આજના જમાનામાં જો નોલેજ્ આપવું હશે તો જુની ભાષામાં નહીં આપી શકીએ. જે શિક્ષકો છે એમણે જુના શબ્દોમાં શીખવું પડશે. ઓરિજિનલ્ ગ્રન્થો ભણવા પડશે. અને આજની નવી લેંગ્વેજ્માં નવા તર્ક સાથે, નવા વિચારો સાથે, નવા દાખલા-દલીલો સાથે લોકોને એનું શિક્ષણ આપવું પડશે. અને એના માટે આપણા એવા આશ્રમો તૈયાર થાય, એવી વિદ્યાપીઠો તૈયાર થાય કે જ્યાં કમ્પેરિટિવ્ સ્ટડીસ્ થાય. સાયૂકોલોજી ઈન્ પુષ્ટિમાર્ગ, ફિલોસોફી ઈન્ પુષ્ટિમાર્ગ, સાયન્સ્ ઈન્ પુષ્ટિમાર્ગ. તમે ધર્મનું આચરણ કરો છો તો અનાથી તમારી અંદર શું ફેરફાર થાય છે આવા પ્રેક્ટિકલ્ પ્રયોગો થાય. વિદ્યાર્થીઓ એમાં રસ લે. આજે આ જાતના નવા-નવા પ્રયોગો, પ્રેક્ટિકલ્ વસ્તુઓ પુષ્ટિમાગન.ી અંદર હજી જોવા મળતી નથી. હજુ આપણે બહુજ પાછળ રહ્યા છીએ. તો હું વૈષ્ણવ સમાજને, અમારા સમાજને પણ હૃદય પૂર્વકની વિનન્તી કરું છું કે આવો આપણે બધા જાગીએ. હું તમને નથી કહેતી કે તમે જાગો. મારી જાતને પણ કહું છું કે આવો આપણે બધા જાગીએ. નવું ચિન્તન કરીએ. નવો વિચાર કરીએ અને પુષ્ટિમાર્ગ જે ટ્રેક્ ઊપરથી ઉતરી ગયો છે એને પાછો ટ્રેક્ ઊપર ચઢાવી દઈએ.

વલ્લભાચાર્યના વિચારોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી પણ ૨૧મી સદીનો જે પુષ્ટિમાર્ગ છે એની અંદર ઘણા પરિવર્તનો માંગી લે છે. મન્દિરવ્યવસ્થાપરિવર્તન, જીવનવ્યવસ્થાપરિવર્તન, સમાજવ્યવસ્થાપરિવર્તન. કારણ કે ધર્મ એ મંદિરે આવીને ખાલી આરતીના આંટા જોઈ જવાનો નથી. ઘણા લોકો કહે છે ક્યાં જાઓ છો? કહે, નાથદ્વારા. શું કરવા? તો કહે બસ્, આરતીના આંટા જોયા એટલે બસ્ પતી ગયું. ... આપણા ધર્મસ્થળોમાં પણ ઈન્સ્પિરેશન્ (પ્રેરણા) નથી. ત્યાં પણ જાગૃતિ નથી. ...લેટ્ અસ્ ચેંજ્ અવરસેલ્વ્સ્, અવર સિસ્ટમ્, અવર લાઈફ્ સ્ટાઈલ્ અને આપણી ધર્મ જીવવાની પદ્ધતિને, એના પ્રચાર અને પ્રસારની પદ્ધતિને ...કાર્યકર્તાઓ પધાર્યા છે. હું એમને પણ કહીશ કે આપણે ખાલી દોડાદોડી, દર્શન અને મહાપ્રસાદ જ નથી

આપવાનો અને ટોળાશાહી જ ઊભી નથી કરવાની.

ક્લાસ્‌ની અંદર તમે ધર્મપ્રચાર શરુ કરો. થોડા-થોડા લોકોને બોલાવીને ચર્ચા કરો. અને આ ધર્મ આજના વર્તમાન યુગની સમસ્યાને કઈ રીતે દુર કરે છે તે જુઓ!

**(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સી અમેરીકા)**

**પૂ.પા.ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ (ઈન્દૌર-નાથદ્વારા)**

જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તે પોતે તો કૃતાર્થ થાય જ છે કિન્તુ તેમના પરિજનો પણ કૃતાર્થ થાય છે. ...બધી ઇન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા કરવાથી થઈ જાય છે. ... તેથી ગુરુ પાસેથી શ્રીઠાકોરજીને પુષ્ટ કરાવીને ઘરમાં પધરાવો અને સમયને સેવામય બનાવો ... શ્રીઠાકોરજી જે ઘરમાં બિરાજે છે તે ઘર ઘર ન રહીને ... નન્દાલયની લીલાનું સ્થળ બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા ... કિશોરીબાઈ ... જીવનદાસ... આ બધા મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના ઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

... શ્રીઠાકોરજી આપણી નિધિ છે. ...આવા પૂર્ણપુરુષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવી આપીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આથી મોટું બીજું કયું ફળ છે!

... સાંસારિક કામનાથી જે શ્રીઠાકોરજીના... દર્શન-સ્મરણ-સેવા કરે છે તેને ક્લેશજ હાથલાગે છે. ...ઘરના શ્રીઠાકોરજી જ સર્વસ્વ છે...તે જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તે આપણા પતિ છે જે ભયથી રક્ષા અનુ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી અન્ય સ્થળે જઈને કોઈ બીજાની સેવા કરી શકે છે? કદાપિ નહીં. ...ઘરના પરિજનો આ સાંખી નહીં શકે. ...તે જ પ્રમાણે આપણા માથે જે શ્રીઠાકોરજી આપણા ઘરમાં બિરાજે છે તેમના આપણે મનગમતાં નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને, સામગ્રી સિદ્ધ કરીને લડ લડાવી શકીએ છીએ પરન્તુ એવો અધિકાર કોઈ બીજે ઠેકાણે થોડો મળી શકે છે! તેથી નઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયોસ્ત્ર.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નન્દાલયની લીલા કરવામાટે શ્રીગુસાંઈજીના ઘરે પધારવું પડ્યું. નવ્યાજં લૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્સ્ર. તેથી શ્રીનાથજીનો તે જ પાટોત્સવ મુખ્ય મનાય છે કે જે ફાગણ સુદ સાતમના આવે છે.

... તેથી ઘરના શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખુબજ જરૂરી છે. ...કોઈ પત્ની પોતાના પતિની સેવા ન કરે અને તેના ફક્ત ગુણગાન કરતી રહે તો શું તેથી તેનો પતિ

સન્તુષ્ટ થશે?

...જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે પણ સેવા સ્વધર્મથી વિમુખ છે તે હરિના દ્વેશી છે (વિષ્ણુપુરાણ) તેથી સેવાથી સેવ્યને સન્તોષ મળે છે આ જ વૈષ્ણવનો સ્વધર્મ છે.

**(૨૫૨ વૈષ્ણવ વાર્તાની ભૂમિકા)**

**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્‌વારકેશલાલજી મહોદય, વડોદરા**

ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય છે, પૂર્ણતઃ ભગવાન્‌માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને 'માનસી' સેવા કહેવાય છે. આની સાથે મનુષ્યે શરીરથી પણ સેવા કરવી જોઈએ. ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા-હુપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા 'વિત્તજા' સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

**( 'શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન' પૃ.૧૨૫)**

**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય, વડોદરા**

આ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) કાર્યક્રમ દ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો કર્યો છે; બીજો કોઇ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્‌ધાન્તવૈપરીત્ય થઇ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો...એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઇ કાલે ''લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ.... એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઇ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઇ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઇ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઇ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. ...આવા બધા

સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભક્તિ જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ...અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

**('પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).**

**નિ.લી.ગો. શ્રીગોવિન્દલાલજી મહારાજ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજ પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી મહારાજ પૂ.પા.ગો. શ્રીવિજયકુમારજી મહારાજ પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ)**

''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્તઘોષણાપત્ર-૧૯૮૬''

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિ-સમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના

રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભ સમ્પ્રદાયમાં ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે. ... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

**(નિ.લી.ગો.શ્રીગોવિન્દલાલજી મહારાજ, ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ, ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ, ગો.શ્રીવિજયકુમારજી મહારાજ તેમજ ગો.શ્રીવલ્લભલાલજી મહારાજની હસ્તાક્ષરિત સમ્મતિથી ભારતની સુપ્રિમકોર્ટમાં રજુ કરવામાટે તૈયાર કરવામાં આવેલ ''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્તઘોષણાપત્ર-૧૯૮૬'' ના અંશો)**

## સિદ્ધાન્તવચનાવલી

કોઈ પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહીં; તેમજ શ્રીમદ્ભાગવતપુરાણના મર્મનો જાણકાર છે કે નહીં આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઈએ.

...તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કળિયુગને કારણે ન મળે તો ...જાતે જ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ.

પાત્રાપાત્રનો વિવેક રાખ્યા વિના જો નામદીક્ષાનું દાન આપવામાં આવે તો નામવિક્રયનો દોષ લાગે જ છે કે જેને કારણે દીક્ષાદાતા અપરાધી બને છે.

પૈસા આપીને કોઈ બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા ...અને ...કૃષ્ણસેવામાટે કોઈક બીજા માણસ પાસેથી પૈસા લઈને કરવામાં આવતી સેવા... આવા બન્ને પ્રકારે કરવામાં આવતી સેવાઓને કારણે ચિત્ત ક્યારે પણ કૃષ્ણપ્રવણ બની શકતું નથી. ... સેવા ...વિત્ત આપીને કરાવવામાં આવતી હોય ત્યારે તે વિત્તજા સેવા ચિત્તને રાજસભાવ દર્પ-દમ્ભથી યુક્ત બનાવે છે ...ગોરમહારાજને જેમ યજ્ઞ-યાગનું ફળ મળતું નથી તેમ પારકા પૈસાથી કરવામાં આવતી તનુજા સેવા કરનારને પણ કૃષ્ણપ્રવણતારૂપ ફળ ક્યારેય મળતું નથી.

જેઓ પોતાના સ્વજન હોય અને ભક્ત હોય તેઓને જ શ્રીઠાકોરજીના દર્શન કરાવવા જોઈએ.

૧૧મો અપરાધ : અવૈષ્ણવ સમક્ષ પોતાના ઘરે બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું. ફળ : એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે. પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને

પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.

૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનાથી પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.

આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે ક્લેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક ક્લેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી.

જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન(સેવા) કરવામાં આવે તો તેને ભક્તિ ન કહેવાય.

ભાગવતનો પાઠ પ્રયત્નપૂર્વક, અન્ય કોઈ પણ હેતુ વિના જ કરવો જોઈએ. પ્રાણ આપણા કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકાર્થ તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. મોઢું વગેરે ધોવા માટે વપરાયેલ અપવિત્ર પાણીને ભેગું કરવામાટે જમીનમાં જે ખાડો ખોદવામાં આવે છે તેના જેવા નીચ ભગવદ્જ્ઞાનોપજીવીઓ હોય છે. આથી... વપરાયેલું ગંદુ પાણી જેમ વપરાશમાં લેવાતું નથી તેમ ભગવદ્જ્ઞાનોપજીવીઓના ભાવો સારા મનુષ્યો માટે ગ્રાહ્ય નથી હોતા. ... આજીવિકાર્થે પુરાણકથા કરનારાઓ પણ આવા ગાયોકો સમાન છે.

હે શ્રીવલ્લભ! આપે કહેલ (ઉપરોક્ત) વચનોથી વિપરીત જેઓ કોઈ કંઈ કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવળ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થનારા સહજ આસુરી જીવ છે.

**(ગો.શ્રીવ્રજેશકુમારજી, ગો.શ્રીરાજેશકુમારજી તથા ગો.શ્રીવિજયકુમારજી ની હસ્તાક્ષરિત સમ્મતિથી પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભામાં વિચારાર્થ પ્રસ્તુત કરવામાં આવેલ સિદ્ધાન્તવચનાવલીના અંશો. હસ્તાક્ષર માટે જુઓ : પેજ ન. )**

## સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક 'સંવાદસ્થાપકમણ્ડળ'ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી(કિશનગઢ-પાર્લા)ના

'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છેઃ

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય(વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને(સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં ૠણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથીદ્ર શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

**(ગો.શ્રીવ્રજેશકુમારજી, ગો.શ્રીરાજેશકુમારજી તથા ગો.શ્રીવલ્લભલાલજી ની હસ્તાક્ષરિત સંમતિથી પ્રકાશિત થયેલ ''સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ'', મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)**

**પૂ.પા.ગો. શ્રીવલ્લભરાયજી મહારાજ, સુરત**

પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા આવે છે?

ઉત્તર : સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એક માત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્યસ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી. **(પુષ્ટિ.શીત.છાંયડે પૃ.૧૫૭-૫૮)**

**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ, કામવન-સુરત**

તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યક્તિ કરે ત્યારે જઈને તે માનસીને સિદ્ધ કરે છે. કેવળ તનુજા કરી લીધી કે કેવળ વિત્તજા કરી લીધી તો તેનાથી અહન્તા-મમતા દુર નહીં થાય... કેવી રીતે? હૂં તમને એક ઉદાહરણ આપું છું. જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો કો સમસ્યા જ નથી. પણ જો કોઈ વિત્તજા સેવા કરશે, સમજો કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથ કરાવ્યો. તેની તમે રસીદ લેશો. ...ત્યારે તમે કહેશો કે ''મેં સેવા લખાવી છે''. તમે કહો છો ''મેં સેવા લખાવી છે'' ત્યારે (વિચારો કે) અહન્તા ક્યાં દુર થઈ? હવે તમે મહેતાજી પાસેથી શું માંગશો? ''આ મારી રસીદ છે, મારો પ્રસાદ લવો''. તો જુઓ, અહન્તા-મમતામાં આપણે વધુ બંધાઈ ગયા. તો આવી સેવા સંસારને દુર નહીં કરે, સંસારમાં બાંધશે. .... જો આપણે કેવળ વિત્તજા કરીએ છીએ તો આપણે આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દુર નહીં થાય, મમતા દુર નહીં થાય તો માનસી કેમ સિદ્ધ થશે? કેમ કે બધા બન્ધનોનું મૂળ તો અહન્તા-મમતા જ છે!

**(સિદ્ધાન્તમુક્તાવલી પ્રવચન, ભરૂચ, જન્યુઆરી ૨૦૦૫)**

**પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ, કામવન-ભાવનગર**

કઈ બાર પ્રભુ સામગ્રીપર માત્ર દૃષ્ટિ કરતે હૈં, ઉસે અરોગતે નહીં હૈં. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે ...વૈષ્ણવોંકો પહલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ.

**(આશ્રય, માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)**

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કિ પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ. ... ‘‘હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હૈં ઈસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હૈં’’ યહ તો મન મનાનેકી બાત હૈ . યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા.

**(આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)**

**પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય, રાજકોટ-પોરબંદર**

આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના પાયાગત સિદ્ધાંતો શું છે એના સાથે એમને કોઈ પણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફક્ત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૂરી કરે છે. ...જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૂરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ...માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટતી જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શક્શે. ...પોતાના સિદ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ‘‘કૃષ્ણસેવા સદા કાર્યા’’નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિદ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ. ...શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે? ...એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૂર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ)માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુયાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૂર્વક ચાલવાવાળા

(સિદ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુયાયીઓ છે. પણ માર્ગ(હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હૃદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ''ચેતસ્ તત્પ્રવણં સેવા''નો ઉપદેશ કેટલી હદે શક્ય છે? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે (હવેલી-કથા-યાત્રા-કીર્તન-ઢાઢીલીલા-રાસલીલ વગેરેમાં) વેપાર ચાલતો હોય. ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય? ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''...પોતાના દેહ(શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે...ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે ''તનુજા-વિત્તજા'' અલગ ન કહી 'તનુવિત્તજા' સમસ્તપદ કહ્યું. આ વિષયપર શ્રીપુરુષોત્તમચરણ લેખે છે ...જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા., ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત-પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જ્યારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જ્યારે તનવિત્તજા સાથે કરવામાં આવે છે ત્યારે એ માનસી સિદ્ધ કરે છે. ...પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

(ખ) ઘણો એવો વર્ગ છે જેને (સેવા-મનોરથ-કથા-કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય! ...પહેલા જ્યારે દ્રવ્ય ખૂબજ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે.

...આ (ધંધાકીય મનોરથોના) દૂષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા-મનોરથ-દર્શનને) વેચવાવાળા(હવેલીવાળ)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૂષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફક્ત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવા ની વસ્તુ નથી. ...બીજાને સુધારતા પહેલા આપણે સુધરીયે તો ...સંપ્રદાય આ વ્યાપારીકરણના દૂષણથી મુક્ત થશે.

**( કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં. ૨૦૬૨. ખ : ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ. ૩, માર્ચ ૨૦૦૯)**

**પૂ.પા.ગો.ચિ.શ્રીજયદેવલાલજીવ્રજેશકુમારજી, કડી-અમદાવાદ**

''આપ સેવા કરી શીખવે શ્રીહરિ''. વલ્લભે પોતે સેવા કરી અને વૈષ્ણવને સેવા શીખવાડી છે. ઠાકોરજીએ કીધું કે હું કોઈ દેવી નથી પણ સાક્ષાત્ કલ્યાણરાયજીનું સ્વરૂપ છું. અને તુ વલ્લભની પાસે જા. વલ્લભ થકી સહુ પડે સહેલું. અને તુ એમની જોડે બ્રહ્મસમ્બન્ધ લે. અને પછી તુ મારી બરાબર રીતે સેવા કર. વલ્લભે બ્રહ્મસમ્બન્ધ આપ્યું. પુષ્ટિરીતિ શિખવાડી અને પછી એ ઘરમાં આનન્દથી ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્'' ની રીતે સેવા સુંદર રીતે કરવા લાગી ગયા. આ વાર્તાનો ભાવાર્થ એ જ છે કે વલ્લભ જેમ આજ્ઞા કરે છે એ જ પ્રમાણે સેવા કરવી અન્યથા સેવા કરવાનો કોઈ લાભ થતો નથી. **(વચનામૃત : ૮૪ વૈષ્ણવવાર્તા અન્તર્ગત વાર્તા : બાબાવેણુ દાસ)**

## સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક 'સંવાદસ્થાપકમણ્ડળ'ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યુ હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન

શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છેઃ

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.
૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.
૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.
૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.
૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દૃષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.
૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી ‘દત્તાપહાર’નું પાપ લાગે છે.
૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથીદ્ર શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

**(સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)**

**ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :**

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ (અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ(ગોકુલ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)

પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી(કામા-વીરમગામ-અમદાવાદ)

## ''મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્‌સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્‌ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્‌ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્‌ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકારછેજનહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભસમ્પ્રદાયમાં

ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

**(''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)**

ભારતની સર્વોચ્ચ અદાલતમાં ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા
ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :

૧. ગો. શરદ્કુમારજી શ્રીઅનિરુદ્ધજી (માંડવી)
૨. ગો. કિશોરચન્દ્રજી (જુનાગઢ)
૩. ગો. અજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ)
૪. ગો. મનમોહનજી શ્રીનૃત્યગોપાલજી (વસઈ)
૫. ગો. શ્યામસુન્દરજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
૬. ગો. કૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
૭. ગો. વલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૮. ગો. હરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)
૯. નિ.લી.ગો.શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
૧૦. ગો. શ્યામ મનોહરજી શ્રીદીક્ષિતજી (કિશનગઢ-પાર્લા)
૧૧. ગો. વ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૨. નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
૧૩. ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૪. ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૫. ગો. યોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
૧૬. ગો. રઘુનાથલાલજી શ્રીરમણલાલજી (મુંબઈ-ગોકુલ-કામવન)
૧૭. ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)
૧૮. ગો. નવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
૧૯. ગો. ચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
૨૦. ગો. મુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
૨૧. નિ.લી.ગો.શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (નાશિક-મુંબઈ)
૨૨. ગો. રમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
૨૩. ગો. કલ્યાણરાયજી (વીરમગામ-અમદાવાદ)
૨૪. ગો. યોગેશકુમારજી શિશુકુમારજી (કાંદીવલી)
૨૫. ગો. વ્રજપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
૨૬. ગો. વ્રજેશકુમારજી (વીરમગામ-અમદાવાદ)
૨૭. ગો. અનિરુદ્ધલાલજી શ્રીદ્વારકેશલાલજી (માંડવી)[પત્રદ્વારા]
૨૮. નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)[પત્રદ્વારા]

૨૯. ગો. વિટ્ઠલનાથજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જુનાગઢ)[પત્રદ્વારા]
૩૦. ગો. હરિરાયજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)[પત્રદ્વારા]
૩૧. ગો.શ્રીશ્યામમનોહરજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (કાશી)[પત્રદ્વારા]
૩૨. ગો. વ્રજરત્નજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (નડીયાદ)[પત્રદ્વારા]
૩૩. ગો. નવનીતલાલજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જુનાગઢ)[પત્રદ્વારા]
૩૪. ગો. બાલકૃષ્ણજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જેતપુર)[પત્રદ્વારા]
૩૫. ગો. નીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)[પત્રદ્વારા]
૩૬. ગો. મધુસૂદનજી શ્રીકૃષ્ણચન્દ્રજી (ચેન્નઈ)[પત્રદ્વારા]
૩૭. નિ.લી.ગો.શ્રીમથુરેશજી (વીરમગામ-અમદાવાદ)
૩૮. નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણચન્દ્રજી (મુંબઈ)
૩૯. ગો.શરદ્કુમારજી (શીલૂબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)
૪૦. નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)[પત્રદ્વારા]
૪૧. પઞ્ચમપીઠાધીશ્વર નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
૪૨. નિ.લી.ગો.શ્રીગોવિંદલાલજી (કોટા)[પત્રદ્વારા]
૪૩. ગો. હરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ-કેશોદ)

## શપથપત્ર

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો / જાહેર ખાનગી મંદિરો માં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જનમાટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને ‘મહાપતિત’ ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ...પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઊપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે,

સોગંદ લઈએ કે

(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાયલ છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણા આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવામાટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને મહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસમ્બન્ધી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈ પણ સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રાત્સહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશક્તિ પ્રદાન કરે! ''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!''.

**(શપથપત્ર સ્થળ : મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)**

**શપથ લેનારની સહી :**

કિશોરચન્દ્ર ગોસ્વામી(જુનાગઢ), રઘુનાથ ગોસ્વામી(ગોકુળ-પાર્લા), શ્યામ મનોહર ગોસ્વામી (કિશનગઢ-પાર્લા), યોગેશ ગોસ્વામી (ગોકુળ-પાર્લા), શરદ્ ગોસ્વામી (માંડવી)